શું તમે આવી શાળાની કલ્પના કરી શકો છો?

- જેમાં બાળકોને વર્ગોમાં જવું ફરજિયાત ન હોય
- જ્યાં બાળકો જે કરવું હોય તે કરવા સ્વતંત્ર હોય
- જ્યાં બાળકો પર કોઈ પણ પ્રકારની શિસ્ત થોપાતી ન હોય
- જ્યાં બાળકો જાતે જ નિયમો બનાવી તેનું પાલન કરતાં હોય
- જ્યાં નિયમો તોડનાર માટે દંડ પણ બાળકો જાતે જ નક્કી કરતાં હોય...

માનો કે ન માનો - આવી શાળા વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે - અને તેનું નામ છે સમરહિલ, જેના સ્થાપક અને આ પુસ્તકના લેખક, એ. એસ. નીલને વિશ્વના સૌથી મોખરાના ૧૦ કેળવણીકારોમાંથી એક ગણવામાં આવે છે.

"વિશ્વના બધા ગુનાઓ, નફરત, બધા યુદ્ધોનાં મૂળમાં છેવટે નાખુશી છે. આ નાખુશી કેવી રીતે ઉદભવે છે, તે કેવી રીતે મનુષ્યોનું જીવન બરબાદ કરી નાખે છે, અને બાળકોનો ઉછેર કેવી રીતે કરવો જોઈએ, જેથી આ નાખુશી ઉદભવે જ નહિ આ બાબતો દર્શાવવાનો આ પુસ્તકનો પ્રયત્ન છે."

- એ. એસ. નીલ

જેઓ બાળકોને સાચો પ્રેમ અને સાચી કેળવણી આપવા ઇચ્છે છે તેવા સૌ શિક્ષકો, કેળવણીકારો અને વાલીઓને આ પુસ્તક જરૂર વિચારતા કરી મૂકશે.

Oasis
ઓએસિસ પ્રકાશન



સમરહિલ

એ.એસ.નિલ

ઓએસિસ પ્રકાશનોનો મૂળભૂત હેતુ વ્યક્તિની સ્વ-વિકાસની યાત્રાને પોષવાનો છે, પ્રેરવાનો છે.
એટલે જ ઓએસિસનાં પુસ્તકો વ્યક્તિની આંતરિક યાત્રામાં તેના કાયમી સાથીની ગરજ સારે છે...

સમરહિલ

એ. એસ. નીલ

મૂળ લેખકઃ એ. એસ. નીલ
ગુજરાતી અનુવાદઃ અમી નાણાવટી હાથી, અલ્કેશ રાવલ,
માયા સોની, સંજીવ શાહ, ક્ષમા કટારિયા
અનુવાદ માર્ગદર્શન/સંપાદનઃ સંજીવ શાહ
મુખપૃષ્ઠઃ જોલી માદ્રા
મુદ્રણ સંયોજનઃ પલ્લવી રાઉલજી

Summerhill
Original Author: A. S. Neill
Gujarati Translation
© Zoë Readhead

This Gujarati translation is published with permission from Zoë Readhead.
© The Estate of A.S.Neill, 1926, 1932, 1937, 1953, 1961, 2004, 2006, 2009, 2010.

Coverpage Photograph Courtesy By: Professor Shin - ichiro Hori
Rest of the Photographs Courtesy By: Zoë Readhead

પ્રથમ આવૃત્તિ: ૨૦૦૦ પ્રત (માર્ચ ૨૦૧૧)
કિંમત: રૂ. ૩૨૫

પ્રાપ્તિસ્થાન:
Oasis
"મૈત્રીઘર", 201, શાલિન એપાર્ટમેન્ટ,
52, હરિભક્તિ કોલોની,
રેસકોર્સ, વડોદરા - 390 007.
ટેલિફેક્સ નં.: +91 - 265 - 2321728
email: theoasisshop@yahoo.co.in

મુદ્રક:
ભગવતી ઓફસેટ, અમદાવાદ - 380 004
ફોન નં. +91 - 79 - 22173492

પ્રકાશક:
ઓએસિસ સેલ્ફ - લીડરશિપ એજ્યુકેશન ફોર કોમ્યુનિટી ડેવલપમેન્ટ, વડોદરા
www.oasiswebsite.com

અનુક્રમ

- સમરહિલનાં આચાર્ય ઝોઈ રેડહેડનો સંદેશ / ૪
- હેરલ્ડ હાર્ટને... - એ. એસ. નીલ / ૫
- એક અનોખી શાળા, એક ક્રાંતિકારી વિચાર: સમરહિલ - સંજીવ શાહ / ૬
- એરિક ફ્રોમની પ્રસ્તાવના / ૮
- પરિચયના બે શબ્દો - એ. એસ. નીલ / ૧૬

* * * * *

૧ સમરહિલ સ્કૂલ / ૧૮
૨ બાળઉછેર / ૧૧૧
૩ સેક્સ / ૨૨૦
૪ ધર્મ અને નૈતિકતા / ૨૫૫
૫ બાળકોની સમસ્યાઓ / ૨૮૧
૬ માતાપિતાની સમસ્યાઓ / ૩૧૦
૭ પ્રશ્નો અને ઉત્તરો / ૩૪૯
- એ. એસ. નીલ વિશે / ૩૮૧

સમરહિલ સ્કૂલનાં હાલનાં આચાર્ય ઝોઈ રેડહેડનો સંદેશ

૧૫.૦૧.૨૦૧૧

હું ખૂબ ખુશ છું કે 'સમરહિલ' પુસ્તકની ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. મને આશા છે કે મારા પિતાનાં લખાણો તમારા દેશનાં શિક્ષકો અને માતાપિતાઓને એક નવી દૃષ્ટિથી બાળપણને જોવા માટે અને શીખવા માટે પ્રોત્સાહિત કરશે. ૨૦૧૧માં 'સમરહિલ' શાળા ૯૦ વર્ષ પૂરાં કરશે, જે વિશ્વની સૌથી જૂની અને સૌથી પ્રખ્યાત 'બાળકોની લોકશાહી' છે. ૧૯૨૧માં સ્થાપના થયા બાદ હજુ પણ, તે આજના સમયથી, જમાનાથી ઘણી આગળ છે. તે શિક્ષણને બાળકોનાં શક્તિ અને શાણપણને સમજવાના નવા યુગમાં લઈ જઈ રહી છે - શિક્ષકો તથા બાળકો વચ્ચે જવાબદારી તથા નિર્ણયો લેવાની સત્તા વહેંચવાના નવા યુગમાં લઈ જઈ રહી છે.

આ પુસ્તકને મારી ખૂબ ખૂબ શુભકામનાઓ!

શુભેચ્છા સહ,
ઝોઈ રેડહેડ
આચાર્ય, સમરહિલ સ્કૂલ
લૈસન, સફ્ક, યુ.કે.
www.summerhillschool.co.uk

હેરલ્ડ એચ. હાર્ટને...

હું આશા રાખું છું કે આ પુસ્તક માટે તમને પણ એટલું જ શ્રેય (કે નિંદા) મળશે જેટલું મને મળશે. તમે આ પુસ્તકના પ્રકાશક માત્ર નથી રહ્યા પરંતુ સમરહિલે જે કર્યું છે અને જે કરી રહી છે તેમાં માનનારા, વિશ્વાસ રાખનારા રહ્યા છો.

તમારી ધીરજે મને મુગ્ધ કર્યો છે. મારાં પહેલાંનાં ચાર પુસ્તકોમાંથી હજારો શબ્દો તારવવા, તેનું સંપાદન કરવું અને નવી સામગ્રી સાથે ભેગું કરવું - આ કામ ખૂબ જ કઠિન હતું.

સમરહિલ સ્કૂલની તમારી મુલાકાતોમાં તમે દર્શાવ્યું કે તમે જે કાંઈ જોયું, તમને જે કાંઈ ગમ્યું અને તમે જેમાં માનતા થયા તેના વિશે અમેરિકાને કહેવું તે તમારો મુખ્ય ઉદ્દેશ્ય હતો. અહીં તમે સમરહિલનો જ હિસ્સો બની ગયા હતા. તમે બધી જ મૂળભૂત બાબતો જોઈ અને જેમનું મહત્ત્વ નહોતું તેમને અવગણી - જેમ કે ખુશહાલ બાળકોની અસ્તવ્યસ્તતા.

આ સાથે હું તમને સમરહિલ સ્કૂલના માનદ્ વિદ્યાર્થી ઘોષિત કરું છું.

એ.એસ.નીલ
ઓક્ટોબર ૩૦,૧૯૫૯
સમરહિલ, લૈસન, સફ્ક, ઈંગ્લેન્ડ

હેરલ્ડ એચ. હાર્ટ: 'સમરહિલ' પુસ્તકની પ્રથમ આવૃત્તિના પ્રકાશક

એક અનોખી શાળા, એક ક્રાંતિકારી વિચાર: સમરહિલ

જરા કલ્પના કરો કે શું આવી શાળા હોઈ શકે ખરી?

- જ્યાં બાળકોને વર્ગમાં જવું ફરજિયાત ન હોય
- જ્યાં બાળકો જે કરવું હોય તે કરવા સ્વતંત્ર હોય
- જ્યાં બાળકો પર કોઈ પણ જાતની શિસ્ત થોપાતી ન હોય
- જ્યાં બાળકો જાતે જ સૌ માટે શાળાના નિયમો બનાવતાં હોય
- અને જ્યાં નિયમો તોડનારનો દંડ પણ બાળકો જાતે જ નક્કી કરતાં હોય

માનો યા ન માનો, વિશ્વમાં આવી શાળા અસ્તિત્વ ધરાવે છે, જેનું નામ છે સમરહિલ. એ. એસ. નીલ દ્વારા સ્થાપિત આ શાળા યુ.કે.માં લંડન શહેરની નજીક ઈ.સ.૧૯૨૧ના વર્ષથી કાર્યરત છે. કોઈ પણ મહાન વિચાર અમલમાં મુકાય ત્યારે તેના સ્વીકાર પહેલાં તેને અવગણના, હાંસી અને વિરોધના તબક્કાઓમાંથી પસાર થવું રહે છે. સમરહિલ આ સઘળા તબક્કાઓમાંથી પસાર થયેલ એક ફિલસૂફી અને એક શાળાની વાત છે. આ પુસ્તકના ગુજરાતી અનુવાદના પ્રકાશનના સમયે "વિશ્વની સૌથી જૂની, બાળકો માટેની લોકશાહી ઢબે ચાલતી શાળા" તરીકે વિખ્યાત સમરહિલ તેના જન્મની ૯૦મી વર્ષગાંઠ મનાવી રહી છે. બ્રિટનની સરકાર તરફથી આ શાળાને બંધ કરાવવાના પણ પ્રયત્નો થયા. સમગ્ર વિશ્વમાં પથરાયેલા સમરહિલના ભૂતપૂર્વ તથા હયાત વિદ્યાર્થીઓએ સરકારના આ પગલા સામે દેખાવો કર્યા, ધરણા કર્યા અને છેવટે ઈ.સ.૨૦૦૦ની સાલમાં સમરહિલ શાળાએ કાયદાકીય જીત પણ હાંસલ કરી.

આજે સમરહિલ શાળાને કેળવણીના ક્ષેત્રે થયેલા એક સફળ, અનોખા અને ક્રાંતિકારી પ્રયોગ તરીકે સ્થાન મળ્યું છે. આ શાળાની ફિલસૂફીથી પ્રભાવિત થઈ વિશ્વભરમાંથી લોકો પોતાનાં બાળકોને આ શાળામાં અભ્યાસ કરવા દાખલ કરે છે.

આ પુસ્તક કેવળ શાળા વિશે નથી. એ ફક્ત બાળકોની કેળવણી વિશે પણ નથી. તે આપણને આપણા સૌના બાળપણને તપાસવા મજબૂર કરે છે. તે આપણને શિક્ષકોની અને વાલીઓની ભૂમિકાએ તો ઘણું શીખવે જ છે, પરંતુ તે આપણા પોતાના જીવનમાં આપણે કેટલા મુક્ત અને ખુશ છીએ તે માટે પણ આત્મચિંતન કરવા પ્રેરે છે.

અલબત્ત, આ પુસ્તકમાંના ઘણા વિચારો આપણને સ્વીકારવા અઘરા લાગશે. જે વિચારો સમજાય તેમને અમલમાં મૂકવા તો એથી પણ વધારે આકરા લાગશે. ઘણી બાબતો સાથે આપણને સ્વસ્થ મતભેદો પણ હોઈ શકે છે. જેમ કે એરિક ફ્રોમે તેમના નિવેદનમાં લખ્યું છે તેમ, આપણી બધી જ વર્તણૂકોનાં મૂળમાં આપણી જાતીય વૃત્તિઓ હોય છે તેવી સિગમન્ડ ફ્રોઈડની એક માન્યતા પ્રત્યે લેખકનો ઝોક વધારે પ્રભાવિત લાગે છે. છતાં પણ પોતાના વિચારોને અમલમાં મૂકવાની એ. એસ. નીલની હિંમત અને બાળકોના હિત માટે તેમણે કરેલ વાસ્તવિક અને પ્રામાણિક ચિંતન દાદ માંગી લે તેવું છે.

ભારતના ઇતિહાસમાં કેળવણીના ક્ષેત્રે શ્રી રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ કે ગાંધીજી જેવા મહાનુભાવોના પ્રયોગોથી આપણે માહિતગાર છીએ. આ સૌએ મનુષ્યોના કેવળ બૌદ્ધિક નહીં, પણ સર્વાંગી વિકાસ, ચારિત્ર્ય - ઘડતર અને મૂલ્ય - શિક્ષણ પર ભાર મૂક્યો જ છે. એ. એસ. નીલનો સમરહિલ ખાતેના પોતાના અનુભવોનો પ્રમાણિક ચિતાર આપણને પુનઃ સાચી દિશા તરફ જવામાં મદદ કરશે તેમાં કોઈ શંકા નથી.

સંજીવ શાહ
Email: sanjivoasis@yahoo.co.in

એરિક ફ્રોમની પ્રસ્તાવના

અઢારમી સદી દરમ્યાન પ્રગતિશીલ વિચારકોએ સ્વતંત્રતા, લોકશાહી અને સ્વશાસનના ખ્યાલો રજૂ કર્યા હતા. ઈ.સ. ૧૯૦૦ના પૂર્વાર્ધમાં આ વિચારો શિક્ષણક્ષેત્રમાં લાભદાયી પુરવાર થયા. આવા સ્વૈચ્છિક નિર્ણયોનો આધારભૂત સિદ્ધાન્ત હતો *સત્તાને બદલે સ્વતંત્રતા* - બાળકોને કોઈ પણ દબાણ વગર અને તેમની જરૂરિયાત અનુસાર, તેમની જિજ્ઞાસાવૃત્તિ પ્રત્યે સમજણ દાખવીને, તેમની આસપાસની દુનિયામાં રસ લેતાં કરવાં. આ પ્રકારના દૃષ્ટિકોણે પ્રગતિશીલ શિક્ષણનો આરંભ કર્યો અને તે માનવવિકાસના ક્ષેત્રમાં એક મહત્ત્વનું પગલું હતું.

પરંતુ આ નવી પદ્ધતિનાં પરિણામો વારંવાર નિરાશાજનક રહ્યાં. છેલ્લાં થોડાં વર્ષોમાં પ્રગતિશીલ શિક્ષણનો વિરોધ વધતો ગયો. આજે ઘણા લોકો માને છે કે આ શિક્ષણપદ્ધતિ ભૂલભરેલી છે અને તેને દૂર કરવી જોઈએ. શિસ્તપાલન પર વધુ ને વધુ ભાર મુકાય તે માટે જલદ આંદોલન ચાલે છે. બાળકોને શારીરિક શિક્ષા કરવા માટે પરવાનગી મળે તે માટે પબ્લિક સ્કૂલના શિક્ષકોએ ખાસ અભિયાન આદર્યાં છે.

રશિયામાં શિક્ષણ પદ્ધતિની નોંધપાત્ર સફળતા એ કદાચ આ પ્રતિક્રિયાનું સૌથી અગત્યનું પરિબળ છે. ત્યાં જૂની સત્તાવાદી પદ્ધતિને પૂરા જોશથી લાગુ પડાય છે. જ્યાં સુધી જ્ઞાનનો પ્રશ્ન છે ત્યાં સુધી આ પદ્ધતિનાં પરિણામો આપણને પણ એ જ સંકેત આપી રહ્યાં હોય એવું લાગે છે કે આપણે બાળકની સ્વતંત્રતા વિશે ભૂલી જવું અને કડક શિસ્તપાલનને જ વળગી રહેવું.

શું કોઈ પણ પ્રકારની જોર જબરજસ્તી વગરના શિક્ષણ અંગેનો ખ્યાલ ખોટો છે? ધારો કે આ ખ્યાલ ખોટો નથી, તો પણ આપણે બીજા ખ્યાલોની સાપેક્ષમાં તેની નિષ્ફળતા વિશે ખુલાસો કઈ રીતે આપીશું?

હું માનું છું કે બાળક માટેની સ્વતંત્રતાનો ખ્યાલ ખોટો નહોતો, પરંતુ સ્વતંત્રતા વિશેનો વિચાર લગભગ હંમેશા વિકૃત જ કરવામાં આવ્યો છે. આ બાબતે સારી રીતે ચર્ચા કરતાં પહેલાં આપણે સ્વતંત્રતા વિશે વિસ્તારપૂર્વક સમજવું જોઈએ. અને એ સમજવા માટે આપણે 'દેખીતી સત્તા' અને 'અદશ્ય સત્તા' વચ્ચેનો તફાવત સમજવો જોઈએ.

દેખીતી સત્તા સીધી અને સ્પષ્ટ રીતે જમાવાય છે. સત્તાધીશ વ્યક્તિ સંબંધિત

વ્યક્તિને મોઢાં પર જ કહે છે, "તમારે આ કરવું જોઈશે. જો તમે નહિ કરો તો તમારી સામે ચોક્કસ પ્રકારનાં પગલાં લેવામાં આવશે." અદશ્ય સત્તાનું વલણ મોઢું સંતાડવાનું હોય છે. તે એ બાબત છુપાવે છે કે બળજબરીથી કામ લેવામાં આવી રહ્યું છે. અદશ્ય સત્તાધીશો દાવો કરે છે કે સત્તા છે જ નહીં. અદશ્ય સત્તાધીશો દાવો કરે છે કે કોઈ સત્તા જમાવવામાં આવી નથી રહી અને વ્યક્તિની સંમતિ સાથે જ કાર્યો થાય છે. ભૂતકાળમાં શિક્ષકો જ્હોનીને કહેતા હતા કે, "તારે આ કરવું જ પડશે. જો તું નહીં કરે તો હું તને શિક્ષા કરીશ." આજના શિક્ષક કહે છે કે, "મને ખાતરી છે કે તને આ કામ કરવું ગમશે." અહીં આજ્ઞાનું પાલન ન કરવાની સજા શારીરિક દંડ નથી પરંતુ માતાપિતાનો દુઃખી ચહેરો છે; અને તેથી વધુ ખરાબ - એવી લાગણી વ્યક્ત કરવામાં આવે છે, જેથી બાળકને અહેસાસ થાય કે તે બીજાઓના જેવો વ્યવહાર કરતું નથી કે તે બીજાને અનુકૂળ બનતું નથી. દેખીતી સત્તા શારીરિક બળનો ઉપયોગ કરતી હતી પરંતુ અદશ્ય સત્તા મનોવિજ્ઞાનનો સાધન તરીકે ઉપયોગ કરે છે.

આધુનિક ઉદ્યમી સમાજની જરૂરિયાત અનુસાર ઓગણીસમી સદીની દેખીતી સત્તા વીસમી સદીની અદશ્ય સત્તામાં પરિવર્તિત થઈ. ધનના કેન્દ્રીયકરણે વિશાળ ઉદ્યોગોને જન્મ આપ્યો. આ ઉદ્યોગોનું વ્યવસ્થાપન માળખાગત અને સંગઠિત અમલદારશાહીના હાથમાં આવ્યું. જ્યાં કારકુનો અને મજૂરો મોટા સમૂહમાં ભેગા મળી કાર્ય કરે છે, જ્યાં પ્રત્યેક વ્યક્તિ ઉત્પાદન કરતાં યંત્રોનો ભાગ છે; જે યંત્રોને ચલાવવાં ત્યારે જ સંભવ બને છે જ્યારે દરેક કાર્ય ખૂબ સરળતાથી અને અટક્યા વિના થાય. અહીં દરેક કર્મચારી આ યંત્રનો એક હિસ્સો માત્ર છે. આમ ઉત્પાદન કરતી કંપનીમાં વ્યક્તિનું વ્યવસ્થાપન પણ થાય છે અને તેનો ઉપયોગ પણ થાય છે.

ઉપભોગના ક્ષેત્રમાં પણ (જ્યાં વ્યક્તિને કહેવા ખાતર સ્વતંત્રતા હોય છે) તેને આ જ રીતે વ્યવસ્થાપિત કે સંચાલિત કરવામાં આવે છે. વાત ભલે ભોજન, વસ્ત્ર, દારૂ, સિગારેટ, ફિલ્મો, ટેલિવિઝન કાર્યક્રમ - ગમે તેની હોય, દરેક સ્થળે સશક્ત સલાહ તંત્ર સતત કાર્યરત હોય છે. આ સલાહના બે હેતુઓ હોય છે. પહેલો હેતુ એ છે કે વ્યક્તિમાં સતત નવાં નવાં ઉત્પાદનો વિશેની ભૂખ જગાડવી. અને બીજો, આ ભૂખને એવી દિશામાં જ વાળવી જે ઉદ્યોગો માટે સૌથી વધારે ફાયદાકારક હોય. માણસને એવા એક સતત ભૂખ્યા ગ્રાહકમાં ફેરવી નાખવામાં આવે છે, જેની એક માત્ર ઈચ્છા વધુ ને વધુ અને 'સારી' વસ્તુઓના ઉપભોગની થઈ જાય છે.

આપણી આર્થિક પદ્ધતિએ જે - તે પદ્ધતિની જરૂરિયાતોને અનુરૂપ હોય એવા

માણસોનું સર્જન કરવું પડે છે - એવી વ્યક્તિઓ જે સરળતાથી સહકાર આપે, જે વધુ ને વધુ ઉપભોગ કરવા ઇચ્છે. આપણી વ્યવસ્થાને એવા લોકો જોઈએ છે જેના રસ - રુચિ નિશ્ચિત ધોરણનાં હોય, એવી વ્યક્તિઓ કે જેના પર સહેલાઈથી પ્રભાવ પાડી શકાય, જેની જરૂરિયાતોનું સહેલાઈથી અનુમાન થઈ શકે. આપણી પદ્ધતિને એવી વ્યક્તિઓની જરૂરિયાત છે જે પોતાને મુક્ત અને સ્વતંત્ર માનતા હોય, તેમ છતાં પણ તેમની પાસેથી જે પણ અપેક્ષા રાખવામાં આવે તે કરવા તૈયાર હોય. એવી વ્યક્તિઓ કે જે સામાજિક યંત્રમાં કોઈ પણ જાતના ઘર્ષણ વગર બંધ બેસી શકે, જેમને કોઈ પણ પ્રકારના દબાણ વગર કોઈ પણ દિશામાં વાળી શકાય. જેમને દોરવા માટે કોઈ નેતાની જરૂર ન હોય. જેમનું એક માત્ર ધ્યેય હોય 'સફળતા'. તેનો અર્થ એ નથી કે આજે સત્તા અદશ્ય થઈ ગઈ છે કે તેની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે, પરંતુ થયું એટલું જ છે કે આજે એનું સ્વરૂપ બળથી કામ કરતી દેખીતી સત્તામાંથી બદલાઈને, સમજાવટ અને સૂચનથી કાર્ય કરતી અદશ્ય સત્તાનું બની ગયું છે. બીજા શબ્દોમાં કહીએ તો આધુનિક વ્યક્તિને અનુકૂળ બનાવવા માટે તેની સહમતિથી બધું થઈ રહ્યું હોવાના ભ્રમને પોષવો પડે છે. પછી ભલે તેની આ સહમતિ ચાલાકીપૂર્વક કઢાવવામાં આવી હોય. એવું કહી શકાય છે કે આ સહમતિ તેની પીઠ પાછળ કે તેના અભાનપણામાં લઈ લેવામાં આવી હોય.

આવી જ કરામતનો પ્રગતિશીલ શિક્ષણમાં ઉપયોગ થાય છે. બાળકને કડવી દવાની ગોળી તો ગળવી જ પડે છે. હા, તેના પર સાકરનું પડ ચોક્કસ ચડાવી દેવાય છે. માતાપિતા અને શિક્ષકો *સમજાવટ અને ગુપ્ત દબાણથી* આપવામાં આવતા શિક્ષણને જ વાસ્તવિક સત્તાવિહોણું શિક્ષણ સમજી લે છે. આ રીતે પ્રગતિશીલ શિક્ષણ ખરેખર ભ્રષ્ટ થઈ ગયું છે. તેને જે બનાવવાનો હેતુ હતો તે બનવામાં અને તેની પાસેથી જે ઊભું કરવાનો ઇરાદો હતો તે વિકસાવવામાં તે નિષ્ફળ રહ્યું છે.

એ. એસ. નીલની પદ્ધતિ બાળકના ઉછેર માટેનો ક્રાન્તિકારી અભિગમ છે. મારા મત પ્રમાણે તેમનું આ પુસ્તક એટલા માટે બેહદ મહત્ત્વનું છે, કારણ કે તે ભયમુક્ત શિક્ષણના સાચા સિદ્ધાન્તોનું પ્રતિનિધિત્વ કરે છે. સમરહિલ શાળામાં સત્તાધીશો કોઈ અદશ્ય રીતે બાળકોનું સંચાલન કરતા નથી.

સમરહિલ કોઈ પણ સિદ્ધાન્તને ઠોકી નથી બેસાડતી. પણ તેમાં લગભગ ચાલીસ વર્ષના વાસ્તવિક અનુભવનો નિચોડ વર્તાય છે. પુસ્તકના લેખકનું માનવું છે કે સ્વતંત્રતા ખરેખર કારગત નીવડે છે.

નીલની પદ્ધતિના પાયારૂપ સિદ્ધાન્તો આ પુસ્તકમાં સાહજિક અને સ્પષ્ટ રીતે

રજૂ કરેલા છે. તે બધાનો સારાંશ અહીં આપેલ છે.

૧. નીલને દરેક બાળકની સારાઈમાં દૃઢ વિશ્વાસ છે. તેઓ માને છે કે એક સરેરાશ બાળક જન્મથી જ પાંગળું, ડરપોક અથવા આત્માહીન યંત્ર જેવું હોતું નથી, પરંતુ તે જિંદગીને ચાહવાની અને તેને માણવાની સંપૂર્ણ ક્ષમતાઓ ધરાવતું હોય છે.

૨. શિક્ષણનું ધ્યેય - એટલે કે હકીકતમાં જિંદગીનું ધ્યેય - એ છે કે ઉત્સાહથી કામ કરવું અને આનંદ શોધવો. નીલના મતે આનંદિત હોવું એટલે કે જીવનમાં રસ લેવો; અથવા હું એમ કહીશ કે જીવન સાથે ફક્ત બૌદ્ધિકતાથી નહીં પરંતુ પોતાના સમગ્ર વ્યક્તિત્વથી જોડાવું.

૩. શિક્ષણમાં માત્ર બૌદ્ધિક વિકાસ જ પૂરતો નથી. શિક્ષણમાં બૌદ્ધિક તેમ જ ભાવનાત્મક, બન્ને વિકાસ થવા જ જોઈએ. આધુનિક સમાજમાં બુદ્ધિ અને લાગણી વચ્ચેનું અંતર ક્રમશઃ વધતું જાય છે. આજના માનવનો અનુભવ તત્ક્ષણ પોતાનું હૃદય શું લાગણી અનુભવે છે કે આંખ શું જુએ છે કે કાન શું સાંભળે છે તેના કરતાં મુખ્યત્વે વૈચારિક અનુભવ હોય છે. તેનું હૃદય જે અનુભવે, આંખો જુએ, કાન સાંભળે તેના બદલે તેના અનુભવો વિચારો પર આધારિત હોય છે. બુદ્ધિ અને ભાવનાઓ વચ્ચેનું આ અંતર વ્યક્તિમાં એવી ખંડિત માનસિકતા પેદા કરે છે, જે તેને માત્ર વૈચારિક અનુભવ જ આપી શકે.

૪. શિક્ષણ બાળકોની માનસિક જરૂરિયાતો અને સામર્થ્ય માટે હોવું જોઈએ. બાળક પરોપકારી હોતું નથી. એક પુખ્ત વયની વ્યક્તિ જેવો વિકસિત પ્રેમ તે હજી આપી શકતું નથી. બાળક પાસેથી એવી કોઈ પણ અપેક્ષા રાખવી એ ભૂલ છે જે પૂરી કરવાનો તે ફક્ત ઢોંગ જ કરી શકે છે. પરોપકારની ભાવના બાળપણનો તબક્કો વટાવ્યા પછી જ વિકાસ પામે છે.

૫. જબરજસ્તીથી લાદવામાં આવેલી શિસ્ત અને શિક્ષા/દંડ ડર ઉત્પન્ન કરે છે અને ડરથી વેરભાવ ઉત્પન્ન થાય છે. વેરભાવ કદાચ સભાનપણે અને દેખીતો ન પણ હોય, તેમ છતાં પણ તે બાળકના પ્રયાસોને અને તેની ભાવનાઓની પ્રામાણિકતાને પંગુ બનાવી દે છે. બાળક પર વધુ પડતી શિસ્ત લાદવી એ ખૂબ નુકસાનકારક છે અને તેના માનસિક વિકાસને આડે રસ્તે ચઢાવી દે છે.

૬. સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદીપણું નથી. નીલ જે સિદ્ધાન્ત ઉપર ખાસ્સો ભાર મૂકી રહ્યા છે તે એ છે કે આદર એ અરસપરસ અપાતી બાબત છે - તે એકતરફી ન હોઈ શકે. શિક્ષક કોઈ પણ પ્રકારની જબરજસ્તી બાળક સાથે ન આચરી શકે કે ન તો બાળક શિક્ષક સામે તે આચરી શકે. બાળકને અધિકાર નથી કે તે વયસ્કો પર

માત્ર એટલા માટે હાવી થઈ જાય કારણ કે તે એક બાળક છે. તે એવું નાહકનું દબાણ ઊભું ન કરે જેવું એક બાળક સામાન્ય રીતે કરી શકતું હોય છે.

૭. આ સિદ્ધાન્તને સૌથી વધુ સંલગ્ન બાબત છે તે શિક્ષકની પોતાની સહૃદયતા. લેખક કહે છે કે સમરહિલમાં ચાલીસ વર્ષની તેમની કારકિર્દીમાં તે કદી બાળક સામે જૂઠ્ઠું બોલ્યા નથી. જે આ પુસ્તક વાંચશે તેને ખાતરી થશે કે તેમનું આ વિધાન બડાશ જેવું લાગી શકે છે, પરંતુ તે એક સાદીસીધી સચ્ચાઈ છે.

૮. તંદુરસ્ત માનવવિકાસ માટે એ જરૂરી છે કે બાળક સમયાંતરે પોતાનાં માતાપિતા અને પાછળથી સમાજ સાથે જોડતાં, તેનાં પ્રાથમિક ગઠબંધનોથી અળગું થાય અને સાચા અર્થમાં સ્વતંત્ર બને. તેણે એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે દુનિયાનો સામનો કરતાં શીખવાનું છે. તેણે પોતાની સલામતી સંબંધોનાં વળગણોમાં નહીં પરંતુ વિશ્વને બૌદ્ધિક, ભાવનાશીલ અને કલાત્મક રીતે ગ્રહણ કરી શકે તેવી તેની પોતાની ક્ષમતામાં શોધવાની છે. તેણે શરણાગતિ સ્વીકારી કે વર્ચસ્વ જમાવીને તેમાંથી સલામતી મેળવવાને બદલે પોતાની તમામ શક્તિઓ વિશ્વ સાથે એકત્વ સાધવામાં આપવાની છે.

૯. અપરાધભાવ મુખ્યત્વે બાળકને સત્તા સાથે જોડવાનું કામ કરે છે. સ્વતંત્રતાના રસ્તામાં અપરાધભાવ આડે આવે છે. અપરાધની ભાવના બાળકમાં એક એવા વિષચક્રની શરૂઆત કરે છે કે જેમાં બાળક બંડખોરી, પસ્તાવો, શરણાગતિ અને એક નવા બંડ વચ્ચે જ અટવાયા કરે છે. આપણા સમાજના મોટા ભાગના લોકો જે અપરાધભાવમાં રહે છે, તે અપરાધભાવ અંતરાત્માના અવાજની પ્રતિક્રિયા નથી હોતી, પરંતુ મૂળે પોતે સત્તાને તાબે હોવાનો અહેસાસ અને સજાનો ડર હોય છે. આ સજા શારીરિક હોય કે પ્રેમથી વિમુખ કરતી હોય કે પારકા હોવાનો અહેસાસ કરાવતી હોય તેનાથી કોઈ ફરક નથી પડતો. આ બધો અપરાધભાવ ડર ઉત્પન્ન કરે છે, અને ડરથી ઉપજે છે વેરભાવ અને કપટ.

૧૦. સમરહિલ શાળા કોઈ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપતી નથી. તેનો અર્થ એવો પણ નથી કે જેને માનવતાનાં નૈતિક મૂલ્યો કહેવાય તેની સાથે સમરહિલને કોઈ પણ સંબંધ નથી. નીલ સચોટતાથી આલેખે છે – "આ યુદ્ધ 'આધ્યાત્મિકતામાં માનનારા' અને 'ન માનનારા' વચ્ચે નથી. તે 'વ્યક્તિની સ્વતંત્રતામાં માનનારા' અને અને 'વ્યક્તિની સ્વતંત્રતાને કચડી નાખનારા' વચ્ચે છે." લેખક આગળ લખે છે – "એવા દિવસો આવશે કે નવી પેઢી આજના પરંપરાગત ધર્મ અને

અંધશ્રદ્ધાને નહીં સ્વીકારે. જ્યારે એક નવો ધર્મ જન્મ લેશે, ત્યારે તે એ વિચારનું ખંડન કરશે કે વ્યક્તિનો જન્મ પાપથી થાય છે. નવો ધર્મ માણસને પ્રસન્ન રાખીને જ ઈશ્વરની સ્તુતિ કરશે."

નીલ આજના સમાજનો વિવેચક છે. તે ભાર મૂકે છે કે આપણે એવા પ્રકારની વ્યક્તિઓ વિકસાવીએ છીએ જે ટોળામાંની એક હોય. "આપણે એક દંભી સમાજમાં જીવીએ છીએ અને આપણું મોટા ભાગનું ધાર્મિક આચરણ પણ શરમજનક હોય છે." તાર્કિક રીતે જોઈએ તો, લેખક આંતરરાષ્ટ્રવાદી છે. યુદ્ધ માટેની તત્પરતા, મનુષ્યોની અમાનવીય ઘેલછા છે તેવું તેઓ અડગપણે માને છે અને તેમાં તેઓ સહેજ પણ સમાધાન કરવા તૈયાર નથી. બાળક હયાત માળખામાં ગોઠવાઈ જાય એ રીતે એને શિક્ષણ આપવાની કોશિશ નીલ કરતા નથી, પરંતુ તેમનો બાળકોને એ રીતે ઉછેરવાનો પ્રયાસ છે કે તેઓ આનંદિત મનુષ્યો બને; એવાં સ્ત્રીઓ અને પુરુષો બને જેમનાં આવાં મૂલ્યો હોય - વધુ લાલચ ન હોવી, વધુ ઉપભોગ ન કરવો પરંતુ વધુ સારા માણસ બનવું. નીલ વાસ્તવવાદી છે. તે જાણે છે કે તે જે બાળકોને શિક્ષણ આપે છે તેનાથી તેઓ દુનિયાની દૃષ્ટિએ બહુ જ સફળ ન પણ બને પરંતુ તેઓ પોતે સાચા મનુષ્યો હોવાનો આત્મવિશ્વાસ જરૂર પામી લેશે, જેથી ન તો તેઓ મૂંઝાશે કે ન તેમણે ભૂખે મરતાં ભિખારી બનવાનો વારો આવશે. લેખકે 'સંપૂર્ણ માનવ - વિકાસ' અને 'સંપૂર્ણ વ્યાપારિક વિચારસરણી' વચ્ચે પસંદગી કરી છે અને તેઓ બિલકુલ સમાધાન વિના પ્રામાણિક રીતે તેમણે પસંદ કરેલા સિદ્ધાન્તોને વળગી રહ્યા છે.

આ પુસ્તક વાંચીને હું ઘણો ઉત્તેજિત અને પ્રોત્સાહિત થયો છું. હું આશા રાખું છું કે બીજા વાચકો પણ આમ અનુભવશે. એનો અર્થ એવો પણ નથી કે લેખકના દરેક વિચાર સાથે હું સહમત છું. મોટા ભાગના વાચકો આ પુસ્તકને 'ધર્મોપદેશ'ની જેમ નહીં જ વાંચે. અને મને ખાત્રી છે કે બીજું કોઈ નહીં તો લેખક તો આમ ઈચ્છશે જ.

હું મારા મુખ્ય બે મતભેદોને અહીં નોંધવા માંગું છું. એક તો, મને લાગે છે કે નીલે વિશ્વને કલામય અને ભાવનાત્મક રીતે પકડવાના પ્રયત્નમાં, બૌદ્ધિક બનવાનાં મહત્ત્વ, આનંદ અને સચ્ચાઈને ઓછાં આંક્યા છે. બીજું, લેખક 'ફ્રોઈડ'ની માન્યતા તરફ વધુ ઝોક ધરાવે છે અને મને લાગે છે કે, ફ્રોઈડના અનુયાયીઓની જેમ તેમણે જાતીયતાની બાબતોને વધુ પડતું મહત્ત્વ આપ્યું છે. છતાં પણ હું દૃઢપણે માનું છું કે લેખક એવા પ્રકારની વ્યક્તિ છે કે જેમનામાં બાળકના મનમાં શું ચાલી રહ્યું છે તે સમજવાની અસાધારણ અને સાચુકલી પકડ છે. મારી આલોચના બાળક પ્રત્યેના તેમના

વાસ્તવિક અભિગમ માટે નહીં પરંતુ તેમનાં કેટલાંક ખ્યાલો અને તારણો માટે છે.

હું 'વાસ્તવવાદ' શબ્દો પર ભાર મૂકું છું, કારણ કે લેખકની નિરીક્ષણ કરવાની, હકીકતોને ધારણાઓથી અલગ તારવવાની ક્ષમતા મને સ્પર્શી ગઈ છે. તેઓ આત્મવંચના કે ખોટા ભ્રમમાં સંતોષ નથી માનતા, જેમાં મોટા ભાગના લોકો જીવતાં હોય છે અને જેનાથી લોકો સાચુકલા સ્વાનુભવથી વેળગાં રહેતા હોય છે.

નીલ જેવો હિંમતવાન માણસ આજે ભાગ્યે જ મળે. તે જે જુએ છે તે જ માનવાની હિંમત તેનામાં છે. તે વાસ્તવવાદને વિચારશક્તિ અને પ્રેમના અડગ વિશ્વાસથી સાંકળે છે. તે જીવન પ્રત્યે અડગ શ્રદ્ધા અને દરેક વ્યક્તિ માટે ઊંડો આદર ધરાવે છે. નીલ પોતે જે કાર્ય કરે છે તેમાં મિથ્યાભિમાન ધરાવતો જડ હઠાગ્રહી નથી, પણ તે એક પ્રયોગશીલ માણસ અને અવલોકનકાર પણ છે. તે શિક્ષણમાં 'ઉપચાર'ને સામેલ કરે છે પણ તેને માટે ઉપચાર કોઈ ખાસ પ્રકારની 'સમસ્યાઓ' સુલઝાવતી કોઈ અલગ બાબત નથી, પરંતુ એવી સરળ પદ્ધતિ છે જે બાળકને નિદર્શન આપે છે કે જીવન સમજવા માટે છે, તેનાથી દૂર ભાગવા માટે નહીં.

વાચકોને એ સ્પષ્ટ થશે કે આ પુસ્તકમાં જે પ્રયોગો દર્શાવાયા છે તે આપણા આજના સમાજમાં વારંવાર પુનરાવર્તિત કરી શકાય તેમ નથી. તે એટલા માટે કે એનો આધાર નીલ જેવા અસાધારણ વ્યક્તિ પર રહેલો છે, તથા એટલા માટે કે બહુ જ ઓછાં માતાપિતામાં એટલી હિંમત અને સ્વાતંત્ર્ય હોય છે કે તેમનાં બાળકોની સફળતા કરતાં તેમની ખુશીની તેઓ વધુ કાળજી ધરાવે. જો કે, આ હકીકત આ પુસ્તકના મહત્ત્વમાં સહેજ પણ ઘટાડો કરતી નથી.

ભલે યુનાઈટેડ સ્ટેટ્સમાં આજે સમરહિલ જેવી કોઈ શાળા અસ્તિત્વ ધરાવતી નથી પરંતુ કોઈ પણ માતાપિતાને આ પુસ્તક વાંચવાથી લાભ થશે. આ પ્રકરણો તેમને તેમનાં બાળક પ્રત્યેના અભિગમ વિશે ફરીથી વિચારવા પડકારશે. તેમને જણાશે કે મોટા ભાગના લોકો જે બાબતને 'વધુ પડતી સ્વતંત્રતા' જણાવી બાજુ પર હડસેલી દે છે, તેમના કરતાં નીલની બાળક સાથે કામ કરવાની રીત એકદમ જુદી છે. નીલ બાળક - માતાપિતાના સંબંધમાં એક સમતુલા જાળવવાનો આગ્રહ રાખે છે. *સ્વછંદતા વિનાની સ્વતંત્રતા* - આ એવા પ્રકારની વિચારશૈલી છે જે ઘરના વાતાવરણમાં દાખવવામાં આવતાં અભિગમમાં ક્રાંતિકારી ફેરફારો લાવી શકે છે.

દરેક વિચારશીલ માતાપિતાને, પોતે બાળક સામે જાણે - અજાણે કેટલી હદ સુધી દબાણ અને સત્તાનો ઉપયોગ કરે છે તેનું ભાન થતાં આઘાત લાગશે. આ પુસ્તક પ્રેમ, પરવાનગી અને સ્વતંત્રતાના નવા અર્થો આપશે. નીલ જીવન અને સ્વતંત્રતા

પ્રત્યે અસમાધાનકારી આદરભાવ દર્શાવે છે અને જોહુકમીના ઉપયોગનો સંપૂર્ણ અસ્વીકાર દર્શાવે છે. બાળકોનો ઉછેર એ પ્રકારની પદ્ધતિથી થવો જોઈએ કે તેમનામાં પોતાની મેળે જ પ્રેમ, સમજશક્તિ, હિંમત, એકસૂત્રતા જેવા ગુણો વિકસે, જે પશ્ચિમી માનવતાવાદી પ્રથાનાં ધ્યેય છે. જો એક વખત લોકો તેને માટે તૈયાર થાય તો, જે સમરહિલમાં બની શકે તે બધે જ બની શકે છે. લેખક કહે છે તેમ ખરેખર *સમસ્યાગ્રસ્ત બાળકો* નથી, પરંતુ 'સમસ્યાગ્રસ્ત માતાપિતા' અને 'સમસ્યાગ્રસ્ત માનવતા' છે. હું માનું છું કે નીલનું કાર્ય એક બીજ છે અને તે પાંગરશે જ. સમય જતાં તેના વિચારો નવા સમાજમાં વ્યાપીને પોતાની એક એવી ઓળખ ઊભી કરશે કે જેમાં મનુષ્ય પોતે અને તેના જીવનનાં હેતુઓ જ તમામ સામાજિક પ્રયાસોનો પણ અંતિમ ધ્યેય બનશે.

પરિચયના બે શબ્દો

મનોવિજ્ઞાનમાં કોઈ માણસ ખૂબ જાણકાર નથી. મનુષ્ય જીવનનાં આંતરિક બળો હજી બહોળા પ્રમાણમાં આપણાથી છુપાયેલાં છે.

ફ્રોઈડની પ્રતિભાએ જ્યારથી મનોવિજ્ઞાનને જીવંત બનાવ્યું ત્યારથી તેણે ઘણી પ્રગતિ સાધી છે; છતાં એ હજી પણ એક નવુંસવું વિજ્ઞાન છે, જે જાણે હજુ કોઈ અજાણ્યા પ્રદેશની સરહદોનો નકશો બનાવી રહ્યું છે. આજથી પચાસ વર્ષો પછી, મનોવિજ્ઞાનીઓ આપણા આજના અજ્ઞાન પર હસતાં હોય એવી પૂરી સંભાવના છે.

જ્યારથી મેં શિક્ષણનું ક્ષેત્ર છોડ્યું અને બાળ મનોવિજ્ઞાનનું ક્ષેત્ર અપનાવ્યું, ત્યારથી મારે તમામ પ્રકારનાં બાળકો - દ્વેષીલાં, ચોર, જુઠ્ઠાં, પથારી ભીની કરનારાં અને બદ્‌મિજાજી બાળકો - સાથે કામ પાર પાડવાનું બનતું આવ્યું છે. બાળ તાલીમના ક્ષેત્રમાં વર્ષોથી ઘનિષ્ઠ રીતે કાર્યરત હોવાથી મને ખાતરી થઈ ગઈ છે કે જીવનને પ્રેરિત કરતાં પરિબળો વિશે હું પ્રમાણમાં બહુ ઓછું જાણું છું. અલબત્ત, મને એ પણ ખાતરી થઈ ગઈ છે કે જેમણે માત્ર તેમનાં પોતાનાં બાળકો સાથે જ કામ પાર પાડવાનું હોય છે, તે માતાપિતાઓ મારા કરતાં ઘણું ઓછું જાણે છે.

ઘરમાં બાળક સાથે કરવામાં આવતો ખોટો વર્તાવ જ લગભગ હંમેશાં એક 'મુશ્કેલ' બાળકને ખરેખર મુશ્કેલ બનાવતું હોય છે એવું હું માનું છું અને તેથી જ માતાપિતાઓ સાથે વાત કરવાની હિંમત કરી રહ્યો છું.

મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર શું છે? એના જવાબમાં હું 'ઉપચાર' શબ્દ સૂચવીશ. પણ કયા પ્રકારનો ઉપચાર? કેસરી અને કાળા રંગો પસંદ કરવાની મારી આદતને સુધારવાની મને કોઈ ઇચ્છા નથી, ન તો હું ધુમ્રપાનની આદતથી છુટકારો ચાહું છું; કે ન તો બિઅરના કોઈ પ્રકાર માટેની મારી પસંદને મારે સુધારવી છે. કોઈ પણ શિક્ષકને ડ્રમ પર 'ઘોંઘાટ' કરતાં એક બાળકને સુધારવાનો અધિકાર નથી. જે એક માત્ર બાબતનો ઉપચાર થવો જોઈએ તે છે આનંદના અભાવનો ઉપચાર.

એક મુશ્કેલ બાળક એ છે જે બાળક ખુશ નથી. તે પોતાની જાત સાથે યુદ્ધે ચડ્યું છે; અને તેના પરિણામે, તે આખા વિશ્વ સાથે પણ યુદ્ધે ચડ્યું હોય છે.

પુખ્ત વયની મુશ્કેલ વ્યક્તિ પણ એ જ નાવમાં સવાર હોય છે. કોઈ ખુશ માણસ કદી સભામાં ખલેલ પહોંચાડતો નથી કે યુદ્ધનો ઉપદેશ આપતો નથી, કે કોઈ હબસી

પ્રત્યે મનસ્વી હિંસાચાર આચરતો નથી. કોઈ ખુશહાલ સ્ત્રી કદી પાતાંના પતિની અથવા તેનાં બાળકોની પાછળ પડી જઈ તેમના દોષો જ કાઢ્યા કરતી નથી. ક્યારેય કોઈ ખુશ માણસે કોઈનું ખૂન કર્યાનું કે ચોરી કર્યાનું જાણમાં નથી. કોઈ ખુશ માલિક કદી પોતાના કર્મચારીઓને ડરાવતો નથી.

તમામ ગુનાઓ, તમામ નફરત, તમામ યુદ્ધોનું મૂળ છેવટે નાખુશી પર આવીને અટકી જાય છે. નાખુશી કઈ રીતે ઉદ્‌ભવે છે, કઈ રીતે એ મનુષ્ય જીવનને ખતમ કરી નાખે છે, અને બાળકોને એવી કઈ રીતે ઉછેરવાં જેથી આટલી નાખુશી કદી પણ તેમનામાં ઊભી થાય નહીં તે દર્શાવવાનો આ પુસ્તકનો પ્રયાસ છે.

આ બધા કરતાં વધુ, આ પુસ્તક એ એક જગ્યાની - સમરહિલની વાર્તા છે, જ્યાં બાળકોમાં દેખાતી નાખુશીનો ઉપચાર કરવામાં આવે છે અને, વધુ અગત્યનું એ કે જ્યાં બાળકોને આનંદભર્યા વાતાવરણમાં ઉછેરવામાં આવે છે.

- **એ. એસ. નીલ**

૧

સમરહિલ સ્કૂલ

સમરહિલની વિભાવના

આ એક આધુનિક શાળાની - સમરહિલની વાર્તા છે.

સમરહિલની સ્થાપના વર્ષ ૧૯૨૧માં થઈ હતી. આ સ્કૂલ ઈંગ્લેન્ડના સફકના લૈસન ગામમાં આવેલી છે, અને લંડનથી લગભગ સોએક માઈલ જેટલી દૂર છે.

સમરહિલના વિદ્યાર્થીઓ માટે બે શબ્દો - સમરહિલમાં કેટલાંક બાળકો પાંચ વર્ષની ઉંમરે આવે છે, તો કેટલાંક પંદરેક વર્ષ જેટલી મોડી ઉંમરે. સામાન્ય રીતે આ બાળકો સોળ વર્ષનાં થાય ત્યાં સુધી સ્કૂલમાં રહે છે. અમારી પાસે દર વર્ષે એકંદરે પચ્ચીસેક છોકરાઓ અને વીસેક છોકરીઓ રહેતાં હોય છે.

આ બાળકોને ત્રણ વય જૂથોમાં વહેંચવામાં આવે છેઃ પાંચથી સાત વર્ષની વયનાં સૌથી નાનાં બાળકોનું જૂથ, પછી આઠથી દસ વર્ષનાં મધ્યમ વયનાં બાળકોનું જૂથ અને અગિયારથી પંદર વર્ષની વયનાં સૌથી મોટાં બાળકોનું જૂથ.

સામાન્ય રીતે અમારી પાસે વિદેશી બાળકો સારા એવા પ્રમાણમાં આવે છે. આજની તારીખે (૧૯૬૦) અમારી પાસે પાંચ સ્કેન્ડિનેવિયન, એક હોલેન્ડર, એક જર્મન અને એક અમેરિકન બાળક છે.

દરેક જૂથ માટે એક ગૃહમાતા સાથે, વય જૂથ પ્રમાણે બાળકોને રાખવામાં આવે છે. મધ્યમ વય - જૂથનાં બાળકો પથ્થરની ઈમારતમાં અને મોટાં બાળકો નાની કુટિરોમાં સૂવે છે. માત્ર એક કે બે મોટા વિદ્યાર્થીઓને જ તેમનો પોતાનો ઓરડો મળે છે. એક ઓરડામાં બે કે ત્રણ કે ચાર છોકરાઓ રહે છે, અને એ જ રીતે છોકરીઓ પણ સાથે રહે છે. પણ વિદ્યાર્થીઓએ કદી ઓરડાની ઓચિંતી તપાસ સાંખવાનો વારો આવતો નથી કે ન તો કોઈ તેમના ગયા પછી તેમના ઓરડા સાથે છેડછાડ કરે છે. તેમને મુક્ત છોડી દેવામાં આવે છે. તેમણે શું પહેરવું તે કોઈ તેમને કહેતું નથીઃ તેમણે જ્યારે જે પ્રકારનો વેશ ધારણ કરવો હોય, તે કરી શકે છે.

છાપાંઓ આ શાળાને 'મન - ફાવે - તેમ - વર્તવાની શાળા' કહે છે અને એમ કહીને તેઓ એવું કહેવા માગે છે કે આ શાળા જંગલી આદિમાનવોને સંઘરી રહી છે, જેમને કોઈ કાયદા - કાનૂનની ખબર નથી અને જે કોઈ શિષ્ટાચાર કે સભ્યતા જાણતા નથી.

એટલે જ, જેટલી બને તેટલી પ્રામાણિકતાથી સમરહિલની વાર્તા લખવાનું મને જરૂરી લાગ્યું. મારું લખાણ પૂર્વગ્રહિત હોય એ સ્વાભાવિક છે; છતાં સમરહિલનાં સબળાં પાસાંઓ સાથે સાથે મારે સમરહિલનાં નબળાં પાસાંઓ દર્શાવવાની કોશિશ

કરવી જોઈએ. ડર અને નફરતથી જેમનાં જીવન ડહોળાયાં નથી એવાં સ્વસ્થ, સ્વતંત્ર બાળકોનાં ગુણો જ સમરહિલનાં જમા પાસાં છે.

સ્વાભાવિક રીતે, ચેતનવંતાં બાળકોને પાટલી પર બેસાડી રાખીને મોટા ભાગનો સમય નકામા વિષયો ભણાવતી શાળા એ એક ખરાબ શાળા છે. એ માત્ર એવા લોકો માટે જ સારી શાળા ગણાય જેઓ એવી જ કોઈ શાળામાં માનતા હોય - એવા બિનસર્જનાત્મક નાગરિકો, જેમને તેમની માત્ર પૈસાને સફળતાનો માપદંડ ગણતી સભ્યતામાં બંધબેસે એવાં કહ્યાગરાં, બિનસર્જનાત્મક બાળકો જ જોઈએ છે.

સમરહિલ એક પ્રાયોગિક શાળા તરીકે શરૂ થઈ હતી. પણ હવે એ પ્રાયોગિક રહી નથી; હવે એ એક નિદર્શન શાળા છે, કારણ કે સ્વતંત્રતા કારગત રહે છે એનું તે વાસ્તવિક નિદર્શન કરે છે.

જ્યારે મેં અને મારી પહેલી પત્નીએ મળીને આ શાળા શરૂ કરી, ત્યારે અમારા મનમાં એક મુખ્ય ખ્યાલ હતો: *બાળકને શાળા સાથે બંધબેસતું બનાવવાની જગ્યાએ, બાળક સાથે બંધબેસે તેવી શાળા બનાવવી.*

મેં વર્ષો સુધી સામાન્ય શાળાઓમાં ભણાવ્યું છે. એ બીજી બાજુનું મને સારી પેઠે જ્ઞાન છે. મને ખબર છે કે એ સદંતર ખોટી પદ્ધતિ છે. એ ખોટી છે કારણે કે તે બાળકે શું હોવું જોઈએ અને બાળકે કેવી રીતે શીખવું જોઈએ તે બાબતેની વયસ્કોની કલ્પના પર આધારિત છે. મનોવિજ્ઞાન જ્યારે હજુ એક અજાણ્યું વિજ્ઞાન હતું ત્યારથી આ બીજી પદ્ધતિ ચાલી આવે છે.

હવે અમે એક એવી શાળા બનાવવા નીકળી પડ્યાં હતાં જેમાં અમે બાળકોને બાળકો બની રહેવાની સ્વતંત્રતા આપી શકીએ. આમ કરવા માટે, અમારે તમામ શિસ્ત, તમામ હુકમો, તમામ સૂચનો, તમામ નૈતિક તાલીમ અને તમામ ધાર્મિક આદેશોને ફગાવી દેવાં જરૂરી હતાં. અમને બહાદુર કહેવામાં આવ્યાં, પણ એમાં બહાદુરીની કોઈ જરૂર નહોતી. તેના માટે એક માત્ર આવશ્યકતા હતી - 'દરેક બાળક મૂળભૂત રીતે સારું હોય છે, ખરાબ નહીં', એવી ઊંડી માન્યતાની, જે અમારી પાસે હતી. લગભગ ચાળીસ વર્ષોથી, બાળકના સારાપણામાંનો અમારો વિશ્વાસ કદી ડગમગ્યો નથી; બલકે તે અટલ શ્રદ્ધામાં પરિણમ્યો છે.

મારી દષ્ટિએ, એક બાળક સહજ રીતે શાણું અને વાસ્તવદર્શી હોય છે. જો તેને કોઈ પણ પ્રકારની પુખ્તોની દોરવણીઓ કે સૂચનાઓ વિના, તેના પોતાના પર છોડી દેવામાં આવે, તો તે તેની વિકસવાની સંભાવના હશે ત્યાં સુધી જાતે વિકસશે. તાર્કિક રીતે, સમરહિલ એક એવી જગ્યા છે જ્યાં જેમની પાસે એવી જન્મજાત ક્ષમતા

છે અને જે વિદ્વાન બનવા માગે છે, તે વિદ્વાન બની શકે છે; અને જેઓ માત્ર સફાઈ કામદારો બનવાની યોગ્યતા ધરાવતા હોય તે સફાઈ કામદારો બની શકે છે. પણ અમે હજી સુધી કોઈ સફાઈ કામદાર પેદા કર્યો નથી. અલબત્ત, આ કંઈ હું મિથ્યાભિમાનના ભાવથી નથી લખી રહ્યો; ઊલટાનું મને એ જોવું ગમશે કે એક ન્યુરોટિક (માનસિક રોગી) વિદ્વાનની જગ્યાએ મારી શાળાએ એક આનંદિત સફાઈ કામદાર બનાવ્યો.

સમરહિલ કેવીક છે? અહીં ભણવું - વર્ગો ભરવા વૈકલ્પિક છે. બાળકો ઇચ્છે તો વર્ગો ભરી શકે છે અથવા ન ઇચ્છે તો વર્ષોનાં વર્ષો સુધી વર્ગોથી દૂર રહી શકે છે. અહીં સમયપત્રક છે - પણ માત્ર શિક્ષકો માટે.

સામાન્ય રીતે અહીં બાળકો માટે તેમની વય મુજબ વર્ગો છે, પણ ક્યારેક બાળકો તેમનાં રસરુચિ મુજબ પણ વર્ગો ભરી શકે છે. શીખવવા માટે અમારી પાસે કોઈ નવી પદ્ધતિઓ નથી, કારણ કે ભણાવવાનું મૂળે કોઈ બહુ મોટું મહત્ત્વ ધરાવે છે એવું અમે માનતા નથી. લાંબા ભાગાકાર શીખવવા માટે શાળા પાસે કોઈ વિશિષ્ટ પદ્ધતિ છે કે નથી તેનું કોઈ મહત્ત્વ નથી, કારણ કે લાંબા ભાગાકારનું જ કોઈ મહત્ત્વ નથી, સિવાય કે જેમને તે શીખવા છે તેમના માટે. અને જે બાળકને લાંબા ભાગાકાર કરતાં શીખવું છે તે તેને ગમે તે પદ્ધતિએ શીખવવામાં આવે, શીખી લે છે.

જે બાળકો બાળવાડીની ઉંમરથી સમરહિલમાં આવે છે, તે અહીં રહેવા આવે ત્યારથી વર્ગો ભરવા માંડે છે; પણ બીજી શાળાઓમાંથી આવતાં બાળકો હવે પછી ક્યારેય કોઈ અણગમતા વર્ગો નહીં ભરવાની ઇચ્છા દર્શાવે છે. તેઓ રમે છે, સાયકલ ચલાવે છે અને લોકોના રસ્તામાં આવે છે, પણ વર્ગો ભરવાની વાત આવે ત્યારે ટાળે છે. કેટલીકવાર આવું મહિનાઓ સુધી ચાલ્યા કરે છે. આમાંથી બહાર આવવાનો સમય, તેમની છેલ્લી શાળાએ તેમને જે અણગમો આપ્યો હોય છે તેના સમપ્રમાણમાં હોય છે. કોન્વેન્ટમાંથી આવેલી એક છોકરીના કિસ્સાએ આ બાબતમાં અમારે ત્યાં વિક્રમ નોંધાવ્યો હતો. તે ત્રણ વર્ષ સુધી આમ આડીઅવળી પ્રવૃત્તિઓ કરતી રહી હતી. સામાન્ય રીતે બાળકને વર્ગો માટેના અણગમામાંથી બહાર આવતાં ત્રણેક મહિનાનો સમય લાગે છે.

સ્વાતંત્ર્યના આ ખ્યાલથી અજાણ લોકોને કદાચ આશ્ચર્ય થશે કે આ કેવું પાગલખાનું છે જેમાં બાળકો ઇચ્છે તો આખો દિવસ રમ્યા કરી શકે છે! ઘણી પુખ્ત વયની વ્યક્તિઓ કહે છે, "જો મને આવી કોઈક શાળામાં મૂકવામાં આવી હોત, તો મેં કદી કશું કર્યું જ ન હોત." બીજા કહે છે, "જે બાળકોને શીખવાની ફરજ પડી

હોય તેવાં બાળકો સાથે જ્યારે આવાં બાળકોએ મુકાબલો કરવાનો થશે ત્યારે તે પોતાને અત્યંત અશક્ત અનુભવશે."

મને જેકનો વિચાર આવે છે જે અમારે ત્યાંથી સત્તર વર્ષની વયે એન્જિનિયરિંગના કારખાનામાં જોડાવા માટે વિદાય થયો હતો. એક દિવસ, તેના મેનેજિંગ ડાયરેક્ટરે તેના માટે કહેણ મોકલ્યું.

"તું સમરહિલની પેદાશ છે," તેમણે કહ્યું. "હવે આજે જ્યારે તું અન્ય જુનવાણી શાળાઓના જુવાનિયાઓ સાથે હળીભળી રહ્યો છે ત્યારે તારું એ શિક્ષણ અંગે શું માનવું છે તે જાણવા હું ઉત્સુક છું. માનો કે તારે ફરીથી પસંદગી કરવાની છે, તો તું ઈટન જઈશ કે સમરહિલ?"

જેકે પ્રત્યુત્તર વાળ્યો, "ઓહ, સમરહિલ સ્તો."

"પણ એ એવું શું આપે છે જે અન્ય શાળાઓ નથી આપતી?"

જેકે પોતાનું માથું ખંજવાળ્યું. "મને ખબર નથી," પછી ધીમેથી ઉમેર્યું, "મને લાગે છે કે એ તમને સંપૂર્ણ આત્મ - વિશ્વાસનો અનુભવ આપે છે."

"હા," મેનેજરે રૂક્ષ સાદે કહ્યું. "તું જ્યારે રૂમમાં પ્રવેશ્યો ત્યારે મેં એ નોંધ્યું."

"હે ભગવાન," જેક હસ્યો, "મેં જો તમને એવી છાપ આપી હોય તો હું માફી ચાહું છું."

"મને એ ગમ્યું," ડાયરેક્ટરે કહ્યું. "જ્યારે હું કોઈને મારી ઓફિસમાં બોલાવું છું ત્યારે મોટા ભાગના માણસોના હાવભાવમાં અજંપો અને અસ્વસ્થતા જણાતાં હોય છે. તું જાણે મારો સમકક્ષ હોય તેમ અંદર આવ્યો. અચ્છા, તો તું કયા વિભાગમાં બદલી ઇચ્છતો હતો એવું તે કહ્યું?"

આ વાત દર્શાવે છે કે શીખવું એ તેના પોતાનામાં એટલું અગત્યનું નથી જેટલું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય છે. જેકને પુસ્તકિયા ભણતરથી નફરત હતી એટલે તે તેની યુનિવર્સિટી પરીક્ષાઓમાં નિષ્ફળ રહ્યો હતો. પણ લેમ્બના નિબંધો અથવા ફ્રેન્ચ ભાષા અંગેની તેની જાણકારીનો અભાવ કંઈ તેને જીવનમાં વિકલાંગ બનાવતો નથી. તે હવે એક સફળ ઈજનેર છે.

આ બધા છતાં, સમરહિલમાં બાળકો અઢળક શીખતાં પણ હતાં. કદાચ અમારાં બાર - વર્ષનાં બાળકોનું જૂથ, તેમનાં સમકક્ષ સામાન્ય શાળાનાં બાળકો સાથે હસ્તાક્ષર કે જોડણી કે ભાગાકારમાં સ્પર્ધા ન કરી શકે. પણ જ્યાં મૌલિકતાની જરૂર હોય એવી કોઈ પણ પરીક્ષામાં, અમારું જૂથ અન્યોના ખોખલાપણાને જરૂર પછાડી શકે તેમ હોય છે.

અમારી સ્કૂલમાં કોઈ વર્ગ - પરીક્ષાઓ હોતી નથી, પણ ક્યારેક માત્ર ગમ્મત ખાતર હું પરીક્ષા ગોઠવું છું. આવા એક પરીક્ષાપત્રમાં નીચેના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા:

નીચેની વસ્તુઓ ક્યાં આવેલી છેઃ મેડ્રીડ, થર્સ્ડે આયલેન્ડ, ગઈકાલ, પ્રેમ, લોકશાહી, નફરત, મારું ખિસ્સા સ્ક્રૂ - ડ્રાઈવર (અફસોસ, તેના માટે કોઈ મદદગાર જવાબ મળ્યો નહોતો.)

નીચેના અર્થો આપોઃ (કૌંસમાં દર્શાવેલો આંકડો તે દરેક માટે અપેક્ષિત ઉત્તરોની સંખ્યા દર્શાવે છે) હેન્ડ (૩) (માત્ર બે જણે જ ત્રીજો અર્થ લખ્યો હતો - ઘોડાની ઊંચાઈ માપવાનો પ્રમાણભૂત એકમ), બ્રાસ (૪) - ધાતુ, નફ્ફટાઈ, લશ્કરનો મોટા હોદ્દાવાળો અધિકારી, વાદકવૃંદ(ઓરકેસ્ટ્રા)ના વાદ્યો.

હેમ્લેટના 'ટુ બી ઓર નોટ ટુ બી'ના વકતવ્યને સમરહિલની ભાષામાં ભાષાંતરિત કરો.

એ દેખીતું છે કે આ પ્રશ્નો ગંભીર રાખવામાં નહોતા આવ્યા, અને બાળકો તેમને પૂરેપૂરા માણતાં હતાં. નવાગંતુકો, એકંદરે, જેઓ આ સ્કૂલથી ટેવાઈ ગયા છે તે વિદ્યાર્થીઓના જવાબ આપવાના સ્તર સુધી ન ઊઠી શકતાં. એવું નહોતું કે તેમની પાસે બુદ્ધિ ઓછી હતી, પણ કારણ કે તેઓ ગંભીર પ્રણાલીમાં કામ કરવા માટે એટલા તો ટેવાઈ ગયા હોય છે કે કોઈ પણ હળવાશ તેમને અચંબામાં નાખી દે છે.

આ અમારી શીખવવાની પદ્ધતિની રમતિયાળ બાજુ છે. તમામ વર્ગોમાં ઘણું કામ થતું હોય છે. જો, કોઈ કારણસર, એકાદ શિક્ષક નિયત દિવસે પોતાનો વર્ગ ન લઈ શકે, તો સામાન્ય રીતે વિદ્યાર્થીઓમાં સારી એવી નિરાશા પ્રસરી જાય છે.

નવ વર્ષના ડેવિડને સખત ઉધરસ થઈ હોવાથી તેને અલગ રાખવો આવશ્યક હતો. એ રડવા માંડ્યો. "હું ભૂગોળમાં મિસ રોજરનો વર્ગ ચૂકી જઈશ," તેણે વિરોધ કર્યો. ડેવિડ લગભગ જન્મથી જ આ શાળામાં હતો, અને તેને તેના વર્ગો આપવામાં આવે તેની આવશ્યકતા અંગે તેના પોતાના ચોક્કસ અને અફર ખ્યાલો હતા. હવે ડેવિડ લંડન યુનિવર્સિટીમાં ગણિતશાસ્ત્રનો લેક્ચરર છે.

શાળાની સામાન્ય સભામાં (જેમાં શાળાના તમામ નિયમો માટે આખી શાળા પોતાનો મત આપે છે, દરેક વિદ્યાર્થીએ અને સ્ટાફના દરેક સભ્યે એક મત આપવાનો હોય છે) થોડાં વર્ષો અગાઉ કોઈકે એવો પ્રસ્તાવ મૂક્યો હતો કે અમુક અપરાધીને એક અઠવાડિયા માટે વર્ગોમાંથી કાઢી મૂકવાની સજા અપાવી જોઈએ. પણ આ સજા ખૂબ આકરી છે એ ભૂમિકાએ બાકીનાં બાળકોએ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

હું અને મારા સ્ટાફના સદસ્યો તમામ પ્રકારની પરીક્ષાઓ પ્રત્યે હૃદયપૂર્વકનો ધિક્કાર ધરાવીએ છીએ. અમારા માટે યુનિવર્સિટીની પરીક્ષાઓ શાપ સમાન છે. પણ બાળકોને નિયમ મુજબના વિષયો ભણવવાનો અમે ઇનકાર કરી શકીએ નહીં. સ્વાભાવિક રીતે, જ્યાં સુધી પરીક્ષાઓનું અસ્તિત્વ છે ત્યાં સુધી, તેઓ અમારા માલિક છે. આથી, સમરહિલનો સ્ટાફ હંમેશાં નિયત ધોરણો અનુસારનું શિક્ષણ આપવા માટેની યોગ્યતા ધરાવતો હોય છે.

એવું નથી કે સ્કૂલનાં ઘણાં બાળકો આ પરીક્ષાઓમાં બેસવું પસંદ કરે છે; માત્ર જેઓ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માગે છે તેઓ જ આ પરીક્ષાઓ આપે છે. અને આવાં બાળકોને આ પરીક્ષાઓ સાથે કામ પાર પાડવું બહુ અઘરું પડતું હોય તેવું લાગ્યું નથી. સામાન્ય રીતે ચૌદેક વર્ષની ઉંમરથી તેઓ તેના માટે તૈયારી કરવી શરૂ કરી દે છે અને લગભગ ત્રણ વર્ષ સુધી તૈયારી કરે છે. અલબત્ત દર વખતે તેઓ પહેલા જ પ્રયત્ને ઉત્તીર્ણ થતાં નથી. પણ વધુ અગત્યની હકીકત એ છે કે તેઓ ફરીથી પ્રયત્ન કરે છે.

સમરહિલ સંભવતઃ આ વિશ્વની સૌથી આનંદભરી શાળા છે. અમારે ત્યાં કોઈ ગુલ્લા મારતું નથી અને ક્યારેક જ કોઈ ઘર માટે ઝૂરતું જોવા મળે છે. અમારી વચ્ચે ભાગ્યે જ મારામારી થાય છે, અલબત્ત લડાઈ - ઝઘડા જરૂર થાય છે. પણ અમે કિશોર વયના હતા ત્યારે છોકરાઓ વચ્ચે જેવી હાથોહાથની મારામારી થતી, તેવું તો અહીં ક્યારેક જ બનવા પામે છે. ભાગ્યે જ કોઈ બાળકના રડવાનો અવાજ મારે કાને પડે છે; કારણ કે દબાયેલાં બાળકો કરતાં, મુક્ત બાળકો પાસે વ્યક્ત કરવા માટે ઘણો ઓછો અણગમો હોય છે. નફરત નફરતને પોષે છે, અને પ્રેમ પ્રેમને પોષે છે. બાળકોને પ્રેમ આપવો એટલે તેમને સમર્થન આપવું, અને કોઈ પણ શાળા માટે આમ કરવું આવશ્યક છે. જો તમે બાળકોને સજા ફટકારતાં હો અને તેમની સામે ધસી જતાં હો તો તમે બાળકોની બાજુએ, તેમના પક્ષે રહી શકતા નથી. સમરહિલ એક એવી શાળા છે, જ્યાં બાળકને ખબર છે કે અહીં તે સંપૂર્ણ સ્વીકૃત છે.

ધ્યાન રહે, અમે માનવીય દોષોથી ઉપર ઉઠેલા કે તેનાથી પર નથી. એક વસંતમાં હું બટાકાની વાવણી પાછળ અઠવાડિયાંઓ વિતાવું છું, અને પછી જ્યારે જૂનમાં મને તેમાંના આઠ છોડ ઉખેડી કાઢેલા મળે છે, ત્યારે હું કાગારોળ કરી મૂકું છું. છતાં મારી આ કાગારોળ અને કોઈ સરમુખત્યારની કાગારોળ વચ્ચે ભેદ છે. મારી કાગારોળના કેન્દ્રમાં બટાકા હતા, પણ એક સરમુખત્યારે જો કાગારોળ કરી હોત

તો તેણે આખી બાબતને નૈતિકતાનો - સાચા અને ખોટાનો - પ્રશ્ન બનાવી દીધી હોત. મારા બટાકા ચોરવા એ ખોટી વાત છે એવું મેં નહોતું કહ્યું; મેં તેને સારી કે ખરાબ બાબત નહોતી ગણાવી - મેં માત્ર તેને મારા બટાકાની વાત રાખી હતી. એ મારા બટાકા હતા અને તેને અડકવાનો કોઈને અધિકાર નહોતો. મારું માનવું છે કે હું તફાવત સ્પષ્ટ કરી રહ્યો છું.

ચાલો, હું તેને બીજી રીતે કહું. બાળકો માટે, હું એવી કોઈ સત્તાધિકારી વ્યક્તિ નથી જેનાથી ડરવું પડે. હું તેમનો સમોવડિયો છું, અને મારા બટાકા માટે મેં જે ઘોંઘાટ મચાવ્યો હતો તે, કોઈ છોકરાએ તેની સાયકલના પંક્ચર કરાયેલા ટાયર માટે કર્યો હોય, તેનાથી વધુ કોઈ મહત્ત્વ ધરાવતો નથી. જ્યારે તમે સમોવડિયા હો, ત્યારે એક બાળક સાથે તકરાર કરવી ઘણી સલામત હોય છે.

હવે કેટલાક કહેશેઃ "આ બધું વાહિયાત છે. તમારી વચ્ચે સમોવડિયાપણું હોઈ જ ન શકે. નીલ બોસ છે; એ મોટો અને શાણો છે." આમ કહેનારા ખરેખર સાચા છે. હું જ બૉસ છું, અને જો ઘરને આગ લાગે તો બાળકો મારી જ પાસે દોડી આવવાનાં છે. તેમને ખબર છે કે હું મોટો છું અને વધુ જાણકાર છું, પણ જ્યારે હું તેમને તેમની ભૂમિકાએ મળું છું (જેમ અહીં એ બટાકાની વાત છે) ત્યારે એ બાબતો અગત્યની રહેતી નથી.

જ્યારે પાંચ વર્ષના બિલીએ મને તેની જન્મદિનની પાર્ટીમાંથી જતા રહેવા કહ્યું, કારણ કે મને આમંત્રણ નહોતું પાઠવવામાં આવ્યું, ત્યારે હું તરત જ ખચકાયા વિના નીકળી ગયો - જેમ મને બિલીના સહવાસની ઇચ્છા ન હોય ત્યારે તે મારા કમરામાંથી જતો રહે છે તેમ જ. શિક્ષક અને બાળક વચ્ચેનો આ સંબંધ વર્ણવવો આસાન નથી, પણ જ્યારે હું કહું છું કે આ સંબંધ અહીં આદર્શ છે ત્યારે સમરહિલ આવી ચૂકેલા દરેક મુલાકાતી મારો ભાવાર્થ બરાબર સમજી શકે છે. સ્ટાફ પ્રત્યેના અભિગમમાં પણ આ બાબત છતી થતી જોઈ શકાય છે. રસાયણશાસ્ત્ર ભણાવતા રુડને ડેરેક કહીને બોલાવવામાં આવે છે. સ્ટાફના અન્ય સભ્યોમાં હેરી, ઉલ્લા અને પામ છે. હું નીલ છું, અને એસ્થર રસોયણ છે.

સમરહિલમાં દરેક પાસે સમાન અધિકારો છે. કોઈને મારા વિશાળ પિયાનોને હાથ લગાડવાની છૂટ નથી, અને મને કોઈ બાળકની સાયકલ તેની પરવાનગી વિના ઉધાર લઈ લેવાની છૂટ નથી. અમારી શાળાની સામાન્ય સભામાં, એક છ વર્ષના બાળકનો મત એટલું જ મહત્ત્વ ધરાવે છે, જેટલો કે મારો મત.

પણ, જાણકારો કહે છે કે, છેવટે મોટાઓના અવાજનું મહત્ત્વ વધારે હોય છે. છ

વર્ષનું બાળક મત આપવા માટે પોતાનો હાથ ઊંચો કરે તે પહેલાં શું તે તમે કેવી રીતે મત આપ્યો તે જોવા નથી માગતું? હું ઇચ્છું કે એ ક્યારેક એવું ચાહે, કારણ કે મારા ઘણા બધા પ્રસ્તાવો નકારી કાઢવામાં આવે છે. મુક્ત બાળકોને આસાનીથી પ્રભાવિત કરી શકાતાં નથી; આમ થવા પાછળ ડરની ગેરહાજરી કારણભૂત હોય છે. અને ખરેખર, ડરની ગેરહાજરી એ કોઈ પણ બાળક સાથે ઘટતી સૌથી શ્રેષ્ઠ બાબત હોય છે.

અમારાં બાળકો અમારા સ્ટાફથી ડરતાં નથી. શાળાના નિયમો અનુસાર, રાત્રે દસ વાગ્યા પછી ઉપલી પરસાળમાં શાંતિ હોવી જોઈએ. એક રાત્રિએ, લગભગ અગિયાર વાગ્યે, ઉપર ઓશીકાં યુદ્ધ ચાલી રહ્યું હતું. એ સાંભળીને મારો વિરોધ દર્શાવવા માટે હું જ્યાં લખી રહ્યો હતો, તે મારા ટેબલ પરથી ઊઠ્યો. હું ઉપર પહોંચ્યો ત્યાં સુધીમાં નાસભાગ કરતાં પગલાં સંભળાયા અને જઈને જોયું તો પરસાળ સાવ ખાલીખમ અને શાંત હતી. અચાનક મને એક નિરાશ અવાજ સંભળાયો, "હત્, આ તો ખાલી નીલ છે," અને એ જ ઘડીએ ફરી ધાંધલધમાલ ચાલુ થઈ ગઈ. હું નીચે એક પુસ્તક લખવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, એવું મેં તેમને સમજાવ્યું કે તરત જ તેમણે ચિંતા પ્રદર્શિત કરી અને તત્ક્ષણ ઘોંઘાટ અટકાવી દેવા સહમત થઈ ગયાં. તેમનો સૂવાના સમયનો અધિકારી (તેમની જ વચનો) તેમની પાછળ પાછળ આવ્યો હશે એવી તેમની શંકાને પરિણામે જ શરૂઆતમાં મારા આવવાથી નાસભાગ મચી હતી.

વયસ્કો તરફથી આ ભયની ગેરહાજરીના મહત્ત્વ પર હું ભાર મૂકું છું. એક નવ વર્ષનો બાળક આવે છે અને મને કહે છે કે તેણે દડાથી બારીનો કાચ તોડી નાખ્યો છે. તે મને કહે છે, કારણ કે તેને મારા તરફથી રોષનો ભોગ બનવાનો અથવા નૈતિક રીતે તિરસ્કૃત થવાનો ભય નથી. તેણે કદાચ તૂટેલા કાચની નુકસાની ભરપાઈ કરવી પડશે, પણ તેને ભારેખમ વક્તવ્ય સાંભળવાની કે સજાથી ડરવાની જરૂર નથી.

થોડાં વર્ષો પહેલાં એક વખત એવું બન્યું કે શાળાની સરકારે રાજીનામું આપી દીધું, અને એક પણ જણ ચૂંટણીમાં ઊભું રહ્યું નહીં. મેં તરત આ તક નોટિસ મૂકવા માટે ઝડપી લીધીઃ "સરકારની ગેરહાજરીમાં, હું આ સાથે મારી જાતને સરમુખત્યાર જાહેર કરું છું. હેઈલ નીલ!" થોડા જ વખતમાં ગણગણાટ ચાલુ થઈ ગયો. બપોરના વખતે, છ વર્ષનો વિવિયન મારી પાસે આવ્યો અને કહ્યું, "નીલ, મેં વ્યાયામશાળાની બારી તોડી નાખી છે."

મેં તેની વાત પર ધ્યાન નહીં આપતાં કહ્યું, "આવી નાની - નાની વસ્તુઓ માટે

મને પરેશાન કરવાની જરૂર નથી," અને તે જતો રહ્યો. થોડીક વાર પછી તે ફરીથી પાછો આવ્યો અને કહ્યું કે તેણે બે બારીઓ તોડી નાખી છે. આટલા વખતમાં હું જાણવા માટે ઉત્સુક થયો હતો, એટલે મેં તેને પૂછ્યું કે આમ કરવા પાછળ તેના મનમાં શું મોટો ખ્યાલ સમાયેલો હતો.

"મને સરમુખત્યારો પસંદ નથી!" તેણે કહ્યું, "અને મને ભૂખ્યા રહેવું પણ પસંદ નથી." (મને પાછળથી ખબર પડી કે સરમુખત્યારશાહીનો વિરોધ કરનારાઓએ પહેલાં રસોયણ પર પોતાનો રોષ કાઢવાનો પ્રયત્ન કર્યો હતો, જે ઝડપથી રસોડું બંધ કરીને ઘરે ચાલી ગઈ હતી.)

"અચ્છા," મેં પૂછ્યું, "તો તું એના માટે શું કરીશ?"

તેણે હઠીલા અવાજે કહ્યું, "વધુ બારીઓ તોડીશ."

"ભલે, તારી મરજી," મેં કહ્યું, અને તેણે બારીઓ તોડવાનું ચાલુ રાખ્યું.

જ્યારે એ પાછો ફર્યો ત્યારે તેણે સત્તર બારીઓ તોડી નાખ્યાની જાહેરાત કરી. "પણ ધ્યાન રહે," તેણે ખરા દિલથી કહ્યું, "હું તેની નુકસાની ચૂકવવાનો છું."

"કેવી રીતે?"

"મારા ખિસ્સા ખર્ચમાંથી. કેટલો વખત લાગશે મને એમાં?"

મેં ઝડપથી ગણતરી કરી. પછી કહ્યું, "લગભગ દસ વર્ષ."

એકાદ ક્ષણ માટે મને તેના ચહેરા પર ગમગીનીનું વાદળું દેખાયું; પછી બીજી ક્ષણે તેનો ચહેરો ચમકી ઊઠ્યો. "આહ," તેણે ઉત્સાહથી કહ્યું, "મારે તેના માટે કશું ચૂકવવું નહીં પડે."

"પણ તો પછી ખાનગી મિલકતના નિયમનું શું?" મેં પૂછ્યું. "એ બારીઓ મારી ખાનગી મિલકત છે."

"મને ખબર છે પણ હવે તો કોઈ ખાનગી મિલકતનો નિયમ રહ્યો જ નથી. અત્યારે કોઈ સરકાર નથી, અને નિયમો સરકાર જ બનાવે છે."

કદાચ મારા ચહેરાના હાવભાવ જોઈને તેને ઉમેરવાનું મન થયું હશે, "પણ તે છતાં હું તેમની નુકસાની ભરીશ."

પણ તેણે આ નુકસાની ભરવી પડી નહીં. આ ઘટનાના થોડા સમય પછી લંડનમાં વક્તવ્ય આપતી વખતે મેં આ વાત કહી હતી; અને મારી વાતના અંતે એક યુવાન માણસે આગળ આવી મારા હાથમાં એક પાઉન્ડની નોટ મૂકીને કહ્યું હતું, "એ નાનકા શેતાને તોડેલી બારીઓની નુકસાની પેટે." બે વર્ષ પછી, વિવિયન હજી પણ લોકોને તેની બારીઓ તોડવાની વાત અને જે યુવાને તેના માટે પૈસા આપ્યા હતા તેની

વાત કરતો રહ્યો હતો. "એ ચોક્કસ બહુ મોટો મૂર્ખ હશે, કારણ કે એણે તો મને કદી જોયો સુદ્ધાં નથી."

જ્યારે ભયનું તત્ત્વ ન હોય ત્યારે બાળકો ઘણી આસાનીથી અજાણ્યાઓ સાથે સંપર્કમાં આવતા હોય છે. અંગ્રેજી સભ્યતામાં દેખાતો સંકોચ, એ છેવટે ડર છે, અને એટલે જ જેમની પાસે સૌથી વધુ ધન હોય છે તે સૌથી વધુ મિતભાષી હોય છે. સમરહિલનાં બાળકો મુલાકાતીઓ અને અજાણ્યાઓ સાથે અસાધારણ રીતે મિત્રતાપૂર્ણ હોય છે એ હકીકત મારા અને મારા સ્ટાફ માટે ગૌરવની બાબત છે. જો કે, અમારે કબૂલવું જોઈએ કે અમારા મોટા ભાગના મુલાકાતીઓ બાળકોને મળવા ગમે એવા હોય છે. તેમને મન સૌથી વધુ અનિશ્ચિત મુલાકાતીઓ શિક્ષક હોય છે, ખાસ કરીને ગંભીર શિક્ષક, જે તેમનાં ચિત્રો અને લખાણને તપાસવાની ઇચ્છા રાખતા હોય છે. અને જેની પાસે કહેવા માટે સારી સારી વાતો હોય - સાહસની અને પ્રવાસની, અથવા સૌથી શ્રેષ્ઠ, વિમાન ઉડાડવાની વાતોનો ખજાનો હોય તે મુલાકાતી સૌથી વધુ આવકાર્ય હોય છે. કોઈ બોક્સર કે સારો ટેનિસ ખેલાડી તરત જ બાળકોથી ઘેરાઈ જાય છે, પણ જે મુલાકાતીઓ સૈદ્ધાન્તિક વાતોનો મારો કરે છે તેમનાથી બાળકો દૂર જ ભાગે છે.

મુલાકાતીઓએ કહેલું સૌથી વધુ સામાન્ય અવલોકન એ રહ્યું છે કે કોણ શિક્ષક છે અને કોણ વિદ્યાર્થી છે તે અમે પારખી શકતા નથી. એ સાચું છેઃ જ્યાં બાળકો સ્વીકારનો ભાવ ધરાવતાં હોય ત્યાં એકતાની ભાવના ખૂબ મજબૂત હોય છે. શિક્ષક પ્રત્યે, એક શિક્ષક તરીકે, કોઈ ભેદભાવ રહેતો નથી. સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સમાન આહારથી માંડીને સમૂહ - જીવનના સમાન કાયદાઓનું પાલન કરવાનું હોય છે. સ્ટાફને કોઈ વિશિષ્ટ લાભ આપવામાં આવે તો બાળકો તેને તિરસ્કારશે જ.

જ્યારે મેં સ્ટાફના સદસ્યો સાથે અઠવાડિક ધોરણે મનોવિજ્ઞાનની ચર્ચા શરૂ કરી, ત્યારે એ ન્યાયી નથી એવો ગણગણાટ શરૂ થઈ ગયો. મેં મારા આયોજનમાં ફેરફાર કર્યો અને બાર વર્ષથી ઉપરના દરેક માટે આ ચર્ચાઓ ખુલ્લી મૂકી. દરરોજ મંગળવારે રાત્રે, મારો ઓરડો એવા ઉત્સુક યુવાનોથી ભરાઈ જાય છે જે માત્ર એકધ્યાને સાંભળે છે એટલું જ નહીં, પણ મુક્તપણે તેમના અભિપ્રાયો પણ આપે છે. બાળકોએ મને જે વિષયો પર બોલવાનું કહ્યું હતું તે હતાઃ લઘુતાગ્રંથિ, ચોરી પાછળનું મનોવિજ્ઞાન, ધાડપાડુનું માનસ, રમૂજનું મનોવિજ્ઞાન, માણસ નીતિશિક્ષક શા માટે બન્યો?, હસ્તમૈથુન, ટોળાંનું માનસ. એ દેખીતું છે કે આવાં બાળકો પોતાના વિશેનું અને અન્યો વિશેનું વધુ વિશાળ, સ્પષ્ટ જ્ઞાન લઈને પોતાના જીવનમાં

આગળ વધશે.

સમરહિલના મુલાકાતીઓએ સૌથી વધુ વખત પૂછેલો પ્રશ્ન છે, "તેમને અંકગણિત અથવા સંગીત ન શીખવાડવા બદલ શું બાળક પાછું વળીને શાળાને દોષ નથી આપતું?" તેનો જવાબ એ છે કે અહીં યુવાન ફેડી બિથોવન અથવા યુવાન ટોમી આઈનસ્ટાઈન તેમને તેમનાં સંબંધિત ક્ષેત્રોથી દૂર રાખવાની બાબતને ફગાવી નાખવા માટે પૂરતા સક્ષમ છે.

બાળકનું કામ તેની પોતાની જિંદગી જીવવાનું છે - નહીં કે તેના ચિંતિત માબાપ એણે જે જિંદગી જીવવી જોઈએ એવું માનતાં હોય તે જીવવાનું, અને ન તો પોતાને શ્રેષ્ઠ જાણકાર માનતા કોઈ કેળવણીકારની માન્યતા મુજબ જિંદગી જીવવાનું છે. વયસ્કો તરફથી કરવામાં આવતો હસ્તક્ષેપ અને માર્ગદર્શન માત્ર યંત્રમાનવો જ પેદા કરે છે.

બાળકોને અમુક અંશે મનોબળરહિત બનાવ્યાં વિના, તમે તેમને સંગીત અથવા બીજું કંઈ પણ શીખવા માટેની ફરજ પાડી શકતાં નથી. તમે તેમને જેવી સ્થિતિ છે તેવી સ્વીકારનારામાં ઢાળી દો છો - કે જે સમાજ માટે અનુકૂળ છે કારણ કે તેને નીરસ બેઠકો પર બેસવા માટે આજ્ઞાંકિત થઈ બેસનારા, દુકાનોમાં ઊભા રહેનારા, ૮:૩૦ની લોકલ ટ્રેન પકડનારા યાંત્રિક મનુષ્યો જોઈએ છે; ટૂંકમાં, એક એવો સમાજ, જેને ગભરાયેલો, જીવ ગુમાવવાના ડરથી કાંપતો ધર્મભીરુ એવો નાનકડો માણસ પોતાના ઘસાયેલાં ખભા પર તાણી રહ્યો છે.

સમરહિલની એક ઝાંખી

ચાલો, હું સમરહિલનો એક રોજિંદો દિવસ વર્ણવું. સવારે ૮.૧૫થી ૯ સુધી નાસ્તાનો સમય હોય છે. સ્ટાફ અને વિદ્યાર્થીઓ જાતે રસોડામાંથી પોતપોતાનો નાસ્તો લઈને જમવાના ખંડમાં જાય છે. વર્ગો શરૂ થવાના સમય પહેલાં, એટલે કે ૯:૩૦ સુધીમાં પથારીઓ લઈ લેવાની હોય છે.

દરેક સત્રની શરૂઆતમાં એક સમયપત્રક મોકલવામાં આવે છે. આમ, પ્રયોગશાળામાં ડેરેક પાસે સોમવારે વર્ગ ૧, મંગળવારે વર્ગ ૨, અને એમ આગળ વર્ગો હોઈ શકે છે. મારી પાસે પણ અંગ્રેજી અને ગણિત માટે એવું જ સમયપત્ર હોય છે, અને મૌરાઈસ પાસે ભૂગોળ અને ઇતિહાસ માટેનું સમયપત્રક હોય છે. સામાન્ય

રીતે નાનાં (સાતથી નવ વર્ષનાં) બાળકો સવારનો મોટો ભાગ તેમના પોતાના શિક્ષક સાથે જ ગાળે છે, પણ તેઓ વિજ્ઞાન અથવા કળાના રૂમમાં પણ જતાં હોય છે.

કોઈ પણ વિદ્યાર્થીને વર્ગો ભરવાની ફરજ પાડવામાં આવતી નથી. પણ જો જિમી સોમવારે અંગ્રેજીના વર્ગમાં આવે છે અને પછી આવતા અઠવાડિયાના શુક્રવાર સુધી ફરીથી દેખાતો નથી, તો તે કામને અટકાવી રહ્યો છે એ બાબતે બાકીના વિદ્યાર્થીઓ સાચી રીતે જ વાંધો ઉઠાવી શકે છે, અને પ્રગતિમાં બાધારૂપ બનવા માટે તેઓ તેને બહાર પણ ફેંકી દઈ શકે છે.

એક વાગ્યા સુધી વર્ગો ચાલતા રહે છે, પણ બાળવાડીનાં બાળકો અને નાનાં બાળકો ૧૧:૩૦ વાગ્યે જમી લે છે. આખી શાળાને જમાડવા માટે બે પંગત જરૂરી છે. સ્ટાફ અને મોટાં બાળકો ૧:૩૦ વાગ્યે જમવા બેસે છે.

બપોરનો સમય દરેક જણ માટે તદ્દન મુક્ત હોય છે. એ લોકો બપોરે શું કરે છે તેની મને ખબર નથી. હું ત્યારે બાગકામ કરતો હોઉં છું, અને મને ભાગ્યે જ કોઈ જુવાનિયાનો ચહેરો દેખાય છે. મને ચોર - પોલીસ રમતાં નાનાં બાળકો જોવા મળે છે. કેટલાક સગીરો મોટર ચલાવવામાં, રેડિયો સાંભળવામાં, ચિત્ર દોરવામાં અને રંગકામ કરવામાં વ્યસ્ત હોય છે. હવામાન સારું હોય ત્યારે મોટાં બાળકો મેદાની રમતો રમે છે. કેટલાંક પોતાની સાયકલ સમી કરવા માટે અથવા બોટ કે રિવોલ્વર બનાવવા માટે વર્કશોપમાં ઘૂસી જાય છે.

ચાર વાગ્યે ચ્હા આપવામાં આવે છે. પાંચ વાગ્યે, જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ થાય છે. નાનાં બાળકોને કોઈ વાંચી સંભળાવે તે ગમે છે. મધ્યમ વયના જૂથને કળાના ઓરડામાં - રંગકામ, કંતાનની કાપકૂપ, ચામડાનું કામ, છાબડી બનાવવાનું કામ કરવાનું ગમે છે. કુંભારકામ - ઓરડામાં સામાન્ય રીતે એકાદ વ્યસ્ત જૂથ હોય જ છે; ખરેખર તો સવાર અને સાંજ બંને સમયે માટીશાળા એ સૌનો મનગમતો અડ્ડો હોય એવું લાગે છે. સૌથી મોટું જૂથ પાંચ પછી કામ કરે છે. સુથારકામની અને ધાતુકામની વર્કશોપ દરરોજ રાત્રે ભરચક હોય છે.

સોમવારે રાત્રે, વિદ્યાર્થીઓ તેમનાં માતાપિતાઓના ખર્ચે સ્થાનિક થિયેટરમાં ફિલ્મ જોવા માટે જાય છે. ગુરુવારે જ્યારે ફિલ્મ બદલાય છે, ત્યારે જેમની પાસે પૈસા બચ્યા હોય તે ફરીથી જઈ શકે છે.

મંગળવારે રાત્રે, સ્ટાફ અને મોટાં બાળકો મનોવિજ્ઞાન અંગે મારું વકતવ્ય સાંભળે છે. એ જ વખતે નાનાં બાળકો માટે જુદાં જુદાં વાંચન જૂથો હોય છે. બુધવારની રાત નૃત્યરાત્રિ છે. મસમોટી થપ્પીમાંથી ડાન્સ રેકોર્ડો પસંદ કરવામાં આવે છે. બધાં

જ બાળકો કુદરતી રીતે સરસ ડાન્સર હોય છે, અને કેટલાક મુલાકાતીઓ કહે છે કે બાળકો સાથે ડાન્સ કરવામાં તેમને લઘુતાની લાગણી અનુભવાય છે. ગુરુવારે રાત્રે, કશું જ વિશિષ્ટ હોતું નથી. મોટાં બાળકો લૈસન અથવા અલ્ડબર્ગમાં સિનેમા જોવા જાય છે. શુક્રવારની રાતને અમે કોઈ પણ વિશિષ્ટ કાર્યક્રમ, જેમ કે નાટકના રિહર્સલ માટે અનામત રાખી છે.

શનિવારની રાત અમારા માટે સૌથી મહત્ત્વની હોય છે, કારણ કે એ રાતે અમારી શાળાની સામાન્ય સભા યોજાય છે. સભા પછી સામાન્ય રીતે નૃત્યનો કાર્યક્રમ હોય જ છે. શિયાળાનાં મહિનાઓ દરમ્યાન, રવિવારની સાંજ એ થિયેટરની સાંજ હોય છે.

અહીં હસ્તકલા માટે કોઈ સમયપત્રક નથી. અહીં કાષ્ઠકામ માટે કોઈ નિશ્ચિત પાઠો નથી. બાળકો તેમને જે ઇચ્છા થાય તે બનાવે છે. અને તેઓ જે બનાવવા માગે છે તે મોટા ભાગે હંમેશાં કોઈ રમકડાની રિવોલ્વર અથવા બંદૂક અથવા હોડી અથવા પતંગ એવું જ કંઈક હોય છે. તેમને અંતર્ગઠન પ્રકારના ઝીણવટપૂર્વકના સાંધાના કામમાં ખાસ રસ હોતો નથી; મુશ્કેલ સુથારીકામ શીખવાની મોટા છોકરાઓને સુદ્ધાં કોઈ ફિકર હોતી નથી. મને જેનો શોખ છે તે - ટીપેલાં પિત્તળકામમાં - તેઓમાંના ઘણા બધા રસ લેતા નથી, કારણ કે એક પિત્તળના વાટકા સાથે તમે ખાસ કંઈક સુંદર મજાની કલ્પનાઓ જોડી શકતા નથી.

સરસ મજાના દિવસના સમયે તમને સમરહિલમાં છોકરાઓનું ચોર - પોલીસ રમતું ટોળું કદાચ દેખાશે નહીં. તેઓ પોતાના સાહસિક કામ માટે કોઈ દૂરના ખૂણામાં મચી પડેલા હશે. પણ તમને છોકરીઓ દેખાશે. તેઓ ઘરમાં અથવા ઘરની નજીક હોય છે, અને ક્યારેય મોટેરાંઓથી બહુ દૂર હોતી નથી.

કળાનો ઓરડો તમને મોટા ભાગે રંગકામ અને કાપડની સરસ મજાની ચીજવસ્તુઓ બનાવતી છોકરીઓથી ભરચક મળશે. જો કે, મને લાગે છે કે નાના છોકરાઓ વધુ સર્જનાત્મક હોય છે; કમસે કમ મેં ક્યારેય કોઈ છોકરાને તેને શું કરવું છે તેની ખબર પડતી નથી, માટે એને કંટાળો આવે છે એવું કહેતા સાંભળ્યો નથી, જ્યારે છોકરીઓને ક્યારેક ક્યારેક મેં એવું કહેતાં સાંભળી છે.

સંભવતઃ કદાચ શાળા છોકરીઓ કરતાં છોકરાઓ માટે વધુ સારી રીતે (સાધનો વગેરેથી) સજ્જ હોય તેના કારણે પણ મને છોકરીઓ કરતાં છોકરાઓ વધુ સર્જનાત્મક લાગતા હોય તેમ બની શકે છે. લોહશાળા અને કાષ્ઠશાળાનો, દસ અથવા તેથી વધુ ઉંમરની બાળકીઓને નહિવત્ ઉપયોગ હોય છે. તેમને એન્જિન ખોલવાની કોઈ ઇચ્છા હોતી નથી, અને ન તો તેમને વીજળી અથવા રેડિયોનું આકર્ષણ હોય

છે. તેમના માટે તેમનું કળાનું કામ હોય છે, જેમાં માટીકામ, લિનોલિયમની કાપકૂપ અને ચિત્રકામ/રંગકામ અને સીવણકામ સમાવિષ્ટ હોય છે, પણ તેમાંની કેટલીક છોકરીઓ માટે એટલું પૂરતું હોતું નથી. રસોઈ માટે છોકરાઓ, છોકરીઓ જેટલા જ ઉત્સુક હોય છે. છોકરીઓ અને છોકરાઓ તેમનાં પોતાનાં નાટકો લખે છે અને બનાવે છે, પોતાની વેશભૂષા રચે છે અને પાર્શ્વદશ્યો પણ ખડાં કરે છે. સાધારણ રીતે, વિદ્યાર્થીઓની અભિનય પ્રતિભા ઊંચી કક્ષાની ગણાય, કારણ કે તેમનો અભિનય સહૃદયી હોય છે, દેખાડા માટેનો હોતો નથી.

છોકરીઓ, છોકરાઓ જેટલી જ વખત, વારંવાર રસાયણ પ્રયોગશાળામાં જતી જોવા મળે છે. વર્કશોપ જ માત્ર એક એવી જગ્યા છે જે નવ વર્ષથી મોટી છોકરીઓને આકર્ષતી નથી.

શાળાની સામાન્ય સભામાં છોકરીઓ, છોકરાઓ કરતાં ઓછી સક્રિય રીતે ભાગ લે છે, અને મારી પાસે આ હકીકત માટે કોઈ હાથવગો ખુલાસો નથી.

થોડાં વર્ષો અગાઉ સુધી, સમરહિલમાં છોકરીઓ ઘણી મોડી ઉંમરે આવતી; કોન્વેન્ટની અને અન્ય કન્યાશાળાઓમાંથી આવતી છોકરીઓના સંખ્યાબંધ નિષ્ફળ કિસ્સાઓ અમારી પાસે હતા. આવા મોડા આવનાર બાળકને હું કદી પણ એક મુક્ત શિક્ષણના સાચા ઉદહારણરૂપ માની શકતો નહીં. અહીં મોડી આવનારી આ છોકરીઓ એવાં માતાપિતાઓનું સંતાન હતી જેમને સામાન્ય રીતે સ્વતંત્રતાની બિલકુલ કદર ન હોય. જો તેમને તેવી કદર હોત, તો તેમની દીકરીઓને સમસ્યા હોત જ નહીં. પછી જ્યારે અહીં સમરહિલમાં એ છોકરી તેની વિશિષ્ટ નિષ્ફળતામાંથી બહાર આવે છે, ત્યારે વળી તેનાં માતાપિતા તેને ઉપાડીને "જ્યાં તેણે શિક્ષણ મેળવવું જોઈએ એવી કોઈક પ્રતિષ્ઠિત શાળામાં" મૂકી દે છે. પણ હવે છેલ્લાં થોડાંક વર્ષોથી અમને એવા પરિવારોની દીકરીઓ મળી રહી છે જે સમરહિલમાં માનતા હોય. ઉત્સાહ, મૌલિકતા અને પહેલ કરવાના મિજાજથી ભરપૂર એવી આ છોકરીઓનું જૂથ ખૂબ સરસ છે.

પ્રસંગોપાત્ત, આર્થિક કારણોસર અમારે કેટલીક છોકરીઓને ગુમાવવી પડી હતી દા.ત. ક્યારેક જ્યારે તેમના ભાઈઓને ખર્ચાળ ખાનગી શાળાઓમાં રાખવામાં આવ્યા હોય. પરિવારમાં પુત્ર વધુ અગત્યનો છે એ જરીપુરાણી પરંપરાને મરતાં વર્ષો લાગશે. પોતાનાં બાળકોની ઘર પ્રત્યેની વફાદારી કદાચ શાળા તરફની વફાદારીમાં ફેરવાઈ જશે એવા ડરથી પ્રેરાયેલી માતાપિતાની માલિકીભાવવાળી ઈર્ષ્યાના કારણે અમારે છોકરીઓ અને છોકરાઓ, બંનેને ગુમાવવાનો વારો

આવ્યો છે.

સમરહિલે તેનું ગાડું ગબડતું રાખવા માટે હંમેશાં થોડો સંઘર્ષ કરતાં રહેવું પડ્યું છે. જ્યાં શીખવાના વિકલ્પ રૂપે બાળકો રમ્યા કરી શકે એવી એક શાળામાં પોતાનાં બાળકોને મોકલવાની ધીરજ અને શ્રદ્ધા બહુ જૂજ માતાપિતાઓ ધરાવે છે. એકવીસ વર્ષની વયે કદાચ તેમનો પુત્ર આજીવિકા રળી શકવા પૂરતો સક્ષમ ન પણ હોય એવા વિચારમાત્રથી માતાપિતાઓ ધ્રુજી ઊઠતાં હોય છે.

આજે, સમરહિલમાં મોટા ભાગે એવાં માતાપિતાઓનાં બાળકો છે, જેઓ પોતાનાં બાળકોને બાંધી રાખતી શિસ્ત વિના ઉછેરવા માગે છે. આ સૌથી વધુ આનંદદાયક સ્થિતિ છે, કારણ કે જૂના દિવસોમાં મને એવા કટ્ટર પિતાનો પુત્ર સોંપવામાં આવતો, કે જેણે કોઈ રસ્તો ન રહેતાં, નિરાશાથી પોતાના પુત્રને મારી પાસે મોકલ્યો હોય. આવાં માતાપિતાઓને બાળકોની સ્વતંત્રતામાં કોઈ જ પ્રકારનો રસ હતો નહીં, અને અમારી પાછળ, છાનાંછપનાં તે અમને ઘેલા ચક્રમોનું ટોળું જ માનતા હશે. આ કટ્ટરોને કંઈ પણ સમજાવવું ખૂબ મુશ્કેલ હતું.

મને એક લશ્કરી સદ્‌ગૃહસ્થ યાદ આવે છે, જેઓ તેમના નવ વર્ષના દીકરાને વિદ્યાર્થી તરીકે પ્રવેશ અપાવવા માગતા હતા.

"જગ્યા તો એકદમ બરાબર લાગે છે," તેમણે કહ્યું, "પણ મને એક વાતનો ડર છે. મારો દીકરો કદાચ અહીં હસ્તમૈથુન કરતાં શીખશે."

તેમને એનો ડર શું કામ લાગે છે એવું મેં પૂછ્યું. "તેનાથી તેને ઘણું નુકસાન પહોંચશે," તેમણે જવાબ આપ્યો. મેં ઉત્સાહપૂર્વક કહ્યું, "એનાથી તમને કે મને તો કંઈ ખાસ નુકસાન નહોતું પહોંચ્યું, ખરું કે નહીં?" તે પછી તેઓ કંઈક ઉતાવળે પગલે પોતાના દીકરા સાથે જતા રહ્યા હતા.

બીજો કિસ્સો એક પૈસાદાર માતાનો છે, લગભગ એકાદ કલાક સુધી મને પ્રશ્નો પૂછ્યા બાદ, તેઓ પોતાના પતિ તરફ ફર્યાં અને કહ્યું, "માર્જોરીને અહીં મોકલવી કે નહીં તે હું નક્કી કરી શકતી નથી."

"ચિંતા કરશો નહીં," મેં કહ્યું, "મેં તમારા માટે નક્કી કરી લીધું છે. હું તેને નથી લઈ રહ્યો."

હું શું કહેવા માગું છું એ મારે તેમને સમજાવવું પડ્યું. "તમે ખરેખર સ્વતંત્રતામાં માનતાં નથી," મેં કહ્યું. "જો માર્જોરી અહીં આવશે, તો મારે મારી અડધી જિંદગી, આ બધું શું છે, શેના વિશે છે એ તમને સમજાવવા પાછળ ગાળવી પડશે, અને અંતે તમે સંમત તો નહીં જ થાવ. માર્જોરી માટે તેનું પરિણામ વિનાશક રહેશે, કારણ કે

તેના મનમાં હંમેશાં ભયાનક પ્રશ્ન ઝળુંબતો રહેશેઃ કોણ સાચું છે, ઘર કે શાળા?"

આદર્શ માતાપિતાઓ એ છે જેઓ અહીં આવે છે અને કહે છે, "સમરહિલ જ અમારાં બાળકો માટે સૌથી યોગ્ય જગ્યા છે; બીજી કોઈ શાળા નહીં."

અમે જ્યારે શાળાનો આરંભ કર્યો હતો, ત્યારે મુશ્કેલીઓ વિશેષ ગંભીર હતી. અમારે બે છેડા ભેગા કરવાના હતા એટલે અમે માત્ર ઉચ્ચ અને મધ્યમ વર્ગના પરિવારોનાં બાળકો જ લઈ શકીએ એમ હતાં. અમને કોઈ પૈસાદાર માણસનું પીઠબળ નહોતું. શાળાના શરૂઆતના દિવસોમાં, ગોપનીયતાનો આગ્રહ રાખનાર એક દાતાએ, અમારા એક કે બે ખરાબ સમયમાં અમને મદદ કરી હતી; અને પાછળથી એક પિતાએ અમને ઉદાર હૃદયે ભેટો આપી હતી - એક રેડિયો તથા નવું રસોડું, અમારી કુટિરમાં એક આખો નવો ભાગ, અને એક નવી વર્કશોપ. એ એક આદર્શ દાતા હતા, કારણ કે તેમણે કોઈ શરતો મૂકી ન હતી અને બદલામાં કશું પણ માગ્યું ન હતું. તેમણે માત્ર સરળપણે કહ્યું હતું, "હું તેના માટે જે ઇચ્છતો હતો તેવું શિક્ષણ સમરહિલે મારા જિમ્મીને આપ્યું છે," કારણ કે જેમ્સ શાંડ બાળકોની સ્વતંત્રતાના સાચા હિમાયતી હતા.

પણ અમે ક્યારેય અત્યંત ગરીબ પરિવારનાં બાળકને લેવા માટે સક્ષમ થયા નથી. એ દયાની વાત છે, કારણ કે અમારે માત્ર મધ્યમ વર્ગનાં બાળકો સુધી અમારા અભ્યાસને મર્યાદિત રાખવો પડે છે. અને ક્યારેક જ્યારે અઢળક પૈસા અને મોંઘાં વસ્ત્રો પાછળ બાળકનો સ્વભાવ છુપાયેલો હોય ત્યારે તેને પારખવો મુશ્કેલ બને છે. જ્યારે એક છોકરીને ખબર હોય કે તેની એકવીસમી વર્ષગાંઠે તે સારી એવી રકમની માલિક બનવાની છે, ત્યારે તેના બાળ સ્વભાવનો અભ્યાસ કરવો સહેલો રહેતો નથી. જો કે સદ્નસીબે, સમરહિલના વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈસાથી બગડેલા નહોતા; તેઓ જ્યારે શાળા છોડશે ત્યારે તેમણે આજીવિકા રળવી પડશે તેની સૌને ખબર હતી.

સમરહિલમાં અમારે ત્યાં શહેરમાંથી ઘરકામ કરનારી છોકરીઓ આવે છે, જે આખો દિવસ અમારા માટે કામ કરે છે પણ રાત્રે સૂવા માટે તેમનાં પોતાનાં ઘરે જતી રહે છે. આ યુવાન છોકરીઓ સખત મહેનત અને સારું કામ કરે છે. જ્યાં તેમના માથે કોઈ નથી, તેવા મુક્ત વાતાવરણમાં તેઓ, જેમના પર કોઈની દેખરેખ હોય છે તેવા નોકરો કરતાં વધુ સખત અને સારું કામ કરે છે. દરેક રીતે તે ઉમદા છોકરીઓ છે. આ છોકરીઓ ગરીબ જન્મી છે માટે તેમણે સખત કામ કર્યા સિવાય છૂટકો નથી, જ્યારે મારી પાસે એવા સાધન - સંપન્ન પરિવારોની બગડેલી છોકરીઓ

છે જેમની પાસે તેમનું પોતાનું બિછાનું પાથરવા જેટલી પણ શક્તિ નથી - એ હકીકતથી મને હંમેશાં શરમ અનુભવાય છે. પણ મારે એ પણ કબૂલ કરવું જોઈએ કે હું પોતે મારું બિછાનું પાથરવાનું ધિક્કારું છું. મારે બીજું ઘણું બધું કરવાનું હોય છે એવું મારું પાંગળું બહાનું આ બાબતે બાળકોને પ્રભાવિત કરતું નહોતું. એક જનરલ પાસે તમે કચરો ઉપાડવાની અપેક્ષા ન રાખી શકો એવા મારા બચાવની તેઓ ખિલ્લી ઉડાડતા.

સમરહિલમાં પુખ્ત વ્યક્તિઓ સદ્ગુણોનો શ્રેષ્ઠ અવતાર નથી એવું મેં એકથી વધુ વખત સૂચવ્યું છે. અન્ય દરેકની જેમ અમે માણસ છીએ, અને અમારી માનવગત નબળાઈઓ અને અમારી ફિલસૂફીઓ વચ્ચે ઘણી વખત ટકરાવ થાય છે. એક સામાન્ય ઘરમાં, જો કોઈ બાળક એક કાચની ડિશ તોડે, તો પિતા અથવા માતા તેનો પહાડ બનાવી દે છે - ડિશ, બાળક કરતાં વધુ મહત્ત્વની બની જાય છે. સમરહિલમાં, જો કોઈ નોકર અથવા બાળકથી તાસકોની આખી થપ્પી નીચે પડી જાય તો હું કશું કહેતો નથી અને મારી પત્ની પણ કશું કહેતી નથી. અકસ્માતો અકસ્માત જ છે. પણ જો કોઈ બાળક મારી પાસેથી પુસ્તક ઉધાર લે અને પછી તેને બહાર વરસાદમાં ભૂલી જાય, તો મારી પત્ની ગુસ્સે ભરાય છે, કારણ કે પુસ્તકો તેને મન બહુ અગત્યનાં છે. એ કિસ્સામાં, મારે મન પુસ્તકો બહુ ઓછી કિંમત ધરાવતાં હોવાથી, હું અંગત રીતે ઉદાસીન હોઉં છું. તેની બીજી તરફ, જ્યારે હું મારી તૂટેલી છીણી માટે કકળાટ મચાવું છું ત્યારે મારી પત્નીને આશ્ચર્ય થતું હોય તેમ લાગે છે. ઓજારો મારે મન અગત્યનાં છે પણ તેના માટે બહુ નગણ્ય છે.

સમરહિલમાં, અમારું જીવન હર ક્ષણે આપવામાં વ્યસ્ત રહેતું. બાળકો કરતાં મુલાકાતીઓ અમને વધુ થકવી નાખતા, કારણ કે તેઓ પણ અમે આપીએ તેવું ઇચ્છતા. મેળવવા કરતાં આપવું એ કદાચ વધુ સદ્ભાગ્યની વાત હશે, પણ એટલું તો ચોક્કસ કે એ વધુ થકવી નાખનારી બાબત છે.

છેવટે, અમારી શનિવાર રાતની સામાન્ય સભામાં, બાળકો અને વયસ્કો વચ્ચેની ખેંચતાણ ઉપર આવતી. એક મિશ્ર વય ધરાવતી કમ્યુનિટી માટે એ સહજ છે અને નાનાં બાળકો માટે, દરેક વખતે દરેક જણે બધું જતું જ કરવું એ તો આ બાળકોને સંપૂર્ણપણે બગાડવા સમાન રહે. જો બધા સૂવા જતા રહે એ પછી મોટાં બાળકોની ટોળકી હસાહસી અને ટોળટપ્પાંથી વયસ્કોની ઊંઘ હરામ કરે છે તે વિશે વયસ્કો ફરિયાદ કરે છે. હેરીની ફરિયાદ છે કે તે આગળના દરવાજા માટેની પેનલ બનાવવા માટે એક કલાક મથ્યો, પછી તે બપોરે જમવા ગયો, અને પાછો આવ્યો ત્યારે તેણે

જોયું કે બિલીએ તેની પેનલને અભરાઈમાં બદલી નાખી હતી. મારી પાસેથી મારું સોલ્ડરિંગનું ઓજાર માગીને લઈ જનાર અને પછી પાછું આપવા ન દેખાતા છોકરાઓ સામે હું આરોપો મૂકું છું. મારી પત્નીને વાંધો છે કે વાળુ પછી ત્રણ નાનાં બાળકો આવીને, તેમને ભૂખ લાગી છે એવું કહીને બ્રેડ અને જામ લઈ ગયાં હતાં, અને પછી બીજા દિવસે સવારે એ બ્રેડના ટુકડા હોલના રસ્તામાં પડેલા મળ્યા હતા. પીટર દુઃખી થઈને કહે છે કે માટીકામના ઓરડામાં એક ટોળકીએ તેની બહુમૂલ્ય માટી એકબીજા સામે ફેંકવામાં વાપરી નાખી. આમ, વયસ્કોના દૃષ્ટિકોણ અને કિશોરોની સભાનતાના અભાવ વચ્ચેની આ લડાઈ ચાલ્યા કરે છે. પણ આ લડાઈ કદી વ્યક્તિગત સ્તરે ઊતરી આવતી નથી; અહીં કોઈ પણ વ્યક્તિ સામે કડવાશની લાગણી હોતી નથી. ઊલટાની આ ખેંચતાણ સમરહિલને સારું એવું જીવંત રાખે છે. હંમેશાં કંઈક ને કંઈક બન્યા કરતું હોય છે, અને આખા વર્ષમાં એક પણ દિવસ નિરસ હોતો નથી.

સદ્‌ભાગ્યે, અમારો સ્ટાફ બહુ માલિકીભાવ ધરાવતો નથી, અલબત્ત હું કબૂલ કરીશ કે એકવાર જ્યારે હું ત્રણ પાઉન્ડ પ્રતિ ગેલનના ભાવનો વિશિષ્ટ રંગ ખરીદી લાવ્યો હતો અને પછી જ્યારે મને ખબર પડી કે છોકરીઓએ એ બહુમૂલ્ય વસ્તુ પોતાનો જૂનો પલંગ રંગવામાં વાપરી નાખી, ત્યારે મને ઘણું ખૂંચ્યું હતું. હું મારી કાર, મારા ટાઈપરાઈટર અને મારા વર્કશોપનાં ઓજારો પ્રત્યે માલિકીભાવ ધરાવું છું, પણ માણસો પ્રત્યે મને માલિકીભાવની કોઈ લાગણી થતી નથી. જો તમે માણસો માટે માલિકીભાવ ધરાવતા હો, તો તમારે સ્કૂલ - માસ્તર તો ન જ થવું ઘટે.

સમરહિલમાં વસ્તુઓનો ઘસારો અને નુકસાન એ એક સહજ પ્રક્રિયા છે. માત્ર ડર બતાવીને જ તેને નિવારી શકાય. વળી, માનસિક શક્તિના ઘસારા અને નુકસાનને તો કોઈ રીતે નિવારી શકાય નહીં, કારણ કે બાળકો તો માગવાનાં અને તેમને આપવું જ રહ્યું. મારા બેઠક ખંડનો દરવાજો દિવસમાં પચાસ વખત ખૂલતો હોય છે અને એકાદ બાળક તેમાંથી ડોકિયું કરીને પૂછે છેઃ "શું આજે રાત્રે ફિલ્મ છે?" "મને પી.એલ. (પ્રાઇવેટ લેસન્સ - વ્યક્તિગત માર્ગદર્શન માટે અંગત મેળાપ/ બેઠક) કેમ નથી મળતા?" "તમે પામને જોઈ?" "ઈના ક્યાં છે?" મારા દિવસના કામમાં આ બધી જ બાબતો સમાઈ જાય છે, અને મને એ સમયે તેનો કોઈ તણાવ પણ અનુભવાતો નથી, અલબત્ત અમારી અંગત જિંદગી જેવું ખરેખર કંઈ રહેતું નહીં, પણ તેનું આંશિક કારણ કદાચ આ મકાન એક શાળા માટે બહુ યોગ્ય ન હતું તે હતું - અહીં મકાન સારું ન હોવું એ વયસ્કના પરિપ્રેક્ષ્યથી કહેવાયું છે કારણ કે

બાળકો અમારી ઉપર, ઉપલા માળે રહેતાં હતાં. પરંતુ સત્રના અંત સુધીમાં, હું અને મારી પત્ની સદંતર નંખાઈ જતાં.

એક નોંધવાલાયક હકીકત એ છે કે સ્ટાફના સદસ્યો ભાગ્યે જ તેમનો પિત્તો ગુમાવતા હતા. આ અવલોકન સ્ટાફની સાથે સાથે બાળકો માટે પણ એટલું જ કહી જાય છે. ખરેખર, જેમની સાથે જીવવામાં ખૂબ આનંદ આવે તેવાં આ બાળકો છે, અને પિત્તો ગુમાવવો પડે એવા પ્રસંગો ખૂબ જૂજ ઘટે છે. જો પોતાની જાતને માન્યતા, બહાલી આપવા માટે બાળક મુક્ત હોય, તો સામાન્ય રીતે તે દ્વેષીલું બનતું નથી. એક વયસ્કને તેનો મિજાજ ગુમાવતો જોવામાં કોઈ પણ પ્રકારનો આનંદ લેવાનું તેને સૂઝતું નથી.

અમારે ત્યાં એક શિક્ષિકા હતાં, જે ટીકા પ્રત્યે વધુ પડતાં સંવેદનશીલ હતાં, અને છોકરીઓ તેમને ચીડવતી. સ્ટાફના બીજા એક પણ સદસ્યને તેઓ ચીડવી શકતી નહીં, કારણ કે બીજા સદસ્યો તેમને પ્રતિક્રિયા આપતા નહીં. તમે માત્ર એવા જ લોકોને ચીડવી શકો છો, જે ઘમંડથી છલોછલ ભર્યાં હોય.

શું સમરહિલનાં બાળકો સાધારણ બાળકો જેવી સામાન્ય આક્રમકતા દર્શાવે છે? આમ તો પોતાના જીવનમાં રસ્તો બનાવવા માટે દરેક બાળકમાં થોડીક આક્રમકતા તો હોવી જ ઘટે. મુક્ત ન હોય તેવાં બાળકોમાં આપણને જે આક્રમકતાની અતિશયોક્તિ જોવા મળે છે તે તેમના પ્રત્યે દર્શાવવામાં આવેલા ધિક્કાર સામેનો વળતો - વિરોધ હોય છે. સમરહિલમાં જ્યાં કોઈ પણ બાળકને વયસ્ક તરફથી ધિક્કારનો અનુભવ થતો નથી, ત્યાં આક્રમકતાની એટલી આવશ્યકતા રહેતી નથી. અમારી પાસેનાં બાળકોમાંથી જે આક્રમક છે, તે ખાતરીપૂર્વક એવાં જ બાળકો છે જેમને પોતાના પરિવારો તરફથી કોઈ પ્રેમ અને સમજણ મળ્યાં નથી.

હું જ્યારે ગામની શાળામાં ભણતો નાનકડો છોકરો હતો, ત્યારે લોહી નીંગળતા નાક એ કમસે - કમ અઠવાડિક ઘટના તો હતી જ. મારામારી માટે જોઈતી આક્રમકતા એ ધિક્કાર છે અને કિશોરો મારામારી માટે જરૂરી એવા ધિક્કારથી ભરેલા હોય છે. પણ જ્યારે બાળકોને એવું વાતાવરણ મળે જ્યાં ધિક્કારને બાકાત કરી નાખવામાં આવ્યો હોય, ત્યારે તેઓ ધિક્કાર દર્શાવતાં નથી.

મને લાગે છે કે ઘરો અને શાળાઓ ખરેખર જેવાં છે તેના અભ્યાસના કારણે જ ફ્રોઈડે આક્રમકતા પર આટલો ભાર મૂક્યો હશે. તમે શિકારી કૂતરાને સાંકળથી બાંધીને તેના શિકારી માનસનો અભ્યાસ કરી શકતા નથી. તે જ પ્રમાણે જીવનને ધિક્કારનારાઓની પેઢીઓની પેઢીઓ દ્વારા માનવતા એક મજબુત સાંકળથી

બંધાયેલી હોય તેવી હાલતમાં તમે મનુષ્યની માનસિકતા વિશેની થિયરી ઉપજાવવાનો હઠાગ્રહ સેવી શકો નહીં. શિસ્તાગ્રહી શાળાઓમાં આક્રમકતાની જે તીવ્રતા જોવા મળે છે, તેની સરખામણીમાં સમરહિલના મુક્ત વાતાવરણમાં કશામાં પણ એ સ્તરની આક્રમકતા દેખાતી નથી એવું મને સમજાયું છે.

સમરહિલ પર, સ્વતંત્રતાનો અર્થ સામાન્ય બુદ્ધિને બાજુ પર રાખવી એમ થતો નથી. વિદ્યાર્થીઓની સુરક્ષા માટે અમે સાવચેતીનાં તમામ પગલાં લઈએ છીએ. દર છ બાળકો માટે એક જીવન - રક્ષક મોજૂદ હોય ત્યારે જ બાળકો તરવા પડી શકે છે. અગિયાર વર્ષથી નાનું કોઈ બાળક સડક પર એકલું સાયકલ ચલાવશે નહીં. આ નિયમો બાળકો તરફથી જ આવે છે, અને શાળાની સામાન્ય સભામાં તેના માટે મતદાન થયેલું હોય છે.

પણ ઝાડ પર ચઢવા બાબતે અહીં કોઈ કાયદો નથી. ઝાડ પર ચઢવું એ જીવન - શિક્ષણનો એક હિસ્સો છે, અને તમામ જોખમી સાહસો પર પ્રતિબંધ મૂકવો એ બાળકને કાયર બનાવવા બરાબર છે. અમે છાપરાં પર ચઢવાને પ્રતિબંધિત કર્યું છે અને એરગન તેમ જ ઘાયલ કરી શકે તેવાં અન્ય શસ્ત્રો પર પ્રતિબંધ મૂક્યો છે. જ્યારે બાળકોમાં લાકડાની તલવારોની ઘેલછા શરૂ થાય છે ત્યારે મને હંમેશાં ચિંતા થાય છે. તલવારોની અણીને રબર અથવા કાપડથી ઢાંકી દેવાનો હું હંમેશાં આગ્રહ રાખતો, તે છતાં જ્યારે આ ઘેલછા શમી જાય ત્યારે મને મનમાં હંમેશાં હાશ થતી. વાસ્તવદર્શી સાવધાની અને બિનજરૂરી ચિંતા વચ્ચે ભેદરેખા દોરવી આસાન નથી.

શાળામાં કદી કોઈ બાળકો મારાં માનીતાં હોતાં નથી. ચોક્કસ જ, મને થોડાંક બાળકો અન્યો કરતાં હંમેશાં વધુ ગમ્યાં છે, પણ તે બહાર છતું ન થાય તેનું મેં ધ્યાન રાખ્યું છે. સમરહિલની સફળતા પાછળ સંભવતઃ તેનો હિસ્સો છે કારણ કે અહીં બાળકોને લાગે છે કે તેમની સૌની સાથે એકસમાન રીતે અને આદરપૂર્વક વ્યવહાર કરવામાં આવે છે. કોઈ પણ શાળામાં વિદ્યાર્થી પ્રત્યે ભાવુક અભિગમનું અસ્તિત્વ મને ડરાવે છે; પોતાની બતકોને હંસ માની લેવી, અથવા રંગ ઢોળતાં કોઈ પણ બાળકમાં એક પિકાસો જોવો આસાન પણ છે.

મેં જ્યાં ભણાવ્યું હતું તે મોટા ભાગની શાળાઓમાં, સ્ટાફરૂમ એ કાવતરાં, નફરત અને ઈર્ષાના નાનકડા નરક સમાન હતો. અમારો સ્ટાફરૂમ એક આનંદભરી જગ્યા છે. અન્ય સ્થળોએ જોવા મળતો દ્વેષ અહીં ગેરહાજર હોય છે. સ્વતંત્ર વાતાવરણમાં, વયસ્કો પણ એવાં જ આનંદ અને ભલમનસાઈ મેળવે છે, જેવા વિદ્યાર્થીઓ મેળવે

છે. ક્યારેક અમારા સ્ટાફમાં આવેલા નવા સદસ્યો પણ શરૂઆતમાં સ્વતંત્રતાને બાળકો જેવી જ પ્રતિક્રિયા આપે છેઃ તે દાઢી કર્યા વિના જાય છે, સવારે મોડે સુધી પથારીમાં પડ્યા રહે છે, અને શાળાના કાયદાઓ સુદ્ધાં તોડે છે. સદ્‌ભાગ્યે, ગ્રંથિઓમાંથી બહાર આવવામાં વયસ્કોને બાળકો કરતાં ઘણો ઓછો સમય લાગે છે.

રવિવારની રાતે એકાંતરે, હું નાનાં બાળકોને તેમના જ સાહસોને વણતી એક કાલ્પનિક વાર્તા કહું છું. આવું મેં વર્ષો સુધી કર્યું છે. હું તેમને ઘનઘોર આફ્રિકામાં લઈ ગયો છું, દરિયાના તળિયે અને વાદળોની ઉપર લઈ ગયો છું. થોડા વખત પહેલાં, મેં એમાં મારું મૃત્યુ નીપજાવ્યું. મગિન્સ નામના એક નિર્દય માણસે સમરહિલ પર કબજો મેળવી લીધો હતો. તેણે વર્ગો ફરજિયાત બનાવ્યા. તમે માત્ર ગાળનો "ગ" સુદ્ધાં કહો, તો તમારે સોટી ખાવી પડે. બધાં કેવાં ગરીબડાં થઈને તેના આદેશો માનતા હતાં તેનું ચિત્ર મેં તેમની સમક્ષ ખડું કર્યું.

ત્રણથી આઠ વર્ષનાં બાળકો મારા પર ખિજાઈ ગયાં. "અમે નહોતા માન્યા તેના આદેશો. અમે બધાં તો ભાગી ગયાં હતાં. અમે હથોડો લઈને તેને મારી નાખ્યો. તમને શું લાગે છે અમે એવા માણસને સહી લઈશું?"

અંતે, મને લાગ્યું કે માત્ર પાછા જીવંત થઈને અને મિ. મગિન્સને પ્રવેશદ્વારમાંથી તગેડી મૂકીને જ હું તેમને સંતોષ આપી શકું તેમ છું. આ બધાં મોટા ભાગે એવાં નાનાં બાળકો હતાં જેમણે કદી કડક શાળા જોઈ - જાણી નહોતી, અને તેમના પ્રચંડ રોષની પ્રતિક્રિયા સ્વયંસ્ફૂર્ત અને સહજ હતી. માત્ર સમરહિલના તેમના અનુભવના કારણે જ નહીં, પણ ઘરે - જ્યાં મમ્મી અને પપ્પા પણ હંમેશાં તેમના પક્ષે હતાં તેવા તેમના અનુભવના કારણે, સ્કૂલ - માસ્તર તેમના પક્ષે ન હોય તેવા વિશ્વ વિશે વિચારવું સુદ્ધાં તેમને આઘાત આપનારું હતું.

મનોવિજ્ઞાનના પ્રોફેસર એવા એક અમેરિકન મુલાકાતીએ એવી ભૂમિકાએ અમારી ટીકા કરી હતી કે અમારી શાળા એક દ્વીપ છે, જે કોઈ સમુદાયમાં બંધ બેસતી નથી, અને જે સમાજના વિશાળ એકમનો કોઈ રીતે હિસ્સો નથી. મારો જવાબ આ છેઃ જો મારી શાળા જે - તે સમુદાયનો હિસ્સો બને એવી ભાવનાથી હું કોઈ કસબામાં શાળા ખોલત, તો શું થાત? સોમાંથી કેટલા ટકા માબાપ, બાળકોની મરજી મુજબ વર્ગો ભરવાની સ્વતંત્રતાને મંજૂર રાખત? તેમાંનાં કેટલાં બાળકના હસ્તમૈથુન કરવાના અધિકારને માન્ય રાખત? એક શબ્દથી માંડીને, હું જેને પણ સત્ય માનું છું તે તમામ સાથે મારે સમાધાન કરવું પડત.

સમરહિલ એક દ્વીપ છે. તેણે દ્વીપ જ હોવું ઘટે, કારણ કે તેનાં બાળકોનાં

માતાપિતાઓ દરિયાપારના દેશોમાં, વચ્ચે માઈલોનું અંતર હોય એવાં શહેરોમાં વસે છે. તમામ માતાપિતાઓને સફકના લૈસન શહેરમાં એકસાથે એકઠાં કરવાનું અશક્ય હોવાથી, સમરહિલ લૈસનના સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક જીવનનો હિસ્સો ન જ બની શકે.

અહીં મારે ઉતાવળે ઉમેરવું જોઈએ કે આ શાળા કંઈ લૈસન શહેરથી વિખૂટો પડેલો દ્વીપ નથી. સ્થાનિક લોકો સાથે અમે સારા એવા સંપર્કમાં છીએ, અને બંને તરફના સંબંધો મૈત્રીપૂર્ણ છે. છતાં મૂળભૂત રીતે, અમે એ સમુદાયનો હિસ્સો નથી. મારા જૂના વિદ્યાર્થીઓની સફળતાની ગાથા પ્રકાશિત કરવા માટે અહીંના સ્થાનિક વર્તમાનપત્રના તંત્રીને કહેવાનું હું વિચારી પણ ન શકું.

ભલે અમે શહેરનાં બાળકો સાથે રમતો રમીએ, પણ અમારા શૈક્ષણિક ઉદ્દેશો ઘણા વેગળા છે. કોઈ પણ પ્રકારની ધાર્મિક ઓળખ જોડાયેલી ન હોવાથી, શહેરની ધાર્મિક સંસ્થાઓ સાથે પણ અમારે કોઈ જોડાણ નથી. જો સમરહિલ શહેરના કમ્યુનિટી સેન્ટરના હિસ્સારૂપ હોત, તો તેણે પોતાના વિદ્યાર્થીઓને ધાર્મિક ઉપદેશ પણ આપવો પડત.

મારું એવું ચોક્કસપણે માનવું છે કે મારો અમેરિકન મિત્ર તેની ટીકાના અર્થ અંગે અજાણ હશે. હું તેનો અર્થ આ રીતે લઉં છું: નીલ એ માત્ર એક સમાજ - વિદ્રોહી છે. સમાજને સાંધીને એક સંવાદિતાપૂર્ણ એકમ બનાવવા માટે તેની પ્રણાલી કશું કરી શકે તેમ નથી. બાળ માનસ અને બાળ માનસ અંગે સમાજમાં પ્રવર્તતા અજ્ઞાન વચ્ચેની ખાઈ (જીવન - સમર્થક અને જીવન - વિરોધી બળો) શાળા અને ઘર વચ્ચેની ખાઈ તે પૂરી શકે તેમ નથી. મારો જવાબ છે કે હું કંઈ સમાજને વટલાવનાર નથી; હું તો માત્ર સમાજને સમજાવી શકું કે તે પોતાની જાતને, તેનામાં ઘર કરી ગયેલા ધિક્કાર, સજા અને રહસ્યમયતાથી મુક્ત બનાવે એ આવશ્યક છે. ભલે સમાજ વિશે મને જે લાગે છે તે હું લખું અને કહું છું, પણ જો હું મારાં નક્કર કામોથી સમાજને સુધારવાનો પ્રયત્ન કરીશ, તો સમાજ મને એક જાહેર જોખમ ગણાવીને મારી નાખશે.

ઉદાહરણ તરીકે, જો હું એવા સમાજની રચના કરવાનો પ્રયત્ન કરું કે જેમાં કિશોરો તેમનું પોતાનું કુદરતી પ્રેમ - જીવન જીવવા માટે મુક્ત હોય, તો યુવાનોને અનૈતિક માર્ગે ફોસલાવનારા તરીકે મને કેદ ન કરી લેવામાં આવે તો પણ, મને પાયમાલ તો કરી જ દેવામાં આવે. સમાધાન કરવાનું હું ધિક્કારું છું, છતાં મારું પ્રાથમિક કામ સમાજનું પુનર્નિર્માણ કરવાનું નહીં, પણ માત્ર થોડાંક બાળકોના

જીવનમાં આનંદ પ્રસરાવવાનું છે એવી પ્રતીતિ સાથે અહીં મારે એક સમાધાન કરવું જ રહે છે.

સમરહિલનાં શિક્ષણ વિરુદ્ધ પ્રણાલિકાગત શિક્ષણ

હું માનું છું કે જીવનનો હેતુ આનંદ મેળવવાનો છે - એટલે કે પોતાનો રસ શેમાં સમાયેલો છે તે શોધવાનો છે. શિક્ષણ એ જીવન માટેની પૂર્વતૈયારી સમાન હોવું જોઈએ. આપણી સંસ્કૃતિ બહુ સફળ નીવડી નથી. આપણી શિક્ષણવ્યવસ્થા, રાજકારણ અને અર્થકારણ યુદ્ધ તરફ દોરી જાય છે. આપણું તબીબીશાસ્ત્ર હજી રોગોમાંથી ઊંચું નથી આવ્યું. આપણો ધર્મ વ્યાજખોરી અને લૂંટફાટને નાબૂદ કરી શક્યો નથી. આપણી માનવતાવાદની બડાઈ હજી પણ ક્રૂરતાભરી શિકારી રમતને સ્વીકારે છે. આ યુગની ઉન્નતિ એ યાંત્રિકતામાં - રેડિયો અને ટેલિવિઝનમાં, ઈલેક્ટ્રોનિક્સમાં, જેટ પ્લેનમાં - આવેલી ઉન્નતિ છે. હજી પણ નવા વિશ્વયુદ્ધના ભણકારા વાગે છે, કારણ કે આપણા વિશ્વનો સામાજિક અંતરાત્મા હજી પણ પ્રાથમિક અવસ્થામાં છે.

જો આજે આપણને પ્રશ્ન કરવાપણું લાગતું હોય, તો આપણે કેટલાક પ્રતિકૂળ પ્રશ્નોનો સામનો કરવો જોઈએ. શા માટે માણસમાં, પ્રાણીઓમાં જોવા મળે છે તેના કરતાં અનેકગણા રોગો જોવા મળે છે? શા માટે માણસ યુદ્ધમાં આટલી ઘૃણા અને હત્યાઓ કરે છે, જ્યારે પ્રાણીઓ એમ નથી કરતા? શા માટે કેન્સરનું પ્રમાણ વધતું જાય છે? કેમ આટલા બધા આપઘાત થાય છે? આટલા બધા વિકૃતિભર્યા જાતીય ગુનાઓ? યહૂદીઓ સામે આટલી ઘૃણા કેમ? શા માટે નિગ્રો/અશ્વેતો પ્રત્યે આટલો ધિક્કાર અને આટલી મનસ્વી હિંસાખોરી? શા માટે આટલી પીઠ પાછળની નિંદા અને કિન્નાખોરી? શા માટે સેક્સ અશ્લીલ અને એક ધૂર્ત મજાકનો વિષય ગણાય છે? શા માટે ગેરકાયદેસર બાળક હોવાને સામાજિક કલંક ગણવામાં આવે છે? પોતાનો પ્રેમ, આશા અને પરોપકાર ક્યારનાય પાછળ છોડી આવ્યા છતાં શા માટે ધર્મો આજે પણ પ્રચલિત છે? શા માટે? હજારો "શા માટે" મોં ફાડીને ઊભા છે આપણી સંસ્કારી શ્રેષ્ઠતાની બડાઈઓ સામે!

હું આ પ્રશ્નો પૂછું છું કારણ કે હું વ્યવસાયે શિક્ષક છું, અને એક એવી વ્યક્તિ છું જે યુવાનો સાથે કામ પાર પાડે છે. હું આ પ્રશ્નો પૂછું છું કારણ કે શિક્ષકો દ્વારા મોટા

ભાગે જે પ્રશ્નો પૂછવામાં આવે છે તે, શાળાના વિષયો અંગેના પ્રશ્નો, બિનઅગત્યના હોય છે. જ્યારે જીવનની કુદરતી પરિપૂર્ણતા - માણસની આંતરિક આનંદિત સ્થિતિ - ના વિશાળ પ્રશ્ન સામે આ વિષયો એક ટપકાં જેટલું પણ મહત્ત્વ ન ધરાવતા હોય તો હું પૂછું છું કે એ ફ્રેન્ચ અથવા પ્રાચીન ઇતિહાસની ચર્ચામાંથી એવું શું સારું કે ખરાબ ઉપજવાનું છે?

આપણી શિક્ષણ વ્યવસ્થા તેનું ખરેખરું કામ, સાચી સ્વની અભિવ્યક્તિ બહાર લાવવાનું કામ, કેટલુંક કરે છે? આપણી હસ્તકલા પણ ઘણે ભાગે નિષ્ણાતની નજરો હેઠળ ટાંકણીઓની ટ્રે બનાવવા પૂરતી જ મર્યાદિત રહેતી હોય છે. રમત દ્વારા શીખવાની પદ્ધતિ તરીકે સારી એવી જાણીતી મોન્ટેસરી પદ્ધતિ સુદ્ધાં બાળકને *કરીને શીખવા* માટે ફરજ પાડવાનો એક કૃત્રિમ રસ્તો જ છે. તેમાં કશું જ સર્જનાત્મક નથી.

ઘરમાં બાળકને હંમેશાં શીખવવામાં આવતું હોય છે. લગભગ દરેક ઘરમાં, હંમેશાં કમસે કમ એક વયસ્ક - નહીં - બનેલી વયસ્ક વ્યક્તિ હોય છે જ, જે તેનું નવું એન્જિન કેવી રીતે કામ કરે છે તે બતાવવા ટોમી પાસે દોડી જાય છે. જ્યારે બાળક દીવાલ પરના કશાકને તપાસવા માગતું હોય ત્યારે હંમેશાં કોઈક તો એવું હોય છે જે બાળકને ઉઠાવીને ખુરશી પર લઈ લે છે. દરેક વખતે જ્યારે આપણે ટોમીને એન્જિન કેવી રીતે કામ કરે છે તે બતાવીએ છીએ ત્યારે આપણે તે બાળક પાસેથી જીવનનો આનંદ - કશુંક શોધ્યાનો આનંદ - કોઈક અડચણને પાર કર્યાનો આનંદ ચોરી લઈએ છીએ. તેથી પણ ખરાબ - આપણે બાળકને એવું માનતું કરી દઈએ છીએ કે તે ઓછું સક્ષમ છે અને તેણે મદદ માટે આધારિત રહેવું જ જોઈએ.

શાળાનું શિક્ષણ કેટલું બિનમહત્ત્વનું છે તેની પ્રતીતિ માતાપિતાઓને ઘણી ધીમે ધીમે થતી હોય છે. વયસ્કોની જેમ, બાળકો પણ તેમને જે શીખવું હોય તે જ શીખતાં હોય છે. તમામ ઈનામ - વિતરણો, ગુણ અને પરીક્ષાઓ યોગ્ય વ્યક્તિત્વ વિકાસને બાજુ પર ધકેલી દે છે. ચોપડાઓમાંથી શીખવું એ શિક્ષણ છે એવો દાવો તો માત્ર પંડિતો જ કરી શકે.

પુસ્તકો શાળાની સૌથી ઓછી અગત્યની સામગ્રી છે. કોઈ પણ બાળક માટે વાંચવું, લખવું અને ગણવું એટલું જ આવશ્યક ગણાય; તે સિવાય ઓજારો, માટી, રમતો, થિયેટર, રંગો અને સ્વતંત્રતા હોવી જોઈએ.

શાળામાં કિશોરો મોટા ભાગનો સમય જે કાર્ય કરે છે તે સમય, ઊર્જા અને ધીરજનો નર્યો બગાડ છે. તે યુવાનો પાસેથી તેમનો રમવાનો, રમવાનો અને માત્ર

રમ્યા જ કરવાનો અધિકાર ખૂંચવી લે છે; જુવાન ધડ પર તે ઘરડું માથું બેસાડી દે છે.

શિક્ષક તાલીમ કોલેજો અને યુનિવર્સિટીઓમાં જ્યારે હું વક્તવ્ય આપવા જાઉં છું, ત્યારે નિરર્થક જ્ઞાનથી ભરેલાં આ યુવાનો અને યુવતીઓની બિન - વયસ્કતા જોઈને ઘણે ભાગે આશ્ચર્ય પામું છું. તેઓ ઘણું જાણે છે; વાદવિવાદમાં તેઓ ઝળકે છે; તેઓ શિષ્ટ ગ્રંથો - સાહિત્યને ટાંકી શકે છે પણ જીવન પ્રત્યેની તેમની દૃષ્ટિ બાબતે તેમાંનાં ઘણાં હજુ બાળવયનાં જ છે. કારણ કે તેમને ફક્ત જાણવાનું શીખવવામાં આવ્યું છે, અનુભવવાનું નહીં. આ વિદ્યાર્થીઓ મિત્રતાભર્યાં છે, આનંદી છે, ઉત્સુક છે, પણ કશુંક ખૂટે છે - ભાવનાત્મક પરિબળ, વિચારશીલતાને ભાવનાઓના શરણે ધરવાની શક્તિ ખૂટે છે. તેમણે જે ગુમાવ્યું છે અને હજી ગુમાવી રહ્યાં છે તે વિશ્વની હું વાત કરી રહ્યો છું. તેમનાં પાઠ્યપુસ્તકો મનુષ્યના ચારિત્ર્ય અથવા પ્રેમ અથવા સ્વતંત્રતા અથવા સ્વશાસન વિશે કશું કહેતાં નથી. અને આમ માત્ર પુસ્તકીયા જ્ઞાનને પ્રમાણભૂત ધોરણ તરીકે ઠેરવીને - હૃદયથી મસ્તિષ્કને જુદું રાખીને આખી વ્યવસ્થા ચાલ્યા કરે છે.

શાળાના ઉદ્દેશને પડકારવાનો વખત થઈ ગયો છે. દરેક બાળકે ગણિત, ઇતિહાસ, ભૂગોળ, થોડુંક વિજ્ઞાન, જરાક કલા, અને અચૂકપણે સાહિત્ય શીખવું જ જોઈએ એવું પહેલેથી માની લેવામાં આવે છે. સરેરાશ નાનું બાળક આ તમામ વિષયોમાંથી કશામાં પણ ખાસ રસ ધરાવતું નથી એવું આપણે સમજીએ તેનો સમય પાકી ગયો છે.

દરેક નવા વિદ્યાર્થી સાથે હું આ વાત સાબિત કરું છું. જ્યારે (સમરહિલમાં) નવા વિદ્યાર્થીને કહેવામાં આવે છે કે આ શાળામાં તે મુક્ત છે, તે દરેક ખુશીથી ગાંડા થઈને બોલે છે, "હુર્રા! હવે તમને હું કંટાળાજનક અંકગણિત અને એવી બાબતો કરતો દેખાઈશ જ નહીં!"

હું શીખવાને વખોડતો નથી. પણ ભણવાની વાત રમત પછી આવવી જોઈએ. અને શીખવાને મજેદાર બનાવવા માટે તેને જાણીજોઈને રમત સાથે વણવું - જોડવું ન જોઈએ.

ભણવું/શીખવું અગત્યનું છે - પણ દરેક માટે નહીં. નિજીન્સ્કી નામનો કળાકાર જ્યારે બાળક હતો ત્યારે સેન્ટ પીટર્સબર્ગમાં પોતાની શાળાની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શક્યો નહોતો, અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વિના તે રાજ્યસ્તરના બેલે(સંગીત નૃત્યનાટિકા)માં ભાગ લઈ શકે તેમ નહોતો. શાળાના વિષયો કેમે કરીને તે શીખી શકે તેમ જ નહોતો - તેનું મન ક્યાંક બીજે હતું. છેવટે તેની પરીક્ષાનો ઢોંગ રચવામાં

આવ્યો, તેને પ્રશ્નપત્ર સાથે જવાબો પણ આપવામાં આવ્યા - એવું તેમના જીવનચરિત્રમાં લખાયેલું છે. જો નિજીન્સ્કીએ એ પરીક્ષામાં સાચેસાચ ઉત્તીર્ણ થવું જ પડ્યું હોત તો વિશ્વે કેટલું બધું ગુમાવવાનું આવ્યું હોત!

સર્જકો, તેમની મૌલિકતા અને પ્રતિભા જેની માંગ કરે છે તે ઓજારો મેળવવા માટે, તેમણે જે શીખવું હોય છે તે શીખી જ લે છે. ભણવા પર ભાર મૂકવાને કારણે કેટલાં બધાં સર્જનો વર્ગખંડમાં જ મૃત્યુ પામ્યાં હશે તે આપણે જાણતાં નથી.

મેં એક છોકરીને રાતોની રાતો પોતાની ભૂમિતિ પકડીને રડતી જોઈ હતી. દીકરી યુનિવર્સિટીમાં જાય એવું તેની માતા ઇચ્છતી હતી, પણ છોકરીનો સમૂળો આત્મા કલાકારનો હતો. જ્યારે મેં સાંભળ્યું કે તે પોતાની કોલેજની પ્રવેશ - પરીક્ષામાં સાતમીવાર નાપાસ થઈ, ત્યારે મને ખૂબ આનંદ થયો હતો. કદાચ, હવે એ માતા પોતાની દીકરી જેના માટે ઝૂરે છે તે મંચ પર જવાની તેને રજા આપશે.

થોડા વખત અગાઉ, સમરહિલમાં ત્રણ વર્ષો ગાળી ચૂકેલી અને અહીં ફાંકડું અંગ્રેજી બોલતી હતી એવી એક ચૌદ વર્ષની છોકરીને હું કોપનહેગનમાં મળ્યો. મેં તેને કહ્યું, "હું ધારું છું કે તું અંગ્રેજીમાં તારા વર્ગના ટોચના વિદ્યાર્થીઓમાં હોઈશ."

તેણે ખિન્નતાથી મોં મચકોડ્યું. "ના, હું મારા વર્ગમાં સૌથી તળિયે છું, કારણ કે મને અંગ્રેજી વ્યાકરણ આવડતું નથી," તેણે કહ્યું. મને લાગે છે કે તેની આ સ્પષ્ટતા, વયસ્કો જેને શિક્ષણ ગણે છે તેના પરની શ્રેષ્ઠ ટીકા છે.

ઉદાસીન નિશાળિયાઓ, જેઓ શિસ્ત હેઠળ મહામુશ્કેલીએ કોલેજ અથવા યુનિવર્સિટીનું શિક્ષણ પૂરું કરે છે અને પછી કલ્પનાશીલતા - વિહીન શિક્ષકો, સાધારણ ડોક્ટરો અને અક્ષમ વકીલો બને છે, તેઓ કદાચ એક સારા મિકેનિક અથવા ઉત્તમ કડિયા અથવા પ્રથમ - કોટિના પોલીસ બની શક્યા હોત.

અમને એવું સમજાયું છે કે પંદરેક વર્ષની ઉંમર સુધી જે છોકરો વાંચી શકતો નથી અથવા વાંચતા શીખતો નથી, તે છોકરો હંમેશાં યંત્રો પ્રત્યે ઝુકાવ ધરાવે છે, જે પાછળથી એક સારો ઈજનેર અથવા ઈલેક્ટ્રિશિયન બને છે. ક્યારેય વર્ગો ભરવા ન જતી, ખાસ કરીને ગણિત અને ભૌતિકશાસ્ત્રના વર્ગો ટાળતી છોકરીઓને ઊણી આંકવાની મારે હિંમત કરવી ન ઘટે. મોટા ભાગે આવી છોકરીઓ પોતાનો ઘણો ખરો સમય ભરત - ગૂંથણકામમાં ગાળે છે, અને તેમાંની કેટલીક, જીવનમાં આગળ જતાં દરજીકામ અને ડિઝાઈનિંગને અપનાવે છે. એક ભાવિ દરજીને દ્વિઘાત સમીકરણો અથવા બોયલનો નિયમ ભણવા મજબૂર કરતો અભ્યાસક્રમ, ખરે જ, હાસ્યાસ્પદ છે.

કેલ્ડવેલ કૂકે "ધ પ્લે વે" નામનું એક પુસ્તક લખ્યું છે, જેમાં તેણે કેવી રીતે રમતાં રમતાં અંગ્રેજી શીખવ્યું તેની વાત કહી છે. તે સારી બાબતોથી ભરપૂર એવું એક અદ્ભુત પુસ્તક હતું, છતાં મને લાગે છે કે શીખવું/ભણવું સૌથી અગત્યનું છે એ વિચારધારાને ટેકો આપવાની તે એક નવી પદ્ધતિ માત્ર છે. કૂકનું એમ કહેવું છે કે શીખવું એ એટલું અગત્યનું છે કે કડવી ગોળીને રમતના ગોળમાં વીંટાળીને આપવી જોઈએ. જો *બાળક કંઈક શીખતું નથી તો તે પોતાનો સમય બગાડી રહ્યું છે* એ વિચાર કોઈ શાપથી બિલકુલ કમ નથી - એવો શાપ જે હજારો શિક્ષકો અને મોટા ભાગના શાળા - નિરીક્ષકોની આંખે પાટા બાંધી દે છે. પચાસ વર્ષ પહેલાંનું ધ્યેયવાક્ય હતું, "કરીને (અનુભવથી) શીખો." અને આજનું ધ્યેયવાક્ય છે, "રમતાં રમતાં શીખો." આમ અહીં રમતનો ઉપયોગ માત્ર એક હેતુ પાર પાડવાના સાધન તરીકે થાય છે, પણ ખરેખર કયો સારો હેતુ સિદ્ધ કરવો છે તે મને સમજાતું નથી.

એક શિક્ષક બાળકોને કાદવમાં રમતાં જુએ, અને તેથી તે આ ઝળહળતી ક્ષણને નદીકિનારાના ધોવાણ બાબતેની સમજણ આપીને વધુ સારી બનાવે, તો તેની દૃષ્ટિમાં તે કયો હેતુ પાર પાડી રહ્યો છે? નદીકિનારાના ધોવાણની બાળકને શી પડી છે? જ્યાં સુધી બાળકને કંઈક ને કંઈક શીખવાડવામાં આવે છે, ત્યાં સુધી તે શું શીખે છે તે અગત્યનું નથી, એવું ઘણા કહેવાતા કેળવણીકારો માને છે. અને, ખરેખર, શાળાઓ જેવી છે - માત્ર મોટા પાયે ઉત્પાદન કરતાં કારખાનાં જેવી - ત્યાં એક શિક્ષક કશુંક શીખવવા સિવાય અને શીખવવું માત્ર જ સૌથી અગત્યનું છે એવું માનવા સિવાય બીજું કરી પણ શું શકે છે?

જ્યારે હું કોઈ શિક્ષકોના જૂથને વક્તવ્ય આપું છું, ત્યારે હું શાળાના વિષયો અથવા શિસ્ત અથવા વર્ગો વિશે વાત કરવાનો નથી એવી સ્પષ્ટતા સાથે જ શરૂઆત કરું છું. એકાદ કલાક સુધી મારા પ્રેક્ષકો તલ્લીન થઈને સાંભળે છે, અને પછી સહૃદયી અભિવાદન પછી, ચૅરમેન હવે હું પ્રશ્નોના જવાબ આપવા માટે તૈયાર છું તેવી જાહેરાત કરે છે. તેમના લગભગ ત્રીજા ભાગના પ્રશ્નો, વિષયો અને શીખવવાને લગતા હોય છે.

આ હું કોઈ ગુરુતાના ભાવથી કહેતો નથી. વર્ગખંડની દીવાલો અને કેદખાના જેવી ઈમારતો કઈ રીતે શિક્ષકની જોવાની દૃષ્ટિ સંકુચિત બનાવી દે છે, અને તેને શિક્ષણનાં સાચાં આવશ્યક તત્ત્વોને જોતાં અટકાવે છે તે દર્શાવવા માટે હું આ દુઃખપૂર્વક કહી રહ્યો છું. બાળકનો ગરદનથી ઉપરનો જે ભાગ છે તે ભાગ સાથે તેણે કામ કરવાનું હોય છે; અને ચોક્કસ જ, બાળકનો આ ભાવનાત્મક રીતે અગત્યનો હિસ્સો

તેના માટે વિદેશી ભૂમિ સમાન રહી જાય છે.

હું ઇચ્છું છું કે હું આપણા યુવાન શિક્ષકોમાં એક મોટી વિદ્રોહી ચળવળ ઊભી થતી જોઈ શકું. સમાજનાં ખરાબ તત્ત્વોનો સામનો કરવામાં ઉચ્ચ શિક્ષણ અને વિશ્વવિદ્યાલયોની ડિગ્રીઓ નામનો પણ ફેરફાર લાવી શકતા નથી. એક ભણેલો વિકૃત માણસ, એક અભણ વિકૃત માણસ કરતાં કોઈ રીતે જુદો નથી.

તમામ દેશો - મૂડીવાદી, સમાજવાદી અથવા સામ્યવાદી - દરેક દેશમાં યુવાનોને શિક્ષિત કરવા માટે સાધનસજ્જ શાળાઓ બાંધવામાં આવે છે. પણ જ્હોન અથવા પીટર અથવા ઈવાનને - તેમને પહોંચેલા ભાવનાત્મક નુકસાનમાંથી ઉપર ઊઠવામાં; તેનાં માતાપિતા અને તેના શાળાના શિક્ષકોએ તેના પર કરેલાં દમનના કારણે તેનામાં આકાર લેતી સામાજિક ખરાબીઓથી ઉપર ઊઠવામાં અને આપણી સભ્યતાની ફરજ પાડવાની ખાસિયતના દબાણથી ઉપર ઊઠવામાં, આ તમામ સરસ મજાની પ્રયોગશાળાઓ અને વર્કશોપો તેને કોઈ રીતે મદદરૂપ બનતી નથી.

સમરહિલના સ્નાતકોનું શું થાય છે?

ભવિષ્ય અંગે માતાપિતાઓનો ડર એ તેમનાં બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ નબળી પૂર્વભૂમિકા ઊભી કરે છે. અધૂરામાં પૂરું, આ ડર તેમનાં બાળકોએ, તેમના કરતાં વધુ શીખવું જોઈએ તેવી ઇચ્છામાં ડોકાય છે. આ પ્રકારનાં માતાપિતા, વિલીએ જ્યારે શીખવું હશે ત્યારે તે વાંચતાં શીખશે એવો અવકાશ આપવામાં સંતોષ અનુભવતાં નથી, પણ જો તેને ધક્કો મારીને આગળ નહીં વધારવામાં આવે તો વિલી તેના જીવનમાં નિષ્ફળ રહેશે એવો ભય સેવે છે. આવાં માતાપિતા બાળકને તેની પોતાની ગતિએ વધવા દેવાની રાહ જોઈ શકતાં નથી. તેઓ પૂછે છે, જો બાર વર્ષની ઉંમરે મારો દીકરો વાંચી ન શકતો હોય, તો આગળ જતાં એ જીવનમાં સફળ નીવડે એવી શક્યતા કેટલી? જો અઢાર વર્ષે તે કોલેજની પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ નથી થતો, તો તેના માટે જીવનમાં એક આવડત વિનાની નકામી નોકરી સિવાય શું બાકી રહેશે? પણ હું રાહ જોતાં અને બાળકને જરાક અમસ્તી અથવા બિલકુલ પ્રગતિ ન કરતું જોતાં રહેવાનું શીખ્યો છું. જો જાણીકરીને તેનું અહિત નહીં કરવામાં આવે કે તેને હાનિ નહીં પહોંચાડવામાં આવે તો, અંતે તે જીવનમાં સફળ થશે જ એ બાબતે મેં ક્યારેય શંકા ધરી નથી.

અલબત્ત, સંકુચિત વિચારધારા ધરાવનારા કહી શકે, "ઓહ, તો એક ટ્રક ચાલક બનવાને તું જીવનની સફળતા કહીશ!" સફળતા માટેનો મારો પોતાનો માપદંડ આ છે - *આનંદપૂર્વક કામ કરવાની અને હકારાત્મક રીતે જીવવાની ક્ષમતા.* આ વ્યાખ્યા અનુસાર સમરહિલના મોટા ભાગના વિદ્યાર્થીઓ તેમના જીવનમાં સફળ બન્યા છે.

ટોમ પાંચ વર્ષની ઉંમરે સમરહિલમાં આવ્યો હતો. સત્તર વર્ષની વયે, આ તમામ વર્ષો દરમ્યાન એક પણ વર્ગ ભર્યા વિના, તેણે સમરહિલ છોડી. તેણે પોતાનો ઘણોખરો સમય વર્કશોપમાં વસ્તુઓ બનાવવા પાછળ ગાળ્યો હતો. તેના ભવિષ્ય અંગેની દહેશતથી તેનાં માતા અને પિતા ફફડતાં. તેણે ક્યારેય વાંચતાં શીખવા માટે કોઈ પ્રકારની ઇચ્છા દર્શાવી નહોતી. પણ એ નવ વર્ષનો હતો ત્યારે એક રાત્રે, મેં તેને પથારીમાં પડ્યાં પડ્યાં ડેવિડ *કોપરફિલ્ડ* વાંચતા જોયો.

"આહા," મેં કહ્યું, "તને વાંચતા કોણે શીખવ્યું?"

"મેં જાતે મારી જાતને શીખવ્યું."

થોડાં વર્ષો પછી, એક દિવસ તેણે મારી પાસે આવીને પૂછ્યું, "૧/૨ અને ૨/૫નો સરવાળો કેવી રીતે કરાય?" અને મેં તેને બતાવ્યું. પછી તેને વધુ કંઈ જાણવું છે એમ મેં તેને પૂછ્યું. "ના, આભાર," તેણે કહ્યું.

પાછળથી, તેને એક ફિલ્મ સ્ટુડિયોમાં કેમેરાબોય તરીકેનું કામ મળ્યું. જ્યારે હજી તે પોતાનું કામ શીખી રહ્યો હતો, એ દિવસોમાં મારે તેના બોસને રાત્રિભોજનની પાર્ટીમાં મળવાનું બન્યું, અને તે વખતે મેં તેમને ટોમનું કામ કેવુંક ચાલી રહ્યું છે તે અંગે પૂછ્યું.

"અત્યાર સુધીમાં અમને મળેલો સારામાં સારો છોકરો છે," માલિકે કહ્યું. "એ ક્યારેય ચાલતો જોવા મળતો જ નથી - એ દોડતો જ જોવા મળે. અને સપ્તાહાંતે, શનિ અને રવિવારે પણ તે સ્ટુડિયોથી દૂર રહેતો જ નથી, એટલે અમને એ જબરી બલા સમાન લાગે છે."

જે વાંચતા શીખી જ ન શક્યો તેવા છોકરા, જેકની વાત કરીએ. કોઈ તેને શીખવી ન શક્યું. જ્યારે તેણે સામેથી વાંચતા શીખવા માટેનો પાઠ માગ્યો ત્યારે પણ કંઈક સમજી ન શકાય તેવો અવરોધ હતો, જેના કારણે તે "બી"(B) અને "પી"(P), તેમ જ "એલ"(L) અને "કે"(K) વચ્ચે ભેદ કરી શકતો ન હતો. વાંચવાની ક્ષમતા વિના, સત્તર વર્ષની વયે તેણે શાળા છોડી.

આજે, જેક એક નિષ્ણાત ઓજાર - કારીગર છે. તેને ધાતુકામ વિશે વાત કરવાની

બહુ ગમે છે. હવે તે વાંચી શકે છે, પણ જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી, તે મુખ્યત્વે તકનિકી બાબતો અંગેના લેખો વાંચે છે અને ક્યારેક મનોવિજ્ઞાનને લગતું વાંચે છે. તેણે ક્યારેય નવલકથા વાંચી હોય એવું મને લાગતું નથી, અને છતાં તે વ્યાકરણની દષ્ટિએ એકદમ શુદ્ધ અંગ્રેજી બોલે છે, અને તેનું સામાન્ય જ્ઞાન અસાધારણ છે. તેની કથનીથી બિલકુલ અજાણ એવા એક અમેરિકન મુલાકાતીએ મને કહ્યું હતું, "કેવો હોશિયાર જુવાનિયો છે જેક!"

ડાયને એક આનંદી છોકરી હતી, જે કોઈ ખાસ રસ વિના વર્ગો ભરતી. તેનું મગજ અભ્યાસુ પ્રકારનું નહોતું. ખાસ્સા લાંબા સમય સુધી, એ શું કરશે એ બાબતે હું નવાઈપૂર્વક વિચાર્યા કરતો. સોળ વર્ષે જ્યારે તેણે શાળામાંથી વિદાય લીધી, ત્યારે કોઈ પણ શાળા - નિરીક્ષક તેને નબળું શિક્ષણ પામેલી છોકરી ઘોષિત કરી શકયા હોત. આજે, ડાયને લંડનમાં નવા પ્રકારની રાંધણકળાનું નિદર્શન આપે છે. પોતાના કામમાં તે અત્યંત કુશળ છે, અને વધુ અગત્યનું, તેને તે કરવામાં આનંદ આવે છે.

પોતાના કર્મચારીઓ કમસે કમ કોલેજની સામાન્ય પ્રવેશ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયા હોવા જોઈએ એવો આગ્રહ એક પેઢીએ વ્યક્ત કર્યો હતો. મેં રોબર્ટના સંદર્ભે, એ પેઢીના ઉપરીને લખ્યું, "આ જુવાનિયાએ કોઈ પ્રકારની પરીક્ષાઓ પાસ કરી નથી, કારણ કે તેની પાસે અભ્યાસુ મગજ નથી. પણ તેની પાસે આવડત છે." રોબર્ટને એ નોકરી મળી ગઈ.

તેર વર્ષની નવી વિદ્યાર્થિની, વિનિફ્રેડે મને કહ્યું હતું કે તેને તમામ વિષયોથી નફરત હતી, અને જ્યારે મેં તેને કહ્યું કે તેને જે ગમતું હોય તે જ કરવા માટે તે મુક્ત છે ત્યારે તે આનંદથી નાચી ઊઠી હતી. "જો તારી ઇચ્છા ન હોય તો, તારે શાળાએ સુદ્ધાં આવવું જરૂરી નથી," મેં કહ્યું હતું.

તેણે પોતાની રીતે સારો સમય વીતાવવાની ગોઠવણ કરી, અને થોડાંક અઠવાડિયાંઓ સુધી તેને માણ્યો પણ ખરો. પછી તે કંટાળવા માંડી હતી તે મેં નોંધ્યું.

એક દિવસ તેણે મારી પાસે આવીને કહ્યું, "મને કંઈક શીખવો, હું બહુ કંટાળી ગઈ છું."

"બરાબર!" મેં ખુશ થઈને કહ્યું, "તું શું શીખવા માગે છે?"

"મને ખબર નથી," તેણે કહ્યું. "અને મને પણ ખબર નથી," મેં કહ્યું, અને હું તેને મૂકીને ચાલ્યો ગયો.

મહિનાઓ વીત્યા. પછી તે ફરીથી મારી પાસે આવી. "હું કોલેજની પ્રવેશ

પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની છું," તેણે કહ્યું, "અને એ માટે મારે તમારી પાસેથી શીખવું છે."

દરરોજ સવારે તે મારી અને અન્ય શિક્ષકો સાથે બેસીને કામ કરવા માંડી અને તેણે સારું કામ કર્યું. વિષયોમાં તેને ખાસ રસ પડતો નથી, પણ લક્ષ્યમાં તેને રસ પડે છે એવું તેણે ખાનગીમાં કબૂલ્યું હતું. વિનિફ્રેડને તે જેવી હતી તેવી બની રહેવાની છૂટ મળી, તેથી તે પોતાની જાતને શોધી શકી.

એ જાણવું રસપ્રદ છે કે મુક્ત બાળકો ગણિત પણ પસંદ કરે છે. તેમને ભૂગોળ અને ઈતિહાસમાં મજા આવે છે. મુક્ત બાળકો તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા વિષયોમાંથી તેમને જેમાં રસ પડતો હોય તેવા વિષયો ચૂંટી કાઢે છે. મુક્ત બાળકો તેમનો મોટા ભાગનો સમય તેમને રસ પડતી બાબતો કરવામાં વીતાવે છે - જેમ કે કાષ્ઠકામ, ધાતુકામ, ચિત્રકામ, કાલ્પનિક કથાઓનું વાંચન, અભિનય, કલ્પનાઓને વાસ્તવિક રમતમાં ઉતારવી, જાઝ રેકોર્ડો વગાડવી.

આઠ વર્ષનો ટોમ, સતત મારો દરવાજો ઉઘાડીને ડોકિયું કરીને પૂછતો રહેતો, "અચ્છા, તો હવે હું શું કરું?" પણ તેણે શું કરવું તે કોઈ તેને કહેતું નહીં.

છ મહિના પછી, જો તમારે ટોમને શોધવો હોય તો તમારે સીધા તેના કમરામાં જવું પડે. ત્યાં તમને એ કાગળોના દરિયામાં ડૂબેલો મળશે. તે નકશાઓ બનાવવામાં કલાકો ગાળતો. એક દિવસ વિયેના યુનિવર્સિટીના એક પ્રોફેસર સમરહિલની મુલાકાતે આવ્યા. તે દોડીને ટોમ પાસે ગયા અને તેને ઘણા પ્રશ્નો પૂછ્યા. પછી પાછળથી તે પ્રોફેસર મારી પાસે આવ્યા અને કહ્યું, "મેં પેલા છોકરાને ભૂગોળ બાબતે ચકાસવાનો પ્રયત્ન કર્યો, અને તેણે એવી - એવી જગ્યાઓની વાતો કરી જેના વિશે મેં ક્યારેય સાંભળ્યું પણ નથી."

પરંતુ મારે નિષ્ફળતાઓનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. પંદર વર્ષની, સ્વિડિશ છોકરી, બાર્બેલ અમારી સાથે એકાદ વર્ષ રહી હતી. એ સમગ્ર સમય દરમ્યાન રસ પડે એવું એક પણ કામ તેને ન મળ્યું. તે સમરહિલમાં ઘણી મોડી આવી હતી. તેની જિંદગીનાં દસ વર્ષો સુધી, તેના બદલે તેના માટે તેના શિક્ષિકો નિર્ણયો લેતા આવ્યા હતા. તે સમરહિલ પર આવી ત્યાં સુધીમાં તે પોતાની પહેલ કરવાની સમગ્ર શક્તિ ગુમાવી ચૂકી હતી. તે અહીં કંટાળી ગઈ. સદ્ભાગ્યે, તે પૈસાદાર હતી અને એક સન્નારીના જીવનની આશા તો ધરાવતી જ હતી.

મારી પાસે અગિયાર અને ચૌદ વર્ષની બે યુગોસ્લાવિયન બહેનો આવી હતી. તેમને રસ લેતી કરવામાં શાળા નિષ્ફળ નીવડી હતી. તેઓ પોતાનો મોટા ભાગનો

સમય ક્રોશિયન ભાષામાં મારા અંગે અસભ્ય ટીકા કરવામાં વીતાવતી. મારો એક નિષ્ઠુર મિત્ર મને તેનું ભાષાંતર કરી સંભળાવતો. આ કિસ્સામાં સફળતા મળી હોત તો તે આશ્ચર્યકારક હોત, કારણ કે અમારી વચ્ચે માત્ર એક જ સામાન્ય ભાષા હતી - કળા અને સંગીત. જ્યારે તેમની માતા તેમને લેવા માટે આવી ત્યારે મને ખૂબ આનંદ થયો હતો.

વર્ષો વીતતાં ગયાં તેમ અમને ખબર પડી કે ઈજનેર શાખા પસંદ કરતાં સમરહિલના છોકરાઓ મેટ્રિક્યુલેશન પરીક્ષા (યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષાઓ) આપવાની પરવા કરતા નથી. તેઓ સીધા પ્રત્યક્ષ તાલીમ કેન્દ્રોમાં જાય છે. તેઓ યુનિવર્સિટીમાં પ્રવેશ લેતાં પહેલાં, વિશ્વને જોઈ લેવાનું વલણ ધરાવતા હતા. એક જણ વહાણમાં કર્મચારી તરીકે આખું વિશ્વ ફરવા ગયો હતો. બે છોકરાઓ કેન્યામાં કૉફીની ખેતી કરવા બેઠા હતા. એક છોકરો ઓસ્ટ્રેલિયા અને દૂર દૂરના બ્રિટિશ ગિયાના સુદ્ધાં ઉપડી ગયો હતો.

એક મુક્ત શિક્ષણ વ્યવસ્થા જેને પ્રોત્સાહન આપે છે તેવા સાહસી મિજાજનો છે ડેરિક બોયડ. આઠ વર્ષની ઉંમરે તે સમરહિલ આવ્યો હતો અને અઢાર વર્ષની ઉંમરે પોતાની યુનિવર્સિટી પરીક્ષાઓ પસાર કર્યા બાદ તેણે સમરહિલ છોડી. તે ડૉક્ટર બનવા માગતો હતો, પણ એ વખતે તેને યુનિવર્સિટી મોકલવાનું તેના પિતાને પોસાય તેમ નહોતું. ડેરિકે વિચાર્યું કે તે વચગાળાનો રાહ જોવાનો સમય વિશ્વને જોવામાં વીતાવી શકે છે. તે લંડનની ગોદી પર ગયો અને ત્યાં બે દિવસ સુધી તેણે કોઈક નોકરી - કોઈ પણ નોકરી - વહાણની ભઠ્ઠીમાં ઈંધણ પૂરનારા તરીકેની પણ - મેળવવાની કોશિશ કરી. તેને કહેવામાં આવ્યું કે ઘણા બધા ભલભલા નાવિકો પણ બેકાર હતા, અને તે ઉદાસ હૃદયે ઘરે પાછો ફર્યો.

થોડા વખતમાં તેના એક સહાધ્યાયીએ તેને કહ્યું કે સ્પેનમાં કોઈ અંગ્રેજ મહિલા વાહનચાલકને શોધી રહી છે. ડેરિકે એ તક ઝડપી લીધી, તે સ્પેન ગયો, ત્યાં તેણે પેલાં મહિલાને ઘરનું સમારકામ કરીને તેમના વર્તમાન ઘરને વિશાળ બનાવી આપ્યું, તેમને આખા યુરોપમાં ફેરવ્યાં, અને પછી ભણવા માટે યુનિવર્સિટી ગયો. પેલાં મહિલાએ તેને તેની યુનિવર્સિટીની ફી માટે મદદ કરવાનું નક્કી કર્યું. બે વર્ષ પછી, એ મહિલાએ તેને ફરી એક વર્ષ બાજુ પર કાઢી, તેને કેન્યા ફેરવવાનું અને ત્યાં તેના માટે ઘર બાંધી આપવાનું કહ્યું. ડેરિકે કેન્યાના કેપટાઉનમાં પોતાનો તબીબી અભ્યાસ પૂરો કર્યો.

લેરી, અમારી પાસે બાર વર્ષની ઉંમરે આવ્યો હતો, સોળ વર્ષે યુનિવર્સિટીની

પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયો હતો અને પછી ફળો ઉગાડવા તાહિટી ઉપડી ગયો હતો. એ વ્યવસાયમાં કમાણી અપૂરતી લાગતાં, તેણે ટેક્સી ચલાવવાનું ઝડપ્યું. પાછળથી એ ન્યૂઝીલેન્ડ ગયો હતો, અને મારી સમજ પ્રમાણે તેણે ત્યાં બીજી એકાદ ટેક્સી ચલાવવા સહિત તમામ પ્રકારના વ્યવસાયો કરી જોયા હશે. એ પછી તે બ્રિસબેન યુનિવર્સિટીમાં દાખલ થયો. થોડા સમય અગાઉ, એ યુનિવર્સિટીના વડા મારી મુલાકાતે આવ્યા હતા, અને તેમણે લેરીનાં કામોનું પ્રશંસાપૂર્ણ વર્ણન આપ્યું હતું.

"જ્યારે અમારે ત્યાં વેકેશન પડે છે અને વિદ્યાર્થીઓ ઘરે જતા રહે છે," તેમણે કહ્યું, "લેરી ત્યારે લાકડાં વહેરવાના કારખાનામાં કામદાર તરીકે કામ કરવા જાય છે." હવે એ એસેક્સ, ઈંગ્લેન્ડમાં દાક્તરી કરે છે.

એ પણ સાચું છે કે સમરહિલના કેટલાક જૂના છોકરાઓએ સાહસ દાખવ્યું નથી. દેખીતાં કારણોસર હું તેનું વિવરણ આપી શકું તેમ નથી. જેમનાં ઘર/પરિવાર સારાં હતાં તેમના કિસ્સામાં જ અમને હંમેશાં સફળતા મળી છે. ડેરિક, જેક અને લેરીનાં માતાપિતાઓ શાળા સાથે સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવતાં હતાં, એથી એ છોકરાઓએ ક્યારેય સૌથી થકવી નાખતી ખેંચતાણનો - કોણ સાચું, ઘર કે શાળા? - નો સામનો કરવો પડ્યો નહોતો.

શું સમરહિલે કોઈ જિનિયસને પેદા કર્યા છે? ના, હજી સુધી કોઈ જિનિયસ પેદા નથી કર્યા. કદાચ હજી પ્રસિદ્ધિ નથી પામ્યા તેવા કેટલાક સર્જકો પેદા કર્યા છે, કેટલાક તેજસ્વી કલાકારો, કેટલાક હોશિયાર સંગીતકારો પેદા કર્યા છે. હું જાણતો હોઉં તેવો કોઈ સફળ લેખક પેદા કર્યો નથી. ઉત્તમ ફર્નિચર કારીગરો અને કેબિનેટ બનાવનારા પેદા કર્યા છે. કેટલાક અભિનેતાઓ અને અભિનેત્રીઓ પેદા કર્યા છે. જેમણે હજી પોતાનું મૌલિક કામ કરવું બાકી છે તેવા કેટલાક વિજ્ઞાનીઓ અને ગણિતશાસ્ત્રીઓ પેદા કર્યા છે. મારું એવું માનવું છે કે અમારી સંખ્યામાંથી - એકી વખતે શાળામાં આશરે પિસ્તાળીસ જેટલા વિદ્યાર્થીઓમાંથી - સારા એવા પ્રમાણમાં વિદ્યાર્થીઓ કોઈક પ્રકારના સર્જનાત્મક અથવા મૌલિક કામમાં જોડાયા હતા.

જો કે, મેં અનેકવાર કહ્યું છે કે મુક્ત બાળકોની એક પેઢી ખાસ કશું સાબિત કરી શકતી નથી. સમરહિલમાં સુદ્ધાં કેટલાંક બાળકો પોતે વધુ વર્ગો ન ભર્યાનો, વધુ ન શીખ્યાનો અપરાધભાવ અનુભવતાં હોય છે. જે વિશ્વમાં પરીક્ષાઓ જ કેટલાક વ્યવસાયો માટેનું પ્રવેશદ્વાર હોય, ત્યાં તેનાથી વિપરીત ચિત્ર હોઈ પણ ન શકે. અને વળી, સામાન્ય રીતે કોઈ ને કોઈ મેરી આન્ટી તો હાજર જ હોય છે, જે કહે છે, "અગિયાર વર્ષની ઉંમરે પણ તું હજી બરાબર વાંચી નથી શકતો!" બાળકને

અસ્પષ્ટપણે એમ અનુભવાય છે કે બહારનું આખું વિશ્વ રમત - વિરોધી અને કામ - તરફી છે.

આપણે સરેરાશ વાત કરીએ, તો બાર વર્ષથી નીચેનાં બાળકો માટે સ્વતંત્રતાની પદ્ધતિ મોટા ભાગે આબાદ કામ આપે છે, પણ બાર વર્ષથી ઉપરનાં બાળકોને પાંગળાં બનાવતા શિક્ષણમાંથી મુક્ત થતાં ઘણો લાંબો સમય લાગે છે.

સમરહિલ ખાતે પ્રાઈવેટ લેસન્સ

ભૂતકાળમાં, મારું મુખ્ય કામ શીખવવાનું નહોતું પણ "પ્રાઇવેટ લેસન્સ" આપવાનું હતું. મોટા ભાગનાં બાળકોની મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કાળજી રાખવાની આવશ્યકતા રહેતી, પણ હંમેશાં કેટલાંક બાળકો એવાં રહેતાં જે હજી હમણાં જ બીજી શાળામાંથી આવ્યાં હોય, અને પ્રાઇવેટ લેસન્સ તેમની સ્વતંત્રતાના સ્વીકારની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે હેતુપૂર્વક રાખવામાં આવતાં હતાં. જો બાળક અંદરખાનેથી એકદમ બંધાયેલું હોય, તો તે (બહાર) પોતાનું સ્વતંત્ર હોવાનું સ્વીકારી શકતું નથી.

પ્રાઈવેટ લેસન્સ એ ખરેખર તાપણાની બાજુમાં બેસીને થતી અનૌપચારિક વાતો હતી. હું મારા મોઢામાં પાઇપ લઈને બેસતો, અને જો બાળકની ઇચ્છા હોય, તો તે પણ ધ્રુમપાન કરી શકતું. આ સિગારેટ ઘણી વાર વાત છેડવા માટેનું નિમિત્ત બનતી.

એકવાર મેં એક ચૌદ વર્ષના છોકરાને મારી સાથે વાત કરવા માટે આવવાનું કહ્યું હતું. તે એક સામાન્ય સાર્વજનિક શાળામાંથી હમણાં જ સમરહિલ આવ્યો હતો. તેની નિકોટીનથી પીળી પડેલી આંગળીઓ મારા ધ્યાનમાં આવી હતી, એટલે મેં મારું સિગારેટનું પૅક બહાર કાઢ્યું અને તેને ધર્યું. "આભાર," તેણે અચકાતાં અચકાતાં કહ્યું, "પણ હું સિગારેટ પીતો નથી, સર."

"એક લઈ લે, બદમાશ જૂઠ્ઠા," મેં હસતાં હસતાં કહ્યું, અને તેણે એક લીધી. હું એક પથ્થરથી બે પક્ષી મારી રહ્યો હતો. અહીં મારી સામે એક એવો છોકરો હતો કે જેને મન હેડમાસ્તરો એવા કઠોર, નૈતિક શિસ્તાગ્રહીઓ હતા જેમને દરેક વખતે છેતરવા જ પડે. તેને સિગારેટ ધરીને, હું તેના ધ્રુમપાન કરવાને સ્વીકારું છું એવું દર્શાવી રહ્યો હતો. તેને બદમાશ જૂઠ્ઠો સંબોધીને, હું તેની સાથે તેના સ્તરે, તેની ભૂમિકાએ મળી રહ્યો હતો. અને એ જ વખતે, એક હેડમાસ્તર આસાનીથી અને આનંદપૂર્વક ગાળ બોલી શકે છે એમ દર્શાવીને હું તેના મનમાં બંધાયેલી સત્તાધિકારી અંગેની ગ્રંથિ પર પણ હુમલો કરી રહ્યો હતો. કાશ! અમારી આ પહેલી મુલાકાત વખતે તેના ચહેરા પરના હાવભાવોની તસવીરો હું લઈ શક્યો હોત!

તેને આ પહેલાંની શાળામાંથી ચોરી કરવાના કારણે કાઢી મૂકવામાં આવ્યો હતો. "મેં એવું સાંભળ્યું છે કે તું કંઈક અંશે ઠગનું કામ કરે છે," મેં કહ્યું. "એક રેલવે કંપનીને ધૂતવી હોય તો તારી પાસે શ્રેષ્ઠ રસ્તો કયો છે?"

"મેં ક્યારેય ધૂતવાનો પ્રયત્ન કર્યો નથી, સર."

"ઓહ," મેં કહ્યું, "એવું નહીં ચાલે. તારે કોશિશ કરવી જ જોઈએ. મને એમ કરવાના ઘણા બધા રસ્તા ખબર છે," અને મેં તેને થોડાક કહ્યા પણ ખરા. તેનું મોં પહોળું થઈ ગયું. ચોક્કસ એ કોઈ પાગલખાનામાં આવી ગયો હતો. આ શાળાનો આચાર્ય તેને કેવી રીતે એક સારા ધૂતારા બનવું એ કહી રહ્યો છે? વર્ષો પછી, તેણે મને કહ્યું હતું કે એ મુલાકાત તેના જીવનનો સૌથી મોટો આઘાત હતી.

કયા પ્રકારનાં બાળકોને પ્રાઈવેટ લેસન્સની જરૂર પડતી હતી? કેટલાંક ઉદાહરણો તેનો શ્રેષ્ઠ ઉત્તર આપી શકશે.

બાળવાડીની શિક્ષિકા, લ્યુસીએ આવીને મને કહ્યું કે પેગી બહુ ખિન્ન અને અટૂલી લાગે છે. મેં કહ્યું, "બરાબર, તેને કહેજે કે આવે અને મને એક પ્રાઇવેટ લેસન્સ માટે મળે." પેગી મારા બેઠક ખંડમાં આવી.

"મને કોઈ પ્રાઈવેટ લેસન્સ જોઈતાં નથી," તે બેસતી વખતે કહે છે. "એ તદ્દન નકામાં હોય છે."

"એકદમ બરાબર," હું સહમત થયો. "એ સમયનો બગાડ છે. આપણે એમ નહીં કરીએ."

તેને આની પર વિચારવાનું મન થયું. "હં," તે ધીમેથી કહે છે, "મને એકાદ ઝીણા અમથાનો વાંધો નથી." આટલા વખતમાં તે મારા ઘૂંટણ પર આવીને બેસી ગઈ હતી. મેં તેને તેનાં પપ્પા અને મમ્મી વિશે અને ખાસ કરીને તેના નાના ભાઈ વિશે પૂછ્યું. તેણે કહ્યું કે તે બહુ જ મૂર્ખો, નાનો ગધેડો છે.

"એ ચોક્કસ એવો હશે," મેં સૂર પુરાવ્યો. "તને એવું લાગે છે કે મમ્મી તને પસંદ કરે છે એના કરતાં વધુ તેને પસંદ કરે છે?"

"તે અમને બંનેને એકસરખાં પસંદ કરે છે," તેણે ઝડપથી કહ્યું, અને ઉમેર્યું, "એ એવું કહે તો છે જ."

ક્યારેક બાળકની નાખુશી બીજા બાળક સાથેના ઝઘડાને કારણે ઊભી થાય છે. પણ મોટા ભાગે તેનું કારણ ઘરેથી આવેલા પત્રમાં સમાયેલું હોય છે, જેના કારણે બાળકની અંદર ખળભળાટ ઊભો થયો હોય છે. કદાચ એ પત્રમાં એવું લખ્યું હોય છે કે તેના ભાઈ કે બહેન માટે એક નવી સાયકલ કે ઢીંગલી લાવવામાં આવી છે. પ્રાઈવેટ લેસન્સનો અંત એ છે કે પેગી ખુશી ખુશી બહાર જાય છે.

નવાંગતુક બાળકો સાથે એ એટલું સહેલું હોતું નથી. જ્યારે અમારી પાસે અગિયાર વર્ષનું એક એવું બાળક આવે છે જેને કહેવામાં આવ્યું છે કે બાળકો તો ડોક્ટર પાસેથી લાવવામાં આવે છે, ત્યારે આ બાળકને જૂઠાણાં અને ડરમાંથી મુક્ત કરવામાં ખાસ્સી મહેનત લાગે છે. સ્વાભાવિક રીતે, આવું બાળક હસ્તમૈથુન બાબતે અપરાધભાવ અનુભવતું હોય છે અને જો આ બાળક આનંદ શોધી શકે તેવું કરવું હોય તો આ અપરાધભાવને દૂર કરવો જ રહ્યો.

મોટા ભાગનાં નાનાં બાળકોને નિયમિત પ્રાઈવેટ લેસન્સની જરૂર પડતી નહોતી. જ્યારે એક બાળક સામેથી પ્રાઈવેટ લેસન્સની માગણી કરે ત્યારે તે નિયમિત બેઠકો રાખવા માટેની આદર્શ સ્થિતિ થઈ. કેટલાંક મોટાં બાળકો પ્રાઈવેટ લેસન્સની માગણી કરતાં હતાં; ક્યારેક પણ ભાગ્યે જ, એકાદ નાનું બાળક પણ તેમ કરતું.

સોળ વર્ષનો ચાર્લી, પોતાની ઉંમરના બીજા જુવાનિયાઓ સામે ઘણી લઘુતા અનુભવતો હતો. મેં તેને પૂછ્યું કે તેને આવી લઘુતા સૌથી વધુ ક્યારે અનુભવાય છે? તેણે કહ્યું કે જ્યારે બધાં બાળકો નહાતાં હોય ત્યારે, કારણ કે બીજા કોઈ પણ કરતાં તેનું શિશ્ન ઘણું નાનું હતું. તેના મનમાં આ ડર કેવી રીતે બંધાયો છે તે મેં તેને સમજાવ્યું. છ બહેનો ધરાવતાં પરિવારમાં તે સૌથી નાનું સંતાન હતો, બીજા તમામ તેના કરતાં ખાસ્સા મોટાં હતાં. સૌથી નાની બહેન અને તેની વચ્ચે દસ વર્ષનું અંતર હતું. પિતા અવસાન પામ્યા હતા અને મોટી બહેનો જ બધું કામકાજ સંભાળતી હતી. એટલે ચાર્લી પોતાની ઓળખ તેના જીવનમાંનાં મહિલા પાત્રો સાથે સંકળાયેલી જોતો હતો, જેથી તે પણ સત્તા મેળવી શકે.

લગભગ દસેક પ્રાઈવેટ લેસન્સ પછી, ચાર્લીએ મારી પાસે આવવું બંધ કર્યું. મેં તેને પૂછ્યું કેમ. "મને હવે પ્રાઈવેટ લેસન્સની જરૂર નથી," તેણે આનંદપૂર્વક કહ્યું, "મારું 'ઓજાર' હવે બર્ટ (બીજા યુવાનના શિશ્ન) જેટલું જ મોટું છે."

પણ સારવારના આ ટૂંકા ગાળામાં ઘણી વધુ બાબતો સામેલ હતી. ચાર્લીને એવું કહેવામાં આવ્યું હતું કે હસ્તમૈથુન કરવાથી તે પુરુષ બનશે ત્યાં સુધીમાં નપુંસક બની જશે. નપુંસકતાના ડરથી તેને શારીરિક રીતે પણ નુકસાન પહોંચ્યું હતું. તેનો

આ અપરાધભાવ કાઢી નાખવાને કારણે અને નપુંસકતા બાબતેના અબુધ જૂઠાણાંને દૂર કરવાને કારણે તેનો ઉપચાર થઈ શક્યો હતો. એક કે બે વર્ષ પછી ચાર્લીએ સમરહિલ છોડ્યું. હવે તે જીવનમાં પોતાની રીતે આગળ ધપતો એક સુંદર, સ્વસ્થ અને ખુશહાલ પુરુષ છે.

સિલ્વિયાના પિતા એટલા કઠોર હતા કે તે કદી તેની પ્રશંસા કરતા નહીં. ઊલટાનું તે આખો દિવસ તેની ટીકા કર્યા કરતા ને તેની ભૂલો કાઢ્યા કરતા. સિલ્વિયાના જીવનની એક ઇચ્છા પિતાનો પ્રેમ પામવાની હતી. પોતાના ઓરડામાં બેસીને પોતાની વાત કરતી વખતે તે કડવાશ સાથે રડી. તેના કિસ્સામાં મદદ કરવી અઘરી હતી. દીકરીનું મનોવિશ્લેષણ પિતાને બદલી શકવાનું નહોતું. તે ઘરથી દૂર જવા પૂરતી મોટી થાય ત્યાં સુધી સિલ્વિયા માટે કોઈ ઉપાય હતો નહીં. મેં તેને એક બીજા જોખમ પ્રત્યે ચેતવી કે એવું બને કે માત્ર પોતાના પિતાથી છૂટવા માટે તે કોઈક ખોટા માણસને પરણી બેસે.

"કેવા પ્રકારનો ખોટો માણસ?" તેણે પૂછ્યું.

"એવો કોઈક માણસ જે તારા પિતા જેવો હોય, જે તારી સાથે પરપીડનવૃત્તિથી વ્યવહાર કરે," મેં કહ્યું.

સિલ્વિયાનો કિસ્સો ખેદજનક હતો. સમરહિલમાં તે કદી કોઈને દુભવે નહીં એવી મળતાવડી, મિત્રતાપૂર્ણ છોકરી હતી. ઘરે તેને શેતાન હોવાનું કહેવામાં આવતું. દેખીતું છે કે, અહીં જો કોઈનું વિશ્લેષણ કરવાની જરૂર હતી તો તે તેના પિતાનું હતું - દીકરીનું નહીં.

બીજો એક નિવારી ન શકાય તેવો કિસ્સો નાનકડી ફ્લોરેન્સનો હતો. તે ગેરકાયદેસર સંતાન હતી, અને તેને તેની જાણ નહોતી. મારો અનુભવ મને એવું કહે છે કે દરેક ગેરકાયદેસર બાળક અજાગૃતપણે (અબોધ મનમાં) એ જાણતું હોય છે કે તે ગેરકાયદેસર છે. ફ્લોરેન્સ ખાતરીપૂર્વક જાણતી હતી કે તેની પાછળ કંઈક રહસ્ય હતું ખરું. મેં તેની માતાને કહ્યું હતું કે તેની દીકરીની નફરત અને નાખુશીનો એક માત્ર ઉપચાર તેને સત્ય કહી દેવાનો છે.

"પણ, નીલ, મારી હિંમત નથી. મને એનાથી કંઈ ફરક પડતો નથી. પણ જો હું એને કહીશ, તો એ તેને માત્ર પોતાના પૂરતું નહીં રાખી શકે, અને મારી મા તેને પોતાના વસિયતનામામાંથી બાકાત કરી નાખશે."

સારું, સારું, તો પછી મને ડર છે કે ફ્લોરેન્સને આપણે મદદ કરી શકીએ તે માટે આપણે તેના નાનીમા સ્વર્ગે સિધાવે ત્યાં સુધી રાહ જોવી રહેશે. જ્યારે એક અત્યંત

મહત્ત્વનું સત્ય છુપાવી રાખવામાં આવ્યું હોય ત્યારે તમે કશું કરી શકતા નથી.

વીસેક વર્ષનો એક છોકરો થોડા સમય માટે અમારી સાથે પાછો રહેવા માટે આવ્યો હતો, અને તેણે મારી પાસે થોડાંક પ્રાઈવેટ લેસન્સ માટે માગણી કરી.

"પણ તું જ્યારે અહીંયા હતો ત્યારે હું તને ડઝનેક આપી ચૂક્યો છું," મેં કહ્યું.

"મને ખબર છે," તેણે ઉદાસ સ્વરે કહ્યું, "ડઝનબંધ કે જેની મને ખરેખર પડેલી નહોતી, પણ હવે મને લાગે છે કે મારે તે ખરેખર જોઈએ છે."

આજકાલ, હું નિયમિત સારવાર આપતો નથી. એક સરેરાશ બાળક માટે, જ્યારે તમે એની સાથે જન્મ અને હસ્તમૈથુનના પ્રશ્નો બાબતે સ્પષ્ટતા કરી લો છો અને કઈ રીતે પરિવારની સ્થિતિ નફરત અને ઈર્ષાને જન્મ આપે છે એ તેને દર્શાવી આપો છો, તે પછી વધુ કંઈ કરવાનું રહેતું નથી. એક બાળકમાં મનોરોગનો ઉપચાર એટલે તેની ભાવનાઓને મુક્ત કરવી; તે સિવાય તેની સમક્ષ મનોવૈજ્ઞાનિક સિદ્ધાન્તોને સવિસ્તર રજૂ કરવાથી અને તેને કોઈક ગ્રંથિ છે એવું કહેવાથી આ ઉપચાર કોઈ રીતે આગળ વધતો નથી.

મને એક પંદરેક વર્ષનો છોકરો યાદ છે જેને મેં મદદ કરવાનો પ્રયત્ન કર્યો હતો. અમારાં પ્રાઈવેટ લેસન્સ દરમ્યાન તે થોડાં અઠવાડિયાંઓ સુધી તદ્દન શાંત રહીને માત્ર એકાક્ષરી જવાબ આપતો રહ્યો. મેં હવે કોઈ ચોંકાવનારું પગલું લેવાનું નક્કી કર્યું અને એના પછીના પ્રાઈવેટ લેસનમાં મેં તેને કહ્યું: "આજે સવારે હું તારા વિશે શું વિચારતો હતો તે હું આજે તને કહેવાનો છું. તું આળસુ છે, એક બુદ્ધિહીન, અહંકારી, દ્વેષીલો, મૂર્ખ છે."

"હું એવો છું?" તેણે ગુસ્સાથી રાતાચોળ થતાં કહ્યું. "અને તમે તમારી જાતને શું માનો છો?" એ ક્ષણથી, તે સહજતાપૂર્વક અને મુદ્દાસર વાત કરવા માંડ્યો.

પછી એક અગિયાર વર્ષનો છોકરો, જ્યોર્જ હતો. તેના પિતા ગ્લાસગોવ નજીકના એક ગામમાં નાના વેપારી હતા. આ છોકરાના ડોક્ટરે તેને મારી પાસે મોકલ્યો હતો. જ્યોર્જની સમસ્યા મનમાં ઊંડું ઘર કરી ગયેલા તીવ્ર ડરની હતી. ઘરથી દૂર જવામાં, ગામની શાળામાં થોડાક કલાકો રહેવામાં સુદ્ધાં તેને ડર લાગતો હતો. જ્યારે પણ ઘર છોડવાનું આવતું ત્યારે તે ભયભીત થઈને ચીસો પાડતો. મહામુશ્કેલીએ, તેના પિતા તેને અહીં સમરહિલ લઈ આવ્યા હતા. તે ખૂબ રડ્યો અને પિતાને વળગી રહ્યો, જેથી પિતા તેને મૂકીને પાછા ઘેર ન જઈ શકે. મેં તેના પિતાને થોડા દિવસ રોકાવા માટે સૂચવ્યું.

ડોક્ટરે મને તેના કિસ્સાનો આખો ઈતિહાસ આપ્યો હતો, અને તેમનો

અભિપ્રાય, મારા અંદાજ પ્રમાણે, સાચો અને સૌથી ઉપયોગી હતો. પિતાને ઘરે પાછા ફરવા દેવાનો પ્રશ્ન હવે ઉગ્ર બનતો જતો હતો. મેં જ્યોર્જ સાથે વાત કરવાની કોશિશ કરી, પણ તેણે રડવા માંડ્યું અને ડૂસકું ખાતાં ખાતાં કહ્યું કે તે ઘરે જવા માગે છે. "આ તો એકદમ કેદખાનું છે." તેણે ધ્રૂસકાંસહ કહ્યું. મેં વાત કરવાનું ચાલુ રાખ્યું અને તેનાં આંસુની ઉપેક્ષા કરી.

"જ્યારે તું ચાર વર્ષનો હતો," મેં કહ્યું, "ત્યારે તારા નાના ભાઈને દવાખાને લઈ ગયા હતા અને પછી તેઓ તેને શબપેટીમાં પાછો લાવ્યા. (ધ્રૂસકાં વધે છે.) તને ઘર છોડીને જવામાં જે ડર લાગે છે તે એ છે કે તારી સાથે પણ એ જ બનશે - તું શબપેટીમાં ઘરે જઈશ. (મોટાં ડૂસકાં.) પણ એ મુખ્ય મુદ્દો નથી જ્યોર્જ, મારા દીકરા, તું એમ માને છે કે તેં તારા ભાઈને મારી નાખ્યો હતો!"

અહીં તેણે એકદમ હિંસાત્મક થઈને વિરોધ કર્યો, અને મને લાતો મારવાની ધમકી આપી.

"તેં ખરેખર એને માર્યો નહોતો, જ્યોર્જ, પણ તને લાગતું હતું કે તેને તારી મમ્મી પાસેથી તારા કરતાં વધુ પ્રેમ મળતો હતો; અને કેટલીકવાર, તેં એ મરી જાય એમ ઈચ્છ્યું હતું. જ્યારે એ ખરેખર મરી ગયો, ત્યારે તને અંતરાત્મામાં અતિશય અપરાધભાવ થયો. તને લાગ્યું કે તારી ઈચ્છાઓએ જ એને મારી નાખ્યો, અને તારા અપરાધની સજા રૂપે, જો તું ઘરની બહાર જઈશ તો ભગવાન તને મારી નાખશે."

તેનાં ડૂસકાં થંભી ગયાં. બીજા દિવસે, તેણે સ્ટેશન પર સારો એવો તમાશો કર્યો, છતાં તેણે એના પિતાને ઘરે જવા તો દીધા.

થોડા સમય સુધી તે પોતાની ઘર માટે હિજરાવાની સમસ્યામાંથી બહાર ન આવ્યો. પણ તેની કહાણીનો બીજો ભાગ એ હતો કે અઢાર મહિનામાં તેણે વેકેશનની રજાઓ ગાળવા માટે, પોતાની જાતે લંડનના એક પછી એક સ્ટેશન વટાવીને, ઘર સુધી એકલા પ્રવાસ કરવાનો આગ્રહ રાખ્યો. સમરહિલ પાછા આવવાની યાત્રા તેણે એ જ રીતે કરી.

હું વધુ ને વધુ એવા નિષ્કર્ષ પર આવતો ગયો છું કે જ્યારે બાળકો તેમની ગ્રંથિઓને વ્યક્ત કરવા - જીવવા માટે મુક્ત હોય છે ત્યારે સારવારની જરૂર રહેતી નથી. પણ જ્યોર્જ જેવા કિસ્સામાં, માત્ર સ્વતંત્રતા આપવી પૂરતી રહી ન હોત.

ભૂતકાળમાં મેં ચોર - બાળકો સાથે પણ આવાં પ્રાઈવેટ લેસન્સ કર્યાં છે અને પરિણામે તે સાજા થયા છે. મને એવાં ચોર - બાળકો પણ મળ્યાં છે જેમણે પ્રાઈવેટ

લેસન્સમાં આવવાની ના પાડી દીધી હોય. છતાં ત્રણ વર્ષોની સ્વતંત્રતા પછી, એ છોકરાઓ પણ સારા થઈ ગયા હતા.

સમરહિલ પર, ખરેખર સૌને સાજા કરનારું તત્ત્વ પ્રેમ છે. તે પોતાની જાત સાથે સાચુકલા બની રહેવાની સ્વતંત્રતા અને તેમ કરવાને મળતી સ્વીકૃતિ છે. અમારાં પિસ્તાળીસ બાળકોમાંથી માત્ર થોડાંક જ પ્રાઈવેટ લેસન્સ મેળવે છે. સર્જનાત્મક કાર્ય દ્વારા મળતી સારવારમાં હું વધુ ને વધુ માનતો થયો છું. હું બાળકો વધુ હસ્તકામ કરે, નાટકો કરે, અને નૃત્ય કરે એમ કરવા ચાહીશ.

હું એ સ્પષ્ટ કરી દઉં કે હું માત્ર ભાવનાત્મક બંધ તૂટે તેના માટે જ પ્રાઈવેટ લેસન્સ આપતો હતો. જો કોઈ બાળક નાખુશ હતું, તો હું તેને એક પ્રાઈવેટ લેસન્સ માટે બોલાવતો હતો. પણ જો એ વાંચતા ન શીખી શકતું હોય અથવા જો એ ગણિતને ધિક્કારતું હોય, તો હું તેને વિશ્લેષણાત્મક સારવાર આપીને સારું કરવાની કોશિશ કરતો નહીં. ક્યારેક અંગત બેઠક દરમ્યાન એ રહસ્ય બહાર આવે છે કે વાંચતા શીખવાની અક્ષમતા, "એક સારા, હોશિયાર દીકરા - તારા ભાઈ જેવો" બનવાના મમ્મીના સતત ઘોંચપરોણાના વખતથી ચાલી આવે છે અથવા એવી ખબર પડે છે કે અંકગણિત પ્રત્યેનો ધિક્કાર, એ અંકગણિતના પાછલા શિક્ષક તરફના અણગમામાંથી પેદા થયો છે.

સ્વાભાવિક રીતે, તમામ બાળકો માટે હું પિતાનું પ્રતીક છું અને મારી પત્ની માતાનું પ્રતીક છે. સામાજિક રીતે, મારી પત્નીની સ્થિતિ મારા કરતાં ઘણી વધુ ખરાબ થાય છે, કારણ કે છોકરીઓ પોતાની માતા તરફનો તમામ અજાગ્રત અણગમો તેના પર થોપે છે, જ્યારે મને તેમનો પ્રેમ મળે છે. છોકરાઓ પોતાની માતા પ્રત્યેનો પ્રેમ મારી પત્ની પર ઢોળે છે અને તેમના પિતા પ્રત્યેની નફરત મને આપે છે. છોકરીઓ કરે છે તેટલી સહેલાઈથી છોકરાઓ નફરત વ્યક્ત કરતા નથી. માણસો કરતાં વસ્તુઓ સાથે ઘણી વધુ બાબતો કરી શકવાની તેમની ક્ષમતાના પરિણામે આમ થાય છે. એક ગુસ્સે ભરાયેલો છોકરો દડાને લાત મારે છે, જ્યારે છોકરી માતાની આકૃતિ સમા પ્રતીકને ખરાખોટા શબ્દો સંભળાવે છે.

ન્યાયી રહેવા માટે, મારે એ કહેવું જોઈએ કે માત્ર એક ચોક્કસ ગાળામાં જ છોકરીઓ આખાબોલી હોય છે અને તેમની સાથે જીવવું અસહ્ય હોય છે - કિશોરાવસ્થા પૂર્વે અને કિશોરાવસ્થાના પહેલા વર્ષમાં આમ બનતું હોય છે. અને તમામ છોકરીઓ આ તબક્કામાંથી પસાર થાય છે, એવું પણ નથી. તેમની પાછલી શાળા પર, અને તેથી પણ વધુ, સત્તા પ્રત્યેના માતાના અભિગમ પર આ તબક્કો

કેવો જશે તેનો ઘણો ખરો આધાર રહેતો હોય છે.

પ્રાઈવેટ લેસન્સમાં, તેઓ ઘર અને શાળામાં જે પ્રતિક્રિયાઓ આપે છે તે વચ્ચેના સંબંધ તરફ હું તેમનું ધ્યાન ખેંચું છું. મારા અંગેની કોઈ પણ ટીકાને હું પિતા પ્રત્યેની ટીકા તરીકે રૂપાંતરિત કરતો. મારી પત્ની સામે મુકાતા કોઈ પણ આરોપને હું તેમની માતા પ્રત્યેના આરોપ તરીકે દર્શાવતો. આ વિશ્લેષણને હું તટસ્થ રાખવાનો પ્રયત્ન કરતો; તેને વ્યક્તિગત ઊંડાણોમાં તાણી જવું એ બાળકો માટે અન્યાયી ગણાય.

સ્વાભાવિક રીતે, જેમ જેનના કિસ્સામાં બન્યું હતું તેમ, એવા પણ પ્રસંગો બનતા, જ્યારે એક વ્યક્તિગત ખુલાસો આવશ્યક હોય. તેર વર્ષની જેન, આખી શાળામાં જુદાં જુદાં બાળકોને એવું કહેતાં ફરી વળી હતી કે નીલ તેમને બોલાવી રહ્યા છે.

"જેને કહ્યું કે તમે મને યાદ કરો છો" - કહેતાં બાળકોની કતાર લાગી ગઈ. પાછળથી મેં જેનને કહ્યું કે બીજાઓને મોકલવાનો અર્થ એ હતો કે તે પોતે મારી પાસે આવવા માગતી હતી.

પ્રાઈવેટ લેસન્સની વિશિષ્ટ પદ્ધતિ શું હતી? મારી પાસે કોઈ નિશ્ચિત, બીબાંઢાળ પદ્ધતિ નહોતી. ક્યારેક હું એકાદ પ્રશ્નથી શરૂઆત કરતો, "તું જ્યારે અરીસામાં જુએ છે ત્યારે તને તારો ચહેરો ગમે છે?" ઉત્તર હંમેશાં "ના"માં મળતો.

"તારા ચહેરાનો કયો ભાગ તને સૌથી વધુ નથી ગમતો?" આ પ્રશ્નનો અચલ જવાબ હતો, "મારું નાક."

વયસ્કો પણ આ જ જવાબ આપે છે. જ્યાં સુધી બાહ્ય વિશ્વનો પ્રશ્ન છે ત્યાં સુધી ચહેરો એ જ વ્યક્તિ છે. જ્યારે આપણે લોકો વિશે વિચારીએ છીએ ત્યારે આપણે ચહેરાઓ વિશે વિચારીએ છીએ, અને જ્યારે આપણે લોકો સાથે વાત કરીએ છીએ, ત્યારે આપણે ચહેરાઓ તરફ જોઈને વાત કરીએ છીએ. એટલે જ ચહેરો એ આપણા આંતરિક સ્વનું બાહ્ય ચિત્ર બની જતો હોય છે. જ્યારે એક બાળક કહે છે કે તેને તેનો ચહેરો નથી ગમતો, ત્યારે તેનો અર્થ એમ થાય છે કે તેને તેનું વ્યક્તિત્વ નથી ગમતું. મારું બીજું ડગલું, ચહેરાને બાજુ પર મૂકી, સ્વ પાસે જવાનું હોય છે.

"તું તારી કઈ બાબતને સૌથી વધુ ધિક્કારે છે?" હું પૂછતો.

સામાન્ય રીતે, જવાબમાં શારીરિક બાબતો રહેતી. "મારા પગના પંજા બહુ મોટા છે." "બહુ જાડો છું તે." "બહુ બટકી છું તે." "મારા વાળ."

હું ક્યારેય તે બાબતે અભિપ્રાય આપતો નથી - તે જાડો/જાડી અથવા સૂકલકડી છે એ બાબતે ક્યારેય સહમતિ પુરાવતો નહીં. ન તો હું બળપૂર્વક તેમને કશાક તરફ ધકેલતો. જો શરીર રસનો વિષય છે, તો જ્યાં સુધી શરીર વિશે હવે કશું

બીજું કહેવાનું બાકી ન રહે ત્યાં સુધી અમે તેના વિશે વાત કરીએ છીએ. પછી અમે વ્યક્તિત્વ તરફ આગળ જઈએ છીએ.

ઘણી વાર હું તેમને પરીક્ષા આપવાનું કહેતો. "હું અહીં કેટલીક વસ્તુઓ લખીશ," હું કહેતો, "અને તેમાં તમને ચકાસીશ. તમારે મન તમે જેટલી યોગ્યતા ધરાવતા હો, એ પ્રમાણે તમારે તમારી જાતને ગુણ આપવાના. ઉદાહરણ તરીકે, કહો કે, રમતની આવડત અથવા બહાદુરી માટે, તમે તમારી જાતને સોમાંથી કેટલા ટકા ગુણ આપશો એ હું તમને પૂછું છું, અને એમ બીજી બાબતો માટે." આમ પરીક્ષા શરૂ થાય છે.

ચૌદ વર્ષના એક છોકરાને આપવામાં આવેલી પરીક્ષા (અને તેણે લખેલા જવાબો):

સારો દેખાવ: "ઓહ, બહુ સારો નહીં, આશરે ૪૫ ટકા."

બુદ્ધિ: "હં, ૬૦."

બહાદુરી: "૨૫."

વફાદારી: "હું કદી મારા દોસ્તોને નીચાજોણું થાય એમ ન કરું - ૮૦."

સંગીતમયતા: "શૂન્ય."

હસ્તકળા: (કાંઈક બબડ્યો. જવાબ અસ્પષ્ટ.)

નફરત: "એ બહુ અઘરો પ્રશ્ન છે. ના, હું તેનો જવાબ નહીં આપી શકું."

રમતગમત: "૬૬."

સામાજિક ભાવના: "૯૦."

મૂઢતા: "ઓહ, લગભગ ૧૯૦ ટકા."

સ્વાભાવિક રીતે, બાળકના જવાબો આગળ ચર્ચા માટેનો અવકાશ ઊભો કરે છે. અહંકારથી શરૂ કરવાનું મને સૌથી શ્રેષ્ઠ લાગ્યું છે, કારણ કે તેમને તેમાં રસ પડે છે. પછી, અમે પાછળથી પરિવારની વાત પર આવીએ છીએ, ત્યાં સુધીમાં બાળક સહેલાઈથી અને રસપૂર્વક વાતચીત કરતું થઈ જતું હોય છે.

નાની ઉંમરનાં બાળકો સાથે, કામ કરતી વખતે વધુ સ્વયંસ્ફૂર્ત રહેવું પડતું. હું બાળકની વાતને, તેની પહેલને અનુસરતો જતો. અહીં માર્ગરિટ નામની છ વર્ષની છોકરી સાથેની, એવા એક પહેલવહેલા પ્રાઈવેટ લેસનનું વિવરણ છે. તે મારા રૂમમાં આવે છે અને કહે છે, "મને એક પ્રાઈવેટ લેસન જોઈએ છે."

"બરાબર," હું કહું છું. તે આરામ ખુરશીમાં બેસી જાય છે.

"પ્રાઈવેટ લેસન શું હોય છે?" તે પૂછે છે.

"એ કોઈ ખાવાની વસ્તુ તો નથી," હું કહું છું, "પણ મારા આ ખિસ્સામાં ક્યાંક ચોકલેટ પડી છે ખરી. આહ, આ રહી એ." અને હું તેને એ કેન્ડી આપું છું.

"તારે પ્રાઈવેટ લેસન શા માટે જોઈએ છે?" મેં પૂછ્યું.

"એવલીને એક લીધો હતો, અને મારે પણ એક જોઈએ છે."

"સરસ. તું શરૂ કર. તારે શેના વિશે વાત કરવી છે?"

"મને એક ઢીંગલી મળી છે. (વિરામ) તમે પેલી વસ્તુ ક્યાંથી લાવ્યાં? (ચોક્કસપણે તે જવાબની રાહ જોવા માગતી નથી.) તમે આવ્યા તે પહેલાં આ ઘરમાં કોણ રહેતું હતું?"

તેના આ પ્રશ્નો, કોઈ મહત્ત્વનું સત્ય જાણવા માટેની તેની ઇચ્છા જાહેર કરી રહ્યા હતા, અને મને સારો એવો સંશય છે કે એ સત્ય તે બાળકના જન્મ બાબતેનું છે.

"બાળકો ક્યાંથી આવે છે?" મેં અચાનક પૂછ્યું.

માર્ગરિટ ઊભી થઈ જાય છે અને દરવાજા તરફ ચાલવા માંડે છે.

"હું પ્રાઈવેટ લેસન્સને ધિક્કારું છું," તે કહે છે, અને ચાલી જાય છે. પણ થોડા દિવસો પછી, તે મારી પાસે બીજા એક પ્રાઈવેટ લેસનની માગણી મૂકે છે - અને આમ અમે આગળ વધીએ છીએ.

જ્યાં સુધી હું 'અસભ્ય' બાબતોનો ઉલ્લેખ ન કરું ત્યાં સુધી પ્રાઈવેટ લેસન્સ માટે આવવામાં છ વર્ષના, નાનકડા ટોમીને પણ કોઈ વાંધો નથી. પહેલી ત્રણ બેઠકોમાં તે બાબતે તેણે ઢગલો રોષ વ્યક્ત કર્યો, અને શા માટે તે હું જાણતો હતો. મને ખબર હતી કે માત્ર 'અસભ્ય' વસ્તુઓમાં જ તેને ખરેખર રસ પડે છે. તે હસ્તમૈથુન પ્રતિબંધના શિકાર બનેલાઓમાંનો એક હતો.

ઘણાં બાળકો ક્યારેય પ્રાઈવેટ લેસન્સ માટે નહોતાં આવતાં. તેમને તે જોઈતાં પણ નહોતાં. માતાપિતાઓએ જૂઠાણાંઓ અને ઉપદેશો વિના યોગ્ય રીતે ઉછેર્યાં હોય તેવાં આ બાળકો હતાં.

આ સારવાર એકીઝાટકે સાજા કરી દેતી નથી. સારવાર લેતી વ્યક્તિને સારા એવા સમય સુધી, સામાન્ય રીતે એકાદ વર્ષ સુધી તેનો ખાસ ફાયદો થતો નથી. એટલે જ, શાળા છોડીને ગયેલાં મોટાં બાળકો (જેમને આપણે કદાચ અડધી - પાકેલી માનસિક સ્થિતિ ધરાવતાં બાળકો તરીકે વર્ણવી શકીએ) બાબતે હું કદી પણ નિરાશાવાદી બન્યો નથી.

ટોમ પોતાની શાળામાં નિષ્ફળ નીવડ્યો હોવાથી તેને અમારી પાસે મોકલવામાં આવ્યો હતો. મેં તેની સાથે એકાદ વર્ષ સુધી સઘન પ્રાઈવેટ લેસન્સ કર્યાં અને તેનું કોઈ દેખીતું પરિણામ નહોતું. જ્યારે એણે સમરહિલ છોડી, ત્યારે એવું લાગતું હતું

કે જાણે તે આખી જિંદગી નિષ્ફળ જ રહેશે. પણ એક વર્ષ પછી, તેનાં માતાપિતાએ અમને લખ્યું કે તેણે અચાનક ડૉક્ટર બનવાનું નક્કી કર્યું હતું અને તે યુનિવર્સિટીમાં મન લગાવીને ભણી રહ્યો હતો.

બિલનો કિસ્સો વધુ નિરાશાજનક ભાસતો હતો. તેણે ત્રણ વર્ષો સુધી પ્રાઇવેટ લેસન્સ લીધાં. અઢાર વર્ષે, બાહ્ય દૃષ્ટિએ એક દિશાવિહીન લાગતા યુવાન તરીકે તેણે શાળા છોડી. એક વર્ષ સુધી તેણે એક નોકરીથી બીજી નોકરી એમ તણાયા કર્યું, અને પછી તેણે ખેડૂત બનવાનું નક્કી કર્યું. મેં સાંભળેલા તમામ અહેવાલો કહે છે કે તે સારી રીતે કામ કરી રહ્યો છે અને પોતાના કામ પ્રત્યે ઉત્સાહી છે.

પ્રાઇવેટ લેસન્સ એ ખરેખર એક પ્રકારે, નવેસરની કેળવણી હતી. નૈતિકતા અને ડરના પરિણામે ઊભી થયેલી તમામ ગ્રંથિઓને ખેરવી નાખવી એ તેમનો ઉદ્દેશ્ય હતો.

સમરહિલ જેવી મુક્ત શાળા, પ્રાઇવેટ લેસન્સ વિના પણ ચાલી શકી હોત. સ્વતંત્રતાના ઉઘાડ પહેલાં, એક સ્વચ્છ બનાવી દેતા વસંતના સરસ મજાના ઝાપટાંના રૂપમાં આવી બેઠકો માત્ર પુનઃ કેળવણીની પ્રક્રિયાને ઝડપી બનાવવાનું કામ કરે છે.

સ્વ - શાસન

સમરહિલ એ લોકશાહી માળખું ધરાવતી, એક સ્વ - શાસિત શાળા છે. સમાજ, અથવા સામુદાયિક જીવન સાથે સંકળાયેલી - સામાજિક અપરાધો માટેની સજા સહિતની - તમામ બાબતો, અહીં શનિવાર રાતની શાળાની સામાન્ય સભામાં મત આપીને નક્કી કરવામાં આવે છે.

દરેક શિક્ષક અને દરેક બાળક પાસે એક મત હોય છે, ભલે તેમની ઉંમર ગમે તે હોય. સાત વર્ષના બાળકના મતનાં જેટલું જ મારા મતનું મહત્ત્વ હોય છે.

કોઈ હસીને કહી શકે છે, "પણ તમારા અવાજનું વધુ વજન હશે, ખરું કે નહીં?" અચ્છા, ચાલો જોઈએ. એક વખત મેં સભામાં ઊભા થઈને પ્રસ્તાવ મૂક્યો કે સોળ વર્ષથી નીચેના કોઈ બાળકને ધ્રુમપાન કરવાની છૂટ હોવી જોઈએ નહીં. મેં મારી દલીલો રજૂ કરી: એક તો એ વ્યસન છે, ઝેરી છે, અને બાળકોને ખરેખર તેની ઈચ્છા હોતી નથી, પણ મોટા ભાગે વયસ્ક બનવાના પ્રયત્નરૂપે એમ કરવામાં આવે

છે. સભામાં સામે દલીલોનો મારો થયો. પછી મત લેવામાં આવ્યો. વિશાળ બહુમતીએ મને હરાવી દીધો હતો.

આ બીનાનો બાકીનો અર્ધો ભાગ નોંધ લેવા લાયક છે. મારી હાર પછી, એક સોળ વર્ષના છોકરાએ પ્રસ્તાવ મૂક્યો કે બાર વર્ષથી નીચેના કોઈને પણ ધ્રુમપાનની છૂટ હોવી જોઈએ નહીં. તેનો પ્રસ્તાવ પસાર થઈ ગયો. જો કે, તે પછીની અઠવાડિક સભામાં, એક બાર વર્ષના છોકરાએ ધ્રુમપાનને લગતો નવો કાયદો રદ કરવાની માગણી કરતાં કહ્યું, "આપણે સહુ પાયખાનામાં ભરાઈને, એક કડક શાળાનાં બાળકો કરે તેમ જ લપાઈ - છુપાઈને ધ્રુમપાન કરીએ છીએ, અને હું કહું છું કે આ સમરહિલના સમગ્ર ખ્યાલની જ વિરુદ્ધ છે." તેના શબ્દો પર તાળીઓ પડી, અને સભાએ એ કાયદો રદ કર્યો. મારો અવાજ હંમેશાં એક બાળકના અવાજ કરતાં વધુ વજનદાર હોતો નથી, એ બાબત મારા ખ્યાલથી મેં સ્પષ્ટ કરી છે.

એક વખત, મેં સૂવાના સમયના નિયમો તોડવા બાબતે, તેના પરિણામે થતા ઘોંઘાટ અને બીજા દિવસે સવારે ભટકાતા ઊંઘરેટા ચહેરાઓ બાબતે સખત શબ્દોમાં વાત કરી. દરેક અપરાધ માટે દોષિતોને તેમનો આખો ખિસ્સાખર્ચ જમા કરાવી દેવાનો દંડ આપવો જોઈએ એવું મેં સૂચન કર્યું. એક ચૌદ વર્ષના છોકરાએ એવું સૂચવ્યું કે પોતાના સૂવાના સમય પછી જાગતા રહેનાર દરેકને પ્રતિ કલાક માટે એક પેનીનું ઈનામ આપવું જોઈએ. મને માત્ર થોડાક મત મળ્યા, જ્યારે તેને ઢગલાબંધ મત મળ્યા.

સમરહિલના સ્વશાસનમાં કોઈ પ્રકારની અમલદારશાહી નથી. દરેક સભામાં, ગઈ સભાના અધ્યક્ષે નીમેલા જુદા જુદા અધ્યક્ષ હોય છે, અને સચિવની કામગીરી સ્વૈચ્છિક હોય છે. સૂવાના સમયના અધિકારીઓ ભાગ્યે જ થોડાક અઠવાડિયાઓથી વધુ લાંબો કાર્યકાળ ધરાવે છે.

અમારી લોકશાહી કાયદાઓ બનાવે છે - સારા કાયદાઓ પણ. ઉદાહરણ તરીકે, જીવન - રક્ષકોની દેખરેખ વિના (જે હમેશાં સ્ટાફ સદસ્યો હોય છે) દરિયામાં નહાવા પડવાનું નિષિદ્ધ છે. છાપરાંઓ પર ચઢવાનું નિષિદ્ધ છે. સૂવાના સમયનું પાલન થવું જ જોઈએ, નહીં તો આપમેળે દંડ લાગુ પડે છે. રજાની આગળના ગુરુવાર અથવા શુક્રવારે વર્ગો બંધ રાખવા જોઈએ કે નહીં તે શાળાની સામાન્ય સભામાં હાથ ઊંચો કરીને નક્કી કરવાનો વિષય હોય છે.

પિસ્તાળીસ ચેતનવંતા, ઉત્સાહી બાળકોમાં વ્યવસ્થા જાળવવી એ કંઈ આસાન કામ નથી, એટલે આ સભાની સફળતાનો આધાર મહદ્ અંશે તેનો અધ્યક્ષ નબળો

છે કે સબળો તેના પર રહે છે. ઘોંઘાટિયા નાગરિકોને દંડ ફટકારવાની અધ્યક્ષને સત્તા છે. જ્યારે અધ્યક્ષ નબળો હોય, ત્યારે આ દંડ વારેવારે ફટકારતો જોવા મળે છે.

ચર્ચાઓમાં સ્ટાફ પણ ચોક્કસ પોતાનો ફાળો આપે છે. અને એ જ રીતે હું પણ સહભાગી બનું છું, અલબત્ત મારે નિષ્પક્ષ રહેવું જરૂરી હોય તેવી પણ અસંખ્ય પરિસ્થિતિઓ હોય છે. ખરેખર એક જુવાનિયાએ ખાનગીમાં મારી સમક્ષ પોતે ગુનો કર્યાનું કબૂલ્યું હોવા છતાં, મેં પોતે સભામાં એ જુવાનિયાને બનાવ વખતે હાજર હતો જ નહીં એવું સાબિત કરીને સંપૂર્ણ સફાઈથી છટકી જતો જોયો હતો. આ પ્રકારના કિસ્સામાં, મારે હંમેશાં વ્યક્તિના પક્ષે રહેવું ઘટે.

જ્યારે કોઈ પ્રશ્ન બાબતે મારો મત આપવાની વાત હોય કે મારી જાતે કોઈ પ્રસ્તાવ મૂકવાની વાત હોય ત્યારે હું, ચોક્કસ જ, અન્ય કોઈ પણ વ્યક્તિની જેમ જ સહભાગી બનું છું. અહીં તેનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. એક વખત મેં પરસાળમાં ફૂટબોલ રમવા સામે વાંધો ઉઠાવ્યો. આ વિશ્રામખંડ મારા કાર્યાલયની તદ્દન નીચે આવેલો છે, અને જ્યારે હું કામ કરતો હોઉં છું ત્યારે મને ફૂટબોલનો ઘોંઘાટ બિલકુલ પસંદ પડતો નથી એમ મેં વિગતવાર સમજાવ્યું. મકાનની અંદર ફૂટબોલ રમવા પર પ્રતિબંધ મૂકવાનો મેં પ્રસ્તાવ રજૂ કર્યો. કેટલીક છોકરીઓ, કેટલાક મોટા છોકરાઓ અને મોટા ભાગના સ્ટાફે મને ટેકો આપ્યો. પણ મારી દરખાસ્ત પસાર થઈ નહીં અને તેનો અર્થ એ થયો કે મારા કાર્યાલય નીચેથી આવતાં લાતોના ઘોંઘાટને મારે સહેતાં રહેવું પડશે. અંતે, કેટલીક બેઠકોમાં ખાસ્સો જાહેર વાદવિવાદ થયા પછી, મેં બહુમતીની મંજૂરી સાથે પરસાળમાં ફૂટબોલ નાબૂદીનો કાયદો પસાર કરાવ્યો. અને સામાન્યપણે અમારી શાળાની લોકશાહીમાં પોતાના અધિકારો મેળવવા લઘુમતી આ જ રસ્તો અપનાવે છે; તે પોતાની માગ ચાલુ રાખે છે. આ બાબત વયસ્કોને જેટલી લાગુ પડે છે તેટલી જ નાનાં બાળકોને પણ લાગુ પડે છે.

બીજી તરફ, શાળાજીવનનાં એવાં કેટલાંક પાસાંઓ પણ છે, જે શાળાની સ્વ - શાસિત સરકારના અધિકારક્ષેત્રમાં આવતાં નથી. સૂવાના ઓરડાઓની ગોઠવણીનું આયોજન, ભોજનપત્રક નિયત કરવાનું, ખરીદી માટે બહાર મોકલવાનું અને ચૂકવણીઓ કરવાનું કામ મારી પત્ની સંભાળે છે. હું શિક્ષકોની નિમણૂક કરું છું અને જો મને લાગે કે તેઓ યોગ્ય નથી તો તેમને વિદાય કરું છું.

સમરહિલની સ્વ - શાસિત સરકારનું કામ માત્ર કાયદાઓ બનાવવાનું નથી, પણ કમ્યુનિટીની સામાજિક લાક્ષણિકતાઓ અંગે ચર્ચા કરવાનું પણ છે. દરેક સત્રના પ્રારંભે, મતદાન દ્વારા સૂવાના સમયના કાયદાઓ નિશ્ચિત કરવામાં આવે છે. તમારે તમારી ઉંમર મુજબ વહેલા - મોડા સૂવા જવાનું રહે છે. એ પછી સામાન્ય વર્તણૂકના પ્રશ્નો આવે છે. રમતગમત સમિતિ, તેમ જ સત્રાન્ત નૃત્ય સમિતિ, થિયેટર સમિતિ, સૂવાના સમયના અધિકારીઓ અને શાળાની હદોની બહાર થતા કોઈ પણ અણછાજતા વર્તનની જાણ કરનારા નિરીક્ષક અધિકારીઓને ચૂંટવામાં આવે છે.

સભામાં કોઈ વિષય સૌથી વધુ ઉત્સાહપ્રેરક રહેતો હોય તો તે છે ભોજનનો. એકથી વધુ વખત મેં ખોરાક બીજી વખત ન પીરસવાનો પ્રસ્તાવ મૂકીને બેજાન બેઠકોને સફાળી જાગૃત કરી દીધી હતી. ભોજનની બાબતમાં કોઈ પણ પ્રકારના પક્ષપાત સાથે સખતાઈથી કામ લેવામાં આવે છે. પણ જ્યારે રસોડામાંથી ખોરાકના બગાડનો પ્રશ્ન મૂકવામાં આવે છે, ત્યારે સભા ખાસ રસપ્રદ રહેતી નથી. ભોજન તરફનો બાળકોનો અભિગમ અનિવાર્યપણે વ્યક્તિગત અને સ્વ - કેન્દ્રિત હોય છે.

અભ્યાસને લગતી તમામ ચર્ચાઓ શાળાની સામાન્ય સભામાં ટાળવામાં આવે છે. બાળકો અત્યંત વ્યવહારુ હોય છે અને થિયરી તેમને કંટાળો આપે છે. તેમને નક્કરપણું ગમે છે, અમૂર્ત કે સંદિગ્ધ બાબતો નહીં. એક વખત મેં દરખાસ્ત મૂકી કે અપશબ્દો બોલવાને કાયદા દ્વારા નાબૂદ કરવામાં આવવું જોઈએ, અને મેં તેનાં માટેનાં મારાં કારણો આપ્યાં. હું એક મહિલાને તેના પુત્ર સાથે, એટલે કે ભાવિ વિદ્યાર્થી સાથે શાળા બતાવી રહ્યો હતો. અચાનક ઉપરથી અત્યંત ખરાબ 'વિશેષણ' સંભળાયું. માતાએ ઉતાવળે પોતાના દીકરાને પોતાની પડખે લીધો અને જલદી જલદી જતી રહી. "શા માટે?", મેં સભામાં પૂછ્યું, "માત્ર કેટલાક જાડી બુદ્ધિના છોકરાઓ એક ભાવિ વડીલની સમક્ષ અપશબ્દો કહે તેના કારણે મારે આવકમાં ફટકો શા માટે સહન કરવો રહે? આ બિલકુલ નૈતિક પ્રશ્ન નથી; ચોખ્ખો આર્થિક પ્રશ્ન છે. તમે અપશબ્દો બોલો છો, અને હું એક વિદ્યાર્થી ગુમાવું છું."

ચૌદ વર્ષના એક છોકરાએ મારા આ પ્રશ્નનો જવાબ આપ્યો. "નીલ વાહિયાત વાત કરે છે," તેણે કહ્યું, "દેખીતું છે - જો તેનાથી એ મહિલાને આઘાત લાગ્યો, તો તે સમરહિલમાં વિશ્વાસ ધરાવતી નથી. કદાચ જો તેણે પોતાના દીકરાને પ્રવેશ અપાવ્યો પણ હોત, અને પછી જ્યારે પહેલી વખત તેને "નખ્ખોદ જજો" કે "નરકમાં જજે" એવું બોલતાં બોલતાં ઘરે આવતો સાંભળ્યો હોત, ત્યારે ચોક્કસ તેણે તેને અહીંથી ઉપાડી લીધો હોત." સભા તેની સાથે સહમત થઈ, અને મારી દરખાસ્તને મત ન મળ્યા.

શાળાની સામાન્ય સભાએ ઘણીવાર દાદાગીરીની સમસ્યાનો ઉકેલ લાવવાનો

રહેતો. અમારી કમ્યુનિટી 'દાદાઓ' પ્રત્યે ખાસ્સું કડક વલણ રાખતી હતી, અને મેં નોંધ્યું હતું કે બુલેટિન બોર્ડ પર શાળાની સરકારના દાદાગીરી બાબતેના કાયદા નીચે લીટી દોરવામાં આવી હતીઃ *"દાદાગીરીના તમામ કિસ્સાઓમાં સખતાઈથી કામ લેવામાં આવશે."* સમરહિલમાં દાદાગીરીના બનાવો બહુ બનતા નહીં. જો કે, કડક શાળાઓની જેમ, તેનું કારણ શોધવા બહુ દૂર જવું પડે તેમ નહોતું. વયસ્કોએ ગોઠવેલી શિસ્ત હેઠળ, બાળક ધિક્કારનારું બને છે. બાળક અભય થઈને વયસ્કો પર પોતાનો ધિક્કાર વ્યક્ત કરી શકતું નથી, એટલે તે પોતાનાથી નાના અથવા નબળા છોકરાઓ પર પોતાનું જોર અજમાવે છે. પણ સમરહિલમાં આવું ભાગ્યે જ બને છે. મોટા ભાગે જ્યારે દાદાગીરીના આરોપની તપાસ કરવામાં આવે ત્યારે 'જેનીએ પેગીને ચક્રમ કહી' એ પ્રકારની હકીકત બહાર આવતી.

ક્યારેક શાળાની સામાન્ય સભા સમક્ષ ચોરીનો કિસ્સો મૂકવામાં આવતો. અહીં ચોરી માટે ક્યારેય કોઈ સજા આપવામાં આવતી નથી, પણ જે - તે વ્યક્તિએ નુકસાની હંમેશાં ભરપાઈ કરવાની રહે છે. ઘણીવાર બાળકો મારી પાસે આવીને મને કહેતાં, "જ્હોને ડેવિડના કેટલાક સિક્કા ચોરી લીધા છે. આ કિસ્સો મનોવૈજ્ઞાનિક છે કે પછી અમે તેને સભામાં રજૂ કરીએ?"

જો મને એ કિસ્સો, વ્યક્તિગત માર્ગદર્શનની જરૂર ધરાવતો, મનોવિજ્ઞાની પ્રકારનો લાગે તો હું તેમને એ મારા પર છોડી દેવા કહું છું. પણ જો જ્હોન એક ખુશહાલ, સામાન્ય બાળક હોય, જેણે કંઈક નગણ્ય એવી વસ્તુ ચોરી હોય, તો હું તેની સામે કામ ચાલવા દઉં છું. આવા કિસ્સામાં ખરાબમાં ખરાબ માત્ર એટલું જ થઈ શકે છે કે તેણે નુકસાની ભરપાઈ ન થઈ જાય ત્યાં સુધી તેનો આખો ખિસ્સાખર્ચ જતો કરવો પડે છે.

શાળાની સામાન્ય સભા કામ કેવી રીતે કરે છે? દરેક સત્રના પ્રારંભમાં, માત્ર એક બેઠક માટે એક અધ્યક્ષને ચૂંટવામાં આવે છે. બેઠકના અંતે તે પોતાના વારસને નીમે છે. આખા સત્ર દરમ્યાન આ પદ્ધતિ અનુસરવામાં આવે છે. જેને પણ કોઈ ફરિયાદ હોય, કોઈ આરોપ મૂકવો હોય, અથવા કોઈ સૂચન આપવું હોય અથવા નવા કાયદા માટેનો પ્રસ્તાવ મૂકવો હોય તે જાતે તેમ કરી શકે છે.

અહીં એક સામાન્ય ઉદાહરણ છેઃ જિમની પોતાની સાયકલ બિસ્માર હાલતમાં હોવાથી, અને તે અઠવાડિક રજાના દિવસોમાં અન્ય કેટલાક છોકરાઓ સાથે સહેલગાહે જવા ઇચ્છતો હોવાથી તે જેકની સાયકલમાંથી પેડલ કાઢી લે છે. પુરાવા પર પૂરતો વિચાર કર્યા પછી, જિમે પેડલ બદલી આપવું, અને તેના સહેલગાહે

જવા પર પ્રતિબંધ મૂકવાનું સભા નક્કી કરે છે.

અધ્યક્ષે પૂછ્યું, "કોઈ વાંધો? વિરોધ?"

જિમ ઊભો થાય છે અને બરાડે છે કે ઘણા સરસ વાંધા છે જ વળી! માત્ર તેણે વાપરેલું વિશેષણ ખરેખર "સરસ" નહોતું. તેણે સામી ફરિયાદ કરી કહ્યું, "આ ન્યાયી નથી! મને ખબર નહોતી કે જેક પોતાની એ જરીપુરાણી સાયકલને કદી વાપરે પણ છે. કેટલાય દિવસોથી એ ઝાડીઝાંખરાની વચ્ચે પડી રહી હતી. મને એનાં પેડલ પાછાં આપવાનો વાંધો નથી, પણ મને લાગે છે મને ફટકારવામાં આવેલી સજા ગેરવાજબી છે. મને નથી લાગતું કે મને સહેલગાહમાંથી પડતો મુકાવો જોઈએ."

તેની પાછળ તોફાની ચર્ચા થાય છે. ચર્ચામાં એ બહાર આવે છે કે જિમને સામાન્ય રીતે ઘર તરફથી અઠવાડિક ભથ્થું મળતું હતું, પણ છેલ્લાં છ અઠવાડિયાંથી તે આવ્યું નહોતું, અને તેની પાસે કાણો રૂપિયો પણ નહોતો. સભા સજા ગેરવાજબી ઠેરવે છે અને તેને રદ કરવામાં આવે એવું મતદાન કરે છે, અને એ મુજબ સજા પૂરેપૂરી રદ કરવામાં આવે છે.

પણ હવે જિમનું શું! છેવટે જિમની સાયકલ દુરસ્ત કરવા માટે એક ફંડ ફાળો ખોલવાનું નક્કી કરવામાં આવે છે. તેના સહાધ્યાયીઓ તેની સાયકલનાં પેડલ ખરીદવા માટે ટપોટપ ફાળો આપે છે, અને તે ખુશી ખુશી પોતાની સહેલગાહે રવાના થાય છે.

સામાન્ય રીતે અપરાધી, શાળા - સભાનો ચુકાદો માન્ય રાખે છે. જો કે, જો ચુકાદો સ્વીકાર્ય ન હોય, તો આરોપી અપીલ કરી શકે છે, એવા કિસ્સામાં એ જ સભાના અંતે અધ્યક્ષ આખી બાબતને ફરીથી સભા સમક્ષ મૂકે છે. આવી અપીલ કરવામાં આવી હોય તે કિસ્સામાં, સમગ્ર બાબત પર વધુ કાળજીપૂર્વક વિચારવામાં આવે છે અને સામાન્ય રીતે, અપરાધીના અસંતોષને ધ્યાનમાં રાખતાં મૂળ ચુકાદાને હળવો બનાવવામાં આવે છે. બાળકો એ સમજે છે કે જો અપરાધીને એમ લાગતું હોય કે તેની સાથે અન્યાય થયો છે, તો એવી ઘણી શક્યતા છે કે ખરેખર એમ થયું હોય.

સમરહિલમાં એક પણ અપરાધી, પોતાની કમ્યુનિટીની સત્તા પ્રત્યે ક્યારેય વિરોધ અથવા ધિક્કારનાં ચિહ્નો દર્શાવતો નથી. જ્યારે તેમને સજા મળી હોય ત્યારે પણ અમારા વિદ્યાર્થીઓ જે કહ્યાગરાપણું દાખવે છે તેનાથી મને હંમેશાં આશ્ચર્ય થયું છે.

એક સત્ર દરમ્યાન, શાળાની સામાન્ય સભામાં ચાર મોટા છોકરાઓ પર

ગેરકાયદેસરનું કામ કરવા બદલ (પોતાનાં કબાટમાંથી વિવિધ વસ્તુઓ વેચવા બદલ) કામ ચલાવવામાં આવ્યું. આમ કરવું તે કપડાંલત્તાં ખરીદી આપતાં માબાપ પ્રત્યે અન્યાયી છે તેમ જ શાળા પ્રત્યે પણ અન્યાયી છે, કારણ કે જ્યારે બાળકો અમુક સુંદર વસ્ત્રો વિના ઘરે પાછાં ફરે છે, ત્યારે માબાપ આ બેપરવાઈ માટે શાળાને દોષિત ઠેરવશે એ ભૂમિકાએ, આમ કરવા પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરવામાં આવ્યો. ચારે છોકરાઓને ચાર દિવસ સુધી મેદાન પર રહેવાની અને દરરોજ રાત્રે આઠ વાગ્યે સૂવા જતા રહેવાની સજા આપવામાં આવી. કોઈ પણ પ્રકારના ગણગણાટ વિના તેમણે ચુકાદો સ્વીકાર્યો. સોમવારે રાત્રે, જ્યારે દરેક જણ શહેરમાં સિનેમા જોવા ગયું હતું, ત્યારે અપરાધીઓમાંના એક, ડિકને મેં પથારીમાં પડ્યાં પડ્યાં વાંચતા જોયો.

"તું ચોક્કસ મૂર્ખ છે," મેં કહ્યું. "બધા સિનેમા જોવા ગયા છે. તું ઊઠીને હરતો - ફરતો કેમ નથી?"

"બહુ રમૂજી બનવાની કોશિશ કરવાની જરૂર નથી," તેણે કહ્યું.

સમરહિલના વિદ્યાર્થીઓની તેમની પોતાની લોકશાહી માટેની વફાદારી અચંબિત કરે તેવી છે. તેમાં ડર નથી, અને તેમાં કોઈ મનદુઃખ નથી. અમુક અસામાજિક કામ માટે, મેં એક છોકરાને લાંબી સુનાવણીમાંથી પસાર થતો જોયો હતો, અને તેને સજા પામતાં પણ જોયો હતો. મોટા ભાગે, જે છોકરાને હમણાં જ સજા મળી હોય, તેને આવતી સભા માટેનો અધ્યક્ષ નીમવામાં આવતો.

બાળકો જે ન્યાયભાવના ધરાવે છે તે મને હંમેશાં મંત્રમુગ્ધ કરે છે. અને તેમની વહીવટી કુશળતા પણ અસાધારણ હોય છે. કેળવણીના રૂપમાં, સ્વ - શાસન એ અસીમ મૂલ્ય ધરાવે છે.

અમુક પ્રકારના અપરાધો સીધા, આપમેળે લાગુ પડતા દંડના નિયમ હેઠળ આવે છે. જો તમે બીજાની પરવાનગી વિના તેની સાયકલ ચલાવો, તો તેના માટે આપમેળે છ પેન્સનો દંડ લાગે છે. શહેરમાં અપશબ્દો બોલવા (પણ અહીં શાળાની હદમાં તમે ઇચ્છો એવા અને એટલા અપશબ્દો બોલી શકો છો), સિનેમાગૃહમાં અશિષ્ટ વર્તન, છાપરાંઓ પર ચઢવું, ભોજનખંડમાં ખોરાક બગાડવો - આ અને અન્ય કાયદાના ઉલ્લંઘનો માટે આપમેળે દંડ લાગુ પડે છે.

સજાઓ લગભગ હંમેશાં દંડના રૂપમાં કરવામાં આવે છેઃ એક અઠવાડિયાનો તમારો ખિસ્સાખર્ચ આપી દો અથવા ફિલ્મ જોવા ન જવું.

બાળકોને ન્યાયાધીશ રાખવા બાબતે વારંવાર સાંભળવા મળતો વાંધો એ છે કે

તેઓ ખૂબ નિષ્ઠુરતાથી સજા ફટકારે છે. મને એવું નથી લાગ્યું. ઊલટાનું, તેઓ ખૂબ સૌમ્ય હોય છે. સમરહિલ પર ક્યારેય એક પણ પ્રસંગે ઉતાવળિયો ચુકાદો અપાયો નથી. અપરાધ સાથે સજા ચોક્કસપણે કંઈ ને કંઈ સંબંધ ધરાવતી જ હોય તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

ત્રણ નાની છોકરીઓ બીજા બધાની ઊંઘ બગાડતી હતી. સજાઃ એક અઠવાડિયા માટે તેમણે એક કલાક વહેલા સૂવા જતા રહેવાનું. બે છોકરાઓ બીજા છોકરાઓને માટીનાં ઢેફાં મારતા હતા. સજાઃ તેમણે હોકીના મેદાનને સમથળ કરવા માટે એક ગાડું ભરીને ઢેફાં નાખવા.

અધ્યક્ષ ઘણી વાર બોલી ઊઠશે, "આ કેસ ચર્ચા માટે બહુ તુચ્છ છે," અને જાહેર કરશે કે કંઈ પણ કરવાની જરૂર નથી.

જ્યારે અમારા મંત્રી પર, જિંજર નામના બાળકની પરવાનગી વિના તેની સાયકલ ચલાવવા અંગે કામ ચલાવવામાં આવ્યું, ત્યારે તેમને અને જેમણે તેમની સાથે સાયકલ ચલાવી હતી તેવા સ્ટાફના બીજા બે સદસ્યોને, સામેની લોન ફરતે જિંજરની સાયકલ પર એકબીજાને દસ વખત ધક્કો મારવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

નવી વર્કશોપ ઊભી કરી રહેલા બિલ્ડરની માલિકીની સીડી પર ચઢી ગયેલા ચાર નાના છોકરાઓને સળંગ દસ મિનિટ સુધી સીડી પર ચઢવા અને ઊતરવાનો આદેશ આપવામાં આવ્યો.

સભા ક્યારેય વયસ્કોની સલાહ માગતી નથી. હા, મને માત્ર એક પ્રસંગ યાદ છે જ્યારે એવું થયું હતું. ત્રણ છોકરીઓએ રસોડાના કોઠારમાં ધાડ પાડી હતી. સભાએ તેમને તેમનો ખિસ્સાખર્ચ જમા કરાવવાનો દંડ કર્યો. તેમણે એ રાત્રે ફરીથી રસોડામાં ધાડ પાડી અને સભાએ તેમને એક ફિલ્મ જોવા જવાની મનાઈ ફરમાવી. તેમણે ફરી એકવાર ધાડ પાડી, અને ત્યારે હવે શું કરવું તે બાબતે સભા મૂંઝવણમાં મુકાઈ ગઈ. અધ્યક્ષે મારી સલાહ લીધી. "દરેકને બે - બે પેન્સનું ઇનામ આપો." મેં સૂચવ્યું. "શું? કેમ, અમે એમ કરીશું તો આખી શાળા રસોડું લૂંટવા ઊતરી પડશે, ભાઈ." "તેઓ એવું નહીં કરે", મેં કહ્યું. "કરી જુઓ."

તેણે કરી જોયું. બે છોકરીઓએ પૈસા સ્વીકારવાની ના પાડી; અને ત્રણેએ તેઓ ક્યારેય કોઠારમાં ફરીથી ધાડ નહીં પાડે એવું જાહેર કર્યું. તેમણે ફરી ધાડ ન પાડી - લગભગ બે મહિનાઓ સુધી.

સભામાં દંભ ભાગ્યે જ જોવા મળતો. દંભીપણાંનું કોઈ પણ ચિહ્ન જણાય તો

કમ્યુનિટી તરત નાખુશી જાહેર કરતી. તીવ્ર પ્રદર્શનકારી એવો અગિયાર વર્ષનો એક છોકરો ઊભો થતો અને દેખીતી રીતે બિલકુલ અપ્રસ્તુત એવી લાંબીલચ જટીલ ટિપ્પણીઓ કરીને પોતાની તરફ સૌનું ધ્યાન ખેંચતો. કમસે કમ તેણે એવું કરવાની કોશિશ તો કરી હતી, પણ સભાએ બૂમો પાડીને એને બેસાડી દીધો. બાળકોને દંભીપણાની ગંધ તરત આવી જતી હોય છે.

મારું માનવું છે કે, સ્વ - શાસન કામ આપે છે તેમ અમે સમરહિલમાં સાબિત કરી દીધું છે. ખરેખર તો, *સ્વ - શાસન ન હોય એવી કોઈ પણ શાળાને એક સુધારાવાદી શાળા ન કહેવી ઘટે.* તે એક સમાધાનભરી શાળા છે. બાળકો તેમના પોતાના સામાજિક જીવન પર કાબૂ રાખવા માટે પોતાને સંપૂર્ણપણે મુક્ત ન અનુભવે ત્યાં સુધી તમે સાચા અર્થમાં સ્વતંત્રતા આપી નથી. જ્યારે કોઈ બોસ હાજર છે, ત્યારે સાચી સ્વતંત્રતા રહેતી નથી. આ બાબત કોઈ શિસ્તના આગ્રહી બોસ કરતાં પણ સૌમ્ય બોસને વધુ લાગુ પડે છે. બાળસ્વભાવ કડક બોસ સામે બળવો પોકારી શકે છે, પણ સૌમ્ય બોસ બાળકને સાવ નિરર્થક રીતે પોચકું અને તેની ખરી લાગણીઓ બાબતે આત્મવિશ્વાસ - વિહોણું બનાવે છે.

એક શાળામાં સારું સ્વ - શાસન ત્યારે જ સંભવી શકે જ્યારે તેમાં થોડાક મોટા વિદ્યાર્થીઓ હોય, જેમને શાંત જીવન પસંદ હોય અને જે ઉદાસીનતા અથવા ગેંગસ્ટર ઉંમરના (કિશોરાવસ્થાના) વિરોધને વળતી લડત આપી શકે. આ મોટા જુવાનિયાઓને ઘણે ભાગે બહુમતીના જોરે હરાવી દેવામાં આવે છે, પણ સ્વ - શાસનમાં ખરેખર માનનારા અને તેની ખેવના રાખનારા આ જુવાનિયાઓ જ છે. બીજી તરફ, બાળકો, કહો કે, બારેક વર્ષ સુધીનાં બાળકો તેમના પોતાના બળે સારું સ્વ - શાસન ચલાવી શકતાં નથી, કારણ કે તેઓ હજી તેમની સામાજિક વયને આંબ્યાં નથી. છતાં સમરહિલ પર, ભાગ્યે જ કોઈ સાત - વર્ષનું બાળક સામાન્ય સભામાં ગેરહાજર રહે છે.

એક વસંતમાં અમારે ત્યાં બદ્નસીબીની શૃંખલા ઊભી થઈ હતી. પોતપોતાની કોલેજની પ્રવેશ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈને, કેટલાક મોટા, કમ્યુનિટી - ભાવના ધરાવતા વિદ્યાર્થીઓ જતા રહ્યા હતા. એટલે શાળામાં હવે બહુ થોડા મોટા વિદ્યાર્થીઓ બાકી રહ્યા હતા. વિદ્યાર્થીઓનો મોટો ભાગ કિશોરાવસ્થાના તબક્કામાં અને તે ઉંમરનો હતો. ભલે તેઓ તેમની વાતચીતમાં સામાજિક હતા, પણ તેઓ એક કમ્યુનિટીને સારી રીતે ચલાવવા પૂરતા મોટા નહોતા. તેઓ ઢગલાબંધ કાયદાઓ પસાર કરતા અને પછી તેને ભૂલી જતા અને તેને તોડતા. જે થોડા મોટા

વિદ્યાર્થીઓ બચ્યા હતા, તે કોઈક કારણસર, સ્વકેન્દ્રી હતા, અને પોતાના જૂથમાં તેમની પોતાની રીતે જિંદગી જીવવાનું વલણ ધરાવતા હતા. પરિણામે સ્ટાફ તરફથી શાળાના નિયમો તોડવાના વધતા જતા બનાવોની ફરિયાદો ઊઠી રહી હતી. આમ, શાળાની એક સામાન્ય સભામાં મોટા વિદ્યાર્થીઓ પર સમાજવિરોધી નહીં, પણ અસામાજિક (ઉદાસીન) બનવા માટે; મોડી રાત સુધી જાગતા બેસી રહીને સૂવાના સમયના કાયદાઓનો ભંગ કરવા માટે અને તેમનાથી નાના વિદ્યાર્થીઓ સમાજ - વિરોધી રીતે શું કરી રહ્યા છે તે જાણવામાં બિલકુલ રસ ન લેવા બદલ જબરજસ્ત આક્ષેપ કરવાની મને ફરજ પડી.

નિખાલસતાપૂર્વક કહું તો, વહીવટમાં (સરકારમાં) નાનાં બાળકો માત્ર જરાક જેટલો જ રસ ધરાવતાં હોય છે. જો તેમને તેમના પર છોડી દેવામાં આવે, તો નાનાં બાળકો કદી પણ કોઈ સરકાર બનાવે કે કેમ તેમાં મને શંકા છે. તેમનાં મૂલ્યો એ આપણાં મૂલ્યો હોતાં નથી અને તેમનો શિષ્ટાચાર એ આપણો શિષ્ટાચાર હોતો નથી.

વયસ્કો પાસે, શાંતિ અને નીરવતા મેળવવાનો સહેલામાં સહેલો રસ્તો એ કડક શિસ્ત લાદવાનો છે. ડ્રીલ સાર્જન્ટની જેમ સરમુખત્યાર તો કોઈ પણ બની શકે છે. એક શાંત - નીરવ જિંદગી જીવી શકવા માટેની બીજી વૈકલ્પિક, આદર્શ પદ્ધતિ શું હોઈ શકે તેની મને ખબર નથી. સમરહિલના અમારાં પ્રયોગો અને ત્રુટિઓ ચોક્કસ જ વયસ્કોને એક શાંત જીવન પૂરું પાડવામાં નિષ્ફળ રહ્યાં છે. બીજી તરફ, તેનાથી બાળકોને કંઈ અતિશય ઘોંઘાટભર્યું જીવન પણ મળ્યું નથી. કદાચ છેવટની કસોટી એ આનંદ - ખુશહાલી છે. આ માપદંડથી જોઈએ તો, સમરહિલે તેની સ્વ - શાસિત સરકારમાં એક ઉત્તમ સમાધાન મેળવ્યું છે.

જોખમકારક શસ્ત્રો સામેનો અમારો કાયદો એ આ જ પ્રકારનું એક સમાધાન છે. અહીં એર ગન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે થોડાંક બાળકો શાળામાં એર ગન રાખવા ઇચ્છતાં હતાં તે આ કાયદાને ધિક્કારે છે, પણ મુખ્ય વાત એ છે કે તેઓ તેનું પાલન કરે છે. બાળકો જ્યારે લઘુમતીમાં હોય છે, ત્યારે આપણે વયસ્કો એ પરિસ્થિતિમાં જેવું તીવ્રપણે અનુભવી છીએ તેવું અનુભવતાં જણાતાં નથી.

સમરહિલમાં એક સમસ્યા કાયમી હતી, જે ક્યારેય ઉકેલાઈ શકી નહોતી; તેને *'વ્યક્તિ વિરુદ્ધ કમ્યુનિટી'*નું નામ આપી શકાય. જ્યારે એક સમસ્યાગ્રસ્ત છોકરીની આગેવાનીમાં, નાની છોકરીઓની એક ટોળકી કેટલાક લોકોને ઉશ્કેરે છે, બીજાઓ પર પાણી ફેંકે છે, સૂવાના સમયના કાયદા તોડે છે, અને પોતાને એક કાયમી ઉપદ્રવ

રૂપે સ્થાપિત કરે છે ત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને ઉશ્કેરાઈ ઊઠે છે. શાળાની સામાન્ય સભામાં આ ટોળકીની આગેવાન, જિન નામની છોકરી પર હલ્લો કરવામાં આવે છે. સ્વતંત્રતાને પરવાનો માની લઈ, તેણે કરેલા દુરુપયોગને વખોડી કાઢવા માટે સખત શબ્દો વાપરવામાં આવે છે.

એક મુલાકાતી, જેઓ મનોચિકિત્સક હતા, તેમણે મને કહ્યું: "આ તદ્દન ખોટું છે. છોકરીનો ચહેરો નાખુશ બાળકનો છે; તેને કદી પ્રેમ મળ્યો નથી, અને આ તમામ ખુલ્લી ટીકાઓથી તે પોતાને ક્યારેય ન લાગી હોય તેટલી વધુ પ્રેમથી વંચિત અનુભવશે. તેને પ્રેમની જરૂર છે, વિરોધની નહીં."

"મારી પ્રિય મિત્ર," મેં પ્રત્યુત્તર આપ્યો, "અમે તેને પ્રેમથી બદલવાની મથામણ કરી ચૂક્યા છીએ. અઠવાડિયાંઓ સુધી, તેનાં સમાજ - વિરોધી કૃત્યો માટે અમે તેને ઈનામ આપ્યાં છે. અમે તેના પ્રત્યે સ્નેહ અને સહિષ્ણુતા દાખવ્યાં છે, અને તેણે તેનો પ્રતિભાવ નથી આપ્યો. ઊલટાનું, તે અમને મૂરખાઓ - જેમના પર પોતાની આક્રમકતા ઉતારી શકાય તેવો - સહેલો શિકાર માને છે. એક વ્યક્તિ માટે અમે આખી કમ્યુનિટીનું બલિદાન ન આપી શકીએ."

મને પૂરેપૂરો જવાબ ખબર નથી. મને એટલી ખબર છે કે જિન જ્યારે પંદર વર્ષની થશે, ત્યારે તે એક સામાજિક છોકરી હશે, એક ટોળકીની આગેવાન નહીં હોય. જાહેર અભિપ્રાયની વ્યક્તિ પરની અસરમાં મને અતૂટ શ્રદ્ધા છે. કોઈ બાળક વર્ષો સુધી અણગમતું અને ટીકાનો ભોગ બનેલું રહી શકતું નથી. શાળાની સભામાં જે ટીકા કરવામાં આવી તેના વિશે વાત કરીએ તો, ચોખ્ખું છે કે એક સમસ્યાગ્રસ્ત બાળક માટે હું બીજાં બાળકોનું બલિદાન આપી શકું નહીં.

એક વખત, અમારી પાસે એક છ વર્ષનો છોકરો હતો, જે સમરહિલ પર આવતાં પહેલાં દયાજનક પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂક્યો હતો. તે એક હિંસક બદમાશ, વિનાશાત્મક અને ધિક્કારથી ભરેલો છોકરો હતો. ચાર અને પાંચ વર્ષનાં બીજાં બાળકોને તેણે સારાં એવાં રંજાડ્યાં અને રડાવ્યાં. તેમને બચાવવા માટે કમ્યુનિટીએ કંઈક તો કરવું જ પડે તેમ હતું; અને એમ કરવામાં, ગુંડા સામે જ પગલાં લેવાનાં હતાં. જેમનાં માતાપિતાએ તેમને પ્રેમ અને કાળજી આપ્યાં છે તેવાં બાળકો પર, આ એક માતાપિતાની ભૂલને હાવી થવા ન જ દેવાય.

અમુક ખૂબ જૂજ કિસ્સાઓમાં, કોઈ એક બાળકની હાજરીથી અન્યો માટે શાળા નરક સમાન બની જતી હોય ત્યારે, અમારે તે બાળકને પાછું મોકલી આપવું પડ્યું હતું. આ હું ખેદસહ, કંઈક અંશે નિષ્ફળતાની લાગણી સાથે કહી રહ્યો છું, પણ એ

સિવાય હું બીજો કોઈ રસ્તો જોઈ શક્યો નહોતો.

આટલાં બધાં વર્ષોમાં સ્વ - શાસિત સરકાર અંગેના મારા વિચારોમાં શું મારે કોઈ ફેરફાર કરવો પડ્યો હતો? એકંદરે કહું તો - ના. સમરહિલને હું આવી સરકાર વિના કલ્પી શકતો નથી. એ હંમેશાં લોકપ્રિય રહી છે. અમારા મુલાકાતીઓ માટે તે એક પ્રદર્શનીય બાબત રહી છે. પણ તેના પણ પોતાના ગેરફાયદા હતા, જેમ કે એક સભામાં એક ચૌદ વર્ષની છોકરીએ મને દબાયેલા અવાજે પૂછ્યું હતું, "હું છોકરીઓનો મુદ્દો ઉઠાવવાની હતી, જેઓ પાયખાનામાં સેનેટરી નેપકિનો નાખીને તેને જામ કરી મૂકે છે; પણ આ બધા મુલાકાતીઓની હાજરીમાં...?" મેં તેને સલાહ આપી કે મુલાકાતીઓ જખ મારે, તું એ મુદ્દો મૂક - અને તેણે એમ કર્યું.

વ્યવહારુ નાગરિકશાસ્ત્રની કેળવણીના ફાયદાઓ બાબતે વધુ કહેવાની આવશ્યકતા નથી. સમરહિલમાં પોતાનો વહીવટ પોતે ચલાવવાના તેમના અધિકાર માટે વિદ્યાર્થીઓ જીવન - મરણની લડાઈ કરતાં અચકાત નહીં. મારા મતે, શાળાની સામાન્ય સભાની એક અઠવાડિક બેઠક એ આખા અઠવાડિયાના શાળા - વિષયોના અભ્યાસક્રમ કરતાં વધુ મૂલ્યવાન છે. જાહેરમાં બોલવાનો મહાવરો કરવા માટે તે એક ઉત્તમ થિયેટર છે, અને મોટા ભાગનાં બાળકો સરસ રીતે અને કોઈ પણ પ્રકારના ખચકાટ વિના બોલે છે. જે બાળકો વાંચી કે લખી શકતાં નહોતાં, તેમને પણ મેં મનનીય વક્તવ્યો આપતાં સાંભળ્યાં છે.

અમારી સમરહિલની લોકશાહીની જગ્યાએ બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા હું જોઈ શકતો નથી. એક રાજકીય લોકશાહી કરતાં તે કદાચ વધુ ન્યાયી લોકશાહી છે, કારણ કે બાળકો એકબીજા પ્રત્યે સારા એવા ઉદાર છે, અને તેમનાં કોઈ છૂપાં હિત - સ્વાર્થ પણ હોતાં નથી. વધુમાં, અહીં કાયદાઓ ખુલ્લી સભામાં બનાવવામાં આવતાં હોવાથી, અને અહીં નિયંત્રિત ન કરી શકાય તેવા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો મુદ્દો જ ઊભો થતો ન હોવાથી તે વધુ સાચી, યથાર્થ લોકશાહી છે.

સૌથી શિરમોર, તેના કારણે બાળકો જે વિશાળ દૃષ્ટિકોણ પ્રાપ્ત કરે છે તે આ સ્વ - શાસિત સરકારને આટલી અગત્યની બનાવે છે. તેના કાયદાઓ અનિવાર્ય બાબતો સાથે કામ પાર પાડે છે, ખાલી બહાર દેખાતી બાબતો સાથે નહીં. શહેરમાં વર્તણૂક નિયંત્રણ બાબતના કાયદાઓ એ ઓછી મુક્ત સંસ્કૃતિને કારણે અમે કરેલું સમાધાન છે. શહેર - બહારનું વિશ્વ - પોતાની બહુમૂલ્ય ઊર્જા નજીવી બાબતોની ચિંતા કરવામાં વેડફી નાખે છે. જાણે કે તમે સુશોભિત કપડાં પહેરો છો કે પહેરવેશની તમને કોઈ તમા નથી તેનું જીવનની યોજનામાં કોઈ મહત્ત્વ હોય. જીવનની બાહ્ય

તુચ્છતાઓથી અલિપ્ત રહીને, સમરહિલ એવી કમ્યુનિટી ભાવના વિકસાવી અને જાળવી શકે છે, જે તેના સમય કરતાં એક ડગલું આગળ છે. એ સાચું છે કે એક કોદાળીને પાવડો કહેવામાં આધુનિકતા હશે, પણ તમે કોઈ પણ ખાડો ખોદનારાને પૂછશો તો એ કોદાળીને પાવડો જ કહેશે.

સહશિક્ષણ

મોટા ભાગની શાળાઓમાં છોકરાઓને છોકરીઓથી જુદા રાખવાનું નિશ્ચિત આયોજન હોય છે, તેમનાં સૂવાનાં ખંડો અંગે વિશેષ. પ્રેમ - પ્રકરણોને પ્રોત્સાહન આપવામાં આવતું નથી. સમરહિલમાં પણ તેમને પ્રોત્સાહન નથી અપાતું - પણ તેમને નિરુત્સાહિત પણ કરવામાં આવતાં નથી.

સમરહિલમાં, છોકરાઓ અને છોકરીઓને સ્વતંત્ર છોડી દેવામાં આવે છે. બંને વચ્ચે ઘણા સ્વસ્થ સંબંધ જોવા મળે છે. એક જાતિ, બીજી જાતિ અંગે કોઈ માન્યતાઓ અથવા ભ્રમણાઓ સાથે મોટી થતી નથી. એવું નહોતું કે સમરહિલ માત્ર એક મોટો પરિવાર હોય, જ્યાં તમામ સરસ મજાનાં નાનકડાં છોકરાઓ અને છોકરીઓ એકબીજાનાં ભાઈબહેન હોય. જો એવું હોત તો મારી ગણતરી એક ઝાટકે સહશિક્ષણના કટ્ટર વિરોધીમાં કરવી પડે. જેમાં છોકરાઓ અને છોકરીઓ વર્ગમાં સાથે બેસતાં હોય ખરાં, પણ જુદાં જુદાં ઘરોમાં જીવતાં અને સૂતાં હોય તેવા બોદાં સહ - શિક્ષણમાં નહીં - પણ સાચા સહશિક્ષણમાં શરમજનક કુતૂહલ લગભગ બાકાત હોય છે. સમરહિલમાં કોઈ છુપાઈને ડોકિયાં કરતા ટોમ નથી. અન્ય શાળાઓ કરતાં અહીં સેક્સને લઈને ઘણો ઓછો તણાવ જોવા મળે છે.

શાળાની મુલાકાતે આવતા વયસ્કો તરફથી વારંવાર પૂછવામાં આવે છે, "પણ શું તે બધાં એકબીજાં સાથે સૂઈ નથી જતાં?" અને જ્યારે હું જવાબ આપું છું કે ના, તેઓ એવું નથી કરતાં, ત્યારે તેઓ ભારપૂર્વક કહે છે, "પણ શું કામ નહીં? જો મને તેમની ઉંમરમાં આવું મળ્યું હોત તો મેં તો ખૂબ મજા કરી હોત!"

આ જ પ્રકારના લોકો છે જે ધારી લે છે કે જો છોકરાઓ અને છોકરીઓને સાથે ભણાવાશે, તો તેઓ અનિવાર્યપણે જાતીય સ્વૈચ્છાચારમાં ડૂબી જશે. નિઃસંદેહ, આવા લોકો તેમના વાંધાવિરોધ પાછળ આ વિચાર છુપાયેલો છે એવું સ્પષ્ટપણે કહેતા નથી. એના બદલે, છોકરાઓ અને છોકરીઓની શીખવાની ક્ષમતાઓ જુદી જુદી

હોય છે, અને તેથી તેમને એકસાથે ભણાવવાં ન જોઈએ એવું કહીને તેઓ પોતાની વાતને તર્કસંગત દર્શાવે છે.

શાળાઓમાં સહ - કેળવણી હોવી જોઈએ કારણ કે જીવનમાં સહ - કેળવણી છે. પરંતુ ગર્ભાધાનના જોખમના કારણે અનેક માતાપિતાઓ અને શિક્ષકો સહ - શિક્ષણથી ડરે છે. ખરે જ, સહશિક્ષણ ધરાવતી શાળાઓના માત્ર થોડા નહીં પણ અનેક આચાર્યો, આ સંભાવનાની ચિંતામાં કેવી નિદ્રાવિહીન રાતો ગુજારે છે તે મને કહેવામાં આવ્યું છે.

પૂર્વગ્રહો ધરાવતાં બંને જાતિનાં બાળકો ઘણી વખત પ્રેમ કરવા માટે અક્ષમ હોય છે. જેઓ સેક્સથી ડરે છે, તેમને આ સમાચાર કદાચ રાહતભર્યા લાગશે, પણ સરેરાશ યુવાન માટે, પ્રેમ કરવાની અક્ષમતા એ સૌથી મોટી માનવીય કરુણતા છે.

જ્યારે મેં એક પ્રખ્યાત ખાનગી સહ - શિક્ષિત શાળાના થોડાક કિશોરોને પૂછ્યું કે તેમની શાળામાં કોઈ પ્રેમ - પ્રકરણો છે કે કેમ, તો જવાબ "ના"માં મળ્યો. મેં આશ્ચર્ય દર્શાવ્યું એટલે મને કહેવામાં આવ્યું, "અમારામાં ક્યારેક છોકરા અને છોકરી વચ્ચે દોસ્તી થઈ જાય છે, પણ એ ક્યારેય પ્રેમ - પ્રકરણ બનતું નથી." શાળાના સંકુલમાં મેં કેટલાક રૂપાળા જુવાનિયાઓને અને કેટલીક સુંદર છોકરીઓને જોયાં હતાં, એટલે શાળા તેના વિદ્યાર્થીઓ પર પ્રેમ - વિરોધી આદર્શ લાદી રહી હતી અને તેનું આ અત્યંત 'નૈતિક' વાતાવરણ સેક્સને અટકાવતું હતું તે હું સમજી શક્યો.

એક વખત મેં એક સુધારાવાદી શાળાના આચાર્યને પૂછ્યું હતું, "તમારી શાળામાં કોઈ પ્રેમ - પ્રકરણો છે?"

"ના," તેમણે ગંભીરતાથી ઉત્તર વાળ્યો, "પણ તે એટલા માટે કે અમે ક્યારેય સમસ્યાગ્રસ્ત બાળકોને લેતાં નથી."

સહ - શિક્ષણનો વિરોધ કરનારા એવો વાંધો લઈ શકે કે આ વ્યવસ્થા છોકરાઓને સ્ત્રૈણ અને છોકરીઓને મરદાના બનાવે છે. પણ ઊંડે ઊંડે તેમાં નૈતિક ભય, ખરેખર તો એક ઈર્ષાપ્રેરીત ભય રહેલો છે. પ્રેમમય સેક્સ એ આ વિશ્વનો સૌથી મોટો આનંદ છે, અને તે સૌથી મોટો આનંદ છે, એટલે જ તેનું દમન કરવામાં આવે છે. બાકીની તમામ દલીલો ઉડાઉ છે.

સમરહિલ પર જૂના, મોટા વિદ્યાર્થીઓ - જેઓ અહીં બાળપણથી છે - તેઓ જાતીય સ્વૈચ્છાચારમાં ડૂબી જશે તેવો કોઈ ડર મને ક્યારેય સતાવતો નથી; કારણ કે, મને ખબર છે કે હું એવાં બાળકો સાથે કામ નથી કરી રહ્યો જે દબાયેલાં, અને તેથી અસ્વાભાવિક હોય, જે સેક્સ પ્રત્યે કુતુહલ ધરાવતાં હોય.

થોડાં વર્ષો અગાઉ, અમારે ત્યાં એક જ ગાળામાં બે વિદ્યાર્થીઓ આવ્યાં હતાં: ખાનગી શાળામાંથી સત્તર વર્ષનો એક છોકરો અને એ જ રીતે બીજી ખાનગી શાળામાંથી સોળ વર્ષની એક છોકરી. તે બંને એકબીજાંના પ્રેમમાં પડી ગયાં અને હંમેશાં સાથે જ દેખાવા માંડ્યાં. એક મોડી રાત્રે મને તેમનો ભેટો થઈ ગયો અને મેં તેમને રોક્યાં. "તમે બંને શું કરી રહ્યાં છો તેની મને ખબર નથી," મેં કહ્યું, "અને નૈતિક રીતે મને તેની કંઈ પડી પણ નથી, કારણ કે એ નૈતિકતાનો પ્રશ્ન જ નથી. પણ આર્થિક દષ્ટિકોણથી, મને ચિંતા છે. કેટ, જો તું ગર્ભવતી થઈશ, તો મારી શાળા પાયમાલ થઈ જશે."

હું આ બાબતને સવિસ્તર કહેતો ગયો. "તમને ખબર છે," મેં કહ્યું, "તમે હમણાં જ સમરહિલ આવ્યાં છો. તમારે મન, એનો અર્થ જે કરવાનું મન થાય તે કરવાની સ્વતંત્રતા છે. સ્વાભાવિક રીતે, આ શાળા માટે તમને હજી કોઈ વિશેષ ભાવ નથી. જો તમે અહીં સાત વર્ષની ઉંમરથી હોત, તો મારે આ બાબતનો ઉલ્લેખ કરવાની પણ ક્યારેય જરૂર પડી ન હોત. તમને પોતાને જ શાળા માટે એટલો તીવ્ર લગાવ હોત કે તમે સમરહિલ માટે તેનાં પરિણામોનો પહેલો વિચાર કર્યો હોત." આ સમસ્યા સાથે કામ પાર પાડવાનો એ જ એક માત્ર સંભવિત રસ્તો હતો. સદ્ભાગ્યે, મારે આ વિષય પર તેમની સાથે ક્યારેય બીજી વખત વાત કરવી પડી નહોતી.

કામ

સમરહિલમાં, બાર વર્ષથી ઉપરના દરેક બાળકે અને સ્ટાફના દરેક સદસ્યે, દર અઠવાડિયે શાળાના પરિસરમાં બે કલાક કામ કરવું જ એવો એક કમ્યુનિટી - કાયદો હતો. પ્રતીક રૂપે કલાકના છ પેન્સનું મહેનતાણું રાખવામાં આવ્યું હતું. જો તમે કામ ન કર્યું, તો તમને એક શિલિંગનો દંડ લાગે. શિક્ષકો સહિત થોડાક જણ દંડ ભરીને સંતુષ્ટ હતા. જેટલા લોકો કામ કરતા હતા, તેમાંથી મોટા ભાગનાની નજર ઘડિયાળ પર ચોંટેલી રહેતી. કામમાં રમતનું કોઈ તત્ત્વ નહોતું, અને તેથી તેમાં સૌને કંટાળો આવતો. આ કાયદાને ફરીથી તપાસવામાં આવ્યો, અને બાળકોએ લગભગ સર્વાનુમતે તેને નાબૂદ કર્યો.

થોડાં વર્ષો અગાઉ, સમરહિલમાં અમને નાની અસ્પતાલની જરૂર હતી. અમે તે જાતે જ ચણવાનું - ઈંટ અને સિમેન્ટનું એક પાક્કું મકાન બનાવવાનું નક્કી કર્યું.

અમારામાંથી કોઈએ ક્યારેય ઈંટ પાડી નહોતી, પણ અમે તે શરૂ કર્યું. થોડાંક બાળકોએ પાયા ખોદવામાં અને કેટલીક જૂની દીવાલો તોડી પાડીને તેમાંથી ઈંટો મેળવવામાં મદદ કરી. પણ બાળકોએ મહેનતાણું માગ્યું. અમે મહેનતાણું આપવાની ના પાડી. છેવટે, શિક્ષકો અને મુલાકાતીઓએ મળીને એ હોસ્પિટલનું બાંધકામ પૂરું કર્યું. બાળકો માટે આ કામ અત્યંત નીરસ હતું, અને તેમના યુવાન મગજમાં હોસ્પિટલની આવશ્યકતા એ બહુ દૂર દૂરની વાત હતી. તેમાં તેમને મન પોતાનું કોઈ હિત સમાયેલું નહોતું. પણ થોડાક સમય પછી જ્યારે તેમને સાયકલ માટે બાંધકામવાળું છાપરું જોઈતું હતું, ત્યારે તેમણે સૌએ જાતે મળીને, સ્ટાફની સહેજ પણ મદદ વિના તે બાંધ્યું હતું.

હું અહીં બાળકો વિશે - આપણે વયસ્કો તેમણે જેવાં હોવું જોઈએ તેવું વિચારીએ છીએ તે નહીં - પણ તેઓ ખરેખર જેવાં છે તેના વિશે લખી રહ્યો છું. તેઓ અઢાર કે તેથી વધુ વર્ષનાં થાય નહીં ત્યાં સુધી તેમની સામૂહિક ભાવના - સામાજિક જવાબદારીની ભાવના વિકસતી નથી. તેમનો સ્વાર્થ તરતની બાબતોમાં સમાયેલો હોય છે, અને તેમના માટે જાણે ભવિષ્યનું અસ્તિત્વ જ હોતું નથી.

હજી સુધીમાં મેં ક્યારેય કોઈ આળસુ બાળકને જોયું નથી. કહેવાતી આળસ તે કાં તો રસનો અભાવ અથવા સ્વાસ્થ્યનો અભાવ હોય છે. એક સ્વસ્થ બાળક નિષ્ક્રિય, નવરું રહી શકતું જ નથી; તેણે આખો દિવસ કંઈ ને કંઈ કર્યા કરવું પડે છે. એક વખત હું એવા તંદુરસ્ત જુવાનિયાને જાણતો હતો, જેને એક પ્રમાદી યુવાન ગણવામાં આવતો હતો. ગણિતમાં તેને રસ પડતો નહોતો, પણ શાળા અભ્યાસક્રમની આવશ્યકતાઓ અનુસાર તેણે ગણિત ભણવાનું હતું. સ્વાભાવિક રીતે, તે ગણિત ભણવા માગતો નહોતો, અને તેથી તેના ગણિત શિક્ષકે માની લીધું કે તે આળસુ છે.

મેં તાજેતરમાં જ વાંચ્યું કે જો સાંજ સાથે વીતાવવા નીકળેલું કોઈ યુગલ, એ સાંજનો દરેકેદરેક ડાન્સ કરે, તો તેમણે એ સાંજે પચ્ચીસ માઈલ જેટલું ચાલી નાખ્યું હશે. છતાં પણ તેમને બિલકુલ થાક નહીં લાગે અથવા જરાક જેટલો જ લાગશે, કારણ કે તેમનાં પગલાં એકબીજાં સાથે તાલમાં મળે છે એવું વિચારીને તેમણે આખી સાંજ આનંદ - સંતોષ અનુભવ્યાં હશે. એવું જ બાળક સાથે બને છે. જે છોકરો વર્ગમાં આળસુનું બિરુદ પામે છે તે ફૂટબોલની રમતમાં માઈલો જેટલું દોડે છે.

ભલે કેટલાક છોકરાઓ એન્જિનની ક્ષમતા વધારવામાં, અથવા કાર ધોવામાં, અથવા રેડિયો સેટ બનાવવામાં કલાકોના કલાકો ગુજારતા હોય, પણ બટાકા વાવવા માટે કે ડુંગળીમાંથી નિંદણ કાઢવા માટે એ સત્તર વર્ષના છોકરાઓની મદદ મેળવવી

મને અશક્ય લાગી છે. આ લાક્ષણિકતાને સ્વીકારતા મને બહુ લાંબો સમય લાગ્યો હતો. એક દિવસ જ્યારે હું સ્કોટલૅન્ડમાં મારા ભાઈના બગીચામાં ખોદી રહ્યો હતો ત્યારે મને આ સત્ય લાધવું શરૂ થયું હતું. મને એ કામમાં મજા નહોતી આવતી, અને અચાનક મને સમજાયું કે હું જે બગીચામાં ખોદકામ કરી રહ્યો હતો તે મારો બગીચો નહોતો તેથી તેનું મારે મન કશું જ મહત્ત્વ નહોતું અને તે જ મૂળ વાત હતી. અને મારો બગીચો પણ છોકરાઓને મન કશું જ નહોતો, જ્યારે તેમની મોટરસાયકલો અથવા રેડિયો તેમને મન બહુ મહત્ત્વનાં હતાં. સાચી પરમાર્થવૃત્તિને આવતા બહુ લાંબો સમય લાગે છે, અને એ ક્યારેય પોતાનું સ્વાર્થીપણાનું પાસું ગુમાવતી નથી.

કિશોરો કરતાં નાનાં બાળકો કામ પ્રત્યે ઘણો જ જુદો અભિગમ ધરાવતાં હોય છે. સમરહિલના ત્રણથી આઠ વર્ષના નાનકાઓ, સિમેન્ટ એકરસ કરવામાં કે રેતીની ઠેલણગાડીઓ ભરવામાં કે ઈંટો સાફ કરવામાં ટ્રોજનોની માફક લાગી જાય છે; અને તેઓ કોઈ પણ પ્રકારના ઇનામનો સહેજે વિચાર કર્યા વિના કામ કરે છે. તેઓ ત્યારે પોતાની જાતને મોટાઓ સાથે સરખાવે છે અને તેમને મન તેમનું કામ એ જાણે વાસ્તવિકતામાં ઊતરી આવેલી કોઈ કલ્પના હોય છે.

જો કે, આઠ – નવ વર્ષથી માંડીને છેક ઓગણીસ કે વીસ વર્ષ સુધી, તેમનામાં કોઈ પણ નીરસ શારીરિક શ્રમનું કામ કરવાની કોઈ જ પ્રકારની ઇચ્છા જોવા મળતી નથી. આ મોટા ભાગનાં બાળકો માટે સાચું છે; જો કે બાળપણથી જ મજૂરી કરવાનું ગમતું હોય અને પછી આજીવન કામદાર રહે તેવાં બાળકો પણ હોય છે.

હકીકત એ છે આપણે વયસ્કો ઘણી વાર બાળકોનું શોષણ કરતાં હોઈએ છીએ. "મેરિઅન, દોડીને આ પત્ર ટપાલપેટીમાં નાખી આવ તો..." કોઈ પણ બાળકને પોતાનો ઉપયોગ થાય તે ગમતું નથી. સરેરાશ બાળકના મનમાં તેનાં માતાપિતા તેને ખવડાવે, પહેરાવે છે એવી પ્રતીતિ બહુ આછીપાતળી હોય છે. તેને લાગે છે કે આવી કાળજી પામવી એ તો તેનો કુદરતી અધિકાર છે, પણ પછી તેને પ્રતીતિ થાય છે કે બીજી તરફ માતાપિતા પોતે પણ જે કામો કરવાં ટાળે છે તેવાં, સેંકડો તુચ્છ કામો અને અનેક અણગમતી બાબતો કરવાની તેની પાસેથી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

એક વખત વિદ્યાર્થીઓએ જાતે બાંધેલી એવી અમેરિકાની એક શાળા વિશે મારા વાંચવામાં આવ્યું. હું તેને એક આદર્શ રીત તરીકે વિચારતો હતો. પણ ખરેખર આમ હોતું નથી. જો બાળકોએ જાતે પોતાની શાળા બાંધી હોય, તો તમારે ખાતરી

રાખવી કે ચોક્કસ જ કોઈ હળવા, ઉદાર અધિકારી એવા સજ્જન ત્યાં પોતાની સત્તાના બળે, જોરથી પ્રોત્સાહન આપતી બૂમો પાડતા ઊભા હશે. જ્યારે આવા કોઈ સત્તાધિકારી હાજર ન હોય, ત્યારે બાળકો ખરેખર શાળાઓ બાંધતાં જ નથી.

મારા મત એવો છે કે એક સમજુ સમાજ, બાળકો ઓછાંમાં ઓછાં અઢાર વર્ષનાં ન થાય ત્યાં સુધી તેમને કામ કરવાનું કહેતો નથી. મોટા ભાગનાં છોકરાઓ અને છોકરીઓ, તેઓ અઢાર વર્ષનાં થાય ત્યાં સુધીમાં અઢળક કામ કરે છે, પણ આ પ્રકારનાં કામ તેમને માટે રમત સમાન હોય છે, અને માતાપિતાના દૃષ્ટિકોણથી આ કામો સંભવતઃ આર્થિક રીતે નકામાં હોય છે. જ્યારે પરીક્ષાની તૈયારીઓ કરવા પાછળ વિદ્યાર્થીઓએ જે ગંજાવર કામ કરવું પડે છે તે વિચારું છું ત્યારે હું નિરુત્સાહ બની જાઉં છું. યુદ્ધ પૂર્વે બુડાપેસ્ટમાં, આશરે ૫૦ ટકા વિદ્યાર્થીઓ તેમની મેટ્રિક્યુલેશનની પરીક્ષાઓ પછી શારીરિક કે માનસિક રીતે ભાંગી પડતા હતા તેનું કારણ મને સમજાય છે.

જવાબદાર હોદ્દાઓ સંભાળતા અમારા જૂના વિદ્યાર્થીઓના ઉદ્યમી દેખાવ અંગે અમને અહીં સમરહિલમાં સારા અહેવાલો મળતા રહેવાનું કારણ એ છે કે આ છોકરાઓ અને છોકરીઓએ તેમનો સ્વ – કેન્દ્રિત કલ્પનાઓનો તબક્કો સમરહિલમાં પૂરેપૂરો જીવી લીધો હતો. યુવાન વયસ્કો તરીકે આજે તેઓ, બાળપણના રમત માટેના અજાગ્રત તલસાટ વિના, જિંદગીની વાસ્તવિકતાઓનો સામનો કરવા સક્ષમ છે.

રમત

જ્યાં રમતગમત સૌથી વધુ અગત્યતા ધરાવે છે એવી શાળા તરીકે કદાચ સમરહિલને વર્ણવી શકાય. બાળકો અને બિલાડીનાં બચ્ચાં શા માટે રમે છે તેની મને ખબર નથી. મારું માનવું છે કે એ ઊર્જાને લગતી બાબત છે.

હું અહીં વ્યાયામશાળાઓ અથવા સંગઠિત રમતોના સંદર્ભમાં, રમતગમત વિશે નથી વિચારી રહ્યો; હું પરિકલ્પનાના ઘોડાઓવાળી રમતની વાત કરી રહ્યો છું. સંગઠિત રમતોમાં કૌશલ્ય, હરીફાઈ, જૂથકાર્યની જરૂર પડે છે; પણ બાળકોને રમવા માટે સામાન્ય રીતે કોઈ કૌશલ્યની જરૂર પડતી નથી, તેમાં જરાક અમથી હરીફાઈ અને ભાગ્યે કોઈ જૂથકાર્યની જરૂર રહેતી હોય છે. નાનાં બાળકો બંદૂક અથવા તલવારની રમત જેવી ટોળકીની રમતો રમશે. ફિલ્મોનો યુગ શરૂ પણ નહોતો થયો

તે પહેલાં ક્યારથી બાળકો ટોળકીની રમતો રમતાં આવ્યાં છે. વાર્તાઓ અને ફિલ્મો રમતને કોઈક દિશા આપે છે, પણ આ રમતનાં મૂળભૂત સિદ્ધાન્તો તો તમામ વર્ણનાં, તમામ બાળકોનાં હૃદયમાં વસેલાં જ હોય છે.

સમરહિલમાં છ વર્ષનાં બાળકો દિવસ આખો રમે છે - કલ્પનાઓ સાથે રમે છે. એક બાળકને મન, વાસ્તવિકતા અને કલ્પના એકબીજાની બહુ નજીક હોય છે. જ્યારે એક દસ વર્ષનો છોકરો ભૂત બને છે, ત્યારે બાકીનાં ભૂલકાંઓ આનંદથી ચીસો પાડે છે. તેમને ખબર છે કે એ તો ટોમી જ હતો. તેમણે તેને ચાદર ઓઢતાં જોયો પણ હતો. પણ જેવો એ તેમની તરફ આગળ વધે છે કે તેઓ બધાં જ એકસાથે, ભયથી ચીસાચીસ કરી મૂકે છે.

નાનાં બાળકો કલ્પનાની જિંદગી જીવે છે અને પોતાની કલ્પનાને પોતાની ક્રિયાઓમાં લઈ આવે છે. આઠથી ચૌદ વર્ષના છોકરાઓ ચોર - પોલીસ રમે છે અને હંમેશાં લોકો સાથે અથડાતા રહેતા હોય છે અથવા તો મનોમન પોતાના લાકડાના વિમાન સાથે આકાશમાં ઊડતા રહેતા હોય છે. નાની છોકરીઓ પણ કિશોરાવસ્થાના તબક્કામાંથી પસાર થાય છે, પણ તેમની રમતોમાં બંદૂકો અને તલવારોને સ્થાન હોતું નથી. તે વધુ અંગત હોય છે. મેરીની ટોળકીને નિલીની ટોળકી સામે વાંધો છે, તો તકરારો અને કઠોર શબ્દો સાંભળવા મળે છે. છોકરાઓની હરીફ ટોળકીઓમાં માત્ર રમતગમત પૂરતી દુશ્મની રહે છે. એટલે જ, નાની છોકરીઓ કરતાં નાના છોકરાઓ સાથે રહેવું વધુ આસાન છે.

તેમની કલ્પનાની સીમારેખા ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં અંત પામે છે તે હું આજ સુધી શોધી શક્યો નથી. જ્યારે એક બાળકી નાની રમકડાંની પ્લેટમાં પોતાની ઢીંગલી માટે જમવાનું લાવે છે, ત્યારે શું તે ક્ષણ માટે, તેને મન ખરેખર તેની ઢીંગલી જીવંત હોય છે? શું ઝૂલતો ઘોડો એ સાચો ઘોડો હોય છે? જ્યારે એક નાનો છોકરો બરાડે છે "હાથ ઊંચા કરી ત્યાં જ ઊભા રહી જાઓ" અને પછી બંદૂક ધરે છે, ત્યારે પોતાની બંદૂકને શું તે ખરેખરી બંદૂક માને કે વિચારે છે? હું એવું વિચારવા તરફ ઢળ્યો છું કે તેમનાં રમકડાં સાચુકલાં છે એવું બાળકો ખરેખર કલ્પતાં હોય છે, અને જ્યારે કોઈ અસંવેદનશીલ વયસ્ક તેમની દુનિયામાં ઘૂસી જાય અને તેમને તેમની કલ્પના અંગે યાદ કરાવે ત્યારે જ માત્ર તેઓ નિઃસાસા સાથે પૃથ્વી પર પાછાં ફરતાં હોય છે. કોઈ પણ સહાનુભૂતિશીલ માતાપિતા ક્યારેય બાળકની કલ્પનાને તોડતાં નથી.

છોકરાઓ સામાન્ય રીતે છોકરીઓ સાથે રમતા નથી. છોકરાઓ ચોર - પોલીસ

અને પકડદાવ રમે છે; વૃક્ષોમાં ઝૂંપડીઓ બનાવે છે; ગુફાઓ અને ખાઈઓ ખોદે છે.

છોકરીઓ ભાગ્યે જ કોઈ રમતનું આયોજન કરે છે. ચિરકાળથી ચાલી આવતી શિક્ષક કે ડોક્ટર બનવાની રમત મુક્ત બાળકો માટે અજાણી હોય છે, કારણ કે તેમને કોઈ સત્તાધિકારીની નકલ કરવાની જરૂર જ અનુભવાતી નથી. નાની છોકરીઓ ઢીંગલીઓથી રમે છે; પણ મોટી છોકરીઓને સૌથી વધુ મજા વસ્તુમાં નહીં, પણ લોકોના સંપર્કમાં આવતી હોય છે.

અમારે ત્યાં ઘણીવાર મિશ્ર હોકી ટીમો રહેતી. પત્તાંની રમત અને અન્ય અંદર રમવાની રમતો પણ સામાન્ય રીતે મિશ્ર જાતીય રહેતી.

બાળકોને ઘોંઘાટ અને કાદવ ખૂબ ગમે છે; તેઓ પગથિયાં પરથી કૂદે છે; તેઓ ગમારની જેમ ચીસો પાડે છે; તેમને ફર્નિચર સુદ્ધાંનું કોઈ ભાન રહેતું હોતું નથી. જો તેઓ થપ્પો રમતાં હોય, અને જો તેમના રસ્તામાં વચ્ચે ચિનાઈ માટીની ફૂલદાની આવી જાય - તો તેને જોયા વિના જ તેઓ તેના પરથી ચાલીને જતાં રહેતાં હોય છે.

માતાઓ, મોટાભાગે, પોતાનાં બાળકો સાથે પૂરતું રમતી નથી. તે એમ માનતી હોય એવું લાગે છે કે ઘોડિયામાં એક પોચું ટેડી બેર મૂકી દેવાથી એકાદ - બે કલાક માટે બાળકનો પ્રશ્ન હલ થઈ જશે. તે ભૂલી જાય છે કે બચ્ચાંઓ કોઈ ગલીપચી કરે અને ગળે વળગાડે તેવું ઝંખતાં હોય છે.

બાલ્યાવસ્થા એ રમત - અવસ્થા છે એવું માન્ય રાખીએ તો, સામાન્ય રીતે આપણે વયસ્કો આ હકીકતને કેવી પ્રતિક્રિયા આપીએ છીએ? આપણે તેની ઉપેક્ષા કરીએ છીએ. આપણે તેને સદંતર ભૂલી જઈએ છીએ - કારણ કે આપણા માટે, રમવું એ તો સમયનો નર્યો બગાડ છે. એટલે પછી આપણે શહેરમાં, અનેક ઓરડાઓ ધરાવતી અને શીખવવા માટેનાં મોંઘાંદાટ ઉપકરણો ધરાવતી, એક વિશાળ શાળા ઊભી કરીએ છીએ, પણ તેમની રમતની સ્વયંસ્ફૂર્ત ઇચ્છા માટે આપણે કુલ મળીને કોંક્રીટની એક નાની જગ્યા જ બહુ બહુ તો આપતાં હોઈએ છીએ.

કોઈક એવો દાવો કરી શકે - જેમાં થોડુંક સત્ય પણ છે - કે સમાજનાં અનેક ખરાબ તત્ત્વો એ કોઈ બાળકને ક્યારેય પૂરતું રમવા મળ્યું નથી એ હકીકતને જ આભારી છે. બીજી રીતે કહીએ તો, બાળક પુખ્ત - અવસ્થામાં પહોંચે તેની બહુ પહેલાં જ, દરેક બાળકને ભઠ્ઠીમાં મૂકીને વયસ્કમાં રૂપાંતરિત કરી દેવાય છે.

રમતગમત પ્રત્યે વયસ્કોનો અભિગમ ખાસ્સો મનસ્વી છે. આપણે મોટાઓ, બાળકો માટે સમયપત્રક બનાવીએ છીએઃ નવથી બાર સુધી ભણવાનું અને પછી એક કલાક બપોરના ભોજન માટે, પછી ફરીથી ત્રણ વાગ્યા સુધી ભણવાનું. જો

કોઈ સ્વતંત્ર બાળકને સમયપત્રક બનાવવાનું કહેવામાં આવ્યું હોય, તો તે ચોક્કસ જ રમવા માટે ઘણા બધા તાસ ફાળવશે અને ભણવા માટે માત્ર થોડાક.

બાળકોના રમવા પ્રત્યે વયસ્કોના દુશ્મનાવટભર્યા ભાવના મૂળમાં ડર છે. આ ચિંતાતુર પૃચ્છા મેં સેંકડો વખત સાંભળી છે, "પણ જો મારો દીકરો આખો દિવસ બસ રમ્યા જ કરશે, તો તે ક્યારેય કશું શીખશે કેવી રીતે; તે કયારેય પોતાની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ શકશે?" બહુ ઓછી વ્યક્તિઓ મારો જવાબ સ્વીકારશે, "જો તમારું બાળક તેને જેટલું રમવું છે તેટલું રમી લેશે, તો જીવનના એક પરિબળ તરીકે રમતને ગણતરીમાં ન લેતાં સામાન્ય શાળાનાં પાંચ - છ કે સાત વર્ષોના ભણતરને બદલે, બે વર્ષના સઘન અભ્યાસ પછી કોલેજની પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શકશે."

પણ મારે હંમેશાં ઉમેરવું પડે છે, " તે પણ - જો તે કદી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા માગતો હોય તો!" તેઓ કદાચ બેલે ડાન્સર અથવા એક રેડિયો એન્જિનિયર બનવા માંગતા હોય. તેઓ કદાચ ડ્રેસ ડિઝાઈનર અથવા બાળકોની પરિચારિકા બનવા માગતાં હોય. હા, બાળકના ભવિષ્યનો ડર જ વયસ્કોને, બાળકોને તેમના રમવાના અધિકારથી દૂર કરવા માટે પ્રેરે છે. વાત માત્ર આટલી જ નથી, એ ઉપરાંત ઘણું બધું છે. રમવાને અસ્વીકૃત કરવા પાછળ એક ધૂંધળો નૈતિક આદર્શ છે, એક સૂચન છે કે બાળક હોવું એ બહુ સારી વાત નથી. યુવાન વયસ્કોને આપવામાં આવતા ઠપકામાં - "બાળક ન બન" - આ સૂચન બહુ સારી રીતે વ્યક્ત થાય છે.

જે માતાપિતાઓ પોતાના બાળપણની ઉત્કંઠાઓ ભૂલી ચૂક્યાં છે - કેવી રીતે રમવું ને કેવી રીતે કલ્પનાઓમાં રાચવું તે ભૂલી ચૂક્યાં છે - તે બહુ નબળાં માતાપિતાઓ બને છે. જ્યારે એક બાળક રમવાની ક્ષમતા ગુમાવી દે છે, ત્યારે તે મનથી મૃત બની ગયું ગણાય અને તેના સંપર્કમાં આવનાર કોઈ પણ બાળક માટે જોખમ સમાન હોય છે.

ઈઝરાયેલથી આવેલા શિક્ષકોએ મને ત્યાંનાં સરસ મજાનાં કમ્યુનિટી - કેન્દ્રો વિશે કહ્યું હતું. મને જેના વિશે વાત કરવામાં આવી હતી તે શાળા, એક એવી કમ્યુનિટીનો ભાગ છે, કે જેની પ્રધાન જરૂરિયાત સખત મજૂરી છે. એક શિક્ષકે મને કહ્યું હતું કે જો સજા રૂપે બાળકોને બગીચો ખોદવાની મનાઈ ફરમાવવામાં આવી હોય તો ત્યાં દસ વર્ષનાં બાળકો આંસુ સારે છે. જો દસ વર્ષનું બાળક, તેને બટાકા ખોદતાં રોકવામાં આવ્યું હોય એટલે રડતું હોય, તો મને જરૂર ચિંતા થશે કે કદાચ તે માનસિક ખોડ ન ધરાવતું હોય. બાલ્યાવસ્થા એ રમત - અવસ્થા છે, અને જે કોઈ

પણ કમ્યુનિટી વ્યવસ્થા આ સત્યને અવગણે છે તે ખોટી રીતે કેળવણી આપે છે. મારા મતે, એ ઈઝરાયલી પદ્ધતિ પોતાની આર્થિક આવશ્યકતાઓ માટે નાનાં બાળકોના જીવનનું બલિદાન આપે છે. કદાચ એ અનિવાર્ય હોય, પણ એવી વ્યવસ્થાને હું કદાપિ આદર્શ સમૂહ - જીવન કહેવાની હિંમત કરીશ નહીં.

જે બાળકોને તેઓ જેટલું રમવા માગતાં હતાં એટલું રમવા દેવામાં નથી આવ્યાં તેમને પહોંચેલા નુકસાનનો અંદાજો બાંધવો રસપ્રદ, છતાં અત્યંત મુશ્કેલ છે. મને ઘણી વાર વિચાર આવે છે કે વ્યવસાયી ફૂટબોલ મેચો જોવા માટે એકઠા થયેલા લોકોનાં જબરજસ્ત ટોળાં, મેદાન પર રમતા ખેલાડીઓમાં પોતાની જાતને જોઈને, તેમની અવેજીમાં પોતાને રમતાં જોઈને, ક્યાંક પોતાની બાંધી રાખવામાં આવેલી રમતવૃત્તિને તો જીવવાની કોશિશ તો નહીં કરતા હોય? અમારા સમરહિલના સ્નાતકોમાંથી મોટા ભાગના ફૂટબોલ મેચો જોવા જતા નથી, અને ન તો તે ઠાઠમાઠ - ભપકામાં રસ ધરાવે છે. હું માનું છું કે રાજવી સરઘસ જોવા માટે પણ તેમાંના જૂજ જ ઘણે લાંબે સુધી જશે. સરઘસ તેના પોતાનામાં એક બાલિશ તત્ત્વ ધરાવે છે; તેનો રંગ, રચના, અને ધીમું હલનચલન અમુક અંશે, રમકડાંની સૃષ્ટિ અને સજાવેલી ઢીંગલીઓની યાદ અપાવે છે. કદાચ આ જ કારણોસર પુરુષો કરતાં સ્ત્રીઓને સરઘસ વધુ ગમતાં હોય તેવું લાગે છે. જેમ લોકોની ઉંમર વધતી જાય અને તેઓ વધુ સુસંસ્કૃત બનતા જાય, તેમ તેઓ કોઈ પણ પ્રકારના ઠાઠમાઠ પ્રત્યે ઓછા ને ઓછા આકર્ષાતા જણાશે. રાજ્યના સરઘસોમાંથી, લશ્કરી અધિકારીઓ અને રાજકારણીઓ અને મુત્સદ્દીઓ, કંટાળા સિવાય બીજું કશું મેળવતા હશે કે કેમ તેમાં મને શંકા છે.

મુક્તપણે અને મહત્તમ રમત સાથે ઉછેરાયેલાં બાળકો ટોળાંની માનસિકતાનું વલણ દાખવતાં નથી એવા કેટલાક પુરાવાઓ છે. સમરહિલનાં જૂના વિદ્યાર્થીઓમાંથી, ટોળાંમાં આસાનીથી અને ઉત્સાહપૂર્વક પોકારતાં વિદ્યાર્થીઓ માત્ર એ જ હતાં જેઓ સામ્યવાદી ઝુકાવ ધરાવતાં ઘરોમાંથી આવતાં હતાં.

નાટ્યકળા

સમરહિલ પર શિયાળાના રવિવારની રાત્રિ એટલે અભિનયની રાત્રિ. નાટકોમાં હંમેશાં સરસ હાજરી રહેતી. ઉપરાઉપરી સળંગ છ રવિવારની રાત્રિઓએ મેં નાટ્ય

કાર્યક્રમો ભજવાતા જોયા હતા. પણ કેટલીક વખત નાટ્ય કાર્યક્રમોનાં મોજાં પછી થોડાં અઠવાડિયાંઓ સુધી કાર્યક્રમ ન થાય એવું પણ બનતું.

અહીં પ્રેક્ષકગણ બહુ ટીકાખોર (દોષ - ભૂલો કાઢવાવાળો) હોતો નથી. તે સારી રીતે વર્તે છે - મોટા ભાગના લંડનના પ્રેક્ષકો કરતાં તો ઘણી સારી રીતે વર્તે છે. અમારે ત્યાં ભાગ્યે જ પ્રેક્ષકોમાંથી કર્કશ સિસોટીઓ અથવા પગ પછાડવાના અવાજો સાંભળવા મળે છે.

એક સ્કવેશ - રૅકેટ રમવાની જગ્યાને જ સમરહિલના થિયેટરમાં ફેરવી દેવામાં આવ્યું છે, જે આશરે સોએક લોકોને સમાવવાની ક્ષમતા રાખે છે. તેનો મંચ ખસેડી શકાય તેવો છે કારણ કે તે ખોખાંઓનો બનેલો છે, જેને ઢગલો કરીને પગથિયાં અને પ્લેટફોર્મ રૂપે ગોઠવી શકાય છે. તેમાં યોગ્ય પ્રકાશ માટે, મંદ અને સ્પોટલાઈટની વ્યવસ્થા ધરાવતાં વિકસિત ઉપકરણો છે. પણ તે કોઈ પ્રકારનાં પાર્શ્વ કુદરતી દૃશ્યો ધરાવતું નથી - માત્ર ભૂખરા પડદાઓ જ ધરાવે છે. એટલે જ્યારે અભિનેતાઓને ***"વાડાના છીંડામાંથી ગ્રામજનો પ્રવેશશે"*** એવી સૂચના મળે, ત્યારે તેઓ પડદાને બાજુ પર હડસેલી પ્રવેશે છે.

માત્ર સમરહિલમાં લખાયાં હોય તેવાં નાટકો ભજવવાં એ અમારી શાળાની પરંપરા છે. અને વણલખાયેલ નિયમ એ છે કે જો બાળકોએ લખેલાં નાટકોની તંગી હોય તો અને તો જ કોઈ શિક્ષકે લખેલું નાટક ભજવવું. પાત્રો પોતાનો પહેરવેશ સુદ્ધાં જાતે બનાવે છે, અને મોટા ભાગે તે અસાધારણ રીતે સરસ બનાવવામાં આવ્યો હોય છે. અમારી શાળાનાં નાટકો કરુણાંતિકાઓ કરતાં હાસ્યરસપ્રધાન તથા પ્રહસન તરફ વધુ ઝોક ધરાવતા હોય છે; પણ જ્યારે અમારે ત્યાં કરુણાંતિકા ભજવાય છે ત્યારે તે સરસ રીતે - કેટલીક વખત તો ખૂબ સુંદર રીતે ભજવવામાં આવે છે.

છોકરાઓ કરતાં છોકરીઓ નાટકો લખવાનું વધુ પસંદ કરે છે. નાના છોકરાઓ ઘણી વાર તેમના પોતાનાં નાટકો બનાવે છે, પણ સામાન્ય રીતે તેના હિસ્સાઓ લિખિત રૂપમાં હોતા નથી. તેમને ભાગ્યે જ તેની જરૂર પણ પડે છે, કારણ કે દરેક પાત્રની મુખ્ય લીટી હંમેશાં "મારો...એમને મેથીપાક ચખાડો..." જ હોય છે. નાના છોકરાઓ કુદરતી રીતે જ સંપૂર્ણતાનો આગ્રહ રાખનારા અને તડજોડ ન કરનારા હોવાથી, હંમેશાં આ નાટકોમાં મડદાંઓના ઢગલાના દૃશ્ય સાથે પડદો પડે છે.

તેર વર્ષની એક છોકરી ડાફને, અમને શેરલોક હોમ્સનાં નાટકો લખી આપતી હતી. તેમાંનું એક મને યાદ છે જેમાં એક સિપાઈ, સાર્જન્ટની પત્ની સાથે ભાગી જાય છે. છૂપી પોલીસની મદદથી અને, નિઃસંદેહ, "મારા પ્રિય વોટસન"ની

મદદથી, સિપાઈએ રહેવા માટે ભાડે લીધેલી જગ્યા પરથી સાર્જન્ટ પત્નીનો પત્તો મેળવે છે. એક નોંધનીય દૃશ્યમાં તેમની આંખો મળે છે. ઓરડાની મધ્યમાં હલકી સ્ત્રીઓનું વૃંદ લહેરદાર નૃત્ય કરી રહ્યું હોય છે અને સિપાઈ એક સોફા પર સાર્જન્ટની બેવફા પત્નીની આસપાસ પોતાનો હાથ વીંટાળીને પડ્યો હોય છે. *સિપાઈ એ વખતે સાંજના પોશાકમાં હતો.* ડાફને હંમેશાં પોતાના નાટકોમાં તાદૃશ્ય જીવન નિરૂપવાનો પ્રયાસ કરતી.

ચૌદેક વર્ષ કે તેની આસપાસની છોકરીઓ ક્યારેક કાવ્યપંક્તિઓમાં નાટક લખતી, અને તે મોટા ભાગે સરસ હોતાં. અલબત્ત, કંઈ સ્ટાફમાંના બધા જ કે તમામ બાળકો નાટકો લખતાં નથી.

તફડંચી પ્રત્યે અહીં તીવ્ર અણગમો છે. થોડાક સમય અગાઉ, જ્યારે એક કાર્યક્રમમાંથી એક નાટકને પડતું મૂકવામાં આવ્યું અને મારે ઝડપભેર જગ્યા પૂરવા માટે કામચલાઉ નાટક લખવું પડ્યું, ત્યારે મેં ડબ્લ્યુ. ડબ્લ્યુ. જૅકોબની વાર્તાઓમાંની એક પરથી નાટક લખ્યું હતું. તરત જ બુમરાણ મચી ગઈ, "નકલખોર! ધુતારો!"

સમરહિલનાં બાળકો નાટ્યાત્મક વાર્તાઓ પસંદ કરતાં નથી. ન તો અન્ય શાળાઓમાં અતિ પ્રચલિત એવાં અતિબૌદ્ધિક પ્રકારનાં નાટકો તેમને જોઈએ છે. અમારાં બાળકો ક્યારેય શેક્સપિઅર ભજવતાં નથી; પણ ક્યારેક હું શેક્સપિઅરી પ્રહસન લખું છું, જેમ કે, જેમાં શેક્સપિઅરના જમાનાની અંગ્રેજી ભાષા અને એક જાસૂસી વાર્તા - સામયિકની ભાષાનું મિશ્રણ હોય તેવું *અમેરિકન ગૅંગસ્ટર સાથે જુલિયસ સિઝર પ્રહસન.*

ક્લિઓપેટ્રાની ભૂમિકા ભજવતી મેરી જ્યારે મંચ પરના તમામને ચાકુ ભોંકી દે છે ત્યારે સમગ્ર શ્રોતાગણ ઠરી જાય છે; અને પછી, પોતાના ચાકુનું પાનું જોતાં જોતાં, તે મોટેથી શબ્દો વાંચે છે, "સ્ટેનલેસ સ્ટીલ" અને તેને પોતાની છાતીમાં ખોસી દે છે.

વિદ્યાર્થીઓની અભિનય ક્ષમતા ઊંચી કક્ષાની હોય છે. સમરહિલના વિદ્યાર્થીઓને મંચનો કે પ્રેક્ષકોનો ડર લાગતો નથી. નાનાં બાળકોને અભિનય કરતાં જોવાં એ અત્યંત આહ્લાદપૂર્ણ અનુભવ છે. તેઓ પોતાનો ભાગ સંપૂર્ણ સહૃદયતાથી ભજવે છે. છોકરાઓ કરતાં છોકરીઓ વધુ રાજીખુશીથી અભિનય કરે છે. અલબત્ત, દસ વર્ષથી નીચેના છોકરાઓ, તેમનાં પોતાનાં ગૅંગસ્ટર નાટકો સિવાય ભાગ્યે જ અભિનય કરે છે; અને કેટલાંક બાળકો ક્યારેય અભિનય કરતાં નથી, ન તો તેમ કરવાની ઇચ્છા ધરાવે છે.

અમારા લાંબા અનુભવથી અમને ખબર પડી છે કે જે જીવનમાં અભિનય કરે છે

તે ખરાબમાં ખરાબ અભિનેતા હોય છે. આવું બાળક ક્યારેય પોતાનામાંથી બહાર આવી શકતું નથી અને તે મંચ પર પોતાના પ્રત્યે વધુ પડતું સભાન થઈ જાય છે. કદાચ વધુ પડતું સભાન થવું એ ખોટો શબ્દપ્રયોગ હોઈ શકે; ખરેખર તો બીજાઓ તમને જોઈ રહ્યાં છે એ બાબતનું વધુ પડતું ભાન હોવું એવા અર્થમાં તે વાપરવામાં આવ્યો છે.

અભિનય એ કેળવણીનો અનિવાર્ય હિસ્સો છે. તે ઘણા અંશે પ્રદર્શનવૃત્તિ હોય છે; પણ સમરહિલ પર જ્યારે અભિનય માત્ર પ્રદર્શનવૃત્તિ જ બની રહે, ત્યારે અભિનેતા/અભિનેત્રી પ્રશંસા પામતા નથી.

એક અભિનેતા તરીકે, વ્યક્તિ પાસે પોતાની જાતને અન્યોમાં ઢાળવાની તીવ્ર શક્તિ હોવી જોઈએ. વયસ્કો, ક્યારેય પોતાને અન્ય રૂપે ઢાળવાની આ બાબતથી અભાન હોતા નથી; વયસ્કોને ખબર હોય છે કે તેઓ અભિનય કરી રહ્યા છે. પણ નાનાં બાળકોને ખરેખર એવી ખબર હોય છે કે કેમ તેમાં મને શંકા છે. ઘણીય વાર બાળક જ્યારે પ્રવેશે અને તેને સૂચનારૂપે પૂછવામાં આવે કે "તું કોણ છે?", ત્યારે "હું છું ભયાનક ભૂત!" કહેવાને બદલે તે જવાબ આપશે, "હું છું પીટર."

સૌથી નાનાં બાળકો માટે લખાયેલાં નાટકોમાંથી એકમાં, એક વખત સાચેસાચી જમવાની વાનીઓ સાથેનું રાત્રિભોજનનું દશ્ય હતું. ત્યારે અભિનેતાઓને બીજા દશ્ય માટે આગળ વધવાનું યાદ દેવડાવતાં પડદાં પાછળના સંયોજકોને ખાસ્સો સમય ને ખાસ્સી ચિંતા થઈ હતી. પ્રેક્ષકો જોઈ રહ્યા છે એવા કોઈ જ ભાન વિના, તેમના પ્રત્યે સંપૂર્ણ બેધ્યાન બની બાળકો દાબી દાબીને જમી રહ્યાં હતાં.

આત્મ - વિશ્વાસ પ્રાપ્ત કરવાની એક પદ્ધતિ અભિનય છે. પણ કેટલાંક બાળકો જેમણે ક્યારેય અભિનય નથી કર્યો તે મને કહે છે કે તેઓ અભિનય - પ્રદર્શનો એટલા માટે ધિક્કારે છે કારણ કે તેનાથી તેમને બહુ લઘુતા અનુભવાય છે. આ એક એવી મુશ્કેલી છે જેના માટે મને કોઈ ઉપાય જડ્યો નથી. સામાન્ય રીતે આવું બાળક, સાહસ માટે બીજા કોઈ ક્ષેત્રમાં ઝુકાવે છે, જ્યાં એ પોતાની મહત્તા દર્શાવી શકે. એવો એક મુશ્કેલ કિસ્સો એક છોકરીનો હતો, જેને અભિનય કરવો બહુ ગમતો હતો, પણ તે અભિનય કરી શકતી નહોતી. આવી છોકરીને પાત્રોની યાદીમાંથી ભાગ્યે જ બાકાત રાખવામાં આવતી, તે શાળાના સારા શિષ્ટાચાર અંગે ઘણું કહી જાય છે.

તેર અને ચૌદ વર્ષનાં છોકરા - છોકરીઓ પ્રેમ - દશ્યો ભજવવાં તૈયાર થતાં નથી, પણ નાનાં બાળકો કોઈ પણ ભાગ આસાનીથી અને આનંદપૂર્વક ભજવશે.

જો આ પ્રેમ - દશ્યો એ રમૂજી ભાગ હોય તો પંદર વર્ષથી ઉપરના મોટા વિદ્યાર્થીઓ તે ભજવશે. માત્ર એક કે બે મોટા વિદ્યાર્થીઓ જ ગંભીર પ્રેમ - દશ્યો ભજવવા તૈયાર થાય છે. જ્યાં સુધી વ્યક્તિએ પ્રેમનો અનુભવ ન કર્યો હોય ત્યાં સુધી પ્રેમનાં દશ્યો સરસ રીતે ભજવી શકાતાં નથી. છતાં જે બાળકોએ તેમની વાસ્તવિક જિંદગીમાં ક્યારેય દુઃખને જાણ્યું નથી, તે શોકગ્રસ્ત ભાગ ઉત્તમ રીતે ભજવી શકે છે. નાટકના રિહર્સલોમાં શોકગ્રસ્ત હિસ્સાઓ ભજવતી વખતે મેં વર્જીનિયાને ભાંગી પડતાં અને રડતાં જોઈ છે. દરેક બાળકે કલ્પનામાં દુઃખને જાણ્યું હોય છે તેની આ હકીકત સાખ પૂરે છે. ખરેખર તો, દરેક બાળકનાં કલ્પના જગતમાં મૃત્યુ ઘણું વહેલું પ્રવેશી જતું હોય છે.

બાળકો માટેનાં નાટકો, બાળકોનાં સ્તરનાં જ હોવાં જોઈએ. બાળકોને, જે તેમની ખરેખરી કલ્પનાની જિંદગી કરતાં ખૂબ વેગળાં હોય છે તેવાં, શાસ્ત્રીય(ક્લાસિકલ) નાટકો ભજવવાનું કહેવું એ ખોટું છે. તેમનાં નાટકો, તેમનાં પુસ્તકોની જેમ, તેમની ઉંમર પ્રમાણેનાં હોવાં જોઈએ. સમરહિલનાં બાળકો ભાગ્યે જ સ્કોટ અથવા ડિકન્સ અથવા થેકરેયને વાંચે છે, કારણ કે આજનાં બાળકો સિનેમા યુગનાં બાળકો છે. જ્યારે એક બાળક સિનેમા જોવા જાય છે, ત્યારે તેને ત્યાં *વેસ્ટવાર્ડ હો!* જેવી લાંબીલચ વાર્તા - એવી જેને વાંચતાં તેને દિવસો લાગ્યા હોત એ વાર્તા - તેને લોકો અને દશ્યોનાં તમામ કંટાળાજનક વર્ણનો વિના, માત્ર સવા કલાકમાં મળી જાય છે. એટલે પોતાનાં નાટકોમાં બાળકોને એલ્સીનોરની વાર્તા જોઈતી નથી; તેમને તો તેમના પોતાના વાતાવરણની વાર્તા જોઈએ છે.

આમ તો સમરહિલનાં બાળકો તેમણે પોતે લખેલાં નાટકો ભજવતાં હોય છે, પણ જ્યારે તક મળે, ત્યારે તેઓ કોઈ ખરેખર સુંદર હોય તેવા નાટકને પણ ઉત્સાહપૂર્વક વધાવી લેતાં હોય છે. એક શિયાળામાં, હું અઠવાડિયે એક વખત મોટા વિદ્યાર્થીઓને નાટક વાંચી સંભળાવતો હતો. મેં તેમને બેરી, ઈબ્સેન, સ્ટ્રીન્ડબર્ગ, ચેખોવનાં તમામ નાટકો અને શૉ અને ગાલ્સવર્ધીના કેટલાંક, અને *ધ સિલ્વર કોર્ડ* અને *ધ વૉર્ટેક્સ* જેવાં કેટલાંક આધુનિક નાટકો વાંચી સંભળાવ્યાં. અમારાં શ્રેષ્ઠ અભિનેતાઓ અને અભિનેત્રીઓને ઈબ્સેન ગમ્યો.

મોટા વિદ્યાર્થીઓ મંચની યુક્તિઓમાં રસ લેતા અને તેને મૌલિક દષ્ટિકોણથી જોતા. નાટકલેખનમાં કદી પણ કોઈ પાત્રને મંચ છોડીને જતી વખતે, એમ કરવા માટેનું કંઈક કારણ દર્શાવ્યા વિના જવા દેવામાં આવતું નથી, એ નાટકલેખનની સમયથી તવાયેલી યુક્તિ છે. જ્યારે નાટ્યકાર પિતાથી મુક્તિ ઈચ્છતો હોય, જેથી

પત્ની અને દીકરી એકબીજાને "બુઢ્ઢો કેટલો મૂરખ છે" એમ કહી શકે, ત્યારે તે ઘરડા બાપને ઉપકાર કરતો હોય તેમ ઊભો થતા અને "સારું, હવે હું જાઉં છું અને જોઉં છું કે માળીએ કોબીને બરાબર વાવી છે કે કેમ," બોલીને મંચ પરથી જતો દર્શાવે છે. અમારા સમરહિલના નાના નાટ્યકારો પાસે વધુ સીધી યુક્તિ છે. એક છોકરીએ મને કહ્યું હતું તેમ, "વાસ્તવિક જીવનમાં તમે શા માટે જઈ રહ્યા છો તેના વિશે કશું જ કહ્યા વિના, તમે કમરામાંથી બહાર જાવ છો." આપણે એવું કરીએ છીએ, અને સમરહિલના રંગમંચ પર પણ, તમે એવું જ કરો છો.

નાટ્યકળાની અમુક ચોક્કસ શાખાનો સમરહિલમાં વિશેષ અભ્યાસ કરવામાં આવે છે, જેને અમે સ્વયંસ્ફૂર્ત અભિનય કહીએ છીએ. હું અભિનય માટે આ પ્રમાણે સૂચનાઓ આપું છું: *કાલ્પનિક જેકેટ પહેરો; તેને ફરીથી કાઢી નાખો અને ખીલી પર લટકાવો. પુષ્પોનો ગુચ્છો ઉપાડો અને તેમાંથી કાંટા શોધો. તમારા પિતાનું (અથવા માતાનું) અવસાન થયું છે એવું કહેતો ટેલિગ્રામ ઉઘાડો. રેલમાર્ગના રેસ્ટરાંમાં ઉતાવળે જમો અને રખે ને ટ્રેન તમારા વિના ઉપડી જાય તે વિચારો કરી કરીને ઉચાટ અનુભવો.*

ક્યારેક અભિનય એ કેવળ સંવાદ આધારિત હોય છે. ઉદાહરણ તરીકે, હું એક ટેબલ પર બેસું છું અને જાહેર કરું છું કે હું હારવિચનો એક ઈમિગ્રેશન અધિકારી છું. દરેક બાળકે એક કાલ્પનિક પાસપોર્ટ રાખવાનો છે અને મારા પ્રશ્નોના જવાબ આપવા માટે તૈયાર રહેવાનું છે. આમાં બહુ મજા આવતી.

વળી ક્યારેક, હું એક ફિલ્મ - નિર્માતા બનતો, જે સંભવિત પાત્રો માટે ઈન્ટર્વ્યૂ લઈ રહ્યો છે, અથવા એક બિઝનેસમેન બનતો, જેને એક મદદનીશ જોઈએ છે. એક વખત હું જેણે લહિયા(એમેન્યુએન્સિસ) માટે જાહેરાત આપી હતી તેવો માણસ બન્યો હતો. એક પણ બાળકને આ શબ્દનો અર્થ શું થાય તે ખબર નહોતી. જાણે તેનો અર્થ મેનિક્યોરિસ્ટ (હસ્ત - સૌંદર્ય વધારનાર) થતો હોય તેમ માની એક છોકરીએ અભિનય કર્યો અને તેના કારણે સારા એવા હાસ્યતરંગો ફેલાયા.

સ્વયંસ્ફૂર્ત અભિનય એ શાળા થિયેટરની સર્જનાત્મક બાજુ - મહત્ત્વની બાજુ છે. સમરહિલ પર સર્જનાત્મકતા માટે બીજા કશા કરતાં પણ વધુ કામ અમારા થિયેટરે આપ્યું હતું. નાટકમાં અભિનય કોઈ પણ કરી શકે છે, પણ દરેક જણ નાટક લખી શકતું નથી. ભલે આછીપાતળી, પણ બાળકોને એ અનુભૂતિ હશે જ, કે ફેરભજવણીઓ અને નકલને બદલે તેમની માત્ર મૌલિક, જાતે વિકસાવેલાં નાટકો ભજવવાની પરંપરા, સર્જનાત્મકતાને વધુ પ્રોત્સાહન આપે છે.

નૃત્ય અને સંગીત

નૃત્યમાં મશગૂલ થઈએ - પણ નિયમો મુજબ! અને વિચિત્ર બાબત એ છે કે લોકોનું ટોળું, એક ટોળા તરીકે નિયમોને માન્ય રાખે છે, ભલે પછી એ જ વખતે, આ ટોળાને ટોળું બનાવતી દરેક વ્યક્તિ, નિયમોને ધિક્કારવામાં સર્વસંમત હોય.

મારે મન લંડનનો એક બોલરૂમ(નૃત્યખંડ) એ ઈંગ્લેન્ડ શું છે તેનું પ્રતીક છે. નૃત્ય કે જે એક વ્યક્તિગત અને સર્જનાત્મક આનંદ હોવો ઘટે, તેને એક અક્કડ ચાલ સુધીની નિમ્નતાએ લાવી મુકાયું છે. એક યુગલ અદલોઅદલ બીજા યુગલ જેવું જ નાચે છે. ટોળાની રૂઢિચુસ્તતા મોટા ભાગના નૃત્યકારોને મૌલિક બનતા અટકાવે છે. છતાં નાચવાનો આનંદ એ શોધનો આનંદ છે. જ્યારે આ શોધનો ભાગ નીકળી જાય છે, ત્યારે તે યાંત્રિક અને કંટાળાજનક બની જાય છે. અંગ્રેજી નૃત્યછટા છેવટે ભાવના અને મૌલિકતા પ્રત્યેનો અંગ્રેજોનો ડર વ્યક્ત કરે છે.

જો નૃત્ય જેવી આનંદની બાબતમાં પણ સ્વતંત્રતાને કોઈ અવકાશ ન હોય, તો જીવનનાં વધુ ગંભીર પાસાંઓમાં તેને શોધવાની અપેક્ષા આપણે કેવી રીતે રાખી શકીએ? જ્યાં વ્યક્તિ તેનાં પોતાનાં નૃત્યનાં ડગલાં (નૃત્યછટાઓ) શોધવાની હિંમત ન કરી શકે, ત્યાં જો તે પોતાનાં ધાર્મિક, શૈક્ષણિક અથવા રાજકીય પગલાં શોધવાની હિંમત કરે તો તેને ચલાવી લેવામાં આવે તે અસંભવ છે!

સમરહિલમાં, દરેક કાર્યક્રમમાં નૃત્યનો સમાવેશ હોય છે. તેનું આયોજન અને ભજવણી હંમેશાં છોકરીઓ કરે છે, અને તેઓ તેને સરસ રીતે કરે છે. તેઓ શાસ્ત્રીય સંગીત પર નાચતાં નથી; તે હંમેશાં જાઝ જ હોય છે. ગેર્શવિનનું *એન અમેરિકન ઈન પેરિસ*નું સંગીત ધરાવતો એક બેલે અમારી પાસે હતો. મેં તેના માટે વાર્તા લખી અને છોકરીઓએ તેને નૃત્યનાટિકામાં ફેરવી. સાચું કહું તો મેં લંડનના મંચ પર તેના કરતાં ઘણાં ખરાબ નૃત્યો જોયાં છે.

સેક્સમાંના અજાગ્રત રસને વહેવા માટે નૃત્ય એક ઉત્તમ માર્ગ આપે છે. હું એને અજાગ્રત કહું છું કારણ કે કોઈ છોકરી ખૂબ રૂપાળી હોઈ શકે છે, પણ જો તે ખરાબ નૃત્યાંગના છે, તો તેને ઘણા નૃત્યસાથીઓ મળશે નહીં.

લગભગ દરરોજ રાતે અમારો અંગત દીવાનખંડ બાળકોથી ભરાઈ જાય છે. અમે મોટા ભાગે ફોનોગ્રાફ રેકોર્ડો વગાડીએ છીએ અને અહીં ઊભી થાય છે અસહમતિ. બાળકોને 'ડ્યૂક ઈલિંગ્ટન' અને 'એલ્વીસ પ્રિસ્લી' જોઈતા હોય છે અને હું એમને ધિક્કારું છું. મને 'રાવેલ', 'સ્ટ્રાવિન્સકી' અને 'ગેર્શવિન' ગમે છે. ક્યારેક હું જાઝથી

ત્રાસી જાઉં છું ત્યારે "આ મારો ઓરડો છે અને મને જે ગમશે તે હું વગાડીશ" એમ કહીને હું કાયદાને બાજુ પર ખસેડી દઉં છું.

રોઝેનકાવેલિઅર ત્રયી અથવા માઈસ્ટરસિંગર પંચમ મારા ઓરડાની ભીડને સાફ કરી નાખે છે. પણ પછી, કેટલાંક બાળકો એવાં પણ હોય છે જેમને શાસ્ત્રીય સંગીત અથવા શાસ્ત્રીય રંગચિત્રો પસંદ હોય છે. અમે ક્યારેય તેમને ઉચ્ચ કક્ષાનો રસ કેળવવા તરફ દોરતાં નથી - ભલે તેનો અર્થ ગમે તે થાય.

ખરેખર, વ્યક્તિને બિથોવન પસંદ છે કે ગરમાગરમ જાઝ, તેની સાથે જીવનમાં વ્યક્તિના ખુશહાલ હોવાને કોઈ લેવાદેવા હોતા નથી. જો શાળાઓ પોતાના અભ્યાસક્રમમાંથી બિથોવનને પડતો મૂકે અને જાઝનો સમાવેશ કરે તો તેમને વધુ સફળતા મળશે. સમરહિલમાં, જાઝ બેન્ડમાંથી પ્રેરણા લઈને, ત્રણ છોકરાઓએ સંગીત વાદ્યો હાથમાં ઉપાડ્યાં હતા. તેમાંથી બે જણે ક્લેરિનેટ ખરીદ્યાં અને એક જણે તૂરી (ટ્રમ્પેટ) પસંદ કરી. શાળા છોડ્યા પછી, તે ત્રણે સંગીતની રોયલ એકેડમીમાં અભ્યાસ માટે જોડાયા હતા. આજે, એ ત્રણે માત્ર શાસ્ત્રીય સંગીત જ વગાડતાં ઓરકેસ્ટ્રાઓમાં વાદ્યો વગાડે છે. હું ધારું છું કે તેમની સંગીતની રુચિમાં આવેલી આ ઉન્નતિનું કારણ એ હોઈ શકે કે તેઓ જ્યારે સમરહિલ પર હતા, ત્યારે તેમને દરેકને ડ્યૂક ઈલિંગ્ટન અને બાક, કે પછી અન્ય કોઈ પણ સંગીતકારને સાંભળવાની પૂરેપૂરી છૂટ હતી.

રમતગમત

મોટા ભાગની શાળાઓમાં રમતગમત ફરજિયાત હોય છે. અરે મેચો જોવાનું સુદ્ધાં ફરજિયાત હોય છે. સમરહિલમાં, ખેલકૂદ, વર્ગોની જેમ જ, મરજીની વાત હોય છે.

એક છોકરો દસ વર્ષથી શાળામાં હતો, પણ તેણે ક્યારેય ખેલકૂદમાં હિસ્સો લીધો નહીં અને તેને રમત રમવાનું કદી કહેવામાં પણ આવ્યું નહીં. પણ મોટા ભાગનાં બાળકોને રમતો ગમે છે. નાનાં બાળકો રમતોનું આયોજન કરતાં નથી. તેઓ ચોર - પોલીસ અથવા રેડ ઈન્ડિયન્સ રમે છે. તેઓ ઝાડ પર ઝૂંપડીઓ બાંધે છે અને નાનાં બાળકો સામાન્ય રીતે કરે તેવી તમામ પ્રવૃત્તિઓ કરે છે. તેઓ હજી સહકારના તબક્કા સુધી પહોંચ્યા ન હોવાથી, તેમને રમત આયોજિત કરીને આપવી જોઈએ

નહીં. સંગઠિત રમત અને ખેલકૂદ સાચા સમયે પોતાની મેળે જ સ્ફુરે છે.

સમરહિલ પર, શિયાળામાં હોકી અને ઉનાળામાં ટેનિસ એ અમારી મુખ્ય રમતો હતી. જોડીમાં ટેનિસ રમવાનું હોય ત્યારે બાળકો સાથે એક મુશ્કેલી નડતી - તેમની પાસેથી સારું જૂથકાર્ય મેળવવું અઘરું છે. હોકીમાં તો જૂથકાર્ય હોય જ તેવું તેઓ માન્ય રાખે છે; પણ ઘણી વાર જોડીમાં રમતાં બે ટેનિસના ખેલાડીઓ, એક જ એકમ તરીકે રમવાને બદલે જુદી જુદી વ્યક્તિ તરીકે વર્તે છે. જ્યારે સત્તર વર્ષની વયની આસપાસ જૂથકાર્ય સહેલાઈથી મળી શકે છે.

તમામ ઉંમરનાં બાળકોમાં તરણ સૌથી લોકપ્રિય છે. સિઝવેલ ખાતેનો દરિયાકિનારો એ બાળકો માટે બહુ સારો દરિયાકિનારો નથી, કારણ કે અહીં હંમેશાં મોટી ભરતી આવતી હોય છે. બાળકોને બહુ ગમતો ખડકો સાથેનો લાંબો રેતાળ દરિયાકિનારો અને નાના ધરાઓ અમારા કિનારા પર જોવા મળતા નથી.

અમારી પાસે શાળામાં કોઈ કૃત્રિમ વ્યાયામશાળા નથી, ન તો મને તે જરૂરી લાગી છે. બાળકોને જરૂરી હોય તેવો તમામ વ્યાયામ તેમને તેમની રમતો, તરવા, નાચવા અને સાયકલ ચલાવવામાંથી મળી જાય છે. મુક્ત બાળકો વ્યાયામના વર્ગોમાં જાય કે કેમ તે બાબતે પણ મને શંકા છે. અંદર રમાતી રમતોમાં અમારી પાસે ટેબલ ટેનિસ, ચેસ અને પત્તાં છે.

નાનાં બાળકો માટે છીછરું તળાવ, એક રેતીનો ઢગલો, સામસામે બેસી વારાફરતી ઉપર - નીચે જવાનો હીંચકો અને ઝૂલા છે. જ્યારે પણ હૂંફાળો દિવસ હોય, ત્યારે હંમેશાં આ રેતીનો ઢગલો મેલાં બાળકોથી ભરેલો રહે છે; અને નાનકાઓની હંમેશાં એવી ફરિયાદ રહે છે કે મોટાં બાળકો આવીને તેમનો રેતીનો ઢગલો વાપરે છે. એવું લાગે છે કે અમારે મોટાં બાળકો માટે પણ એક રેતીનો ઢગલો તો રાખવો જ જોઈશે. બાળકોમાં રેતી અને કાદવના ખાબોચિયામાં રમવાનો સમયગાળો અમારી ધારણા કરતાં ઘણો લાંબો ચાલ્યો છે.

રમતગમત માટે ઇનામો આપવા બાબતેની અમારી વિસંગતતા અંગે અમારે ત્યાં ઘણી ચર્ચાવિચારણા અને વાદવિવાદ થયાં હતાં. શાળાના અભ્યાસક્રમમાં કોઈ પણ પ્રકારનાં ઇનામો અથવા ગુણાંકોને સ્થાન નહીં આપવાનો અમારો અડગ નિર્ધાર એ આ વિસંગતતાનું મૂળ હતો. ઇનામ આપવા સામે વિરોધ નોંધાવતી દલીલ એ હતી કે કોઈ પણ વસ્તુ તેના પોતાના માટે થઈને થયેલી હોવી જોઈએ, ઇનામ માટે નહીં, અને તે દલીલ ખરેખર સાચી પણ છે. એટલે ક્યારેક અમને પૂછવામાં આવે છે કે ટેનિસ માટે ઇનામ આપવાનું કેવી રીતે સાચું છે અને ભૂગોળ માટે આપવાનું

કેવી રીતે ખોટું છે. મારા ધારવા પ્રમાણે તેનો જવાબ એ છે કે ટેનિસની રમત એ કુદરતી રીતે સ્પર્ધાત્મક છે અને બીજા ખેલાડીને હરાવવો એ તેનું મૂળ તત્ત્વ છે. પણ ભૂગોળના અભ્યાસમાં એવું નથી. જો હું ભૂગોળ જાણતો હોઉં, તો મારા બીજા સાથીને મારા કરતાં ઓછી કે વધુ ભૂગોળ ખબર છે એની હું ખરેખર સહેજે પરવા કરતો નથી. હું જાણું છું કે બાળકોને રમતો માટે ઇનામો જોઈતાં હોય છે, અને શાળાના વિષયો માટે તેમને ઇનામો મેળવવાની કોઈ ઇચ્છા હોતી નથી - કમસે કમ સમરહિલમાં તો નથી જ હોતી. સમરહિલમાં, અમે અમારા રમતગમતના વિજેતાઓને, કોઈ પણ હિસાબે, પરાક્રમી કે હીરો બનાવી દેતા નથી. હોકી ટીમના કપ્તાન હોવાથી શાળાની સામાન્ય સભામાં ફ્રેડ નામના બાળકના અવાજને વધુ વજનદાર ગણવામાં આવતો નથી.

સમરહિલમાં રમતગમત તેના યોગ્ય સ્થાને છે. એક પણ રમતગમતમાં સહભાગી ન બનનારા છોકરા તરફ ક્યારેય તિરસ્કારથી જોવામાં આવતું નથી અને ક્યારેય તેને ઊતરતો ગણવામાં આવતો નથી. જ્યારે બાળકો, બાળકો બની રહેવા માટે મુક્ત હોય છે ત્યારે "જીવો અને જીવવા દો" જીવનસૂત્રને તેની આદર્શ અભિવ્યક્તિ મળે છે. મને પોતાને રમતગમતમાં સહેજ જેટલો જ રસ છે, પણ હું સારા ખેલદિલીપણામાં ઘણો રસ ધરાવું છું. જો સમરહિલના શિક્ષકો રમવા ન માંગતા બાળકોને પ્રેરવા એમ કહેતા હોત કે, "ચાલો, આવી જાવ છોકરાઓ, મેદાન પર ઊતરો!" - તો સમરહિલમાં રમતગમત અવળે માર્ગે ચઢી ગઈ હોત. રમવા કે નહીં રમવાની સ્વતંત્રતામાં જ, વ્યક્તિની ખરી ખેલદિલી વિકસી શકે છે.

બ્રિટિશ સરકારના નિરીક્ષકોનો અહેવાલ

શિક્ષણ મંત્રાલય

૨૦ અને ૨૧ જૂન, ૧૯૪૯ના કરવામાં આવેલી તપાસના આધારે

સમરહિલ સ્કૂલ,

લૈસન, સફક પૂર્વ

અંગે નામદાર સરકારના નિરીક્ષકોનો અહેવાલ

નોંધ

૧. આ અહેવાલ ગોપનીય છે અને શાળાના સ્પષ્ટ નિર્દેશ વિના તેનું પ્રકાશન થવું જોઈએ નહીં. જો તેને પ્રકાશિત કરવામાં આવે, તો તેને સમગ્રપણે જ પ્રકાશિત કરવાનો રહેશે.

૨. આ અહેવાલના માલિકીહક્ક નામદાર સરકારની સ્ટેશનરી ઓફિસના નિયંત્રકને સુપ્રત કરવામાં આવ્યા છે. જ્યાં સુધી પુનરુત્પાદનમાં સામેલ તમામ પક્ષો સ્પષ્ટ હોય કે અહેવાલનો માલિકીહક્ક નિયંત્રકના હસ્તે છે ત્યાં સુધી આ અહેવાલના પુનરુત્પાદન સામે નિયંત્રક કોઈ વાંધો ધરાવતા નથી.

૩. આ અહેવાલ જારી કરવાથી તે કોઈ પણ પ્રકારે મંત્રી તરફથી માન્યતા દર્શાવતો નથી એ બાબતે સ્પષ્ટતા હોવી ઘટે.

શિક્ષણ મંત્રાલય
કુર્ઝન સ્ટ્રીટ
લંડન, ડબ્લ્યુ.૧ — આઈએનડી (IND): ૩૮બી/૬/૮

વિશ્વભરમાં આ શાળા એવી રીતે પ્રખ્યાત છે કે જ્યાં ક્રાંતિકારી શૈક્ષણિક પ્રયોગો થઈ રહ્યા છે અને જ્યાં તેના હેડ માસ્તરની, વ્યાપક રીતે જાણીતી અને ચર્ચાયેલી, પ્રકાશિત થિયરીઓને વ્યવહારમાં મૂકવામાં આવે છે. તેના નિરીક્ષણનું કામ કઠણ અને રસપ્રદ સાબિત થયું. કઠણ એટલા માટે કે નિરીક્ષકો જેનાથી ટેવાયેલા છે તે શાળાઓની કામગીરી અને આ શાળાની કામગીરી વચ્ચે મોટો તફાવત છે, અને રસપ્રદ એટલા માટે કે અહીં આપવામાં આવતા શિક્ષણની, માત્ર તપાસ કે નિરીક્ષણ કરવાની નહીં, પણ તેનું મૂલ્ય આંકવાનો પ્રયાસ કરવા માટેની તક પણ આપવામાં આવી.

શાળામાંના તમામ વિદ્યાર્થીઓ નિવાસી છે અને તેની વાર્ષિક ફી ૧૨૦ પાઉન્ડ છે. સ્ટાફને ઓછો પગાર આપતાં હોવા છતાં (જેના વિશે પાછળથી ઉલ્લેખ કરવામાં આવશે), આટલી રકમમાં શાળાને ચલાવવી હેડ માસ્તરને મુશ્કેલ લાગે છે, અને માતાપિતાઓની આર્થિક સ્થિતિ જોતાં તેઓ આ રકમ વધારવા બાબતે અનિચ્છા ધરાવે છે. અલબત્ત, અનેક સ્વતંત્ર નિવાસી શાળાઓની સરખામણીમાં, ફી ઘણી ઓછી અને સ્ટાફનો ગુણોત્તર વધુ છે, છતાં હેડમાસ્તરે જે આર્થિક મુશ્કેલીઓની ફરિયાદ કરી તે બાબતે તપાસ અધિકારીઓને થોડું આશ્ચર્ય થાય છે. હિસાબ અને

ખર્ચાઓની ઝીણવટભરી તપાસ જ માત્ર દર્શાવી શકશે કે કોઈ પણ નુકસાન વિના, ખર્ચ પર કાપ મૂકવો શક્ય છે કે કેમ અને આ પ્રકારની ઝીણવટભરી તપાસ કોઈક સ્વતંત્ર અને અનુભવી સ્રોત પાસે કરાવવી એ હિતાવહ રહેશે. દરમ્યાનમાં એટલું કહી શકાય કે ભલે બીજી જે પણ ઊણપ હશે તે હશે, પણ બાળકોને અહીં સારી રીતે અને ખૂબ ખવડાવવામાં આવે છે.

હેડ માસ્તરનાં પુસ્તકોના વાચકો આ શાળામાં જે સિદ્ધાન્તો અમલમાં મૂકવામાં આવે છે તેનાથી સારી પેઠે વાકેફ હશે. તેમાંના કેટલાક સિદ્ધાન્તો, તેઓ સૌથી પહેલીવાર જાહેર થયા ત્યારથી અત્યાર સુધીમાં વ્યાપક માન્યતા મેળવી ચૂક્યા છે, કેટલાકનો પ્રભાવ ધીરે ધીરે વધી રહ્યો છે, જ્યારે બાકીનાને મોટાભાગે શિક્ષકો અને માતાપિતાઓ, શંકા અને તિરસ્કારની નજરે જુએ છે. નિરીક્ષકોએ તેમની સામાન્ય રૂઢિ અનુસાર અહીં શું કરવામાં આવી રહ્યું છે તેનું તટસ્થ રીતે મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કર્યો, પણ શાળાના સિદ્ધાન્તો અને ઉદ્દેશોનો સહેજ સંદર્ભ બાંધ્યા વિના, ભલે તે તેમને અંગત રીતે માન્ય હોય કે ન હોય, આ શાળા વિશે ન્યાયી રીતે અહેવાલ આપવો તેમને અશક્ય લાગે છે.

આ શાળા જે મુખ્ય સિદ્ધાન્ત પર ચાલે છે તે છે સ્વતંત્રતા. આ સ્વતંત્રતા સાવ મર્યાદા વિનાની નથી. અહીં જીવન અને શરીરની સલામતી માટેના સંખ્યાબંધ કાયદાઓ છે, જે બાળકોએ જાતે બનાવ્યા છે અને તેની સખતાઈ યોગ્ય લાગ્યા પછી હેડ માસ્તરે તેમને મંજૂર રાખ્યા છે. જેમ કે, સ્ટાફમાંના જીવન - સંરક્ષક એવા બે સદસ્યોની હાજરી સિવાય બાળકો તરી શકતાં નથી. મોટાં બાળકો સાથે ન હોય તો નાનાં બાળકો એકલાં શાળાની હદની બહાર જઈ શકતાં નથી. આ અને આવાં બીજાં નિયમો ફરજિયાત છે, અને તેનું ઉલ્લંઘન કરનારને દંડના નિયમો અનુસાર સજા કરવામાં આવે છે. પણ અહીં બાળકોને આપવામાં આવતી સ્વતંત્રતાની માત્રા, નિરીક્ષકોએ બીજી કોઈ પણ શાળામાં જોઈ હોય તેના કરતાં અનેકગણી વધારે છે, અને આ સ્વતંત્રતા ખરેખરી છે. જેમ કે, કોઈ પણ બાળકને કોઈ વર્ગ ભરવા માટે ફરજ પાડવામાં આવતી નથી. પાછળથી એ જણાવવામાં આવશે કે મોટા ભાગનાં બાળકો, લગભગ તમામ વર્ગો નિયમિત રીતે ભરે છે, પણ આ શાળામાં એક વિદ્યાર્થી એવો છે, જે છેલ્લાં ૧૩ વર્ષોથી અહીં એક પણ વર્ગ ભર્યા વિના રહ્યો છે અને હવે તે ઓજાર અને ચોકસાઈભર્યાં સાધનો બનાવનાર નિપુણ કારીગર બન્યો છે. બાળકોને આપવામાં આવતી સ્વતંત્રતા સાચુકલી છે અને પ્રતિકૂળ પરિણામો મળતાંની સાથે જ પાછી ખેંચી લેવામાં આવતી નથી એ દર્શાવવા માટે આ એક

અંતિમ પ્રકારના કિસ્સાનો અહીં ઉલ્લેખ કર્યો છે. જો કે, આ શાળા કોઈ અરાજકતાવાદી સિદ્ધાન્તો પર ચાલતી નથી. અહીં શાળાની સંસદ કાયદાઓ ઘડે છે, જે નિયમિત રીતે કોઈક બાળકના અધ્યક્ષપણા હેઠળ મળે છે અને તેમાં સ્ટાફનો કોઈ પણ સદસ્ય અને ભાગ લેવા ઈચ્છુક કોઈ પણ બાળક હાજરી આપી શકે છે. આ સભા ચર્ચા માટેની અમર્યાદિત સત્તા ધરાવે છે અને દેખીતી રીતે જ કાયદાઓ પર વ્યાપક ચર્ચા થાય છે. એક પ્રસંગે તેમાં એક શિક્ષકની બરતરફી અંગે ચર્ચા કરવામાં આવી હતી, જે દર્શાવે છે કે તેઓ આવી બાબતોને સમજી શકે છે, એટલું જ નહીં ચુકાદા માટે ઉમદા અભિપ્રાયો પણ આપી શકે છે. પણ આવો પ્રસંગ ભાગ્યે જ આવતો. બાકી સામાન્ય રીતે સંસદમાં સમૂહ - જીવનની રોજિંદી સમસ્યાઓ સંબંધિત ચર્ચાઓ થાય છે.

નિરીક્ષણના પહેલા દિવસે નિરીક્ષકો સભાના એક સત્રમાં હાજર રહી શક્યા હતા. એ વખતે ચર્ચાનો મુખ્ય વિષય સંસદ દ્વારા બનાવાયેલા સૂવાના સમયના કાયદાઓનો અમલ અને નિયમિત સમય સિવાય રસોડામાં પ્રવેશ - નિયંત્રણનો હતો. ખૂબ ઉત્સાહ અને અભિપ્રાય આપવાની સ્વતંત્રતા સાથે તેમ જ પ્રમાણમાં વ્યવસ્થિત રીતે અને કોઈની લાજ - શરમ વિના આ સમસ્યાઓ ચર્ચવામાં આવી. અલબત્ત એવું લાગતું હતું કે કેટલીક નકામી દલીલો પાછળ સારો એવો સમય બગાડવામાં આવે છે, પણ નિરીક્ષકોને હેડ માસ્તર સાથે સહમત થયા વિના છૂટકો નહોતો કે બગડેલા સમય કરતાં બાળકોને તેમનું પોતાનું કામકાજ કેવી રીતે ચલાવવું તે શીખવાનો જે અનુભવ મળ્યો તે વધુ મહત્ત્વનો હતો.

એ દેખીતું છે કે મોટા ભાગનાં માતાપિતાઓ અને શિક્ષકો સેક્સ માટે પૂરેપૂરી સ્વતંત્રતા આપવાની બાબતે સૌથી વધુ ખચકાતાં હોય છે. હેડમાસ્તર સાથે અમુક હદ સુધી સહમત થનારા અનેક લોકો, આ મુદ્દે તેમનાથી છૂટા પડે છે. સેક્સ વિશેની જાણકારી મુક્તપણે આપવાના, અને સેક્સની બાબતને અપરાધભાવથી છૂટી પાડવી જોઈએ તથા લાંબા સમયથી ચાલ્યા આવતા ઘણા અંકુશોએ અસીમ હાનિ પહોંચાડી છે - આવા હેડમાસ્તરના દષ્ટિકોણને સ્વીકારવામાં કદાચ તેમને કોઈ મુશ્કેલી નથી પડતી, પરંતુ એક મિશ્ર શાળામાં, હેડમાસ્તર રાખી રહ્યા છે તે કરતાં વધુ સાવધાનીઓ તેમણે રાખી હોત. સ્વાભાવિક રીતે, આમ ન કરવાનાં પરિણામો અંગે ન્યાયપૂર્ણ અભિપ્રાય આપવો અત્યંત મુશ્કેલ છે. કિશોરોના કોઈ પણ સમુદાયમાં સેક્સની લાગણીઓ તો હોવાની જ અને એ નિઃસંદેહ છે કે તેમના પર પ્રતિબંધો લાદી રાખવાથી તેમને દૂર કરી શકાતી નથી. અલબત્ત, તેનાથી તો કદાચ તે વધુ

ભડકશે. પણ સાથે સાથે, હેડ માસ્તર સહમત થાય છે તેમ, તેમની લાગણીઓને વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા યોગ્ય હોય તો પણ શક્ય નથી. અહીં જેટલું બેશક કહી શકાય તેમ છે તે એટલું જ છે કે આથી વધુ કુદરતી, ખુલ્લા, પારદર્શક ચહેરાઓ ધરાવતાં, સાહજિક છોકરા અને છોકરીઓનું જૂથ મળવું મુશ્કેલ છે, અને કેટલાક લોકો જે દુર્ઘટના ઘટવાનો ડર સેવી રહ્યા છે તે શાળાના અસ્તિત્વમાં આવ્યાંનાં ૨૮ વર્ષોમાં ઘટી નથી.

અહીં બીજી એક અત્યંત વિવાદાસ્પદ બાબતનો પણ ઉલ્લેખ કરવો જોઈએ, તે છે કોઈ પણ પ્રકારના ધાર્મિક જીવન અથવા શિક્ષણનો અભાવ. અહીં ધર્મ પર કોઈ પ્રકારની બંધી ફરમાવવામાં આવી નથી, અને જો શાળાની સંસદ તેમ કરવાનું નક્કી કરે તો, માની શકાય છે કે તેમ કરવામાં પણ આવશે. તે જ પ્રમાણે, જો કોઈ વ્યક્તિ તેમ ઈચ્છતી હોય, તો કોઈ કે કશું તેને તેમ કરતાં રોકશે પણ નહીં. અહીંનાં તમામ બાળકો રૂઢિચુસ્ત ખ્રિસ્તી ધાર્મિક માન્યતાઓમાં વિશ્વાસ ન ધરાવતા પરિવારોમાંથી આવે છે, અને તેમણે ધર્મ માટેની કોઈ ઈચ્છા ક્યારેય વ્યક્ત કરી નથી. શબ્દના અર્થઘટનને બિલકુલ હાનિ પહોંચાડ્યા વિના એવું જરૂર કહી શકાય કે આ શાળામાં ઘણા ખ્રિસ્તી સિદ્ધાન્તો અમલમાં મુકાય છે અને કોઈ પણ ખ્રિસ્તી જેને મંજૂર રાખે એવું અહીં ઘણું છે. ધાર્મિક નિર્દેશોની સંપૂર્ણ ગેરહાજરીની અસરોને સ્વાભાવિક રીતે બે દિવસના નિરીક્ષણમાં મૂલવી શકાય નહીં.

એક અહેવાલના વધુ સામાન્ય પાસાંઓ તરફ આગળ વધતાં પહેલાં શાળાનો આટલો પરિચય લખવો અનિવાર્ય લાગ્યો હતો. સાચી સ્વતંત્રતાની આ ભૂમિકા સાથે શાળામાં વ્યવસ્થાઓ અને તેની પ્રવૃત્તિઓને જોવાવી જોઈએ.

વ્યવસ્થા

અહીં ૪ થી ૧૬ વર્ષની વયનાં ૭૦ બાળકો છે. તેઓ ચાર અલગ અલગ ઈમારતોમાં રહે છે, જેનું વર્ણન મકાનોના વિભાગમાં આપવામાં આવશે. આ વિભાગમાં તેમના શિક્ષણને (ચીલાચાલુ અર્થમાં) વર્ણવવામાં આવશે. અહીં ઉંમર પ્રમાણે આશરે, પણ ક્ષમતા પર સારો એવો ભાર આપતાં છ ધોરણ પાડવામાં આવ્યાં છે. આ વર્ગો તદ્દન સામાન્ય અને રૂઢિચુસ્ત સમયપત્રક અનુસાર અઠવાડિયાના પાંચ દિવસ, સવારના પાંચ ૪૦ - મિનિટના તાસમાં ભરાય છે. દરેક વર્ગ માટે મળવાની

ચોક્કસ જગ્યાઓ છે અને તેને શીખવવા માટે ચોક્કસ શિક્ષકો છે. સાધારણ શાળાના તેના **જેવા જ** વર્ગો કરતાં તે ત્યાં જુદા પડે છે કે તેમાં દરેક જણ, અથવા એકાદ પણ ખરેખર આવશે કે નહીં તેની સહેજ પણ ખાતરી હોતી નથી. નિરીક્ષકોએ વર્ગોમાં જાતે હાજર રહીને અને પૃચ્છા થકી ખરેખર શું થાય છે તે જાણવાની જહેમત લીધી હતી. એવું લાગે છે કે જેમ બાળકો મોટાં થતાં જાય તેમ નિયમિતપણે તેમની હાજરી વધે છે અને એવું પણ ખરું કે એકવાર જો બાળક અમુક ચોક્કસ વર્ગ ભરવાનું નક્કી કરી લે છે તો પછી તે સામાન્ય રીતે તેને નિયમિતપણે ભરે છે. અહીં કામ અને વિષયો વચ્ચે જે સંતુલન રાખવામાં આવ્યું છે તે સારું છે કે કેમ તે શોધવું તેથી પણ ઘણું વધુ મુશ્કેલ હતું. અહીંના બાળકોમાંથી ઘણા શાળાનું પ્રમાણપત્ર લે છે, એટલે જેમ પરીક્ષાઓ નજીક આવતી જાય તેમ પરીક્ષાની જરૂરિયાતો અનુસાર તેમની પસંદગી નિયંત્રિત થતી હોય છે; પણ અહીં નાના બાળકો તો પસંદગી કરવા માટે સંપૂર્ણપણે મુક્ત છે. એકંદરે, આ વ્યવસ્થાનાં પરિણામો પ્રભાવકારી નથી. એ સાચું છે કે અહીં બાળકો પોતાની ઈચ્છાથી અને રસપૂર્વક કામ કરે છે, જે સૌથી તાજગીસભર દૃશ્ય છે, પણ તેમની સિદ્ધિઓ જૂજ છે. તપાસકર્તાઓના અભિપ્રાય પ્રમાણે, આ વ્યવસ્થાનું અનિવાર્ય પરિણામ નથી, પણ વ્યવસ્થા ખરાબ રીતે કામ કરતી હોવાથી સર્જાયેલું પરિણામ છે. એવું લાગે છે કે તેનાં કારણો નીચે મુજબ છે:

૧. નાનાં બાળકો (પ્રાથમિક વર્ગોનાં બાળકો) માટે તેમના કામ અને પ્રવૃત્તિનું નિરીક્ષણ અને સંકલન કરી શકે તેવા એક સારા શિક્ષકનો અભાવ છે.
૨. શિક્ષણની સામાન્ય ગુણવત્તા. શિશુઓને (સાત વર્ષ સુધીનાં બાળકોને) અપાતું શિક્ષણ, જ્યાં સુધી મૂલવી શકાય છે ત્યાં સુધી, સંસ્કાર સંપન્ન અને અસરકારક છે તથા ઉપલાં ધોરણોમાં અપાતું શિક્ષણ પણ અમુક અંશે સારું છે. પરંતુ ૮, ૯ અને ૧૦ વર્ષનાં બાળકોને પ્રેરણા આપી શકે અને ઉત્તેજી શકે તેવા સારા પ્રાથમિક શિક્ષકનો અભાવ સૌથી વધુ દેખીતો છે. અહીં આશ્ચર્યજનક રીતે કેટલીક જુનવાણી અને ઔપચારિક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, આથી બાળકો એવી ઉંમરે પહોંચે છે જ્યારે તેઓ વધુ વિકસિત કામ માટે તૈયાર હોય છે, ત્યારે તેઓ સારા એવા ગેરફાયદાઓથી પીડાય છે અને પોતાના શિક્ષકો સમક્ષ ઉગ્ર સમસ્યાઓ સાથે રજૂ થાય છે. મોટાં બાળકોને આપવામાં આવતું શિક્ષણ તેનાથી ઘણું વધારે સારું છે અને એક કે બે કિસ્સાઓમાં તે ખરેખર ખૂબ સરસ છે.
૩. બાળકોને પૂરતા માર્ગદર્શનનો અભાવ. એ સ્તુત્ય છે કે એક પંદર વર્ષની છોકરીને

બે ભાષાઓ, ફ્રેંચ અને જર્મન, જેની તેણે અગાઉ ઉપેક્ષા કરી હતી, તે શીખવાનું નક્કી કરવા દેવામાં આવે છે. પરંતુ અઠવાડિયામાં બે તાસ જર્મન માટે અને ત્રણ ફ્રેંચ માટે આપીને તેને આ કામ કરવાનો પ્રયત્ન કરવા દેવો એ ચોક્કસ સહેજ બેજવાબદારી કહેવાય. તેની પ્રશંસનીય નિશ્ચયાત્મકતા છતાં તે બાળાની પ્રગતિ ધીમી હતી અને તેને ઘણો વધુ સમય ફાળવવામાં આવવો જોઈએ. નિરીક્ષકને એવું લાગે છે કે બાળકોને તેમના કામના આયોજનમાં સહાયતા મળી રહે તે માટે કોઈક પ્રકારની શિક્ષણ વ્યવસ્થા કદાચ વિકસાવી શકાય.

૪. એકાંતનો અભાવ. "ભણવા માટે સમરહિલ એ એક મુશ્કેલ જગ્યા છે." આ શબ્દો છે હેડમાસ્તરના. આ પ્રવૃત્તિઓથી ધમધમતી જગ્યા છે અને અહીં ધ્યાન ખેંચાય અને રસ પડે એવું ઘણું છે. કોઈ બાળકને તેનો પોતાનો કમરો નથી અને શાંતિથી અભ્યાસ કરવા માટે વિશેષરૂપે એક પણ કમરો ફાળવવામાં આવ્યો નથી. એક કૃતનિશ્ચયી વ્યક્તિ હંમેશાં કોઈક જગ્યા શોધી જ કાઢશે તેમાં કોઈ શંકા નથી, પણ એવી કક્ષાની નિશ્ચયાત્મકતા દુર્લભ હોય છે. થોડાંક બાળકો આ શાળામાં ૧૬ વર્ષ પછી પણ રહે છે અને અલબત્ત તેમ કરતાં તેમને રોકવાનું કશું કારણ નથી. સમરહિલ પર કેટલાંક અત્યંત સક્ષમ અને બુદ્ધિમાન બાળકો હતાં અને છે પણ ખરાં, અને અભ્યાસની દષ્ટિએ તેમને જેની જરૂર છે તે બધી બાબતો તેમને સમરહિલ આપી રહી છે કે કેમ તે ચોક્કસ શંકાનો વિષય છે.

તેની સાથે સાથે, જ્યાં પણ શિક્ષણની ગુણવત્તા સારી છે ત્યાં કેટલુંક ઉત્કૃષ્ટ કામ થઈ રહ્યું છે. કલાનો વિભાગ આંખે ઊડીને વળગે છે. સમરહિલનાં બાળકોએ કરેલું ચિત્રકામ અને તેનાથી ઘણી વધુ પરંપરાગત શાળાનાં બાળકોએ કરેલાં ચિત્રકામ વચ્ચે કોઈ નોંધપાત્ર ભેદ શોધવાનું અઘરું હતું. અલબત્ત કોઈ પણ ધોરણોથી જોતાં કામ સરસ જ હતું. કેટલીક સારી હસ્તકળા ખૂબ વૈવિધ્યમાં જોવા મળી. નિરીક્ષણ દરમ્યાન શાળામાં ભઠ્ઠી નાખવાનું કામ ચાલી રહ્યું હતું અને તેમાં તપવા માટે તૈયાર કુંજાઓના આકાર ઉત્તમ હતા. પગથી ચાલતા કપડાંના વણાટ - યંત્રની જોગવાઈના કારણે બીજી એક કલા વિકસશે, જેમાં આશાસ્પદ શરૂઆતો થઈ ચૂકી છે. સર્જનાત્મક લખાણનું કામ પણ સારા એવા પ્રમાણમાં થયું છે, જેમાં ભીંત પરનું સમાચારપત્ર, અને દરેક સત્રમાં લખાતાં અને ભજવાતાં નાટકોનો સમાવેશ થાય છે.

આ નાટકો વિશે ઘણું સાંભળવામાં આવ્યું હતું, પણ તેની પટકથાઓ સાચવવાની પ્રથા અહીં દેખીતી રીતે જ ન હોવાથી, તેમની ગુણવત્તા અંગે કંઈ કહેવું સંભવ

નથી. તાજેતરમાં જ શાળાના નાનકડા થિયેટરમાં મેકબેથનું નાટક ભજવવામાં આવ્યું હતું, તેનાં તમામ પાર્શ્વદશ્યો અને પહેરવેશ બાળકોએ બનાવ્યાં હતાં. બાળકો તેમની જાતે લખેલાં નાટકો જ ભજવે એવું પસંદ કરતા હેડમાસ્તરની ઇચ્છાઓની વિરુદ્ધ જઈને બાળકોએ આ નાટક ભજવ્યું હતું, તે જાણકારી રસપ્રદ હતી.

અહીં શાળાના સિદ્ધાન્તો સાથે સુસંગત એવું શારીરિક શિક્ષણ આપવામાં આવે છે. અહીં કોઈ ફરજિયાત રમતો અથવા શારીરિક તાલીમ નથી. ફૂટબોલ, ક્રિકેટ અને ટેનિસ વગેરે તમામ ઉત્સાહથી રમવામાં આવે છે. સ્ટાફમાં ફૂટબોલના એક નિષ્ણાત હાજર હોવાથી ફૂટબોલ સારા કૌશલ્ય સાથે રમાય છે તે સમજી શકાય તેમ છે. બાળકો શહેરની બીજી શાળાઓ સાથે મેચો ગોઠવે છે. જે દિવસે મુલાકાત લીધી તે દિવસે એક પાડોશી આધુનિક શાળા સાથે એક ક્રિકેટ મેચ હતી, જેમાં તેમના વિરોધી ટીમનો શ્રેષ્ઠ ખેલાડી માંદો હોવાથી, સમરહિલે પણ તેમના શ્રેષ્ઠ ખેલાડીને નહીં રમાડવાનું નક્કી કર્યું હતું.

અહીં દિવસનો ઘણો ખરો ભાગ મકાન બહારની પ્રવૃત્તિઓમાં વીતે છે, અને બાળકો સક્રિય, ચેતનવંતું, સ્વસ્થ જીવન ગાળી રહ્યાં છે, તથા તેમને તે ગમતું હોય તેમ લાગે છે. વધુ ઔપચારિક શારીરિક શિક્ષણની ગેરહાજરીથી તેઓ જો કંઈ ગુમાવતાં હોય, તો તેઓ ખરેખર કેટલું ગુમાવે છે, તે માત્ર અત્યંત નજીકથી અને નિષ્ણાત દ્વારા કરાયેલી તપાસથી જ બહાર આવી શકે.

ઈમારત અને સવલતો

રમત - ખેલકૂદ માટે પૂરતો અવકાશ આપતાં મેદાનો પર આ શાળા સ્થિત છે. શાળાનું મુખ્ય બિલ્ડીંગ (જે પહેલાં એક ખાનગી રહેઠાણ હતું) શાળાના હેતુઓ માટે એક વિશાળ ખંડ, જમવાનો ખંડ, બીમારોના કમરાઓ, કલા ખંડ, એક નાનકડો હસ્તકલા માટેનો કમરો અને છોકરીઓ માટેની સામૂહિક રહેઠાણની જગ્યા પૂરી પાડે છે. સૌથી નાનાં બાળકો એક કોટેજમાં સૂવે છે, જ્યાં તેમના વર્ગખંડો પણ આવેલા છે. બાકીના છોકરાઓ માટેના શયનખંડો અને અન્ય વર્ગખંડો, બગીચામાં આવેલી કુટિરોમાં છે, જ્યાં સ્ટાફના કેટલાક સભ્યોના શયનખંડો પણ આવેલા છે. આ તમામ કમરાઓના દરવાજા સીધા બગીચામાં ખૂલે છે. વર્ગખંડો નાના છે, છતાં અયોગ્ય નથી, કારણ કે અહીં નાનાં નાનાં જૂથમાં શીખવવામાં આવે છે. આ ઈમારતોમાંની

એક, છોકરાઓ અને સ્ટાફનો મકાન - ચણતરનો નોંધવા લાયક પ્રયાસ રજૂ કરે છે: તેને એક નાની અસ્પતાલ તરીકે બાંધવામાં આવી હતી પણ હજી સુધી તેનો ઉપયોગ ઊભો થયો નહોતો. સામાન્ય ધોરણોથી મૂલવીએ તો આ સૂવાની સગવડ કંઈક અંશે પ્રાથમિક કક્ષાની, સીધીસાદી છે. પરંતુ એ સ્પષ્ટ છે કે શાળાના સ્વાસ્થ્ય રેકર્ડો સારા છે, અને આ વ્યવસ્થાને સંતોષકારક ગણી શકાય છે. અહીં પૂરતાં બાથરૂમો ઉપલબ્ધ છે.

આ બગીચામાં સ્થિત મકાનો પહેલી નજરે અસાધારણ રીતે પ્રાથમિક કક્ષાના અને ખુલ્લા લાગે છે, પણ તે ખરેખર, કાયમી રજાઓની શિબિર જેવું વાતાવરણ સર્જવા માટે એકદમ યોગ્ય છે, જે શાળાની એક અગત્યની લાક્ષણિકતા છે. વધુમાં, નિરીક્ષણના દિવસે હાજર એવા અનેક મુલાકાતીઓ છતાં, કેવી રીતે બાળકો બિલકુલ વિચલિત થયા વિના પોતાના અભ્યાસમાં રચ્યાંપચ્યાં રહે છે, તે જોવાની તક પણ તેના કારણે મળી શકી હતી.

સ્ટાફ

રહેવા અને ખાવા - પીવાની વ્યવસ્થા સાથે સ્ટાફને મહિનાના ૮ પાઉન્ડ ચૂકવાય છે. માત્ર શાળાના સિદ્ધાન્તોમાં માનતા હોય તેવા જ નહીં, પણ જેઓ બાળકો સાથે સમાન ભૂમિકાએ જીવવા સક્ષમ હોય તેવા પૂરતા પરિપક્વ અને સંતુલિત હોય, સારી અભ્યાસકીય યોગ્યતા ધરાવતા હોય તેમ જ જે શિક્ષક તરીકે અત્યંત કુશળ હોય એવાં ભાઈઓ અને બહેનો શોધવા અને પછી તેમને મહિનાના ૮ પાઉન્ડમાં કામ કરવા માટે તૈયાર કરવા, એ ચોક્કસ જ હેડમાસ્તર માટે એક ભગીરથ કાર્ય રહ્યું હશે. અનેક ઘરોમાં સમરહિલની નોકરીને આવકાર્ય ગણવામાં આવતી નથી, અને તેના માટે અનિવાર્ય એવાં દઢ વિશ્વાસ, નિ:સ્વાર્થતા, ચારિત્ર્ય અને ક્ષમતાનો સંયોગ દુર્લભ હોય છે. પહેલાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમ, સ્ટાફ બધી રીતે, તમામ માંગ સામે પૂરો ઊતરે છે તેમ નથી, છતાં આના કરતાં ઘણો ઊંચો પગાર આપતી અનેક સ્વતંત્ર શાળાઓના સ્ટાફ કરતાં તે અનેક દરજ્જે સારો છે. સ્ટાફમાં એક એડીનબર્ગથી અંગ્રેજીમાં એમ.એ. થયેલા શિક્ષક, એક લિવરપુલથી એમ.એ. અને બી.એસસી. થયેલા શિક્ષક, એક કેમ્બ્રિજના શિક્ષક, એક લંડનથી ફ્રેન્ચ અને જર્મનમાં બી.એ. થયેલા શિક્ષક અને એક કેમ્બ્રિજથી ઈતિહાસમાં બી.એ. થયેલા

શિક્ષક સામેલ છે. ચાર જણે શિક્ષણશાસ્ત્રની વિશેષ પદવી મેળવી છે. આમાં વિદેશી અભ્યાસ યોગ્યતા ધરાવતા કલા અને હસ્તકલાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો નથી, પણ તેમની ગણતરી સ્ટાફના શ્રેષ્ઠ શિક્ષકોમાં થઈ શકે તેમ છે.

કોઈ કોઈ બાબતોએ તેમને જરાક વધુ દઢીકરણની જરૂર છે, પણ વર્તમાન સ્ટાફ કોઈ પણ હિસાબે નબળો તો નથી જ. અને જો તેઓ અભ્યાસસત્રો અને નિરીક્ષણ માટેની મુલાકાતોમાં હાજરી આપે, તો તેઓ પોતાના કૌશલ્યને વધુ વિશાળ કરી શકે, પોતાના અનુભવને તાજો બનાવી શકે અને પોતાની જાતને અદ્યતન બનાવી, તેઓ પોતાનું કાર્ય - પ્રદર્શન ઉમદા બનાવી શકે છે. સાથે સાથે આ શાળાને જેવા શિક્ષકોની જરૂર છે તેમને તે વર્ષના ૯૬ પાઉન્ડના પગારથી આકર્ષી શકે તે બહુ વધુ પડતી અપેક્ષા છે અને આ સમસ્યાનો વાજબી રીતે સામનો કરવો જ રહેશે એવું સ્પષ્ટપણે લાગે છે.

હેડમાસ્તર દઢ વિશ્વાસ ધરાવનારા અને સહૃદયી માણસ છે. તેમની શ્રદ્ધા અને ધૈર્ય નિ:સંદેહ અખૂટ હશે. તેમની પાસે વર્ચસ્વરહિત છતાં શક્તિશાળી એવું દુર્લભ વ્યક્તિત્વ છે. ભલે તેમના ખ્યાલો સાથે કોઈ અસહમત હોય અથવા કદાચ કોઈને તેમના કેટલાક ખ્યાલો અણગમતા પણ લાગતા હોય, છતાં પણ તેમની શાળામાં તેમને આદર વિના નિહાળવા અશક્ય છે. તેમની પાસે રમૂજવૃત્તિ છે, હૂંફાળી માનવતા અને તીવ્ર સહજબુદ્ધિ છે, જે તેમને ક્યાંય પણ એક સારા હેડમાસ્તર બનાવવા માટે પૂરતા છે. તેમનું ખુશહાલ પારિવારીક જીવન બાળકો સાથે વહેંચાયેલું છે, જેઓ તેમનો જીવંત ઉદાહરણથી ફાયદો પામવા માટે અન્ય કોઈ બાળકો જેટલાં જ સક્ષમ છે.

તેઓ શિક્ષણને, જીવનને કેવી રીતે વિપુલતાથી જીવી શકાય તે શીખવા માટેના સાધન રૂપે, તેવા વિશાળ દષ્ટિકોણથી જુએ છે. તેઓ આ અહેવાલમાંની કેટલીક ટીકાઓને કદાચ સ્વીકારશે, પણ તેઓને એમ જરૂર લાગતું હશે કે તેમની શાળા પોતાના વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ કૌશલ્યો અને ક્ષમતાઓ શીખવે છે તેના કરતાં, પોતાના વિદ્યાર્થીઓને કેવા પ્રકારનાં બાળકો તરીકે મોટાં થવા દેવા છે, તેના આધારે તેની સફળતા અથવા નિષ્ફળતા નક્કી થવી જોઈએ. આ આધારે મૂલ્યાંકન કરતાં આમ કહી શકાય:

૧. બાળકો જીવંતતા અને ઉત્સાહથી છલોછલ છે. કંટાળો અથવા ભાવશૂન્યતા ક્યાંય દીઠાં જણાતાં નથી. શાળામાં સંતોષ અને સહિષ્ણુતાનું વાતાવરણ પ્રવર્તે

છે. જેટલા સ્નેહથી જૂના વિદ્યાર્થીઓ શાળાને યાદ કરે છે તે તેની સફળતાનો પુરાવો છે. વર્ષાન્તે થતાં નાટકોમાં અને નૃત્યોમાં સરેરાશ ૩૦ જેટલાં બાળકો ભાગ લે છે અને ઘણાં બધાં બાળકો રજાઓ દરમ્યાન પણ શાળામાં જ તેમનાં ધામા નાખી રાખે છે. અહીં એ નોંધવું યોગ્ય રહેશે કે શાળાના શરૂઆતના સમયમાં, શાળામાં લગભગ સમગ્રપણે માત્ર 'સમસ્યાગ્રસ્ત' બાળકો જ આવતાં હતાં, પણ હવે શાળામાં પ્રવેશ મેળવતાં બાળકો સારા એવા પ્રમાણમાં સમાજના દરેક વર્ગમાંથી આવે છે.

૨. બાળકોની રીતભાત આહ્લાદક છે. અમુક રીતભાતમાં, તેઓ કદાચ ક્યાંક ક્યાંક ચૂકતા હશે, પણ તેમની મિત્રતા, હળવાશ, સહજતા તથા સંકોચ અને 'સભાનતા'નો સંપૂર્ણ અભાવ તેમને, જેમની સાથે સહેલાઈથી સંબંધમાં આવી શકાય તેવા અત્યંત સરળ અને આનંદી વ્યક્તિઓ બનાવે છે.

૩. અહીં શાળા - વ્યવસ્થા પહેલને, જવાબદારીને અને એકસૂત્રતા - એમ તમામના વિકાસને પ્રોત્સાહન આપે છે અને આ બાબતોને જેટલી જાણી શકાઈ છે તેટલી, તે ખરેખર વિકસતી પણ જણાઈ છે.

૪. જે પ્રકારના પુરાવાઓ મોજૂદ છે તે એવું સૂચવતા નથી કે જ્યારે બાળકો શાળા છોડે છે, ત્યારે સમરહિલની આ પેદાશો સાધારણ સમાજમાં બંધબેસતી થઈ શકતી નથી. આ પ્રકારની માહિતી, ચોક્કસ જ સમગ્ર વાત બયાન નથી કરી શકતી પણ તે એવું સૂચવે છે કે સમરહિલની કેળવણી એ દુન્વયી સફળતાની શત્રુ બનતી હોય એવું જરૂરી નથી. જૂના વિદ્યાર્થીઓમાંથી એક આર.ઈ.એમ.ઈ. (રોયલ ઈલેક્ટ્રીકલ/મિકેનિકલ એન્જિનિયર્સ)માં કેપ્ટન બન્યો છે, એક બેટરી ક્યૂ.એમ.એસ. (ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ) બન્યો છે, એક બોમ્બર પાયલટ અને સ્કવોડ્રન - લીડર બન્યો છે, તે ઉપરાંત જૂના વિદ્યાર્થીઓમાંથી બાલવાડીની પરિચારિકા, એરહોસ્ટેસ, ગ્રેનાડિયન ગાર્ડ્સ બેન્ડમાં ક્લેરિનેટ વગાડનાર, ઈમ્પિરિઅલ કૉલેજનો બેઈટ ફેલો, સેડલર્સ વેલ્સમાં બેલે ડાન્સર, રેડિયો સંચાલક અને એક અગ્રગણ્ય રાષ્ટ્રીય દૈનિકમાં ટૂંકી વાર્તાઓ લખનાર અને એક મોટી કંપનીમાં માર્કેટ રિસર્ચ ઈન્વેસ્ટિગેટર બન્યા છે. સમરહિલનાં પૂર્વ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓએ નીચેની પદવીઓ મેળવી છેઃ બી.એ. અર્થશાસ્ત્ર, કેમ્બ્રિજ; સ્કોલર - રોયલ કૉલેજ ઓફ આર્ટ, ભૌતિકશાસ્ત્રમાં પ્રથમ વર્ગનો સ્નાતક, લંડન; ઈતિહાસમાં બી.એ., કેમ્બ્રિજ; આધુનિક ભાષામાં પ્રથમ વર્ગના સ્નાતક, માન્ચેસ્ટર.

૫. જ્યાં મૂળભૂત કામ બાળકોની રસરુચિ અનુસાર થતું હોય અને જ્યાં વર્ગખંડમાં થતું કામ પરીક્ષાની આવશ્યકતાઓ અનુસાર સંચાલિત ન થતું હોય તેવા શિક્ષણ માટે હેડમાસ્તરના શૈક્ષણિક દષ્ટિકોણો આ શાળાને ઉત્તમ રીતે અનુકૂળ જગ્યા બનાવે છે. અહીં એવી સ્થિતિ સર્જવામાં આવી છે જ્યાં સૌથી બુદ્ધિશાળી પ્રકારનું અભ્યાસકીય શિક્ષણ ખીલી શકે, તે એક સિદ્ધિ છે. પરંતુ વાસ્તવમાં એ ખીલી રહ્યું નથી અને આમ એક ખૂબ મોટી તક સરી જઈ રહી છે. દરેક તબક્કે વધુ સારું શિક્ષણ આપવાથી અને સૌથી વધુ તો પ્રાથમિક તબક્કામાં સારું શિક્ષણ આપવાથી, કદાચ તે ખીલી ઊઠે અને અત્યંત મૂલ્યવાન એવા આ પ્રયોગે પોતાને પુરવાર કરવા માટે પૂરી તક આપવી ઘટે.

સિદ્ધાન્તો અને પદ્ધતિઓ, બંને માટે મનમાં અમુક શંકાઓ રહે છે. શાળાના વધુ સમીપના અને લાંબા પરિચયથી કદાચ તેમાંની કેટલીક દૂર થાય અને સંભવતઃ બીજી કેટલીક તીવ્ર બને તેવું શક્ય છે. જેના માટે રતીભાર શંકા થઈ શકે તેમ નથી એવી બાબત એ છે કે અહીં એક અદ્ભુત અને કીમતી શૈક્ષણિક સંશોધન ચાલી રહ્યું છે, જે તમામ કેળવણીકારોએ જોવું જોઈએ.

નામદાર નિરીક્ષકોના અહેવાલ પર નોંધ

અમારે ત્યાં ઉદાર મન ધરાવતા બે નિરીક્ષકોને મોકલવામાં આવ્યા તે માટે અમે ખરેખર નસીબદાર હતા. અમે તરત જ "શ્રીમાન"નું સંબોધન પડતું મૂકી શક્યા. એમની બે દિવસની મુલાકાત દરમ્યાન, અમારી વચ્ચે બહુ જૂજ મિત્રતાપૂર્ણ દલીલો થઈ હતી.

મને લાગે છે કે શાળાઓના નિરીક્ષકો, વર્ગ સામે હાથમાં ફ્રેન્ચની ચોપડી લઈને વિદ્યાર્થીઓ કેટલું જાણે છે તે માટે પ્રશ્નો પૂછવા માટે ટેવાયેલા હોય છે. પણ જે શાળામાં પાઠ્યપુસ્તકના પાઠો શીખવવા એ મુખ્ય માપદંડ ન હોય ત્યાં આ પ્રકારની તાલીમ અને અનુભવ, તપાસ માટે બહુ ઓછા ઉપયોગી રહે એવો મારો તર્ક હતો. મેં બેમાંથી એક નિરીક્ષકને કહ્યું, "તમે ખરેખર સમરહિલની જાંચ - તપાસ નહીં કરી શકો, કારણ કે અમારા માપદંડો તો આનંદ - ખુશી, સહૃદયતા, સંતુલન અને સામાજિકતા છે." તેમણે કૃત્રિમ હાસ્ય સાથે કહ્યું કે તેમણે ગમે તેમ પણ તે કરવાની જ છે. અને

અમારા બંને નિરીક્ષકોએ નોંધપાત્ર રીતે અહીંના વાતાવરણ સાથે સુમેળ સાધવાની અદ્‌ભુત ક્ષમતા દર્શાવી, અને સાથે સાથે આ અનુભવને આનંદપૂર્વક માણ્યો.

અન્ય શાળાઓ કરતાં જુદી પડતી બાબતો તરત તેમના ધ્યાનમાં આવી. તેમાંના એકે કહ્યું, "આટલાં વર્ષો સુધી અમારા પ્રવેશતાંની સાથે જ સાવધાનની મુદ્રામાં આવી જતાં બાળકોને જોયાં પછી, શું સાનંદાશ્ચર્યકારક આ આઘાત છે કે તમે વર્ગખંડમાં પ્રવેશો છો અને જુઓ છો કે બાળકો તમારી હાજરી નોંધતાં સુદ્ધાં નથી." હા, અમે તે બંનેને મેળવવા માટે નસીબદાર હતા.

પણ અહેવાલ તરફ પાછા વળીએ તો: "...આર્થિક સમસ્યાઓ બાબતે નિરીક્ષકોને થોડું આશ્ચર્ય થયું હતું..." તેનો ઘણોખરો જવાબ ડૂબેલાં લેણામાં સમાયેલો છે, છતાં તેટલી જ વાત નથી. અહેવાલમાં વાર્ષિક ફી ૧૨૦ પાઉન્ડ ટાંકવામાં આવી છે, પણ ત્યાર પછી વર્ષોનાં વર્ષો સુધી વધતી મોંઘવારીને પહોંચી વળવા માટે સરેરાશ વાર્ષિક ફી લગભગ ૨૫૦ પાઉન્ડ (લગભગ ૭૦૦ ડોલર) જેટલી વધારવામાં આવી છે. તેમાં ઈમારતોના સમારકામ માટે, નવાં ઉપકરણો કે પ્રાયોગિક સાધનો ખરીદવા માટે અને એવી બીજી બાબતો માટે કોઈ જ અવકાશ નથી. શિસ્તની આગ્રહી બીજી શાળા કરતાં સમરહિલમાં પ્રમાણમાં વધુ માત્રામાં નુકસાન થતું હોય છે. સમરહિલનાં બાળકોને તેમનો તોફાન - મસ્તી કરવાનો તબક્કો જીવવા દેવામાં આવે છે, અને પરિણામે વધુ ફર્નિચર તૂટે છે.

અહેવાલમાં લખાયું છે કે અમારી પાસે સિત્તેર બાળકો છે. આજે, અમારી પાસેનાં બાળકોની સંખ્યા ઘટીને પિસ્તાળીસ થઈ છે, આ હકીકત અમુક અંશે ફીના વધારાને વાજબી કરી આપે છે.

અહેવાલ અમારાં પ્રાથમિક વર્ગોનાં બાળકોને અપાતાં નબળા શિક્ષણની વાત કરે છે. અમને હંમેશાં એ મુશ્કેલી પડતી રહી છે. ઉત્તમ શિક્ષક હોય તો પણ, સાધારણ સાર્વજનિક શાળા જેટલું કામ મેળવવું અહીં મુશ્કેલ માત્ર એટલા જ કારણસર છે કે અહીં બાળકો બીજી વસ્તુઓ કરવા મુક્ત છે. જો એક સાર્વજનિક શાળાનાં દસ કે બાર વર્ષની ઉંમરનાં બાળકો પણ વર્ગો ભરવાને બદલે ઝાડ પર ચઢી શકવા અથવા ખાડા ખોદવા મુક્ત હોય, તો તેમનું ધોરણ પણ અમારાં બાળકો જેવું જ હોય. પણ અમે એ હકીકતનો સ્વીકાર કરીએ છીએ કે અમારાં છોકરાઓ અને છોકરીઓ, તેમના જીવનના અમુક ગાળા દરમ્યાન શિક્ષણનું નીચું સ્તર ધરાવતાં હોઈ શકે છે, કારણ કે અમે માનીએ છીએ કે તેમના જીવનના આ ગાળામાં શીખવા કરતાં રમવું અનેકગણું વધુ મહત્ત્વનું છે.

જો અમે એમ માની પણ લઈએ કે અમારાં નાનાં બાળકો શિક્ષણમાં પાછળ રહી જાય છે તે બાબત અગત્યની છે, તો એ વાત પણ એટલી જ સાચી રહે છે કે એક જ વર્ષ પછી આ જ પ્રાથમિક વર્ગોનાં બાળકો જ્યારે માધ્યમિક વર્ગોના વિદ્યાર્થીઓ બને છે, ત્યારે બહુ સારી શ્રેણી (ગ્રેડ) સાથે ઓક્સફર્ડ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થાય છે. અમારા વિદ્યાર્થીઓની કુલ મળીને ઓગણચાળીસ વિષયોમાં પરીક્ષાઓ લેવાઈ હતી - દરેક વિદ્યાર્થીના ભાગે સરેરાશ સાડા છ વિષયો. પરિણામમાં ચોવીસમાં બહુ સરસની શ્રેણી મળી, જે ૭૦ ટકાથી વધુ થયું. તમામ ઓગણચાળીસ પરીક્ષાઓમાંથી, માત્ર એકમાં નાપાસ મળ્યું. સમરહિલના પ્રાથમિક વર્ગોમાં ભણતો છોકરો એક સાધારણ શાળાના બાળક જેટલું સ્તર નથી ધરાવતો તે અક્ષમતાનો અનિવાર્યપણે એવો અર્થ નથી જ થતો કે એવો છોકરો જ્યારે તે માધ્યમિક વર્ગોમાં આવશે ત્યારે પણ નીચા સ્તરનો જ રહેશે.

મારી વાત કરું તો મને હંમેશાં મોડી શરૂઆત કરનારા ગમ્યા છે. મેં એવાં જૂજ તેજસ્વી બાળકો જોયાં છે, જે ચાર વર્ષની ઉંમરે મિલ્ટનને કંઠસ્થ કરીને ગાઈ બતાવી શકતાં હોય, પણ ચોવીસ વર્ષે તે દારૂડિયા કે મવાલી હોય. મને એવા માણસને મળવું ગમશે જે ત્રેપન વર્ષની ઉંમરે કહેતો હોય કે તે પોતે જીવનમાં હજી શું કરવા માગે છે તેની તેને બહુ બરાબર ખબર નથી. મને એવી સહજ આશંકા છે કે જે છોકરાને સાત વર્ષની ઉંમરે તે શું બનવા માગે છે તે ખબર હોય છે, તે જીવનમાં આગળ જતાં એક લઘુતા અનુભવનારો, અને જીવન પ્રત્યે સંકુચિત અભિગમ ધરાવનારો બને છે.

અહેવાલ કહે છે: "અહીં એવી સ્થિતિ સર્જવામાં આવી છે જ્યાં સૌથી બુદ્ધિશાળી પ્રકારનું અભ્યાસકીય શિક્ષણ ખીલી શકે, તે એક સિદ્ધિ છે, પણ વાસ્તવમાં એ ખીલી રહ્યું નથી અને આમ એક ખૂબ મોટી તક સરી જઈ રહી છે." માત્ર આ એક જ ફકરો એવો છે જેમાં નિરીક્ષકો તેમના શિક્ષણ અંગેના પૂર્વગ્રહોથી ઉપર ઊઠ્યા નથી. અમારાં પરિણામો બતાવે છે તેમ, જ્યારે પણ કોઈ બાળકને મહાવિદ્યાલયનું શિક્ષણ મેળવવું હોય છે, ત્યારે અમારી વ્યવસ્થા ખીલી ઊઠે છે જ. પણ કદાચ નિરીક્ષકોના આ ફકરાનો અર્થ એમ હશે કે સારા પ્રાથમિક શિક્ષણથી કદાચ વધુ બાળકો મેટ્રિક્યુલેશનની પરીક્ષા આપવાનું ઈચ્છે તેમ બની શકે.

આપણે આપણા પુસ્તકીયા શિક્ષણને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જ મૂકીએ તેનો સમય શું થઈ નથી ગયો? પુસ્તકીયું શિક્ષણ ઘણે ભાગે ગુલમહોરને ગુલાબ બનાવવાનો પ્રયત્ન કરતું હોય છે. ડ્રેસ ડિઝાઈનર, કેશસજ્જા કરનાર, પુરુષ બેલે ડાન્સર, કેટલાક

સંગીતકારો, કેટલીક બાળકોની પરિચારિકાઓ, કેટલાક મિકેનિકો, કેટલાક ઈજનેરો અને લગભગ અડધોએક ડઝન જેટલા કલાકારો – અમારા આ કેટલાક જૂના સમરહિલના વિદ્યાર્થીઓની આ પુસ્તકિયા શિક્ષણે શું હાલત કરી હોત તેમ મને ક્યારેક થાય છે.

છતાં આ એક ન્યાયી અહેવાલ છે, નિષ્ઠાપૂર્વકનો અને ઉદારતાભર્યો અહેવાલ છે. હું માત્ર એટલા જ કારણોસર તેને પ્રકાશિત કરી રહ્યો છું કે સમરહિલ વિશે મારો ન હોય એવો દૃષ્ટિકોણ પણ વાચકો વાંચે તે સારું છે. આ અહેવાલથી સમરહિલને શિક્ષણ મંત્રાલય તરફથી કોઈ પણ પ્રકારની ઔપચારિક માન્યતા મળતી નથી તે નોંધશો. અંગત રીતે મને વાંધો નથી, પણ બે પરિબળો માટે માન્યતા આવકાર્ય ગણાઈ હોતઃ તેના કારણે શિક્ષકોની ગણતરી રાજ્ય અનુદાન યોજના હેઠળ થઈ શકી હોત, અને સ્થાનિક કાઉન્સિલો પાસે સહાય મેળવવા માટે માતાપિતાને વધુ તક મળી શકત.

શિક્ષણ મંત્રાલય સાથે સમરહિલને કદી પણ કોઈ સમસ્યા થઈ નથી એ હકીકતને પણ હું નોંધ પર મૂકવા ઈચ્છીશ. કોઈ પણ તપાસ, મંત્રાલયની મારી મુલાકાતને, સૌજન્યપૂર્ણ અને મિત્રતાસભર પ્રતિસાદ આપવામાં આવ્યો છે. મને એક માત્ર નડતર ત્યારે અનુભવાયું હતું જ્યારે યુદ્ધ પછી તરતના સમયગાળામાં, મંત્રીએ એક સ્કાન્ડિનેવિયન માતાપિતાને મકાનના અગાઉથી તૈયાર એવા હિસ્સાઓની આયાત કરવા માટેની અને તેને અહીં નિઃશુલ્ક ઊભું કરવા માટેની મંજૂરી આપવાનું નકારી કાઢ્યું હતું.

યુરોપિયન સરકારે ખાનગી શાળાઓમાં જે સત્તાવાદી રીતે રસ લીધાની બાબત વિચારું છું, ત્યારે મને આનંદ થાય છે કે હું એવા દેશમાં જીવું છું અને કામ કરું છું જે ખાનગી સાહસને આટલો બધો અવકાશ આપે છે. હું બાળકો પ્રત્યે સહિષ્ણુતા દાખવું છું; મંત્રાલય મારી શાળા પ્રત્યે સહિષ્ણુતા દાખવે છે. હું સંતૃષ્ટ છું.

સમરહિલનું ભવિષ્ય

હવે જ્યારે હું મારા છોત્તેરમા વર્ષમાં છું, ત્યારે મને લાગે છે કે હવે મારે શિક્ષણ પર બીજું કોઈ પુસ્તક લખવું જોઈએ નહીં, કારણ કે મારી પાસે કહેવા માટે થોડું જ કંઈક નવું બચ્યું છે. પણ હવે મારે જે કંઈ કહેવું છે તે કંઈક મારી તરફદારીનું છે; મેં

મારાં છેલ્લાં ચાળીસ વર્ષો કંઈ બાળકો અંગેની થિયરીઓ લખવામાં નથી ગાળ્યાં. મેં જે કંઈ પણ લખ્યું છે તેમાંનું મોટા ભાગનું બાળકોના નિરીક્ષણના આધારે, તેમની સાથે રહીને લખ્યું છે. એ સાચું છે કે, મેં ફ્રોઈડ, હોમર લેન, અને અન્યો પાસેથી પ્રેરણા લીધી છે. પણ ધીમે ધીમે, જ્યારે મેં તેમને વાસ્તવિકતાની કસોટી પર ઊણી ઊતરતી જોઈ ત્યારે મેં એ થિયરીઓને પડતી મૂકવા માંડી હતી.

લેખકનું કામ કંઈક બેઢંગુ હોય છે. (રેડિયા કે ટીવી) પ્રસારણની જેમ, તેને દેખાતા નથી, તે ગણી શકતો નથી તેવા ને તેટલા લોકો તરફ લેખક કોઈક પ્રકારનો સંદેશો મોકલે છે. તેમાં પણ મારા શ્રોતાઓ – વાચકો વિશિષ્ટ છે. જેને અધિકૃત "જનતા" કહી શકાય તે મને જાણતી નથી. શિક્ષણ અંગે બોલવા માટે મને આમંત્રિત કરવાનું બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કંપની(બીબીસી) કદી વિચારશે પણ નહીં. મેં જ્યાં શિક્ષણ લીધું તે એડીનબર્ગ સહિતની, કોઈ પણ યુનિવર્સિટી, કદી પણ મને માનદ્ પદવી એનાયત કરવાનું વિચારશે નહીં. જ્યારે હું ઑક્સફર્ડ અને કેમ્બ્રિજના વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપું છું ત્યારે મને સાંભળવા માટે કોઈ પ્રોફેસર, કોઈ વડા કે કોઈ અધ્યાપકો આવતા નથી. જો કે, મને લાગે છે કે આ હકીકતોથી મને ઊલટાની ગૌરવની લાગણી થાય છે – એમ લાગે છે કે અધિકારીઓ તરફથી મળતી કદર તો હું જુનવાણી (આઉટ - ઓફ - ડેટ) થઈ ગયો તેવું જ ઠેરવત ને!

એક વખત એવો હતો, જ્યારે ધ લંડન ટાઈમ્સે મેં મોકલેલો એક પણ પત્ર ક્યારેય પ્રકાશિત નહીં કર્યાની હકીકતથી મને મનદુઃખ થતું હતું; પણ આજે, મને તેમનો નકાર અભિનંદન લાગે છે.

હું કદર માટેની ઈચ્છાથી પર થઈ ગયો છું એવો મારો દાવો નથી. છતાં ઉંમર સાથે પરિવર્તન આવે છે – ખાસ કરીને મૂલ્યોમાં બદલાવ આવે છે. હમણાં જ મેં છસ્સો માટે બંધાયેલા ખંડમાં, સાંકડે - માંકડે બેઠેલા સાતસો સ્વિડિશોને વ્યાખ્યાન આપ્યું, અને તેથી મને કોઈ હર્ષાવેશની કે મિથ્યાભિમાનની લાગણી નહોતી થઈ. હું ત્યાં સુધી મારી જાતને ખરેખર આ બધાથી અલિપ્ત માનતો હતો, જ્યાં સુધી મેં મારી જાતને ન પૂછ્યું કે, "જો શ્રોતાઓ માત્ર દસ જ હોત તો તને કેવું લાગ્યું હોત?" જવાબ હતો "અત્યંત નારાજગી થઈ હોત". એટલે જો મારામાં હકારાત્મક ગૌરવનો અભાવ હોય, તો પણ માનભંગની નકારાત્મક લાગણીનો અભાવ નથી.

ઉંમર સાથે મહત્ત્વાકાંક્ષા મરે છે. પ્રસિદ્ધિ એ જુદી બાબત છે. કોઈ પુસ્તકમાં (કહો કે, *સુધારાવાદી શાળાઓનો ઈતિહાસ*) મારા કામની ઉપેક્ષા કરવામાં આવી હોય, તો એવું જોવાનું મને ગમશે નહીં. હું હજી સુધી કોઈ એવી વ્યક્તિને મળ્યો નથી જે

પ્રસિદ્ધિથી પ્રામાણિકપણે અલિપ્ત હોય.

ઉંમરની બાબતે એક રમૂજી પાસું પણ છે. ઉંમરને પ્રગતિમાં અવરોધરૂપ ગણીને, કેટલાંય વર્ષો હું યુવાનો સુધી પહોંચવા મથ્યો છું - યુવાન વિદ્યાર્થીઓ, યુવાન શિક્ષકો, યુવાન માતાપિતાઓ.. હવે જ્યારે હું પોતે બુઢ્ઢો થઈ ગયો છું - એવા બુઢ્ઢાઓમાંનો એક કે જેમની વિરુદ્ધ મેં આટલા લાંબા સમય સુધી કદ્યા કર્યું છે - ત્યારે હું જુદું અનુભવું છું. તાજેતરમાં, જ્યારે મેં કેમ્બ્રિજના ત્રણસો વિદ્યાર્થીઓ સાથે વાત કરી, ત્યારે ખંડમાં મેં મારી જાતને સૌથી યુવાન અનુભવી. અને હું હતો પણ ખરો. મેં તેમને કહ્યું: "શા માટે તમને મારા જેવા એક બુઢ્ઢા માણસની જરૂર છે, જે આવે અને તમને સ્વતંત્રતા વિશે કહે?" હવેના દિવસોમાં, હું યુવાની અને ઉંમરના સંદર્ભમાં વિચારતો નથી. મને લાગે છે કે વ્યક્તિની વિચારસરણીને વર્ષો સાથે બહુ ઓછી લેવાદેવા હોય છે. હું એવા વીસ વર્ષના જુવાનિયાઓને જાણું છું, જે નેવું વર્ષના છે, અને એવા સાઠ વર્ષના માણસોને જાણું છું જે વીસ વર્ષના છે. હું તાજગી, ઉત્સાહ, સંકુચિતતા - મૃતઃપ્રાયતા - નિરાશાવાદના અભાવના સંદર્ભમાં વિચારું છું.

હું સૌમ્ય બન્યો છું કે નહીં તે જાણતો નથી. હું જેટલા આનંદપૂર્વક મૂર્ખાઓને સહી લેતો હતો, તેના કરતાં ઓછા આનંદથી સહું છું, કંટાળાજનક વાતચીતથી હું જલદી અકળાઈ ઊઠું છું, અને લોકોના અંગત ભૂતકાળમાં મને ઓછો રસ પડે છે. પણ તેની સામે, છેલ્લાં ત્રીસ વર્ષોમાં મેં આ બધું ઘણી મોટી માત્રામાં સહ્યું છે. મને વસ્તુઓમાં પણ ઓછો રસ પડે છે, અને ભાગ્યે જ મને કંઈક ખરીદવાનું મન થાય છે. વર્ષોથી હું કપડાંની દુકાનનાં પગથિયાં ચઢ્યો નથી. અને હવેના દિવસોમાં તો યુસ્ટન રોડ પરની મારી વહાલી ઓજારોની દુકાનો પણ મને આકર્ષતી નથી.

જો આજે હવે હું એવી અવસ્થાએ પહોંચી ગયો હોઉં, જ્યાં બાળકોનો ઘોંઘાટ મને પહેલાં કરતાં વધુ થકવતો હોય, તો ઉંમરના કારણે આ અધીરાઈ આવી છે એવું હું ન કહી શકું. હજી પણ હું બાળકને તમામ ખોટી વસ્તુઓ કરતાં, તમામ જૂની ગ્રંથિઓને બહાર જીવી નાખતાં જોઈ શકું છું - એવું જાણવાથી કે થોડા સમયમાં આ જ બાળક એક સારા નાગરિકમાં રૂપાંતર પામશે. ઉંમરથી ભય ઘટે છે. પણ ઉંમર હિંમત પણ ઘટાડે છે. વર્ષો અગાઉ, પોતાને જોઈએ તે ન મળે તો ઊંચી બારીએથી કૂદકો મારી દેવાની ધમકી આપતા છોકરાને હું આસાનીથી, જા જઈને ભૂસકો માર, એવું કહી શક્યો હોત. આજે હું એવું કરી શકું કે કેમ તેની મને ખાતરી નથી.

મારી સામે વારંવાર મૂકવામાં આવતો પ્રશ્ન એ છે કે, "પણ શું સમરહિલ એ માત્ર એક માણસ પર અવલંબિત (વન મેન શો) નથી? શું એ તમારા વિના પણ ચાલુ રહી શકશે?" સમરહિલ કોઈ પણ હિસાબે એક માણસ પર અવલાંબિત નથી. શાળાના રોજિંદા કામકાજમાં, મારી પત્ની અને શિક્ષકો મારા જેટલા જ અગત્યનાં છે. બાળકના વિકાસમાં કોઈ પ્રકારનો હસ્તક્ષેપ ન કરવાના અને બાળક પર દબાણ ન લાવવાના ખ્યાલે જ આ શાળાને એ જેવી છે તેવી બનાવી છે.

શું સમરહિલ આખા વિશ્વમાં જાણીતી છે? કવચિત્ જ. અને તે પણ માત્ર ખોબા જેટલા કેળવણીકારોમાં જાણીતી છે. સ્કેન્ડિનેવિયામાં સમરહિલ સૌથી સારી રીતે જાણીતી છે. ત્રીસ - ત્રીસ વર્ષોથી, અમારી પાસે નોર્વે, સ્વિડન અને ડેન્માર્કમાંથી વિદ્યાર્થીઓ આવે છે - ક્યારેક તો એકી વખતે વીસની સંખ્યામાં. ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, અને કેનેડાના વિદ્યાર્થીઓ પણ અમારે ત્યાં હતા. મારાં પુસ્તકો ઘણી ભાષાઓમાં અનુવાદિત થયાં છે, જેમાં જાપાનિઝ, હિબ્રૂ, હિન્દી અને ગુજરાતી સામેલ છે. જાપાનમાં સમરહિલનો થોડોઘણો પ્રભાવ હતો. આશરે ત્રીસ વર્ષ અગાઉ, અગ્રગણ્ય કેળવણીકાર સેઈશી શિમોડા અમારી મુલાકાતે આવ્યા હતા. મારાં પુસ્તકોના તેમણે કરેલા અનુવાદો સારા વેચાયા છે; અને ટોક્યોમાં શિક્ષકો અમારી પદ્ધતિઓ ચર્ચવા માટે ભેગા થાય છે એવું મારા સાંભળવામાં આવ્યું છે. ૧૯૫૮માં શ્રીમાન શિમોડા ફરીથી અમારી સાથે એક મહિનો વીતાવવા માટે આવ્યા હતા. સુદાનની એક શાળાના આચાર્ય મને કહેતા હતા કે ત્યાં કેટલાક શિક્ષકોને સમરહિલમાં જબરો રસ પડ્યો છે.

કોઈ પણ ભ્રમ રાખ્યા વિના હું અનુવાદો, મુલાકાતો અને પત્રવ્યવહારની આ હકીકતો આલેખું છું. ઓક્સફર્ડ સ્ટ્રીટમાંથી પસાર થતા હજાર લોકોને થોભાવો અને પૂછો કે તેમના માટે સમરહિલ શબ્દ શું સૂચવે છે, તો એવી પૂરી શક્યતા છે કે તેમાંથી એક પણ જણને આ નામની ખબર ન હોય. વ્યક્તિએ પોતાની મહત્તા અથવા તેના અભાવ અંગે એક પ્રકારનો રમૂજીભાવ કેળવવો જોઈએ.

આ વિશ્વ જો કદી સમરહિલની શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરશે પણ ખરું, તો તે બહુ લાંબો સમય કરશે એમ હું વિચારતો નથી. વિશ્વને કદાચ તેના કરતાં વધુ સારો રસ્તો મળશે. કોઈ છીછરી વ્યક્તિ જ એવું માની શકે કે તેનું કાર્ય જે તે વિષયમાં આખરી શબ્દો છે. સૃષ્ટિએ કોઈ વધુ સારો રસ્તો શોધવો જ રહ્યો. કારણ કે રાજકારણ, માનવતાને બચાવશે નહીં. એ ક્યારેય એવું કરી શક્યું નથી. મોટા ભાગનાં રાજકીય છાપાંઓ બધો જ સમય નફરત, અને બસ નફરતથી ઊભરાતાં

રહે છે. ગરીબને પ્રેમ કરવાને બદલે પૈસાદારને ધિક્કારતાં હોવાથી પણ આજે ઘણા લોકો સમાજવાદી કહેવાય છે.

સમાજમાં સેંકડો રીતે ધિક્કારને દર્શાવતા વતનના કોઈ ખૂણામાં આપણું ઘર આવેલું હોય, ત્યારે પ્રેમથી ભર્યાભર્યાં આનંદમય ઘરો આપણને કેવી રીતે મળે? હું શિક્ષણને શા માટે પરીક્ષાઓ, વર્ગો અને શીખવાની બાબત તરીકે નથી જોઈ શકતો એ તમે સમજી શકશો. શાળાઓ પાયાના મુદ્દાને અવગણે છેઃ વિશ્વના તમામ ગ્રીક, ગણિત અને ઇતિહાસ - ઘરને વધુ પ્રેમાળ બનાવવા માટે, બાળકને અંકુશોમાંથી અને માતાપિતાને ન્યુરોસિસમાંથી મુક્ત કરવા માટે મદદરૂપ નીવડતાં નથી.

સમરહિલનું ભવિષ્ય તેના પોતાનામાં કદાચ નગણ્ય મહત્ત્વ ધરાવે છે. પણ સમરહિલની વિભાવનાનું ભવિષ્ય માનવતા માટે સર્વોચ્ચ મહત્ત્વ ધરાવે છે. નવી પેઢીઓને સ્વતંત્ર વાતાવરણમાં વિકસવાનો મોકો અપાવો જોઈએ. સ્વતંત્રતાની ભેટ એ પ્રેમની ભેટ છે. અને માત્ર પ્રેમ જ આ વિશ્વને બચાવી શકે છે.

૨

બાળ ઉછેર

અમુક્ત બાળક

બીબામાં ઢાળેલું, પૂર્વગ્રહોયુક્ત, શિસ્તબદ્ધ, દબાયેલું બાળક – અંકુશો હેઠળ જકડાયેલું, અનેક નામધારી બાળક – વિશ્વના દરેક ખૂણામાં જીવે છે. તે આપણા જ શહેરમાં, બસ સામેની જ ગલીમાં રહે છે. તે એક કંટાળાજનક શાળાની કંટાળાજનક પાટલી પર બેસે છે; અને પાછળથી, તે કોઈ ઓફિસ અથવા કોઈ કારખાનાના તેથી પણ વધુ કંટાળાજનક ટેબલ પર બેસે છે. તે કહ્યાગરો છે, આદેશ ઉઠાવવા ખડે પગે તૈયાર છે, ટીકાથી ડરે છે અને સામાન્ય, પ્રણાલિકાગત અને સાચા બની રહેવા માટેની લગભગ ઝનૂની ઇચ્છા ધરાવે છે. તેને જે શીખવવામાં આવે તેને લગભગ કોઈ જ પ્રશ્ન કર્યા વિના તે સ્વીકારે છે, અને પોતાની તમામ ગ્રંથિઓ, ડર અને હતાશાઓ તે પોતાનાં બાળકોને આપે છે.

બાળકને પહોંચતું મોટા ભાગનું માનસિક નુકસાન, તેના જીવનનાં પહેલાં પાંચ વર્ષો દરમ્યાન પહોંચે છે એવું મનોચિકિત્સકોનું કહેવું છે. કદાચ એમ કહેવું સત્યની વધુ નજીક હશે કે પહેલાં પાંચ મહિનાઓમાં, અથવા પહેલાં પાંચ અઠવાડિયાઓમાં, અથવા કદાચ પહેલી પાંચ મિનિટમાં પણ એવું નુકસાન પહોંચાડી શકાય છે કે જેની અસર જીવનભર રહે.

જન્મની સાથે જ સ્વાતંત્ર્યનો ઈનકાર શરૂ થાય છે. ના, એમ કહોને કે તે જન્મથી પણ ઘણા પહેલાંથી શરૂ થાય છે. જો એક દબાયેલી સ્ત્રી, તેના જકડાયેલા શરીરમાં ગર્ભ ધારણ કરે છે, તો આ માતૃત્વની જડતાની ગર્ભસ્થ બાળક પર શું અસર પહોંચી હશે તે કોણ કહી શકે છે?

એવું કહેવામાં અતિશયોક્તિ નથી કે આપણી સભ્યતામાં તમામ બાળકો જીવનનો અસ્વીકાર કરતા વાતાવરણમાં પેદા થાય છે. સમયાનુસાર ધાવણની વકીલાત કરનારા ખરેખર આનંદ-વિરોધી છે. બાળકને ધવડાવવામાં તેમને શિસ્ત જોઈએ છે કારણ કે તેમને મન નિશ્ચિત સમય સિવાય અપાતું ધાવણ, ઉત્તેજનાસભર આનંદ બરાબર છે. પોષણને લગતી દલીલ એ સામાન્ય રીતે ન્યાયી ઠરાવવા પૂરતો તર્ક છે; તેની પાછળનો ઊંડો હેતુ તો જે આનંદ કરતાં ફરજને પહેલાં મૂકે એવા એક શિસ્તબદ્ધ પ્રાણીમાં બાળકને ઢાળવાનો છે.

ચાલો, એક સામાન્ય માધ્યમિક શાળાના સરેરાશ છોકરા- જ્હોન સ્મિથના જીવન વિશે વિચારીએ. તેનાં માતાપિતા ક્યારેક ક્યારેક ચર્ચમાં જાય છે, પણ જ્હોને તો દર અઠવાડિયે રવિવારની શાળામાં જવું જ એવો તેઓ આગ્રહ રાખે છે. પારસ્પરિક

જાતીય આકર્ષણનાં સાચાં કારણોસર માતાપિતાએ લગ્ન કર્યાં હતાં. તેમણે પરણવું જ પડે તેમ હતું, કારણ કે તેમના સમાજમાં જ્યાં સુધી વ્યક્તિ આબરૂદાર ન હોય- એટલે કે પરણેલાં ન હોય, ત્યાં સુધી જાતીય રીતે સાથે રહી શકતાં નહીં. જેમ ઘણા ભાગે બને છે તેમ, જાતીય આકર્ષણ પૂરતું ન નીવડ્યું; અને સ્વભાવના તફાવતોના કારણે પ્રસંગોપાત્ત માતાપિતા વચ્ચે મોટા અવાજે થતી દલીલોએ તેમના ઘરને એક તણાવભરી જગ્યા બનાવીને મૂકી દીધું. ઘરમાં ઘણી મૃદુ પળો પણ હતી, પણ નાનકડા જ્હોન માટે એ તો સામાન્ય હતી, જ્યારે તેનાં માતાપિતા વચ્ચે થતા આ ઘોંઘાટભર્યા ઝઘડાઓ તેને મર્મસ્થાનમાં વાગતા. તે ડરી જતો, રડતો અને વળી કારણ વિના રડવા માટે તેને એકાદ ધોલ ખાવી પડતી.

જન્મ સાથે જ તેને ઢાળવાનો પ્રારંભ થઈ ગયો હતો. સમયપત્રક અનુસાર ધાવણ મેળવવાથી તે ઘણો હતાશ થયો હતો. જ્યારે તેને ભૂખ લાગી હોય ત્યારે ઘડિયાળનો કાંટો હજી ધાવણના સમયને એકાદ કલાકની વાર છે, એવું દર્શાવતો. તેને બહુ સખત રીતે ઘણાં બધાં કપડાંઓમાં વીંટાળીને રાખવામાં આવ્યો હતો. પોતાની ઇચ્છાનુસાર જોઈએ એટલા મુક્તપણે લાત મારી શકાતી નથી એવી તેને ખબર પડવા માંડી હતી. ધાવણ માટેની હતાશાને કારણે તે પોતાનો અંગૂઠો ચૂસતો થઈ જાય છે. પણ બચપણથી જ ખોટી આદતો પડવા ન દેવી જોઈએ એવું ફેમિલી ડૉક્ટરનું કહેવું છે, એટલે તેના હાથ તેની બાંયમાં બાંધી રાખવાનો અથવા તેની આંગળીઓના ટેરવા પર કંઈક દુર્ગંધયુક્ત પદાર્થ લગાડી દેવાનો મમ્મીને આદેશ આપવામાં આવ્યો. બાળોતિયાં બાંધવાની વય સુધી કમસે કમ કુદરતી હાજતો પૂરતો તે મુક્ત હતો. પણ જ્યારે તે ઘૂંટણિયે ચાલવાનું કે ઘસડાવાનું શીખે છે અને જમીન પર જ કુદરતી હાજતો કરવા માંડે છે, ત્યારે 'બદમાશ' અને 'ગંદો' જેવા શબ્દો ઘરમાં સંભળાવા શરૂ થઈ જાય છે, અને તેને સ્વચ્છ રહેવાનું શીખવવા માટેની ક્રૂર શરૂઆત થઈ જાય છે.

પરંતુ આની પહેલાં, તે જ્યારે પણ પોતાનાં જનનાંગોને સ્પર્શે ત્યારે તેનો હાથ ખેંચી લેવામાં આવે છે; અને થોડા જ વખતમાં તે જનનાંગો અડવા પરના પ્રતિબંધ અને મળ માટેની સૂગને સાંકળવા માંડે છે. આમ, વર્ષો પછી જ્યારે એ સતત પ્રવાસમાં રહેતો સેલ્સમેન બની ગયો હોય છે, ત્યારે તેની વાતોમાં સેક્સ અને ટોઈલેટ ટુચકાઓનું પ્રચૂર પ્રમાણ રહેવા માંડે છે.

તેને મળેલી તાલીમ પર સગાંવહાલાં અને પાડોશીઓનો સારો એવો પ્રભાવ છે. મમ્મી અને પપ્પા 'સાચાં' બની રહેવા માટે- હંમેશાં યોગ્ય વસ્તુઓ કરવા માટે- સૌથી વધુ વ્યાકુળ રહેતાં, એટલે જ્યારે સગાંવહાલાં કે બાજુના ઘરમાં રહેતા પાડોશીઓ

આવે, ત્યારે જ્હોને પોતાની જાતને એક 'સારી રીતે ઉછરેલ' બાળક તરીકે દર્શાવવો રહે છે. જ્યારે આન્ટી તેને ચોકલેટ આપે ત્યારે તેણે "આભાર" કહેવું જ પડે. તેણે તેમની સમક્ષ પોતાની ભોજનની રીતભાતો બાબતે પણ સૌથી વધુ કાળજી રાખવી પડે છે; અને ખાસ કરીને, જ્યારે મોટાઓ બોલતાં હોય ત્યારે પોતે વચ્ચે ન બોલી પડે તેનું ધ્યાન રાખવું પડે છે.

રવિવારના તેના અણગમતા પહેરવેશ પર પાડોશીઓનો ઈજારો છે. પ્રતિષ્ઠાની આ તાલીમમાં જૂઠાણાની એક આખી પ્રણાલી સામેલ હોય છે – એવી પ્રણાલી જેનાથી તે સામાન્ય રીતે અજાણ હોય છે. જીવનની શરૂઆત સાથે જ જૂઠાણાની શરૂઆત પણ થઈ જાય છે. "નખ્ખોદ જાય" જેવી ગાળો બોલતાં તોફાની બાળકોને પ્રભુ પ્રેમ કરતો નથી, અને જો તે ટ્રેનના ડબ્બાઓની પરસાળમાં આંટાફેરા કરતો દેખાશે તો ટિકિટ-ચેકર તેને ફટકારશે એવું તેને કહેવામાં આવ્યું હતું.

જીવનના ઉદ્‌ગમ અંગેની તેની તમામ જિજ્ઞાસાઓને કઢંગા જૂઠાણાંઓથી ધરબી દેવામાં આવે છે - એટલાં અસરકારક જૂઠાણાંઓ કે જીવન અને જન્મ અંગેની તેની જિજ્ઞાસા સાવ અદશ્ય જ થઈ ગઈ. જ્યારે પાંચ વર્ષની ઉંમરે મમ્મી તેને પોતાની ચાર વર્ષની નાની બહેન અને બાજુના ઘરની છોકરી સાથે જનનાંગોની રમત રમતો જોઈ જાય છે, ત્યારે જીવન બાબતેનાં પેલાં જૂઠાણાંઓ સાથે ડર પણ જોડાઈ જાય છે. તેના પછી થયેલી ઊગ્ર ધોલધપાટ (જેમાં પિતા પણ કામ પરથી પાછા ફર્યા પછી ઉમેરો કરે છે) જ્હોનને હંમેશ માટે યાદ રહી જાય તેવો પાઠ આપે છે કે સેક્સ એ એવી ગંદી અને પાપી બાબત છે, જેના વિશે વ્યક્તિએ વિચારવું પણ ન ઘટે. આમ પોતે કિશોરાવસ્થા સુધી પહોંચે ત્યાં સુધી, જાતીયતા અંગે મનમાં જાગેલા કુતુહલને બિચારા જ્હોને બૂચ મારીને બાટલીમાં બંધ કરી રાખવું પડે છે, અને પછી જ્યારે એ સિનેમામાં કોઈ સ્ત્રીને તે ત્રણ મહિનાથી સગર્ભા છે એવું કહેતાં સાંભળે છે ત્યારે ખડખડાટ હસે છે.

બુદ્ધિની દૃષ્ટિએ, જ્હોનની ગાડી બરાબર પાટા પર છે. તે આસાનીથી શીખે છે, અને એટલે તે કોઈ બુદ્ધિહીન શિક્ષક તરફથી મળી શક્યાં હોત તેવાં મહેણાં, ઉપહાસ અને સજામાંથી બચી જાય છે. ઘણે ભાગે નકામા અને ઉપરછલ્લા જ્ઞાન સાથે તથા સસ્તાં ચોપાનિયાં, ચવાઈ ગયેલી ફિલ્મો, અને છીછરી અપરાધ કથાઓથી આસાનીથી સંતોષાઈ જાય તેવી સભ્યતા સાથે તે શાળા છોડે છે.

જ્હોન માટે, કોલગેટ એટલે માત્ર ટુથપેસ્ટ જ; અને બિથોવન અને બાક એટલે જ્યારે તમે એલ્વીસ પ્રિસ્લી અથવા બેઈડરબેકે બેન્ડ સાથે તાલમાં ઝૂમવા માગતા હો ત્યારે તમારા રસ્તામાં આડા આવનારા ઘૂસણખોરો.

જ્હોન સ્મિથનો પૈસાદાર પિત્રાઈ, રેગિનાલ્ડ વર્ધીંગ્ટન, એક ખાનગી શાળામાં ભણવા જાય છે; પણ વિકાસના મૂળભૂત ઘટકોમાં, તેની સ્થિતિ પણ બિચારા જ્હોન જેવી જ થાય છે. તેને પણ જીવનમાં એ જ ઊતરતી કોટિના હોવાની પ્રતીતિ આપવામાં આવે છે, *યથાસ્થિતિ*ની એ જ ગુલામી તેણે પણ ઉઠાવવી રહે છે, અને પ્રેમ અને આનંદનો એ જ ઇનકાર સહેવો પડે છે.

શું અહીં ચીતરવામાં આવેલાં જ્હોન અને રેગિનાલ્ડના આ કટાક્ષ-ચિત્રો એક-તરફી છે? હૂબહૂ કટાક્ષ-ચિત્રો નથી, કારણ કે મેં તેમનું સંપૂર્ણ ચિત્ર આપ્યું નથી. મેં બંનેનાં જીવનમાં જે હૂંફાળી માનવતા છે, એવી માનવતા કે જે ચારિત્ર્યની સૌથી અનિષ્ટ છાપો વચ્ચે પણ ટકે છે, તેને ચીતરવી બાકાત રાખી છે. જીવનના સ્મિથો અને વર્ધીંગ્ટનો મુખ્યત્વે શિષ્ટ છે, મિત્રતાપૂર્ણ છે, બાલિશ શ્રદ્ધા અને વહેમ ધરાવનારા છે અને બાળક જેવા, ભરોસો મૂકનારા અને વફાદારી દાખવનારા છે. તેઓ અને તેમના સાથીઓ મળીને જ્હોન રૂપી નાગરિકો બને છે, જે કાયદાઓ બનાવે છે અને માનવતાની માંગ કરે છે. આ જ લોકો છે જે પ્રાણીઓની કતલ દયાપૂર્ણ રીતે કરવી જોઈએ, પાળેલાં પ્રાણીઓની યોગ્ય કાળજી લેવાવી જ જોઈએ એવાં હુકમનામાં કરે છે; પણ જ્યારે માણસની માણસ પ્રત્યેની અમાનવીયતાની વાત આવે છે ત્યારે તેઓ ભાંગી પડે છે. તેઓ સહેજ પણ વિચાર્યા વિના એક ક્રૂર, બિન-ખ્રિસ્તી એવી અપરાધસંહિતાને (ક્રિમિનલ કોડને) સ્વીકારે છે; અને યુદ્ધમાં બીજા માણસોને મોતને ઘાટ ઉતારવાને તેઓ એક કુદરતી ઘટના તરીકે સ્વીકારે છે.

પ્રેમ અને લગ્નને લગતા કાયદાઓ મૂર્ખાઈભર્યા, નિર્દય અને નફરતભર્યા છે, એ બાબતે જ્હોન અને તેનો ધનાઢ્ય પિત્રાઈ સહમત છે. તેઓ માને છે કે જ્યાં સુધી પ્રેમનો પ્રશ્ન છે ત્યાં સુધી, પુરુષો માટે એક કાયદો હોવો જોઈએ અને સ્ત્રીઓ માટે બીજો. તેઓ જે છોકરીને પરણે તે કુમારિકા જ હોવી જોઈએ એવી બંનેની માંગ છે. પણ જ્યારે પુરુષને તેમના કૌમાર્ય વિશે પૂછવામાં આવે છે, ત્યારે તેઓ અકળાઈ ઊઠે છે, અને કહે છે, "પુરુષની વાત જુદી છે."

ભલે બંને જણે 'પિતૃપ્રધાન સમાજ' એવો શબ્દપ્રયોગ સુદ્ધાં કદી સાંભળ્યો ન હોય, છતાં બંને જણ તેના કટ્ટર હિમાયતી છે. પિતૃપ્રધાન સમાજ પોતાનું અસ્તિત્વ બનાવી રાખી શકે તે માટે અનિવાર્ય એવા ઢાંચામાં તેમને ઢાળવામાં આવ્યાં છે. તેમની ભાવનાઓ, તેમની અંગત ભાવનાઓને બદલે ટોળાની ભાવનાઓ બની રહેવા તરફનું વલણ દાખવે છે.

વિદ્યાર્થી તરીકે પોતે જે શાળાને ધિક્કારતા હતા તે શાળા વિશે, શાળા છોડ્યાના

ઘણા લાંબા સમય પછી, તેઓ કહેશે, "મને મારી શાળામાં ઘણી વાર ફટકારવામાં આવતો, અને તેનાથી મારું ઘણું સારું થયું હતું," અને પછી તેઓ પોતાના દીકરાઓને એ જ અથવા એવી જ કોઈ શાળામાં મોકલી આપે છે. મનોવૈજ્ઞાનિક સંદર્ભમાં, તેઓ પોતાના પિતા સામે કોઈ પણ રચનાત્મક વિદ્રોહ નોંધાવ્યા વિના તેમને સ્વીકારે છે; અને તેથી પિતૃ-સત્તાની પરંપરા પેઢી દર પેઢી આગળ ધપે છે.

જ્હોન સ્મિથની છબિને પૂરી કરવા માટે મારે તેની બહેન, મેરીના જીવનનું ટૂંકું રેખાચિત્ર આપવું જોઈશે – ટૂંકું એટલા માટે કે એકંદરે તેને મળેલું દમનભર્યું વાતાવરણ, એ તેના ભાઈને ગૂંગળાવતા વાતાવરણ જેવું જ છે. જો કે, જ્હોન નથી ધરાવતો તેવી એક વિશેષ અક્ષમતા તે ધરાવે છે. એક પિતૃપ્રધાન સમાજમાં તે ચોક્કસ ઊતરતો દરજ્જો ધરાવે છે, અને તેને એ હંમેશા યાદ રહે એ રીતે તેને તાલીમ આપવામાં આવે છે. જ્યારે તેનો ભાઈ વાંચતો કે રમતો હોય, ત્યારે તેણે ઘરનાં કામ પતાવવાનાં હોય છે. થોડા જ વખતમાં તેને ખબર પડે છે કે મોટી થઈને જ્યારે તે નોકરી મેળવશે, ત્યારે પણ તેને પુરુષને મળતું હશે તેના કરતાં ઓછું મહેનતાણું આપવામાં આવશે.

પુરુષપ્રધાન સમાજમાં, સામાન્યતઃ મેરીએ પોતાના ઊતરતા દરજ્જા સામે વિદ્રોહ તો ન જ નોંધાવવો ઘટે. તેને નુકસાનીનું વળતર મળી રહે એનું પુરુષ ધ્યાન રાખે છે, પછી ભલે ને તેમાંનું મોટા ભાગનું વળતર માત્ર દેખાવનું ને તકલાદી હોય. તેને સારી રીતભાતોનું કેન્દ્ર માનવામાં આવે છે. તેની આમન્યા જાળવવામાં આવે છે; તેની હાજરીમાં, જો તેણે બેઠક ન લીધી હોય તો પુરુષ ઊભો રહે છે. તે કૃપા કરીને તેને પરણશે કે કેમ એવું પુરુષ તેને અદબભેર પૂછશે. મેરીને વણકહી રીતે શીખવવામાં આવ્યું છે કે બને એટલું સુંદર દેખાવું એ તેનું મુખ્ય કામ છે; પરિણામે પુસ્તકો અને શાળાઓ પાછળ ખર્ચાય છે તેનાથી કેટલાય વધુ કરોડોનું નાણું પહેરવેશ અને સૌંદર્ય-પ્રસાધનો પાછળ વાપરવામાં આવે છે.

સેક્સના ક્ષેત્રમાં, મેરી પોતાના ભાઈ જેવી જ અજ્ઞાની અને દબાયેલી છે. પિતૃ-પ્રધાન સમાજમાં પુરુષોએ ઠેરવ્યું છે કે તેમની સ્ત્રીઓ પવિત્ર, અખંડ કૌમાર્ય ધરાવતી અને નિર્દોષ હોવી જોઈએ. સ્ત્રીઓ પુરુષ કરતાં વધુ સ્વચ્છ, શુદ્ધ મન ધરાવે છે એવી સહૃદયી માન્યતા સાથે મેરી મોટી થઈ એમાં તેનો કોઈ દોષ નથી. તેના જીવનનો મુખ્ય હેતુ માત્ર પ્રજોત્પત્તિ છે, અને જાતીય આનંદ તો પુરુષનું અધિકારક્ષેત્ર છે એવું તે વિચારવા અને અનુભવવા લાગે એવાં વ્યવહાર-વર્તન આજુબાજુનો પુરુષ સમાજ લગભગ રહસ્યમયી રીતે કરે છે.

જ્યાં સુધી 'યોગ્ય પુરુષ ઉમેદવાર' આવ્યો નહીં અને આવીને તેણે તેમનામાંની

'સુષુપ્ત સુંદરતા' જાગ્રત ન કરી ત્યાં સુધી મેરીનાં દાદીમા માટે અને કદાચ તેની માતા માટે પણ, કોઈ પણ પ્રકારે સેક્સ સંબંધો રાખવા અઘટિત રહ્યા હતા. મેરી એ તબક્કામાંથી આગળ નીકળી ગઈ છે, પણ આપણે ધારીએ છીએ એટલી દૂર નહીં. આજે તેનું પ્રેમજીવન ગર્ભાવસ્થાના ડરથી ફફડે છે, કારણ કે તેને પ્રતીતિ છે કે જો તેને ગેરકાયદેસર બાળક અવતરશે તો લગ્ન માટે યોગ્ય પુરુષ મેળવવાની તેની તક મોટે ભાગે ક્ષીણ થઈ જશે.

આજ અને આવતીકાલ સમક્ષના મોટા પડકારોમાંનો એક તે માણસની માંદગીઓ અને તેની દબાયેલી જાતીય ઊર્જા વચ્ચેના સંબંધ અંગેનું સંશોધનકાર્ય કરવાનો છે. આપણો જ્હોન સ્મિથ કદાચ મૂત્રાશયની તકલીફને લીધે અને મેરી સ્મિથ કેન્સરના કારણે મરણ પામશે, અને બંનેમાંથી એક પણ તેમની માંદગી સાથે તેમની સંકુચિત, દબાયેલી ભાવનાત્મક જિંદગીને કોઈ સંબંધ હતો કે કેમ તે વિચારશે સુદ્ધાં નહીં. એક દિવસ એવો આવશે જ્યારે માનવતા તેનાં તમામ દુઃખો, તમામ નફરત, અને તમામ રોગોનાં મૂળિયાં તેની આ અનિવાર્યપણે જીવન-વિરોધી એવી વિશિષ્ટ સભ્યતામાં શોધી શકશે. જો જડ ચારિત્ર્યની તાલીમ, જડ માનવશરીરો બનાવે છે – જીવંત અને ધબકતાં માનવશરીરોને બદલે પાંગળાં અને જકડાયેલાં માનવશરીરો બનાવે છે – તો એવા તારણ પર આવવું પણ તાર્કિક ગણાશે કે એ જ જડ મૃતઃપ્રાયતા, જીવન માટે આવશ્યક એવા માનવશરીરના દરેક અવયવના ધબકારને પણ રોકતી હશે.

સારાંશ કહીએ તો, મારી દલીલ એ છે કે સ્વતંત્રતા-વિહીન, બંધનમાં જકડાયેલું શિક્ષણ એ છેવટે એવી જિંદગીમાં પરિણમે છે કે જેને પૂરેપૂરી જીવી શકાતી નથી. આવું શિક્ષણ લગભગ સમગ્રપણે જીવનની ભાવનાઓની ઉપેક્ષા કરે છે; અને કારણ કે આ ભાવનાઓ સતત બદલાતી રહે છે, તેથી તેમને અભિવ્યક્ત કરવાની તકનો અભાવ ચોક્કસ જ છીછરાપણામાં, કદરૂપી અભિવ્યક્તિમાં અને નફરતમાં પરિણમે છે. માત્ર મસ્તિષ્કને શિક્ષિત કરવામાં આવે છે. જો ભાવનાઓને ખરેખર મુક્ત રૂપે વ્યક્ત થવા દેવાય, તો બુદ્ધિ આપમેળે પોતાની સંભાળ લઈ લેશે.

માણસની કરુણતા એ છે કે, એક કૂતરાની જેમ, તેના ચરિત્રને પણ ઢાળી શકાય છે. તમે કૂતરા કરતાં ચઢિયાતા પ્રાણી- એક બિલાડીના ચરિત્રને ઢાળી શકતા નથી. તમે કૂતરામાં અપરાધભાવ ઊભો કરી શકો છો, પણ તમે બિલાડીને એ માટે પ્રેરી શકતા નથી. છતાં મોટા ભાગના લોકો કૂતરાને પસંદ કરે છે, કારણ કે તેની આજ્ઞાંકિતતા અને ખુશામતભરી પૂંછડીની પટપટમાં, માલિકને પોતાના ચઢિયાતા હોવાની અને યોગ્યતાની દેખીતી સાબિતી મળતી હોય છે.

બાલ્યાવસ્થાની તાલીમ એ કૂતરાની તાલીમ જેવી છે. સજા પામેલું બાળક, સજા પામેલા ગલુડિયાની માફક, એક આજ્ઞાંકિત, ગરીબડા વયસ્ક તરીકે મોટું થાય છે. જેમ આપણે આપણાં કૂતરાંઓને આપણી જરૂરિયાતો અનુસારની તાલીમ આપીએ છીએ, તેમ આપણે આપણાં બાળકોને પણ આપીએ છીએ. એ શ્વાન તાલીમ-ઘરમાં, બાળવાડીમાં, મનુષ્યરૂપી શ્વાન એકદમ ચોખ્ખા હોવા જોઈએ; તેમણે વધુ પડતાં ધુરકિયાં ન કરવાં જોઈએ; તેમણે વ્હિસલનો આદેશ પાળવો જ જોઈએ; અને જ્યારે આપણને અનુકૂળ હોય ત્યારે આપણે તેમને ખાવાનું આપવું જોઈએ.

૧૯૩૫માં જ્યારે થેમ્પેલહોફ, બર્લિનમાં, મહાન પ્રશિક્ષક હિટલરે પોતાના આદેશોની વ્હિસલ વગાડી હતી, ત્યારે મેં એવા સેંકડો, હજારો આજ્ઞાંકિત કૂતરાંઓને પોતાની પૂંછડી પટપટાવતાં જોયાં હતાં.

થોડાં વર્ષો અગાઉ, પેનસિલ્વેનિયાની મહિલા તબીબી કોલેજની એક હોસ્પિટલે નવી માતાઓ માટે બહાર પાડેલી કેટલીક સૂચનાઓ હું અહીં ટાંકવા ઇચ્છીશ.

"અંગૂઠો અથવા આંગળી ચૂસવાની આદત રોકવા માટે, તમે તમારા નવજાત શિશુનો હાથ કાર્ડબોર્ડ ટ્યૂબમાં મૂકી શકો, જેથી તે કોણીથી પોતાનો હાથ વાળી શકશે નહીં."

"ગુહ્યાંગો. તેમને અત્યંત ચીવટપૂર્વક ચોખ્ખાં રાખવાં, જેથી અસુખ, રોગ અને *ખરાબ આદતો* પડતી રોકી શકાય." (ત્રાંસા અક્ષરો મેં કર્યા છે.)

મોટા ભાગના ખોટા બાળ ઉછેર અંગે હું તબીબી વ્યવસાય પર આક્ષેપ મૂકું છું. આમ જોઈએ તો ડોક્ટરોને સામાન્યતઃ બાળ ઉછેર અંગે કોઈ તાલીમ મળી હોતી નથી, છતાં ઘણી મહિલાઓ માટે ડોક્ટરનો શબ્દ એ ઈશ્વરના શબ્દ સમાન હોય છે. હસ્તમૈથુન કરવા માટે તમારે તમારા બાળકને ફટકારવું જોઈએ, એવું જ્યારે કોઈ ડોક્ટર કહે ત્યારે બિચારી માતાઓ એ નથી સમજી શકતી કે બાળ સ્વભાવની કોઈ વૈજ્ઞાનિક જાણકારીના આધારે નહીં, પણ સેક્સ માટેના તેના પોતાના અપરાધભાવમાંથી તે આવું કહી રહ્યો છે. ડોક્ટરોને હું ધાવણ માટેનું ઉટપટાંગ સમયપત્રક સૂચવવા માટે, ચૂસવા પરના પ્રતિબંધો, બાળક સાથે રમવા અંગેના મૂર્ખાઈભર્યા પ્રતિબંધો અને તેને 'મન ફાવે તેમ ન કરવાં દેવાંના' સૂચનો કરવા માટે દોષી ઠેરવું છું.

એક સમસ્યાગ્રસ્ત બાળક, એક એવું બાળક છે કે જેને સ્વચ્છતા જાળવવા માટે જબરજસ્તી કરવામાં આવે છે અને તેની સેક્સની ભાવનાઓને દાબી દેવામાં આવી છે. વયસ્કોને શાંતિપૂર્ણ જીવન મળે તે રીતે વર્તવાનું બાળકોને શીખવાડવું જોઈએ એ

બાબતને વયસ્કો સહજ માને છે (તેમાં એમને સહેજ પણ ખોટું લાગતું નથી). એટલે જ આજ્ઞાંકિતતાને, શિષ્ટાચારને અને કહ્યાગરાપણાને આટલું મહત્ત્વ આપવામાં આવે છે.

એક દિવસ, મેં એક માતાને પોતાના ત્રણ વર્ષના દીકરાને બહાર બગીચામાં રમવા માટે મૂકતાં જોઈ. તેનું ઝભલું ડાઘ વિનાનું હતું. તેણે માટીમાં રમવું શરૂ કર્યું અને પોતાનાં કપડાં થોડાં ધૂળવાળાં કર્યાં. માતા બહાર દોડી આવી, તેને ખંખેર્યો, તેને અંદર લઈ ગઈ અને થોડી વાર પછી તેનાં કપડાં બદલીને રડતો રડતો બહાર મોકલ્યો. દસ મિનિટમાં, તેણે ફરીથી પોતાનાં કપડાં ગંદાં કરી નાખ્યાં, અને આખીય પ્રક્રિયા ફરી થઈ. મને એ મહિલાને કહેવાનું મન થયું કે તારો દીકરો આખી જિંદગી તને ધિક્કારશે; અને તેથી પણ વધુ ખરાબ, એ જીવનને જ ધિક્કારશે. પણ હું કહીશ તેમાંનું કશું પણ તેના ગળે ઊતરશે નહીં તે હું જાણતો હતો.

લગભગ દરેક વખતે જ્યારે કોઈ નાના કે મોટા શહેરમાં જઉં છું, ત્યારે હું ત્રણેક વર્ષના બાળકને ગોથું ખાતાં ને પડતાં જોઉં છું, અને પછી પડવા બદલ એ બાળકને ખખડાવતી માતાને જોઈને હું ઠરી જાઉં છું.

રેલવેના લગભગ દરેક પ્રવાસમાં, હું કોઈ ને કોઈ માતાને કહેતાં સાંભળું છું, "વિલી, જો તું ફરીથી પેલી કોરિડોરમાં જઈશ, તો કંડક્ટર તને પકડીને લઈ જશે." મોટા ભાગનાં બાળકોને જૂઠાણાંઓ અને અજ્ઞાની પ્રતિબંધોની જાળમાં ઉછેરવામાં આવે છે.

ઘરમાં પોતાના બાળકને સારી રીતે ઉછેરતી કેટલીય માતાઓ, પાડોશીઓ પોતાના વિશે શું વિચારશે એ ડરે જાહેરમાં તેના સંતાનને ધમકાવી કે ફટકારી કાઢતી હોય છે. આપણા ગાંડા સમાજમાં પોતાની જાતને બંધબેસતી કરવા માટે બાળકને શરૂઆતથી જ ફરજ પાડવામાં આવે છે.

એક વાર, ઈંગ્લેન્ડના દરિયાકિનારે આવેલા એક શહેરમાં વ્યાખ્યાન આપતી વખતે મેં ટિપ્પણી કરતાં કહ્યું હતું, "જેટલી વખત તમે તમારા બાળકને ફટકારો છો તેટલી વખત તમે બાળકને એવું દર્શાવો છો કે તમે તેને ધિક્કારી રહ્યા છો- એ વાતની તમને માતાઓને પ્રતીતિ છે ખરી?" તેને જબરજસ્ત પ્રતિક્રિયા મળી. મહિલાઓ અત્યંત ગુસ્સામાં મારી પર તૂટી પડી. પછી જ્યારે સાંજે મેં "કેવી રીતે આપણે ઘરનું નૈતિક અને ધાર્મિક વાતાવરણ સુધારી શકીએ?" એ પ્રશ્નના ઉત્તરમાં મારા દૃષ્ટિકોણો રજૂ કર્યા, ત્યારે શ્રોતાઓએ મારી સામે ભરપૂર અણગમો દર્શાવ્યો. આ મારા માટે આઘાતજનક અનુભવ હતો, કારણ કે હું મોટા ભાગે તેમને જ વ્યાખ્યાન આપવા માટે જતો હોઉં છું, જેઓ હું જેમાં માનું છું તેમાં માનતા હોય. પણ અહીં તો જેણે

ક્યારેય બાળ મનોવિજ્ઞાન વિશે એકાદો શબ્દ પણ ન સાંભળ્યો હોય એવા શ્રમિકો અને મધ્યમ વર્ગના શ્રોતાઓ હતા. જે બાળકોની સ્વતંત્રતાની વિરુદ્ધ છે- અને તેમની પોતાની સ્વતંત્રતાની વિરુદ્ધ છે એવી આ સઘન બહુમતી, કેવી કિલ્લેબંધી ધરાવે છે તેનો મને એનાથી અનુભવ થયો.

આપણી સભ્યતા માંદલી અને નાખુશ છે, અને મારો એવો દાવો છે કે તે તમામનાં મૂળમાં અમુક્ત પરિવાર છે. પ્રતિક્રિયા અને ધિક્કારનાં તમામ પરિબળોએ બાળકોને ઘોડિયામાંથી જ મૃતઃપ્રાય બનાવી રાખ્યાં છે. તેમનું બાળજીવન જ એક લાંબો નકાર છે, એટલે તેમને શરૂઆતથી જ જીવનને "ના" ભણવાની તાલીમ આપવામાં આવે છે. ઘોંઘાટ ન કરો; હસ્તમૈથુન ન કરો; જૂઠું ન બોલો; ચોરી ન કરો.

જીવનમાં જેટલું નકારાત્મક છે એ તમામને તેમને "હા" કહેવાનું શીખવવામાં આવે છે. મોટાઓને માન આપો; ધર્મને માન આપો; સ્કૂલ-માસ્તરને માન આપો; પિતાના આદેશોને માન આપો. કશાને પણ પ્રશ્ન કરશો નહીં – માત્ર આદેશનું પાલન કરો.

જે આદરને પાત્ર નથી તેને આદર આપવો એ સદ્‌ગુણ નથી. તે જ રીતે જેને તમે પ્રેમ કરતાં અટકી ગયા છો તેવા પુરુષ કે મહિલા સાથે કાયદાના બંધનના કારણે રહેવું એ પણ સદ્‌ગુણ નથી; ને જે પ્રભુથી તમે ખરેખર ગભરાઓ છો તેને પ્રેમ કરવામાં પણ ગુણ નથી.

કરુણતા એ છે કે પોતાના પરિવારને બંધનમાં રાખતો માણસ, પોતે પણ બંદી જ છે, અને હોવો જ ઘટે કારણ કે બંદીખાનાનો જેલર પોતે પણ છેવટે તો પુરાયેલો જ હોય છે. પુરુષ ધિક્કારની ગુલામી કરે છે. તે પોતાના પરિવારનું દમન કરે છે, અને એમ કરવામાં તે પોતાના જીવનનું પણ દમન કરે છે. પોતાના દમનનો ભોગ બનેલાઓને સજા આપવા માટે તેણે ન્યાયાલયો અને કેદખાનાં બનાવવાં જ પડે છે.

ગુલામીની બેડીઓમાં જકડાયેલી સ્ત્રીએ પોતાનો દીકરો યુદ્ધમાં હોમવો જ પડે છે, કારણ કે માણસ તો યુદ્ધનું આહ્‌વાન કર્યે જ રાખે છે- રક્ષણાત્મક યુદ્ધ, દેશભક્તિનું યુદ્ધ, લોકશાહીને બચાવવા માટેનું યુદ્ધ, યુદ્ધો શમાવવા માટેનું યુદ્ધ.

ક્યાંય કોઈ બાળક કદી સમસ્યાગ્રસ્ત નથી હોતું; માત્ર માતાપિતાઓ જ સમસ્યાગ્રસ્ત હોય છે. કદાચ એવું કહેવું વધુ યોગ્ય રહેશે કે અહીં કોઈ સમસ્યાગ્રસ્ત હોય તો તે માત્ર સમસ્યાગ્રસ્ત માનવતા જ છે. એટલે જ અણુ બોમ્બ આટલો હાનિકારક છે. કારણ કે તે એવા લોકોના નિયંત્રણ હેઠળ છે જે જીવન-વિરોધી છે – ભલા ઘોડિયામાં જ જેમના હાથ બાંધી દેવામાં આવ્યા હતા, તેઓ જીવન-વિરોધી નહીં હોય તો કોણ હશે?

માનવતા સારા એવા પ્રમાણમાં સારો ભાઈચારો અને પ્રેમ ધરાવે છે, અને મારી એવી દઢ માન્યતા છે કે જે નવી પેઢીઓને બાળઅવસ્થામાં બાંધી નહીં રાખવામાં આવી હોય તે એકબીજા સાથે શાંતિથી જીવશે – જો નવી પેઢીને નિયંત્રણ મેળવવાનો સમય મળે તે પહેલાં આજના ધિક્કારનારાઓએ આ વિશ્વને ધ્વસ્ત નહીં કરી નાખ્યું હોય, તો અને તો જ એવું બનવા પામશે.

આ લડાઈ સમોવડિયાની નથી, કારણ કે ધિક્કારનારાઓના હાથમાં શિક્ષણ છે, ધર્મ છે, કાયદો છે, લશ્કર છે અને અધમ કેદખાનાઓ છે. બીજી તરફ, માત્ર કેટલાક ગણતરીના કેળવણીકારો, તમામ બાળકોમાં રહેલા સારાપણાને સ્વતંત્રતામાં વિકસવા દેવા મથે છે. બાકી બાળકોની બહુ મોટી બહુમતીને, જીવન-વિરોધી ટેકેદારો તેમની સજાઓ ફટકારતી, ધિક્કારભરી વ્યવસ્થામાં ઢાળી રહ્યા છે.

કેટલીક પાદરી શાળા(કોન્વેન્ટ સ્કૂલ)માં ભણતી છોકરીઓએ હજી પણ નહાતી વખતે પોતાના શરીર પર આવરણ રાખવું પડે છે, રખે ને તેઓ પોતે પોતાનું શરીર જોઈ લે! માતાપિતા અને શિક્ષકો હજી પણ છોકરાઓને એવું કહેતાં હોય છે કે હસ્તમૈથુન કરવું તે પાપ છે અને તેના કારણે ગાંડપણ અને તમામ પ્રકારનાં બિહામણાં પરિણામો મળે છે. હમણાં જ, મેં એક મહિલાને, તેના દસ મહિનાના બાળકને તરસ લાગી હોવાથી રડવા માટે, ફટકારતી જોઈ.

આ જીવનમાં માનનારા અને જડતામાં માનનારાઓ વચ્ચેની એક દોડ છે. અને તેમાં નિષ્પક્ષ રહેવાની કોઈ હિંમત કરશે નહીં, કારણ કે તેનો અર્થ મૃત્યુ થાય છે. આપણે બેમાંથી એક તરફ રહેવું જ રહ્યું. જડતાનો પક્ષ આપણને સમસ્યાગ્રસ્ત બાળક આપશે; જીવનનો પક્ષ આપણને સ્વસ્થ બાળક આપશે.

મુક્ત બાળક

આ વિશ્વમાં એટલાં જૂજ સ્વ-નિયમન ધરાવતાં બાળકો છે કે તેમનું વર્ણન આપવાનો કોઈ પણ પ્રયાસ માત્ર રૂપરેખા આપવા પૂરતો જ હોઈ શકે. અત્યાર સુધીનાં પરિણામોનું અવલોકન ચારિત્ર્યમાં વિકાસની એક એવી નવી સભ્યતાની શરૂઆત સૂચવે છે, જે કોઈ પણ પ્રકારના રાજકીય પક્ષે આપેલા એક નવા સમાજની સંકલ્પના કરતાં વધુ ગહન છે.

સ્વ-નિયમન અથવા સ્વાયત્તતા એટલે મનુષ્ય સ્વભાવના સારાપણામાંની શ્રદ્ધા; 'મૂળભૂત પાપ' (ઓરિજિનલ સિન) જેવું કશું હતું નહીં, અને છે નહીં, એવો વિશ્વાસ.

સંપૂર્ણપણે સ્વાયત્ત બાળક કદી કોઈએ જોયું નથી. માતાપિતા, શિક્ષકો અને સમાજ, એમ દરેક બાળકના જીવનને ઢાળતાં રહે છે. મારી દીકરી ઝોઈ જ્યારે બે વર્ષની હતી, ત્યારે પિક્ચર પોસ્ટ નામના એક સામયિકે તેની તસવીર સાથે એક લેખ પ્રકાશિત કર્યો હતો. તેમના મતે, બ્રિટનનાં તમામ બાળકોમાંથી, ઝોઈ, એક મુક્ત બાળક બની રહેવા માટેની શ્રેષ્ઠ સંભાવના ધરાવતી હતી. તે પૂરેપૂરું સાચું નહોતું, કારણ કે ઝોઈ શાળામાં સ્વાયત્ત ન હોય તેવાં બીજાં ઘણાં બાળકો વચ્ચે જીવતી હતી, અને જીવે છે. આ બીજાં બાળકો વત્તા-ઓછા અંશે પૂર્વગ્રહો ધરાવતાં હતાં; અને કારણ કે ચરિત્ર ઢાળવાની પ્રક્રિયા અનિવાર્યપણે ડર અને ધિક્કાર તરફ દોરે છે, એટલે ઝોઈ એવાં કેટલાંક બાળકોના સંપર્કમાં તો હતી જ જેઓ જીવન-વિરોધી હતાં.

પ્રાણીઓ તરફના કોઈ પણ પ્રકારના ડર વિના તેને ઉછેરવામાં આવી હતી. છતાં એક દિવસ જ્યારે મેં એક ખેતર પાસે ગાડી ઊભી રાખી અને કહ્યું, "ચાલ, આપણે ભાંભરતી ગાયો જોઈએ," ત્યારે અચાનક તેના ચહેરા પર ડર દેખાયો અને તેણે કહ્યું, "ના, ના, ભાંભરતી ગાયો તો તમને ખાઈ જાય." સ્વ-નિયમનથી જેને મોટું કરવામાં નથી આવ્યું, તેવા સાત વર્ષના બાળકે તેને આવું કહ્યું હતું. એ સાચું કે તેનો ડર માત્ર એક કે બે અઠવાડિયાં પૂરતો જ ટક્યો. ત્યારબાદ ઝાડીમાંથી છુપાઈને આવતા વાઘની વાર્તાનો પ્રભાવ પણ માત્ર થોડા સમય પૂરતો રહ્યો.

એવું લાગતું હતું કે એક સ્વાયત્ત બાળક, પૂર્વગ્રહિત માન્યતાઓ ધરાવતાં બાળકના પ્રભાવોમાંથી પ્રમાણમાં ટૂંકા સમયમાં બહાર નીકળી આવવાની ક્ષમતા ધરાવે છે. ઝોઈના આવા કોઈક પાસેથી મેળવેલા ડર અને દબાયેલાં રસરુચિ ક્યારેય બહુ લાંબું ટક્યાં નહીં; પણ તેના ચરિત્ર પર તે કોઈ કાયમી છાપ કે નુકસાન છોડી ગયાં હશે કે કેમ, તે કોઈ કહી શકે એમ નથી.

વિશ્વભરના બહારના અવલોકનકારોએ ઝોઈ વિશે કહ્યું હતું, "અહીં કશું તદ્દન નવું છે - જે પોતાની આસપાસનાં સાથે યુદ્ધે નથી ચઢ્યું, પણ સુમેળ-શાંતિભર્યો સંબંધ ધરાવે છે એવું સહજ, સંતુલિત અને આનંદમય બાળક અહીં છે." એ સાચું છે; તે એક સાહજિક બાળક છે, એક તણાવગ્રસ્ત, રુગ્ણ સમાજમાં જેટલું મહત્તમ હોઈ શકે એટલું સહજ બાળક છે, જે સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેની સીમા આપમેળે જાણતું હોય તેવું લાગે છે.

એક સ્વાયત્ત બાળક સમક્ષનાં જોખમોમાંનું એક એ છે કે વયસ્કો તેનામાં એટલો

બધો રસ બતાવે કે તે વધુ પડતાં ધ્યાનનું કેન્દ્ર બની જાય. સ્વયંશિસ્તબદ્ધ બાળકોના જૂથમાં (જ્યાં બધા જ સાહજિક અને મુક્ત છે) કોઈ પણ બાળક જુદું ઊભરી ન આવે તેમ બનવાજોગ છે. એક પણ જણને દેખાડો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે નહીં. અને પછી, પોતાના જેવા અંકુશો જેના પર નથી તેવા એક મુક્ત બાળકના સંપર્કમાં આવવાથી, બીજાં બાળકો જે ઈર્ષ્યા દર્શાવતાં હોય છે, તે પણ દેખાશે નહીં.

તેના મિત્ર ટેડની સરખામણીમાં, એક નાના બાળક તરીકે ઝોઈ, લચીલાં અને મુક્ત અંગોવાળી બાળકી હતી. તમે એને ઊંચકો તો એનું શરીર એક બિલાડીના બચ્ચાં જેટલું જ હળવું-તંગ બન્યા વિનાનું રહેતું; પણ બિચારો ટેડ તો ઊંચકતાંની સાથે બટાકાની ગુણ જેવો ભારેખમ બની જતો. તે હળવો થઈ શકતો નહીં; તે તમામ રક્ષણાત્મક અને અવરોધાત્મક પ્રતિક્રિયાઓ આપતો; તમામ રીતે તે જીવન-વિરોધી હતો.

મારું માનવું છે કે સ્વાયત્ત બાળકોએ એ અપ્રિય તબક્કામાંથી ગુજરવું પડતું નથી. તેમણે કદી પણ તેમાંથી ગુજરવું પડે તેવી કોઈ આવશ્યકતા હું જોઈ શકતો નથી. કારણ કે જો તેમને તેમનાં માતાપિતા તરફથી શિશુ વય દરમ્યાન, બંધાયેલાં હોવાની અને મર્યાદિત કરાયેલાં હોવાની લાગણી નથી થતી, તો આગળ જતાં માતાપિતાઓ સામે વિદ્રોહ જાગવાનું કોઈ કારણ હું જોઈ શકતો નથી. અરે, અર્ધ-મુક્તિ આપતાં ઘરોમાં સુદ્ધાં, માતાપિતા અને બાળકો વચ્ચેનો સમાનભાવ ઘણી વાર એટલો સારો હોય છે કે માતાપિતાના નિયંત્રણમાંથી છટકવાની વિદ્રોહી તલપ ઊઠતી નથી.

સ્વાયત્તતાનો અર્થ છે શારીરિક અને માનસિક બાબતોમાં બહારની કોઈ પણ સત્તાના હસ્તક્ષેપ વિના, બાળકનો મુક્તપણે જીવવાનો અધિકાર. તેનો અર્થ એવો થયો કે શિશુને જ્યારે ભૂખ લાગશે ત્યારે તે ધાવણ લેશે; જ્યારે તેને ઇચ્છા થશે ત્યારે તે પોતાની સ્વચ્છતાની આદતો કેળવશે; તેને કદી ધમકાવવામાં કે ફટકારવામાં નહીં આવે; તેને હંમેશાં પ્રેમ અને સંરક્ષણ આપવામાં આવશે.

આ બધું જ આસાન, સ્વાભાવિક અને સરસ લાગે છે, છતાં એ જાણીને હેરત થાય છે કે આ વિચારને જીવવા ઉત્સુક, કેટલાંય જુવાન માબાપો, તેના માટે કેવી કેવી ગેરસમજો ઘડી કાઢે છે. ચાર વર્ષનો ટોમી, પાડોશીના પિયાનો પર લાકડાનો હથોડો લઈને તૂટી પડે છે. તેનાં હેતાળ માબાપ, આનંદઘેલાં સ્મિત સાથે તે જુએ છે, જાણે કે કહેતાં હોય, "સ્વાયત્તતા કેટલી સુંદર છે, નહીં?"

બીજાં એક માબાપ માને છે કે તેમણે ક્યારેય પોતાના અઢાર મહિનાના બાળકને પરાણે ઉંઘાડવું જોઈએ નહીં, કારણ કે તે તો કુદરત સાથે હસ્તક્ષેપ થયો કહેવાય. ના,

બાળકને જાગવા દેવું જોઈએ તે બરાબર, પણ જ્યારે તે થાકી જાય ત્યારે માતાએ તેને વધુ થાકવા દીધા વિના ઉપાડીને સુવડાવી દેવું જોઈએ. જ્યારે ખરેખર અહીં થાય છે શું કે બાળક અત્યંત થાકી અને ત્રાસી જાય છે. તેને સૂવું છે એવું તે કહી શકતું નથી, કારણ કે તે પોતાની જરૂરિયાતને હજી શબ્દોમાં વ્યક્ત કરી શકતું નથી. સામાન્ય રીતે, ચિંતાગ્રસ્ત અને નિરાશ માતા, તેને ચીસાચીસ કરતું ઉપાડીને પથારીમાં લઈ જાય છે. બીજું એક યુવાન દંપતી મારી પાસે કંઈક માફી માગતાં સૂરે પૂછવા આવ્યું હતું કે શું તેમના શિશુના ઓરડામાં અગ્નિ-રક્ષક મૂકવું તેમના માટે ખોટું ગણાશે? આ તમામ ઉદાહરણો દર્શાવે છે કે, કોઈ પણ વિચારને, તે જૂનો હોય કે નવો, જો સામાન્ય બુદ્ધિ સાથે ન સાંકળવામાં આવે, તો તે જોખમી રહે છે.

નાનાં બાળકોની જવાબદારી જેના શિરે હોય એવો કોઈ મૂર્ખ જ, સૂવાના ખંડમાં જાળી વિનાની બારીઓ અથવા બાળવાડીમાં સંરક્ષણ વિના આગની સગડી રાખી શકે. છતાં, ઘણી વાર સ્વાયત્ત બનવા માટે ઉત્સાહઘેલા યુવાનો મુલાકાતીઓ તરીકે મારી શાળાએ આવે છે અને ઝેરને પ્રયોગશાળાના કબાટમાં તાળામાં રાખવા માટે, અથવા 'ફાયર-એસ્કેપ' પર રમવા અંગેના અમારા પ્રતિબંધને સ્વતંત્રતાનો અભાવ માનીને આશ્ચર્યના ઉદ્‌ગારો કાઢે છે. સ્વતંત્રતાના ઘણા બધા હિમાયતીઓના પગ જમીન પર ન ખોડાયેલા હોવાના કારણે સમગ્ર સ્વતંત્રતા અભિયાનને નુકસાન પહોંચે છે અને તે ઉપેક્ષા પામે છે.

આવા એક જણે તાજેતરમાં જ મારી સામે વિરોધ નોંધાવ્યો હતો, કારણ કે મેં મારી ઓફિસના દરવાજાને લાતો મારતા એક સાત વર્ષના છોકરાને મોટા અવાજે કડક શબ્દોમાં કંઈક કહ્યું હતું. તેનો ખ્યાલ એ હતો કે જ્યાં સુધી બાળકની દરવાજાને લાતો મારવાની ઇચ્છા પૂરી ન થઈ જાય ત્યાં સુધી મારે સ્મિતસહ એ ઘોંઘાટને સહેવો જોઈએ. એ સાચું છે કે મેં મારી જિંદગીનાં સારાં એવાં વર્ષો, સમસ્યાગ્રસ્ત બાળકની વિનાશાત્મક વર્તણૂકને ધીરજપૂર્વક સહેવામાં વીતાવ્યાં છે, પણ આમ મેં એક મનોચિકિત્સકની રૂએ કર્યું હતું, તેના સાથી નાગરિકની રૂએ નહીં.

જો એક યુવાન માતા એવું વિચારતી હોય કે તેના ત્રણ વર્ષના બાળકને જમીન પર રંગ ઢોળીને આગળનો દરવાજો રંગવા દેવો જોઈએ, કારણ કે તે એ રીતે પોતાની જાતને મુક્ત રીતે અભિવ્યક્ત કરી રહ્યો છે, તો એ માતા સ્વાયત્તતા એટલે શું, તેના હાર્દને સમજવા અક્ષમ છે.

કોન્વેન્ટ ગાર્ડન થિયેટરમાં હું મારા મિત્ર સાથે બેઠો હતો તે મને યાદ આવે છે. પહેલા બેલે નૃત્ય દરમ્યાન, અમારી આગળ બેઠેલી એક બાળા પોતાના પિતા સાથે

મોટા અવાજે વાત કરતી હતી. એ બેલેના અંતે, મેં બીજી બેઠકો શોધી લીધી. મારા સાથીએ મને પૂછ્યું, "જો તારાં સમરહિલનાં બાળકોમાંથી કોઈકે આવું કર્યું હોત તો તું શું કરત?"

"તેને ચૂપ રહેવાનું કહ્યું હોત," મેં કહ્યું.

"તારે એવું કહેવાની જરૂર ન પડી હોત," મારા મિત્રે કહ્યું, "એણે આ રીતે વર્તન કર્યું જ ન હોત." અને તેમાંનું કોઈ એમ કરશે એવું હું પણ માનતો નથી.

એક વખત એક મહિલા તેની સાત વર્ષની દીકરીને મને મળવા માટે લઈ આવી. "શ્રીમાન નીલ," તેણે કહ્યું, "તમે લખેલી દરેક લીટી મેં વાંચી છે; અને ડાફનીનો જન્મ થયો તે પહેલાં જ, મેં તેને અક્ષરશઃ તમારી લીટીઓ અનુસાર ઉછેરવાનું નક્કી કરી લીધું હતું."

મેં મારા વિશાળ પિયાનો પર, તેના ભારેખમ જૂતા સહિત ઊભેલી ડાફની તરફ નજર કરી. તેણે સોફા તરફ કૂદકો માર્યો અને લગભગ કૂદતાં કૂદતાં એકથી બીજી ખુરશી તરફ ગઈ. "તે કેટલી સહજ છે તે તમે જુઓ છો ને," તેની માતાએ કહ્યું. "છે ને 'નીલિયન' બાળક!" એ સાંભળીને શરમથી મારું મોં લાલ થઈ ગયું હતું એવો મને ડર છે.

સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો આ જ તફાવત ઘણાં માતાપિતાઓ સમજી શકતાં નથી. શિસ્તના આગ્રહી કુટુંબમાં બાળકને *કોઈ* અધિકાર હોતો નથી. બગડેલા ઘરમાં તેમને *બધા* જ અધિકારો હોય છે. એક યોગ્ય ઘર એ છે જ્યાં બાળકો અને વયસ્કો સમાન અધિકારો ધરાવે છે. અને એ જ વાત શાળાને લાગુ પડે છે.

સ્વતંત્રતામાં બાળકને બગાડવાની વાત આવતી નથી એ વાત પર વારંવાર ભાર મુકાવો જોઈએ. જો એક ત્રણ વર્ષનું બાળક, ડાયનિંગ ટેબલ પર ચાલવા માગતું હોય, તો તમારે એને સ્પષ્ટપણે એમ ન કરવાનું કહેવું રહે છે. તેણે માનવું જ જોઈએ, એ સાચું છે. પણ બીજી બાજુ, જ્યારે જરૂરી હોય ત્યારે તમારે પણ તેનું કહ્યું માનવું જોઈએ. જો નાનાં બાળકો મને.તેમના કમરામાંથી ચાલ્યા જવાનું કહે, તો હું જતો રહું છું.

જો બાળકોને તેમના આંતરિક સ્વભાવ અનુસાર જીવવા દેવાં હોય, તો વયસ્કોના ભાગે અમુક હદે ત્યાગ કરવાનું આવે જ છે. સ્વસ્થ માબાપ, અમુક પ્રકારના સમાધાન પર પહોંચે છે; અસ્વસ્થ માબાપો કાં તો હિંસાત્મક બને છે અથવા પોતાનાં બાળકોને તમામ સામાજિક અધિકારો આપી દઈને તેમને બગડવા દે છે.

વાસ્તવિક જીવનમાં માબાપ અને સંતાનો વચ્ચેના મતભેદો તથા અંતરને પૂરેપૂરાં

દૂર ન કરી શકાય, પરંતુ પ્રામાણિક બાંધછોડથી કોઈ સમાધાન પર જરૂર પહોંચી શકાય છે. ઝોઈ મારા મેજનો આદર જાળવે છે, અને મારા ટાઈપરાઈટર અને કાગળિયાઓ સાથે રમવાનો દુરાગ્રહ દાખવતી નથી. બદલામાં, હું તેની રમવાની જગ્યા અને રમકડાંઓનો આદર જાળવું છું.

બાળકો બહુ શાણાં હોય છે અને થોડા જ વખતમાં સામાજિક કાયદાઓ સ્વીકારવા માંડે છે. મોટા ભાગે થાય છે તેમ તેમનું શોષણ ન થવું જોઈએ. અનેક વખત, જ્યારે બાળક પોતાની રમતમાં બરાબર લીન હોય ત્યારે, માતાપિતા બૂમ પાડે છે, "જિમી, મારા માટે પાણીનો ગ્લાસ લઈ આવ તો."

બાળકોની ઘણી ખરી બદમાશી, તેમની સાથે કરવામાં આવતા વ્યવહારની ખોટી પદ્ધતિને આભારી હોય છે. ઝોઈ જ્યારે એકાદ વર્ષથી જરાક મોટી હતી ત્યારે એક ગાળામાં, તેને મારાં ચશ્માંમાં જબરો રસ જાગ્યો હતો. તે કેવાં છે તે જોવા માટે તે તેને મારા નાક પરથી ખેંચી કાઢતી. મેં કોઈ વિરોધ ન કર્યો; મારી આંખો, દેખાવ કે અવાજના રણકામાં સુદ્ધાં કોઈ નારાજગી ન દર્શાવી. થોડા જ વખતમાં, મારાં ચશ્માંમાંથી તેનો રસ ઊડી ગયો અને તે ફરી ક્યારેય તેમને અડી નહીં. જો મેં તેને કડક અવાજે એમ ન કરવાનું કહ્યું હોત – અથવા તેથી પણ ખરાબ, તેના નાનકડા હાથને ઝાટક્યો હોત – તો મારાં ચશ્માંમાં તેનો રસ એવો ને એવો રહ્યો હોત, અને એટલું જ નહીં, મારી તરફના ડર અને મારી સામેના વિદ્રોહ સાથે એ ભળી ગયો હોત, તેમાં કોઈ શંકા નથી.

મારી પત્ની તેને નાજુક, ભાંગી શકે તેવી વસ્તુઓથી રમવા દેતી. તે બહુ કાળજીપૂર્વક તેને લેતી અને તેણે ભાગ્યે જ કશું ભાંગ્યું હતું. તે પોતાની જાતે બધું શોધી કાઢતી. અલબત્ત, સ્વાયત્તતાની એક મર્યાદા હોય છે. એક સળગતી સિગારેટ બહુ પીડાકારક રીતે દઝાડે છે એવું આપણે છ મહિનાના બાળકને જાતે શોધવા દઈ શકીએ નહીં. આવા કિસ્સામાં, ચેતવવા માટે બૂમાબૂમ કરી મૂકવી ખોટી છે, તેની જગ્યાએ કોઈ પણ શોરબકોર વિના, જોખમી વસ્તુ દૂર કરી દેવી એ સાચું પગલું છે.

બાળક થોડા જ વખતમાં તેને શામાં રસ પડે છે તે શોધી કાઢશે, સિવાય કે તે માનસિક ખોડખાંપણ ધરાવતું હોય. તેને ઉશ્કેરાટ અને ક્રોધભરી બૂમાબૂમથી મુક્ત છોડવામાં આવે, તો એ તમામ પ્રકારની વસ્તુઓ સાથે કામ કરવામાં માની ન શકાય એટલી સમજદારી દાખવે છે. બાળકો શું કરતાં હશે એ વિચારથી વ્યાકુળ, ગેસના ચૂલા પાસે ઊભેલી ત્રસ્ત માતા એ જ છે જેણે કદી પોતાનાં બાળકો પર તેમની પ્રવૃત્તિઓ માટે ભરોસો મૂક્યો નથી. "જા અને જો કે નાની બહેન શું કરે છે અને તેને

આમ ન કરવાનું કહેજે.." આ વિધાન આજે પણ ઘણાં ઘરોમાં સામાન્ય છે.

કોઈ માતા મને પત્રથી પૂછે છે કે પોતે જ્યારે રાતની રસોઈ બનાવવામાં વ્યસ્ત હોય, ત્યારે ચીજોને અસ્તવ્યસ્ત કરી મૂકતાં પોતાનાં બાળકો સાથે તેણે શું કરવું? હું આનો માત્ર એટલો જ પ્રત્યુત્તર વાળી શકું તેમ છું કે કદાચ તેણે એમને એ જ રીતે ઉછેર્યાં છે.

એક દંપતીએ મારાં કેટલાંક પુસ્તકો વાંચ્યાં અને પોતાનાં બાળકોને ઉછેરવામાં તેમણે તેમને કેટલી હાનિ પહોંચાડી હતી એ વિચારથી તેઓને પશ્ચાત્તાપ થયો - તેમનો અંતરાત્મા ડંખવા માંડ્યો. તેમણે આખા પરિવારને મંત્રણા માટે એકઠો કર્યો અને કહ્યું, "અમે તમને સદંતર ખોટી રીતે ઉછેર્યાં છે. હવે આજ પછી, તમને જે ગમતું હોય તે કરવા માટે તમે મુક્ત છો." તેમણે મને ભાંગફોડના બિલની રકમ કેટલી કહી હતી તે હું ભૂલી ગયો છું, પણ મને યાદ છે કે તેમણે બીજી બેઠક બોલાવવી પડી હતી અને પાછલી બેઠકની ગતિવિધિને રદબાતલ કરવી પડી હતી.

બાળકોને સ્વતંત્રતા આપવા વિરુદ્ધની સામાન્ય દલીલ આ હોય છે : *જીવન મુશ્કેલ છે, અને આપણે આપણાં બાળકોને એવી તાલીમ આપવી જ જોઈએ જેથી તેઓ આગળ જતાં જીવનમાં બંધ બેસી શકે. તેથી આપણે તેમને શિસ્તમાં રાખવા જોઈએ. જો તેમને જે ગમે છે તે કરવાની આપણે હંમેશાં છૂટ આપીશું, તો તેઓ કેવી રીતે કદી કોઈ બોસની મરજી મુજબ કામ કરી શકશે? બીજી શિસ્તબદ્ધ વ્યક્તિઓ સામે તેઓ કેવી રીતે ટક્કર ઝીલશે? સ્વયંશિસ્ત જાળવવા માટે તેઓ કદી સક્ષમ બની શકશે ખરા?*

આવી દલીલો ધરીને બાળકોને સ્વતંત્રતા આપવાનો વિરોધ કરતાં લોકો એ નથી સમજતાં કે તેઓ પાયા વિનાની, સાબિતી વિનાની ધારણા સાથે શરૂઆત કરે છે – એવી ધારણા કે જો બાળકને ફરજ પાડવામાં નહીં આવે તો તે પોતાની મેળે ખીલશે કે વિકસશે નહીં. પણ સમરહિલનો સમગ્ર ઓગણચાળીસ વર્ષનો અનુભવ આ ધારણાને પુષ્ટિ આપતો નથી. બીજા સેંકડો કિસ્સામાંથી, મેરવિન નામના બાળકના કિસ્સાની વાત કરીએ. તે સાતથી લઈને સત્તર, એમ દસ વર્ષ સુધી સમરહિલમાં રહ્યો હતો. એ દસ વર્ષો દરમ્યાન તેણે એક પણ વર્ગ ભર્યો ન હતો. સત્તર વર્ષની વયે તેને માંડ વાંચતાં આવડતું હતું. છતાં જ્યારે મેરવિને શાળા છોડી અને એક વાદ્ય-કારીગર બનવાનું નક્કી કર્યું ત્યારે તે પોતાની જાતે વાંચતાં શીખ્યો અને સ્વાધ્યાય થકી પોતાને જોઈતું તમામ ટેકનિકલ જ્ઞાન મેળવવામાં ડૂબી ગયો. તેણે પોતાના પ્રયત્નોથી, પોતાની જાતને એપ્રિન્ટિસશિપ માટે તૈયાર કરી. આજે એ જ છોકરો, સારો એવો ભણેલોગણેલો,

સારો કહેવાય એવો પગાર મેળવતો પુખ્ત મનુષ્ય છે, અને પોતાની કમ્યુનિટીમાં આગેવાન છે. સ્વ-શિસ્તના સંદર્ભમાં, મેરવિને સ્વહસ્તે પોતાના ઘરનો સારો એવો હિસ્સો બાંધ્યો છે અને પોતાના રોજિંદા શ્રમની ઉપજમાંથી તે ત્રણ છોકરાઓના સરસ મજાના પરિવારને ઉછેરી રહ્યો છે.

એ જ રીતે, અત્યાર સુધી ભાગ્યે જ ભણ્યાં હોય એવાં સમરહિલનાં છોકરા-છોકરીઓ દર વર્ષે કોલેજમાં પ્રવેશ મેળવવાનું નક્કી કરે છે; અને પછી તેમની પોતાની પહેલથી, કોલેજની પ્રવેશ પરીક્ષાઓ માટે પોતાની જાતને તૈયાર કરવાના લાંબા અને થકવી નાખતા અભ્યાસનો આરંભ કરે છે. એવું તેઓ શા માટે કરે છે?

જો બાળપણમાં સારી આદતો બળપૂર્વક નથી પાડવામાં આવતી, તો આપણે આગળ જતાં જીવનમાં એ ક્યારેય વિકસાવી નહીં શકીએ એવી સ્વીકૃત માન્યતાના વાતાવરણમાં આપણે ઊછરીએ છીએ અને તેને આપણે પ્રશ્ન કર્યા વિના માત્ર એટલા જ માટે માની લઈએ છીએ કારણ કે આ ખ્યાલને કદી પડકારવામાં આવ્યો નથી. હું આ પૂર્વધારણા અને તેની ભૂમિકાને નકારું છું.

બાળક માટે સ્વતંત્રતા અનિવાર્ય છે કારણ કે માત્ર સ્વતંત્રતામાં જ તે પોતાની કુદરતી રીતે – સારી રીતે વિકસી શકે છે. પ્રેપ શાળાઓ અને પાદરી શાળાઓ(કોન્વેન્ટ)માંથી આવતા નવા વિદ્યાર્થીઓમાં હું બંધનનાં પરિણામો જોઈ શકું છું. ખોટું સૌજન્ય દર્શાવતા અને ઢોંગી શિષ્ટાચાર ધરાવતા તે વિદ્યાર્થીઓ દંભીપણાનાં પોટલાં હોય છે.

સ્વતંત્રતા પ્રત્યે તેમની પ્રતિક્રિયા વેગીલી અને થકવી નાખનારી હોય છે. પ્રથમ એક કે બે અઠવાડિયાં, તેઓ શિક્ષકો માટે દરવાજો ખોલવા ઊભા થાય છે, મને "સર"નું સંબોધન કરે છે, અને કાળજીપૂર્વક સ્વચ્છ રહે છે. તેઓ મારી તરફ "આદરભરી" નજરે જુએ છે, જેને સહેલાઈથી ડર તરીકે ઓળખી શકાય છે. મુક્તિનાં થોડાંક અઠવાડિયાંઓ પછી, તેઓ ખરેખર શું છે તે બહાર આવે છે. તેઓ ઉદ્ધત, અશિષ્ટ, મેલાંઘેલાં બની જાય છે. ભૂતકાળમાં જેટલી પણ બાબતો કરવા માટે તેમને મનાઈ ફરમાવવામાં આવી હતી તે તમામ બાબતો તેઓ કરે છેઃ તેઓ ગાળો બોલે છે, ધ્રુમપાન કરે છે અને ચીજોની તોડફોડ કરે છે. અને તમામ વખત, તેમની આંખોમાં અને તેમના અવાજમાં, દેખાવનું સૌજન્ય અને દંભીપણું વર્તાય છે.

પોતાનું દંભીપણું છોડતાં તેમને ઓછામાં ઓછા છ મહિના લાગે છે. તે પછી, તેઓ પણ જેને પોતે સત્તાધિકારી માનતા હતા તેમની અદબ જાળવવી છોડે છે. માત્ર છ મહિનામાં તેઓ એવાં સહજ, સ્વસ્થ બાળકો બની જાય છે, જેઓ તેમને જે લાગે છે તે ક્ષોભ અથવા નફરત વિના કહે છે. જ્યારે એક બાળકને નાની વયે જ સ્વતંત્રતા મળી જાય છે, ત્યારે તેને નિષ્ઠા વિનાના અને દંભના આ તબક્કામાંથી પસાર થવું પડતું નથી. સમરહિલ પર આંખે ઊડીને વળગતી સૌથી પહેલી વાત એ તેના વિદ્યાર્થીની વર્તણૂકમાં ઝળકતી સંપૂર્ણ સહૃદયતા-સાચુકલાપણું છે.

જીવનમાં અને જીવન પ્રત્યે સહૃદયી હોવું તે વાત એક મહત્ત્વની વાત છે. તે ખરેખર વિશ્વની સૌથી અગત્યની બાબત છે. જો તમારી પાસે નિષ્ઠા છે, તો બીજી તમામ બાબતો તેની પાછળ ઉમેરી શકાય છે. કહો કે, અભિનયમાં સહૃદયતાનું મૂલ્ય દરેક જણ સમજી શકે છે. આપણે આપણા રાજકારણીઓ પાસેથી (માનવજાત કેટલી આશાવાદી છે), આપણા ન્યાયાધીશો પાસેથી અને મેજિસ્ટ્રેટો પાસેથી, શિક્ષકો અને ડોકટરો પાસેથી નિષ્ઠાની અપેક્ષા રાખીએ છીએ. છતાં આપણે આપણાં બાળકોને એ રીતે ઉછેરીએ છીએ કે તેઓ સહૃદયી બનવાની હિંમત જ ન કરે.

બાળક જન્મથી જ એક નિષ્ઠાવાન જીવ હોય છે એ અમારી સમરહિલ પરની સંભવતઃ સૌથી મોટી શોધ છે. તેઓ કેવાં છે તે અમે શોધી શકીએ તે માટે અમે બાળકોને સ્વતંત્ર રહેવા દીધાં. બાળકો સાથે કામ પાર પાડવાનો આ એક માત્ર સંભવ રસ્તો છે. ભવિષ્યની સંશોધક શાળાઓ, જો બાળક વિશેના જ્ઞાન અને, તેથી પણ વધુ અગત્યનું, બાળકના આનંદ-ખુશી અંગે કંઈક યોગદાન આપવાનો ઉદ્દેશ રાખતી હોય, તો તેમણે આ રસ્તે આગળ વધવું જ રહ્યું.

જીવનનું લક્ષ્ય આનંદ છે. આનંદનો નાશ કરે અથવા તેને મર્યાદિત કરે તેવી તમામ બાબતો જીવનની દુશ્મન છે. આનંદનો અર્થ હંમેશાં સારાપણું જ થાય છે; જ્યારે આનંદરહિતતાની પરાકાષ્ઠાનો અર્થ હોય છે – પરપીડન, લઘુમતીઓને યાતનાઓ અથવા યુદ્ધ.

પરંતુ સહૃદયતાની પણ પોતાની કઢંગી ક્ષણો હોય છે તે હું સ્વીકારું છું. જેમ કે તાજેતરમાં જ એક દાઢીવાળા મુલાકાતીને જોઈને એક ત્રણ વર્ષની છોકરીએ કહ્યું હતું, "મને નથી લાગતું કે મને તમારો ચહેરો ગમે છે." મુલાકાતી પ્રસંગને અનુરૂપ પ્રતિભાવ આપી શક્યાં, "પણ મને તારો ગમે છે," તેમણે કહ્યું, અને મેરીએ સ્મિત કર્યું.

ના, બાળકોને સ્વતંત્રતા આપવા માટે હું દલીલ નહીં કરું. દલીલોના એક આખા પુસ્તક કરતાં માત્ર એક મુક્ત બાળક સાથે વીતાવેલો અડધો કલાક વધુ પ્રતીતિજનક રહે છે. આંખોથી જોવું-અનુભવવું એ જ સાચું માનવું છે.

એક બાળકને સ્વતંત્રતા આપવી આસાન નથી. તેનો અર્થ એમ થાય છે કે આપણે

તેને ધર્મ અથવા રાજકારણ અથવા વર્ણ-ભેદ શીખવવાનો ઈનકાર કરીએ છીએ. બાળક જ્યારે પોતાના પિતાને કોઈ રાજકીય જૂથ અંગે તાડૂકતા સાંભળે છે કે પોતાની માતાને નોકર વર્ગ પર તૂટી પડતી સાંભળે છે ત્યારે એવા સંજોગોમાં તેને સાચું સ્વાતંત્ર્ય મળતું નથી. બાળકને આપણો જીવન તરફનો અભિગમ અપનાવતાં રોકવું તે ખાસ્સું અશક્ય લાગતું કામ છે. કસાઈનો દીકરો શાકાહારનો ઉપદેશ આપે તેવી શક્યતા હોતી નથી- સિવાય કે પિતાની સત્તા પ્રત્યેનો તેનો ડર તેને તેમનાથી વિરુદ્ધ કરવા પ્રેરે.

સમાજનો મૂળ સ્વભાવ જ સ્વતંત્રતાનો વિરોધી છે. નવા વિચારો પ્રત્યે, સમાજ એટલે કે ટોળું, સંકુચિતતા અને ધિક્કારભાવ ધરાવે છે.

સ્વતંત્રતા પ્રત્યેનો ટોળાનો અણગમો ફેશનમાં પ્રતિબિંબિત થાય છે. ટોળું એકરૂપતાની, સરખાપણાની માંગ કરે છે. અહીં શહેરમાં હું ચક્રમ ગણાઉં છું, કારણ કે હું સેંડલ પહેરું છું. જો હું ઊંચી ટોપી પહેરીશ તો મારા ગામવાળાને હું ચક્રમ લાગીશ. બહુ થોડા માણસો કથિતરૂપે સાચી ગણાતી વસ્તુથી અલગ પડવાની હિંમત કરે છે.

ઈંગ્લેન્ડનો કાયદો – ટોળાનો કાયદો, રાત્રે આઠ વાગ્યા પછી સિગારેટ ખરીદવાને પ્રતિબંધિત કરે છે. આ કાયદાને યોગ્ય ગણે તેવી એકાદ વ્યક્તિ પણ હું વિચારી શકતો નથી. છતાં વ્યક્તિઓ તરીકે, આપણે ટોળાઓના બુદ્ધિહીન નિર્ણયોને શાંતિથી માન્ય રાખીએ છીએ.

હત્યારાને ફાંસીને માંચડે લટકાવવાની, અથવા એક અપરાધીને આપણે જેને કેદખાનું કહીએ છીએ ત્યાં મોકલીને, તેને જીવતેજીવ મૃત્યુ આપવાની જવાબદારી ઉઠાવવાની બહુ જૂજ વ્યક્તિઓને પડી હોય છે. પણ ટોળું મૃત્યુદંડ અને આપણી જેલ વ્યવસ્થા જેવી હેવાનિયતોને ચાલવા દે છે, કારણ કે ટોળાને કોઈ અંતરાત્મા નથી. ટોળું વિચારી શકતું નથી, માત્ર અનુભવી શકે છે. ટોળાને મન અપરાધી એટલે જોખમ; અને સંરક્ષણ માટેનો સહેલામાં સહેલો રસ્તો એટલે જોખમને મારી નાખવું અથવા તેને કેદમાં પૂરવું. આપણી જર્જરિત અપરાધસંહિતા મૂળભૂત રીતે ભયના પાયા પર રચાઈ છે; અને આપણી દમનયુક્ત શિક્ષણ વ્યવસ્થા પણ મૂળભૂત રીતે ડર પર આધારિત છે – નવી પેઢીનો ભય.

પોતાના સરસ મજાના પુસ્તક, *'ધ ક્રાઉડ ઈન પિસ એન્ડ વોર'*માં, સર માર્ટિન કોનવે ધ્યાન દોરે છે કે ટોળાને ઘરડા માણસો ગમે છે. યુદ્ધમાં, તે બુઢ્ઢા લશ્કરી અધિકારીઓને પસંદ કરે છે; શાંતિમાં, તે બુઢ્ઢા ડોક્ટરોને પસંદગી આપે છે. ટોળું

બુઢ્ઢાને વળગી રહે છે, કારણ કે તેને યુવાનનો ડર લાગે છે.

ટોળામાં રહેલી અસ્તિત્વ ટકાવવાની વૃત્તિ નવી પેઢીને એક જોખમ તરીકે જુએ છે- એક નવા, પ્રતિસ્પર્ધી ટોળાને વિકસતું જોવાનું જોખમ, કે જે તેની કલ્પના મુજબ જૂના ટોળાને ધ્વસ્ત પણ કરી નાખી શકે. સૌથી નાનું ટોળું એવા પરિવારમાં પણ, આ જ કારણોસર યુવાનોની સ્વતંત્રતાને નકારવામાં આવે છે. વયસ્કો જૂનાં મૂલ્યોને – જૂનાં ભાવનાત્મક મૂલ્યોને વળગી રહે છે. પોતાની વીસ વર્ષની દીકરીને ધ્રુમપાન કરતી અટકાવતા પિતા પાસે એમ કરવા માટે કોઈ તાર્કિક આધાર હોતો નથી. એ પ્રતિબંધ ભાવનાત્મક સ્રોતોમાંથી, સંકુચિત સ્રોતોમાંથી પાંગર્યો હોય છે. આ મનાઈ પાછળ છેવટે, *હવે આગળ તે બીજું શું કરશે?*- એવો ડર છુપાયેલો હોય છે. ટોળું એ નીતિમત્તાનું સંરક્ષક છે. વયસ્કો યુવાનોને સ્વતંત્રતા આપતાં ડરે છે કારણ કે તેમને ડર છે કે યુવાનો ખરેખર એ તમામે તમામ બાબતો કરશે, જે તે પોતે, એક વયસ્ક તરીકે કરવા માગતો હતો. બાળકો પર શાશ્વતરૂપે થોપાતાં વયસ્કોનાં ખ્યાલો અને મૂલ્યો એ બાળઅવસ્થા સામે આચરવામાં આવતું મોટું પાપ છે.

સ્વતંત્રતા આપવી એટલે બાળકને તેની પોતાની જિંદગી જીવવા દેવી. આમ તો તે આસાન લાગે છે. માત્ર આપણી શીખવવાની, બીબામાં ઢાળવાની, ઉપદેશ આપવાની અને જબરજસ્તી કરવાની વિનાશાત્મક આદત જ આપણને સાચી સ્વતંત્રતાની સરળતાને વહેવારમાં ઉતારવા માટે અક્ષમ ઠેરવે છે.

બાળક સ્વતંત્રતાને કેવી પ્રતિક્રિયા આપે છે? હોશિયાર અને બહુ હોશિયાર નહીં એવાં બાળકો આ પહેલાં તેમની પાસે કદી નહોતું તેવું કંઈક મેળવે છે- એવું કંઈક કે જેની વ્યાખ્યા લગભગ શક્ય જ નથી. સહૃદયતા-નિષ્ઠા અને ઉદારતામાં મોટો વધારો, તથા આક્રમકતામાં ઘટાડો એ તેની મુખ્ય બાહ્ય નિશાની છે. જ્યારે બાળકો ડર અને શિસ્તના આગ્રહ હેઠળ હોતાં નથી, ત્યારે તેઓ મૂળભૂત રીતે આક્રમક રહેતાં નથી. સમરહિલનાં આડત્રીસ વર્ષોમાં, મેં માત્ર એક વખત નાક લોહી નીંગળતા બન્યા હોય એવી લડાઈ જોઈ હતી. અમારે ત્યાં હંમેશાં એકાદ નાનો દાદો આમતેમ ફરતો જ હોય છે- કારણ કે શાળામાં મળતી ગમે તેટલી સ્વતંત્રતા છેવટે, એક ખરાબ ઘરના પ્રભાવને સંપૂર્ણપણે સરભર કરી શકતી નથી. શરૂઆતના મહિનાઓ અથવા જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં ઘડાયેલા ચારિત્ર્યમાં, સ્વતંત્રતાથી ફેરફાર લાવી શકાય છે, પણ ક્યારેય તેને પૂરેપૂરું બદલી શકાતું નથી. ડર એ સ્વતંત્રતાનો કટ્ટર વેરી છે. જો આપણે બાળકોને સેક્સ વિશે કહીશું તો તેઓ વ્યભિચારી નહીં બની જાય? જો આપણે નાટકો પર નિયંત્રણ નહીં મૂકીએ, તો લોકો અનૈતિક નહીં બને?

જે વયસ્કોને એવો ડર છે કે યુવાનો ભ્રષ્ટાચારી બની જશે- તે એ જ લોકો છે જેઓ પોતે ભ્રષ્ટાચારી છે- જેમ કોઈ ગંદા માનસવાળા લોકો અન્યોએ વ્યવસ્થિત તરણ વસ્ત્ર પહેરવું જ જોઈએ તેવી માંગ કરે તેવું સ્તો! જો માણસ કશાકથી આઘાત કે આંચકો પામી જાય છે, તો એ એ જ વસ્તુ હોય છે જે તેના માટે અત્યંત રસનો વિષય હોય છે. પોતાનો નગ્ન આત્મા જોવાની હિંમત નહીં ધરાવતાં વિષયલંપટો જ ચોખલિયાપણું દાખવતા જોવા મળે છે.

પણ સ્વતંત્રતા એટલે અજ્ઞાનને જીતવું. ચલચિત્રો પર કાપ મૂકવાની કે પછી પહેરવેશનાં બંધનોની મુક્ત લોકોને કોઈ આવશ્યકતા નથી. મુક્ત લોકોને આઘાત કે આંચકો પમાડે તેવી બાબતોમાં કોઈ રસ હોતો નથી, કારણ કે મુક્ત લોકોને આઘાત પમાડી શકાતા નથી. સમરહિલના વિદ્યાર્થીઓ એક રીતે આઘાત અને આંચકાથી પર હતા- એટલા માટે નહીં કે તેઓ વધુ મોટા પાપીઓ હતા, પણ એટલા માટે કે તેમણે આ આઘાત પમાડતી વસ્તુઓ માટે તેમને થતું કુતૂહલ પૂરેપૂરું સંતોષી લીધું હતું અને હવે તેમને વાતચીતના વિષય તરીકે અથવા વિનોદ માટે તેમનો વધુ કોઈ ખપ નહોતો.

લોકો હંમેશાં મને પૂછે છે, "પણ તમારાં મુક્ત બાળકો જીવનનાં વૈતરાનો બોજ ઉઠાવવા માટે પોતાની જાતને કેમ કરીને કદી ગોઠવી શકશે?" હું આશા રાખું છું કે આ મુક્ત બાળકો જીવનના વૈતરાને નાબૂદ કરવામાં પાયાની ભૂમિકા નિભાવે.

આપણે બાળકોને સ્વાર્થી બનવાની– કંઈક નહીં આપનારાં બનવાની છૂટ આપવી જ જોઈએ - બાળપણમાં આપણે બાળકોને તેમના પોતાના બાલિશ સ્વાર્થો અનુસરવા માટે મુક્ત રહેવા દેવાં જોઈએ. જ્યારે બાળકનાં વ્યક્તિગત હિતસ્વાર્થ અને તેનાં સામાજિક હિતસ્વાર્થ વચ્ચે ઘર્ષણ થાય, ત્યારે તેના વ્યક્તિગત હિતસ્વાર્થને અગ્રિમ રાખવા દેવું જોઈએ. સમરહિલનો સમૂળગો ખ્યાલ જ મુક્તિનો છેઃ બાળકને તેના સાહજિક હિતસ્વાર્થ જીવી લેવા દેવાની છૂટ આપવી.

એક શાળાએ બાળકના જીવનને રમત બનાવવી ઘટે. બાળકને ગુલાબ પાથરેલો રસ્તો ધરવો એવું મારું કહેવું નથી. બાળક માટે તમામ વસ્તુઓ આસાન બનાવી આપવી એ તો બાળકના ચારિત્ર્ય માટે જીવલેણ છે. પણ જીવન પોતે જ એટલી મુશ્કેલીઓ પેશ કરે છે કે આપણે જે કૃત્રિમ મુશ્કેલીઓ બાળક સામે રજૂ કરતાં હોઈએ છીએ, તે બિનજરૂરી હોય છે.

હું માનું છું કે અધિકારની રૂએ કશું પણ થોપવું એ ખોટું છે. જ્યાં સુધી બાળક પોતે એ મત પર ન આવે – તેના પોતાના અભિપ્રાયથી - કે એમ કરવું જોઈએ – ત્યાં સુધી

બાળકે કશું જ ન કરવું જોઈએ. બાહ્ય દબાણ-ફરજ એ માનવતાના વિનાશનું કારણ છે, પછી ભલે એ પોપ દ્વારા લાદવામાં આવતું હોય કે રાજ્ય અથવા શિક્ષક અથવા માતાપિતા દ્વારા. છેવટે તો એ ફાસીવાદ જ છે.

મોટા ભાગના લોકો બાળકો ભગવાન જેવાં હોય તેવી ઇચ્છા રાખતાં હોય છે. જ્યારે ઘરમાં માટીનાં દેવી-દેવતાઓનું શાસન હોય, એવા ભગવાનો જે એકદમ સંપૂર્ણ સચ્ચાઈ અને નૈતિક વર્તણૂકની માંગ કરતા હોય, ત્યારે તેનાથી વિપરીત ઇચ્છા ભલા કેમ થઈ શકે? સ્વતંત્રતા એટલે તમને જે ગમે છે તે કરવું, જ્યાં સુધી તમે અન્યોની સ્વતંત્રતાને ખલેલ નથી પહોંચાડતા ત્યાં સુધી. તેનું પરિણામ છે સ્વયંશિસ્ત.

એક રાષ્ટ્ર તરીકે આપણી શિક્ષણ વિષયક નીતિમાં, આપણે જીવવા દેવાનો ઇનકાર કરીએ છીએ. આપણે ડરના જોરે લોકોને સાથે લઈએ છીએ. પણ એક બાળકને પથ્થર ફેંકતા અટકવાની ફરજ પાડવામાં અને તેને લેટિન શીખવાની ફરજ પાડવા વચ્ચે બહુ મોટું અંતર છે. પથરા ફેંકવામાં બીજા લોકો વચ્ચે આવે છે; પણ લેટિન શીખવામાં તો માત્ર તે છોકરાની જ વાત રહે છે. કમ્યુનિટી પાસે સમાજવિરોધી છોકરાને રોકવાનો અધિકાર છે, કારણ કે તે બીજાના અધિકારોમાં હસ્તક્ષેપ કરી રહ્યો છે; પણ છોકરાને લેટિન શીખવાની ફરજ પાડવાનો કમ્યુનિટીને અધિકાર નથી- કારણ કે લેટિન શીખવાની વાત એ વ્યક્તિગત બાબત છે. બાળકને શીખવાની ફરજ પાડવી, એ એક માણસને સંસદના કાયદાના બળે ધર્મ અંગીકાર કરવા માટે ફરજ પાડવાની સમકક્ષ થયું. અને તે એટલું જ મૂર્ખાઈભર્યું છે.

હું છોકરો હતો ત્યારે લેટિન શીખ્યો હતો- કહો કે મને શીખવા માટે લેટિનનાં પુસ્તકો પકડાવી દેવામાં આવ્યાં હતાં. છોકરો હતો ત્યારે હું ક્યારેય એ થોકડાઓમાંથી શીખી શક્યો નહીં, કારણ કે મારો રસ ક્યાંક બીજે સમાયેલો હતો. પછી એકવીસ વર્ષની ઉંમરે, મને ખબર પડી કે લેટિન વિના હું યુનિવર્સિટીમાં પ્રવેશ નહીં મેળવી શકું. એકાદ વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, મેં પ્રવેશ પરીક્ષા પસાર કરવા માટે પૂરતું કહેવાય તેટલું લેટિન શીખી લીધું. સ્વ-રુચિએ મને લેટિન શીખવા પ્રેર્યો.

દરેક બાળકને એ પ્રકારનાં કપડાં પહેરવાનો અધિકાર છે જે મેલાં થાય કે ન થાય તેનાથી કોડીનોય ફરક પડતો ન હોય. દરેક બાળકને વાણી સ્વાતંત્ર્ય ધરવાનો અધિકાર છે. કિશોરવયનાં બાળકોને બાળવાડીમાં તેમને જે શબ્દો બોલવાની મનાઈ ફરમાવવામાં આવી હતી, તે તમામ ગાળોનો વરસાદ વરસાવતાં જોવામાં મેં અનેક વર્ષો ગાળ્યાં છે.

સેક્સ પ્રત્યે તિરસ્કાર અને ડરના વાતાવરણમાં કરોડોનો ઉછેર થયો હોવા છતાં,

આ વિશ્વ અત્યારે છે તેના કરતાં વધુ મનોરોગી કેમ નથી તે નવાઈની વાત છે. મારા માટે આનો અર્થ એ છે કે સ્વાભાવિક માનવતા, છેવટે પોતાના પર થોપાયેલાં તમામ અનિષ્ટોને ઓળંગી જવાની આંતરિક શક્તિ ધરાવે છે. જાતીય અથવા અન્ય, સ્વતંત્રતા તરફ લોકો ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. હું જ્યારે છોકરો હતો ત્યારે એક મહિલા ઘૂંટણ સુધીનાં મોજાં અને લાંબો પહેરવેશ ધરીને નહાવા જતી. આજે, મહિલાઓને પગ અને શરીર દેખાડવામાં છોછ નથી. દરેક પેઢીએ બાળકોને વધુ સ્વતંત્રતા મળતી જાય છે. આજે શિશુને અંગૂઠો ચૂસતાં અટકાવવા માટે તેના અંગૂઠા પર મરચાંની ભૂકી લગાડતાં મહામૂર્ખો જૂજ જ છે. આજે, માત્ર ગણ્યા-ગાંઠ્યા દેશોમાં બાળકોને શાળામાં ફટકારવામાં આવે છે.

સ્વતંત્રતા ધીમી ગતિએ કામ કરે છે; સ્વતંત્રતા એટલે શું તે સમજતાં એક બાળકને થોડાં વર્ષો લાગે એમ પણ બને. ઝડપી પરિણામો ઝંખતી કોઈ પણ વ્યક્તિ, એ નકામી આશાવાદી છે. અને હોશિયાર બાળકો માટે સ્વતંત્રતા શ્રેષ્ઠ કામ આપે છે. સ્વતંત્રતા મુખ્યત્વે લાગણીઓને સ્પર્શે છે એટલે, મને એવું કહેવું ગમ્યું હોત કે તમામ બાળકો – બુદ્ધિશાળી અને મંદ – સ્વતંત્રતાને એકસરખો પ્રતિભાવ આપે છે. પણ હું એમ કહી શકું તેમ નથી.

અભ્યાસના વિષયોમાં આ તફાવત સ્પષ્ટ રીતે પામી શકાય છે. મુક્તિ હોય ત્યાં દરેક બાળક વર્ષો સુધી પોતાનો મોટા ભાગનો સમય રમવામાં ગુજારે છે; પણ જ્યારે સમય આવે છે, ત્યારે તેજસ્વી બાળકો સરકારી પરીક્ષાઓના નિયત વિષયો પર પ્રભુત્વ મેળવવાનું કામ ઉપાડી લે છે. બે વર્ષની ઉપર જરાક જેટલા સમયમાં, એક છોકરો અથવા છોકરી પોતાનું કામ પૂરું કરે છે, જે કરવામાં 'શિસ્તબદ્ધ' બાળકો આઠ વર્ષ લે છે.

ઘાણીના બળદની જેમ ઘાણીએ ફરવાની શિસ્ત કેળવી હોય તો જ ઉમેદવાર પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ શકશે એવો મત રૂઢિવાદી શિક્ષકો પકડી રાખે છે. અમારાં પરિણામો સાબિત કરે છે કે તેજસ્વી વિદ્યાર્થીઓના કિસ્સામાં આ માન્યતા ભૂલભરેલી છે. સ્વતંત્રતાના વાતાવરણમાં, એ પણ તેજસ્વી વિદ્યાર્થીઓ જ હોય છે જે પોતાના અભ્યાસમાં એકાગ્રતા રાખી શકે છે. સમૂહ-જીવનમાં આમ કરવું એ સૌથી મુશ્કેલ બાબત છે અને તેમાંય વળી જ્યારે ઘણાં પ્રતિસ્પર્ધી-આકર્ષણો આજુબાજુ હાજર હોય ત્યારે.

મને ખબર છે કે શિસ્ત હેઠળ, કેટલાક પ્રમાણમાં નબળા નિશાળિયાઓ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ જાય છે, પણ મને એ જિજ્ઞાસા છે કે એ ઉત્તીર્ણ થનારાઓ આગળ જતાં

જીવનમાં શું બને છે. જો તમામ શાળાઓ મુક્ત હોય અને તમામ વર્ગો વૈકલ્પિક હોય, તો મારું માનવું છે કે બાળકો તેમનું સ્તર શોધી લઈ શકે છે.

કોઈ રસોઈમાં વ્યસ્ત-ત્રસ્ત માતા, જ્યારે તેનું બાળક ઘૂંટણિયા ભરતું તમામ ચીજોને અસ્તવ્યસ્ત કરતું ફરતું હોય, ત્યારે અકળાઈને કહેતી મને સંભળાય છે, "સ્વયં-શિસ્ત વળી શું છે? એ બધું પરિચારિકાઓ ધરાવતી પૈસાદાર મહિલાઓને પોસાય; પણ મારા જેવાઓ માટે, તો એ માત્ર શબ્દો અને મૂંઝવણ જ છે."

બીજી માતા કદાચ ભીના અવાજે કહેશે, "મારે કરવું છે, પણ હું શરૂઆત ક્યાંથી કરું? તેના માટે મારે કયાં પુસ્તકો વાંચવાં જોઈએ?"

જવાબ એ છે કે તેના માટે કોઈ પુસ્તકો નથી; કોઈ માર્ગદર્શકો, અને કોઈ અધિકારપૂર્વક કહી શકનારી વ્યક્તિઓ નથી. આપણે જેને એક બાળક કહીએ છીએ- તે વ્યક્તિત્વ અને સજીવતંત્રમાં માનનારાં માતાપિતા, ડોક્ટરો અને શિક્ષકોની એક બહુ નાની લઘુમતી છે. તેઓ ખોટા હસ્તક્ષેપથી ક્યાંક એ વ્યક્તિત્વને આવરણ ચઢી જાય અને તેનું શરીર અક્કડ બની જાય, તેવું કશું જ ન કરવા માટે દૃઢનિશ્ચયી છે. અમે બધા જ માનવતા વિશેના સત્યના બિન-સરમુખત્યારશાહી શોધકો છીએ. આપવા માટે અમારી પાસે બસ સ્વતંત્રતામાં ઉછેરેલાં નાનાં બાળકો અંગેનાં અમારાં કેટલાંક અવલોકનો જ છે.

સ્નેહ અને સ્વીકાર

બાળકોનાં આનંદખુશી અને સ્વાસ્થ્ય એ આપણે તેમને જેટલાં અંશે પ્રેમ અને સ્વીકૃતિ આપીએ છે તેના પર નિર્ભર કરે છે. આપણે બાળકના પક્ષે જ રહેવું ઘટે. બાળકના પક્ષે હોવું એટલે બાળકને પ્રેમ આપવો – માલિકીવાળો પ્રેમ નહીં, ન તો ભાવુકતાપૂર્ણ પ્રેમ – માત્ર બાળક સાથેનું એવું વર્તન જેનાથી બાળક અનુભવે કે તમે એને પ્રેમ કરો છો અને તેને સમર્થન આપો છો.

આમ થઈ શકે છે. હું એવાં અનેક માતાપિતાઓને જાણું છું જેઓ પોતાનાં બાળકોના પક્ષે હોય, બદલામાં કશાની માંગ ન કરતાં હોય, અને તેથી ઘણું બધું પામતાં હોય. બાળકો એ 'નાનકડા પુખ્તો' નથી એની તેમને પ્રતીતિ હોય છે. જ્યારે એક દસ વર્ષનો દીકરો ઘરે કાગળ લખે છે કે, "વહાલી મમ્મી, પ્લીઝ મને પચાસ સેન્ટ મોકલજે. આશા રાખું છું કે તમે મઝામાં હશો. પપ્પાને વહાલ," ત્યારે માતાપિતા મલકે છે,

તેમને ખબર છે કે જો બાળક સહૃદયી હોય અને તેને પોતે જેવું છે તેવું વ્યક્ત થવામાં ડર ન લાગતો હોય તો એક દસ વર્ષનું બાળક આમ જ લખે. ખોટાં પ્રકારનાં માબાપો, આવો પત્ર વાંચીને નિસાસો નાખે છે અને વિચારે છેઃ *નાનકડો સ્વાર્થી જાનવર, હંમેશાં કંઈ ને કંઈ માગ્યા કરતો હોય છે.*

મારી શાળાનાં સાચાં માબાપો કદી તેમનાં બાળકોની પ્રગતિ અંગે પૃચ્છા કરતાં નથી; તેઓ તે તેમની જાતે જુએ છે. જ્યારે ખોટા પ્રકારનાં માબાપો મને અધીરાઈભર્યા પ્રશ્નો પૂછ્યે જ રાખે છે : *હવે એ વાંચી શકે છે? એ ક્યારેય સુઘડ બનવાનો છે ખરો? શું એ ક્યારેય વર્ગોમાં જાય છે?*

છેવટે આ બધું જ બાળકમાંની (આપણી) શ્રદ્ધાનો પ્રશ્ન છે - કેટલાકને હોય છે; મોટા ભાગનાને નથી હોતી. અને જો તમે તેમનામાં આ શ્રદ્ધા નથી ધરાવતાં, તો બાળકો એ અનુભવી શકે છે. તમારો પ્રેમ બહુ ગહન ન હોઈ શકે, નહીં તો તમે એમના પર વધુ ભરોસો મૂક્યો હોત એવું તેઓ અનુભવે છે. જ્યારે તમે બાળકોને સ્વીકારો છો ત્યારે તમે તેમની સાથે કોઈ પણ અને તમામ બાબતો વિશે વાત કરી શકો છો, કારણ કે સ્વીકૃતિથી ઘણા સંકોચ ખરી પડતા હોય છે.

પણ પ્રશ્ન એ ઉદ્ભવે છેઃ જો તમે તમારી જાત માટે સ્વીકૃતિ ન ધરાવતા હો, તો તમે બાળકોને સ્વીકૃતિ આપી શકો એ સંભવ છે ખરું? જો તમે તમારી જાત પ્રત્યે સભાન ન હો, તો તમે તમારી જાતને માન્યતા, બહાલી આપી શકતા નથી. બીજા શબ્દોમાં, તમે તમારાં ચાલકબળો અને તમારી જાત પ્રત્યે જેટલા વધુ જાગૃત હો, તેટલા તમે તમારી પોતાની જાતને માન્યતા આપનારા બની શકો છો.

તેથી હું મારી ખરા દિલની આશા વ્યક્ત કરીશ કે માતાપિતાનું પોતાની જાત વિશેનું અને બાળ સ્વભાવ વિશેનું વધુ જ્ઞાન તેમને પોતાનાં બાળકોને મનોરોગથી મુક્ત રાખવામાં મદદ કરશે. હું ફરીથી કહું છું કે બાળકોને જુનવાણી માન્યતાઓ, જુનવાણી શિષ્ટાચાર, અને જુનવાણી નીતિમત્તાના આગ્રહો જીવવા માટે જબરજસ્તી કરીને માતાપિતા પોતાનાં બાળકોને બગાડી રહ્યાં છે. તેઓ બાળકની આહુતિ વીતી ચૂકેલા ભૂતકાળને આપી દે છે. આ વિશેષ કરીને એવાં માતાપિતાઓ માટે સાચું છે જેઓ પોતાનાં બાળકો પર તાનાશાહ ધર્મ લાદે છે, બરાબર તેમની પર લાદવામાં આવ્યો હતો તેમ જ.

હું એ સારી રીતે જાણું છું કે આપણા માટે જે અગત્યની વસ્તુઓ છે તેને જતી કરવી એ આ વિશ્વની સૌથી મુશ્કેલ બાબત છે, પણ માત્ર આ ત્યાગથી જ આપણે જીવન મેળવી શકીએ છીએ, પ્રગતિ અને આનંદ મેળવી શકીએ છીએ. માતાપિતાઓએ

સ્વૈચ્છિક ત્યાગ કરવો જોઈએ. સત્તા અને ટીકામાં છૂપા વેશે બેઠેલી નફરતનો તેમણે ત્યાગ કરવો જોઈએ. તેમણે ડરની પેદાશ એવી અસહિષ્ણુતાનો ત્યાગ કરવો જોઈએ. તેમણે જુનવાણી નીતિમત્તાઓ અને ટોળાના ચુકાદાઓનો ત્યાગ કરવો જ જોઈએ.

અથવા સરળ રીતે કહીએ તો, માતા કે પિતાએ એક એવી વ્યક્તિ બનવું જોઈએ જેને તે પોતે ખરેખર ક્યાં ઊભી છે તેની બરાબર ખબર હોય. આ સહેલું નથી. કારણ કે માણસ માત્ર પોતાની જાતનો જ બનેલો હોતો નથી. તે જેટલાને પણ મળ્યો હોય છે તેનું એક સંયોજન હોય છે અને તેમનાં કેટલાંય મૂલ્યો તેના મનમાં સચવાયેલાં હોય છે. માબાપો, તેમનાં પોતાનાં માતાપિતાઓની સત્તાને બાળકો પર લાદતાં હોય છે, કારણ કે દરેક પુરુષ તેનામાં પોતાનો પિતા, અને દરેક સ્ત્રી તેનામાં પોતાની માતા ધરાવતી હોય છે. આ થોપવામાં આવતી જડ સત્તા જ છે જે નફરતને પોષે છે, અને તેની સાથે સમસ્યાગ્રસ્ત બાળકને પોષે છે. બાળકને સ્વીકૃતિ આપવા કરતાં આ વિરુદ્ધનું થયું.

ઘણી છોકરીઓ મને કહેતી હોય છે, "મમ્મી જેનાથી ખુશ થાય એવી એકેય વસ્તુ હું કરી શકું તેમ નથી. હું કરું તેના કરતાં તે તમામ વસ્તુઓ વધુ સારી કરી શકે છે, અને જો હું સીવવામાં કે ગૂંથવામાં કંઈક ભૂલ કરું તો તેનો મિજાજ હાથથી જતો રહે છે."

બાળકોને કોઈ શીખવે તેની એટલી જરૂર હોતી નથી, જેટલી તેમને પ્રેમ અને સમજણની હોય છે. કુદરતી રીતે સારા બની રહેવા માટે તેમને સ્વીકૃતિ અને સ્વતંત્રતાની જરૂર હોય છે. સાચુકલાં મજબૂત અને પ્રેમાળ માબાપમાં જ, બાળકોને સારાં બની રહેવા માટેની સ્વતંત્રતા આપવાની સૌથી વધુ શક્તિ હોય છે.

આ વિશ્વ ઘણી વધારે પડતી નિંદાથી પીડાઈ રહ્યું છે, જે ખરેખર સારા શબ્દોમાં એમ કહેવાનો પ્રયાસ છે કે આ વિશ્વ વધુ પડતી નફરતથી પીડાઈ રહ્યું છે. એ માતાપિતાની નફરત છે જે એક બાળકને સમસ્યાગ્રસ્ત બનાવે છે, જેમ સમાજની નફરત અપરાધીને સમસ્યારૂપ બનાવતી હોય છે. આમાંથી ઊગરવાનો રસ્તો પ્રેમમાં છે, પણ કોઈ પ્રેમની ફરજ પાડી શકતું નથી, અને તે જ તેને મુશ્કેલ બનાવે છે.

સમસ્યાગ્રસ્ત બાળકનાં માબાપોએ બેસીને પોતાની જાતને આ પ્રશ્નો પૂછવા જોઈએ: *શું મેં મારા બાળકને સાચી સ્વીકૃતિ દર્શાવી છે? શું મેં તેનામાં ભરોસો દાખવ્યો છે? શું મેં સમજણ દાખવી છે?* હું માત્ર સૈદ્ધાન્તિક વાતો નથી કહી રહ્યો, મને ખબર છે કે એક સમસ્યાગ્રસ્ત બાળક મારી શાળામાં આવીને, એક ખુશહાલ, સામાન્ય બાળક બની શકે છે. મને ખબર છે કે આ સાજા થવાની પ્રક્રિયામાંના મુખ્ય ઘટકો એ સ્વીકૃતિ

દર્શાવવી, ભરોસો દર્શાવવો, સમજણ દર્શાવવી એ જ છે.

એક સમસ્યાગ્રસ્ત બાળકની જેમ, સાધારણ બાળક માટે પણ સ્વીકૃતિ એટલી જ આવશ્યક છે. દરેકદરેક માબાપ અને શિક્ષકે માનવો જ જોઈએ તેવો એક દૈવી આદેશ આ છેઃ તમારે બાળકના પક્ષે જ હોવું જોઈએ. આ દૈવી આદેશના પાલનથી જ સમરહિલ એક સફળ શાળા બની શકી છે. કારણ કે અમે ચોક્કસ જ બાળકના પક્ષે છીએ – અને બાળકને અભાનપણે તેની ખબર હોય છે.

હું એવું બિલકુલ કહેતો નથી કે અમે દેવદૂતો છીએ. ક્યારેક એવું પણ બને છે કે અમે વયસ્કો નકામો કકળાટ કરતા હોઈએ છીએ. જો હું એક દરવાજાને રંગી રહ્યો હોઉં અને રોબર્ટ ત્યાં આવીને મેં તાજા રંગેલા દરવાજા પર કાદવ ફેંકે, તો હું દિલથી તેના પર અપશબ્દો વરસાવીશ, કારણ કે તે ઘણા લાંબા સમયથી અહીં છે અને અમારામાંનો જ એક છે, અને મેં એને જે કહ્યું તે ખાસ અગત્યતા ધરાવતું નથી. પણ ધારો કે રોબર્ટ હજી હમણાં જ કોઈ ધિક્કારભરી શાળામાંથી અહીં આવ્યો છે, અને તેનું કાદવ ઉછાળવું એ સત્તા સામે વિરોધ દર્શાવવાનો તેનો પ્રયાસ છે, તો તેના આ કાદવ ઉછાળવામાં હું તેની સાથે જોડાઈ જઈશ, કારણ કે દરવાજા કરતાં તેનું મુક્ત થવું વધુ અગત્યનું છે. તે જ્યારે પોતાના ધિક્કારને બહાર કાઢતો હોય ત્યારે મારે તેના પક્ષે જ રહેવું જોઈએ તેની મને ખબર છે, જેથી તે ફરીથી સામાજિક બની શકે. તે આસાન નથી. મેં ચૂપચાપ ઊભા રહીને, એક છોકરાને મારા કીમતી લેથ મશીનને ખરાબ રીતે વાપરતા જોયો છે. મને ખબર હતી કે જો આ ઘડીએ હું વિરોધ દર્શાવીશ તો તે તત્ક્ષણ મને પોતાના કઠોર પિતા સાથે સરખાવશે, જે તેને પોતાનાં ઓજારોને અડકવા પર ફટકારવાની ધમકીથી ડારતા રહેતા હતા.

વિચિત્ર બાબત એ છે કે ભલે તમે ક્યારેક તેને ખરાબ શબ્દો સંભળાવતા હો તો પણ તમે બાળકના પક્ષે રહી શકો છો. જો તમે બાળકની બાજુએ છો, તો બાળકને તેની પ્રતીતિ હોય છે. બટાકા અથવા ઓજારો પર પડેલા ઘસરકા જેવા ગૌણ મતભેદો ત્યારે તમારા મૂળભૂત સંબંધને હચમચાવી નાખતા નથી. જ્યારે તમે બાળક સાથે સત્તા અને નીતિમત્તાને વચ્ચે લાવ્યા વિના વ્યવહાર કરો છો ત્યારે બાળકને લાગે છે કે તમે તેના પક્ષે છો. તેની પાછલી જિંદગીમાં, સત્તા અને નીતિમત્તા એ પોલીસ જેવી હતી, જે તેની પ્રવૃત્તિઓને અટકાવતી હતી.

જ્યારે એક આઠ વર્ષની છોકરી, મારી બાજુમાંથી પસાર થતાં થતાં કહે છે, "નીલ એ બેવકૂફ મૂર્ખો છે," ત્યારે મને ખબર હોય છે કે આ તો તેની તેના પ્રેમને વ્યક્ત કરવાની કે તે મારી સાથે મોકળાશ અનુભવે છે એવું કહેવાની માત્ર એક નકારાત્મક

રીત છે. બાળકો એટલો પ્રેમ કરતાં નથી, જેટલો તેઓ પામવા ઇચ્છતાં હોય છે. દરેક બાળકને મન વયસ્કોની સ્વીકૃતિ એટલે પ્રેમ; જ્યારે અસ્વીકૃતિ એટલે નફરત. બાળકોનો સમરહિલના સ્ટાફ પ્રત્યેનો અભિગમ, ઘણો ખરો તેમના મારા પ્રત્યેના અભિગમ જેવો જ છે. બાળકો અનુભવે છે કે સ્ટાફ, તમામ સમયે, તેમના પક્ષે હોય છે.

મુક્ત બાળકોની સહૃદયતાનો ઉલ્લેખ હું પહેલાં કરી ગયો છું. તેમની આ સહૃદયતા એ તેમને આપવામાં આવેલી સ્વીકૃતિનું પરિણામ છે. અહીં તેમણે જબરજસ્તીથી જીવવાના હોય તેવાં વર્તણૂકનાં કોઈ કૃત્રિમ ધોરણો નથી, તેમને અટકાવતાં કોઈ નિષેધો નથી. તેમણે એવી કોઈ જિંદગી જીવવાની જરૂર નથી કે જે એક જૂઠાણું હોય.

જ્યાં વિદ્યાર્થીઓએ અધિકારીઓને આદર આપવાનો જ હોય એવી શાળામાંથી આવતા નવા વિદ્યાર્થીઓ, મને શ્રીમાનનું સંબોધન કરતા. જ્યારે તેમને હું કોઈ અધિકારી નથી એવી બરાબર જાણ થઈ જાય પછી જ તેઓ શ્રીમાનનું સંબોધન પડતું મૂકી, મને નીલ કહીને બોલાવતા. તેમને ક્યારેય મારી અંગત સ્વીકૃતિની ઇચ્છા રહેતી નહીં- માત્ર શાળાની આખી કમ્યુનિટીની સ્વીકૃતિની જ તેમને દરકાર રહેતી. પણ જ્યારે હું સ્કોટલેન્ડમાં એક ગામડામાં સ્કૂલમાસ્તર હતો, તે દિવસોમાં કોઈ પણ બાળક મને વર્ગખંડની સફાઈ માટે અથવા બહાર વાડ સરખી કરવામાં મદદ કરવા માટે રોકાઈ જવા ખુશી ખુશી તત્પર રહેતું, કારણ કે તેમને મન હું બોસ હતો- એટલે ઢોંગ કરીને પણ- તેઓ મારી સ્વીકૃતિ મેળવવા ઇચ્છતાં હતાં.

ભલે કેટલાક છોકરા-છોકરીઓને મને નીંદણ કાઢવામાં મદદ કરતાં જોઈને મુલાકાતીઓ બીજા નિષ્કર્ષ પર પહોંચ્યા હોય, પણ સમરહિલમાં કદી કોઈ બાળક, મારી માન્યતા મેળવવા માટે (મને વહાલા થવા માટે) કશું કરતું નહીં. ખરેખર તેમણે જોયેલા દૃશ્ય પાછળના ચાલકબળને અંગત રીતે મારી સાથે કોઈ લેવાદેવા નહોતા. આ ચોક્કસ બનાવ વખતે, બાળકો નીંદણ કાઢી રહ્યાં હતાં કારણ કે વિદ્યાર્થીઓએ જાતે બનાવેલા કાયદા પ્રમાણે બાર વર્ષથી ઉપરના દરેકે દર અઠવાડિયે બે કલાક બગીચામાં કામ કરવું એવું ઠેરવવામાં આવ્યું હતું. આ કાયદો પાછળથી રદબાતલ કરવામાં આવ્યો હતો.

કોઈ પણ સમાજમાં, સ્વીકૃતિ પામવાની ઇચ્છા એ જો કે એક સાહજિક ઇચ્છા છે. સમાજના વિશાળ હિસ્સાની સ્વીકૃતિ મેળવવાની ઇચ્છા જે ગુમાવી દે છે તે અપરાધી બને છે, અથવા કહો કે અપરાધી એ હોય છે જેને સ્વીકૃતિ મેળવવાની ઇચ્છાને તેનાથી વિરોધી ઇચ્છામાં - સમાજ તરફ તિરસ્કાર ધરવાની ઇચ્છામાં - પલટવા ફરજ પાડવામાં આવી હોય છે. અપરાધી હંમેશાં સ્વાર્થી નં.૧ હોય છેઃ મને *ઝડપથી*

પૈસાદાર બની જવા દો, સમાજ જાય જહન્નમમાં. કેદની સજા તેના અહંકેન્દ્રીપણાને કેવળ કવચ જ પૂરું પાડે છે. કારાવાસ અપરાધીને પોતાની જાત અને તેને સજા આપતા ભયંકર સમાજ વિશે જ વિચાર્યા કરતું એક અટૂલું પક્ષી બનવાની ફરજ પાડે છે. સજા અને કારાવાસ અપરાધીને સુધારી શકતાં નથી, કારણ કે તેને મન તો એ સમાજના ધિક્કારની એક સાબિતી માત્ર હોય છે. બીજાઓની સ્વીકૃતિ પ્રાપ્ત કરવામાં, સમાજ તેની ફરીથી સામાજિક બનવાની શક્યતાને બાકાત કરી નાખે છે. આ ગાંડપણભરી, અમાનુષી કેદ-વ્યવસ્થા વખોડવાપાત્ર છે કારણ કે એ કેદીનાં માનસિક પાસાંમાંથી કશાને સ્પર્શ સુદ્ધાં કરતી નથી.

તેથી હું કહું છું કે સામાજિક સ્વીકૃતિ પામવાની તક આપવી તે કોઈ પણ સુધાર-શાળાની સૌથી પહેલી અનિવાર્યતા છે. જ્યાં સુધી છોકરાઓએ દેખરેખ રાખનારાઓને સલામ ભરવાની હોય, લશ્કરની જેમ કતારોમાં ઊભા રહેવાનું હોય, જો સુપરિન્ટેન્ડન્ટ ઓરડામાં પ્રવેશે તો કૂદીને ઊભા થઈ જવાનું હોય, ત્યાં સુધી ત્યાં વાસ્તવિક રીતે કોઈ સ્વતંત્રતા નથી, અને તેથી સામાજિક સ્વીકૃતિ માટેની કોઈ શક્યતા પણ નથી. હોમર લેન્ડે શોધી કાઢ્યું હતું કે જ્યારે પણ લિટલ કોમનવેલ્થમાં કોઈ નવો છોકરો આવતો, ત્યારે તે પોતાની ઝૂંપડપટ્ટીમાં જે રીત વાપરતો, તે જ વાપરીને અહીંના તેના સાથીઓની માન્યતા ઝંખતોઃ તે પોતાનાં દુષ્કર્મોની - દુકાનોમાંથી ચોરી કરવાની તેની ચાલાકીની, પોલીસને થાપ આપવાના તેના પરાક્રમની બડાઈ હાંકતો. જ્યારે તેને ખબર પડે છે કે પોતે એવા યુવાનો સામે બડાઈઓ હાંકી રહ્યો છે જે આ રીતે સામાજિક સ્વીકૃતિ ઝંખવાના આ પ્રકારમાંથી બહાર નીકળી ચૂક્યા છે, ત્યારે આ નવાગંતુક મૂંઝાઈ જતો, અને ઘણીવાર પોતાના નવા સોબતીઓને તિરસ્કારપૂર્વક ડરપોક ઠરાવીને મન મનાવતો રહેતો. ધીમે ધીમે સમર્થન મેળવવા પ્રત્યેનો તેનો કુદરતી પ્રેમ, તેને તેના નવા વાતાવરણમાંના લોકોની માન્યતા ઝંખવા માટે ફરજ પાડે છે. અને, લેન તરફથી કોઈ પણ પ્રકારના વ્યક્તિગત મનોવિશ્લેષણ વિના, તે પોતાના નવા સોબતીઓ સાથે ગોઠવાઈ જાય છે. થોડા જ મહિનાઓમાં, તે એક સામાજિક વ્યક્તિ બની ગયો હતો.

ચાલો, હવે હું રોજ સાંજે ૫:૨૦ની ટ્રેનથી ઘરે પાછા ફરતા એક સાધારણ, શિષ્ટ, સહાનુભૂતિપૂર્ણ પતિ વિશે વાત કરવા ચાહીશ.

હું તને જાણું છું, જ્હોન બ્રાઉન. મને ખબર છે કે તું તારાં બાળકોને પ્રેમ કરવા અને બદલામાં તેમનો પ્રેમ મેળવવા ચાહે છે. મને ખબર છે કે જ્યારે તારો પાંચ વર્ષનો દીકરો, મોડી રાત્રે બે વાગ્યે જાગે છે અને કોઈ દેખીતા કારણ વિના નિરંતર રડ્યે

જાય છે, ત્યારે તે ક્ષણે તને તેના તરફ બહુ પ્રેમ ઊભરાતો નથી. ખાતરી રાખજે, તેની પાસે રડવા માટે કોઈ કારણ તો છે, ભલે તત્કાળ એ શું છે તે તું ન સમજી શકે. જો તને ગુસ્સો આવતો હોય, તો એ ન દેખાય એવો પ્રયત્ન કરજે. બાળક માટે એક પુરુષનો અવાજ, સ્ત્રીના અવાજ કરતાં વધુ ડરામણો હોય છે, અને ખોટા સમયે બાળક સામે કરેલી ગુસ્સાભરી ત્રાડ તેનામાં કયા આજીવન ડરોને રોપી જશે એ તમે કદી જાણી શકતા નથી.

માબાપો માટેની સૂચનાઓનું ફરફરિયું કહે છે, "બાળક સાથે પથારીમાં સૂશો નહીં." આ સૂચનાને ભૂલી જાવ. નવજાત બાળકને તમે જેટલું તેડી શકતા હો, બાથમાં લઈ શકતા હો, થપથપાવી શકતા હો, તેટલું કરો.

બીજાઓ સામે દેખાડો કરવા માટે તમારાં બાળકોનો ઉપયોગ ન કરો. આમાં ઠપકા જેટલી જ કાળજી પ્રશંસા માટે પણ રાખશો. બાળક હાજર ન હોય ત્યારે તેના વિશે લાંબીલચ વાતો કરવી ખરાબ છે. *અરે, હા, મેરી સરસ રીતે ગોઠવાઈ ગઈ છે. ગયા અઠવાડિયે પોતાના વર્ગમાં પહેલી આવી, હોશિયાર છોકરી.* એવું નથી કે તમારે ક્યારેય તમારા બાળકની પ્રશંસા ન કરવી જોઈએ. તમારા દીકરાને એવું કહેવું ચોક્કસ સારું જ છે કે, *તેં આ બહુ સુંદર પતંગ બનાવી છે,* પણ મુલાકાતીઓને પ્રભાવિત કરવા માટે, તેમની ખાતરદારીમાં આવી પ્રશંસા કરવી તે ખોટું છે. જ્યારે આસપાસ પ્રશંસા વહેતી હોય ત્યારે નાનાં ટાબરિયાં અત્યંત આસાનીથી રાજહંસની જેમ ગમે ત્યારે પોતાની ગરદન ઊંચી કરી સાંભળી લેતાં હોય છે. તેનાથી બાળકના મનમાં પોતાની અવાસ્તવિક છબિ ઊભી થાય છે (તે બાળકને પોતાના વિશે અવાસ્તવિક બનાવે છે). તમારે કદી પણ તમારા બાળકને વાસ્તવિકતાથી દૂર જવામાં, તેને પોતાની જાતનાં કાલ્પનિક ચિત્રો ઊભાં કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં. બીજી તરફ, જ્યારે બાળક નિષ્ફળ જાય, ત્યારે તેને ખોતરશો નહીં. ભલે પછી શાળાનું પરિણામપત્રક ઓછા ગુણો દર્શાવતું હોય, તમે કશું કહેશો નહીં. અને જો બિલી રડતો રડતો ઘરે પાછો આવે, કારણ કે તેને કોઈએ માર્યો હતો, તો તેને ડરપોક કે બાયલો કહેશો નહીં.

જ્યારે હું તારી ઉંમરનો હતો... આ શબ્દો જો તમે ક્યારેક પણ વાપરતા હશો તો તમે ભયાનક ભૂલ કરી રહ્યા છો. આખી વાતનું તાત્પર્ય એ છે કે તમારે તમારા બાળકને એ જેવું છે તેવું સ્વીકારવું જોઈએ, અને તેને તમારા પોતાના ચોકઠામાં બેસાડવાનો પ્રયત્ન કરતા તમારી જાતને રોકવી જોઈએ.

જેમ જીવનમાં છે તેમ, ઘર માટે મારું જીવનસૂત્ર આ છેઃ ભગવાનને ખાતર,

લોકોને તેમનું પોતાનું જીવન જીવવા દો. આ એક એવો અભિગમ છે જે દરેક પરિસ્થિતિમાં બંધ બેસે છે.

આ અભિગમ, સહિષ્ણુતાને પોષતો હોય તેવો એક માત્ર સંભવ અભિગમ છે. સહિષ્ણુતા શબ્દ મને આ પહેલાં સૂઝ્યો નહોતો તે વિચિત્ર છે. એક મુક્ત શાળા માટે તે એકદમ યોગ્ય શબ્દ છે. અમે બાળકો પ્રત્યે સહિષ્ણુતા દાખવીને, તેમને સહિષ્ણુ બનવા તરફના રસ્તે દોરી રહ્યા છીએ.

ડર

જે લોકોએ બાળકોમાં ડર જન્માવ્યો હતો તેવા લોકોથી ઘવાયેલાં બાળકોને ઠીક કરવામાં મેં સારો એવો સમય વીતાવ્યો છે. એક બાળકના જીવનમાં ડર એ બહુ ભયંકર વસ્તુ બની શકે છે. ડરને સદંતર દૂર કરવો જોઈએ – વયસ્કોનો ડર, સજાનો ડર, અસ્વીકૃતિનો ડર, ભગવાનનો ડર. ડરના વાતાવરણમાં માત્ર નફરત જ ખીલી શકે છે.

આપણે ગરીબીથી, અપમાનથી, ભૂતોથી, ઘાડપાડુઓથી, અકસ્માતોથી, લોકોના અભિપ્રાયોથી, રોગથી, મૃત્યુથી એમ ઘણી બધી બાબતોથી ભયભીત હોઈએ છીએ. માણસની જિંદગી એ તેના અસંખ્ય ભયની દાસ્તાન છે. કરોડો પુખ્ત મનુષ્યોને અંધારામાં ચાલતાં ડર લાગે છે. જ્યારે એક પોલીસ આવીને ઘરની ઘંટડી વગાડે ત્યારે હજારો લોકોને બેચેનીની અછડતી લાગણી ઘેરી વળે છે. મુસાફરી કરતી વખતે ઘણા બધા પ્રવાસીઓનાં મનમાં વહાણ ડૂબવાની અથવા વિમાન તૂટી પડવાની આશંકા ઘુમરાયા કરતી હોય છે. રેલવેમાં મુસાફરી કરતા પ્રવાસીઓ ટ્રેનના વચ્ચેના ડબ્બાઓમાં જગ્યા માગે છે. "સલામતી સૌથી પહેલી" એ સૂત્ર માણસની સર્વોપરી ચિંતાને અભિવ્યક્ત કરે છે.

માનવ-ઇતિહાસમાં ચોક્કસ એવો એક સમય હશે જ્યારે માણસની અંદર રહેલા જીવ બચાવવા માટેના ડરે, તેને ભાગવા અને છુપાવા માટે પ્રેર્યો હશે. આજે, જીવન એટલું સલામત બન્યું છે કે સ્વ-રક્ષણ અર્થેનો પેલો ડર હવે જરૂરી રહ્યો નથી. અને છતાં આજે માનવતા, આપણા પથ્થરયુગના પૂર્વજો કરતાં સંભવતઃ વધુ ડર અનુભવી રહી છે. આદિમાનવે તો માત્ર વિશાળકાય રાક્ષસોથી ડરવાનું હતું, પણ આપણે તો ઘણા રાક્ષસોથી - ટ્રેનોથી, વહાણોથી, વિમાનોથી, ચોર-લૂંટારાઓથી, વાહનોથી

અને એ સૌથી વધુ પ્રભાવી એવા, પકડાઈ જવાના ડરથી – ડરવાનું છે. આપણા માટે ડરવું હજી પણ આવશ્યક છે. ડરના કારણે જ હું કાળજી રાખીને રસ્તો ઓળંગું છું.

કુદરતમાં, ડર એ વંશ-સંરક્ષણનો હેતુ પૂરો કરે છે. સસલાં અને ઘોડા બચી શક્યાં છે, કારણ કે તેમાનાંમાં રહેલો ડર, તેમને જોખમથી બચવા માટે દોડવાની ફરજ પાડે છે. જંગલના કાયદામાં ડર એ એક અગત્યનું પરિબળ છે.

ડર હંમેશાં સ્વાર્થી, અહંકેન્દ્રી હોય છેઃ આપણે આપણી પોતાની જાતને બચાવવા માટે, અથવા આપણે જેમને ચાહતાં હોઈએ તેમને માટે ડરતાં હોઈએ છીએ. પણ મોટા ભાગે, આપણે આપણી પોતાની જાતને બચાવવા માટે ડરતાં હોઈએ છીએ. જ્યારે હું નાનો હતો ત્યારે ઢળતી સાંજે દૂધ લેવા માટે ખેતરે ચાલીને જવામાં મને ડર લાગતો હતો. છતાં, જ્યારે મારી બહેન મારી સાથે હોય, ત્યારે રસ્તામાં ક્યાંક તેનું ખૂન થઈ જશે એવો કોઈ ડર મને લાગતો નહોતો. ડર સ્વાર્થી જ હોવો જોઈએ, કારણ કે દરેક ડર એ છેવટે તો મૃત્યુનો ડર હોય છે.

પોતાના ડરને હકારાત્મક ઊર્જામાં પરિવર્તિત કરી શકે તે માણસ હીરો-પરાક્રમી-વીર છે. હીરો પોતાના ડરનો ઉપયોગ કરે છે. એક સૈનિક માટે પોતે ક્યાંક કશાકથી ભયભીત ન થઈ જાય એવો ડર સૌથી ત્રાસદાયક ડર હોય છે. કાયર પોતાના ડરને હકારાત્મક ઊર્જામાં ફેરવવા માટે અક્ષમ હોય છે. અને બહાદુરી કરતાં કાયરતા ઘણી વધુ, સાર્વત્રિક જોવા મળે છે.

આપણે બધા કાયર છીએ. આપણામાંથી કેટલાક પોતાની કાયરતાને છુપાવી લે છે; બીજા તેને ફગાવી દે છે. કાયરતા હંમેશાં સાપેક્ષ હોય છે. તમે અમુક બાબતોમાં શૂરવીર, અને અન્ય બાબતોમાં બીકણ હોઈ શકો છો. અહીં હું સૈનિક તરીકે બોમ્બ ફેંકતાં શીખવાનો મારો પહેલો પાઠ યાદ કરું છું. એક માણસ પોતાનો બોમ્બ બહાર ફેંકવામાં નિષ્ફળ રહ્યો અને બોમ્બ ખાડામાં જ પડ્યો. વિસ્ફોટ થયો અને કેટલાક માણસો ફેંકાઈ ગયા. સદ્‌નસીબે કોઈનો જીવ ન ગયો. એ દિવસ પૂરતું બોમ્બ ફેંકવાનું કામ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું; પણ બીજા દિવસે, અમને કૂચ કરીને ફરીથી બોમ્બ માટેના મેદાન પર લાવવામાં આવ્યા. જ્યારે મેં મારો પહેલો બોમ્બ હાથમાં લીધો, ત્યારે મારા હાથ ધ્રૂજતા હતા. સાર્જન્ટે મારી તરફ અત્યંત તિરસ્કારથી જોયું અને મને કહ્યું કે હું બિલકુલ કાયર છું. મેં તે સ્વીકાર્યું.

વિક્ટોરિયા ક્રોસ પ્રાપ્ત કરવા યોગ્ય કાર્યો કરી જાણનાર આ સાર્જન્ટને કોઈ શારીરિક બીક નહોતી. પણ પેલી ઘટનાને બહુ લાંબો વખત નહીં થયો હોય ત્યારે એકવાર તેણે મારી સામે કબૂલ કર્યું હતુંઃ "નીલ, તું જ્યારે ટુકડીમાં હોય, ત્યારે

ટુકડીને કવાયત (ડ્રિલ) કરાવવાનું હું ધિક્કારું છું. આખો સમય ગભરાટથી મારા રૂંવેરૂંવા ઊભા થઈ જતા હોય છે." મને આશ્ચર્ય થવાથી, મેં તેને પૂછ્યું કે એમ શા માટે?

"કારણ કે તારી પાસે એમ. એ.ની પદવી હતી," તેણે કહ્યું, "અને હું તો વ્યાકરણનું ખૂન જ કરતો રહું છું."

શા માટે એક બાળક હિંમતવાળું જન્મે છે અને બીજું સંકોરાએલ આત્માવાળું, એ આપણે મનોશાસ્ત્રના અભ્યાસ પરથી કહી શકતા નથી. જન્મ પહેલાંની પરિસ્થિતિઓને કદાચ તેની સાથે ઘણે ભાગે લેવાદેવા હશે. જો બાળક આવે તેવી ઈચ્છા ન હોય, તો એવું બનવું ઘણું સંભવ છે કે માતા તેનો પોતાનો ઉચાટ, જન્મની ક્ષણે, ગર્ભમાં રહેલા બાળકમાં આરોપે. એમ બને કે વણજોઈતું બાળક જન્મથી જ ડરપોક સ્વભાવનું હોય, જે જીવનથી ડરતાં રહેવાનું ચારિત્ર્ય ધરાવતું હોય અને માતાની કૂખમાં જ રહેવાની ઈચ્છા રાખતું હોય.

અલબત્ત, જન્મ પહેલાંના પ્રભાવો સાથે કામ પાર પાડવું તે આપણી શક્તિઓ બહારની વાત છે, પણ એટલું તો ચોક્કસ છે કે ઘણાં બાળકો તેમના જીવનની શરૂઆતની તાલીમના કારણે કાયર બની જતાં હોય છે. આ પ્રકારની કાયરતા અટકાવી શકાય તેમ હોય છે.

એક જાણીતા મનોવિશ્લેષકે મને એક યુવાન માણસનો કિસ્સો કહ્યો હતો. તેના પિતાએ તેને છ વર્ષની ઉંમરે, એક સાત વર્ષની છોકરીમાં હળવો જાતીય રસ લેતા પકડી પાડ્યો હતો. પિતાએ તેને ચાબુકથી ખૂબ ફટકાર્યો. આ મારથી છોકરો આખી જિંદગી માટે ડરપોક બની ગયો. આખી જિંદગી જાણે તેને અંદરથી પેલો પૂર્વાનુભવ પુનરાવર્તિત કરવાની ઈચ્છા ઊઠ્યા કરતી- એક યા બીજા સ્વરૂપે તે ફટકારની, સજાની રાહ જોયા કરતો. આમ, એ પરિણીત અથવા વિવાહિત સ્ત્રીઓના જ પ્રેમમાં પડી શકતો; અને હંમેશાં જે-તે સ્ત્રીનો પતિ કે પ્રેમી તેને ફટકારીને અધમૂઓ કરી નાખશે તેવો ડર અનુભવ્યા કરતો. તેનો આ જ ડર બીજી તમામ વસ્તુઓમાં પણ પરિવર્તિત થયો. આ માણસ એક નાખુશ, ડરપોક આત્મા બની રહ્યો, જે હંમેશાં લઘુતા અનુભવતો, હંમેશાં કોઈ ને કોઈ જોખમ આવી પડશે એવી આશંકા સેવ્યા કરતો. તેનું ડરપોકપણું નાની નાની બાબતોમાં છતું થતું. ઉનાળાના સરસ મજાના પ્રકાશિત દિવસે જો તેણે અડધો માઈલ ચાલીને જવાનું હોય તો તે વરસાદી કોટ અને છત્રી સાથે લેતો. તે જીવનને "ના" કહી રહ્યો હતો.

શિશુસહજ જાતીય રસ માટે બાળકને સજા કરવી એ તેને ડરપોક બનાવવાનો

ખાતરીપૂર્વકનો રસ્તો છે. નરકના અગ્નિનો ભય બતાવવો એ બીજો એવો ચોક્કસ રસ્તો છે.

ફ્રોઈડ વિચારધારા *કાસ્ટ્રેશન કોમ્પ્લેક્સ (ખસીકરણ ગ્રંથિ)* વિશે ઘણું કહે છે. નિ:શંક, કાસ્ટ્રેશન કોમ્પ્લેક્સ જેવી બાબત અસ્તિત્વ ધરાવે જ છે. સમરહિલમાં અમારે ત્યાં એક નાનકો છોકરો હતો, જેને એવું કહેવામાં આવ્યું હતું કે જો તે તેના શિશ્નને અડશે તો તેનું શિશ્ન કપાઈ જશે. છોકરાઓ અને છોકરીઓમાં મને આ ડર સામાન્ય જોવા મળ્યો છે. આ એવો ડર છે, જેનાં પરિણામો ભયંકર છે, કારણ કે ડર અને ઈચ્છા કદી બહુ અલગ હોતાં નથી. ઘણી વાર ખસીકરણ માટેનો ડર એ ખસીકરણ માટેની ઈચ્છા હોય છે – હસ્તમૈથુન કરવા માટેની સજા રૂપે ખસીકરણની ઈચ્છા, અથવા સતત લલચાવતી બાબતમાંથી છુટકારો મેળવવાના સાધન રૂપે ખસીકરણની ઈચ્છા.

એક ડરેલા બાળક માટે સેક્સ બધું જ હોય છે! હા, બાળક સેક્સનો ઉપયોગ એક એવી મોટી ખીંટી રૂપે કરે છે, જેની પર તે પોતાના ડર ટાંગી શકે. કારણ કે તેને કહેવામાં આવ્યું હોય છે કે સેક્સ એ બહુ જ ખરાબ વસ્તુ છે. રાત્રે ગભરાઈને ફફડી ઊઠતું બાળક ઘણે ભાગે એવું બાળક હોય છે, જે પોતાના સેક્સના વિચારોથી ભયભીત થઈ જતું હોય છે. જરૂર શેતાન આવશે અને તેને પકડીને નરકમાં લઈ જશે, કારણ કે તે તો પાપી છોકરો છે, જેને સજા થવી જ જોઈએ. બૂગીમૅન, ભૂત, પિશાચ એ માત્ર વેશપલટો કરીને આવેલા શેતાનો જ છે. અપરાધભાવમાંથી ડર ઉદ્ભવે છે. અને બાળકને અપરાધભાવ આપે છે તેનાં માતાપિતાઓનું અજ્ઞાન.

બાળકોમાં જોવા મળતો ડરનો એક સામાન્ય પ્રકાર છે જે તેમનાં માતાપિતાઓ સાથે એક ઓરડામાં સૂવાથી ઉદ્ભવતો હોય છે. ચાર વર્ષનું બાળક એવું કંઈક જુએ છે કે સાંભળે છે જેને તે સમજી શકતું નથી. તેને મન પિતા એ માતા સાથે દુર્વ્યવહાર કરનાર ખરાબ માણસ બની જાય છે. આ બાળપણની ગેરસમજણ અને ડરમાંથી કદાચ બાળકમાં સેડિઝમ્ (ક્રૂરતામાંથી જાતીય આનંદ માણવાની વૃત્તિ) વિકસે છે. નાનકડો છોકરો, જે પોતાની જાતને પિતા સાથે સરખાવતો હોય છે, તે પાછળથી એક એવો યુવાન બને છે જે સેક્સને પીડા સાથે સાંકળે છે. ડરને વશ થઈને, તેના પિતાએ માતા સાથે જેવું કર્યું હતું એમ તે માનતો હતો, તેવું તે પોતાની સાથી સાથે પણ કરે એમ બની શકે છે.

ચાલો, હું અસ્વસ્થતા અને ડર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવાની કોશિશ કરું. વાઘથી ડરવું એ સાહજિક અને સ્વસ્થ છે. કોઈ ખરાબ ચાલકના કારણે કાર ફરી વળવાનો

ડર લાગવો એ પણ સાહજિક અને સ્વસ્થ છે. જો આપણામાં બિલકુલ ડર ન હોત, તો આપણા બધા પર ક્યારનીય બસો ફરી વળી ચૂકી હોત. પણ કરોળિયા અથવા ઉંદરનો અથવા ભૂતનો ડર લાગવો એ અસ્વાભાવિક અને અસ્વસ્થ છે. એ પ્રકારનો ડર એ ખાલી ખોટો તણાવ જ છે. એ એક પ્રકારનો *ફોબિઆ* (કાલ્પનિક ડર) છે. કાલ્પનિક ડર એ કોઈક બાબત અંગેની તર્ક વિનાની, અતિશયોક્તિપૂર્ણ ચિંતા કે ઉશ્કેરાટ છે. 'ફોબિઆ'માં જે વસ્તુ/જીવના કારણે આટલો બધો ભય વ્યાપી જતો હોય છે, તે પ્રમાણમાં બિનહાનિકર્તા કે નિરુપદ્રવી હોય છે. આ વસ્તુ/જીવ ખરેખર વ્યક્તિ માટે માત્ર પ્રતીકરૂપ જ હોય છે; અલબત્ત તેના કારણે વ્યક્તિમાં જે ઉશ્કેરાટવાળી ચિંતા ઊભી થતી હોય છે તે વાસ્તવિક હોય છે.

ઓસ્ટ્રેલિયામાં કરોળિયાથી ડરવું એ તર્કસંગત છે, કારણ કે ત્યાં કરોળિયાનો ડંખ જીવનમરણનો પ્રશ્ન સર્જી શકે છે. પણ ઈંગ્લેન્ડ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં, કરોળિયાથી ડરવું એ તર્કથી વિરુદ્ધ છે અને તેથી એ એક પ્રકારનો કાલ્પનિક ડર છે. ખરેખર કરોળિયો એ એવા કશાકનું પ્રતીક બની જાય છે, જેનાથી વ્યક્તિ ઊંડે ઊંડે ડરતી હોય છે. આમ, બાળકનો ભૂતનો ડર એ એક ફોબિઆ (કાલ્પનિક ડર) છે. બાળક જેનાથી ગભરાયેલું છે, ભયભીત છે એવું કશુંક ભૂતના પ્રતીકમાં વ્યક્ત થાય છે. જો તેને ભગવાનનો ડર રાખવાની તાલીમ મળી હોય, તો તે મૃત્યુ પણ હોઈ શકે છે. અથવા એ એના પોતાના જાતીય આવેગો પણ હોઈ શકે, જે તેને ઘરમાં શીખવ્યા મુજબ પાપ હોવાથી, તેનાથી ડરવું જોઈએ અને તેને દબાવવા જોઈએ.

એક વખત મને એક શાળાની છોકરીને જોવાનું કહેવામાં આવ્યું. તેના મનમાં અળસિયાની ખોટી બીક ભરાઈ ગઈ હતી. મેં તેને એક અળસિયું દોરવાનું કહ્યું અને તેણે એક શિશ્ન દોર્યું. પછી તેણે મને એક સૈનિકની વાત કરી, જે તેના શાળા જવાના રસ્તામાં પોતાની નગ્નતાનું પ્રદર્શન કરતો હતો. તેનાથી એ ડરી ગઈ હતી. તેનો એ ડર અળસિયામાં વિસ્થાપિત થયો. પણ તેનામાં આ કાલ્પનિક ડર ઊભો થયો તેના ઘણા પહેલાંથી, આ છોકરી એ કાલ્પનિક ડરના ઉદ્‌ગમમાં અત્યંત રસ ધરાવતી, મનોરોગી કક્ષાનો રસ ધરાવતી થઈ ચૂકી હતી. તેનો આ વિકૃત રસ એ સેક્સ બાબતેના તેના શિક્ષણનું – અથવા તેના અભાવનું પરિણામ હતો. તેના વડીલો આ બાબતોને જેટલી રહસ્યભરી અને ગુપ્ત રાખીને વર્તતા હતા તે જોઈને તેને તેમાં અસાધારણ રસ ઊભો થયો. ચોક્કસ જ, તેને નગ્નતા-પ્રદર્શનનો આવો કોઈ અનુભવ થવો જોઈતો નહોતો. સેક્સની બાબતો અંગે સારું શિક્ષણ આપવાથી જરૂર તે આ કસોટીમાંથી પુરુષની જનનેન્દ્રિય અંગે કાયમી અસ્વસ્થતા ધરાવ્યા વિના, તેને વિકૃત

પ્રતિક્રિયાઓ આપ્યા વિના પસાર થવા માટે સક્ષમ બની શકી હોત.

મોટા ભાગે અત્યંત નાનાં બાળકોમાં 'ફોબિઆ' ઊભો થઈ જતો હોય છે. એક કઠોર પિતાનો દીકરો, ઘોડાઓ અથવા સિંહ અથવા પોલીસનો 'ફોબિઆ' ઊભો કરી લે તેવું બની શકે છે. તેનો કાલ્પનિક ડર આ અથવા પિતાના જેવાં કોઈ પણ દેખીતાં પ્રતીકો સાથે જોડાઈ જાય છે. અહીં ફરીથી આપણે સત્તાના ડરના પ્રવેશથી એક બાળકના જીવન પર તોળાતું ભયંકર જોખમ જોઈ શકીએ છીએ.

બાળકના જીવનમાં કાયમી નરકાગારનો ખ્યાલ સૌથી બળવત્તર ડર બની રહે છે.

ઘણી વાર, ગલીમાં પસાર થતી વખતે, હું કોઈ માતાને કહેતી સાંભળું છું, "એ છોડ, ટોમી! જો પોલીસ આવ્યો..." આ પ્રકારની વાતચીતનું ગૌણ પરિણામ એ હોય છે કે તેની મમ્મી જુઠ્ઠી છે એવી બાળકને બહુ જલદી ખબર પડી જાય છે. પણ તેનું મુખ્ય અનિષ્ટ પરિણામ એ હકીકતમાં સમાયેલું છે કે બાળકની નજરમાં પોલીસવાળો જ શેતાન બની જાય છે. એ એવો માણસ છે જે તમને લઈ જાય છે અને અંધારામાં પૂરી દે છે. બાળક હંમેશાં ડરને પોતાની સૌથી ખરાબ આદતો સાથે જોડતું હોય છે. આમ હસ્તમૈથુન કરવા ટેવાયેલા કોઈ બાળકને જ્યારે કોઈ પોલીસ પથરા ફેંકવા માટે પકડે, ત્યારે તે તેનાથી અસાધારણ રીતે ડરી જાય છે. આ ડર એ ખરેખર સજા આપતા ભગવાન અને સજા આપતા શેતાનનો ડર હોય છે.

આપણાં ભૂતકાળનાં અપરાધી કૃત્યોના વિચારથી પણ ઘણો ડર ઊભો થાય છે. આપણે સહુએ પરિકલ્પનાઓમાં લોકોના રામ રમાડી દીધા હોય છે. હું માનું છું કે જ્યારે એક પાંચ વર્ષના બાળકની ઇચ્છાઓને હું નિષ્ફળ બનાવું છું ત્યારે એ પોતાની પરિકલ્પનાઓમાં મને મારી નાખે છે.

ઘણી વખત મારા વિદ્યાર્થીઓ પોતાની પાણીની પિસ્તોલો લઈને આનંદપૂર્વક મારી આસપાસ ફરી વળે છે અને બરાડે છે, "હેન્ડ્સ અપ! લો તમે મરી ગયા!" આમ તેઓ સત્તાના પ્રતીકને મોતને ઘાટ ઉતારે છે અને પોતાના ડરથી મુક્તિ પામે છે. અમુક સવારે હું હેતુપૂર્વક સરમુખત્યારની માફક વર્તું છું, જેથી દિવસ દરમ્યાનના ગોળીબારમાં તેની અસર હું જોઈ શકું. એવા પ્રસંગોએ મને અનેક વખત મારી નાખવામાં આવે છે. પરિકલ્પનાઓ પછી, ડર પ્રવેશે છે- *ધારો કે નીલ મરી જાય તો...! મેં એવું ઇચ્છ્યું હતું, એટલે હું જ તેના માટે દોષી ગણાઈશ.*

અમારી વિદ્યાર્થિનીઓમાંથી એકને, તરતી વખતે બીજા વિદ્યાર્થીઓને પાણી નીચે ખેંચી જવામાં બહુ મઝા આવતી હતી. પાછળથી તેના મનમાં પાણી માટે ખોટી ભીતિ બંધાઈ ગઈ. એક સારી તરવૈયણ હોવા છતાં, તે પોતાની ઊંચાઈ કરતાં વધુ

ઊંડે જતી નહીં. થયું એ હતું કે તેણે પરિકલ્પનાઓમાં પોતાના ઘણા શત્રુઓને પાણીમાં ડુબાડી માર્યા હતા અને હવે તેને કુદરતના ન્યાયનો ડર લાગતો હતોઃ *મારા વિચારોની સજા રૂપે, હું ડૂબી જઈશ.*

નાનકડો આલ્બર્ટ જ્યારે દરિયા કિનારે ઊભો હોય અને પોતાના પિતાને તરતા જુએ ત્યારે તે ભયથી કંપવા માંડતો. તે ભયભીત બનતો, કારણ કે તેણે બહુ બધી વાર પોતાના પિતાનું મૃત્યુ ઈચ્છ્યું હતું. તે પોતાના અપરાધભાવના કારણે ભયભીત હતો. જ્યારે આપણને સમજાય છે કે બાળક માટે મૃત્યુનો અર્થ માત્ર પોતાને જેનાથી ડર લાગે છે તે વ્યક્તિને રસ્તામાંથી દૂર કરવાનો છે, ત્યારે બાળક પરિકલ્પનાઓમાં લોકોને મારી નાખે છે તે એટલું આઘાતજનક લાગતું નથી.

પોતાના પિતા અથવા માતાના મૃત્યુ માટે પોતે જ જવાબદાર હતા, એવી અજાગ્રત ખાતરી ધરાવતા વયસ્કોને મેં જોયા છે. જો માતાપિતા બાળકો પર તૂટી પડીને અને તેમને માર મારીને, બાળકમાં ધિક્કાર અને પરિણામ સ્વરૂપ અપરાધભાવને પ્રવૃત્ત કરવાથી જાતને રોકે, તો આ પ્રકારનો ડર ઓછો કરી શકાય છે. હજી પણ બાળકોને શારીરિક સજા અથવા અન્ય પ્રકારની કડક સજાઓ કરતી સેંકડો શાળાઓ નાનકડાં બાળકોને ભરપાઈ ન કરી શકાય એવું નુકસાન કરી રહી છે.

ઘણા લોકો ઊંડે ઊંડે માનતા હોય છેઃ *જો બાળકોએ કશાથી જ ડરવાપણું ન રહે, તો તેઓ સારા કેવી રીતે બની શકશે?* જે સારાપણું નરકના ડર પર અથવા પોલીસના ડર પર અથવા સજા પામવાના ડર પર નિર્ભર કરતું હોય તો તે કોઈ રીતે સારાપણું છે જ નહીં- એ સદંતર કાયરતા છે. જે સારાપણું ઈનામની આશા પર અથવા પ્રશંસાની આશા પર અથવા સ્વર્ગની આશા પર આધારિત છે, તે લાંચ પર નિર્ભર છે. આજના સમયની નીતિમત્તા બાળકોને ડરપોક બનાવે છે, કારણ કે તે તેમને જીવનથી ડરતાં શીખવાડે છે; અને શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓનું "સારાપણું" ખરેખર એને જ આભારી હોય છે. સજાના ભયને વચ્ચે લાવ્યા વિના, હજારો શિક્ષકો પોતાનું કામ ઉત્તમ રીતે કરે છે. બાકીના લાયકાત વિનાના એવા અસમર્થ શિક્ષકો છે, જેમને આ વ્યવસાયમાંથી ઉપાડીને બહાર ફેંકી દેવા જોઈએ.

બાળકો આપણાથી ડરીને પછી આપણાં મૂલ્યો સ્વીકારે તેમ બની શકે. અને આપણા વયસ્કો પાસે કયાં મૂલ્યો છે! આ અઠવાડિયે મેં ત્રણ પાઉન્ડનો એક કૂતરો ખરીદ્યો, મારા લેથ મશીનને ચાલતું કરવા માટેનાં સાધનો માટે દસ પાઉન્ડ અને તમાકુ પાછળ પાંચ પાઉન્ડ ખર્ચ્યા. અલબત્ત, આપણાં સામાજિક અનિષ્ટો અંગે હું ચિંતન કરું છું અને તેના માટે રંજ ધરાવું છું, પણ બધા જ પૈસા ગરીબોને આપી દેવાનું મને

સૂઝ્યું નથી. એટલે જ, આ વિશ્વમાં ઝૂંપડપટ્ટીઓ ઘૃણાપાત્ર છે એવો ઉપદેશ હું બાળકોને આપતો નથી. હું તેના વિશે કેટલો ઢોંગી હતો તેની મને પ્રતીતિ થઈ તે પહેલાં- હું એમ કરતો હતો.

હું જે સૌથી ખુશહાલ ઘરોને જાણું છું તે એ છે જ્યાં માતાપિતા પોતાનાં બાળકો સાથે નૈતિકતાને વચ્ચે લાવ્યા વિના, નિખાલસપણે પ્રામાણિક હોય છે. ડર આ ઘરોમાં પ્રવેશતો નથી. ત્યાં પિતા અને પુત્ર મિત્રો હોય છે. પ્રેમ અહીં ખીલી શકે છે. જ્યારે અન્ય ઘરોમાં પ્રેમ, ડર તળે કચડાઈ જાય છે. આડંબરભરી રીતભાત અને માગવામાં આવતો આદર, પ્રેમને અળગો રાખે છે. પરાણે, ફરજ પાડીને મેળવવામાં આવતો આદર એ હંમેશાં ડર હોય છે.

અહીં, સમરહિલ પર, જે બાળકો તેમનાં માતાપિતાથી ડરતાં હોય છે તે શિક્ષકોના બેઠકખંડની આસપાસ ભમ્યાં કરે છે. જ્યારે ખરેખર સ્વતંત્રતામાં માનતાં માતાપિતાનાં બાળકો ક્યારેય અમારી નજીક ફરકતાં નથી. ડરેલાં બાળકો હંમેશાં અમારી કસોટી કરતાં રહે છે. જેના પિતા કરડા છે તેવો એક અગિયાર વર્ષનો છોકરો, દિવસમાં વીસ વખત મારો દરવાજો ખોલે છે. તે અંદર જુએ છે, કશું જ કહેતો નથી, અને પાછો દરવાજો બંધ કરી દે છે. ક્યારેક હું એને બૂમ પાડીને કહું છું, "ના, હજી હું મરી ગયો નથી." તેના પોતાના પિતા જે પ્રેમને સ્વીકારત નહીં, તે પ્રેમ એ છોકરાએ મને આપ્યો હતો અને તેના આ નવા આદર્શ પિતા ક્યાંક અદશ્ય તો નહીં થઈ જાય ને, તેનો તેને ડર હતો. તેના આ ડર પાછળ, ખરેખર તેને જેમનાથી અસંતોષ છે તે પિતા અદશ્ય થઈ જાય, તેવી છૂપી ઈચ્છા રહેલી છે.

તમને પ્રેમ કરતાં હોય તેના કરતાં, તમારાથી ડરતાં હોય તેવાં બાળકો સાથે રહેવું પ્રમાણમાં ઘણું વધુ આસાન છે – એથી તમને શાંત, આરામદાયક જીવન મળે છે. કારણ કે જ્યારે તેઓ તમારાથી ડરતાં હોય ત્યારે તેઓ તમારાથી દૂર રહે છે. મને, મારી પત્નીને અને સમરહિલના સ્ટાફને બાળકો પ્રેમ કરે છે, કારણ કે અમે તેમને સ્વીકૃતિ આપીએ છીએ, અને તેમને એટલું જ જોઈતું હોય છે. કારણ કે તેઓ એવું જાણે છે કે અમે તેમનો અસ્વીકાર નહીં કરીએ એટલે તેમને અમારી નજીક રહેવામાં આનંદ આવે છે.

અમારાં નાનકડાં બાળકોને વીજળી કે વાદળાંના ગડગડાટનો ભાગ્યે જ કોઈ ડર હતો એવું મેં જોયું છે. અતિ ભયંકર તોફાનમાં પણ તેઓ પોતાના તંબુઓમાં બહાર સૂઈ રહેતાં. તેવી જ રીતે તેમને અંધારાનો પણ કંઈ ખાસ ડર હોય તેવું મને લાગ્યું નથી. ક્યારેક એક આઠ વર્ષનો છોકરો, મેદાનના દૂરના છેડા પર પોતાનો તંબુ

ખોડતો, અને રાતોની રાતો ત્યાં એકલો સૂઈ રહેતો. સ્વતંત્રતા નિર્ભયતાને પોષે છે. મેં ઘણીવાર નાનકડા ડરપોક છોકરાઓને, જોમસભર, નિર્ભય યુવાનોમાં પલટાતાં જોયા છે. પણ આ બધાને લાગુ પાડવું ખોટું ગણાશે, કારણ કે એવાં અંતર્મુખી બાળકો પણ છે, જેઓ કદી બહાદુર બનશે નહીં. કેટલાક પોતાના ડરને આખી જિંદગી સાચવી રાખે છે.

જો એક બાળકને ડર આપ્યા વિના ઉછેરવામાં આવ્યું હોય, અને તે છતાં તેનામાં ડર ભરાયેલા હોય, તો એવું શક્ય છે કે એના આ ડરો જન્મજાત હોય. અને આ પ્રકારના ડર સાથે કામ પાર પાડવામાં નડતી મુખ્ય મુશ્કેલી એ તેના જન્મ પહેલાંની પરિસ્થિતિ અંગેનું આપણું અજ્ઞાન છે. કારણ કે એક સગર્ભા માતા, તેના પોતાના ડર, તેના હજી નહીં જન્મેલાં બાળકને આપી શકે છે કે કેમ તે કોઈ જાણી શક્યું નથી.

બીજી તરફ, એક બાળકના તેના આજુબાજુના વિશ્વમાંથી ડર તો બંધાતા હોય છે જ. આજે ભયાનક અણુ બોમ્બો સાથે યુદ્ધે ચઢવાની વાત નાનાં બાળકના કાને ન ચઢે તે સંભવ નથી. આવી વસ્તુઓ સાથે તે ડરને જોડે તે સાહજિક છે. પણ જો અણુ બોમ્બની વાસ્તવિકતા સાથે જોડવા માટે તેના અબુધ મનમાં સેક્સ અને નરકનો ડર ન હોય, તો બોમ્બનો ડર સામાન્ય ડર જ રહે છે, તે કાલ્પનિક ડર (ફોબિઆ) બનતો નથી, હર ઘડીએ પ્રસરતો ઉચાટ બનતો નથી. સ્વસ્થ, મુક્ત બાળકોને ભવિષ્યનો ડર હોતો નથી. તેઓ ખુશીથી તેની રાહ જુએ છે. તેના પરિણામરૂપે, તેમનાં બાળકો પણ આવતીકાલના માંદલા ડર વિના જિંદગીનો સામનો કરશે.

વિલહેમ રિકે ધ્યાન દોર્યું હતું કે, આપણે સહુ જ્યારે અચાનક ડરી જઈએ છીએ ત્યારે ક્ષણેક પૂરતો આપણો શ્વાસ થંભી જાય છે, અને તેનો અર્થ એમ થયો કે જે બાળક ડરમાં જીવે છે તે આમ રોકાયેલાં શ્વાસવાળી જિંદગી જીવે છે. બાળકના મુક્ત, ડર વિના વહેતા શ્વાસોશ્વાસ એ સારો ઉછેર પામેલા બાળકની નિશાની છે. એ દર્શાવે છે કે બાળક જિંદગીથી ગભરાયેલું નથી.

પોતાના બાળકને નફરત અથવા અવિશ્વાસમાંથી જન્મતા પાંગળા ડરથી મુક્ત રાખીને ઉછેરવા અંગે ચિંતિત પિતાને કહેવા માટે મારી પાસે કેટલીક અગત્યની બાબતો છેઃ તમારા ઘરમાં ક્યારેય "પપ્પા ઘરે આવે એટલી વાર!" એવા તમારી પત્નીનાં શબ્દોમાં તમને જેવા બોસ કે ડરામણાં ચિતરવામાં આવે છે તેવા રાક્ષસ બનવાની કોશિશ કરશો નહીં. આ શબ્દોનું સહેજ પણ અનુમોદન કરશો નહીં! તેનો અર્થ એ થયો કે એ ક્ષણે જે નફરત તમારી પત્ની તરફ વળવી જોઈતી હતી, તે તમને મળશે.

અને તમારી જાતને બહુ ઊંચે બેસાડશો નહીં. જો તમારા છોકરાઓ પૂછે કે તમે કદી પથારી પલાળી હતી કે કદી હસ્તમૈથુન કર્યું હતું, તો તેમને હિંમતપૂર્વક અને સહૃદયતાથી સાચું કહેજો. જો તમે બોસ બનશો, તો તમને એમનો આદર મળશે, પણ ખોટા પ્રકારનો આદર મળશે - કંઈક એવા પ્રકારનો કે જેમાં ડર ભળેલો છે. જો તમે તેમના સ્તરે ઊતરી આવશો અને શાળામાં એક છોકરા તરીકે તમે કેવા ડરપોક હતા તે કહેશો, તો તમને તેમનો સાચો આદર મળશે – એવો આદર જેમાં ડરની સંપૂર્ણ ગેરહાજરી હશે અને પ્રેમ અને સમજણ ભળેલાં હશે.

માબાપ માટે બાળકને ગ્રંથિઓ આપ્યા વિના ઉછેરવું એ પ્રમાણમાં આસાન છે. બાળકને કદી પણ ભયભીત કરવું જોઈએ નહીં, તેનામાં ક્યારેય અપરાધભાવ ઊભો કરવો જોઈએ નહીં. આપણે ડરની તમામ પ્રતિક્રિયાઓને બાકાત રાખી શકતા નથીઃ જેમ કે બારણું અથડાવા સાથે અચાનક ડરથી બાળક ફફડી ઊઠે તેમ બને. પણ તમે જરૂર બાળક પર બહારથી લદાતા બિનસ્વાસ્થ્યપ્રદ ડરને બાકાત કરી શકોઃ જેમ કે સજાનો ડર, ક્રોધે ભરાયેલા ભગવાનનો ડર, ક્રોધે ભરાયેલાં માતાપિતાનો ડર.

લઘુતાગ્રંથિ અને પરિકલ્પનાઓ

બાળકને લઘુતાનો ભાવ શામાંથી મળે છે? તે મોટેરાંઓને એવી વસ્તુઓ કરતાં જુએ છે કે જે તે નથી કરી શકતું અથવા તો જે કરવાની તેને પરવાનગી નથી.

લઘુતાની લાગણી સાથે જનનેન્દ્રિયને ઘણું લાગે વળગે છે. નાના છોકરાઓ ઘણે ભાગે તેમના લિંગના કદને લઈને શરમ અનુભવતા હોય છે, અને છોકરીઓ ઘણી વાર તેમની પાસે લિંગ ન હોવાને કારણે લઘુતા અનુભવતી હોય છે. લિંગનું શક્તિના પ્રતીક તરીકેનું પ્રસ્થાપન, મુખ્યત્વે તેની આસપાસ રહસ્ય અને પ્રતિબંધને સાંકળતા નીતિ-શિક્ષણને આભારી છે તેવું વિચારવા તરફ હું વળું છું. લિંગ અંગેના દબાયેલા વિચારો, કલ્પનાતરંગોનું રૂપ લે છે. માતા અને નર્સ જે રહસ્યભરી વસ્તુને આટલી કાળજીપૂર્વક ચોકીપહેરામાં રાખે છે તે તેને અતિશયોક્તિભર્યું મહત્ત્વ પ્રદાન કરે છે. આપણે આ બાબત લિંગની સરસ મજાની શક્તિઓ વર્ણવતી વાર્તાઓમાં જોઈએ છીએ. અલાદીન પોતાનો દીવડો ઘસે છે - હસ્તમૈથુન - અને આખી દુનિયાના સુખસંતોષ તેને મળે છે. એ જ રીતે, મળ-મૂત્રને ખૂબ મહત્ત્વની બાબત બનાવી દેતા કલ્પનાતરંગોમાં બાળકો રાચતાં હોય છે.

કલ્પનાતરંગ હંમેશાં અહંકેન્દ્રી હોય છે. તે એવું સ્વપ્ન છે, જેમાં સ્વપ્નદષ્ટા જાતે જ નાયક કે નાયિકા હોય છે. તે વિશ્વ જેવું હોવું જોઈએ, તેની વાર્તા હોય છે. વ્હીસ્કીનો એકાદ ગ્લાસ પીને, કે પછી નવલકથાનાં પાનાંઓ થકી અથવા કોઈ ફિલ્મની કથા દ્વારા આપણે વયસ્કો જે વિશ્વમાં પ્રવેશીએ છીએ, તે વિશ્વમાં બાળક પોતાની કલ્પના થકી પ્રવેશે છે. પરિકલ્પનાઓ હંમેશાં વાસ્તવિકતાથી પલાયન થવા માટે હોય છે – જ્યાં ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે તેવું, કોઈ સીમાઓ વિનાનું આ વિશ્વ હોય છે. પાગલો આનંદવિહાર કરવા માટે ત્યાં પહોંચે છે. પણ સામાન્ય બાળકોમાં પણ બહુધા કલ્પનાઓ જોવા મળે છે. કલ્પનાતરંગોનું આ વિશ્વ, સ્વપ્નોના વિશ્વ કરતાં વધુ આકર્ષક હોય છે. આપણને દુઃસ્વપ્ન, બિહામણાં સ્વપ્નો આવે તેવું બની શકે; પણ કલ્પનાતરંગમાં આપણે અમુક અંશે નિયંત્રણ ધરાવતાં હોઈએ છીએ; અને આપણા અહમ્‌ને પોષે તેવી જ કલ્પના આપણે કરીએ છીએ.

હું જ્યારે જર્મનીની એક શાળામાં ભણાવતો હતો, ત્યારે મારી પાસે એક દસ વર્ષની યહૂદી વિદ્યાર્થિની હતી. તે ઘણા ડરોથી ઘેરાયેલી હતી. ક્યાંક વર્ગમાં આવતાં મોડું ન થઈ જાય તેનો તેને ડર લાગતો. શાળાના પ્રથમ દિવસે તે મોટો થેલો ભરીને પુસ્તકો લઈને શાળામાં આવી, એક પાટલી પર બેઠી, અને સાવ કંટાળાજનક દાખલા ગણવા માંડ્યા: ૪,૫૬૩,૨૦૭,૮૬૭ને ૪,૩૭૯થી ભાગો. ત્રણ આખ્ખા દિવસ તેણે આ દાખલાઓ પર કામ કર્યા કર્યું. તેને આવા દાખલાઓ ગણવામાં મઝા આવે છે કે કેમ એમ મેં તેને પૂછ્યું, તો જવાબમાં મને ગભરુ "હા" સાંભળવા મળ્યું.

ચોથા દિવસે પણ તેણે પોતાની દયાજનક ગણતરીઓ ચાલુ રાખી, એટલે હું તેની સામે એકીટસે જોઈ રહ્યો. "તને ખરેખર આ દાખલાઓ ગણવાનું ગમે છે?" મેં પૂછ્યું.

તેની આંખોમાં એકાએક આંસુ ધસી આવ્યાં. મેં ચૂપચાપ તેની ચોપડી લીધી અને તેને ઓરડાના બીજા છેડા તરફ ફેંકી. "આ એક મુક્ત શાળા છે," મેં કહ્યું. "તને જેવું કરવું ગમતું હોય, બરાબર તેવું જ તું કરી શકે છે." તેના ચહેરા પર આનંદ દેખાયો અને તેણે આખો દિવસ સિસોટી વગાડ્યા કરી. તેણે કોઈ કામ ન કર્યું, માત્ર સિસોટી વગાડ્યા કરી.

મહિનાઓ પછી, હું એક વાર બહાર સ્કીઈંગ કરવા નીકળ્યો હતો ત્યારે જંગલ પાસેથી પસાર થયો. મને એક અવાજ સંભળાયો અને પછી મેં સ્લોવિયાને જોઈ. તે પોતાના સ્કી કાઢીને બરફમાં ચાલી રહી હતી- હસતાં હસતાં અને વાતો કરતાં. એવું સ્વાભાવિક રીતે દેખાઈ આવતું હતું કે તે વિવિધ અભિનેતાઓનો પાઠ ભજવી રહી છે. તે ત્યાંથી પસાર થઈ પણ તેણે મને જોયો નહીં.

બીજા દિવસે સવારે મેં તેને કહ્યું કે મેં ગઈકાલે તેને જંગલમાં વાતો કરતી સાંભળી હતી. તે મૂંઝાઈ ગઈ અને ઓરડાની બહાર દોડી ગઈ. બપોરે તેણે મારા દરવાજા પાસે ભમ્યા કર્યું. છેવટે તે અંદર આવી અને કહ્યું, "હું શું કરી રહી હતી તે તમને કહેવું મારા માટે બહુ મુશ્કેલ છે, પણ મને લાગે છે કે હું હવે તમને કહી શકું તેમ છું."

એ બહુ સરસ વાત હતી. વર્ષોથી, તે એક સ્વપ્નોના ગામમાં (જેને તે ગ્રુનવાલ્ડ કહેતી હતી) રહેતી હતી. તેણે મને ગામના નકશાઓ બતાવ્યા, જે તેણે બનાવ્યા હતા, અને તેણે મને ત્યાંનાં ઘરોનું આયોજન સુદ્ધાં બતાવ્યું. તેણે ભિન્ન ભિન્ન પાત્રો થકી ગામને લોકોથી ભર્યું હતું, અને સ્વાભાવિક રીતે, તે એ દરેકને આત્મીયતાથી જાણતી હતી. મેં જે સાંભળ્યું હતું તે બે છોકરાઓ, હાન્સ અને હેલમથ, વચ્ચેની વાતચીત હતી.

તેની આ પરિકલ્પના પાછળ શું રહેલું છે તે શોધતાં મને થોડાંક અઠવાડિયાં થયાં. સ્લોવિયા તેનાં માતાપિતાનું એક માત્ર સંતાન હતી, અને તેની સાથે રમનાર ગોઠિયા બહુ થોડા હતા, એટલે તેણે સાથીઓનું એક આખું ગામ રચ્યું. જ્યારે તેણે મને કહ્યું કે વાડીમાં અનધિકાર પ્રવેશ કરવા માટે રક્ષકે હેલમથને ખૂબ માર્યો હતો, ત્યારે મને તેની પરિકલ્પનાની કૂંચી મળી. પાછળથી તેણે કહ્યું હતું કે તે વાડી તેના ગુપ્તભાગ પર નવા આવેલા વાળ જેવી દેખાતી હતી. પછી તેણે તેને જાતીય રીતે સ્પર્શનાર એક માણસની સાચી વાત જણાવી. ત્યારે મને સમજાયું કે હેલમથ એ માણસનું પ્રતિનિધિત્વ કરતો હતો જેણે અનધિકૃત રીતે વાડીમાં પ્રવેશ કર્યો હતો; અને હેલમથ હસ્તમૈથુન વખતે તેના પોતાના હાથનું પ્રતીક પણ હતો.

તેની પરિકલ્પના પાછળ શું રહેલું છે તે તેને કહી દઈને, તેની પરિકલ્પનાને તોડી પાડવાનું મેં નક્કી કર્યું. બે-એક દિવસ સુધી, તે દુઃખી દુઃખી ફરતી રહી. "ગઈકાલે રાત્રે મેં પાછા ગ્રુનવાલ્ડ જવાનો પ્રયત્ન કર્યો," તેણે કડવાશપૂર્વક રડતાં રડતાં મને કહ્યું, "અને હું ન જઈ શકી. મારા જીવનમાં જે બાબત મને સૌથી વધુ ગમતી હતી, તેને તમે બગાડી નાખી."

દસ દિવસ પછી, શિક્ષકોમાંના એકે મને કહ્યું, "સ્લોવિયાને શું થયું છે? તે આખો દિવસ ગાતી રહે છે, અને તે સરસ બનતી જાય છે." અને તે સાચું હતું, તે ખરેખર સરસ બની ગઈ હતી. અને તેણે અચાનક તમામ બાબતોમાં રસ લેવો શરૂ કર્યો હતો. તેણે સામેથી વર્ગોની માંગ કરી હતી અને સારી રીતે શીખી પણ રહી હતી. તેણે ચિત્રકામ હાથમાં લીધું હતું, અને કેટલાક સરસ સ્કેચ બનાવ્યા હતા. ટૂંકમાં, તેણે વાસ્તવિકતા સાથે સૂર મેળવ્યો હતો. તેને થયેલા ભયાનક દુઃખદ અનુભવે અને તેની

એકલતાએ તેની પરિકલ્પનામાં એવું વિશ્વ મેળવવા ધકેલી હતી કે જ્યાં કોઈ લાલચ ન હોય અને જ્યાં કોઈ ખરાબ માણસો ન હોય. છતાં, તેના આ ખુશહાલ દિવાસ્વપ્નમાં પણ, હેલમથ તો અનધિકૃત પ્રવેશ કરતો જ હતો.

બીજી એક છોકરી દિવાસ્વપ્નમાં પોતાને એક સરસ અભિનેત્રી તરીકે જોતી રહેતી હતી. ટોળાએ સોળ વખત તેને મંચ પર ફરીથી બોલાવી હતી.

જિમ નામનો એક છોકરો, જેને ગુસ્સાના હુમલા આવ્યા કરતા હતા, તેણે મને પેશાબ અને મળત્યાગ વિશેની પરિકલ્પનાઓ કહી હતી. તે સત્તાના સંદર્ભમાં સેક્સનો ઉપયોગ કરી રહ્યો હતો.

નવ વર્ષનો બીજો એક નાનકડો છોકરો, ટ્રેનો વિશેની પરિકલ્પનાઓમાં રાચતો. કલ્પનામાં તે હંમેશાં ડ્રાઈવર હોય, અને રાજા અને રાણી (પિતા અને માતા) ટ્રેનના મુસાફરો હોય.

નાનકડો ચાર્લી તેની પાસે વિમાનો અને મોટરગાડીઓનો કાફલો છે તેવી કલ્પના દોડાવતો.

જિમ પોતાના પૈસાદાર કાકાની વાત કરતો, જેમણે તેને રોલ્સ-રોયસ– છોકરાના કદની – પણ પેટ્રોલથી ચાલતી કાર ભેટ આપી હતી, તેની વાતો કરતો. પોતાની આ નવી કાર ચલાવવા માટે તેને લાયસન્સની જરૂર નથી, એવું જિમ કહેતો. એક વખત મને ખબર પડી કે, કેટલાક જુવાનિયાઓ, જિમના કહ્યાથી, ચાર માઈલ દૂર આવેલા રેલવે સ્ટેશને ચાલતા ઊપડવાના હતા. તેમને કહેવામાં આવ્યું હતું કે, જિમના કાકાએ આ સ્ટેશન પર કાર મોકલી હતી અને તેઓ તેને હંકારીને લઈ આવવાના હતા. જે કાર માત્ર જિમની કલ્પનાઓમાં અસ્તિત્વ ધરાવે છે, તેના માટે કાદવમાં ચાર માઈલ ચાલ્યા પછી તેઓ કેટલા ખિન્ન-નિરાશ થશે, તે મેં વિચાર્યું, અને મેં આ અભિયાનને રોકવાનો પ્રયાસ કરવાનું નક્કી કર્યું. મેં તેમનું ધ્યાન દોર્યું કે તેઓ તેમનું બપોરનું ખાણું ચૂકી જશે. જિમ, જે થોડો માંદલો દેખાતો હતો, તેણે હાશ અનુભવી અને જોરથી કહ્યું, "અમે અમારું બપોરનું ખાણું જતું કરવા માગતા નથી." તેમની ગૃહમાતાને અચાનક આ બાળકોને કંઈક વળતર આપવાનો વિચાર આવ્યો, અને તેમણે બાળકોને સિનેમા લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે ઉતાવળે પોતાના રેઈનકોટ કાઢ્યા. જિમને ખાસ્સી નિરાંત અનુભવાઈ, કારણ કે તેને તો અલબત્ત ખબર જ હતી કે તેને કાર ભેટ આપનારા કાકા તો તેની કલ્પનામાંના કાકા જ હતા.

જિમની પરિકલ્પનાને સેક્સ સાથે કશી લેવાદેવા નહોતી. તે સમરહિલ આવ્યો ત્યારથી આ રીતે બીજાં બાળકો પર પ્રભાવ જમાવતો રહ્યો હતો. દિવસો સુધી

છોકરાઓનું એક જૂથ ઊભું રહીને લિમ બંદરના કિનારા નિહાળ્યા કરતું હતું. જિમે તેમને બે વિશાળ વહાણ ધરાવતા પોતાના બીજા એક કાકાની વાત કરી હતી. છોકરાઓએ જિમને પોતાના કાકાને લખવા માટે અને તેમને એક મોટરબોટ ભેટ આપવા માટે કહેવા મનાવ્યો હતો. એક વિશાળ સ્ટીમર, તેમની મોટરબોટને બંદરમાં દોરી લાવે એવું દૃશ્ય જોવાની તેમને અપેક્ષા હતી. આમ, આ બધામાંથી જિમ પોતાની ગુરુતા મેળવતો. તે એક નાનકડો છોકરો હતો, જેને છાત્રાલયમાં મોકલી દેવામાં આવ્યો હતો, અને તે પોતાની લઘુતાને પરિકલ્પનાઓ થકી ભરપાઈ કરતો હતો.

તમામ પરિકલ્પનાઓને તોડી પાડવી એ જીવનને કંટાળાજનક બનાવવા સરખું થાય. સર્જનની કોઈ પણ ક્રિયાની શરૂઆત એક કલ્પનાથી થાય છે. એક પથ્થર પણ મુકાયો નહોતો, ત્યારે વ્રેનની કલ્પનામાં સંત પોલનું પૂતળું ચોક્કસ ઊભું થઈ ચૂક્યું હશે.

સાચવવા જેવું સ્વપ્ન એ હોય છે કે જેને વાસ્તવિકતામાં ઉતારી શકાય. અન્ય પ્રકારના - કલ્પનાના તુક્કા/તરંગોને - શક્ય હોય, તો તોડી નાખવા જોઈએ. જો બહુ લાંબા સમય સુધી બાળક આવા કલ્પનાતરંગોમાં મહાલ્યા કરે, તો તેનાથી બાળક પાછળ રહે છે. કોઈ પણ શાળામાં, કહેવાતા ઠોઠ નિશાળિયા એ સામાન્ય રીતે એવાં બાળકો હોય છે જે મોટા ભાગે કલ્પનાતરંગોમાં ડૂબેલાં રહે છે. જ્યારે એક બાળક પોતાના કાકાએ મોકલાવેલી રોલ્સ-રોયસની વાટ જોતો હોય, ત્યારે તેનો જીવ ગણિતમાં ભલા કેવી રીતે રહી શકે?

લખવા અને વાંચવા બાબતે માતાઓ અને પિતાઓ સાથે મારે કેટલીક વખત ઉગ્ર ચર્ચાઓ થતી હતી. એક માતા મને લખે છે, "મારો દીકરો સમાજ સાથે કદમ મેળવવા સક્ષમ થવો જ જોઈએ. તમારે એને વાંચવાનું શીખવા માટે બળજબરી કરવી જોઈએ." મારો પ્રત્યુત્તર સામાન્ય રીતે આ રહે છેઃ "તમારું બાળક હજી પરિકલ્પનાઓના વિશ્વમાં જીવે છે. તેના એ વિશ્વને ભાંગીને બે ટુકડા કરતાં મને સંભવતઃ એકાદ વર્ષ લાગશે. તેને હમણાં વાંચવાનું કહેવું એ બાળક પ્રત્યે અત્યાચાર ગુજારવા જેવું થશે. જ્યાં સુધી તેની પરિકલ્પનાઓમાંથી તેનો રસ ઓસરી ન જાય, ત્યાં સુધી તેને વાંચવામાં ચિંદરડી જેટલો રસ પણ સંભવતઃ પડશે નહીં."

અરે હા, હું એ છોકરાને મારા કમરામાં બોલાવીને કરડા સ્વરે કહી શકું છું: "કાકાઓ અને મોટરકારો વિશેનું બધું ભૂસું તારા માથામાંથી બહાર કાઢી નાખ. એ આખી ઉપજાવેલી વાર્તા છે, અને તેની તને ખબર છે. આવતીકાલે સવારે તારે વાંચવાના વર્ગો ભરવાના છે, નહીં તો શું થશે એ તને ખબર છે." પણ એ તો અપરાધ લેખાશે.

બાળક પાસે તેની પરિકલ્પનાના સ્થાને મૂકવા માટે કશું હોય, એ પહેલાં તેની પરિકલ્પનાને તોડવી એ ખોટું છે. શ્રેષ્ઠ રસ્તો બાળકને પોતાની પરિકલ્પના વિશે બોલવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. દસમાંથી નવ કિસ્સાઓમાં, ધીમે ધીમે બાળક તેમાંથી પોતાનો રસ ગુમાવતું જાય છે. માત્ર કેટલાક વિશિષ્ટ કિસ્સાઓમાં, જ્યાં બાળકની કલ્પના વર્ષો સુધી ટકી હોય, ત્યાં જ વ્યક્તિએ આ સ્વપ્નને કઠોર બનીને તોડવાની હિંમત કરવી ઘટે.

મેં કહ્યું તેમ, પરિકલ્પનાનું સ્થાન લઈ શકે એવી કોઈ બાબત હોવી જોઈએ. સંપૂર્ણ સ્વસ્થ હોવા માટે, દરેક બાળક અને દરેક વયસ્ક પાસે કમસે કમ એક ક્ષેત્ર એવું હોવું જોઈએ, જેમાં પોતે ચઢિયાતું બની શકે. વર્ગખંડમાં ચઢિયાતું બનવા માટે બે પદ્ધતિઓ છેઃ (૧) વર્ગમાં ટોચના વિદ્યાર્થી બનવું અને (૨) વર્ગના સૌથી નબળા વિદ્યાર્થીને આંજી નાખવો. ચઢિયાતા બનવા માટે બીજો રસ્તો વધુ લલચામણો છે; અને આમ બહિર્મુખ પ્રકારનું બાળક, આસાનીથી ચઢિયાતાપણાની લાગણી મેળવી લે છે.

જે પોતાનું ચઢિયાતાપણું શોધવા માટે પરિકલ્પનાઓમાં સરી પડે છે એ અંતર્મુખ બાળક હોય છે. વાસ્તવિક વિશ્વમાં તે કોઈ રીતે ચઢિયાતું નથી. તે લડી નથી શકતું; તે રમતગમતમાં બહુ સારો દેખાવ નથી કરી શકતું; તે અભિનય નથી કરી શકતું, ગાઈ નથી શકતું અથવા સારું નૃત્ય નથી કરી શકતું. પણ એની પોતાની પરિકલ્પનાઓના વિશ્વમાં, તે કદાચ વિશ્વવિજેતા પહેલવાન હોય છે. દરેક મનુષ્ય માટે, અહમ્ સંતોષવો તે એક અત્યન્ત મહત્ત્વની આવશ્યકતા છે.

ખંડનાત્મકતા

નાનાં બાળકો ચીજવસ્તુઓ, મિલકત પ્રત્યે કોઈ પ્રકારનો કાળજી-ભાવ ધરાવતાં નથી એવું સમજવું વયસ્કોને બહુ અઘરું લાગે છે. એ લોકો તેને જાણી જોઈને તોડતાં-ફોડતાં નથી – *તેઓ અજાણપણે તેને તોડી નાખે છે.*

એક વખત મેં એક સ્વસ્થ, ખુશહાલ છોકરીને અમારા સ્ટાફ રૂમમાં અગ્નિને સંકોરવાનો બળબળતો લાલ-ઘૂમ સળિયો લઈને સગડીની લાકડાની કોતરણીમાં કાણાં પાડતી જોઈ. જ્યારે મેં તેને પડકારી, ત્યારે તે ચમકી ઊઠી અને ખાસ્સું આશ્ચર્ય પામી હોય તેવું લાગ્યું. "હું તો વિચાર્યા વિના જ એ કરતી હતી," તેણે કહ્યું, અને તેના અવાજમાં સચ્ચાઈ હતી. તેનું આ પગલું પ્રતીકાત્મક હતું, જે તેના જાગ્રત મનના નિયંત્રણ બહાર હતું.

હકીકત એ છે કે વયસ્કો મૂલ્યવાન વસ્તુઓ માટે માલિકીભાવ ધરાવતા હોય છે, જ્યારે બાળકો એવો ભાવ ધરાવતાં હોતાં નથી. એટલે જ બાળકો અને વયસ્કોનું કોઈ પણ સહજીવન, ભૌતિક ચીજવસ્તુઓ અંગેની ખેંચતાણમાં પરિણમે છે. સમરહિલમાં, સૂવા જવાને માત્ર પાંચ મિનિટ જ બાકી હોય ત્યારે બાળકો સગડીમાં દેવતાને બરાબર ભડકાવે છે. તેઓ એકદમ ઉદાર મને તેમાં કોલસાનો ઢગલો કરે છે, કારણ કે તેમને મન કોલસા એટલે ખાલી કાળા પથ્થર; જ્યારે મારે માટે તો એ દર વર્ષે ત્રણસો પાઉન્ડનું બિલ છે. બાળકો લાઈટ અને વીજળીના બિલને સાંકળતા ન હોવાથી, તેઓ વીજળીની લાઈટો ચાલુ છોડી જતાં હોય છે.

બાળકો માટે ફર્નિચરનું તો અસ્તિત્વ જ હોતું નથી. એટલે સમરહિલમાં અમે કાર અને બસની જૂની બેઠકો ખરીદીએ છીએ. અને એક કે બે મહિનામાં તે તદ્દન ભંગાર જેવી લાગવા માંડે છે. જમતી વખતે વારેઘડીએ, કોઈ છોકરું પોતાના બીજા પીરસણની રાહ જોતું હોય તેટલા સમયમાં પોતાના કાંટાને વાળી-મરોડીને લગભગ ગૂંચળામાં ફેરવી નાખે છે. સામાન્ય રીતે, આવી હરકતો અજાગ્રતપણે, અથવા વધુમાં વધુ, અર્ધજાગ્રતપણે થતી હોય છે. અને બાળક માત્ર શાળાની સંપત્તિનો જ અનાદર અથવા તોડફોડ કરે છે એવું નથી : તે પોતાની નવીનક્કોર સાયકલને, જેની નવીનતાને હજી ત્રણ અઠવાડિયાંનો જ સમય વીત્યો હોય ત્યારે, વરસાદમાં બહાર મૂકી રાખી શકે છે.

નવ અથવા દસ વર્ષની ઉંમરે બાળકોમાં જોવા મળતી ખંડનાત્મકતા એ દુષ્ટતા અથવા અસામાજિકતા હોતી નથી. તેમને મન વ્યક્તિગત મિલકત રૂપી ચીજો હજી સાચી હોતી જ નથી. જ્યારે તે કલ્પનામાં રાચવાના તબક્કામાંથી ગુજરતા હોય ત્યારે, તેઓ પોતાની ચાદરો અને કામળા ઉઠાવીને પોતાના ઓરડાઓમાં તરાપો કે વહાણ બનાવે છે, અને આ પ્રક્રિયામાં ચાદરો મેલી થાય છે અને કામળાઓ ફાટી જાય છે. પણ જ્યારે તમે વહાણના તૂતક પર કાળો વાવટો ફરકાવ્યો હોય અને વહાણની સ્ફોટક સામગ્રીને આગ ચાંપી હોય ત્યારે ભલા એક મેલી ચાદરનું શું મહત્ત્વ?

ખરેખર, બાળકોને સ્વતંત્રતા આપવાનો પ્રયાસ કરનારા કોઈ પણ પુરુષ કે મહિલા કરોડોપતિ હોવા જોઈએ, કારણ કે બાળકોની સાહજિક બેપરવાઈના કારણે હંમેશાં આર્થિક નુકસાન ભોગવવું પડે તે ન્યાયી નથી.

બાળકોને મિલકતનો આદર કરવાની ફરજ પાડવી જોઈએ એવી શિસ્તાગ્રહીઓની દલીલ મારા ગળે ઊતરતી નથી, કારણ કે એમ કરતાં હંમેશાં બાળકના રમત-

જીવનનો કંઈક અંશે ભોગ લેવાય છે. મારા પરિપ્રેક્ષ્યથી બાળકને, તે તેની પોતાની મુક્ત પસંદગીથી ચીજવસ્તુઓની કીમત કરતું થાય એવી અવસ્થાએ પહોંચવા દેવું જોઈએ. કારણ કે જ્યારે બાળકો મિલકત પ્રત્યેની બેપરવાઈ ધરાવતો કિશોરાવસ્થા-પૂર્વેનો તબક્કો વટાવે છે, તે પછી તેઓ મિલકતને આદર આપનારાં બને છે. જ્યારે બાળકને માલમિલકત પ્રત્યે બેપરવાઈ રાખવાની પૂરતી સ્વતંત્રતા મળી હોય, ત્યારે તેઓ જીવનમાં ક્યારેય નફાખોરો કે શોષણખોરો બને તેવી બહુ ઓછી શકયતા રહે છે.

છોકરાઓ જેટલો વિનાશ વેરે છે એટલો છોકરીઓ વેરતી નથી. તેનું કારણ એ છે કે તેમની પરિકલ્પનાઓમાં ચાંચિયાઓના જહાજ અને ધાડપાડુઓની મારધાડ હોતી નથી. છતાં છોકરાઓ પ્રત્યે ન્યાય દાખવવા માટે પણ મારે કહેવું જોઈએ કે છોકરીઓના બેઠકખંડની સ્થિતિ સારી એવી ખરાબ હોય છે. આ બધો ભંગાર તેમને ત્યાં ચઢી આવેલા છોકરાઓના કારણે છે એવા છોકરીઓના ખુલાસા સાથે હું સંમત થતો નથી.

થોડાંક વર્ષો અગાઉ, બાળકોના સૂવાના ઓરડાઓ હૂંફાળા રાખવા માટે અમે ઓરડાઓની દીવાલો પર બીવરબોર્ડ લગાડ્યું. બીવરબોર્ડ એ એક પ્રકારનું જાડું ચોડવાનું પાટિયું હોય છે; અને નાનાં બાળકોને તો બસ તેને જોવાની જ વાર હતી. તે જોતાંની સાથે તેમને તેમાં કાણાં પાડવાની ચળ ઊપડી. પિંગ-પૉંગ ઓરડાની બીવરબોર્ડ લગાડેલી દીવાલની હાલત બૉમ્બમારા પછીના બર્લિન જેવી દેખાતી હતી. બીવરબોર્ડમાં કાણાં પાડવાનું કામ એ નાકમાં આંગળા ખોસવા જેવું છેઃ તે સામાન્ય રીતે અત્યંત અજાગ્રતપણે થાય છે, અને ખંડનાત્મકતાનાં બીજાં રૂપોની જેમ, તે મોટા ભાગે છૂપું ચાલકબળ - મોટા ભાગે એક સર્જનાત્મક, અર્થસભર ચાલકબળ ધરાવતું હોય છે. જો કોઈ છોકરાને વહાણનો મોભ જડવા માટે ધાતુનો ટુકડો જોઈતો હોય, અને ત્યારે જો તેને કોઈ ખીલો મળી જાય તો તે તેને વાપરી લે છે. પણ જો તેને ખીલો ન મળે, અને જો મારું નાનું મોંઘું ઓજાર બરાબર તેને જોઈતા માપનું હોય, તો તે એ વિના ખચકાટે વાપરશે. બાળકને મન તો ફરસી પણ, ખીલા જેવો જ, ધાતુનો માત્ર એક ટુકડો છે. એકવાર એક હોશિયાર જુવાનિયાએ છાપરા પર ડામર ચોપડવા માટે એક અત્યંત મોંઘું ધોળવાનું બ્રશ વાપરી નાખ્યું હતું.

અમને સમજાયું છે કે બાળકો, વયસ્કો કરતાં સદંતર જુદાં મૂલ્યો ધરાવે છે. જો કોઈ શાળા દીવાલો પર ખૂબ સુંદર ક્લાસિકલ ચિત્રો લટકાવીને અને કમરાઓમાં સુંદર મજાનું ફર્નિચર મૂકીને બાળકના વિકાસ માટે પ્રયાસ કરે છે, તો એ એક ખોટા

છેડાથી શરૂઆત કરે છે. બાળકો આદિમાનવો છે અને જ્યાં સુધી તેઓ સામેથી સભ્યતા ન ઇચ્છે, ત્યાં સુધી તેમને આપણે આપી શકતા હોઈએ એટલા પ્રાથમિક અને અનૌપચારિક વાતાવરણમાં જીવવા દેવાં જોઈએ.

ઘણાં વર્ષો અગાઉ, જ્યારે અમે અમારા હાલના મકાનમાં રહેવા માટે આવ્યા ત્યારે સુંદર મજાના ઓકના દરવાજાઓ પર જુવાનિયાઓને છરીઓ ફેંકતા જોવાની વ્યથામાંથી અમે પસાર થયાં હતાં. અમે બનતી ઉતાવળે રેલવેના બે ડબ્બાઓ ખરીદી લીધા અને તેમને બંગલામાં ફેરવી નાખ્યા. ત્યાં અમારાં આ આદિબાળો તેમને જેટલી ઇચ્છા થાય તેટલાં ચાકુ ખોસી શકતાં. છતાં, આજે, તેત્રીસ વર્ષ પછી, રેલવેના એ ડબ્બાઓ બહુ ખરાબ સ્થિતિમાં નથી. તેમાં બારથી સોળ વર્ષની ઉંમરના છોકરાઓ રહે છે. તેમાંના મોટા ભાગના છોકરાઓ સગવડતા અને સજાવટ માટે કાળજી ધરાવવાની અવસ્થા સુધી પહોંચી ચૂક્યા છે. મોટા ભાગના છોકરાઓ પોતાના કમ્પાર્ટમેન્ટને ખૂબ સરસ રીતે સ્વચ્છ અને સુઘડ રાખે છે. બાકીના અવ્યવસ્થામાં જીવે છે; મોટા ભાગે આ એવા છોકરાઓ હોય જે હમણાં જ ખાનગી શાળાઓમાંથી અહીં આવ્યા હોય.

સમરહિલ પર તમે હંમેશાં ખાનગી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તરત અલગ ઓળખી શકો છોઃ તેઓ સૌથી મેલાંઘેલાં, સૌથી વધુ અસ્વચ્છ હોય છે, અને તેમણે સૌથી ગંદો-ગોબરો પહેરવેશ પહેરેલો હોય છે. ખાનગી શાળામાં જેને સદંતર દબાવી દેવામાં આવી હતી એવી પોતાની પ્રાથમિક ઇચ્છાઓને જીવી લેવામાં તેમને હંમેશાં થોડો સમય લાગે છે. મોકળાશભર્યા, સ્વતંત્ર વાતાવરણમાં સાચુકલા સામાજિક બનવામાં આ છોકરાઓને સમય લાગે છે.

વર્કશૉપ એ એક મુક્ત શાળાનો સૌથી સમસ્યાગ્રસ્ત વિભાગ હોય છે. ખૂબ શરૂઆતના દિવસોમાં વર્કશૉપ બાળકો માટે હંમેશાં ખુલ્લી રાખવામાં આવતી હતી, અને તેના પરિણામે, એકેએક સાધન કાં તો ખોવાઈ જતું અથવા બિસ્માર હાલતમાં મળતું. નવ વર્ષનું બાળક, ધારદાર ફરસીને સ્ક્રૂ ડ્રાયવર તરીકે વાપરશે. અથવા પોતાની સાયકલ સમી કરવા માટે તે પક્કડની જોડી લઈને જશે, અને પછી તેને રસ્તામાં જ રખડતી મૂકી દેશે.

પછી મેં મુખ્ય વર્કશૉપમાં એક આડભીંત ઊભી કરીને, મારી પોતાની અંગત વર્કશૉપ રાખવાનું નક્કી કર્યું અને તેને તાળું માર્યું. પણ મારો અંતરાત્મા ડંખ્યા કરતો; જાણે હું સ્વાર્થી અને અસામાજિક બની રહ્યો હોઉં તેમ મને લાગતું. છેવટે મેં એ આડભીંત હટાવી દીધી. છ મહિનામાં, જે મારો અંગત ભાગ હતો ત્યાં એક પણ

સારું ઓજાર બચવા પામ્યું નહીં. એક છોકરાએ પોતાની મોટરસાયકલ માટે કોટર-પિન બનાવવા માટે તમામ વાયર-સ્ટેપલને વાપરી નાખ્યા. બીજા એક જણે મારા લેથ મશીનને, જ્યારે તે ચાલુ હતું ત્યારે સ્ક્રૂ-કટિંગ ગિયરમાં મૂક્યું. પિત્તળ અને રૂપાના કામ માટેની પોલિશ કરેલી હથોડીઓ ઈંટો તોડવા માટે વપરાવા માંડી. ઓજારો અદશ્ય થઈ ગયાં અને કદી જડ્યાં નહીં. અને સૌથી ખરાબ, કલા-કારીગરીમાંથી સૌનો રસ ઊડી ગયો, કારણ કે મોટા છોકરાઓ એવું કહેતા હતા કે, "હવે વર્કશોપમાં જવામાં શું મઝા છે? બધાં ઓજારો તો હવે નકામાં થઈ ગયાં છે." અને ખરેખર તે નકામાં જ થઈ ગયાં હતાં. રંધાની ધાર દાંતાવાળી બની ગઈ હતી, જ્યારે કરવતમાં એકે દાંતો રહ્યો જ નહોતો.

શાળાની એક સામાન્ય સભામાં મેં મારી વર્કશોપને પાછું તાળું મારવું જોઈએ તેવો પ્રસ્તાવ મૂક્યો. તે પસાર પણ થઈ ગયો. પણ મુલાકાતીઓને ફેરવતી વખતે, દર વખતે જ્યારે મારે મારી વર્કશોપનું તાળું ખોલવું પડતું ત્યારે મને શરમ અનુભવાતી હતી. *શું? સ્વતંત્રતા અને તાળાં મારેલા દરવાજા?* તે ખરેખર ખરાબ દેખાતું હતું, એટલે મેં શાળાને એક વધારાની, જે બધો જ સમય ખુલ્લી રહે તેવી વર્કશોપ આપવાનું નક્કી કર્યું. મેં મારા હાથે જ બધી આવશ્યક વસ્તુ - બેન્ચ, વાઇસ, કરવતો, ફરસીઓ, રંધાઓ, હથોડીઓ, પક્કડો, પાનાંઓ, વગેરે સહિતની વર્કશોપ ખડી કરી.

ચાર મહિના પછી, એક દિવસ હું મુલાકાતીઓના એક જૂથને શાળા બતાવી રહ્યો હતો. જ્યારે મેં મારી વર્કશોપનું તાળું ખોલ્યું, ત્યારે તેમાંના એકે કહ્યું, "આમાં સ્વતંત્રતા જેવું લાગતું નથી, ખરું કે નહીં?"

"અચ્છા, વાત એમ છે કે..." મેં ઝડપથી કહ્યું, "બાળકો માટે આખો દિવસ ખુલ્લી રહે તેવી એક બીજી વર્કશોપ છે. મારી સાથે આવો, હું તમને એ બતાવું છું." તેમાં બેન્ચ સિવાય કશું જ બચ્યું નહોતું. વાઇસ સુદ્ધાં નહોતી. અમારા બાર એકરના કયા વિચિત્ર ખૂણામાં ફરસી અને હથોડીઓ પડ્યા હશે, તેની મને ક્યારેય ખબર પડી નહીં.

વર્કશોપની પરિસ્થિતિએ સ્ટાફને ચિંતા કરાવવાનું ચાલુ રાખ્યું. સૌથી વધુ ચિંતિત હું હતો, કારણ કે મારે મન ઓજારોનું મહત્ત્વ ઘણું હતું. છેવટે હું એ નિષ્કર્ષ પર આવ્યો કે ખોટું એ છે કે ઓજારોને સામૂહિક રીતે વાપરવામાં આવે છે. "હવે," મેં મારી જાતને કહ્યું, "જો આપણે માલિકીભાવનું તત્ત્વ ઉમેરીએ – દરેક બાળક, જેને ખરેખર ઓજારો જોઈતાં હોય, તે તેની પોતાની ઓજારોની પેટી ધરાવતું હોય – તો ચોક્કસ દશ્ય બદલાશે."

એક સામાન્ય સભામાં મેં આ વાત મૂકી અને તેને સારો પ્રતિભાવ મળ્યો. બીજા સત્રમાં, કેટલાક મોટા વિદ્યાર્થીઓ તેમના ઘરેથી પોતાની ઓજારોની પેટી લઈ આવ્યા. તેઓ તેને ઉત્તમ સ્થિતિમાં રાખતા હતા અને પહેલાં કરતાં ઘણી વધુ કાળજીપૂર્વક વાપરતા હતા.

સમરહિલમાં જુદી જુદી ઉંમરનાં બાળકો હતાં તેના કારણે મોટા ભાગની સમસ્યાઓ સર્જાતી હોય, તે શક્ય છે. કારણ કે ખાસ્સાં નાનાં એવાં છોકરા-છોકરીઓને મન તો ઓજારોનું લગભગ કંઈ મહત્ત્વ જ હોતું નથી. આજકાલ અમારા હસ્તકલાના શિક્ષક વર્કશોપને તાળું મારે છે. હું ઉદારતાપૂર્વક કેટલાક મોટા વિદ્યાર્થીઓને, તેમને જ્યારે ઇચ્છા હોય ત્યારે મારી વર્કશોપ વાપરવાની છૂટ આપું છું. તેઓ તેનો દુરુપયોગ કરતા નથી, કારણ કે તેઓ એવા તબક્કાએ પહોંચી ગયા છે જ્યાં સારું કામ મેળવવા માટે ઓજારોની યોગ્ય કાળજી રાખવી તે એક અનિવાર્યતા છે એ બાબત તેમના સભાન મનમાં અંકાઈ ગઈ છે. હવે તેઓ સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ પણ સમજે છે.

છતાં, તાજેતરમાં સમરહિલ પર તાળાં મારવાના બનાવો વધતા જાય છે. એક શનિવારે રાત્રે, બેઠકમાં મેં આ બાબત તરફ સૌનું ધ્યાન દોર્યું. "મને એ ગમતું નથી," મેં કહ્યું. "આજે સવારે હું મુલાકાતીઓને શાળા બતાવવા માટે લઈ ગયો અને મારે વર્કશોપ, પ્રયોગશાળા, કુંભારશાળા, અને થિયેટર – એટલાનાં તાળાં ખોલવા પડ્યાં. તમામ જાહેર ખંડોને આખો દિવસ ખુલ્લા રાખવા જોઈએ એવો મારો પ્રસ્તાવ છે." જવાબમાં અસહમતિની આંધી ઊઠી. "પ્રયોગશાળાને તો તાળું મારેલી રાખવી જ જોઈએ, કારણ કે તેમાં ઝેર હોય છે," કેટલાંક બાળકોએ કહ્યું, "અને કારણ કે કુંભારશાળા, પ્રયોગશાળા સાથે જોડાયેલી છે, તેને પણ તાળું મારવું જ પડે."

"અમે વર્કશોપને ખુલ્લી નહીં રહેવા દઈએ. ગયા વખતે ઓજારોના કેવા હાલ થયા હતા તે જોયું હતું ને!" બીજાં બાળકોએ કહ્યું.

"સારું, ત્યારે," હું કરગર્યો, "આપણે કમસે કમ થિયેટર તો ખુલ્લું રાખી જ શકીએ. કોઈ ત્યાંથી મંચ ઉપાડીને ભાગી જવાનું નથી."

નાટ્યકારો, અભિનેતાઓ, અભિનેત્રીઓ, મંચ-પ્રબંધક, લાઈટ મેન - તમામ એ જ ઘડીએ ઊભા થઈ ગયા. લાઈટમેને કહ્યું, "તમે એને આજે સવારે ખુલ્લું રાખશો અને બપોર સુધીમાં કેટલાક બદમાશો આવીને બધી જ લાઈટો ચાલુ કરી દેશે અને પછી એને ચાલુ જ રાખીને જતા રહેશે – ૩,૦૦૦ વોટની લાઈટો, ૬ ડોલર પ્રતિ કિલોવોટની!"

બીજાએ કહ્યું, "નાનાં બાળકો નાટક માટેની વેશભૂષા ઉપાડી જશે, અને પોતે પહેરીને ફરશે."

આખી વાતનો અંત એમ આવ્યો કે દરવાજા ખુલ્લા રાખવાના મારા પ્રસ્તાવને માત્ર બે હાથનો ટેકો મળ્યો – મારો પોતાનો અને એક સાત વર્ષની છોકરીનો. અને પાછળથી મેં જાણ્યું કે તે છોકરીને તો એમ હતું કે અમે એના પહેલાંના પ્રસ્તાવ માટે, એટલે કે સાત વર્ષનાં બાળકોને સિનેમા જોવા જવા દેવા જોઈએ- તેના માટે મતદાન થઈ રહ્યું છે. બાળકો તેમના પોતાના અનુભવે શીખ્યાં હતાં કે ખાનગી મિલકતનો આદર કરવો જોઈએ.

આપણે વયસ્કો, આપણાં બાળકોની સલામતી કરતાં સાધનસામગ્રી માટે ઘણી વાર વધુ ચિંતા ધરાવતાં હોઈએ છીએ એ એક ખેદજનક સત્ય છે. માણસનો પોતાનો પિયાનો, તેનાં સુથારીકામનાં ઓજારો, તેનાં કપડાં – અને એવી બીજી સેંકડો ચીજો તેનો પોતાનો એક ભાગ બની ગઈ છે. એક રંધાનો દુરુપયોગ થતો જોવો એ તેને મન અંગત તકલીફનો અનુભવ બને છે. ચીજવસ્તુઓ પ્રત્યેનો આ માલિકીભાવ, બાળકો પ્રત્યેના પ્રેમ કરતાં અનેક વખત વધુ મોટો હોય છે. દરેક *"એને મૂકી દે તો!"*- ઉદ્‌ગાર, બાળકને બદલે, ચીજવસ્તુની પસંદગી દર્શાવે છે. બાળક એક ઉપદ્રવ છે, કારણ કે તેની ઇચ્છાઓ વયસ્કોની સ્વાર્થી ઇચ્છાઓ સાથે ખેંચતાણ ધરાવે છે.

ત્રણ નાનકા છોકરાઓ એક વખત મારી અત્યંત મોંઘી ઈલેક્ટ્રિક ટોર્ચ માગીને લઈ ગયા. તેની અંદર શું છે તે જોવાનું તેમને મન થયું અને એમ કરવામાં તેમણે તેને નકામી કરી દીધી. તેમની આ શોધયાત્રાને હું માણતો હતો તેમ કહેવું ખોટું હશે. તેમની આ તોડફોડ પાછળ કોઈક મનોવૈજ્ઞાનિક અર્થ સમાયેલો હશે (પ્રતીકાત્મક રીતે, પિતાની ટોર્ચ એ પિતાના લિંગને રજૂ કરતી હશે) તેવી શંકા હોવા છતાં હું ચિડાયો હતો.

મારાં દિવાસ્વપ્નોમાંનું એક એ છે કે કોઈ કરોડપતિનો છોકરો મારો વિદ્યાર્થી હોય. મારી એ પરિકલ્પનામાં, હું તેને તમામ પ્રકારના પ્રયોગો બહોળા પાયે કરવા દઉં છું - તેના પિતાના ખર્ચે! કારણ કે એક મનોરોગી બાળકને સ્વતંત્રતા આપવી એ ખાસ્સી ખર્ચાળ બાબત છે. કોઈ સ્વસ્થ બાળકને રોજિંદા ધોરણે ટી.વી.ના ચોકઠામાં ખીલીઓ ઠોકવાનું મન થતું નથી.

હું વ્યાખ્યાન આપતો હોઉં છું તેવી તમામ જગ્યાઓએ, આના કારણે મગજમાં એક સવાલ ઊભો થાય છેઃ *જો કોઈ છોકરો તમારા વિશાળ પિયાનોમાં ખીલીઓ ઠોકવાનું શરૂ કરી દે તો તમે શું કરશો?* હવેના દિવસોમાં હું એટલો નિપુણ થઈ ગયો

છું કે મોટા ભાગે કઈ વ્યક્તિ આ પ્રશ્ન પૂછવાની છે તે હું ચોક્કસપણે ધારી શકું છું. પૂછનારી વ્યક્તિ મોટા ભાગે અગ્ર હરોળમાં બેઠી હોય છે અને વ્યાખ્યાન દરમ્યાન તે અમુક વખત અસહમતિમાં ડોકું ધુણાવતી હોય છે.

આ પ્રશ્નનો શ્રેષ્ઠ ઉત્તર આ છેઃ *જો બાળક પ્રત્યેનો તમારો અભિગમ સાચો હોય, તો તમે બાળક સાથે શું કરો છો તે બહુ મહત્ત્વનું રહેતું નથી.* તમે બાળકને ખીલીઓ ઠોકવા અંગે ખરાબ અપરાધભાવ આપતા નથી ત્યાં સુધી જો તમે બાળકને પિયાનોથી દૂર લઈ જાવ તો તેમાં કશો વાંધો નથી. તમારા વ્યક્તિગત અધિકારો પર ભાર મૂકવાથી કશું નુકસાન પહોંચતું નથી, સિવાય કે તમે તેમાં સાચા અથવા ખોટાનું નૈતિક મૂલ્યાંકન ઉમેરો. બદમાશ અથવા ખરાબ અથવા ગંદો એ શબ્દપ્રયોગો એવા છે જે નુકસાન પહોંચાડે છે.

હવે નાનકડા હથોડીબાજ તરફ પાછા આવીએ. ચોક્કસ જ, પિયાનોને બદલે તેને ખીલીઓ મારવા માટે કોઈક લાકડું તો મળવું જ જોઈએ. દરેક બાળકને, એ પોતાની જાતને અભિવ્યક્ત કરી શકે તે માટેનાં ઓજારો મેળવવાનો અધિકાર છે. અને એ ઓજારો બિલકુલ તેનાં પોતાનાં હોવાં ઘટે. તથા માતાપિતાઓએ મનમાં ને મનમાં જ સમજી લેવું કે એ બાળક તેની સાથે એક પાઈનું મૂલ્ય પણ જોડવાનું નથી.

એક સામાન્ય બાળકની ખંડનાત્મક પ્રવૃત્તિઓ કરતાં સમસ્યાગ્રસ્ત બાળકની અવિરત ખંડનાત્મકતા ઘણી રીતે જુદી પડે છે. સામાન્ય બાળકની આવી પ્રવૃત્તિઓ ધિક્કાર અથવા ઉદ્વેગમાંથી પેદા થયેલી હોતી નથીઃ તે તો સર્જનાત્મક અભિવ્યક્તિ હોય છે - કોઈ પણ રીતે તેમાં દ્વેષીલો ડંખ હોતો નથી.

ખરેખરી ખંડનાત્મકતા એટલે ધિક્કારભર્યું આચરણ. પ્રતીકાત્મક રીતે, તે હત્યા હોય છે. તે માત્ર સમસ્યાગ્રસ્ત બાળક પૂરતી સીમિત નથી. યુદ્ધ દરમ્યાન જે લોકોનાં ઘરોમાં લશ્કર કબજો જમાવીને રહેતું હતું, તેમને ખબર પડી કે સૈનિકો, બાળકો કરતાં ઘણા વધુ ખંડનાત્મક હોય છે. આ તદ્દન સ્વાભાવિક છે, કારણ કે તેમનું કામ જ વિનાશનું છે.

સર્જન એટલે જીવનઃ વિનાશ એટલે મૃત્યુ. સમસ્યાગ્રસ્ત ખંડનાત્મક બાળક એ જીવન-વિરોધી હોય છે.

અસ્વસ્થ બાળકોમાં જોવા મળતી ખંડનાત્મકતા અનેક ઘટકો ધરાવે છે. પોતાના ભાઈ અથવા બહેન પ્રત્યેનો ઈર્ષ્યાભાવ એ તેમાંનો એક છે, જેમાં ખંડનાત્મક બાળક, તેને મળે છે તેના કરતાં ભાઈ/બહેનને વધુ પ્રેમ મળે છે એમ અનુભવતું હોય છે. તે સિવાય તેને બાંધતી તમામ સત્તાઓ સામે બળવો પોકારવો એ બીજો ઘટક હોઈ શકે.

અને હજી એક બીજો ઘટક એ માત્ર સીધીસાદી જિજ્ઞાસા - કે પદાર્થની અંદર શું છે- તે હોઈ શકે.

જે-તે ચીજવસ્તુઓની તોડફોડની નહીં, પણ એ તોડફોડ થકી વ્યક્ત થતા દબાયેલા ધિક્કારની આપણને મુખ્ય ચિંતા થવી જોઈએ – આ ધિક્કાર, તેને અનુકૂળ સંજોગો મળતા, એક બાળકને સેડિસ્ટ (ક્રૂરતામાંથી જાતીય આનંદ માણનાર) વયસ્ક બનાવી શકે છે.

આ ખૂબ અગત્યતા ધરાવતો પ્રશ્ન છે. જ્યાં બાળપણથી લઈને કબર સુધી ધિક્કાર ફૂલેફાલે છે એ વિશ્વની બીમારી સાથે કામ પાર પાડવાની આ વાત છે. ચોક્કસ, આ વિશ્વમાં ઘણો પ્રેમ પણ મોજૂદ છે. જો એ ન હોત, તો આપણે માનવતા માટેની તમામ આશાઓ છોડી દેવી પડત. દરેક માતાપિતાએ અને દરેક કેળવણીકારે, પોતાનામાં આ પ્રેમને શોધવા માટે ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.

જૂઠું બોલવું

જો તમારું બાળક જૂઠું બોલે છે, તો કાં તો એ તમારાથી ડરે છે અથવા એ તમારી નકલ કરે છે. જૂઠાંબોલાં માબાપોનાં બાળકો જૂઠાંબોલાં હોય છે. જો તમારું બાળક તમને સત્ય કહે એમ તમે ઇચ્છતાં હો, તો તેની સાથે જૂઠું બોલશો નહીં. આ વિધાન કોઈ નૈતિક વિધાન નથી, કારણ કે આપણે બધા જ અમુક વખત ખોટું બોલતાં હોઈએ છીએ. કોઈકવાર આપણે કોઈ બીજાની લાગણી ન દુભાય તે માટે ખોટું બોલીએ છીએ, અને અલબત્ત જ્યારે આપણી પર સ્વાર્થી અથવા અભિમાની હોવાનો આક્ષેપ મૂકવામાં આવે છે ત્યારે આપણે પોતાના વિશે ખોટું બોલીએ છીએ. "મમ્મીને બહુ માથું દુઃખે છે; શાંતિ રાખ." એવું કહેવાને બદલે, "એ નકામો ઘોંઘાટ બંધ કરો!" એવો બરાડો ઘણો વધુ સારો અને વધુ પ્રામાણિક છે. પણ તમે આવું અભય થઈને તો જ કહી શકો જો તમારાં બાળકો તમારાથી ડરતાં ન હોય.

માબાપ અમુકવાર પોતાનો મોભો જળવાય તે માટે ખોટું બોલતાં હોય છે. "પપ્પા, તમે તો છ માણસો સાથે લડી શકો, હેં ને?" તેના જવાબમાં, "ના, મારા દીકરા, મારા આ મોટા પેટ અને ઢીલાં સ્નાયુઓ સાથે હું એકાદ ઠીંગુજી સાથે પણ ન લડી શકું." એવું કહેવામાં થોડી હિંમતની જરૂર પડે છે.

પોતાને વીજળીના કડાકા અને પોલીસનો ડર લાગે છે એવું કેટલા પિતાઓ પોતાનાં

બાળકો સમક્ષ કબૂલ કરશે? ભાગ્યે જ કોઈ માણસ એટલા ખુલ્લા દિલનો હશે કે જે શાળામાં તેને "ગૂંગો" બોલાવાતો હતો એવું પોતાનાં બાળકોને જણાવવામાં સંકોચ ન અનુભવે.

પરિવારનાં જૂઠાણાંઓ પાછળ બે હેતુઓ હોય છે : બાળકો સદ્‌વર્તણૂક કરતાં રહે તે અને માતાપિતાની પૂર્ણતાથી બાળકોને આંજી નાખવાં તે. કેટલા પિતાઓ અને શિક્ષકો બાળકના આ પ્રશ્નોનો સચ્ચાઈપૂર્વક જવાબ વાળશેઃ *તમે કદી દારૂ પીધો છે? તમે કદી ગાળો બોલ્યા છો?* બાળકોનો આવો ડર વયસ્કોને દંભી બનાવે છે.

એક નાના છોકરા તરીકે જંગલી પાડાથી બચવા માટે દીવાલ પરથી ભૂસકો મારતા મારા પિતાને હું કદી માફ કરી શકતો નથી. બાળકો પોતાની પરિકલ્પનાઓમાં આપણને હીરો અને રાજા બનાવી દેતાં હોય છે, અને આપણે તેને જીવી બતાવવાનો પ્રયાસ પણ કરીએ છીએ. પણ એક દિવસ આપણે પકડાઈ જઈએ છીએ. એક દિવસ, પોતાનાં માબાપ અને શિક્ષકો જૂઠાં અને છેતરનારાં હતાં તેવું બાળક સ્પષ્ટપણે જોઈ શકે છે.

સંભવતઃ દરેક યુવા જિંદગીમાં એક એવો ગાળો આવે છે જ્યારે તે પોતાનાં માબાપને વખોડે છે અને તેમને જુનવાણી ગણીને તેમની નિંદા કરે છે. બાળક માતાપિતા અંગેનું સત્ય પામી જાય ત્યાર પછી આ સમય આવતો હોય છે. આ તિરસ્કાર એ માત્ર બાળકે પોતાની કલ્પનામાં ચાહ્યાં હતાં તેવાં માબાપના કારણે હોય છે. સરસ મજાનાં સ્વપ્નનાં માબાપ અને ખરેખરાં નબળાં માબાપ વચ્ચે બહુ મોટો ભેદ હોય છે. પાછળથી, બાળક સહાનુભૂતિ અને સમજણ સાથે, પરંતુ કોઈ પણ પ્રકારની ભ્રમણા વિના, માબાપ પાસે પાછું ફરે છે. અને છતાં આ તમામ ગેરસમજો બિનજરૂરી છે; જો માબાપો જ તેમના વિશે સાચું કહેતાં હોય, તો તે નિવારી શકાય તેમ હોય છે.

બાળકોને સાચું કહેવામાં નડતી મુખ્ય મુશ્કેલી આ છેઃ આપણે સહુ, આપણી પોતાની જાતને જ સાચું કહેવામાં પાછાં પડતાં હોઈએ છીએ. આપણે પોતાની જાત સાથે જૂઠું બોલીએ છીએ, અને આપણે આપણા પાડોશીઓને પણ જૂઠું કહીએ છીએ. અત્યાર સુધી લખાયેલી તમામ આત્મકથાઓ એક જૂઠાણું છે. આપણે ખોટું બોલીએ છીએ કારણ કે આંબી ન શકાય તેવાં નીતિમત્તાનાં ધોરણો જીવવા ઊંચા ઊઠવાનું આપણને શીખવવામાં આવે છે. આપણી શરૂઆતની તાલીમથી આપણું એવું બંધારણ ઘડાય છે જે આપણને જીવનભર છુપાવ્યા કરવાનું શીખવાડે છે.

બાળકો સાથે જૂઠું બોલતાં માબાપો પાસે બાળક વિશે કોઈ વાસ્તવિક સમજણ હોતી નથી, પછી ભલેને તેઓ માત્ર આડકતરું જૂઠું બોલતાં હોય. એટલે જ આપણી

આખી શિક્ષણ વ્યવસ્થા જૂઠાણાંઓથી ઊભરાય છે. આજ્ઞાંકિતતા અને ઉદ્યમ એ ગુણ છે તથા ઇતિહાસ અને ફ્રેન્ચ એ શિક્ષણ છે એવાં જૂઠાણાંઓને આપણી શાળાઓ વળગી રહે છે.

મારા વિદ્યાર્થીઓમાં એક પણ બાળક રીઢું અથવા જૂઠું બોલવાની ટેવ પડી ગઈ હોય તેવું નહોતું. તેઓ જ્યારે સમરહિલમાં આવે છે ત્યારે શરૂઆતમાં ખોટું બોલતાં હોય છે, કારણ કે તેમને સાચું બોલવામાં ડર લાગતો હોય છે. જ્યારે તેમને ખબર પડે છે કે આ શાળા તો એકે પોલીસ વિનાની શાળા છે, ત્યારે તેમને જૂઠાણાંઓનો કોઈ ઉપયોગ રહેતો નથી. બાળકો જે જૂઠું બોલતાં હોય છે તે મોટા ભાગે ડરથી પ્રેરાયેલું હોય છે; અને જ્યારે આ ડર ન હોય, ત્યારે જૂઠાણાંઓ ઓછાં થતાં જાય છે. એ સંપૂર્ણપણે અદશ્ય થઈ જાય છે એવું હું નહીં કહું. તેનાથી એક બારી ફૂટી ગઈ છે એવું છોકરું તમને કહે છે, પણ તેણે રેફ્રિજરેટરમાંથી લૂંટ આદરી હતી અથવા એક ઓજાર ચોર્યું હતું એવું એ તમને કહેશે નહીં. જૂઠાણાં સદંતર અદશ્ય થઈ જાય એમ ઝંખવું એ બહુ વધારે પડતી અપેક્ષા છે.

સ્વતંત્રતાથી બાળકોમાંનાં કલ્પનામાંથી ઊગેલાં જૂઠાણાંઓને દૂર કરી શકાતાં નથી. અસંખ્યવાર માબાપો આ રાઈનો પર્વત બનાવી દે છે. જ્યારે નાનકડો જિમી મને કહેવા આવ્યો કે તેના પપ્પાએ તેના માટે ખરેખરી રોલ્સ-બેન્ટલી મોકલી છે, ત્યારે મેં તેને કહ્યું, "મને ખબર છે. મેં તેને પ્રવેશદ્વાર પાસે જોઈ. જબરજસ્ત કાર છે."

"ચાલો, ચાલો હવે," તે કહે છે, "તમને ખબર છે કે હું માત્ર મજાક કરી રહ્યો છું."

કદાચ એ વિરોધાભાસી અને અતાર્કિક લાગે, પણ હું જૂઠું બોલવા અને અપ્રામાણિક બનવા વચ્ચે ભેદરેખા દોરું છું. તમે પ્રામાણિક હોઈ શકો અને છતાં એક જૂઠાબોલા પણ હોઈ શકો – જેમ કે, ક્યારેક હળવી, ઓછી મહત્ત્વની બાબતમાં અપ્રામાણિક હોવા છતાં, જીવનની મોટી બાબતો અંગે તમે પ્રામાણિક હોઈ શકો છો. આમ આપણાં ઘણાં જૂઠાણાંઓ અન્યોને દુઃખ ન પહોંચાડવાના હેતુથી બોલાયેલાં હોય છે. સાચું બોલવું એ અનિષ્ટ લેખાશે, જો તે મને એમ લખવાની ફરજ પાડે કે, "પ્રિય મહોદય, તમારો પત્ર એટલો લાંબો અને કંટાળાજનક હતો કે મેં તેને પૂરો વાંચવાની પણ તસ્દી લીધી નથી," અથવા જો એ તમને, સંગીતકાર બનવા માગતી વ્યક્તિને એમ કહેવાની ફરજ પાડે કે, "વાજિંત્ર વગાડવા માટે આભાર, પણ તેં તો એટ્યૂડ(નાની સંગીતરચના)નું ખૂન કરી નાખ્યું." વયસ્કોનાં જૂઠાણાં સામાન્ય રીતે પરોપકારની ભાવનાથી કહેલાં હોય છે, પણ બાળકનું જૂઠાણું હંમેશાં મર્યાદિત અને વ્યક્તિગત હોય છે. એક બાળકને સાચું જ, અને સત્ય સિવાય બીજું કશું નહીં બોલવાનો આગ્રહ

કરવો એ તેને જીવનભર જૂઠાબોલું બનાવી રાખવાનો શ્રેષ્ઠ રસ્તો છે.

હું એ માનું છું કે હંમેશાં સાચું બોલવું એ અત્યંત કપરું છે, પણ જ્યારે વ્યક્તિ બાળકને જૂઠું નહીં જ કહેવાનો અથવા બાળક સામે જૂઠું નહીં જ બોલવાનો નિશ્ચય કરી લે છે, ત્યારે વ્યક્તિને એ ધાર્યા કરતાં સહેલું લાગવા માંડે છે. કોઈનો જીવ જોખમમાં હોય ત્યારે અનિવાર્યપણે કહેવું પડ્યું હોય તેવું, માત્ર આ પ્રકારનું જૂઠાણું જ યોગ્ય, વ્યાજબી જૂઠાણું કહેવાય – ઉદાહરણ તરીકે, જ્યારે એક અત્યંત ગંભીર રીતે માંદા બાળકને તેની માતાના દેહાંત વિશે કહેવામાં ન આવે.

મોટા ભાગનો આપણો યાંત્રિક શિષ્ટાચાર એ જીવતુંજાગતું જૂઠાણું છે. જ્યારે આપણે ખરેખર આભારી ન હોઈએ ત્યારે આપણે "થેન્ક યૂ" કહીએ છીએ; જે મહિલાઓ માટે આપણને આદર નથી, એમની આમન્યામાં આપણે આપણી ટોપીઓ ઉતારીએ છીએ.

જૂઠું બોલવું એ નાનો દોષ છે; પણ જૂઠું જીવવું એ એક મોટી આપત્તિ છે. બાળક નહીં, પણ જૂઠું જીવનારાં માબાપો ખરેખર જોખમી છે. "મેં મારા દીકરા પાસેથી માત્ર એક જ વસ્તુ માગી છે – દરેક સમયે સંપૂર્ણ સત્ય," સોળ વર્ષના ચોરીની લત ધરાવતાં દીકરાના પિતાએ કહ્યું હતું. એ માણસ પોતાની પત્નીને ધિક્કારતો હતો, અને તેની પત્ની પણ તેને વળતો ધિક્કારતી હતી. અલબત્ત હકીકત તો ડાર્લિંગ(વહાલી) અને ડિઅરેસ્ટ(અતિવહાલા)ના મહોરા તળે ઢંકાયેલી રહેતી હતી; પણ પોતાના ઘરમાં જરૂર કંઈક અત્યંત ખોટું બની રહ્યું છે એવો ઝાંખોપાંખો ખ્યાલ દીકરાને આવી ગયો હતો. જ્યારે ઘર પોતે જ એક આંખો આંજી નાખતું જૂઠાણું હોય ત્યારે આવા માણસનો દીકરો, મોટો થઈને અપ્રામાણિક બનવા સિવાય બીજું શું બની શકે? ચોરી તો એ છોકરાનો, ઘરમાં જે પ્રેમનો અભાવ વર્તાય છે, તે પ્રેમ મેળવવાનો અફસોસજનક રસ્તો હતો.

ખરેખર, બાળક માબાપના જુઠ્ઠાંપણાની નકલમાં જૂઠ્ઠું બોલતું હોઈ શકે. જ્યાં માતા અને પિતા એકબીજાને હવે પ્રેમ કરતાં નથી તે ઘરમાં બાળક માટે સાચાબોલા બનવું અશક્ય છે. એ બિચારા દંપતીએ ચાલુ રાખવો પડતો હીન ઢોંગ બાળકને છેતરી શકતો નથી. પછી એ પરિકલ્પનાના, માનવા-મનાવવાના અવાસ્તવિક વિશ્વમાં વિહરવા માંડે છે. યાદ રાખો, બાળકો જેનાથી અજાણ હોય છે, તેને પણ અનુભવી શકે છે.

માણસનો જન્મ એ પાપનું પરિણામ છે અને તેણે મુક્તિ ઝંખવી જરૂરી છે એવા જૂઠાણાને ચર્ચ શાશ્વત બનાવી દે છે. તેના પછી કાયદો એવું જૂઠાણું આગળ વધારે છે

કે સજાના રૂપમાં ધિક્કાર આપીને માનવતાને વધુ સારી કરી શકાશે. શરીરની તંદુરસ્તી તેમાં અજૈવિક દવાઓ નાખ્યા કર્યા પર જ આધારિત છે એવા જૂઠાણાને ડૉક્ટરો અને દવાની પેઢીઓ આગળ ચલાવે છે.

જૂઠાણાંઓથી ભરેલા સમાજમાં, માતાપિતાને પ્રામાણિક બની રહેવું સૌથી મુશ્કેલ લાગે છે. તે પોતાના બાળકને કહે છે, "જો તું હસ્તમૈથુન કરીશ, તો તું ગાંડો થઈ જઈશ." માબાપનાં તમામ જૂઠાણાંઓમાં, બાળકને પહોંચતા નુકસાન પ્રત્યે ભારોભાર અજ્ઞાન રહેલું હોય છે.

હું માનું છું કે માતાપિતાઓએ જૂઠું બોલવાની જરૂર નથી; વધુમાં કહું છું કે તેમણે જૂઠું બોલવાની હિંમત પણ ન કરવી જોઈએ. જૂઠાણાં વિનાનાં ઘણાં ઘરો અસ્તિત્વ ધરાવે છે, અને આવાં જ ઘરોમાંથી નિર્મળ-દષ્ટિવાળા, સહૃદયી બાળકો આવે છે. માબાપ, બાળકો ક્યાંથી આવે છે ત્યાંથી માંડીને માતાની ઉંમર સુધીના, તમામ અને કોઈ પણ પ્રશ્નોના સાચા જવાબો આપી શકે છે.

આડત્રીસ વર્ષોમાં, મેં ક્યારેય જાણીજોઈને મારા વિદ્યાર્થીઓને કોઈ બાબતે જૂઠું કહ્યું નથી, અને ખરેખર એમ કરવાની મને ક્યારેય કોઈ ઇચ્છા પણ નહોતી. પણ આ એકદમ સાચું નથી, કારણ કે એક સત્રમાં હું એકવાર મોટુંમસ ખોટું બોલ્યો હતો. જેનો વિષાદભર્યો ઈતિહાસ હું જાણતો હતો, તેવી એક છોકરીએ એકવાર એક પાઉન્ડ ચોર્યો. ચોરીની સમિતિએ – ત્રણ છોકરાઓએ તેને એ પૈસા આઈસક્રીમ અને સિગારેટ પાછળ ખર્ચતા જોઈ, અને તેમણે તેની ઊલટતપાસ કરી. "મને એ પાઉન્ડ નીલે આપ્યો હતો," તેણે તેમને કહ્યું અને તેઓ તેને મારી પાસે લઈ આવ્યા, અને પૂછ્યું, "શું તમે લિઝને સિક્કો આપ્યો હતો?" ઝડપથી પરિસ્થિતિનો તાગ પામીને મેં સૌમ્યતાથી કહ્યું, "હા, કેમ? આપ્યો જ હતો." જો મેં તેનો સાથ ન આપ્યો હોત, તો મારા પરથી તેનો ભરોસો કાયમ માટે ઊઠી જાત, અને એ કદી મારામાં વિશ્વાસ ન મૂકત. પૈસાના રૂપમાં પ્રતીકાત્મક રીતે પ્રેમ ચોરવાના તેના પગલાને બીજી એક શત્રુતાભરી પછડાટ મળી હોત. હું હંમેશાં તેના જ પક્ષે છું એવું મારે સાબિત કરવું જ પડે તેમ હતું. હું જાણતો હતો કે જો તેના ઘરમાં પ્રામાણિક અને મુક્ત વાતાવરણ હોત, તો આવી પરિસ્થિતિ કદી ઊભી જ ન થઈ હોત. અહીં હું કોઈક હેતુથી - ઉપચારના હેતુથી - ખોટું બોલ્યો હતો, પણ બાકીના તમામ સંજોગોમાં, મારે જૂઠું બોલવાની હિંમત ન જ કરવી રહે.

બાળકો જ્યારે મુક્ત હોય છે, ત્યારે બહુ જૂઠું બોલતાં નથી. એક દિવસ જ્યારે એક છોકરાએ મારી ઑફિસમાં આવીને કહ્યું, "હાય, નીલ, મારાથી બેઠકખંડની બારી

તૂટી ગઈ છે," ત્યારે અમારા ગામના એક પોલીસભાઈને બહુ આશ્ચર્ય થયું હતું. બાળકો મોટા ભાગે પોતાની જાતને બચાવવા માટે જૂઠું બોલતાં હોય છે. જ્યાં ભય ફૂલતોફાલતો હોય તેવાં ઘરોમાં જૂઠાણાંઓ પણ ફૂલતાંફાલતાં હોય છે. ભયને નાબૂદ કરો અને જૂઠું બોલવાના બનાવો ઘટી જશે.

અલબત્ત, જૂઠાણાનો એક પ્રકાર એવો છે, જેના પાયામાં ડર નથી – તે છે કલ્પનાવિહારમાંથી ઊપજતું જૂઠાણું. "મમ્મી, મેં એક ગાય જેવડો મોટો કૂતરો જોયો" એ કોઈ શોખ ખાતર માછલી પકડનાર શીખાઉ વ્યક્તિએ તેના આંકડામાંથી છટકી ગયેલી માછલી માટે કરેલ અતિશયોક્તિભર્યા વર્ણન જેવી કક્ષાનું જ જૂઠાણું છે. આવા કિસ્સાઓમાં, જૂઠું બોલનાર પોતાના વ્યક્તિત્વને વધુ પ્રભાવશાળી કરવાના હેતુથી જૂઠું બોલે છે. આ પ્રકારનાં જૂઠાણાંઓને પ્રતિક્રિયા આપવાનો સ્વાભાવિક રસ્તો તે રમતના મિજાજથી વાતચીત ચાલુ રાખવાનો છે. તેથી જ જ્યારે બિલી મને કહે છે કે તેના પપ્પા પાસે રોલ્સ-રોયસ છે, તો હું કહું છું, "મને ખબર છે. મસ્ત છે, ખરું ને. શું તું એ ચલાવી શકે છે?" જે બાળકો જન્મથી સ્વ-નિયમન ધરાવે છે તેમનામાં આ રોમાંચક જૂઠાણું અસ્તિત્વ ધરાવતું હશે કે કેમ તે બાબતે મને શંકા છે. મને નથી લાગતું કે તેમને, મોટી મોટી વાર્તાઓ ઘડીને પોતાની લઘુતાગ્રંથિને ભરપાઈ કરવાની જરૂર પડતી હશે.

એક ગેરકાયદેસર બાળકને પોતે લગ્ન વિના જન્મ્યું છે તેવી ખબર હોતી નથી, છતાં તે પોતાને અન્ય બાળકો કરતાં જુદું અનુભવે છે. અલબત્ત, જો તેને સત્યની જાણ હોય, અને લગ્ન સહિત કે લગ્ન વિના જન્મ પામ્યું હોય તેની કોઈ દરકાર ન ધરાવતા લોકોમાંનું તે એક હોય તો એમ બનતું નથી. તેનું કારણ એ છે કે જાણવા કરતાં અહેસાસ એ કેટલાયગણો વધુ અગત્યનો હોય છે, અને તેથી જ અજ્ઞાની માતાપિતાઓ તેમનાં જૂઠાણાંઓ અને પ્રતિબંધોથી બાળકોને ઘણી બધી હાનિ પહોંચાડી દેતાં હોય છે. જે ઘવાય છે તે મસ્તિષ્ક નહીં, પણ બાળકનું હૃદય હોય છે. *ન્યુરોસિસ કદી મગજને કારણે નહીં, હૃદયને કારણે થતો હોય છે.*

માબાપે, દત્તક લીધેલાં બાળકોને તેમને દત્તક લેવાયાની હકીકત જણાવવી જોઈએ. જે સાવકી માતા બાળકને એવો ખોટો વિશ્વાસ આપવાની કોશિશ કરે છે કે તે તેનું જ બાળક છે, તો તે ચોક્કસ મુશ્કેલી તરફ ધસી રહી છે, અને મોટા ભાગના કિસ્સાઓમાં તે મુશ્કેલીમાં મુકાઈ પણ જાય છે. જ્યારે કિશોરોને છુપાવેલાં સત્યોની ખબર પડી જાય છે ત્યારે પાછળથી તેમના જીવનમાં ઊભી થતી ખરાબ, આઘાત અને દુઃખભરી મનોસ્થિતિના કેટલાક કિસ્સાઓ મેં જોયા છે. યુવાનોને ઝેરી સત્યો મજેથી કહેવાવાળાં

થોડાક ધિક્કારભર્યા લોકો હંમેશાં આપણી આસપાસ હોય જ છે.

તમારાં પોતાનાં કે બીજા કોઈનાં બાળકો સાથે, કહો કે કોઈ પણ બાળક સાથે કદી પણ જૂઠું ન બોલવાની ગાંઠ વાળી લઈને તમે તમારાં બાળકોને તમામ કિન્નાખોરો સામે કવચ પૂરું પાડો. એક બાળક માટે બીજો કોઈ રસ્તો નથી, સિવાય કે સંપૂર્ણ સત્ય. જો પપ્પા ભૂતકાળમાં ગુનેગાર હતા, તો દીકરાએ તે જાણવું જોઈએ. જો મમ્મી એક બારમાં નોકરડી છે, તો દીકરીને તે કહેવાવું જ જોઈએ.

જ્યારે પ્રશ્ન એ આવે છે કે, "મમ્મી, અમારાં બધાંમાંથી તું સૌથી વધુ પ્રેમ કોને કરે છે?" ત્યારે સત્ય કહેવું ચોક્કસ જ ક્ષોભજનક બની જાય છે. આનો સર્વસામાન્ય અને મોટા ભાગે સાચો નહીં તેવો મીઠડો જવાબ છે, "હું તમને સહુને એકસરખો પ્રેમ કરું છું, વહાલુડાઓ." મને ખબર નથી કે આ પ્રશ્નનો જવાબ શું હોવો જોઈએ. કદાચ, અહીં જૂઠાણું વાજબી છે, કારણ કે "મને ટોમી સૌથી વધુ વહાલો છે" કહેવાનાં વિનાશકારી પરિણામો આવશે.

જે માતાપિતાઓ સેક્સ વિશે પ્રામાણિક રહે છે તે અન્ય બાબતોમાં અપ્રામાણિક બનશે નહીં. બદમાશ બાળકોને સજા આપવા માટે આવતા પોલીસ અંગેનાં જૂઠાણાંઓ, સિગારેટ ફૂંકવાથી વિકાસ અટકી જશેનાં જૂઠાણાંઓ, મમ્મી માસિક ઋતુસ્રાવમાં હોવાથી તકલીફમાં છે તેમ કહેવાને બદલે મમ્મીને માથું દુઃખે છે-કહેવાનાં જૂઠાણાંઓ કરોડો ઘરોમાં પ્રચલિત છે.

તાજેતરમાં, લંડનની એક બાળવાડીમાં ભણાવવા જવા માટે એક શિક્ષિકા સમરહિલ છોડીને ગયાં. ત્યાં તેમનાં નાનકાં ભૂલકાંઓએ તેમને પૂછ્યું કે બાળકો ક્યાંથી આવે છે. બીજા દિવસે સવારે, તેમને "ગંદા-મનવાળી કૂતરી" કહેતી અડધો ડઝન ખિજાયેલી માતાઓ શાળાએ ધસી આવી અને તેમણે નોકરીમાંથી બરતરફ કરવામાં આવે તેવી માંગ મૂકી.

સ્વતંત્રતામાં ઊછરેલું બાળક જાણીજોઈને જૂઠું બોલતું નથી, કારણ કે એવી કોઈ જરૂરિયાત જ હોતી નથી. પોતાને શિક્ષા મળશે એવા ડરથી તે પોતાની જાતને બચાવવા માટે ખોટું બોલશે નહીં. પણ તે કાલ્પનિક જૂઠાણાંઓ કહે તેમ બની શકે – જે કદી બન્યું જ નથી તેવી બાબતોની મોટી મોટી વાર્તાઓ કહે તેમ બની શકે.

ડરથી પ્રેરાઈને જૂઠું બોલવા બાબતે હું માનુ છું કે નવી પેઢીએ 'હાડપિંજરોને છૂપાવવા'ની જરૂરિયાત ઊભી નહીં થાય. તે તમામ બાબતો માટે નિખાલસ અને પ્રામાણિક હશે. તેને પોતાના શબ્દકોશમાં "જૂઠાણું" શબ્દ રાખવાની આવશ્યકતા રહેશે નહીં. જૂઠું બોલવું તે હંમેશાં કાયરતા છે, અને કાયરતા એ અજ્ઞાનતાનું પરિણામ છે.

જવાબદારી

ઘણાં ઘરોમાં, માતાપિતા બાળક સાથે કાયમ એક નવજાત શિશુ તરીકેનો વ્યવહાર કરતાં હોવાથી બાળકનો અહમ્ દબાયેલો રહે છે. હું એવી ચૌદ વર્ષની દીકરીઓને જાણું છું, જેમનાં માબાપ તેમની પર ચૂલો સળગાવવા પૂરતો પણ ભરોસો મૂકતાં નથી. પોતાના તમામ શુભ ઇરાદાઓ સાથે, આવાં માતાપિતાઓ હંમેશાં પોતાના બાળકને જવાબદારી લેવાથી દૂર રાખે છે.

"વહાલા, તારે તારું જેકેટ લઈ જ લેવું જોઈએ; મને ખાતરી છે કે આજે વરસાદ પડશે."

"હવે રેલવેના પાટા પાસે જઈશ નહીં."

"તેં તારું મોં ધોયું?"

એક વખત, જ્યારે સમરહિલમાં એક નવી વિદ્યાર્થિની આવી, ત્યારે તેની માતાએ મને કહ્યું હતું કે એ છોકરી બહુ ગંદી રહેવાની આદતો ધરાવે છે; કે તેમણે તેને દિવસમાં દસ વખત હાથ-મોં ધોવાનું કહેવું પડતું હતું. તે સમરહિલ આવી તે પછીના દિવસથી, એ બાળકી દરરોજ સવારે ઠંડા પાણીથી નહાઈ લેતી હતી, અને અઠવાડિયામાં કમસે કમ બે વખત ગરમ પાણીથી સ્નાન કરી લેતી હતી. તેના હાથ અને ચહેરો હંમેશાં સ્વચ્છ જોવા મળતાં. ઘરે તેનામાં જોવા મળતો સ્વચ્છતાનો અભાવ - જે કદાચ તેની માતાની કલ્પનામાં જ અસ્તિત્વ ધરાવતો હશે - તે એને નાદાન બાળક ગણવાને કારણે હતો.

બાળકને લગભગ અનંત જવાબદારીઓ લેવાની છૂટ આપવી જોઈએ. સાત કે તેથી ઓછી ઉંમરનાં મોન્ટેસરીની તાલીમ પામેલાં બાળકો ગરમાગરમ સૂપનાં વાસણો ઉઠાવે છે. અમારા સૌથી નાના વિદ્યાર્થીઓમાંનો એક સાત વર્ષનો વિદ્યાર્થી તમામ પ્રકારનાં ઓજારો વાપરે છેઃ ફરસી, કુહાડી, કરવત, ચાકુ/છરી. તેના કરતાં હું મારી આંગળી વધુ વખત કાપી નાખતો હોઉં છું.

જવાબદારી સાથે ફરજને ગૂંચવવી જોઈએ નહીં. ફરજની ભાવના, જો કેળવવાની હોય તો પણ, જીવનમાં આગળ જતાં કેળવવાની હોય છે. ફરજ શબ્દ સાથે ઘણી બધી હાનિકારક બાબતો સંકળાયેલી છે. હું એ મહિલા વિશે વિચારું છું જેણે ઘરડાં માતાપિતાની સંભાળ રાખવા માટે, ફરજની ભાવનાથી પ્રેરાઈને પરાણે જીવન અને પ્રેમને જતાં કરવાં પડ્યાં હોય છે. હું એવાં પરણેલાં યુગલો વિશે વિચારું છું જેમણે એકબીજાંને પ્રેમ કરવો તો ક્યારનોય છોડી દીધો છે છતાં તેમની ફરજની ભાવનાના

કારણે એકબીજાં સાથે દયાજનક રીતે પડ્યું પાનું નભાવ્યા કરે છે. ઘરથી દૂર છાત્રાલયમાં રહેતાં અથવા ઉનાળુ શિબિરમાં ગયેલાં કેટલાંય બાળકોને ફરજના ભાગ રૂપે ઘરે પત્ર લખવાનું કંટાળાજનક લાગતું હોય છે – તેમાં પણ જ્યારે તેણે રવિવારની બપોરે કાગળ જ લખવો જોઈએ એવું હોય ત્યારે ખાસ.

ઉંમર મુજબ જવાબદારીનું માપ કાઢવું એ ભૂલભરેલું છે, આ એક એવી ભ્રામક માન્યતા છે જે યુવાનોના જીવનને દુર્બળ ઘરડા માણસોના હાથમાં મૂકી દે છે - આપણે આ ઘરડા માણસોને ડાહ્યા માણસો કહીએ છીએ, પણ ખરેખર તેમને જડ માણસો કહેવા વધુ યોગ્ય છે. પરિવારનો દરેક સભ્ય તેનાથી નાના એવા દરેકનો સંરક્ષક અને માર્ગદર્શક છે એવું ધારવું ભૂલભરેલું છે. "તું ટોમી કરતાં મોટો છે, અને તારી ઉંમરે તને ખબર હોવી જોઈએ કે તારે તેને રસ્તા પર દોડી જવા ન દેવો જોઈએ," પોતાનો છ વર્ષનો દીકરો આવા વાક્યને સમજી શકે તેવો સમજદાર, તાર્કિક બુદ્ધિ ધરાવતો નથી, એવું સમજવું માતાપિતા માટે મુશ્કેલ છે.

પણ હા, બાળક જે જવાબદારીઓ માટે તૈયાર ન હોય તે ઉઠાવવા માટે તેને કહેવું જોઈએ નહીં; જે નિર્ણયો કરવા પૂરતું તે હજી મોટું ન થયું હોય, તે એની પર થોપવા જોઈએ નહીં. અહીં ચાવીરૂપ શબ્દ સામાન્ય બુદ્ધિ છે.

સમરહિલ ખાતે, અમે પાંચ વર્ષનાં બાળકોને તેમને અગ્નિ-રક્ષકો જોઈએ છે કે નહીં તે પૂછતા નથી. જ્યારે છ વર્ષના બાળકને તાવ હોય ત્યારે તેણે બહાર રમવા જવું કે નહીં તે નક્કી કરવાનું અમે તેને કહેતા નથી. ન તો અમે એક નબળા બાળકને, તે જ્યારે અતિશય થાકી ગયું હોય ત્યારે, તેણે સૂવા માટે જવું છે કે નહીં તે પૂછીએ છીએ. જ્યારે બાળક બીમાર હોય, ત્યારે તેને સૂચિત સારવાર આપવા માટે બાળકની પરવાનગી લેવાની રહેતી નથી.

પણ બાળક પર આ રીતે સત્તાની રૂએ – અનિવાર્ય સત્તાની રૂએ અમુક વસ્તુઓ થોપવાની બાબત, બાળકને તેની જે-તે ચોક્કસ ઉંમરે તે લઈ શકે એટલી લગભગ બધી જ જવાબદારી આપવાના ખ્યાલ સાથે કોઈ રીતે વિસંવાદિતામાં નથી. પોતાના બાળકને કેટલી જવાબદારી સોંપવી તે નિશ્ચિત કરવા માટે માતાપિતાએ હંમેશાં પોતાના અંતરાત્માને સમર્પિત રહેવું જોઈએ. તેમણે સૌથી પહેલાં પોતાની જાતનું પરીક્ષણ કરવું જોઈએ.

ઉદાહરણ તરીકે, જે માતાપિતાઓ બાળકોને તેમનાં પોતાનાં કપડાં પસંદ કરવા દેતાં નથી, તે સામાન્ય રીતે એવો ખ્યાલ ધરાવતાં હોય છે કે તેમનું બાળક કદાચ તેમની સામાજિક પ્રતિષ્ઠાને યોગ્ય એવાં કપડાં પસંદ કરશે નહીં.

સામાન્ય રીતે, જે માતાપિતાઓ પોતાના બાળકના વાંચન પર, ફિલ્મો જોવા પર અથવા મિત્રો પર પ્રતિબંધ મૂકે છે, તેઓ તેમના પોતાના ખ્યાલોને બાળક પર પરાણે થોપવાની કોશિશ કરતાં હોય છે. આવાં માતાપિતાઓ માત્ર પોતાને વાજબી ઠેરવવા "બાળક માટે શું સારું છે તે તેઓ સૌથી સારી રીતે જાણે છે" તેમ કહેતાં હોય છે, જ્યારે ઊંડે ઊંડે તેમનું ચાલકબળ સરમુખત્યારી સત્તા ચલાવવાનું હોઈ શકે છે.

એકંદરે, માતાપિતાએ બાળકોની શારીરિક સલામતીનું પૂરતું ધ્યાન રાખીને, તેમને આપી શકાય તેટલી વધુમાં વધુ જવાબદારી સોંપવી જોઈએ. એક માત્ર આ જ રીતે માતાપિતા પોતાના બાળકનો આત્મવિશ્વાસ વિકસાવી શકે છે.

આજ્ઞાંકિતતા અને શિસ્ત

એક શેતાની પ્રશ્ન ઊભો થાય છેઃ શા માટે એક બાળકે આજ્ઞાનું પાલન કરવું જોઈએ? મારો જવાબ છેઃ વયસ્કોની સત્તાની ઇચ્છાને સંતોષવા માટે તેણે તેમની આજ્ઞાનું પાલન કરવું જ જોઈએ. તે સિવાય, ભલા એક બાળકે આજ્ઞા શા માટે ઉઠાવવી રહે?

તમે કહી શકો, "જો તે જૂતાં પહેરવાના આદેશનું પાલન ન કરે તો તેના પગ ભીનાં કરી શકે છે; જો તે તેના પિતાની બૂમને અવગણે તો તે ભેખડ પરથી પડી પણ જઈ શકે છે." હા, જ્યારે જીવન અને મરણનો પ્રશ્ન હોય ત્યારે ચોક્કસ જ બાળકે આદેશનું પાલન કરવું જોઈએ. પણ એક બાળક, કેટલી વખત જીવન અને મરણની બાબતે આદેશનું પાલન ન કરવા માટે સજા પામે છે? ક્યારેક જ, જો કદી પામતું હોય તો! એ વખતે સામાન્ય રીતે તેને "મારા રતન! આભાર પ્રભુનો, તું સલામત છે!" કહીને ભેટવામાં આવે છે. સામાન્ય રીતે જેના માટે બાળકને સજા કરવામાં આવે છે, એ તો નાની નાની બાબતો હોય છે.

હવે જ્યાં આજ્ઞાપાલનની આવશ્યકતા ન હોય એ રીતે એક ઘર ચલાવવું શક્ય તો છે. જો હું એક બાળકને કહું, "તારી ચોપડી લઈ આવ અને અંગ્રેજીનો એક પાઠ ભણ," તો, જો તેને અંગ્રેજીમાં રસ ન હોય, તો તે તેને નકારી શકે છે. અહીં તેનો આજ્ઞાભંગ એ માત્ર તેની ઇચ્છાઓ અભિવ્યક્ત કરે છે, જે સ્વાભાવિક રીતે અન્ય કોઈને વિક્ષેપ કે હાનિકર્તા નથી. પણ જો હું કહું કે, "બગીચાના વચ્ચેના ભાગમાં હમણાં જ વાવણી કરેલી છે; કોઈએ એના પર ચાલવાનું નથી!" તો મેં જે કહ્યું તેનું

પાલન તમામ બાળકો લગભગ એટલી જ સરખી રીતે કરે છે જેટલું તેઓ ડેરિકના "કોઈએ મારો દડો વાપરવાનો નથી, સિવાય કે મને પહેલાં પૂછ્યું હોય" એ આદેશનું પાલન કરે છે. કારણ કે આજ્ઞાંકિતતા એ આપ-લેની બાબત હોવી જોઈએ. પ્રસંગોપાત્ત, સમરહિલમાં, શાળાની સામાન્ય સભામાં પસાર થયેલા કાયદાનું ઉલ્લંઘન-આજ્ઞાભંગ કરવાના બનાવ બને છે, ત્યારે બાળકો જાતે પગલાં લઈ શકે છે. જો કે, મુખ્યત્વે, સમરહિલ કોઈ પણ સત્તા વગર અથવા કોઈ પણ આજ્ઞાપાલન વિના ચાલે છે. અહીં *જ્યાં સુધી વ્યક્તિ બીજાની સ્વતંત્રતા પર ચઢી બેસતી નથી,* ત્યાં સુધી દરેક વ્યક્તિ તેને જે ગમતું હોય તે કરવા મુક્ત છે.

જ્યાં સ્વાયત્તતા હોય છે, ત્યાં ઘરમાં કોઈ સત્તા હોતી નથી. એટલે કે "હું એ કહું છું! તારે માનવું જ પડશે" એવું આવેશભર્યા ઊંચા અવાજે કહેનાર અહીં કોઈ નથી. પરંતુ ખરેખરા અર્થમાં ત્યાં ચોક્કસ જ સત્તાનું અસ્તિત્વ હોય છે. આ સત્તાને સંરક્ષણ, કાળજી અને વયસ્કની જવાબદારી કહી શકાય. આવી સત્તાધિકારી વ્યક્તિ ક્યારેક આજ્ઞાંકિતતા માગે છે પણ બાકી બધા સમયે તે આજ્ઞાપાલન કરે છે. આમ હું મારી દીકરીને કહી શકું છું, "તું એ કાદવ અને પાણી આપણા પાર્લરમાં નહીં લાવી શકે." પણ તે જો મને એમ કહે કે, "પપ્પા, મારા રૂમમાંથી ચાલ્યા જાવ. અત્યારે મને તમે અહીં નથી જોઈતા," તો તેની અગત્યતા પણ એટલી જ છે; તેની આ ઇચ્છાનું હું, ચોક્કસ જ, એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના પાલન કરું છું.

બાળકે તે ચાવી શકે તેના કરતાં મોટો કોળિયો લેવો જોઈએ નહીં એવી માતાપિતાઓની માંગ એ સજા સમાન છે. કારણ કે ખરેખર ઘણે ભાગે તેના પેટ કરતાં બાળકની આંખો વધુ મોટી હોય છે અને તે ખાઈ ન શકે તેટલું, આખી થાળી ભરીને માગે છે. એક બાળકને તેની થાળીમાં જેટલું હોય તેટલું તમામ પૂરું કરવા દબાણ કરવું એ ખોટું છે. રોષ કે માઠું લગાડ્યા વિના અથવા અવ્યક્ત પ્રયોજનોને મનમાં સંઘર્યા વિના, પોતાની જાતને એક બાળક સાથે સરખાવવાની, તેનાં પ્રયોજનો સમજવાની, તેની મર્યાદાઓ અનુભવવાની શક્તિમાં જ સારું માતૃત્વ/પિતૃત્વ સમાયેલું છે.

એક માતાએ મને લખ્યું હતું કે તેની દીકરી તેનું કહ્યું માને એવી તેની ઇચ્છા છે. હું તેની દીકરીને તેની પોતાની જાતનું કહ્યું કરવાનું શીખવતો હતો. માતાને દીકરી બિનઆજ્ઞાંકિત લાગી, પણ મને તે હંમેશાં આજ્ઞાંકિત લાગી છે. પાંચ મિનિટ પહેલાં જ તે મારા ઓરડામાં, કૂતરા અને તેમની તાલીમને લગતી ચર્ચા કરવા માટે આવી હતી. "હમણાં નહીં," મેં કહ્યું, "હું લખી રહ્યો છું." અને તે જતી રહી - એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના.

આજ્ઞાપાલન એ સામાજિક સૌજન્યનો હિસ્સો હોવું જોઈએ. બાળકો આજ્ઞાપાલન કરે તેવું ઈચ્છવાનો વયસ્કોને કોઈ અધિકાર હોવો જોઈએ નહીં. તે અંદરથી આવવું જોઈએ – તે બહારથી લદાયેલું ન હોવું જોઈએ.

શિસ્ત એ ધ્યેય માટેનું સાધન માત્ર છે. લશ્કરની શિસ્તનો ઉદ્દેશ લડાઈમાં કાર્યક્ષમતા હાંસલ કરવાનો છે. આવી તમામ શિસ્ત, વ્યક્તિને ધ્યેય કરતાં ગૌણ ગણે છે. શિસ્તબદ્ધ દેશોમાં જીવન સસ્તું હોય છે.

અલબત્ત, એક બીજી પણ શિસ્ત છે. એક ઓરકેસ્ટ્રા(વાદકવૃંદ)માં, પહેલો વાયોલિનવાદક નિર્દેશકના આદેશનું પાલન કરે છે કારણ કે એક સારું સંગીત-પ્રદર્શન આપવાની તેને નિર્દેશક જેટલી જ તીવ્ર ઇચ્છા છે. જ્યારે કૂદીને સાવધાનની મુદ્રા ગ્રહણ કરતા સિપાઈને, હંમેશાં, લશ્કરની કાર્યક્ષમતા અંગે કોઈ પરવા હોતી નથી. લશ્કરી શિસ્ત મોટા ભાગે ડરને આભારી હોય છે, અને જો પોતે આદેશનું પાલન નહીં કરે તો તે સજાને પાત્ર ઠરશે એમ સૈનિક જાણતો હોય છે. જ્યારે શિક્ષકો સારા હોય ત્યારે શાળાની શિસ્ત એ ઓરકેસ્ટ્રા જેવી હોય છે. પણ અનેકવાર તે લશ્કરી પ્રકારની હોય તેવું વધુ જોવા મળે છે. આ જ વાત ઘરોને પણ લાગુ પડે છે. એક આનંદભર્યું ઘર એ એક ઓરકેસ્ટ્રા જેવું હોય છે અને તે એ જ પ્રકારની જૂથ-ભાવના માણે છે. એક દયાજનક ઘર, ધિક્કાર અને શિસ્તથી અનુશાસિત કોટડીઓ જેવું હોય છે.

જૂથ-ભાવનાની શિસ્ત ધરાવતાં ઘરો પણ ઘણી વખત લશ્કરી શિસ્ત ધરાવતી શાળાને સહન કરી લે છે તે એક વિચિત્ર બાબત છે. જે છોકરાઓને ઘરે કદી મારવામાં ન આવ્યા હોય – તે છોકરાઓને શિક્ષકો દ્વારા મારવામાં આવે છે. કોઈ વધુ પ્રાચીન અને શાણા ગ્રહ પરથી આવતા મુલાકાતીને જો એવું કહેવામાં આવે કે અહીં આજે પણ, કેટલીક પ્રાથમિક શાળાઓમાં, નાનાં બાળકોને સરવાળા અથવા સ્પેલિંગમાં ભૂલો કરવા બદલ સજા આપવામાં આવે છે તો એ આ દેશનાં માતાપિતાઓને રાક્ષસો જ ગણશે. શાળાની મારવાની શિસ્તનો જ્યારે કેટલાંક માનવીય માતાપિતાઓ વિરોધ કરે છે અને તે બાબતે કોર્ટે ચઢે છે, ત્યારે મોટા ભાગના કિસ્સાઓમાં કાયદો સજા આપનાર શિક્ષકની તરફેણમાં રહે છે.

માતાપિતાઓ જો ઇચ્છે, તો તેઓ શારીરિક સજાને આવતીકાલે નાબૂદ કરી શકે છે. દેખીતું છે કે તેમનામાંથી મોટા ભાગના તેમ ઇચ્છતાં નથી. આ વ્યવસ્થા તેમને માફક આવે છે. તે એમનાં દીકરા-દીકરીઓને શિસ્તબદ્ધ બનાવે છે. બાળકના ધિક્કારને, ખૂબ હોશિયારીપૂર્વક, સજા આપવાના ખરાબ કામ માટે શિક્ષકને કામે

રાખનાર માતાપિતાઓ તરફ નહીં, પણ સજા આપનાર શિક્ષક તરફ વાળી દેવામાં આવે છે. આ માતાપિતાઓને આ પ્રણાલી માફક આવે છે કારણ કે તેમને પોતાને કદી જીવવા અને પ્રેમ કરવાની છૂટ મળી નહોતી. તેમને પણ, જૂથ-શિસ્તનાં ગુલામ બનાવી દેવામાં આવ્યાં હતાં અને હવે એ બિચારા જીવ કલ્પનામાં પણ સ્વતંત્રતાને નિહાળી શકતાં નથી.

ઘરમાં કેટલીક શિસ્ત તો હોવી જ જોઈએ તે સાચું છે. સામાન્ય રીતે આ પ્રકારની શિસ્ત પરિવારના દરેક સભ્યના વ્યક્તિગત અધિકારોની રક્ષા અર્થેની હોય છે. ઉદાહરણ તરીકે, હું મારી દીકરી ઝોઈને મારા ટાઈપરાઈટર સાથે રમવા દેતો નથી. પણ એક આનંદભર્યા પરિવારમાં આ પ્રકારની શિસ્ત સામાન્ય રીતે પોતાની મેળે આવી જતી હોય છે. ત્યાં જીવન એ એક આહ્લાદક આપ-લે બને છે. માતાપિતાઓ અને બાળકો અહીં સાથીઓ છે, સહ-કાર્યકર્તાઓ છે.

એક આનંદરહિત ઘરમાં, ધિક્કારના શસ્ત્ર તરીકે શિસ્તનો ઉપયોગ થાય છે, અને આજ્ઞાંકિતતા એક સદ્ગુણ બની જાય છે. બાળકોને જંગમ મિલકત, માલિકીની વસ્તુ ગણવામાં આવે છે, અને તેમણે તેમનાં માલિકોની શોભામાં વધારો તો કરવો જ જોઈએ. બિલીના વાંચવા-લખવા-શીખવા બાબતે સૌથી વધુ ચિંતિત માબાપો એ એવાં માબાપો છે જે શૈક્ષણિક યોગ્યતાને અભાવે, જીવનમાં પોતાને નિષ્ફળ અનુભવતાં હોય છે.

પોતાની જાતને સ્વીકારી ન શકતાં માતાપિતા જ કડક શિસ્તમાં માનતાં હોય છે. બીભત્સ વાર્તાઓનો ભંડાર રાખતો ગામનો મોજીલો માણસ, મળ/પાદ અંગે વાત કરતા પોતાના દીકરાને સખત ઠપકો આપશે. એક અપ્રામાણિક માતા, ખોટું બોલવા માટે પોતાના બાળકને ફટકારશે. પોતે મોઢામાં પાઈપ દબાવી રાખીને, ધુમ્રપાન કરવા માટે પોતાના દીકરાને પીટતા માણસને મેં જોયો છે. પોતાના બાર વર્ષના દીકરાને ફટકારતા માણસને મેં કહેતા સાંભળ્યો છે કે, "તારે ગાળો બોલતાં શીખવું છે, બાસ્ટર્ડ..." જ્યારે મેં તેની આકરી ટીકા કરી, ત્યારે તેણે ખચકાતાં ખચકાતાં કહ્યું, "હું બોલું એ વાત જુદી છે. એ તો હજી છોકરું છે."

ઘરમાં કડક શિસ્ત એ હંમેશાં સ્વ-ધિક્કારનું દેખીતું સ્વરૂપ છે. વયસ્ક માણસ તેના પોતાના જીવનમાં પૂર્ણતાને આંબવા માટે ખૂબ મથ્યો, પણ અત્યંત દયાજનક રીતે તેમાં નિષ્ફળ રહ્યો, અને હવે તે એને પોતાનાં બાળકોમાં શોધવાનો પ્રયત્ન કરે છે. અને તે આ બધું જ કરે છે, કારણ કે તે પ્રેમ કરી શકતો નથી. આ બધું જ કરે છે, કારણ કે તે મોજમઝા જાણે શેતાન હોય તેમ તેનાથી ડરે છે. અલબત્ત, એટલા માટે જ

માણસે શેતાનની શોધ કરી હતી- શેતાન કે જેની પાસે બધું જ શ્રેષ્ઠ છે, જે જીવન, મોજમજા અને સેક્સને ચાહે છે, માણે છે. પૂર્ણતાનો હેતુ શેતાન પર વિજય મેળવવાનો છે. મિસ્ટિસિઝમ (રહસ્યવાદ) અને ઈરરેશનલિઝમ (અતાર્કિકવાદ), ધર્મ અને સંન્યાસ એ આ હેતુમાંથી જ જન્મ્યા છે. દેહને શૂળીએ ચઢાવવો, સજાના રૂપમાં શારીરિક પીડા આપવી તથા જાતીય જીવનનો ત્યાગ, નપુંસકતા જેવી બાબતો પણ તેમાંથી જ ઉદ્ભવે છે.

એવું કહેવું કદાચ યોગ્ય છે કે ઘરના કડક શિસ્તાગ્રહનું લક્ષ્ય વ્યાપક અર્થમાં નપુંસક બનાવવાનું, જીવન માત્રને નપુંસક બનાવવાનું છે. કોઈ આજ્ઞાંકિત બાળક કદી પણ એક મુક્ત પુરૂષ કે સ્ત્રી બની શકતું નથી. હસ્તમૈથુન માટે સજા પામેલું કોઈ બાળક કદી પણ સંપૂર્ણપણે કામોત્તેજના ધરી શકતું નથી.

મેં કહ્યું છે તેમ માતાપિતા પોતે જે બનવામાં નિષ્ફળ નીવડ્યાં છે, તે બાળક બને તેમ ઇચ્છતાં હોય છે. પણ અહીં તેનાથી પણ કંઈક વધુ છેઃ આવી ઇચ્છા ધરાવતાં હોવા છતાં એ જ વખતે, પોતાનું બાળક જીવનમાંથી તેમને, એટલે કે માતાપિતાને, મળ્યું હોય તેના કરતાં કશું પણ વધારે ન મેળવે તે માટે દરેક દબાયેલાં માતાપિતા દઢનિશ્ચયી હોય છે. જીવંતતા ગુમાવી ચૂકેલાં માતાપિતાઓ બાળકની જીવંતતાને મોકળાશ આપશે નહીં. અને આવાં માતાપિતા હંમેશાં ભવિષ્ય અંગે અતિશયોક્તિભર્યો ભય સેવે છે. તેમને લાગે છે કે શિસ્ત તેમનાં બાળકોને બચાવી શકશે. પોતાની જાત પરના વિશ્વાસનો આ અભાવ જ તેમને સારાપણા અને સચ્ચાઈની ફરજ પાડી શકે તેવા એક બહારના ભગવાનની ધારણા ધરવા પ્રેરે છે. આમ શિસ્ત એ ધર્મની એક શાખા છે.

સમરહિલ અને એક સામાન્ય શાળા વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે સમરહિલમાં અમને બાળકના વ્યક્તિત્વમાં શ્રદ્ધા હોય છે. અમને ખબર છે કે જો ટોમી ડોક્ટર બનવા માગે છે, તો એ સ્વેચ્છાએ પ્રવેશ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા માટે અભ્યાસ કરશે. શિસ્તની આગ્રહી શાળાને ખાતરી હોય છે કે ટોમી ક્યારેય એક ડોક્ટર બની શકશે નહીં, સિવાય કે તેને નિયત કલાકોમાં ભણવા માટે ફરજ પાડવામાં આવે અથવા મારીમારીને દબાણ કરવામાં આવે.

હું માનું છું કે મોટા ભાગના કિસ્સાઓમાં ઘર કરતાં શાળામાંથી શિસ્તને દૂર કરવી વધુ આસાન હોય છે. સમરહિલમાં જ્યારે એક સાત વર્ષનું બાળક, પોતાને એક સામાજિક ઉપદ્રવ બનાવી દે છે, ત્યારે આખી કમ્યુનિટી તેના પ્રત્યે પોતાનો અસ્વીકાર જાહેર કરે છે. સામાજિક સ્વીકાર એ એવી બાબત છે જેને સહુ કોઈ ઝંખતું

હોય છે, એટલે બાળક સારી રીતે વર્તવાનું શીખે છે. આમ, કોઈ શિસ્તની જરૂર પડતી નથી.

ઘરમાં, જ્યાં ઘણાં ભાવનાત્મક પરિબળો અને અન્ય સંજોગો ઉમેરાય છે; ત્યારે વસ્તુઓ આટલી સહેલી રહેતી નથી. રાતનું જમવાનું રાંધતી ત્રાસેલી ગૃહિણી, પોતાના કજિયાખોર બાળક પ્રત્યે સામાજિક અસ્વીકાર દાખવી શકતી નથી. ન તો પોતાનો નવો વાવેલો ક્યારો ખૂંદેલો મળે ત્યારે એક થાકેલો પિતા એમ કરી શકે છે. હું જેના પર ભાર મૂકવા માગું છું તે એ છે કે *એક ઘરમાં, જ્યાં બાળકને શરૂઆતથી જ સ્વાયત્ત બનવાની સ્વતંત્રતા મળી હોય છે, ત્યાં શિસ્ત માટેની સામાન્ય માંગો ઊભી જ થતી નથી!*

થોડાં વર્ષો અગાઉ, હું મેઈનમાં રહેતા મારા મિત્ર વિલહેમ રિકની મુલાકાતે ગયો હતો. તેનો દીકરો પીટર ત્રણ વર્ષનો હતો. ઘરના આંગણે, આગળ જ આવેલું સરોવર ઊંડું હતું. રિક અને તેની પત્નીએ એકદમ સ્પષ્ટપણે પીટરને કહ્યું હતું કે તેણે પાણીની નજીક જવું નહીં. કોઈ પણ પ્રકારની ધિક્કારભરી તાલીમમાંથી પસાર ન થયા હોવાના કારણે અને તેથી પોતાનાં માતાપિતામાં અકબંધ ભરોસો ધરાવતો પીટર, પાણીની નજીક જતો નહીં. તેમણે ચિંતા કરવાની જરૂર નથી એવું માતાપિતા બંને જાણતાં હતાં. તો બીજી તરફ, ડર અને સત્તાની રૂએ શિસ્ત માગતાં અન્ય માતાપિતાઓએ જો આ સરોવરના કિનારે રહેવાનું આવ્યું હોત તો તેમનો જીવ હંમેશાં તાળવે ચોંટેલો રહેતો હોત. બાળકો તેમને ખોટું કહેવામાં આવે છે એ બાબતથી એટલાં ટેવાઈ ગયાં હોય છે કે જ્યારે માતા તેમને કહે છે કે પાણી જોખમી છે, ત્યારે તેઓ તેને માની જ શકતાં નથી. તેમને પાણીની પાસે જવાની વિદ્રોહી ઇચ્છા થાય છે.

શિસ્તબદ્ધ બાળક પોતાનાં માતાપિતાને પજવીને પોતાનો સત્તા પ્રત્યેનો ધિક્કાર વ્યક્ત કરશે. ઘણોખરો બાલિશ દુર્વ્યવહાર એ ખરું જોતાં બાળક સાથે થતી ખોટી વર્તણૂકની દેખીતી સાબિતી હોય છે. જો ઘરમાં પ્રેમનું વાતાવરણ હોય – તો સરેરાશ બાળક માતાપિતા દ્વારા આપવામાં આવતી જાણકારીને સ્વીકારે છે. જો ઘરમાં ધિક્કારનું વર્ચસ્વ હોય, તો એ કશું જ સ્વીકારતું નથી. અથવા એ નકારાત્મક રીતે ચીજોને સ્વીકારે છેઃ તે ખંડનાત્મક, ઉદ્ધત અને અપ્રામાણિક બને છે.

બાળકો શાણાં હોય છે. તેઓ પ્રેમને પ્રેમથી પ્રતિભાવ આપે છે, અને ધિક્કારને ધિક્કાર આપે છે. તેઓ આસાનીથી જૂથ પ્રકારની શિસ્તને પ્રતિભાવ આપે છે. હું ખાતરીપૂર્વક કહું છું કે માનવ સ્વભાવમાં દુષ્ટતા એ, સસલાના સ્વભાવ અથવા સિંહના સ્વભાવ કરતાં જરાય વધુ મૂળભૂત બાબત નથી. કૂતરાને સાંકળથી બાંધો તો

એક સારો કૂતરો ખરાબ કૂતરો બનશે. એક બાળકને શિસ્તબદ્ધ બનાવો અને એક સારું સામાજિક બાળક, એક ખરાબ, દંભી, ધિક્કારનારું બની જશે. એ કહેવું ખેદજનક છે કે એક ખરાબ છોકરો, ખરાબ જ બનવા માગે છે એવી મોટા ભાગના લોકોને ખાતરી હોય છે; ભગવાનની મદદથી અથવા એક મોટી સોટીની મદદથી, બાળકને સારા બનવાનું પસંદ કરવાની શક્તિ મળશે એવું તેઓ માનતા હોય છે. અને જો તે પોતાની આ શક્તિ વાપરવાનો ઇનકાર કરે તો પછી તેના આ જીદ્દી ઉલ્લંઘન માટે તે બરાબર પીડા ભોગવે તેની તેઓ બરાબર ખાતરી કરે છે.

એક રીતે, જુનવાણી શાળાઓ શિસ્તનું મૂર્તિમંત પ્રતીક છે. જ્યારે મેં એક મોટી કુમાર-શાળાના આચાર્યને પૂછ્યું કે તેમની પાસે કેવા પ્રકારના છોકરાઓ છે, ત્યારે તેમણે મને કહ્યું હતું, "એવા પ્રકારના જે ન તો વિચારો સાથે જાય છે અને ન તો આદર્શો સાથે જાય છે. તેઓ કોઈ પણ યુદ્ધમાં, કોઈ ધર્મોપદેશકની મંડળીના ઘેટાંસમાન સભ્યો તરીકે જોડાઈ જશે, અને એ યુદ્ધ શેના માટે છે અને શા માટે તેઓ લડી રહ્યા છે તેના વિશે વિચારવા માટે ક્યારેય અટકશે નહીં."

આશરે ચાળીસ વર્ષોથી મેં એકે બાળકને આંગળી અડાડી નથી. છતાં એક વખત એવો હતો જ્યારે એક યુવાન શિક્ષક તરીકે હું, બિલકુલ વિચાર્યા વિના સોટીનો ઉપયોગ કરતો હતો. હવે હું ક્યારેય કોઈ બાળકને ફટકારતો નથી કારણ કે ફટકારવામાં રહેલાં જોખમો વિશે હું સભાન બન્યો છું અને ફટકારવા પાછળ રહેલા ધિક્કારથી હવે હું સારી પેઠે વાકેફ છું.

સમરહિલ પર, અમે બાળકોને સમકક્ષ ગણીને વ્યવહાર કરીએ છીએ. એકંદરે, બાળક એ એક વયસ્ક કરતાં જુદું છે એવું જાણવા છતાં, અમે એક બાળકના આગવાપણા અને વ્યક્તિત્વને એટલો જ આદર આપીએ છીએ જેટલો અમે એક વયસ્કના આગવાપણા અને વ્યક્તિત્વને આપીએ છીએ. આપણે વયસ્કો એવો આગ્રહ રાખતાં નથી કે અંકલ બિલે તેમને ગાજર ન ગમતાં હોય ત્યારે પણ પોતાની થાળી બરાબર સાફ કરવી જ જોઈએ, અથવા પિતાએ જમવા બેસતાં પહેલાં પોતાના હાથ ધોવા જ જોઈએ. બાળકોને સતત સુધારતાં રહીને આપણે તેમને લઘુતાગ્રંથિ અનુભવવા મજબૂર કરીએ છીએ. આપણે તેમની સાહજિક ગરિમાને ઈજા પહોંચાડીએ છીએ. આ આખી બાબત માત્ર સાપેક્ષ મૂલ્યોની છે. ભગવાનને ખાતર, જો ટોમી હાથ ધોયા વિના જમવા માટે બેસી જાય તો ખરેખર ક્યો મોટો પહાડ તૂટી પડવાનો છે!

ખોટા પ્રકારની શિસ્તના આગ્રહ સાથે ઉછેરવામાં આવેલાં બાળકો જીવનભર એક જૂઠાણું જીવે છે. તેઓ ક્યારેય પોતે જેવાં છે તેવાં બની રહેવાની હિંમત કરતાં નથી.

તેઓ સ્થાપિત અર્થવિહીન પ્રથાઓ અને શિષ્ટાચારોના ગુલામો બની રહે છે. તેઓ પોતાના રવિવારના અવિચારી પહેરવેશને કોઈ પણ પ્રશ્ન વિના સ્વીકારી લે છે. કારણ કે શિસ્તનું મુખ્ય પ્રેરકબળ એ ઠપકો અથવા નિંદા પામવાનો ડર છે. પોતાના રમતગમતના સાથીઓ તરફથી મળતી સજામાં ડરનું તત્ત્વ હોતું નથી. પણ જ્યારે એક વયસ્ક સજા આપે છે, ત્યારે આપમેળે ડર આવી જાય છે. કારણ કે વયસ્ક મોટા, શક્તિશાળી અને આદરણીય હોય છે. બધા કરતાં સૌથી અગત્યનું, તે ધાકભર્યા પિતા અથવા ધાકભરી માતાનું પ્રતીક હોય છે.

આડત્રીસ વર્ષોમાં મેં દુષ્ટ, ઉદ્ધત, ધિક્કારભર્યાં બાળકોને સમરહિલની સ્વતંત્રતાને ભેટતાં જોયાં છે. દરેક કિસ્સામાં, ધીમે ધીમે પરિવર્તન આવ્યું હતું. વખત જતાં, આ બગડેલાં બાળકો ખુશહાલ, મળતાવડાં, નિષ્ઠાવાન અને મિત્રતાભર્યાં બાળકો બની ગયાં હતાં.

માનવતાનું ભવિષ્ય નવાં માતાપિતાઓના હાથમાં છે. જો તેઓ પોતાનાં બાળકોની જીવનશક્તિને મનસ્વી સત્તાની રૂએ કચડી નાખશે, તો અપરાધ, યુદ્ધ અને નિરાશા ફૂલતાંફાલતાં રહેશે. જો તેઓ પોતાનાં શિસ્તાગ્રહી માતાપિતાઓનાં પગલે ચાલશે, તો તેઓ પોતાનાં સંતાનોનો પ્રેમ ખોઈ બેસશે. કારણ કે કોઈ પણ વ્યક્તિ જેનાથી ડરતી હોય તેને પ્રેમ કરી શકતી નથી.

મનોરોગની શરૂઆત માતાપિતાઓના શિસ્તના આગ્રહથી થાય છે – જે માતાપિતાના પ્રેમ કરતાં તદ્દન વિરોધી બાબત છે. તમે માનવતાને ધિક્કાર, સજા આપીને અને તેનું દમન કરીને, એક સારી માનવજાતિ ન મેળવી શકો. એ મેળવવાનો એક માત્ર રસ્તો પ્રેમનો રસ્તો છે.

માતાપિતાના શિસ્તાગ્રહ વિનાનું પ્રેમાળ વાતાવરણ, બાલ્યાવસ્થાની મોટા ભાગની મુશ્કેલીઓની સંભાળ લઈ લેશે. માતાપિતાઓને આ સમજાય તેમ હું ઇચ્છું છું. જો તેમનાં બાળકોને ઘરે પ્રેમ અને સ્વીકારનું વાતાવરણ આપવામાં આવશે, તો તેમનામાં દુષ્ટતા, ધિક્કાર અને વિનાશાત્મકતા કદી ઊભી જ નહીં થાય.

ઈનામ અને સજા

એક બાળકને ઇનામ આપવામાં, તેને સજા આપવા જેટલું ભારે જોખમ રહેલું નથી, પણ ઇનામો આપવાથી બાળકની નીતિમત્તાને ઉતારી પાડવી એ વધુ સૂક્ષ્મ પ્રકારની ઈજા છે. ઇનામો એ છીછરાં અને નકારાત્મક છે. કશું કરવા માટે ઇનામ આપવાનું કહેવું એ જે-તે કાર્ય, તેના પોતાના ખાતર કરવા જેટલું યોગ્ય નથી એવું ઘોષિત કરવા બરાબર છે.

કોઈ કલાકાર કદી માત્ર આર્થિક વળતર માટે જ કામ કરતો નથી. સર્જન કરવાનો આનંદ તેને મળતું એક વળતર છે. વધુમાં, ઇનામની પ્રથા સ્પર્ધાત્મક વ્યવસ્થાનું સૌથી ખરાબ પાસું છે. બીજાને હરાવવા એ વખોડવા યોગ્ય ઉદ્દેશ છે.

ઇનામ આપવાથી બાળકો પર ખરાબ માનસિક અસર પડે છે, કારણ કે તે તેમનામાં ઈર્ષા ઊભી કરે છે. એક બાળકનો પોતાના નાના ભાઈ પ્રત્યેનો અણગમો ઘણી વાર માતાની એવી ટિપ્પણીના દિવસથી શરૂ થયો હોય છે કે "તારો નાનો ભાઈ એ તારા કરતાં વધુ સારી રીતે કરી શકે છે." બાળક માટે માતાની આ ટિપ્પણી એ તેના ભાઈને, તેના કરતાં સારા હોવા માટે અપાયેલ ઇનામ છે.

જ્યારે આપણે ચીજવસ્તુઓમાં બાળકની કુદરતી રસરુચિ વિશે વિચારીએ છીએ, ત્યારે આપણને ઇનામ અને સજા, બંનેનાં જોખમોનો ખ્યાલ આવે છે. ઇનામ અને સજા બાળકને જે-તે રસરુચિ કેળવવા માટે દબાણ કરે છે. પરંતુ સાચી રસરુચિ તો સમગ્ર વ્યક્તિત્વનું જીવનબળ છે, અને આવી રસરુચિ સંપૂર્ણપણે સ્વયંસ્ફૂર્ત હોય છે. ધ્યાન આપવા માટે ફરજ પાડવી શક્ય છે, કારણ કે ધ્યાન આપવું એ એક જાગ્રત ક્રિયા છે. વર્ગમાં પાટિયા પર ઉપરછલ્લું ધ્યાન આપવું અને એ જ વખતે ચાંચિયાઓમાં પણ રસરુચિ ધરાવવી એ શક્ય છે. કોઈને ધ્યાન આપવા માટે ફરજ પાડી શકાય છે, પણ રસ લેવા માટે નહીં. કોઈ માણસ મને કોઈ કામમાં, કહો કે, ટપાલ-ટિકિટો એકઠી કરવાના કામમાં રસ લેવા માટે ફરજ પાડી શકે નહીં; ન તો હું પોતે મારી જાતને આવી ટિકિટોમાં રસ લેવા માટે ફરજ પાડી શકું. છતાં ઇનામ અને સજા, બંને પરાણે રસરુચિ કેળવવાનો પ્રયત્ન કરે છે.

મારો એક વિશાળ બગીચો છે. જ્યારે તેમાંથી નીંદણ કાઢવાનું હોય ત્યારે નાનકડાં છોકરા-છોકરીઓનું જૂથ મને અત્યંત સહાયકારી થઈ પડે તેમ હોય છે. મારા કામમાં મદદ કરવા માટે તેમને આદેશ આપવો પણ ઘણું કરીને શક્ય હોય છે. પણ નીંદણ કાઢવાની આવશ્યકતા અંગે આ આઠ, નવ અને દસ વર્ષનાં બાળકોનાં મનમાં હજી

તેમનો પોતાનો કોઈ અભિપ્રાય બંધાયો નથી. નીંદણ કાઢવામાં તેમને કોઈ રસ નથી.

એક વખત હું નાનકડા છોકરાઓના જૂથ પાસે ગયો. "કોઈ મને થોડુંક નીંદણ કાઢવામાં મદદ કરવાની ઈચ્છા ધરાવે છે?" મેં પૂછ્યું. તેમણે તમામે નન્નો ભણ્યો.

મેં તેમને કારણ પૂછ્યું. જવાબો આ હતાઃ "ઉફ! બહુ કંટાળાજનક!" "તેમને ઊગવા દો." "શબ્દરમતના કોયડા ઉકેલવામાં અત્યંત વ્યસ્ત છું." "બાગકામ કરવાનું મને સહેજ પણ પસંદ નથી."

મને પણ નીંદણ કાઢવાનું કામ કંટાળાજનક લાગે છે. મને પણ એકાદ શબ્દ-રમત રમવાનું ગમે. આ બાળકો પ્રત્યે ન્યાયી રહું તો, ભલા તેમને નીંદણ કાઢવા સાથે શી લેવાદેવા છે? એ મારો બગીચો છે. માટીમાંથી માથું કાઢતા વટાણાના છોડને જોઈને મને ગૌરવ અનુભવાય છે. તેનાથી શાકભાજીના ખર્ચામાં મને બચત થાય છે. ટૂંકમાં, બગીચાને મારા સ્વાર્થ સાથે લેવાદેવા છે. જ્યારે બાળકોમાં તે અંગે કોઈ રસરુચિ કે સ્વાર્થ ઊભાં ન થયાં હોય, ત્યારે હું તેમને તેમાં રસરુચિ લેવા માટે ફરજ ન પાડી શકું. મારા માટે એક માત્ર સંભવ રસ્તો તે બાળકોને એકાદ કલાક માટે કામે રાખવાનો છે. તો પછી, તેઓ અને હું, બંને સમાન ભૂમિકા ધરાવીશુંઃ હું બગીચામાં રસ ધરાવીશ, અને તેઓ થોડોક રસ વધારાના પૈસા કમાવામાં ધરાવશે.

મૂળભૂત રીતે રસ હંમેશાં સ્વાર્થી હોય છે. ચૌદ વર્ષની મૌડ, તેને બાગકામ કરવા પ્રત્યે નફરત છે એવું જાહેર કરવા છતાં, ઘણી વખત મને બગીચામાં મદદ કરાવે છે. તેને બાગકામ પ્રત્યે નફરત છે, પણ તેને મારા પ્રત્યે નફરત નથી. તે નીંદણ કાઢે છે કારણ કે તે મારી સાથે રહેવા ઈચ્છે છે. આ સમય પૂરતો આ તેનો સ્વાર્થ થયો કહેવાય.

એવી જ રીતે નીંદણ કાઢવા માટે અણગમો ધરાવતો ડેરિક જ્યારે સ્વેચ્છાએ મને મદદ કરવા માટે આગળ આવે છે, ત્યારે મને ખબર છે કે તે તેને ગમતી મારી પોકેટ-નાઈફ મેળવવા માટેની પોતાની વિનંતી ફરીથી કરવા ચાહે છે. આખી બાબતમાં તેનો રસ માત્ર આટલા પૂરતો જ છે.

મુખ્યત્વે, ઈનામ આત્મલક્ષી હોવું જોઈએઃ પૂર્ણ કરેલા કામથી થયેલો આત્મ-સંતોષ. આવું વિચારતી વખતે આ વિશ્વના કેટલાંય આનંદરહિત કામો વિશે પણ વિચાર આવેઃ કોલસો ખોદવો, ૫૦ નંબરના નટને ૫૧ નંબરના બોલ્ટમાં બેસાડવો, ગટરો ખોદવી, સરવાળા કરવા. જેમાં કોઈ અંતર્ભૂત રસ અથવા આનંદ ન સમાયેલાં હોય તેવાં નીરસ કામોથી આ વિશ્વ ભરપૂર છે. જીવનમાં આપણે આ કંટાળાને, નીરસતાને આપણી શાળાઓમાં પણ અપનાવતાં હોઈએ એવું લાગે છે. જેમાં વિદ્યાર્થીઓને કોઈ રસ નથી એવા વિષયોમાં ધ્યાન આપવા માટે તેમને ફરજ પાડીને આપણે, પરિણામરૂપે તેમને એવાં કામો કરવા માટેની આદત પાડીએ છીએ જેને તેઓ માણતાં ન હોય.

જો મેરીએ વાંચતાં અથવા ગણતાં શીખવાનું હોય, તો તે તેને એ વિષયોમાં રસ પડતો હોવાને કારણે શીખવાનું છે – અભ્યાસમાં ઉત્તમ પુરવાર થવાથી તેને જે નવી સાયકલ મળવાની છે તેના ખાતર નહીં અથવા મમ્મીને ખુશ કરવા માટે પણ નહીં.

એક માતાએ પોતાના દીકરાને કહ્યું હતું કે જો તે પોતાનો અંગૂઠો ચૂસવાનું બંધ કરી દેશે, તો એ તેને રેડિયો સેટ લઈ આપશે. કોઈ પણ બાળકને આપણે કેવી અન્યાયી દ્વિધામાં મૂકી દઈએ છીએ! અંગૂઠો ચૂસવો એ ઈચ્છાશક્તિના નિયંત્રણ બહારની, એક અજાગ્રત ક્રિયા છે. બાળક આ આદતમાંથી છૂટવા માટે બહાદુરીભર્યા, જાગ્રત પ્રયત્નો કરી શકે છે. પણ હસ્તમૈથુન કરનારી મજબૂર વ્યક્તિની જેમ, તે ફરી અને ફરી નિષ્ફળ જશે, અને આમ થવાના કારણે પોતે અપરાધભાવ અને દુઃખના ગંજ અનુભવશે.

ભવિષ્ય અંગેનો માતાપિતાઓનો ડર જોખમી નીવડે છે, ખાસ કરીને જ્યારે આ ડર એવાં લાંચરૂપે સૂચનો દ્વારા અભિવ્યક્ત થાય છેઃ "જ્યારે તું વાંચવાનું શીખી જઈશ ને, બેટા, ત્યારે પપ્પા તને સ્કૂટર લઈ આપશે." આ રસ્તો સીધો આપણી લોભિયા, નફાખોર સભ્યતાનો સ્વીકાર કરી લેવા તરફ જાય છે. મને એ કહેતાં બહુ ખુશી થાય છે કે મેં કેટલાંય બાળકોને ચકચકતી, નવી સાયકલ સામે નિરક્ષરતાને પસંદ કરતાં જોયાં છે.

લાંચના આ રૂપથી ભિન્ન એક બીજું રૂપ, એવી ઘોષણા કરવાનું છે જેનાથી બાળકની ભાવનાઓને ભડકાવાયઃ "જો તું હંમેશાં વર્ગમાં સૌથી છેલ્લો રહીશ તો તેનાથી મમ્મીને બહુ દુઃખ થશે." લાંચની બંને પદ્ધતિઓ બાળકની ખરી રસરુચિને ગેરમાર્ગે દોરે છે.

બાળકો પાસે આપણું કામ કરાવવા અંગે પણ હું એટલો જ ઉગ્ર વાંધો ધરાવું છું. જો એક બાળક આપણા માટે કામ કરે એવું આપણે ઈચ્છતાં હોઈએ, તો આપણે તેને તેની ક્ષમતા મુજબ મહેનતાણું આપવું જોઈએ. મેં તૂટેલી દીવાલ ફરીથી બનાવવાનું નક્કી કર્યું છે, માત્ર એટલા જ કારણોસર કોઈ બાળક મારા માટે ઈંટો લઈ આવવાનું કામ કરવા ઈચ્છશે નહીં. પણ જો હું તેને દરેક ફેરા માટે ત્રણ પેન્સ આપવાનો પ્રસ્તાવ મૂકું, તો કદાચ કોઈ છોકરો રાજીખુશીથી મદદ કરે એમ બને, કારણ કે મેં તેના સ્વાર્થનું

ધ્યાન રાખ્યું છે. પરંતુ બાળકના અઠવાડિક ખિસ્સાખર્ચને તેના અમુક કામ કરવા સાથે સાંકળવાનો વિચાર મને રુચતો નથી. માતાપિતાઓએ બદલામાં કશું પણ મેળવવાની અપેક્ષા વિના આપવું જોઈએ.

કોઈ માણસ ન્યાયી હોતો નથી, એટલે સજા ક્યારેય ન્યાયપૂર્ણ હોઈ શકે નહીં. ન્યાય તોળવો એટલે સંપૂર્ણ સમજણ ધરાવવી. ન્યાયાધીશો, કચરો ઉપાડનારા કરતાં વધુ નૈતિક હોતા નથી, અને ન તો તેઓ પૂર્વગ્રહોથી ઓછા બંધાયેલા હોય છે. સખત રૂઢિચુસ્ત અને લશ્કરશાહીમાં માનનારા એવા કોઈ ન્યાયાધીશને, "લશ્કર હટાવો!" પોકારવા માટે પકડવામાં આવેલા કોઈ લશ્કરશાહી-વિરોધી પ્રત્યે ન્યાયી રહેવાનું મુશ્કેલ બની શકે છે.

જાતીય ગુના માટે પકડાયેલા એક બાળક પ્રત્યે ક્રૂર બનનાર શિક્ષક, જાગ્રતપણે અથવા અજાગ્રતપણે, મોટેભાગે પોતે પણ સેક્સ માટે ઊંડો અપરાધભાવ ધરાવતો હોય છે. કાયદાની કોર્ટમાં, અજાગ્રતપણે સમલૈંગિક જાતીયતા તરફી વલણ ધરાવનાર ન્યાયાધીશ, સમલૈંગિક જાતીયતા અંગેના ગુના હેઠળના આરોપીને સજા આપવામાં અત્યંત નિષ્ઠુર રહે તેવી પૂરી સંભાવના છે.

આપણે ન્યાયી હોઈ શકીએ નહીં, કારણ કે આપણે પોતાની જાતને જાણતા નથી, અને આપણા પોતાની દબાયેલી વાસનાઓને આપણે ઓળખતા નથી. બાળકો માટે આ કરુણ રીતે અન્યાયી છે. એક પુખ્ત મનુષ્ય ક્યારેય તેની પોતાની ગ્રંથિઓથી આગળની કેળવણી આપી શકતો નથી. જો આપણે પોતે દબાયેલા ડરોથી બંધાયેલા હોઈએ, તો આપણે આપણાં બાળકોને મુક્ત બનાવી શકીએ નહીં. આપણે માત્ર આપણી ગ્રંથિઓ જ બાળકોને બક્ષી શકીએ છીએ.

જો આપણે આપણી જાતને સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણને એક બાળકને સજા આપવાનું મુશ્કેલ લાગશે. તેની પર આપણે કોઈક બીજી બાબતનો ગુસ્સો ઠાલવતાં હોઈએ છીએ. વર્ષો અગાઉ, જૂના દિવસોમાં, હું છોકરાઓને વારંવાર સોટીથી ફટકારતો હતો, કારણ કે ત્યારે હું ચિંતિત હતો - કાં તો નિરીક્ષક આવવાના હતા તેનાથી – અથવા મારો મારા મિત્ર સાથે ઝઘડો થયો હોવાથી. હું શેના માટે ગુસ્સે છું તે જાણ્યા વિના, જાણવાની દરકાર રાખ્યા વિના હું મારો એ ગુસ્સો બાળકો પર કાઢતો હતો. આજે અનુભવે મને ખબર છે કે સજા તદ્દન બિનજરૂરી છે. હવે હું ક્યારેય કોઈ બાળકને સજા કરતો નથી, ન તો ક્યારેય મને કોઈ બાળકને સજા કરવાની લાલચ થાય છે.

હમણાં જ મેં એક નવા વિદ્યાર્થી- અસામાજિક બની રહેલા એક છોકરાને કહ્યું,

"હું સમજું છું કે તું આ બધી મૂર્ખાઈભરેલી યુક્તિઓ હું તને ફટકારું તેના માટે અજમાવી રહ્યો છે... કારણ કે તારી જિંદગી એક લાંબા ફટકારની કહાણી છે. પણ તું તારો સમય બગાડી રહ્યો છે. તું ગમે તે કરે, હું તને સજા કરવાનો નથી." તેણે મારફાડ કરવાનું છોડી દીધું. તેણે હવે દ્વેષ અનુભવવાની કોઈ જરૂરિયાત રહી નહીં.

સજા એ હંમેશાં ધિક્કારમાંથી નીકળતી ક્રિયા છે. સજા આપવાની ઘટનામાં, શિક્ષક અથવા માતાપિતા બાળકને ધિક્કારે છે – અને બાળકને તેની પ્રતીતિ થાય છે. ફટકારેલું બાળક માતાપિતા સમક્ષ જે દેખીતો પશ્ચાત્તાપ અથવા કૂણો પ્રેમ દાખવે છે, તે ખરો પ્રેમ હોતો નથી. ફટકારાયેલું બાળક જે ખરેખર અનુભવે છે તે તો તિરસ્કાર જ હોય છે, જે તેણે છુપાવી રાખવો પડે છે, જેથી તેને અપરાધભાવ ન અનુભવાય. કારણ કે ફટકારવાની ઘટના બાળકને કાલ્પનિક વિશ્વમાં તાણી ગઈ હોય છે! *હું ઇચ્છું છું કે મારા પપ્પા મરી જાય.* આ કલ્પના તરત જ અપરાધભાવ ઉપર લાવે છે – *મેં મારા પપ્પા મરી જાય એવું ઇચ્છ્યું! હું કેવો પાપી કહેવાઉં.* અને આ અપરાધભાવ બાળકને તેના પપ્પાના ઘૂંટણિયે પડવા પ્રેરે છે, જે બહાર કૂણા પ્રેમ રૂપે દેખાય છે. પણ અંદરખાને દ્વેષ પોતાનું સ્થાન જમાવી ચૂક્યો હોય છે – અને તે ત્યાં રહેવાનો છે.

આનાથી પણ ખરાબ બાબત એ છે કે, સજા હંમેશાં એક વિષચક્ર બનાવે છે. ફટકારવું એ દ્વેષને માર્ગ આપે છે અને દરેક વખતે મારવાની ઘટના બાળકમાં વધુ ને વધુ દ્વેષ જન્માવવાની જ છે. પછી આ વધતો દ્વેષ બાળકની હજી વધુ ખરાબ વર્તણૂક રૂપે વ્યક્ત થાય છે, અને તેને વધુ ફટકારવામાં આવે છે. ફટકાર પામવાના આ બીજા ફેરા બાળકમાં દ્વેષની ચક્રવૃદ્ધિ કરી આપે છે. પરિણામમાં મળે છે એક ખરાબ-રીતભાત ધરાવતું, ચીઢિયું, ખંડનાત્મક, નાનકડું ધિક્કારભર્યું બાળક, જે સજાથી એવું તો ટેવાઈ ગયું છે કે તે પોતાનાં માતાપિતા પાસેથી કોઈક પ્રકારનો ભાવનાત્મક પ્રતિભાવ મેળવવા માટે પણ ખરાબ કામો કર્યા કરે છે. કારણ કે જ્યારે પ્રેમભરી લાગણીનો અભાવ હોય ત્યારે ધિક્કારભર્યા ભાવનાત્મક પ્રતિભાવથી પણ કામ ચાલી શકે છે. અને આમ બાળકને માર પડ્યા કરે છે – અને એ પસ્તાવો જાહેર કર્યા કરે છે. પણ બીજા દિવસે સવારે તે પોતાનું એ જ જૂનું ચક્કર પાછું શરૂ કરે છે.

જ્યાં સુધી મેં નિરીક્ષણ કર્યું છે ત્યાં સુધી સ્વ-નિયમન ધરાવતા સ્વાયત્ત બાળકને કોઈ સજાની જરૂર પડતી નથી અને તે આ ધિક્કાર-ચક્રમાંથી પસાર થતું નથી. તેને ક્યારેય સજા કરવામાં આવતી નથી અને તેને ખરાબ રીતે વર્તવાની જરૂર પડતી નથી. તેને જૂઠાણાનો અને ચીજો તોડવા-ફોડવાનો કોઈ ખપ નથી. તેના શરીરને ક્યારેય ગંદું અથવા શેતાન કહેવામાં આવતું નથી. કોઈ સત્તાધિકારી સામે બળવો

પોકારવાની અથવા તેનાં માતાપિતાથી ડરવાની તેને જરૂર હોતી નથી. અલબત્ત, તેને પણ લાગણીના આવેશો આવશે, પણ તે ક્ષણજીવી હશે અને તે ન્યુરોસિસ તરફ લઈ જનારા નહીં હોય.

સાચે જ, સજા કોને કહેવાય અને કોને ન કહેવાય તે નક્કી કરવું મુશ્કેલ છે. એક દિવસ, એક છોકરો મારી પાસેથી મારી સારામાં સારી કરવત માગીને લઈ ગયો. બીજા દિવસે મને તે વરસાદમાં પલળતી પડેલી મળી. મેં તેને કહ્યું કે મારે ફરીથી તેને તે કરવત આપવી જોઈએ નહીં. એ સજા નહોતી, કારણ કે સજામાં હંમેશાં સાચા-ખોટાની બાબત સંડોવાતી હોય છે. કરવતને વરસાદમાં પલળતી છોડી દેવી એ કરવત માટે ખરાબ છે, પણ એ કામ કોઈ અનૈતિક કે ખોટું કામ નથી. એ બાળક માટે એ શીખવું અગત્યનું હતું કે એક વ્યક્તિ કોઈ બીજાની વસ્તુ ઉધાર લઈને બગાડી શકે નહીં, અથવા કોઈ બીજાની મિલકત અથવા બીજી કોઈ વ્યક્તિને નુકસાન પહોંચાડી શકે નહીં. કારણ કે અહીં બાળકને મન ફાવે તેમ કરવા દેવું, અથવા *બીજાના ખર્ચે* તેને જે કરવું હોય તે કરવા દેવું, તે બાળક માટે ખરાબ છે. તેનાથી બાળક બગડે છે, અને એક બગડેલું બાળક એ એક ખરાબ નાગરિક બને છે.

થોડા વખત પહેલાં અમારે ત્યાં એક છોકરો આવ્યો હતો. તેની પહેલાંની શાળામાં તેણે દરેક જણને ચીજો ફેંકીને અને ક્યારેક ખૂન કરી નાખવાની ધમકી આપીને ત્રાહિમામ પોકરાવી દીધા હતા. તેણે એ જ રમત મારી સાથે અજમાવવાની કોશિશ કરી. થોડા જ સમયમાં હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો કે લોકોને ભયથી ચોંકાવવા માટે અને એમ કરીને ધ્યાન મેળવવા માટે તે પોતાના ક્રોધનો ઉપયોગ કરે છે.

એક દિવસ, હું રમતખંડમાં દાખલ થયો તો મેં જોયું કે તમામ બાળકો રૂમના એક છેડે ભેગાં થયેલાં હતાં. બીજા છેડે આ નાનકડો ત્રાસવાદી બાળક હાથમાં હથોડી લઈને ઊભો હતો. જે કોઈ પણ તેની નજીક આવશે તેને હથોડીથી મારવાનું કહીને તે સૌને ધમકાવી રહ્યો હતો.

"આ બધી ધમાલ છોડ, મારા દીકરા," મેં સખતાઈથી કહ્યું. "અમે તારાથી ડરતાં નથી."

તેણે હથોડી છોડી દીધી અને મારી તરફ ધસી આવ્યો. તેણે મને બચકાં ભર્યાં અને લાતો મારી.

"દરેક વખતે જ્યારે તું મને મારીશ કે બચકું ભરીશ," મેં શાંતિપૂર્વક કહ્યું, "ત્યારે હું તને સામે મારીશ." અને મેં એમ કર્યું. બહુ થોડા સમયમાં તેણે હરીફાઈ મૂકી દીધી અને ઓરડામાંથી બહાર દોડી ગયો.

આ સજા નહોતી. આ એક આવશ્યક બોધપાઠ હતોઃ વ્યક્તિ તેના પોતાના આનંદ-સંતોષ માટે અન્યોને હાનિ પહોંચાડી ન શકે.

મોટા ભાગનાં ઘરોમાં આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે સજા આપવામાં આવતી હોય છે. શાળામાં પણ આજ્ઞાના ઉલ્લંઘન અને ઉદ્ધતાઈને ખરાબ અપરાધો તરીકે જોવામાં આવે છે. જ્યારે હું એક યુવાન શિક્ષક હતો ત્યારે બ્રિટનના મોટા ભાગના શિક્ષકોને જેવી છૂટ હોય છે તેવી, બાળકોને ફટકારવાની આદત ધરાવતો હતો. એ વખતે મારું કહ્યું ન માનતા છોકરાઓ પ્રત્યે હું હંમેશાં સૌથી વધુ ગુસ્સે થતો હતો. મારો નાનકડો અહંકાર તેનાથી ઘવાતો હતો. જેમ ઘરમાં પપ્પા માટીના ભગવાન છે તેમ જ હું વર્ગખંડનો માટીનો ભગવાન હતો. આજ્ઞાભંગ માટે સજા આપવી એટલે પોતાની જાતને સર્વશક્તિમાન ઈશ્વર સાથે સરખાવવીઃ *તમે મારા સિવાય બીજા કોઈને ઈશ્વર માનશો નહીં!*

પાછળથી જ્યારે હું જર્મની અને ઓસ્ટ્રિયામાં ભણાવતો હતો, ત્યાં જ્યારે શિક્ષકો મને પૂછતા કે બ્રિટનમાં શારીરિક સજા આપવાનું ચલણ છે કે કેમ ત્યારે મને હંમેશાં શરમ અનુભવાતી. જર્મનીમાં વિદ્યાર્થીને મારનાર શિક્ષક પર ગેરકાયદે શારીરિક હુમલો કરવા અંગે કામ ચલાવવામાં આવે છે, અને સામાન્ય રીતે તેને સજા કરવામાં આવે છે. બ્રિટિશ શાળાઓમાં સોટીથી ફટકારવા અને ચાબુકથી મારવાને આપવામાં આવતી માન્યતા એ આપણી સૌથી મોટી નામોશી છે.

એક મોટા શહેરના ડોક્ટરે મને એકવાર કહ્યું હતું, "અહીં અમારી શાળાઓમાંથી એકનો વડો, ક્રૂર શિક્ષક છે. તે બાળકોને અત્યંત ક્રૂરતાપૂર્વક મારે છે. મારી પાસે ઘણી વાર તેના કારણે માનસિક રીતે ભાંગી પડેલાં બાળકોને લાવવામાં આવે છે, પણ હું કશું જ કરી શકતો નથી. લોકમત અને કાયદો તેના પક્ષે છે."

બહુ વખત નહીં થયો હોય, છાપાંઓમાં એક કિસ્સો આવ્યો હતો જેમાં એક ન્યાયાધીશે બે પાપ આચરનારા ભાઈઓને કહ્યું હતું કે જો તેમને બચપણમાં થોડો મેથીપાક મળ્યો હોત, તો તેમણે આજે કોર્ટમાં ઊભા રહેવાનો વારો ન આવ્યો હોત. જેમ પુરાવાઓ ખૂલતા ગયા, તેમ એ હકીકત બહાર આવી કે એ બંને છોકરાઓને લગભગ દરરોજ રાત્રે તેમના પિતા દ્વારા પીટવામાં આવતા હતા.

સોલોમનના સુવિચારોએ જેટલું સારું કર્યું છે તેના કરતાં વધુ નુકસાન તેમની દંડની વાર્તાઓએ પહોંચાડ્યું છે. આત્મ-નિરીક્ષણની સહેજ પણ શક્તિ ધરાવતો કોઈ માણસ કદી એક બાળકને મારી ન શકે, અથવા બાળકને મારવાની ઇચ્છા સુદ્ધાં ધરાવી ન શકે.

ફરીથી કહું તોઃ મારવાથી બાળકમાં ડર ઊભો થાય છે, પણ *માત્ર ત્યારે જ કે જ્યારે તે નીતિમત્તા સાથે, ખોટું કર્યાનો ભાવ આપીને કરવામાં આવ્યું હોય*. જો ગલીનો કોઈ તોફાની છોકરો માટીનું ઢેફું મારીને મારી હેટ પાડી નાખે અને હું તેને પકડીને, તેને કાન નીચે એક ઝાપટ મારું, તો છોકરાને મારી આ પ્રતિક્રિયા સહજ લાગશે. તેનાથી છોકરાના આત્માને કોઈ હાનિ પહોંચતી નથી. પણ જો હું તેની શાળાના આચાર્ય પાસે જાઉં અને અપરાધીને સજા કરવાની માગણી કરું, ત્યારે સજા પાછળ બાળકના મનમાં ઊભો થતો ડર બાળક માટે ખરાબ હોય છે. આખું પ્રકરણ તત્ક્ષણ નીતિમત્તાનું અને સજાનું બની જાય છે. બાળકને એમ લાગશે કે તેણે એક અપરાધ કર્યો હતો.

આના પછી ભજવાતું દશ્ય આસાનીથી કલ્પી શકાય છે! હું ત્યાં મારી ધૂળભરી હેટ સાથે ઊભો છું. આચાર્ય પોતાની બેઠક લે છે અને પોતાની ભયંકર દષ્ટિથી બાળકને ત્યાં ને ત્યાં ખોડેલો રાખે છે. છોકરો માથું નીચું રાખીને ઊભો હોય છે. તે તેની પર આક્ષેપ મૂકનારાઓની સર્વોપરિતા તળે દબાઈ ગયો છે. પરંતુ ગલીમાં તેની પાછળ દોડીને તેને દબોચીને પકડતી વખતે, હું તેનો સમકક્ષ હતો. મારી હેટ પાડી નાખ્યા પછી મારી કોઈ ગરિમા રહેતી નહોતી. હું માત્ર એક બીજો માણસ હતો. છોકરાને જીવન માટેનો એક આવશ્યક પાઠ મળી ગયો હતો – એવો પાઠ કે જો તમે કોઈને મારશો તો તે ગુસ્સે ભરાશે અને તમને સામે જોરદાર ફટકો મળશે.

સજાને ક્રોધી સ્વભાવ સાથે કોઈ જ લેવાદેવા નથી. સજા એ ઠંડા કલેજે અને ન્યાયસંગત રીતે આપવામાં આવે છે. સજા એ સદંતર નીતિમત્તાની બાબત છે. સજા સ્પષ્ટપણે એવું જાહેર કરે છે કે તે સમગ્રપણે આરોપીના ભલા માટે જ છે. (દેહાંતદંડની સજાના કિસ્સામાં તે સમાજના સારા માટે છે.) સજા આપવી એ એક એવી ક્રિયા છે જેમાં માણસ પોતાની જાતને ભગવાન સાથે સરખાવે છે અને નૈતિક ચુકાદો તોળવા બેસે છે.

ઘણાં માતાપિતાઓ એવા વિચારમાં મહાલતાં હોય છે કે, કારણ કે ભગવાન વળતર અને સજા આપે છે, એટલે તેમણે પણ, પોતાનાં બાળકોને વળતર અને સજા આપવા જોઈએ. આ માતાપિતાઓ પ્રામાણિકપણે ન્યાયી થવાની કોશિશ કરે છે, અને તેઓ ઘણીવાર પોતાની જાતને મનાવી લે છે કે તેઓ બાળકને 'તેના' ભલા માટે જ સજા આપી રહ્યાં છે. *"તેને એનાથી જેટલું દુઃખ થાય છે તેનાથી વધુ મને થાય છે"* - એ જૂઠાણાં કરતાં વધુ જાત સાથેની છેતરપિંડી છે. વ્યક્તિએ યાદ રાખવું ઘટે કે ધર્મ અને નીતિમત્તા, સજાને એક ઉપરથી આકર્ષક દેખાતી પરંપરા બનાવે છે - માત્ર

ઉપર-ઉપરથી આકર્ષક, કારણ કે સજા અંતરાત્માને મુક્તિ અપાવે છે. "મેં કીમત ચૂકવી દીધી છે!" એમ પાપી કહે છે.

મારાં વ્યાખ્યાનોના અંતે પ્રશ્નોત્તરીના સમયમાં, ઘણે ભાગે એકાદ જુનવાણી વ્યક્તિ ઊભી થઈને કહે છે, "મારા પપ્પા મને ચપ્પલે ચપ્પલે મારતા હતા, અને મને તેનો કોઈ રંજ નથી, સાહેબ! જો મને મારવામાં ન આવ્યો હોત તો હું આજે જે છું તે કદી ન બની શક્યો હોત." મેં જો કે કદી એવું પૂછવાની ધૃષ્ટતા કરી નથી કે, "અચ્છા ભલા, તો આજે તમે ખરેખર છો શું?"

સજા હંમેશાં કોઈ માનસિક નુકસાન પહોંચાડતી નથી, એમ કહેવું તે આ પ્રશ્નમાંથી છટકવા બરાબર છે, કારણ કે સજા વ્યક્તિના જીવનનાં આગળનાં વર્ષોમાં શું પ્રતિક્રિયા ઊભી કરશે તે આપણે જાણતા નથી. જેમની અશ્લીલ અનાવરણ કરવા માટે ધરપકડ કરવામાં આવે છે તેવા ઘણા દેખાવકારો, બાળપણમાં બાલિશ જાતીય આદતો માટે સજાનો ભોગ બનેલા હોય છે.

જો સજા ક્યારેય પણ સફળ નીવડી હોય, તો તેની તરફેણમાં થોડીક દલીલો તો હોવી જોઈએ. કોઈ પણ ભૂતપૂર્વ સૈનિક તમને કહેશે તેમ, સજા ડરાવીને અંકુશમાં રાખી શકે છે તે સાચું છે. જો એક માતાપિતાને એવા બાળકથી સંતોષ હોય, કે જેનું મનોબળ સંપૂર્ણપણે ડરથી ભાંગી ગયેલું હોય, તો એવાં માબાપ માટે સજા સફળ છે.

સજા પામેલાં બાળકોમાંથી કેટલાં તેમના ભાંગેલા મનોબળ સાથે જીવનભર નપુંસક રહે છે, અને કેટલાં બળવો પોકારીને, તેથી પણ વધુ અસામાજિક બને છે, કોઈ કહી શકે તેમ નથી. શાળામાં ભણાવવાનાં મારાં પચાસ વર્ષો દરમ્યાન, મેં ક્યારેય કોઈ માતા/પિતાને એમ કહેતાં સાંભળ્યાં નથી કે, "મેં મારા બાળકને બરાબર ફટકાર્યું છે, અને હવે તે એક સારો છોકરો છે." ઊલટાનું, અસંખ્ય વખત, મેં તેમના મોઢે આ ખેદજનક વાર્તા સાંભળી છે, "મેં તેને માર્યો હતો, તેને સમજાવ્યો હતો, તેને દરેક રીતે મદદ કરી હતી, છતાં તે વધુ ને વધુ ખરાબ બનતો ગયો છે."

સજા પામતું બાળક ખરેખર ખરાબ ને ખરાબ બનતું જાય છે. તેથી પણ વધુ, મોટું થઈને તે એક સજા આપતો પિતા અથવા સજા આપતી માતા બને છે, અને વર્ષો સુધી નફરતનું આ ચક્ર ચાલ્યા જ કરે છે.

હું ઘણી વખત મારી જાતને પૂછું છું, "અન્યથા દયાળુ હોય એવાં માબાપ શા માટે પોતાનાં બાળકો માટે ક્રૂર શાળાઓને સહન કરી લે છે?" એવું લાગે છે કે આ માબાપોને, પ્રાથમિક રીતે, પોતાનાં બાળકોને સારું શિક્ષણ મળે તે બાબતની ચિંતા હોય છે. જેની તરફ તેઓ દુર્લક્ષ સેવે છે તે એ છે કે એક સજા આપતો શિક્ષક રસ લેવા માટે ફરજ પાડે

છે, પણ આ પરાણે ઊભો કરાયેલો રસ, સજામાં ઊભો થાય છે, નહીં કે બ્લેકબોર્ડ પર ગણાતા દાખલાઓમાં. હકીકતમાં, શાળા અને કૉલેજોના આપણા ટોચના વિદ્યાર્થીઓ, જીવનમાં આગળ જતાં સાવ સાધારણ બની જતા હોય છે. સારા ગુણ મેળવવા પાછળનો તેમનો રસ, મોટા ભાગે, માતાપિતાના ધક્કાના કારણે ઊભો થયેલો હોય છે, અને જે-તે વિષયમાં ખરેખરો રસ તો તેમાંના બહુ થોડાને હોય છે.

બાળકોએ શિક્ષકોની બીક અને સજાના ડરનો જે સામનો કરવાનો રહે છે તે માબાપ અને બાળક વચ્ચેના સંબંધને ચોક્કસ અસર કરે જ છે. કારણ કે બાળકને મન પ્રતીકાત્મક રીતે, દરેક પુખ્ત મનુષ્ય એ પિતા અથવા માતા છે. અને દરેક વખતે જ્યારે શિક્ષક તેને સજા કરે છે, ત્યારે બાળકમાં એ પ્રતીકની પાછળ રહેલા પુખ્ત મનુષ્ય માટે – તેના પિતા માટે અથવા તેની માતા માટે - નફરત અને ડર ભેગાં થાય છે. આ વ્યગ્ર કરી નાખતો વિચાર છે. અલબત્ત, બાળકો તેમની આ લાગણી પ્રત્યે જાગ્રત હોતાં નથી, પણ મેં એક તેર વર્ષના છોકરાને બોલતાં સાંભળ્યો હતો, "મારા છેલ્લા આચાર્ય મને ખૂબ મારતા હતા, અને હું સમજી શકતો નથી કે મારા પપ્પા અને મમ્મીએ શા માટે મને એ શાળામાં રાખ્યો હતો. એ એક ક્રૂર, લાગણીશૂન્ય માણસ છે એની તેમને ખબર હતી, પણ તેમણે એ અંગે કશું જ કર્યું નહોતું."

ભાષણનું રૂપ લેતી સજા, ચાબુકના ફટકા કરતાં પણ વધુ જોખમી હોય છે. એ ભાષણો કેટલાં પ્રભાવી હોઈ શકે છે! "પણ શું તને ખબર નહોતી કે તું ખોટું કરી રહ્યો છે?" બાળક ડૂસકાં સાથે નકારમાં માથું ધુણાવે છે. "એ કરવા બદલ તું દિલગીર છે એમ કહે."

ધુતારાઓ અને દંભીઓની તાલીમ તરીકે, ભાષણના રૂપમાં અપાતી સજાનો બીજો કોઈ જોટો જડે તેમ નથી. હજી તેથી પણ ખરાબ એ, બાળકની હાજરીમાં તેના અપરાધી આત્મા કાજે પ્રાર્થના કરવી તે છે. તે ક્ષમ્ય નથી, કારણ કે આમ કરવાથી બાળકમાં ઊંડો અપરાધભાવ ઊભો થયા વિના રહેતો નથી.

સજાનો એક બીજો પ્રકાર – બિનશારીરિક, પણ એક બાળકના વિકાસ માટે એટલો જ હાનિકારક - એ સતત પાછળ પડી જવું તે છે. આખો દિવસ પોતાની દસ વર્ષની છોકરીની પાછળ પડી જતી માતાને મેં અનેકવાર સાંભળી છેઃ *તડકામાં જતી નહીં, વહાલી... વહાલુડી, મહેરબાની કરીને કઠેરાથી દૂર રહેજે... ના, વહાલી, તું આજે તરવા માટે નહીં જઈ શકે, તને ચોક્કસ શરદી લાગી જશે!* આ રીતે કચકચ કરીને પાછળ પડી જવું તે ચોક્કસ પ્રેમની નિશાની તો નથી જઃ તે અજાગ્રત નફરતને ઢાંકતા, માતાના ડરની નિશાની છે.

સજાના તમામ હિમાયતીઓ એક ગુનેગારની જીવનકહાણી કહેતી આ આહ્લાદક ફ્રેન્ચ ફિલ્મ જોઈ શકે અને પચાવી શકે એવું હું ઇચ્છું છું. આ ફિલ્મમાં જ્યારે એ ગુનેગાર એક નાનકડો છોકરો હતો, ત્યારે તેને કોઈક ખોટા કામની સજા રૂપે રવિવારના સાંજના જમણમાં હાજર રહેવાની મનાઈ ફરમાવવામાં આવે છે. યોગાનુયોગ આ જમણમાં વપરાયેલા મશરૂમ ઝેરી હોય છે. પછી જ્યારે, એ પોતાના પરિવારના તમામ સભ્યોના મૃતદેહ ઊઠતાં જુએ છે, ત્યારે તે શીખે છે કે સારા બનવામાં કંઈ ફાયદો નથી. નીતિમત્તાનો પાઠ આપતી એક અનૈતિક વાર્તા ઘણાં સજા આપનારાં માબાપો ખમી શકતાં નથી.

મળવિસર્જન અને શૌચક્રિયાઓની તાલીમ

સમરહિલના મુલાકાતીઓ ચોક્કસ ઘણીવાર અમારા વિશે વિચિત્ર છાપ લઈને જતા હશે, કારણ કે કેટલીકવાર અમે બધા જ શૌચકર્મો વિશે વાત કરતાં હોઈએ છીએ. મને લાગે છે કે એમ કરવું ચોક્કસપણે આવશ્યક હોય છે. દરેક બાળકને મળમાં રસ પડતો હોય છે એવું મને જોવા મળ્યું છે.

બાળકને પોતાના મળમૂત્રમાં પડતા રસ વિશે એટલું બધું લખાયું છે કે મારી શિશુવયની દીકરીનું નિરીક્ષણ કરીને મને ઘણું બધું શીખવાની અપેક્ષા હતી. જો કે, તેણે તેમાં કોઈ જ રસ અથવા તો સૂગ દાખવ્યાં નહીં. પોતાના શરીરની પેદાશો સાથે રમવાની તેને કોઈ ઇચ્છા નહોતી. પણ જ્યારે તે ત્રણ વર્ષની હતી, ત્યારે એનાથી એક વર્ષ મોટી તેની મિત્રે (જે છોકરીને સ્વચ્છ રહેવાની તાલીમ આપવામાં આવી હતી) તેને ખૂબ ગુસપુસ, શરમ અને અપરાધભાવથી પ્રેરિત ખિખિયાટા સહિતની કોઈ મળમૂત્રની રમત શીખવી. અલબત્ત, એ એક થકવી નાખનારી રમત હતી પણ વચ્ચે પડવામાં તેને કોઈ ગ્રંથિ આપવાનું જોખમ હતું તે જાણતાં હોવાથી અમે તે વિશે કશું જ કરી શકીએ તેમ નહોતાં. સદ્નસીબે, થોડા જ સમયમાં ઝોઈ પેલી નાનકડી છોકરીની એકમાર્ગી પ્રવૃત્તિઓથી થાકી ગઈ અને મળમૂત્રની રમત પર પૂર્ણવિરામ આવ્યું.

એક બાળકને મળમૂત્ર અને દુર્ગંધમાં કશું જ આઘાત પામવા જેવું લાગતું નથી, પણ પુખ્તોને એવો ખ્યાલ ભાગ્યે જ આવતો હોય છે. વયસ્કોનો આઘાતભર્યો અભિગમ જ બાળકને અપરાધભાવ આપે છે. મને સમરહિલ પર મોકલવામાં આવેલી એક

અગિયાર વર્ષની છોકરી યાદ આવે છે. જીવનમાં તેનો એક માત્ર રસ શૌચાલયોમાં સમાયેલો હતો. બારણાની ચાવીના કાણામાંથી ડોકિયાં કરતાં રહેવામાં તેને બહુ જ આનંદ આવતો. મેં તરત જ તેના ભૂગોળના વર્ગો બદલીને શૌચાલયો માટેના કરી દીધા. તે ખૂબ ખુશ થઈ ગઈ. દસ દિવસ પછી મેં વાતવાતમાં શૌચાલયો વિશે કંઈક ટિપ્પણી કરી. "તેના વિશે કશું જ સાંભળવાની ઈચ્છા નથી," તેણે કંટાળાથી કહ્યું, "શૌચાલયો વિશે વાત કરી કરીને હું થાકી ગઈ છું."

બીજો એક વિદ્યાર્થી, એક છોકરો કોઈ પણ વર્ગમાં રસ લઈ શકતો નહોતો કારણ કે મળમૂત્ર અને તેની સાથે સરખાપણું ધરાવતી વસ્તુઓએ તેના મગજ પર કબજો જમાવેલો હતો. મને ખબર હતી કે જ્યારે તેનો આ રસ ખૂટી જશે ત્યારે જ તે ગણિતમાં ધ્યાન પરોવી શકશે. અને એવું જ થયું.

એક શિક્ષકનું કામ સરળ છેઃ એક બાળકનો રસ શેમાં સમાયેલો છે તે શોધી કાઢવું અને પછી તેને એ રસ પૂરેપૂરો જીવી લેવા માટે મદદ કરવી. સત્ય હંમેશાં એમ જ હોય છે. દબાવવાથી અને એ બાબતે મૌન સેવવાથી માત્ર એ રસ અંદર ભૂગર્ભમાં ઊતરી જાય છે, એટલું જ.

"પણ શું આ પદ્ધતિ તમારાં બાળકોને ગંદા વિચાર ધરતાં- મેલાં મનનાં નહીં બનાવે?" શ્રીમતી નીતિમત્તા પૂછે છે.

"ના, એ તમારી પદ્ધતિ છે જે, જેને તમે મેલું કહો છો, તેમાં તેમના રસને કાયમી બનાવી દે છે. જ્યારે વ્યક્તિ પોતાના જે-તે રસને પૂરેપૂરો જીવી નાખે ત્યાર પછી જ, તે કશાક નવામાં રસ લેતી થઈ શકે છે."

"શું તમે ખરેખર બાળકોને શૌચાલયો વિશે વાત કરવા માટે પ્રોત્સાહન આપો છો?"

"હા, જ્યારે મને લાગે કે તેમનો રસ શૌચાલયોમાં રહેલો છે, ત્યારે જરૂર. માત્ર વધુ મનોરોગી કિસ્સાઓમાં જ એક અઠવાડિયાથી વધુ લાંબો સમય સુધી આમ વાતો કરવાની જરૂર પડે છે."

થોડાંક વર્ષો અગાઉ આવો એક મનોરોગી કિસ્સો બન્યો હતો. આખો દિવસ પોતાનો પાયજામો બગાડ્યા કરતો હોવાથી એક નાનકડા છોકરાને, અમારી પાસે મોકલવામાં આવ્યો હતો. આમ કરવા માટે તેની માતાએ તેને સોટીએ સોટીએ ફટકાર્યો હતો, અને વિવશતામાં, છેવટે તેણે તેને પોતાનો મળ ખાવા માટે મજબૂર કર્યો હતો. અમારે જે સમસ્યા સાથે કામ પાર પાડવાનું હતું તેની તમે કલ્પના કરી શકશો. આ છોકરાને એક નાનો ભાઈ હતો, અને આ સમસ્યાની શરૂઆત નાના

ભાઈના જન્મ સાથે થઈ હતી, એ વાત ધીમે ધીમે બહાર આવી. આ કારણ ખૂબ દેખીતું હતું. છોકરાએ વિચાર્યું હતુંઃ *તેણે મારી પાસેથી મમ્મીનો પ્રેમ લઈ લીધો છે. જો હું પણ તેના જેવો હોઉં અને મારાં બાળોતિયાં ગંદાં કરતો હોઉં, તો મમ્મી મને ફરીથી ચાહવા લાગશે.*

મેં તેને તેના સાચા પ્રેરકબળ વિશે સભાન બનાવવા માટે વિશેષ રૂપે તૈયાર કરેલાં "પ્રાઇવેટ લેસન્સ" આપ્યાં, પણ ઉપચારો ભાગ્યે જ તત્કાળ અને નાટકીય પરિણામો આપે છે. લગભગ એક વર્ષથી વધુ સમય એ છોકરાએ દિવસમાં ત્રણ વખત પાયજામો બગાડ્યા કર્યો. કોઈએ તેને એક પણ કડવું વેણ સંભળાવ્યું નહીં. અમારી પરિચારિકા, શ્રીમતી કોર્કહિલે ઠપકાનો એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના સફાઈનું કામ કર્યું. પણ જ્યારે મેં તેને તે ઘણી વધુ માત્રામાં ગંદું કરે ત્યારે દરેક વખતે ઈનામ આપવાનું શરૂ કર્યું ત્યારે તેમણે જરૂર વિરોધ દર્શાવ્યો. ઈનામનો અર્થ હતો કે હું તેની આ વર્તણૂકને માન્યતા આપી રહ્યો છું.

આ સમગ્ર ગાળા દરમ્યાન, એ છોકરો એક નાનકડો ધિક્કારભર્યો શેતાન રહ્યો. કોઈ આશ્ચર્યની વાત નથી! તે સમસ્યાઓ અને ખેંચતાણોથી ઘેરાયેલો હતો. પણ સાજા થઈ ગયા પછી, તે તદ્દન સાફસુથરો બની ગયો અને અમારી સાથે ત્રણ વર્ષ રહ્યો. વખત જતાં, તે બહુ વહાલસોયો જુવાનિયો બની ગયો હતો. જ્યાં તે કશું શીખી શકે એવી શાળામાં પોતે તેને મૂકવા ઈચ્છે છે એવા કારણસર તેની માતાએ તેને સમરહિલમાંથી ઉઠાવી લીધો. નવી શાળામાં એક વર્ષ વીતાવ્યા પછી જ્યારે તે અમને મળવા માટે પાછો આવ્યો, ત્યારે તે એક બદલાયેલો છોકરો હતો – દંભી, ભયભીત, નાખુશ. પોતાને સમરહિલમાંથી ઉપાડી લેવા માટે તે કદી પોતાની માતાને માફ નહીં કરે એવું તેણે કહ્યું, અને તે કદી માફ કરશે પણ નહીં. વિચિત્ર છે, પણ આટલાં બધાં વર્ષોમાં, અમારે ત્યાં પાયજામો ગંદા કરતા બાળકનું એક માત્ર ઉદાહરણ તે જ છે. આવા અનેક કિસ્સાઓ પ્રેમથી વંચિત રાખવા માટે માતા પ્રત્યેના નફરતના કિસ્સાઓ હોઈ શકે છે.

બાળકને પોતાની શારીરિક ક્રિયાઓ પ્રત્યે સ્થિર અને વિકૃત રસ ઊભો થાય તેમ કર્યા વિના, બાળકને સ્વચ્છ રાખવું શક્ય છે. બિલાડીના બચ્ચા અને વાછરડાને મળમૂત્ર માટે કોઈ ગ્રંથિ હોય તેમ લાગતું નથી. બાળકમાં આ ગ્રંથિ તેને જે રીતે સૂચના આપવામાં આવે છે તેમાંથી બને છે. જ્યારે માતા તેને *બદમાશ અથવા ગંદો અથવા પછી છી...છી...* કહે છે, ત્યારે સાચા અને ખોટાનું તત્ત્વ વચ્ચે આવે છે. એ નૈતિકતાનો પ્રશ્ન બની જાય છે – જ્યારે એ માત્ર એક શારીરિક પ્રશ્ન રહેવો જોઈએ.

આમ, એક મળમૂત્રથી રમવામાં રત બાળકને તે ગંદુ છે તેમ કહેવું તે તેની સાથે વ્યવહાર કરવાની ખોટી રીત છે. તેને કાદવ અથવા માટીની લૂગદી આપીને, મળમાં રહેલો તેનો રસ પૂરેપૂરો જીવી લેવા છૂટ આપવી તે સાચો રસ્તો છે. આ રીતે દમન વિના તે પોતાના રસથી મુક્ત થઈ શકે છે. તે પોતાના રસને ધરાઈને જીવી લે છે, અને આમ કરવામાં, તે એને સમાપ્ત કરી નાખે છે.

એક વખતે સમાચારપત્ર માટેના એક લેખમાં, મેં બાળકના કાદવની લૂગદીઓ બનાવવાના અધિકારનો ઉલ્લેખ કર્યો હતો. તેના પ્રત્યુત્તરમાં, એક જાણીતા મોન્ટેસરી કેળવણીકારે મને પત્ર લખ્યો કે તેમનો અનુભવ છે કે જ્યારે બાળકને માટીની લૂગદીઓ બનાવવા કરતાં *કશુંક વધુ સારું કરવા માટે* આપવામાં આવે, ત્યારે બાળક માટીની લૂગદીઓ બનાવવા માગતું નથી (ત્રાંસા અક્ષરો મારા છે). પણ જ્યારે બાળકનો રસ માટી/કાદવમાં સ્થિર થઈ ગયો હોય ત્યારે તેને મન કશું જ વધુ સારું કરવાનું હોતું જ નથી. અલબત્ત, સમસ્યાગ્રસ્ત બાળકને તે શું કરી રહ્યું છે તે અંગે માહિતગાર કરવું જોઈએ, કારણ કે મળમાં રહેલો મૂળ રસ પૂરો કરી લીધા વિના, વર્ષો સુધી માટીની લૂગદીઓ બનાવતા રહેવું શક્ય છે.

મને આઠ વર્ષનો જિમ યાદ આવે છે, જે મળ અંગેની પરિકલ્પનાઓમાં રાચતો હતો. મેં જિમને માટીની લૂગદીઓ બનાવવા પ્રોત્સાહિત કર્યો. પણ એ બધો જ વખત મેં તેને કહ્યા કર્યું કે તે ખરેખર શામાં રસ ધરાવતો હતો. આ રીતે સાજા થવાની પ્રક્રિયાએ ઝડપ પકડી. મેં તેને એવું સીધેસીધું નહોતું કહ્યું કે "તું આ એટલા માટે કરી રહ્યો છે કારણ કે આ તેના માટેનો વિકલ્પ છે." મેં માત્ર બે ઘટકો વચ્ચેની સામ્યતા અંગે તેને યાદ કરાવ્યા કર્યું હતું. અને તે કારગત રહ્યું. નાના બાળકને, કહો કે પાંચેક વર્ષના બાળકને આમ કહેવાની જરૂર રહેતી નથી, કારણ કે તે માટીની લૂગદીઓ બનાવવામાં જ આસાનીથી પોતાની પરિકલ્પનાઓને મન ભરીને જીવી લેતું હોય છે.

એક બાળક માટે, મળ એ અભ્યાસ માટેનો સૌથી અગત્યનો વિષય છે. આ રસને કોઈ પણ રીતે દબાવવો તે જોખમી અને મૂર્ખાઈભરેલું ગણાશે. બીજી તરફ, વ્યક્તિએ મળને વધુ પડતું મહત્ત્વ પણ આપવું ન જોઈએ, સિવાય કે બાળક તેના પોતાના ઉત્પાદન અંગે ગૌરવ અનુભવતું હોય - આ કિસ્સામાં પ્રશંસા યોગ્ય ગણાશે. જો બાળક અકસ્માતે કપડાં બગાડી નાખે, તો તેને સામાન્ય ઘટના ગણી, ગંભીરતાપૂર્વક લેવું નહીં.

માત્ર બાળકને જ મળત્યાગ સર્જનાત્મક લાગે છે એવું નથી, ઘણા પુખ્તોને મન પણ એમ હોય છે. તેમનું પેટ એકદમ સરસ સાફ થયું, ઘણો ભાર હળવો થયો એ

હકીકત ટાંકીને પુખ્તો પણ ઘણીવાર આનંદ અને ગૌરવ લેતા હોય છે. પ્રતીકાત્મક રીતે, તે કંઈક અત્યંત મૂલ્યવાન એવી બાબત છે. તિજોરી લૂંટ્યા બાદ, જાજમ પર મળત્યાગ કરતા ધાડપાડુનો ઈરાદો અપમાન અથવા હાનિ પહોંચાડવાનો હોતો નથી. તે પ્રતીકાત્મક રીતે, પોતે જે કંઈ ચોર્યું છે તેના બદલામાં ત્યાં કંઈક મૂલ્યવાન મૂકી જઈને, પોતાનો અપરાધભાવ દર્શાવે છે.

પ્રાણીઓ પોતાની કુદરતી ક્રિયાઓ પ્રત્યે અજાગ્રત હોય છે. પોતાનાં છાણ પર આપમેળે માટી વાળી દેતાં કૂતરા અને બિલાડીઓ તેમ નૈસર્ગિક વૃત્તિથી કરતાં હોય છે, જે બહુ પહેલાં, જ્યારે ખોરાકને ચોખ્ખો રાખવો જરૂરી હતો, ત્યારે આવશ્યક હશે. માણસનો પોતાના મળ પ્રત્યેનો નૈતિક અભિગમ, ઘણે ભાગે કદાચ તેના અકુદરતી ખોરાક સાથે લેવાદેવા રાખતો હશે. ઘોડા, ઘેટાં-બકરાં અને સસલાંઓની લાદ એ ઘણો સ્વચ્છ પદાર્થ હોય છે અને કોઈ હિસાબે સૂગ ચઢે એવો હોતો નથી. બીજી તરફ, માણસનો મળ એ સૂગ કરનારો હોય છે કારણ કે તેનો ખોરાક એ અકુદરતી પદાર્થોનો મેલોઘેલો ગરબડ ગોટાળો હોય છે. ક્યારેક હું વિચારું છું કે જો પ્રાણીઓની જેમ જ માણસના મળને હાથ લગાડવો સહેલો હોત, તો બાળકો માટે ભાવનાત્મક સ્વાતંત્ર્યમાં ઊછરવાની વધુ સારી તક ઉપલબ્ધ રહી હોત.

માનવ-મળ માટે પુખ્ત મનુષ્યો જે સૂગ ધરાવે છે તે નિ:શંકપણે બાળ-માનસમાં નકારાત્મક, નફરત-ઉપજાવતો હિસ્સો વિકસાવવામાં મોટો ભાગ ભજવે છે. કારણ કે કુદરતે મળ-મૂત્ર ઉત્સર્જનનાં અને જાતીય અંગો એકબીજાની નજીક ગોઠવ્યાં છે, એટલે બાળક એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે તે બંને મેલાં છે. એટલે, મળ પ્રત્યેની માબાપની ઘૃણા જોઈને, બાળક મહદ્ અંશે સેક્સને પણ એ જ રીતે જોતાં શીખે છે. આમ, સેક્સ અને મળ પ્રત્યેની ઘૃણા એક જ દમનવૃત્તિનો ભાગ છે.

પોતાના બાળકનાં બાળોતિયાં ધોતી વખતે માતાને સૂગની કોઈ લાગણી ન થતી હોય તેમ બની શકે. જો કે, ત્રણ વર્ષ પછી, જ્યારે તેણે જાજમ પરથી નાનકડો ઢગલો સાફ કરવો પડે ત્યારે તે ખાસ્સી એવી નારાજગી બતાવી શકે છે. મળમૂત્રથી ખરડાયાની કોઈ પણ પરિસ્થિતિ સાથે કામ પાર પાડતી વખતે માતાએ ખૂબ કાળજી રાખવી જોઈએ, એવું યાદ રાખીને કે બાળક પર ઉતારેલો આવેશભર્યો ગુસ્સો કદી નકામો જતો નથી. તે બાળકની અંદર ઊતરે છે અને ત્યાં રહે છે, અને તે તેના ચરિત્રમાં કોતરાઈ જાય છે.

આહાર

એકહથ્થુ સત્તા ચલાવવાનું શિશુ-અવસ્થાથી જ શરૂ થઈ જતું હતું અને હજી પણ એમ જ થાય છે. બાળકના સ્વભાવ સાથે થતી પહેલી દખલગીરી એ જોરજુલમ છે. અને આ પહેલી દખલગીરી હંમેશાં આહારની બાબતે કરવામાં આવે છે. નવા જન્મેલા બાળકને સમયપત્રક અનુસાર ધાવણ આપવાથી કે ભૂખ્યું રાખવાથી તેનો પ્રારંભ થાય છે.

આ માટેનો ઉપરછલ્લો ખુલાસો એ છે કે સમયપત્રક અનુસાર ધાવણ આપવાથી વયસ્કોના દૈનિક કામકાજમાં ઓછામાં ઓછી દખલ થાય છે અને તેમને સગવડતા રહે છે. પણ ઊંડે ઊંડે, નવા જન્મેલા જીવન અને તેની કુદરતી જરૂરિયાતો પ્રત્યેનો દ્વેષ એ તેની પાછળનું સાચું ચાલકબળ હોય છે. આ બાબત, અમુક પરિવારોમાં ક્યારેક ભૂખ્યા બાળકની ચીસોને જેટલી બેપરવાઈ અને જેટલા લક્ષ સાથે સાંભળવામાં આવે છે, તેમાં દેખાઈ આવે છે.

સ્વાયત્તતાની શરૂઆત જન્મ સાથે, સૌથી પહેલા ધાવણ સાથે થવી જોઈએ. દરેક નવજાત શિશુને તે જ્યારે ઈચ્છતું હોય ત્યારે ધાવણ મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. જો બાળક માતા પાસે ઘરે હોય, તો બાળકની ઈચ્છાનુસાર વર્તવાનું માતા માટે સરળ હોય છે. પણ મોટા ભાગની હોસ્પિટલોના પ્રસૂતિ ગૃહમાં, જન્મ સાથે જ બાળકને માતા પાસેથી લઈ લેવામાં આવે છે અને તેને શિશુસંભાળ વિભાગમાં રાખવામાં આવે છે. પ્રથમ ચોવીસ કલાક દરમ્યાન, માતાને બાળકને સાફ કરવાની અથવા તેને ધાવણ આપવાની છૂટ આપવામાં આવતી નથી. એ શિશુને આનાથી કેટલું કાયમી નુકસાન પહોંચતું હશે તે કોણ કહી શકે?

હવે કેટલીક હાસ્પિટલોમાં, ઓરડામાં જ સૌ સવલતો પૂરી પાડવામાં આવે છે, જેથી નવજાત શિશુ માતા પાસે રહી શકે અને માતા હાસ્પિટલમાં રોકાય તે દરમ્યાન પૂરો સમય તેની અંગત કાળજી પામી શકે. આ પ્રકારની સગવડની ખાતરી કર્યા વિના હોસ્પિટલના પ્રસૂતિ વિભાગમાં નોંધણી કરાવવી એટલે ત્યાં જે પ્રકારની વ્યવસ્થા છે તેને તેવી ને તેવી સ્વીકારવી એવો અર્થ થયો. જેને મન પોતાના બાળક માટે સ્વાયત્તતા મહત્ત્વની હોય તેવી કોઈ પણ માતાએ કમરામાં બધી સવલતો પૂરી પાડતી ન હોય – બીજા શબ્દોમાં, જે નવજાત શિશુની સ્વાયત્તતાને માન્ય ન રાખતી હોય તેવી કોઈ પણ હોસ્પિટલમાં જવા અંગે સાવધાની રાખવી જોઈએ. બાળકને આવી ક્રૂરતા સામે ધરી દેવા કરતાં તમારા શિશુને તમારી પાસે ઘરમાં રાખવું ઘણું વધુ

સારું છે.

અત્યાર સુધી, સમય-પત્રક અનુસાર ધવડાવવાની ડોક્ટરો અને નર્સોની પ્રણાલીનો હુમલો એવો જોરદાર કરવામાં આવ્યો છે કે અનેક તબીબી વ્યવસાયીઓએ આ બાબતે હાર માની લીધી છે. આ દેખીતી રીતે ખોટું અને જોખમી છે. જો ચાર વાગ્યે બાળક ભૂખથી રડી રહ્યું છે પણ તેને ચાર્ટમાં દર્શાવેલા સમય સુધી ધાવણ આપવામાં આવતું નથી, તો તેના શારીરિક અને આધ્યાત્મિક વૃદ્ધિ-વિકાસને અનંત હાનિ પહોંચાડતી એક મૂર્ખાઈભરેલી, ક્રૂર, જીવન-વિરોધી શિસ્તના ખપ્પરમાં તેને હોમી દેવામાં આવ્યું ગણાય. *બાળકને જ્યારે પણ ખાવું હોય ત્યારે તેને ધાવણ આપવું જ જોઈએ.* શરૂઆતમાં, તે એકસાથે વધુ માત્રામાં દૂધ ન લઈ શકતું હોવાથી, તેને વારંવાર ભૂખ લાગશે.

રાત્રે બાળકને પાણીની બોટલ પકડાવી દેવાની પ્રથા, એક ખરાબ પ્રથા છે. રાત્રિ દરમ્યાન જો બાળક ભૂખ્યું થાય, તો તેને દિવસની જેમ જ ધાવણ આપવું જોઈએ. બે-ત્રણ મહિના પછી, બાળક વધુ માત્રામાં આહાર લેવા માટે પોતાની જાતનું નિયમન કરી શકે છે, અને ત્યારે દરેક ધાવણ વચ્ચેનો અંતરાલ વધે છે. લગભગ ત્રણ કે ચાર મહિનાની વયે શિશુ, આશરે રાત્રે દસથી અગિયારની વચ્ચે અને બીજા દિવસે સવારે પાંચથી છની વચ્ચે આહાર મેળવવા ઈચ્છતું થાય છે. અલબત્ત, આ અંગે કોઈ કડક, નિરપવાદ નિયમ હોઈ શકે નહીં.

દરેક બાળસંભાળ કેન્દ્રમાં એક પાયાનું સત્ય કોતરાયેલું હોવું જોઈએઃ *બાળકને રડી રડીને થાકી જવાની સ્થિતિમાં ક્યારેય આવવા દેવું નહીં.* દરેક વખતે તેની જરૂરિયાતો ધ્યાનમાં લેવાવી જોઈએ.

સમયપત્રક અનુસરવાની તાલીમથી, માતા હંમેશાં શિશુ કરતાં બે ડગલાં આગળ હોવાનું અનુભવે છે. એક કાર્યક્ષમ નિષ્ણાતની જેમ, હવે આગળ શું કરવાનું છે તેની તેને બરાબર ખબર હશે. પણ તે એક યાંત્રિક બાળકને, એક બીબાંઢાળ બાળકને ઉછેરશે. આવું બાળક તેના પોતાના કુદરતી વિકાસના ભોગે, ચોક્કસ વયસ્કોને લઘુત્તમ તકલીફ આપશે. પણ બાળક માટે સ્વાયત્તતા પસંદ કરતી માતા માટે, દરેક દિવસ – દરેક ક્ષણ – એક નવી શોધ સમાન હશે. કારણ કે ત્યારે, માતા હંમેશાં શિશુ કરતાં એક ડગલું પાછળ હોય છે, અને તે આખો સમય શિશુનું અત્યંત નિકટતાથી નિરીક્ષણ કરીને શીખતી હોય છે. આમ જો સારું ધાવણ કરાવ્યા પછી અડધા જ કલાકમાં બાળક રડવા માંડે, તો યુવાન માતાએ સમયપત્રકના યંત્રમાનવો શું કહે છે તેના પ્રત્યે ધ્યાન આપ્યા વિના, પોતાની મેળે બાળકને શું સમસ્યા હશે તે વિચારવું

પડશે. શું તે અગવડતા અનુભવે છે? શું તેને પેટમાં ગેસ થયો હોવાથી તકલીફ થાય છે? અથવા શું તેને વધુ આહાર જોઈએ છે? કે પછી તેને એકલવાયાપણું લાગે છે એટલે તે માત્ર પોતાની તરફ ધ્યાન ખેંચવા માગે છે? માતાએ કોઈ પુસ્તકમાં લખેલા નકામા નિયમ અનુસાર નહીં પણ, પોતાના સ્વયંસ્ફૂર્ત પ્રેમથી તેને પ્રતિભાવ આપવો ઘટે.

જો દરેક બાળકને, તેના પોતાના પર છોડી દેવામાં આવે તો, તે પોતાનું સમયપત્રક ઘડી કાઢશે. આનો અર્થ એ થયો કે બાળક સ્વાયત્ત બનવાની ક્ષમતા ધરાવે છે, માત્ર દૂધના ધાવણ માટે જ નહીં, પણ આગળ જતાં નક્કર ખોરાક અંગે પણ આ સાચું ઠરે છે.

બાળપણમાં આગળ જતાં પડતી અંગૂઠો ચૂસવાની આદત, જે મોટે ભાગે કિશોરાવસ્થામાં પણ ચાલુ રહે છે, તે સમય-પત્રક અનુસાર ધાવણ આપવાનું સૌથી દેખીતું પરિણામ છે. ચૂસવાના બે મૂળભૂત ઘટકો છેઃ આહાર માટેની ભૂખ અને ચૂસવાનો ઇન્દ્રિયજન્ય આનંદ. ધાવણનો સમય થાય ત્યારે, બાળક મૌખિક આનંદનો ઊભરો અનુભવે છે, જે ભૂખની પહેલાં સંતોષાઈ જાય છે. જો બચ્ચાએ ચીસો પાડતાં રહેવું પડે અને રાહ જોયા કરવી પડે, કારણ કે ઘડિયાળ એમ કહે છે કે તેને હજી ભૂખ નથી લાગી, તો બંને મૂળભૂત ઘટકો રફેદફે થઈ જાય છે.

પ્રસૂતિ વિભાગમાં ડોક્ટરની સૂચનાઓ અનુસાર વર્તીને, કારણ કે ઘડિયાળ કહે છે કે બાળકે તેના માટે નિશ્ચિત થયેલી મિનિટો સુધી સ્તનપાન કરી લીધું છે, એટલે પોતાની છાતી પરથી બાળકને બળજબરીપૂર્વક ખેંચી લેતી માતાને મેં જોઈ છે. એક સમસ્યાગ્રસ્ત બાળક પેદા કરવા માટે આનાથી વધુ અસરકારક રસ્તો હું વિચારી શકતો નથી.

એ બિલકુલ માનવામાં આવે તેવું નથી કે અજ્ઞાની ડોક્ટરો અને માતાપિતાઓ એક બાળકના પ્રકૃતિગત આવેગો અને વર્તણૂકમાં હસ્તક્ષેપ કરવાની હિંમત કરે છે, અને પોતાના નિયમન અને ઢાળવાના વાહિયાત ખ્યાલો ખાતર બાળકના આનંદ અને સ્વયંસ્ફૂર્તતાને મારી નાખે છે. આ જ પ્રકારના લોકોએ માનવજાતિની સાર્વત્રિક માંદગી, માનસિક અને શારીરિક, બંનેની શરૂઆત કરી હશે. પાછળથી, શાળા અને ચર્ચ અનુશાસિત શિક્ષણની આ પ્રક્રિયા, કે જે મોજમઝા-વિરોધી અને સ્વાતંત્ર્ય-વિરોધી છે, તેને ચાલુ રાખે છે.

એક માતાએ પોતાના નાના સ્વાયત્ત છોકરા વિશે લખ્યું હતુંઃ ઉદાહરણ તરીકે, જ્યારે તેણે નક્કર ખોરાક લેવો શરૂ કર્યો, ત્યારે તેને તેની પસંદનો ખોરાક, તે ઇચ્છે તેટલી માત્રામાં આપવામાં આવતો હતો. જો તે અમુક શાક લેવાનો ઇનકાર કરે, તો તેને કાં તો બીજું શાક અથવા મીઠી વાની સુદ્ધાં આપવામાં આવતી. અનેક વખત, તે

મીઠી વાની ખાધા પછી પોતે જે શાક ખાવાનો પહેલાં ઇનકાર કર્યો હતો તે ખાઈ લે છે. ક્યારેક તે કશું પણ ખાવાનો ઇનકાર કરે છે – તેને બિલકુલ ભૂખ લાગી નથી તેનો સ્પષ્ટ નિર્દેશ. પછી તેના બીજા ટંક વખતે, તે સવિશેષરૂપે બરાબર ખાય છે.

અસંખ્ય વખત, એક માતા એમ ધારતી હોય છે કે તેને પોતાના બાળકની જરૂરિયાતો અંગે, બાળકને ખબર પડે છે તેનાથી વધુ ખબર પડે છે. એવું હોતું નથી. બાળકને આહાર આપવા અંગે આ હકીકતને આસાનીથી તપાસી શકાય છે. કોઈ પણ માતા ટેબલ પર આઈસક્રીમ, કેન્ડી, ઘઉંની બ્રેડ, ટામેટાં, લેટિસ (એક જાતની ભાજી) અને ભોજનની અન્ય વાનગીઓ ગોઠવે, અને પછી બાળકને તેને જે પસંદ કરવું હોય તે માટેની સંપૂર્ણ સ્વતંત્રતા આપે. જો દખલગીરી કરવામાં ન આવે તો, એક સરેરાશ બાળક, એકાદ અઠવાડિયામાં જ સંતુલિત આહાર પસંદ કરતું થઈ જશે. યુનાઈટેડ સ્ટેટ્સમાં કરવામાં આવેલા નિયંત્રિત પ્રયોગોમાં પણ આ જ પરિણામ જોવા મળ્યું હતું તેવું મને જાણવા મળ્યું છે.

સમરહિલમાં, અમે હંમેશાં નાનામાં નાના બાળકને પણ રોજિંદી વાનગીઓમાંથી પસંદગી કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપીએ છીએ. રાતના વાળુમાં પણ પસંદગી માટે હંમેશાં મુખ્ય ત્રણ વાનગીઓ ધરવામાં આવે છે. તેનું એક પરિણામ, ચોક્કસ જ એ છે કે મોટા ભાગની શાળાઓ કરતાં સમરહિલમાં ઓછો બગાડ થાય છે. પણ એ અમારો હેતુ નથી, કારણ કે અમે ખોરાક બચાવવા કરતાં બાળકને બચાવવા ઇચ્છીએ છીએ.

જ્યારે બાળકોને સંતુલિત આહાર પૂરો પાડવામાં આવતો હોય, ત્યારે તેઓ પોતાના ખિસ્સાખર્ચમાંથી જે કેન્ડી ખરીદીને ખાય છે તેનાથી તેમને કોઈ નુકસાન પહોંચતું નથી. બાળકોને કેન્ડી ગમે છે કારણ કે તેમનાં શરીર મીઠાશ માગતાં હોય છે, અને તેમને મીઠાશ મળવી જ જોઈએ.

જ્યારે બાળકને ડુક્કરનું માંસ અને ઈંડાં બિલકુલ નાપસંદ હોય ત્યારે તેને તે ખાવા માટે મજબૂર કરવું તે વાહિયાત અને ક્રૂર છે. ઝોઈને હંમેશાં તેને શું ખાવું છે તે પસંદ કરવાની છૂટ આપવામાં આવતી હતી. જ્યારે પણ તેને શરદી થઈ હોય ત્યારે અમારા તરફથી કોઈ પણ સૂચન વિના, તે જાતે માત્ર ફળ અને ફળોના રસ લેતી હતી. ખાવામાં ઝોઈ જેટલો નહિવત્ રસ ધરાવનારું બાળક મેં આ પહેલાં ક્યારેય જોયું નહોતું. તેના ટેબલ પર દિવસો સુધી ચોકલેટ ભરેલી થેલી એમ ને એમ, અકબંધ પડી રહેતી, અને બપોરના ભોજન અથવા રાતના વાળુ વખતની સૌથી સ્વાદિષ્ટ વાની પ્રત્યે તે ઘણી વાર ઉદાસીન રહેતી. તે નાસ્તો કરવા બેઠી હોય અને જો બહારથી બીજું

બાળક તેને રમવા આવવા માટે બૂમ પાડે, તો તે હંમેશાં પોતાનું ખાવાનું અધૂરું મૂકીને ચાલી જતી અને ક્યારેય તેને ખાવા માટે પાછી આવતી નહીં. પણ તેનો શારીરિક બાંધો એટલો સુદૃઢ હતો, કે અમારે ચિંતા કરવાપણું નહોતું.

સ્વાભાવિક રીતે, મોટા ભાગનાં માબાપ તેમના પોતાના આહાર અંગેના મનગમતા ખ્યાલો અનુસાર ભોજનનું આયોજન કરશે. જો માબાપ શાકાહારી હોય, તો તેઓ પોતાનાં બાળકોને શાકાહારી ભોજન આપશે. જો કે મેં અનેકવાર નોંધ્યું છે કે, શાકાહારી ઘરોમાંથી આવતાં બાળકો અત્યંત લિજ્જતથી માંસના ટુકડાઓ આરોગે છે.

આહારશાસ્ત્રમાં અજ્ઞાની એવા સામાન્ય માણસ તરીકે હું એવા મતનો છું કે બાળક માંસાહારી છે કે નહીં તે બહુ મહત્ત્વની વાત નથી. જો તેનો આહાર સંતુલિત છે, તો તેનું સ્વાસ્થ્ય સારું રહેવાનો સંભવ છે. સમરહિલમાં મેં કોઈ બાળકને ક્યારેય ઝાડા થયા હોય તે વિશે સાંભળ્યું નથી, અને ભાગ્યે જ કબજિયાત વિશે સાંભળ્યું છે. અમે હંમેશાં ઘણાં બધાં લીલાં કાચાં શાકભાજીઓ ખાઈએ છીએ, પણ ક્યારેક નવાં આવેલાં બાળકો તે ખાવાનો ઈનકાર કરી દે છે. સામાન્ય રીતે, વખત જતાં, વિદ્યાર્થીઓ તેને સ્વીકારે છે અને તેને પસંદ પણ કરવા માંડે છે. કોઈ પણ ઘડીએ, સમરહિલનાં બાળકો વાનગીઓ વિશે મોટા ભાગે અજાગ્રત જોવા મળે છે, અને આમ જ હોવું જોઈએ.

કારણ કે બાલ્યાવસ્થામાં ખાવામાં ગજબનો આનંદ આવતો હોવાથી, તે એટલું પાયાનું, એટલું મહત્ત્વનું હોય છે કે જમવા અંગેના શિષ્ટાચારથી તેને નુકસાન ન પહોંચાડવું ઘટે. સમરહિલમાં સૌથી ખરાબમાં ખરાબ જમવાની રીતભાતો ધરાવનારાં બાળકો એ હોય છે કે જેમને અત્યંત સંસ્કારિતાના ડોળ હેઠળ ઉછેરવામાં આવ્યા હોય છે. આ એક ખેદજનક સત્ય છે. ઘર જેટલું વધારે અપેક્ષાઓ રાખનારું અને કડકાઈભર્યું હોય, એટલી જ જમવાની રીતભાતો અને અન્ય તમામ રીતભાતો ખરાબ હશે. જ્યારે બાળકને તે પોતે જેવું હોય તેવું બનવાની સ્વતંત્રતા આપવામાં આવે, ત્યારે જ્યાં સુધી બાળક પાછળથી કિશોરાવસ્થામાં તેની પોતાની સાહજિક સારી રીતભાતો ન વિકસાવે ત્યાં સુધી, બાળકને તેની દબાયેલી વૃત્તિ પૂરેપૂરી જીવી લેવા દેવા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી.

એક બાળકના જીવનમાં, ખોરાક એ સૌથી અગત્યની વસ્તુ છે, સેક્સ કરતાં પણ ઘણી વધુ અગત્યની બાબત. પેટ અહંકેન્દ્રી અને સ્વાર્થી હોય છે. સ્વાર્થ બાલ્યાવસ્થાનો હક્ક છે. પોતાની મટનની થાળી માટે એક દસ વર્ષનો છોકરો, કોઈ ઘરડા આદિવાસી નાયકને પોતાની સ્ત્રીઓ માટે હોય છે તે કરતાં ઘણો વધુ માલિકીભાવ ધરાવે છે.

જ્યારે બાળકને તેના સ્વાર્થીપણાને જીવી લેવા માટે પૂરતી મોકળાશ આપવામાં આવે છે, જેમ તેને સમરહિલ પર આપવામાં આવે છે, ત્યારે તેનું સ્વાર્થીપણું ધીમે ધીમે ઉદારતામાં અને અન્યો પ્રત્યેની સાહજિક ચિંતામાં પરિવર્તિત થાય છે.

સ્વાસ્થ્ય અને ઊંઘ

સમરહિલનાં આડત્રીસ વર્ષોમાં અમે માંદગીનો બહુ ઓછો અનુભવ કર્યો છે. મને લાગે છે કે તેનું એક કારણ અમે જીવંતતાના પક્ષે છીએ તે હશે કારણ કે અમે 'માંસ'ને સ્વીકારીએ છીએ! અમે આહાર કરતાં આનંદને વધુ પ્રાથમિકતા, મહત્ત્વ આપીએ છીએ. સમરહિલના મુલાકાતીઓ સામાન્ય રીતે અહીં બાળકો કેટલાં સરસ દેખાય છે તેવી ટિપ્પણી કરતા હોય છે. મને લાગે છે કે એ ખુશાલી છે જે અમારી છોકરીઓને વધુ આકર્ષક અને અમારા છોકરાઓને વધુ દેખાવડા બનાવે છે.

મૂત્રપિંડના ઉપચાર માટે કાચાં લીલાં શાકભાજી ખાવાં એ અગત્યનો ભાગ ભજવતાં હશે. પણ જો માંદગી દમનના કારણે હોય તો આખી દુનિયાનાં લીલાં શાકભાજી આત્માની માંદગીને દૂર કરી શકશે નહીં. સંતુલિત આહાર લેતો એક માણસ નીતિમત્તાના પાઠ આપીને પોતાનાં બાળકોને હાનિ પહોંચાડી શકે છે, પણ જે વ્યક્તિ ન્યુરોટિક ન હોય, તે પોતાનાં સંતાનોને નુકસાન પહોંચાડશે નહીં. મારો અનુભવ મને એ તારણ પર આવવા દોરે છે કે શારીરિક દૃષ્ટિએ, બંધનયુક્ત બાળકો એ મુક્ત બાળકો કરતાં ઓછાં તંદુરસ્ત હોય છે.

સંજોગવશાત્, મારું ધ્યાન ગયું કે સમરહિલના અમારા ઘણા છોકરાઓ, જ્યારે તેમનાં માબાપ સાપેક્ષમાં ઠીંગણાં હોય ત્યારે પણ, છ ફૂટના થાય છે. એમ બને કે આમાં કશું જ ન હોય; પરંતુ, એવું પણ બની શકે કે ઉદારતામાં વિકસવાની મોકળાશ એ ઈંચમાં વધવાની સ્વતંત્રતા પણ હોય. બેશક, હસ્તમૈથુનનો પ્રતિબંધ દૂર થયા પછી મેં છોકરાઓને વધુ ઝડપથી વિકસતા જોયા છે.

પછી પ્રશ્ન આવે છે ઊંઘનો. એક બાળક માટે આટલાથી આટલા કલાકની ઊંઘ જરૂરી છે એવી ડોક્ટરોની ઉક્તિમાં કેટલું સત્ય છે તે મારા માટે નવાઈનો વિષય છે. હા, નાનાં બાળકો માટે, એ જરૂરી છે. સાત વર્ષના બાળકને રાત્રે મોડે સુધી જાગવા દો તો તેનાથી તેનું સ્વાસ્થ્ય બગડે છે કારણ કે તે સવારે મોડે સુધી સૂઈ રહી શકતું નથી. કેટલાંક બાળકોને સૂવા માટે મોકલવામાં આવે તે બિલકુલ પસંદ પડતું નથી,

કારણ કે તેમને પોતે કંઈક ગુમાવી રહ્યાની લાગણી થતી હોય છે.

એક મુક્ત શાળામાં, સૂવાનો સમય સૌથી વધુ અણગમતી બાબત હોય છે – નાનાં બાળકો કરતાં મોટાં બાળકોને તેના માટે વધુ અણગમો રહેતો હોય છે. યુવાનોને મધ્ય રાત્રિ સુધી જાગતા રહેવું ગમતું હોય છે અને હું તેમની સાથે સહાનુભૂતિ અનુભવી શકું છું, કારણ કે મને પોતાને વહેલા સૂવા જવાનું પસંદ નથી.

મોટા ભાગના વયસ્કો માટે કામકાજનો સમય આખી બાબતનો નીવેડો લાવી આપે છે. જો તમારે સવારે આઠ વાગ્યે નોકરીએ હાજર થવાનું હોય, તો તમે મોડે સુધી જાગતા રહેવાની લાલચને પડતી મૂકી શકો છો.

આનંદ અને સારો આહાર જેવાં બીજાં પરિબળો, કદાચ ઊંઘના ગમે તેટલા નુકસાનને ભરપાઈ કરી શકે છે. સમરહિલના વિદ્યાર્થીઓ તેમની ઊંઘની ખોટને રવિવારે સવારે પૂરી કરે છે, અને જરૂર પડ્યે તેના માટે પોતાનું બપોરનું ભોજન પણ જતું કરે છે.

સ્વાસ્થ્યના સંદર્ભમાં, શારીરિક શ્રમ અંગે વિચારીએ તો, હું મોટા ભાગનાં જેટલાં કામ કરું છું તેની પાછળ મારા બેવડા હેતુઓ હોય છે. હું બટાકાની વાવણી માટે ખોદકામ કરતો હોઉં ત્યારે મને ખબર છે કે આ સમયનો ઉપયોગ હું સમાચારપત્ર માટે લેખ લખવા માટે કરીને, તેને વધુ નફાકારક બનાવી શકું છું અને પછી બગીચામાં કામ કરવા માટે મજૂરને મહેનતાણું ચૂકવી શકું છું. અલબત્ત, હું ખોદકામ કરું છું કારણ કે મારે મારું સ્વાસ્થ્ય જાળવી રાખવું છે – સમાચારપત્રની આવક કરતાં આ હેતુ મારા માટે વધુ અગત્યનો છે. મારો એક કાર વિક્રેતા મિત્ર મને યંત્રોના જમાનામાં ખોદકામ કરનારો મહામૂરખ કહે છે અને હું તેને કહું છું કે દેશના સ્વાસ્થ્યને આ મોટરગાડીઓ જ બગાડી જઈ રહી છે, કારણ કે આજના દિવસોમાં હવે કોઈ ચાલતું નથી કે ખોદકામ કરતું નથી. સ્વાસ્થ્યની સમસ્યાઓ પ્રત્યે સજાગ હોઈએ એટલા હવે હું અને તે - બંને વૃદ્ધ છીએ.

જો કે, એક બાળક સ્વાસ્થ્ય પ્રત્યે તદ્દન અજાગ્રત હોય છે. કોઈ છોકરો તંદુરસ્ત રહેવા માટે ખોદકામ કરતો નથી. કોઈ પણ કામમાં, તેનો એક માત્ર હેતુ – એ જે-તે સમયે તેનો સ્વાર્થ/રસ હોય છે.

સમરહિલ પર અમે જે સારું સ્વાસ્થ્ય માણીએ છીએ તે સ્વતંત્રતા, સારો આહાર અને તાજી હવાને આભારી છે, બરાબર આ ક્રમમાં જ.

સ્વચ્છતા અને પહેરવેશ

અંગત સ્વચ્છતાની બાબતમાં, એકંદરે છોકરીઓ છોકરાઓ કરતાં વધુ સુઘડ હોય છે. સમરહિલ પર અમારા ચૌદ વર્ષથી ઉપરના છોકરાઓ અને છોકરીઓ તેમના દેખાવ અંગે ચિંતા ધરાવતાં હોય છે. બીજી તરફ, તેમના ઓરડાઓની બાબતે છોકરીઓ છોકરાઓ કરતાં બિલકુલ વધારે સુઘડ હોતી નથી – આ ચૌદ વર્ષ સુધીની છોકરીઓની વાત છે. આ છોકરીઓ ઢીંગલીઓને સજાવે છે, નાટકો માટેના પહેરવેશ બનાવે છે અને તેમાં પોતાના ઓરડાની ભોંય પર બધી જ ચીજવસ્તુઓ વેરણછેરણ રહેવા દે છે. અલબત્ત, આ તમામ કચરો કળાત્મકતાનો કચરો હોય છે.

સમરહિલ પર ભાગ્યે જ અમારી પાસે એવી કોઈ છોકરી આવી હતી, જે નહાય નહીં. નવ વર્ષની એક એવી છોકરી અમારે ત્યાં આવી હતી. તેનાં દાદીને સ્વચ્છતા અંગે પ્રબળ ગ્રંથિ હતી અને તે મિલ્ડ્રેડને દિવસમાં દસ વખત નવડાવતાં હતાં. તેની ગૃહમાતાએ એક દિવસ મારી પાસે આવીને કહ્યું: "મિલ્ડ્રેડ અઠવાડિયાથી નહાઈ નથી. હવે તે નહાશે નહીં તો તે ગંધાવા માંડશે. મારે શું કરવું જોઈએ?"

"તેને મારી પાસે મોકલો," મેં કહ્યું.

મિલ્ડ્રેડ અંદર આવી, તેના હાથ અને ચહેરો અત્યંત ગંદાં હતાં.

"મારી સામુ જો," મેં જરા કરડા અવાજે કહ્યું, "આમ નહીં ચાલશે."

"પણ મારે નહાવું નથી," તેણે વિરોધ કર્યો.

"ચૂપ રહે," મેં કહ્યું. "નહાવાની વાત કોણ કરે છે? જરા અરીસામાં જો." (તેણે તેમ કર્યું.) "તારા ચહેરા વિશે તું શું ધારે છે?"

"તે બહુ ચોખ્ખો નથી, બરાબર?" તેણે સ્મિત સહ પૂછ્યું.

"એ બહુ જ ચોખ્ખો છે," મેં કહ્યું. "આ શાળામાં હું ચોખ્ખા ચહેરાવાળી છોકરીઓને રાખતો નથી. હવે જા અહીંથી!"

તે સીધી કોલસાની વખારમાં ગઈ અને પોતાના ચહેરાને ઘસી કાળો કરી નાખ્યો. પછી વિજયી મુખમુદ્રા સાથે પાછી આવી.

"શું આ ચાલશે?" તેણે પૂછ્યું.

મેં પૂરતી ગંભીરતાથી તેનો ચહેરો તપાસ્યો. "ના," મેં કહ્યું. "પેલા ગાલ પર એક સફેદ ભાગ બાકી છે."

એ રાત્રે મિલ્ડ્રેડ નહાઈ. પણ તેણે શા માટે એમ જ કર્યું તે હું કળી શકતો નથી.

એક ખાનગી શાળામાંથી અમારી પાસે આવેલો સત્તર વર્ષનો છોકરો પણ મને

યાદ આવે છે. અહીં આવ્યાના અઠવાડિયા પછી, સ્ટેશન પર કોલસાનાં ગાડાં ભરનારા માણસો સાથે તેણે દોસ્તી કરી લીધી, અને તેમને તેમનો ભાર ચઢાવવામાં મદદ કરવા માંડી. જ્યારે તે જમવા માટે આવતો ત્યારે તેનો ચહેરો અને હાથ કાળા રહેતા, પણ કોઈએ એક શબ્દ પણ કહ્યો નહીં. કોને પડી હતી.

સ્વચ્છતા અંગેના પોતાની ખાનગી શાળાના અને ઘરના ખ્યાલોને પડતા મૂકતાં તેને કેટલાંક અઠવાડિયાં લાગ્યાં. જ્યારે તેણે તેનું કોલસા ભરવાનું છોડી દીધું, ત્યારે તે ફરી એક વખત અંગત રીતે અને પહેરવેશમાં સ્વચ્છ-સુઘડ બની ગયો, પણ એક તફાવત સાથે. હવે તેના માટે સ્વચ્છતા એ કોઈક થોપાયેલી બાબત નહોતી; તેણે પોતાના ગંદા રહેવાની ગ્રંથિને પૂરેપૂરી જીવી લીધી હતી.

જ્યારે વિલી કાદવની લૂગદીઓ બનાવીને રમતો, ત્યારે તેની માતાનો જીવ ઊંચો રહેતો કે ક્યાંક પાડોશીઓ તેનાં ગંદાં કપડાં વિશે ટીકા-ટિપ્પણી ન કરે. આ કિસ્સામાં, "સમાજ શું વિચારે છે"- એવા સામાજિક દષ્ટિકોણ કરતાં, રમવા અને બનાવવાના વ્યક્તિગત આનંદના દષ્ટિકોણને પ્રાધાન્ય આપવું જોઈએ.

અસંખ્ય વખત, માબાપ સુઘડતાને ઘણું વધુ પડતું મહત્ત્વ આપી દેતાં હોય છે. તે સાત અતિશય ભયાનક દર્ગુણોમાંનો એક છે. જે માણસ પોતાની સુઘડતા પર ગર્વ લેતો હોય છે તે સામાન્ય રીતે એક ઊતરતી કક્ષાનો માણસ હોય છે, જે જીવનમાં ઊતરતી બાબતોને સ્વીકારી લેતો હોય છે. સૌથી સુઘડ વ્યક્તિ મોટે ભાગે સૌથી અવ્યવસ્થિત-અસુઘડ મગજ ધરાવતો હોય છે. જાહેર બગીચામાં "અહીં કચરો નાખવો નહીં"ની સૂચના હેઠળના કચરાના ઢગલા જેવું જ કાગળોના ઢગલાથી ભરચક ટેબલ રાખતા માણસ પ્રત્યે પૂરી અનાસક્તિ સાથે હું આ કહી રહ્યો છું.

મારા પોતાના પરિવારમાં, સ્વાયત્તતા અંગેની સૌથી મોટી મુશ્કેલી કપડાંની આસપાસ કેન્દ્રસ્થ રહેતી હતી. જો ઝોઈને કપડાં વગરનાં રહેવાની રજા હોત તો તેણે તો દિવસ આખો નાગા ફરવાનું જ પસંદ કર્યું હોત.

અન્ય એક સ્વાયત્ત બાળકનાં માતાપિતાએ લખ્યું હતું કે જ્યારે દિવસે ઠંડીનું પ્રમાણ વધવા લાગે, ત્યારે તેમની બે વર્ષની દીકરી આપમેળે ઘરમાં આવી જાય છે અને ગરમ કપડાં માગે છે. અમને આવો અનુભવ નથી. ઝોઈનું નાક અને ગાલ ભૂરાં પડી જાય ત્યાં સુધી તે ઠંડીમાં કકડતી રહેતી અને એ પછી પણ, તેને વધુ કપડાં પહેરાવવા માટેના અમારા તમામ પ્રયત્નોનો તો તે વિરોધ જ કરતી.

ધૈર્યવાન માબાપો એવું કહી શકે, "તેનું પોતાનું શરીર-તંત્ર તેને દોરશે. તેને ઠરવા દો, તેને કશું થશે નહીં!" પણ ન્યુમોનિયાનું જોખમ ઉપાડી શકીએ એટલાં અમે

ધૈર્યવાર્ય નહોતાં, એટલે અમારા મત અનુસાર તેણે જેટલાં કપડાં પહેરવાં જોઈએ તેટલાં અમે તેને પરાણે પહેરાવતાં.

નાનાં બાળકોએ કયાં કપડાં પહેરવાં તે માતાપિતાઓએ નક્કી કરવું જોઈએ. અલબત્ત, જ્યારે બાળકો કિશોરાવસ્થામાં પ્રવેશે, ત્યારે તેમને પોતાનાં કપડાં પસંદ કરવાની છૂટ મળવી જ જોઈએ. કરોડો દીકરીઓ, તેમની માતા તેમનાં માટેનાં કપડાં પસંદ કરવાનો આગ્રહ છોડતી નથી એટલે પીડાય છે. છોકરાઓ માટેનો પહેરવેશ પ્રમાણમાં આસાન હોય છે. જો માબાપને પોસાઈ શકે, તો પોતાના છોકરા અથવા છોકરીને કપડાં માટેનો ખિસ્સાખર્ચ આપવો તે સારો ઉપાય છે. પછી જો બાળક એ પૈસા સિનેમા અને કેન્ડી પાછળ ખર્ચવા માગતું હોય, તો તે તેની પસંદગી છે.

તમારું બાળક, તેના મિત્રોથી નોખું તરી આવે એ રીતે બાળકને કપડાં પહેરાવવાં એ અક્ષમ્ય છે. શરીરથી સુવિકસિત છોકરાને, જ્યારે તેના તમામ સહાધ્યાયીઓ પેન્ટ પહેરતાં થઈ ગયા હોય ત્યારે, ચડ્ડી પહેરાવવી એ ક્રૂરતા છે.

દીકરીઓ તેમના વાળ જે રીતે રાખવા માગતી હોય- લાંબા, ટૂંકા, અથવા ગૂંથેલા- તે માટે મુક્ત હોવી જોઈએ. જો તેઓ લિપસ્ટિક લગાડવા ઈચ્છે, તો શું કામ નહીં? અંગત રીતે, મને એ વસ્તુ દીઠી પસંદ નથી, પણ જો મારી દીકરી તેનાથી વિપરીત અનુભવતી હોય, તો મારે તેને વારવાનો પ્રયત્ન કરવો જોઈએ નહીં.

નાનાં બાળકો નૈસર્ગિક રીતે કપડાંમાં બહુ રસ ધરાવતાં હોતાં નથી, પણ કપડાંના વિષયને લઈને ન્યુરોટિક હોય તેવાં માતાપિતાનું સંતાન પણ થોડા સમયમાં જાતે એવી ગ્રંથિ ધરાવવા માંડે છે. પછી તેને વૃક્ષ પર ચઢવાનો ડર લાગે છે, કે ક્યાંક તેનું પેન્ટ ફાટી ન જાય.

સામાન્ય બાળકો તેમનાં કપડાં જ્યાં ને ત્યાં, ગમે ત્યાં પડતાં મૂકીને જતાં રહી શકે છે. સ્વેટર કાઢીને પછી તે ક્યાં મૂક્યું હતું તે ભૂલીને તેઓ જતાં રહે છે. જો ઉનાળાની સાંજે, હું અમારા શાળાના મેદાનમાંથી લટાર મારતો નીકળું, તો મને ત્યાંથી ભાતભાતના જૂતા અને જર્સીઓ મળી શકે છે.

નિવાસી શાળામાં ન હોય તેવાં બાળકોએ પાડોશીઓના અભિપ્રાયોનો સામનો કરવો પડે છે. રવિવારના પહેરવેશની શૂળીએ ચઢાવાતાં એ હજારો બાળકો વિશે જરા વિચારો. અક્કડ કોલર અને શ્વેત પહેરવેશમાં સજ્જ થઈને, ગંભીર વદને ચાલતાં એ બાળકો એકાદ દડાને લાત મારતાં કે પછી રમતાં રમતાં પ્રવેશદ્વાર પર ચઢવામાં ગભરાય છે. સદ્ભાગ્યે, એ મૂર્ખતા હવે અસ્ત પામી રહી છે.

સમરહિલ પર, ગરમીના દિવસોમાં ભોજન સમયે, છોકરાઓ અને શિક્ષકો શર્ટ

વિના, ખુલ્લા ડીલે બેસે છે. કોઈને તેમાં વાંધો નથી. સમરહિલ ગૌણ બાબતો પ્રત્યે બેપરવાઈ રાખીને, તેમને તેમના યોગ્ય સ્થાને મૂકે છે.

એ ખાસ કરીને કપડાંની બાબત હોય છે જે માતાપિતાઓની પૈસાને લગતી ગ્રંથિ છતી કરે છે. સમરહિલમાં એક વખત અમારી પાસે એક બહુ ખરાબ, નાનકડો ચોર છોકરો આવ્યો હતો. તેના શિક્ષકોની ચાર વર્ષની સખત મહેનત અને અનંત ધૈર્ય બાદ તે સારો થઈ શક્યો હતો. સત્તર વર્ષનો થયો ત્યારે તેણે સમરહિલ છોડી. તેની માતાએ લખ્યું, "બિલ ઘરે પહોંચી ગયો છે. તેનાં મોજાંની બે જોડીઓ ખૂટે છે. તમે મહેરબાની કરીને એ અમને પાછી મળી જાય તેવી ગોઠવણ કરશો."

અમુક વખતે, માબાપો સમરહિલ પર તેમનાં બાળકોની સંભાળ રાખનાર ગૃહમાતા પ્રત્યે ઈર્ષાળુ વર્તન કરે છે. મારી પાસે મુલાકાતે આવનાર એવી માતાઓ હતી જે સીધી પોતાનાં બાળકોનાં કપડાંના કબાટ તરફ ધસી જતી અને ત્યાં ભવાં ચઢાવી, છી...છી... એવાં ઉદ્ગારો કાઢીને એવું સૂચવતી કે ગૃહમાતા અક્ષમ છે. આવી માતા સામાન્ય રીતે પોતાના બાળક માટે અત્યંત ચિંતા અનુભવતી હોય છે, કારણ કે કપડાં માટેની અસ્વસ્થતાનો અર્થ હંમેશાં શીખવા અને બીજી તમામ બાબતો અંગે અનુભવાતી અસ્વસ્થતા થાય છે.

રમકડાં

જો મારી પાસે સહેજ પણ વેપારી બુદ્ધિ હોત, તો હું એક રમકડાંની દુકાન ખોલત. તૂટેલાં અને ઉપેક્ષિત રમકડાંઓથી દરેક બાળવાડી ઊભરાય છે. દરેક મધ્યમ વર્ગના બાળકને, જોઈએ તે કરતાં ઘણાં વધુ રમકડાં આપવામાં આવે છે. હકીકતમાં, થોડાક પેન્સથી વધારેનું મૂલ્ય ધરાવતાં મોટા ભાગનાં રમકડાં વ્યય પામતાં હોય છે.

એક વખત એક જૂના વિદ્યાર્થીએ ઝોઈને સરસ મજાની બોલતી-ચાલતી ઢીંગલી ભેટમાં આપી. દેખીતી રીતે જ એ ખાસ્સું મોંઘું રમકડું હતું. એ જ અરસામાં, એક નવા વિદ્યાર્થીએ ઝોઈને એક નાનકડું સસ્તું સસલું આપ્યું. પેલી મોટી, મોંઘી ઢીંગલીથી તે અડધો કલાક જેટલું રમી હશે, પણ એ સસ્તા નાનકડા સસલાથી તે અઠવાડિયાંઓ સુધી રમી. ખરેખર, તે દરરોજ રાત્રે પથારીમાં સસલાને સાથે લઈને સૂઈ જતી.

તેનાં તમામ રમકડાંઓમાંથી જે એક ઝોઈને લાંબો સમય સુધી ગમતું રહ્યું તે હતું બેસ્ટી વેસ્ટી. તે જ્યારે અઢાર મહિનાની હતી ત્યારે મેં તેને આ પેશાબ કરતી ઢીંગલી

લઈ આપી હતી. ઢીંગલીની ભીનું કરવાની વ્યવસ્થામાં તેને ખાસ રસ પડ્યો નહોતો; તેનું કારણ કદાચ ધાર્મિક રૂઢિચુસ્તોએ તેમાં જે બનાવટ કરી હતી તે હોઈ શકે- ઢીંગલીનું પેશાબ માટેનું "નાનું કાણું" તેની પાછળની તરફ પીઠ નજીક બતાવવામાં આવ્યું હતું. ઝોઈ છેક જ્યારે સાડા ચાર વર્ષની થઈ, ત્યારે એક સવારે તેણે કહ્યું, "હું બેસ્ટી વેસ્ટીથી કંટાળી ગઈ છું અને હું તેને આપી દેવા માગું છું."

થોડાં વર્ષો અગાઉ, મોટાં બાળકો પર મેં એક પ્રશ્નોત્તરી અજમાવી જોઈ હતી. "તમારાં નાનાં ભાઈ કે બહેન પર તમને સૌથી વધુ ગુસ્સો ક્યારે ચડે છે?" વસ્તુતઃ દરેક કિસ્સામાં, જવાબ એક જ હતો, "જ્યારે તે મારાં રમકડાં તોડી નાખે છે."

એક રમકડું કેવી રીતે કામ કરે છે તે ક્યારેય કોઈએ બાળકને બતાવવું જોઈએ નહીં. બાળક જાતે સમસ્યા ઉકેલવા સક્ષમ ન હોય તે સિવાય, ક્યારેય કોઈ પ્રકારે બાળકને મદદ કરવી જોઈએ નહીં.

સ્વાયત્ત બાળકો પોતાનાં રમકડાં અને રમતો થકી, જાતે મનોરંજન કરીને, લાંબા ગાળા સુધી સંતૃષ્ટ રહી શકતાં હોય તેમ લાગે છે. ઢાળેલાં બાળકો જેમ ઘણે ભાગે પોતાનાં રમકડાં તોડીફોડી ચૂરેચૂરા કરી નાખે છે તેમ તેઓ કરતાં નથી.

ખાનગી માલિકીના ઘરમાં અથવા પ્રમાણમાં સાઉન્ડપ્રૂફ ઘરમાં, બાળકને વપરાશમાં ન હોય ત્યારે રસોડાની ચીજવસ્તુઓથી રમવા ન દેવાનું કોઈ કારણ નથી. બાળકને ઢાંકણા પર લાકડાંની ચમચીઓથી ઢોલ વગાડવાની ઘોંઘાટભરી રમત રમવાનું ગમે છે. રમકડાંની દુકાનમાં સામાન્ય રીતે વેચાતાં રમકડાંઓ કરતાં તે આવી રમતોને વધુ પસંદ કરે તેમ બની શકે. મોટા ભાગે, એક સરેરાશ બજારુ રમકડું ઊંઘ લાવવામાં સહાયકારી હોઈ શકે છે, તે બાળકને ફોસલાવીને કંટાળાજનક તંદ્રામાં નાખી દે છે.

તમામ માબાપ વધુ પડતાં રમકડાં ખરીદવાનું વલણ ધરાવતાં હોય છે. જેવું બાળક આતુરતાપૂર્વક કોઈક વસ્તુ તરફ પોતાના હાથ લંબાવે – ટ્રેક્ટર, માથું ધુણાવતું જિરાફ કે બીજું કશું – અને માબાપ અબઘડી તેને તે લઈ આપે છે. આમ, જેમાં બાળકને ક્યારેય રસ પડતો નથી તેવાં રમકડાંઓથી ઘર તથા બાળવાડીઓ ઊભરાય છે.

બજારમાં બહુ જૂજ સર્જનાત્મક રમકડાં મળે છે. જુદી જુદી વસ્તુઓ બનાવવાનાં ધાતુ અને લાકડાનાં અનેક રમકડાં મળે છે, પણ તેમાંનાં થોડાંક જ સર્જનાત્મક રમકડાં હોય છે. જુદી જુદી વસ્તુઓ બનાવવાનાં રમકડાંઓ, શબ્દોની ચોકઠાં ભરવાની રમત અથવા ગણિતના કોયડાઓ જેવા હોય છે. કારણ કે કોઈક બીજાએ તેને બનાવ્યાં છે, એટલે કદી તેનો ઉકેલ સંપૂર્ણપણે મૌલિક હોઈ શકે નહીં. હું કબૂલ કરું છું કે મેં કદી કોઈ પ્રકારનું સર્જનાત્મક રમકડું બનાવ્યું નથી, અને મારી પાસે તેનાં માટે કોઈ

સૂચનો પણ નથી. પણ મને ખાતરી છે કે રમકડાંના વિશ્વને, આજના રમકડાં-બનાવનારાઓ કરતાં બાળકના હૃદયની વધુ નજીક જઈ શકે એવા કોઈ જાદુગરના આવવાની ઈંતેજારી છે.

ઘોંઘાટ

બાળકો નૈસર્ગિક રીતે જ ઘોંઘાટિયાં હોય છે, અને માતાપિતાઓએ આ હકીકતને સ્વીકારીને તેની સાથે જીવતાં શીખવું જોઈએ. બાળકનો સ્વસ્થ ઉછેર ઇચ્છતાં હો તો, તેને સારા એવા પ્રમાણમાં ઘોંઘાટ ઊભો કરીને રમત રમવાની છૂટ મળવી જ જોઈએ.

આજે છેલ્લાં ચાળીસેક વર્ષથી, હું બાળકોના ઘોંઘાટ સાથે જીવું છું. સામાન્યતઃ હું એ ઘોંઘાટને જાણીજોઈને સાંભળતો નથી. તેને તાંબાના કારખાનામાં રહેવાની ઉપમા આપી શકાય; ત્યાં રહેતી વ્યક્તિ હથોડાઓના ઘાના વારંવારના અવાજથી ટેવાઈ જાય છે. અને જેમનાં ઘર વ્યસ્ત માર્ગો પર આવેલાં હોય છે તે ટ્રાફિકના શોરબકોર પ્રત્યે બેપરવા બની જાય છે. અહીં એક તફાવત માત્ર એટલો જ છે કે હથોડાના ઘા અને ટ્રાફિક એ વત્તે-ઓછે અંશે સ્થિર અવાજો છે જ્યારે બાળકોનો ઘોંઘાટ હંમેશાં બદલાતો રહેતો અને કર્કશ હોય છે. એ ઘોંઘાટ માણસને ત્રાહિમામ પોકારાવી દે તેવો હોય છે. થોડાં વર્ષો અગાઉ જ્યારે મેં મારું રહેઠાણ મુખ્ય ઈમારતમાંથી નજીકની કુટિરમાં ખસેડ્યું ત્યારે, વર્ષો પછી લગભગ પચાસેક બાળકોના ઘોંઘાટથી મુક્ત સાંજની શાંતિ સૌથી વધુ આહ્લાદક લાગતી હતી, તે મારે કબૂલવું જોઈશે.

સમરહિલનો ભોજનખંડ એ એક ઘોંઘાટભરી જગ્યા છે. પ્રાણીઓની જેમ બાળકો પણ, જમવાના સમયે બહુ શોરબકોર કરતાં હોય છે. ઘોંઘાટ માટે કોઈ પ્રકારની ગ્રંથિ ન હોય એવા મુલાકાતીઓને જ અમે સૌની સાથે જમવાની છૂટ આપીએ છીએ. હું અને મારી પત્ની એકલાં જમીએ છીએ, કારણ કે દરરોજ બાળકોને વાળુ પીરસવા માટે બબ્બે કલાક ગાળ્યા પછી અમને ઘોંઘાટમાંથી થોડી રાહતની જરૂર હોય છે. શિક્ષકોને વધુ પડતો ઘોંઘાટ પસંદ હોતો નથી, પણ કિશોરોને નાનાં બાળકોના ઘોંઘાટનો કંઈ વાંધો હોય એવું લાગતું નથી. અને જ્યારે કોઈ મોટો વિદ્યાર્થી ભોજનખંડમાં નાનાં બાળકોના ઘોંઘાટનો મુદ્દો ઉઠાવે છે, ત્યારે નાનાં બાળકો ખાસ્સા પ્રામાણિકપણે ગરજીને પોતાનો વિરોધ દર્શાવે છે કે મોટા બાળકો પણ એટલો જ ઘોંઘાટ કરે છે.

શારીરિક ક્રિયાઓમાં બાળકને પડતા રસ પર ચોકડી મૂકવાથી તે જેટલું દબાઈ જાય છે, તેટલું ઘોંઘાટ કરવાની મનાઈથી દબાતું નથી, તે સાચું. ઘોંઘાટને ક્યારેય ગંદો કહેવામાં આવતો નથી. "બંધ કરો એ ગરબડ!" એવું પિતા જે રણકા સાથે કહે છે તે અધીરાઈની ખુલ્લી, ખરા દિલની અભિવ્યક્તિ હોય છે. પણ જ્યારે માતા એમ કહે છે કે "છી છી! ગદું!" ત્યારે તેના અવાજના રણકામાં આઘાત, સાચા-ખોટાની નૈતિક બાબત વ્યક્ત થાય છે.

સમરહિલ પર, ખાસ કરીને ઉજાસભર્યા દિવસો હોય ત્યારે કેટલાંક બાળકો આખો દિવસ રમે છે. તેમની રમત સામાન્ય રીતે ઘોંઘાટભરી હોય છે. મોટા ભાગની શાળાઓમાં, રમતની જેમ ઘોંઘાટ માટે પણ મનાઈ ફરમાવવામાં આવતી હોય છે. અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંનો એક, જે પછી સ્કૉટિશ યુનિવર્સિટીમાં ભણવા માટે ગયો હતો, તેણે કહ્યું, "અહીં વિદ્યાર્થીઓ વર્ગ-ખંડોમાં ભયાનક શોરબકોર કરે છે, અને તેથી તે ત્રાસદાયક બની જાય છે; કારણ કે અમે તો અમારો એ તબક્કો અમે, દસ વર્ષના હતા ત્યારે, સમરહિલ પર પૂરેપૂરો જીવી ચૂક્યા છીએ."

હાઉસ વિથ ધ ગ્રીન શટર્સ નામની મહાન નવલકથાનો એક બનાવ અહીં યાદ કરું છું, તેમાં એડીનબર્ગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ એક નબળા લેક્ચરરને પજવવા અને તેની ઠેકડી ઉડાડવા માટે *જ્હોન બ્રાઉન્સ બોડી* પોતાના પગના અવાજો દ્વારા ભજવ્યું હતું. ઘોંઘાટ અને રમત સાથોસાથ જાય છે, પણ સાતથી ચૌદ વર્ષની ઉંમર દરમ્યાન તે બંને એકબીજા સાથે જાય તે શ્રેષ્ઠ છે.

શિષ્ટાચાર

સારો શિષ્ટાચાર હોવો એટલે બીજાનો વિચાર કરવો અથવા બીજાની લાગણી સંવેદવી. વ્યક્તિએ જૂથ-સભાનતા, પોતાને અન્યોના સ્થાને મૂકીને વિચારવાની માણસસહજ ક્ષમતા કેળવવી જોઈએ. શિષ્ટાચાર કોઈને પણ દુભવવાથી રોકે છે. શિષ્ટાચાર ધરાવતાં હોવું એટલે સાચુકલો રસ ધરાવનાર હોવું. શિષ્ટાચારને શીખવી શકાતો નથી, કારણ કે તે અજાગ્રત સ્તરમાંથી આવે છે. બીજી તરફ સભ્ય રીતભાત, શીખવી શકાય છે, કારણ કે તે જાગ્રત સ્તરની ઊપજ છે. તે શિષ્ટાચારનું બહારનું પાતળું આવરણ માત્ર છે.

રીતભાત સંગીતનાટિકા દરમ્યાન વાતચીત કરવાને માન્ય રાખે છે; રીતભાત

કૂથલી અને નિંદાને મંજૂર રાખે છે. રાત્રિભોજન માટે આપણે સારો પહેરવેશ પહેરીએ, જ્યારે આપણા ટેબલ પાસે કોઈ મહિલા આવે ત્યારે આપણે ઊભા થઈએ, જ્યારે આપણે ટેબલ પરથી જઈએ ત્યારે "એક્સક્યુઝ મી" કહીએ તે તમામ સભ્ય રીતભાતની આવશ્યકતાઓ છે. આ તમામ જાગ્રત, બાહ્ય, અર્થવિહીન વર્તણૂકો છે.

ખરાબ આચાર હંમેશાં માનસિક વિકારમાંથી જન્મે છે. ચાડી, નિંદા, કૂથલી અને ચુગલી એ તમામ વ્યક્તિગત દોષો છે; તે પોતાના તરફનો ધિક્કાર દર્શાવે છે. એ સાબિત કરે છે કે તમામ નિંદાખોરો દુઃખી, નાખુશ હોય છે. જો આપણે બાળકોને એવા વિશ્વમાં લઈ જઈ શકીએ, કે જ્યાં તેઓ ખુશ હોય, તો આપણે તેમને આપમેળે ધિક્કારની તમામ ઇચ્છાઓથી છુટકારો અપાવીએ છીએ. બીજા શબ્દોમાં, આ બાળકો ઊંડામાં ઊંડી સમજ મુજબનો સારો શિષ્ટાચાર ધરાવશે; એટલે કે તેઓ પ્રેમાળ, માયાળુ વ્યવહાર દાખવશે.

જો બાળકો છરીથી વટાણાં ખાય, તો એનો અર્થ એવો નથી કે એ જ બાળકો બિથોવનની સિમ્ફનીમાં ખલેલ પહોંચાડશે જ. જો શ્રીમતી બ્રાઉન પાસેથી પસાર થતી વખતે તેઓ પોતાની ટોપીઓ ઊંચી ન કરે, તો એવું કહી શકાય નહીં કે શ્રીમતી બ્રાઉન બ્રાન્ડી પીવે છે એવી બાતમી વહેતી મૂકનારાં બાળકો આ જ હશે.

એક વખત જ્યારે હું વ્યાખ્યાન આપી રહ્યો હતો, ત્યારે એક વૃદ્ધ ઊભા થયા અને તેમણે આજનાં બાળકોમાં શિષ્ટાચારના અભાવ બાબતે ફરિયાદ કરી. તેમણે હૂંફાળા અવાજે કહ્યું, "છેલ્લા શનિવારે જ્યારે હું બગીચામાં લટાર મારી રહ્યો હતો ત્યારે બે નાના છોકરાઓ પસાર થયા. તેમાંના એકે કહ્યું, "હલ્લો, મેન."

મેં તેમને પ્રત્યુત્તર આપ્યો, "હલ્લો, મૈન"માં શું ખોટું છે? જો તેમણે તમને "હલ્લો, જેન્ટલમેન" કહ્યું હોત તો તેનાથી તમને વધુ સંતોષ થયો હોત? સત્ય એ છે કે તમે ઘવાયેલા છો. તમારો અહંકાર દુભાયેલો છે. તમને બાળકો પાસેથી જી હજૂરી જોઈએ છે, શિષ્ટાચાર નહીં."

અનેક વયસ્કો માટે આ વાત સાચી છે. આ ચોખ્ખું કાવતરું છે. આ તો બાળકો જાણે સામંતશાહી હેઠળના ખેડૂતો હોય તેવો વર્તાવ થયો. આ સ્વાર્થીપણું છે – એક એવા પ્રકારનું સ્વાર્થીપણું, જે બાળકોના સ્વાર્થીપણા કરતાં ઘણું ઓછું વ્યાજબીપણું ધરાવે છે. બાળકો તો સ્વાર્થી જ હોવાં ઘટે, પણ વયસ્કોએ પોતાના સ્વાર્થીપણાને ચીજ-વસ્તુઓ સુધી મર્યાદિત રાખવું જોઈએ, તેને લોકો સુધી ફેલાતું અટકાવવું જોઈએ.

મેં જોયું છે કે બાળકો એકબીજાને સુધારે છે. અન્ય વિદ્યાર્થીઓએ તેની ઠેકડી ન ઉડાડી ત્યાં સુધી મારો એક વિદ્યાર્થી બહુ મોટેથી અવાજ કરીને ખાતો હતો. બીજી

તરફ, જ્યારે એક નાનકડા છોકરાએ માંસના ટુકડા ખાવા માટે પોતાની છરી વાપરી, ત્યારે અન્યોને પણ તેનો આ વિચાર સારો લાગ્યો. શા માટે તમારે છરીથી ન ખાવું જોઈએ એ અંગે તેમણે એકબીજાને પૂછ્યું. ક્યાંક તે તમારું મોઢું ન કાપી નાખે તે પ્રત્યુત્તરને એ ભૂમિકાએ કાઢી નાખવામાં આવ્યો હતો કે મોટા ભાગની છરી કશું પણ કાપવા પૂરતી બુઠ્ઠી હોય છે.

સભ્ય રીતભાત અંગેના નિયમોને પ્રશ્ન કરવા માટે બાળકો મુક્ત હોવાં જોઈએ, કારણ કે વટાણાંને છરીથી ખાવા તે એક અંગત બાબત છે. હા, જેને સામાજિક રીતભાત કહેવામાં આવે છે તેને પ્રશ્ન કરવાની તેમને છૂટ ન હોવી જોઈએ. જો એક બાળક કાદવભર્યા બૂટ લઈને અમારા દીવાનખંડમાં પ્રવેશે છે તો અમે તેને વઢીએ છીએ, કારણ કે દીવાનખંડ વયસ્કો માટે છે અને તેમાં કોને કોને પ્રવેશ આપવો અને કોને કોને પ્રવેશ ન આપવો તે વયસ્કોના અધિકારની બાબત છે.

જ્યારે એક છોકરાએ અમારા કસાઈ (માંસ કાપનાર) સાથે ઉદ્ધતાઈથી વાત કરી હતી, ત્યારે શાળાની સામાન્ય સભામાં મેં વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કસાઈએ મને ફરિયાદ કરી હતી, પણ મને લાગે છે કે જો કસાઈએ એ છોકરાને કાન નીચે લપડાક ઝીંકી આપી હોત તો વધુ સારું થાત. લોકો સામાન્ય રીતે જેને શિષ્ટાચાર તરીકે ઓળખે છે તે શીખવવા યોગ્ય હોતો નથી. તે બહુ બહુ તો ટકી રહેલી પ્રથાઓના અવશેષો હોય છે. મહિલાઓની હાજરીમાં ટોપી ઉતારવી તે એક અર્થવિહીન પ્રથા છે. એક છોકરા તરીકે, હું પાદરીનાં પત્નીની હાજરીમાં મારી હેટ કાઢતો હતો, પણ મારી મા અથવા બહેનોની હાજરીમાં નહીં. હું માનું છું કે મારે તેમની હાજરીમાં ઢોંગ કરવાની જરૂર નથી એવી આછીપાતળી પ્રતીતિ મને ત્યારે હતી. છતાં, ટોપી ઉતારવા જેવી પ્રથાઓ છેવટે નુકસાનકર્તા નથી. છોકરો પાછળથી એ પ્રથાનું પાલન કરતો થશે. જો કે, દસ વર્ષની ઉંમરે, બનાવટનું સૂચન જેમાં સમાયેલું હોય તેવી કોઈ પણ બાબત તેનાથી દૂર રાખવી જોઈએ.

શિષ્ટાચાર ક્યારેય શીખવવો જોઈએ નહીં. જો સાત વર્ષનું બાળક, હાથથી ખાવા ઇચ્છતું હોય, તો તે એમ કરવા માટે મુક્ત હોવું જોઈએ. મેરી આન્ટી ખુશ થાય તેટલા ખાતર, કોઈ પણ બાળકને ક્યારેય અમુક ચોક્કસ ઢબે વર્તવાનું કહેવાવું જોઈએ નહીં. બાળક પાસે દંભી આચરણ કરાવીને આખી જિંદગી માટે તેની વૃદ્ધિને ઠીંગરાવા કરતાં વિશ્વના તમામ સંબંધો અને પાડોશીઓને જતા કરો. શિષ્ટાચાર પોતાની મેળે આવશે. સમરહિલના જૂના વિદ્યાર્થીઓ ઉત્તમ શિષ્ટાચાર ધરાવે છે – પછી ભલેને બાર વર્ષની ઉંમરે તેમાંના કેટલાક પોતાની થાળીઓ ચાટતા હતા. કોઈ બાળક પાસે

પરાણે "તમારો આભાર" કહેવડાવું જોઈએ નહીં - તેને "તમારો આભાર" કહેવા માટે પ્રોત્સાહિત પણ કરવું જોઈએ નહીં.

જે છોકરા-છોકરીઓનું ચરિત્ર કોઈક રીતે ઢાળવામાં આવ્યું છે, જે સ્વાયત્ત નથી તેઓ સમરહિલ પર તેમનો ખોખલો શિષ્ટાચાર પ્રદર્શિત કરે છે. તેમના આવા બોદા શિષ્ટાચાર વિશે જાણીને માતાપિતાઓ અને શિક્ષકો સહિતના મોટા ભાગના લોકો ચકિત રહી જશે. સરસ મજાની રીતભાતો સાથે આવતો છોકરો, સમરહિલ પર દંભીપણાને કોઈ સ્થાન નથી એવી પ્રતીતિ થતાં, થોડા જ સમયમાં અહીં એ રીતભાતોને સંપૂર્ણપણે પડતી મૂકે છે. પહેલાં અવાજમાં, પછી રીતભાતમાં અને પછી કોઈ પણ કામમાં ધીમે ધીમે દંભીપણાને પડતું મૂકવું તે માન્ય ક્રમ છે. ખાનગી શાળાઓમાંથી આવતા વિદ્યાર્થીઓને સામાન્ય રીતે પોતાનું દંભીપણું છોડતાં અને નિખાલસ બનતાં સૌથી વધુ લાંબો સમય લાગે છે. મુક્ત બાળકો ક્યારેય ઉદ્ધત હોતાં નથી.

મારે મન, શાળાના શિક્ષક પ્રત્યે દાખવવામાં આવતો આદર એ એક કૃત્રિમ જૂઠાણું છે, જે દંભ માગે છે; જ્યારે એક વ્યક્તિ ખરેખર આદર આપે છે ત્યારે તે એમ અજાણપણે કરે છે. મારા વિદ્યાર્થીઓ તેમને મન થાય ત્યારે ગમે ત્યારે મને "મૂર્ખ ગધેડો" બોલાવી શકે છે; હું શાળાનો આચાર્ય છું એટલા માટે નહીં, જેની મૂર્તિ ઊભી કરવામાં આવી છે તેવા માટીના ભગવાન સમાન છું એટલા માટે નહીં, પણ હું તેમના યુવાન જીવનનો આદર કરું છું એટલા માટે તેઓ મારો આદર કરે છે. હું અને મારા વિદ્યાર્થીઓ પરસ્પર આદર ધરાવીએ છીએ, કારણ કે અમે એકબીજાનો સ્વીકાર કરીએ છીએ.

એક શંકાશીલ માતાએ એકવાર મને પૂછ્યું, "પણ જો હું મારા દીકરાને અહીં મોકલું, તો એ જ્યારે રજાઓ વીતાવવા માટે ઘરે આવશે ત્યારે એક જંગલીની જેમ નહીં વર્તે?"

મારો જવાબ હતો, "હા, જો તમે એને એક જંગલી બનાવી ચૂક્યા હશો તો જરૂર એમ વર્તશે."

એ સાચું છે કે સમરહિલમાં આવેલું એક બગડેલું બાળક કમસે કમ પહેલા વર્ષે તો એક જંગલી તરીકે જ પોતાના ઘરે પાછું જાય છે. જો તેને કથિત શિષ્ટાચાર સાથે ઉછેરવામાં આવ્યું હોય, તો તે દરેક વખતે જંગલિયત તરફ પાછું પ્રયાણ કરશે. બનાવટી શિષ્ટાચારો બાળકમાં કેટલી છીછરી હદે ઊંડા ઊતરી શકે છે એનું જ આ નિદર્શન હોય છે.

બનાવટી શિષ્ટાચાર એ દંભી બાહ્ય ઢોળનું પહેલું પડ છે, જે સ્વતંત્રતા મળતાં

સૌથી પહેલું છૂટે છે. નવાં બાળકો સામાન્ય રીતે અદ્ભુત શિષ્ટાચાર દાખવે છે – એટલે કે, તેઓ ઢોંગી રીતે વર્તે છે. સમરહિલ પર વખત જતાં તેઓ સારો શિષ્ટાચાર – સાચો શિષ્ટાચાર ધરાવતાં બને છે, કારણ કે સમરહિલ પર અમે કોઈ જ શિષ્ટાચાર રાખવાનું કહેતા નથી, "થેન્ક યૂ" અથવા "પ્લીઝ" સુદ્ધાં નહીં. છતાં ફરી ફરીને મુલાકાતીઓ કહે છે, "પણ તેમનો શિષ્ટાચાર આહ્લાદક છે!"

આઠથી લઈને ઓગણીસ વર્ષ સુધી અમારી સાથે રહેલો પીટર, દક્ષિણ આફ્રિકા ગયો. તેના યજમાને લખ્યું, "તેની સારી રીતભાતે અહીં દરેકનાં મન જીતી લીધાં છે." છતાં સમરહિલ પર હતો ત્યારે એ કોઈ શિષ્ટાચાર દાખવતો હતો કે નહીં તે અંગે હું તદ્દન અજાણ હતો.

સમરહિલ એ એક વર્ગવિહીન સમાજ છે; કોઈના પિતાની સમૃદ્ધિ અને હોદ્દો અહીં કોઈ વિસાતમાં નથી. જો અહીં કશાની ગણતરી હોય તો તે વ્યક્તિત્વની છે. અને સૌથી વધુ જો કશાની કિંમત હોય તો તે વ્યક્તિની સામાજિકતાની, એટલે કમ્યુનિટીના એક સારા સભ્ય હોવાની છે. અમારો સારો શિષ્ટાચાર અમારા સ્વ-શાસનમાંથી પેદા થાય છે; તેના કારણે બીજાનો દૃષ્ટિકોણ સમજવા માટે દરેક જણને સતત ફરજ પડે છે. સમરહિલનું કોઈ પણ બાળક કોઈ તોતડાના ચાળા પાડે કે કોઈ લૂલા-લંગડાની મજાક ઉડાડે તે વિચારમાં પણ શક્ય નથી; છતાં પ્રેપ-શાળાનાં બાળકો ક્યારેક આ બંને કરતાં હોય છે. "પ્લીઝ", "થેન્ક યૂ" અને "એક્સક્યુઝ મી" કહેતા છોકરાઓ અન્યો માટે ખરેખર બહુ ઓછી કાળજી ધરાવતા હોય તેમ બને.

શિષ્ટાચાર એ સહૃદયતાને લગતી બાબત છે. સમરહિલ છોડ્યા પછી જેક જ્યારે એક કારખાનામાં કામે લાગ્યો ત્યારે તેણે નોંધ્યું કે નટ અને બોલ્ટ આપવાનું જેનું કામ છે તે માણસ હંમેશાં અત્યંત ખરાબ મિજાજમાં રહે છે. જેકે તેની પર વિચાર કર્યો અને સમસ્યા માટે આ નિષ્કર્ષ પર આવ્યો: કોઈ માણસ બિલ પાસે જાય છે ત્યારે બૂમ પાડે છે, "એ બિલ, જરા થોડા અડધા ઈંચના વિલવર્થ નટ આપ તો." પણ બિલ કોલરબંધ શર્ટ અને કોટ પહેરે છે, અને જેકે એવું તારણ કાઢ્યું કે તે પોતાને અન્ય સામાન્ય મિકેનિકો કરતાં જુદો, વધુ સારો માનતો હોવો જોઈએ, અને તેને જેવો મળવો જોઈએ તેવો આદર ન મળતો હોવાથી તેનો મિજાજ ખરાબ રહે છે. એટલે જ્યારે જેકને નટ અને બોલ્ટની જરૂર પડતી, ત્યારે એ બિલ પાસે જતો અને કહેતો, "એક્સક્યુઝ મી, શ્રીમાન બ્રાઉન, મને નટ અને બોલ્ટ્સની જરૂર છે."

જેકે મને કહ્યું હતું, "હું કંઈ તેના જૂતાં ચાટતો નહોતો. હું માત્ર માનસશાસ્ત્રનો ઉપયોગ કરતો હતો. મને ખરેખર એ માણસની દયા આવતી હતી."

"તેનું પરિણામ શું આવ્યું?" મેં પૂછ્યું.

"ઓહ," જેકે કહ્યું, "આખા કારખાનામાં એ જો કોઈની સાથે સભ્યતાથી વર્તતો હોય તો તે હું હતો."

સામુદાયિક જીવન છોકરાઓને જે શિષ્ટાચાર– બીજાઓ માટે વિચારવું અને અનુભવવું – આપે છે તેના એક ઉત્તમ ઉદાહરણ તરીકે હું આ બનાવને જોઉં છું.

નાનાં બાળકોમાં મેં ક્યારેય ખરાબ આચાર નોંધ્યો નથી, અલબત્ત હું તેમનામાં એવું શોધતો નથી એ પણ ખરું. છતાં મેં ક્યારેય એકબીજા સાથે વાતચીત કરતાં બે મુલાકાતીઓની વચ્ચે કોઈ બાળકને ઘસી જતાં જોયું નથી. સમરહિલ પર બાળકો ક્યારેય દરવાજા પર ટકોરા મારીને મારા બેઠક-ખંડમાં પ્રવેશતાં નથી, પણ જો હું કોઈ મુલાકાતી સાથે બેઠો હોઉં, તો તેઓ ચૂપચાપ, મોટા ભાગે "માફ કરજો" કહીને, પાછાં ચાલ્યાં જાય છે.

તાજેતરમાં જ એક સેલ્સમેને તેમના શિષ્ટાચારની પ્રશંસા સરસ રીતે કરી હતી. તેણે મને કહ્યું હતું, "છેલ્લાં ત્રણ વર્ષોથી હું અહીં ગાડીઓ લઈને આવું છું, અને ક્યારેય કોઈ બાળકે ન તો ફેન્ડર પર કોઈ ઘસરકો પાડ્યો છે અને ન તો કોઈ ગાડીમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો છે. અને આ એ શાળા છે જ્યાં બાળકો આખો દિવસ બારીઓ તોડતાં રહે છે તેવું કહેવામાં આવે છે."

મુલાકાતીઓ સાથે સમરહિલનાં બાળકો જે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરે છે તેનો ઉલ્લેખ હું પહેલાં કરી ચૂક્યો છું. તેમના આ મિત્રતાપૂર્ણ વ્યવહારને સારા શિષ્ટાચાર તરીકે લેખી શકાય, કારણ કે મેં ક્યારેય સૌથી વધુ વિરોધ દાખવનારા મુલાકાતીને પણ, અહીં છ મહિનાથી હોય તેવા કોઈ પણ વિદ્યાર્થીએ, કોઈ પણ રીતે હેરાન કર્યા હોય તેવી ફરિયાદ કરતાં સાંભળ્યા નથી.

અમારી નાટક-ભજવણીઓ હંમેશાં પ્રેક્ષકો તરફથી ઉત્તમ શિષ્ટાચાર સાથે જોવાય છે. ખરાબ દેખાવ અથવા નબળા નાટકને સુદ્ધાં તાળીઓથી વધાવી લેવામાં આવે છે; ભલે ઓછી તાળીઓથી, પણ તાળીઓ તો પડે જ છે. સામાન્ય રીતે પ્રેક્ષકોમાં અભિનેતા અથવા નાટ્યકારે પોતાની કળા શ્રેષ્ઠ રીતે દર્શાવી છે, એટલે તેની નિંદા કે ઉપેક્ષા કરવી જોઈએ નહીં, એવી લાગણી પ્રવર્તતી હોય છે.

કેટલાંક માબાપો માટે શિષ્ટાચારનો પ્રશ્ન અત્યંત ત્રાસદાયક હોય છે. એક સારા ઘરનો દસ વર્ષનો છોકરો સમરહિલ પર આવ્યો. દીવાનખંડમાં પ્રવેશતી વખતે તે દરવાજા પર ટકોરા મારીને આવતો, જાય ત્યારે હંમેશાં દરવાજો વાસીને જતો. મેં કહ્યું, "આ એકાદ અઠવાડિયા સુધી ટકશે." હું ખોટો હતો. તે માત્ર બે જ દિવસ સુધી

ટક્યું.

ચોક્કસ, હું હંમેશાં બાળકોને જોરથી કહું છું કે, "દરવાજો બંધ કર." પણ તે એને શિષ્ટાચારની તાલીમ આપવા માટે નહીં, પણ મારે પોતે ઊભા થઈને, જાતે દરવાજો બંધ કરવો હોતો નથી એટલા માટે. શિષ્ટાચાર એ વયસ્કોએ ઊભો કરેલો ખ્યાલ છે. બાળકોને, પછી એ પ્રોફેસરનાં બાળકો હોય કે કુંભારનાં, શિષ્ટાચારમાં કોઈ રસ હોતો નથી.

ઢોંગ અને બનાવટમાંથી વિશ્વને છુટકારો અપાવવામાં જ સભ્યતાની પ્રગતિ સમાયેલી છે. ઢોળ ચઢેલી સભ્યતાથી એક ડગલું આગળ જવા માટે આપણે બાળકોને છુટ્ટાં છોડી દેવાં જોઈએ. બાળકોને ડર અને નફરતથી છુટકારો આપીને આપણે સારા શિષ્ટાચારની નવી સભ્યતાને આગળ ધપાવવામાં મદદ કરી રહ્યા છીએ.

પૈસા

મોટા ભાગનાં બાળકો માટે પૈસા એ પ્રેમનું પ્રતીક હોય છે: બિલીઅંકલે મને બે રૂપિયા આપ્યા; માર્ગારિટઆંટીએ મને પાંચ રૂપિયા આપ્યા; એટલે બિલીઅંકલ કરતાં આંટી મને વધુ પ્રેમ કરે છે. માતાપિતાઓ આ અજાગ્રતપણે જાણતાં હોય છે; અને વારંવાર તેઓ બાળકને વધુ પડતું આપી દઈને તેને બગાડતાં હોય છે. અનેક વખત પ્રેમવિહોણા બાળકને, વળતર રૂપે, સૌથી વધુ ખિસ્સાખર્ચ મળતો હોય તેમ મોટા ભાગે બનતું હોય છે.

આપણામાંથી કોઈ જીવનમાં આર્થિક ખેંચતાણમાંથી છટકી શકતું નથી. દરેક જગ્યાએથી તે આપણા પર દબાણ ઊભું કરે છે. આપણે સ્ટોલમાં બેસીશું કે આપણે બાલ્કનીમાં બેસીશું. આપણાં બાળકો ખાનગી શિબિરોમાં જશે કે પછી શહેરના બગીચાઓમાં રમીને જ પોતાનો ઉનાળો વ્યતીત કરશે. આપણામાંથી દરેક જણ ઉપર આર્થિક મૂલ્યોનું જોખમ તોળાયેલું હોય છે જ.

એક માતા અડધું રડતાં અને અડધું ગમ્મતમાં કહેશે, "આખી દુનિયાના સોનાની સામે પણ હું મારા બાળકને વેચીશ નહીં," અને પાંચ મિનિટ પછી, એક શિલિંગના મૂલ્યનો કપ ફોડી નાખવા માટે તે પોતાના બાળકને ફટકારશે. ઘરમાં આટલી બધી શિસ્તના મૂળમાં છેવટે પૈસા હોય છે. તેને અડીશ નહીં – *તેની* પાછળ પૈસાનો ખર્ચ થયો છે તેથી.

મોટે ભાગે બાળકોને પૈસા બાબતે સીધા કરવામાં આવે છે – પણ માત્ર બાળકોને જ, વયસ્કોને નહીં. જો અમે એક થાળી ફોડી નાખીએ તો મારી મા અમને ફટકારતી; પણ જ્યારે પપ્પા થાળી તોડી નાખે, ત્યારે એ માત્ર એક અકસ્માત લેખાતો.

માતાપિતાઓ પોતાનાં બાળકોને પૈસા બાબતે ઘણા ચિંતા-ડર આપે છે. અનેક વખત મેં ગભરાઈને રડતા બાળકને સાંભળ્યું છે, "મારાથી મારી ઘડિયાળ પડી ગઈ અને તૂટી ગઈ. મમ્મી શું કહેશે? મને એને કહેતાં ખૂબ બીક લાગશે."

ક્યારેક, આનાથી વિપરીત બનતું પણ જોવા મળે છે. ઘર સામે નફરતની પ્રતિક્રિયા આપવા જાણીજોઈને ચીજવસ્તુઓ તોડતા છોકરા અથવા છોકરીને પણ મેં જોયાં છે: "હું મારાં માતાપિતાને, જે મને પ્રેમ કરતાં નથી – તેમને આની કિંમત ચૂકવવા મજબૂર કરીશ. જ્યારે નીલ તેમને બિલ મોકલશે ત્યારે તેમનો પિત્તો હાથથી નહીં જાય?"

સમરહિલનાં કેટલાંક માબાપો પોતાનાં બાળકો માટે ઘણું બધું મોકલે છે, કેટલાક બહુ થોડું મોકલે છે. આ હંમેશાં મારા માટે એક સમસ્યા રહી છે, એવી સમસ્યા કે જેને હું ઉકેલી શક્યો નથી. દર સોમવારે, સમરહિલના વિદ્યાર્થીઓને તેમની વય અનુસાર ખિસ્સા ખર્ચ રૂપે બે પેન્સ મળે છે; પણ કેટલાકને ટપાલ થકી ખાસ્સા વધારાના પૈસા મળે છે, જ્યારે અન્યોને થોડાક મળે છે અથવા કશું જ મળતું નથી.

અમારી શાળાની સામાન્ય સભામાં, એક બાળકને અઠવાડિયાના રૂા.૩૦/- મળે જ્યારે બીજાને માત્ર રૂા.૨/- એ અન્યાયી છે એવું કહીને, મેં એકથી વધુ વખત તમામ ખિસ્સા ખર્ચની રકમને સહિયારા ફાળામાં ફેરવી દેવાની હિમાયત કરી છે. વધુ મેળવતા વિદ્યાર્થીઓ હંમેશાં ખૂબ લઘુમતીમાં હોવા છતાં, સામાન્ય મતદાને ક્યારેય મારા એ પ્રસ્તાવો પસાર થવા દીધા નથી. અઠવાડિયે એક શિલિંગ મેળવતાં બાળકો પોતાના વધુ પૈસાદાર સહાધ્યાયીઓની આવકને મર્યાદિત કરવાના કોઈ પણ પ્રસ્તાવનો પ્રતિકાર ખૂબ જોરશોરથી કરશે.

એક બાળકને બહુ વધુ આપી દેવા કરતાં બહુ ઓછું આપવું વધુ સારું છે. અગિયાર વર્ષના છોકરાને થોડાક પાઉન્ડ સરકાવી આપતાં માબાપો શાણપણ નથી દાખવી રહ્યાં, સિવાય કે આ ભેટ સાયકલ માટે લેમ્પ ખરીદવા જેવા કોઈ વિશેષ હેતુ માટે આપવામાં આવી હોય. વધુ પડતા પૈસા બાળકનાં મૂલ્યોને ખરાબ કરી નાખે છે. બાળકને એક સુંદર મજાની મોંઘી સાયકલ મળે છે, જેની એ કાળજી રાખતો નથી; અથવા એવો એક રેડિયો સેટ કે બીજું કોઈ મોંઘું રમકડું મળે છે જે સર્જનાત્મક નથી.

વધુ પડતા પૈસા બાળકના કલ્પનાવિશ્વને પંગુ બનાવી દે છે. એક બાળકને પાંચ

પાઉન્ડની હોડી આપવી એટલે લાકડાના ભાંગેલા ટુકડામાંથી હોડી બનાવવાનો તમામ સર્જનાત્મક આનંદ તેની પાસેથી ખૂંચવી લેવો. એક નાનકડી છોકરી ઘણે ભાગે પોતે પ્રયત્નપૂર્વક બનાવેલી ચીંથરાની ઢીંગલીને વધુ ચાહે છે અને વેચાતી મળતી જાજરમાન, મોંઘી, સરસ પહેરવેશ ધરાવતી, બોલતી-ઊંઘતી ઢીંગલીને પડતી મૂકી દે છે.

મેં નોંધ્યું છે કે નાનાં બાળકોને પૈસાની કિંમત હોતી નથી. અમારાં પાંચ વર્ષનાં ભૂલકાંઓ તેમની પેનીઓને પાડી નાખે છે અને ક્યારેક તેમને ફેંકી પણ દે છે. આ સૂચવે છે કે બાળકોને બચત કરતાં શીખવવું ખોટું છે. હોમ સેવિંગ્સ બેન્કો બાળક પાસે ઘણી વધુ પડતી અપેક્ષા રાખે છે; જ્યારે બાળકને મન માત્ર આજનું જ મહત્ત્વ હોય છે ત્યારે, તે એને કહે છે, "આવતીકાલનું વિચારો." સાત વર્ષના એક બાળક માટે, તેની પાસે બેન્કમાં અમુકતમુક પૈસા પડ્યા છે એ વાતનો કોઈ અર્થ હોતો નથી, ખાસ કરીને જો એને અંદાજ હોય કે જે એને નથી જોઈતું, એવું કશુંક ખરીદવા માટે એક દિવસ મમ્મીપપ્પા તે લઈ લેશે.

રમૂજવૃત્તિ

આપણી શાળાઓમાં અને ચોક્કસ જ આપણાં શૈક્ષણિક પાઠ્યપુસ્તકોમાં રમૂજને જરા અમસ્તું જ સ્થાન આપવામાં આવે છે. રમૂજનાં પણ તેનાં પોતાનાં જોખમો હોય છે અને કોઈ બાબતનો સામનો કરવાને બદલે તેને હસી કાઢવી એ ઘણું આસાન હોય છે, એટલે કેટલાક માણસો જીવનની વધુ ગંભીર બાબતોને ઢાંકવા માટે રમૂજનો ઉપયોગ કરતાં હોય છે, તે હું જાણું છું. બાળકો એ હેતુ માટે રમૂજનો ઉપયોગ કરતાં નથી. તેમને મન રમૂજ અને ગમ્મત એટલે મિત્રતા અને સાહચર્ય. આ જાણતા કડક શિક્ષકો તેમના વર્ગખંડમાંથી રમૂજને બહાર કાઢી ફેંકે છે.

પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, *શું એક કડક શિક્ષક કોઈ પણ પ્રકારની રમૂજવૃત્તિ ધરાવી શકે ખરા?* મને શંકા છે. મારા પોતાના દૈનિક કામકાજમાં હું આખો દિવસ રમૂજ કરતો રહું છું એ મેં જોયું છે. હું દરેક બાળક સાથે મજાક કરતો હોઉં છું, પણ તેઓ સહુ જાણે છે કે પ્રસંગ પડ્યે હું અત્યંત ગંભીર પણ હોઉં છું.

એક શિક્ષક અથવા માતાપિતા તરીકે, બાળકો સાથે સફળતાપૂર્વક કામ પાર પાડવા માટે તમારે તેમના વિચારો અને લાગણીઓને સમજવા સક્ષમ થવું રહે છે. અને તમારી પાસે રમૂજવૃત્તિ – બાળસહજ રમૂજવૃત્તિ તો હોવી જ જોઈએ. એક બાળક

સાથે રમૂજભર્યો વ્યવહાર કરવાથી તમે તેને પ્રેમ કરો છો એવી લાગણી તેનામાં ઊઠે છે. અલબત્ત, આ રમૂજ ક્યારેય ઉતારી પાડતી અથવા ટીકાત્મક ન હોવી ઘટે.

એક બાળકમાં રમૂજવૃત્તિ કેવી રીતે વિકસે છે તે જોવું બહુ જ આહ્લાદક હોય છે. બાળકમાં રમૂજભાવ વિકસે તે પહેલાં ગમ્મતનો ભાવ વિકસે છે, એટલે રમૂજ કહેવાને બદલે આપણે તેને ગમ્મત કહીએ. ડેવિડ બાર્ટન સમરહિલમાં જ જન્મ્યો હતો એમ કહેવાય. જ્યારે તે ત્રણ વર્ષનો હતો, ત્યારે હું તેને કહેતો, "હું એક મુલાકાતી છું અને મારે નીલને શોધવો છે. તે ક્યાં છે?"

ડેવિડ મારી સામે ભવાં ચઢાવતો, "મૂર્ખ, એ તમે જ તો છો."

ડેવિડ જ્યારે સાત વર્ષનો હતો, ત્યારે એક દિવસ મેં તેને બગીચામાં રોક્યો. "ડેવિડ બાર્ટનને કહેજે કે હું તેને મળવા માગું છું," મેં ગંભીરતાથી કહ્યું. "મને લાગે છે કે તે પેલી કૉટેજમાં હશે."

ડેવિડે મોકળું હાસ્ય વેર્યું. "જરૂર," તેણે પ્રત્યુત્તર આપ્યો, અને કૉટેજ તરફ ગયો. બે મિનિટમાં તે પાછો આવ્યો.

"તે કહે છે કે તે નહીં આવે," તેણે લુચ્ચા હાસ્ય સાથે કહ્યું.

"તેણે તેનું કોઈ કારણ આપ્યું?"

"હા, તેણે કહ્યું કે તે પોતાના વાઘને ખવડાવી રહ્યો હતો."

સાત વર્ષની ઉંમરે ડેવિડ ગમ્મતના સ્તર સુધી ઉપર ઊઠી શક્યો હતો. પણ જ્યારે નવ વર્ષના રેમન્ડને મેં એમ કહ્યું કે આગળનો દરવાજો ચોરવા માટે તેને તેના અડધા ખિસ્સાખર્ચનો દંડ કરવામાં આવ્યો છે, ત્યારે તે રડવા માંડ્યો, અને મને ખબર પડી ગઈ કે મેં ભૂલ કરી. બે વર્ષ પછી, તેને મારી મજાકો સમજાવા માંડી.

ત્રણ વર્ષની સેલીને, જ્યારે હું શહેરના કોઈ માર્ગ પર મળી જાઉં અને તેને સમરહિલનો રસ્તો પૂછું ત્યારે તે ખીખી કરીને હસી પડતી; પણ સાત કે આઠ વર્ષની છોકરીઓ તેના જવાબમાં ચોક્કસ મને ખોટો રસ્તો બતાવતી.

જ્યારે હું મુલાકાતીઓને ફેરવવા નીકળું ત્યારે તેમને કૉટેજમાં રહેતાં બાળકોને "ભૂંડ" કહીને મેળવતો, અને બાળકો ભૂંડની જેમ ડરકવાનો યોગ્ય અવાજ પણ કરતાં. પણ એક વખત આ મજાક ના ચાલી; જ્યારે મેં તેમનો "ભૂંડ" કહીને પરિચય કરાવ્યો, ત્યારે એક આઠ વર્ષની છોકરીએ અકળામણથી પૂછ્યું, "હવે એ મજાક વાસી નથી થઈ ગઈ?" મારે કબૂલવું પડ્યું કે એ મજાક વાસી થઈ જ ગઈ હતી.

છોકરીઓ, છોકરાઓ જેટલી જ રમૂજવૃત્તિ ધરાવતી હોય છે, પણ છોકરાઓ કરતાં હોય છે તેમ તે ભાગ્યે જ પોતાની જાતને બચાવવા માટે રમૂજનો ઉપયોગ કરે

છે. કેટલાક છોકરાઓ આ રીતે પોતાની જાતનો સફળતાપૂર્વક બચાવ કરી જાણે છે. અમુક સમાજ-વિરોધી કામ માટે ડેવ પર કામ ચાલતું હતું. પોતાના અંગેના પુરાવાઓ રમૂજી છટાથી રજૂ કરીને, તે ટોળકીની પ્રશંસા અને ઓછી સજા મેળવવામાં સફળ થયો. જ્યારે પોતાની ભૂલ જોવા માટે સદાય તત્પર રહેતી છોકરીઓ, ક્યારેય આવું કરતી નથી. અત્યંત સંસ્કારસંપન્ન ઘરોમાં પણ, સામાન્ય રીતે છોકરીઓ આપણા સમાજે સ્ત્રીત્વ પર થોપેલી લઘુતાગ્રંથિથી પીડાતી હોય છે.

ક્યારેય એક બાળક સાથે ખોટા સમયે અથવા તેના આત્મગૌરવ પર હુમલો કરતાં હો તે રીતે રમૂજ કરશો નહીં. જો તેને કોઈ સાચુકલી ફરિયાદ હોય, તો તેને ગંભીરતાથી લેવી જોઈએ. ૧૦૨ ડિગ્રી તાવ ધરાવતા બાળક સાથે મજાક કરવી એ એક ભૂલ છે. પણ માંદગી પછી જ્યારે તે પાછું સાજું થતું હોય ત્યારે તમે ડૉક્ટર અથવા સંભાળ રાખનાર હોવાનો ડોળ કરી શકો છો, અને તે પણ આ મજાકને પસંદ કરશે. કદાચ બાળકોને રમૂજભર્યો વ્યવહાર ગમતો હોય છે, કારણ કે રમૂજમાં મિત્રતા અને હાસ્ય સમાયેલું હોય છે. મશ્કરી/વિનોદભરી ઉક્તિઓ વાપરતાં મોટાં બાળકો પણ ડંખીલી ઠઠ્ઠા-મશ્કરી કરતાં નથી. સમરહિલની ઘણી સફળતા તેની ગમ્મતની વૃત્તિને આભારી છે.

૩

સેક્સ

સેક્સ અભિગમો

જાતીયતા અને શારીરિક ક્રિયાઓ પ્રત્યે કોઈ માંદલો અભિગમ લઈને ન આવ્યા હોય એવા એક પણ વિદ્યાર્થી/વિદ્યાર્થિની મને સમરહિલમાં મળ્યા નહોતા. બાળકો ક્યાંથી આવે છે તે સત્ય જણાવવામાં આવ્યું હોય તેવાં આધુનિક માતાપિતાનાં બાળકો પણ સેક્સ પ્રતિ એવો જ છૂપો અભિગમ ધરાવતાં હોય છે જેવો કે કોઈ કટ્ટર ધાર્મિકોનાં બાળકો ધરાવતાં હોય છે. માતાપિતા અને શિક્ષકો સમક્ષનું સૌથી મુશ્કેલ કામ સેક્સ પ્રત્યે એક નવો અભિગમ કેળવવાનું છે.

સેક્સ નિષેધ પાછળનાં કારણો અંગે આપણે એટલું ઓછું જાણીએ છીએ કે તેના ઉદ્‌ભવ અંગે આપણે માત્ર અનુમાનો કરવાની જ કોશિશ કરી શકીએ. સેક્સ નિષેધ શા માટે છે એ મારા માટે તાત્કાલિક ચિંતાનો વિષય નથી. પણ દબાયેલાં બાળકોના ઉપચાર કરવાની જવાબદારી જેના ખભા પર છે તેવા કોઈ પણ માણસ માટે, સેક્સ નિષેધનું અસ્તિત્વ એ જરૂર અતિશય ચિંતાનો વિષય છે.

આપણે પુખ્ત મનુષ્યો શિશુઅવસ્થામાં જ ભ્રષ્ટ થઈ ચૂક્યા હતા; સેક્સની બાબતોમાં આપણે ક્યારેય મુક્ત થઈ શકીશું નહીં. સભાનતાના સ્તરે, આપણે કદાચ મુક્ત થઈ શકીએ; બાળકોને સેક્સનું શિક્ષણ આપતી હોય તેવી કોઈ સોસાયટીના આપણે સભ્ય સુદ્ધાં બની શકીએ. પણ મને ડર છે કે અજાગ્રત સ્તરે, મહદ્ અંશે તો આપણે એ જ રહીએ છીએ જે શિશુઅવસ્થાનાં મનાંકનોએ આપણને બનાવ્યા છે: સેક્સને ધિક્કારનારા અને સેક્સથી ડરનારા.

સેક્સ પ્રત્યેનો મારો અજાગ્રત અભિગમ, જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં એક સ્કોટિશ ગામે મારી પર લાદેલો કેલ્વિનીસ્ટિક અભિગમ છે, એવું માનવાની મારી પૂરી તૈયારી છે. સંભવતઃ પુખ્ત મનુષ્યો માટે આમાંથી બચવાનો, મુક્તિ પામવાનો કોઈ ઉપાય નથી; પણ જો આપણે બાળકો પર સેક્સ અંગેના આપણા એ ભયાનક ખ્યાલો ન થોપીએ, જે ક્યારેક આપણા પર થોપવામાં આવ્યા હતા, તો તેમના માટે મુક્તિની દરેક તક મોજૂદ છે.

જીવનની બહુ શરૂઆતમાં જ, જાતીય પાપ એ બહુ મોટું પાપ છે એમ બાળક શીખે છે. જાતીય સદાચાર અંગેની કોઈ પણ ભૂલ માટે માતાપિતાઓ નિઃશંકપણે સૌથી સખત સજા આપે છે. "તે દરેક બાબતમાં સેક્સ જ જુએ છે" એમ કહીને ફ્રોઇડની નિંદા કરનારા એ લોકો છે જે સેક્સની વાર્તાઓ કહે છે, જે સેક્સની વાર્તાઓ સાંભળે છે અને જે સેક્સની વાર્તાઓ પર હસે છે. લશ્કરમાં રહી ચૂકેલો

દરેક માણસ જાણે છે કે લશ્કરની ભાષા એ સેક્સની ભાષા છે. લગભગ દરેક જણને રવિવારના સમાચારપત્રોમાં છૂટાછેડાના કિસ્સાઓના અને જાતીય અપરાધોના મસાલેદાર વૃત્તાન્તો વાંચવાનું ગમે છે, અને મોટા ભાગના પુરુષો પોતે ક્લબ અને બારમાં સાંભળેલી વાર્તાઓ પોતાની પત્નીઓને સંભળાવે છે.

હવે, સેક્સની વાતોમાં આપણને જે મજા આવે છે તે સમગ્રપણે સેક્સની બાબતે આપણને મળેલા અસ્વાસ્થ્યપ્રદ શિક્ષણને આભારી છે. આ પ્રકારે સેક્સ માણવાની વૃત્તિ એ દમનનું પરિણામ છે. ફ્રોઈડ કહે છે તેમ, કોથળામાંથી બિલાડાને બહાર આવવા દો. બાળકની સેક્સ-વૃત્તિને વખોડતા વયસ્કો ઢોંગી અને છેતરનારા છે; ખરેખર આ વખોડવું એ તો, પોતાનો અપરાધભાવ બીજાઓ પર ફેંકવાની ક્રિયા છે. સેક્સ સંબંધી ભૂલો માટે માતાપિતાઓ કઠોરતમ સજાઓ આપે છે, કારણ કે તેઓ પોતે, ભલે બિનસ્વાસ્થ્યપ્રદ રીતે, પણ અવશ્યપણે સેક્સ અપરાધોમાં રસ ધરાવતાં હોય છે.

દેહને સૂળીએ ચઢાવવાની બાબત આટલી લોકપ્રિય કેમ છે? ધાર્મિક લોકો માને છે કે દેહ માણસની અધોગતિ કરાવે છે. દેહને અધમ કહેવામાં આવે છેઃ તે માણસને પાપ કરવા માટે લલચાવે છે. દેહ પ્રત્યેનો આ દ્વેષ જ બાળકના જન્મની વાતને શાળાના વર્ગખંડના અંધારા ખૂણાઓનો વિષય બનાવે છે. દેહ પ્રત્યેનો આ દ્વેષ જ જીવનની રોજિંદી સરળ હકીકતોને સભ્ય વાતચીત હેઠળ ઢાંકે છે.

ફ્રોઈડ સેક્સને માનવીય વર્તણૂક પાછળના સૌથી મોટા પ્રેરકબળ તરીકે જુએ છે. પ્રામાણિક આત્મ-નિરીક્ષણ કરનારા દરેક આની સાથે સહમત થશે. પણ નીતિનો ઉપદેશ સેક્સ પર વધુ પડતો ભાર મૂકે છે. બાળક જ્યારે તેની જનનેન્દ્રિયને અડે છે, ત્યારે તેના વ્યવહારને સુધારવા માટે માતા તરફથી મળતી સૌથી પહેલી સજા સેક્સને વિશ્વની સૌથી અજાયબ અને સૌથી રહસ્યમય વસ્તુ બનાવી દે છે. ફળને વર્જિત જાહેર કરવું એ તેને મનગમતું અને લલચામણું બનાવવા સમાન છે.

સેક્સ નિષેધ એ બાળકને દબાવનારું મૂળભૂત અનિષ્ટ છે. હું સેક્સ શબ્દને લૈંગિક શારીરિક સંબંધો જેટલા સંકુચિત અર્થમાં વાપરતો નથી. એવું શક્ય છે કે, જો માતા તેના પોતાના શરીરના કોઈ હિસ્સાનો અસ્વીકાર કરતી હોય, અથવા બાળકને તેના પોતાના શરીરને માણતાં અટકાવતી હોય, તો સ્તનપાન કરતું બાળક નાખુશી અનુભવે.

જીવન પ્રત્યેના તમામ નકારાત્મક અભિગમોના પાયામાં સેક્સ છે. જે બાળકો કોઈ પ્રકારનો જાતીય અપરાધભાવ ધરાવતાં નથી, તેમને કદી કોઈ પ્રકારના ધર્મ

અથવા રહસ્યવાદની જરૂર પડતી નથી. કારણ કે સેક્સને સૌથી મોટું પાપ માનવામાં આવે છે, એટલે જે બાળકો સેક્સના ડર અને સેક્સની શરમથી સારા એવા પ્રમાણમાં મુક્ત હોય છે, તેમને માફી માગવા કે દયાની યાચના કરવા માટે કોઈ ઈશ્વરની જરૂર પડતી નથી, કારણ કે તેઓ કોઈ અપરાધભાવથી પીડાતાં નથી.

જ્યારે હું છ વર્ષનો હતો, ત્યારે મેં અને મારી બહેને એકબીજાની જનનેન્દ્રિયો શોધી કાઢી અને સહજપણે એકબીજાં સાથે રમવા માંડ્યાં. અમારી માએ જ્યારે અમને આમ કરતાં જોયાં ત્યારે તેણે અમને ખૂબ ફટકાર્યાં. મને કલાકો સુધી અંધારા કમરામાં પૂરી દેવામાં આવ્યો, અને પછી ઘૂંટણિયે પડીને ભગવાનની માફી માગવાની ફરજ પાડવામાં આવી.

આ શરૂઆતના આઘાતમાંથી બહાર આવતાં મને દાયકાઓ થયા; અને અલબત્ત, ક્યારેક મને કૌતુક થાય છે કે હું કદી તેમાંથી પૂરેપૂરો બહાર નીકળી શકીશ કે નહીં.

આજે કેટલા વયસ્કો આવો જ અનુભવ ધરાવે છે? આજનાં કેટલાં બાળકોનો જીવન પ્રત્યેનો સમગ્ર સહજ પ્રેમ, આવા વ્યવહારને કારણે ધિક્કાર અને આક્રમકતામાં ફેરવાઈ જાય છે? જનનેન્દ્રિયોને અડવું એ ખરાબ બાબત છે અથવા પાપ છે અને નૈસર્ગિક ઉત્સર્જનની ક્રિયાઓ ઘૃણાસ્પદ છે એવું તેમને કહેવામાં આવે છે.

સેક્સ દમનથી પીડાતું દરેક બાળક લાકડાના પાટિયા જેવું સખત પેટ ધરાવે છે. એક દબાયેલા બાળકને શ્વાસ લેતું જુઓ અને પછી એક બિલાડીનું બચ્ચું જે સરસ મઝાની હળવાશથી શ્વાસ લે છે તે જુઓ. કોઈ પ્રાણીઓ જકડાયેલું પેટ ધરાવતાં હોતાં નથી, અને ન તો તેઓ સેક્સ અથવા મળત્યાગ બાબતે ગ્રંથિઓ ધરાવતાં હોય છે.

પોતાના જાણીતા પુસ્તક, *કેરેક્ટર એનાલિસિસ*માં, વિલહેમ રિક ધ્યાન દોરે છે કે નીતિમત્તાની તાલીમ, ફક્ત વિચાર-પ્રક્રિયાઓને જ વિકૃત બનાવતી નથી, પણ તે શરીરના બાંધામાં સુધ્ધાં પ્રવેશે છે, અને લગભગ શરીરને તંગ બનાવે છે અને નિતંબપ્રદેશને સંકુચે છે. હું રિક સાથે સહમત છું. સમરહિલમાં, વર્ષો સુધી વિવિધ પ્રકારનાં બાળકો સાથે કામ પાર પાડતી વખતે મારું નિરીક્ષણ રહ્યું છે કે, જ્યારે સ્નાયુતંત્ર ડરથી જકડાઈ ગયેલું હોતું નથી, ત્યારે નાનાં બાળકો અદ્ભુત સહજતા સાથે ચાલતાં, દોડતાં, કૂદતાં અને રમતાં હોય છે.

તો પછી બાળકોમાં સેક્સ દમન અટકાવવા માટે આપણે શું કરી શકીએ? એક વસ્તુ આપણે આ ક્ષણથી કરી શકીએ- બાળકને તેના શરીરના કોઈ પણ અને દરેક

હિસ્સાને, કોઈ પણ રોકટોક વિના અડવા દઈ શકીએ.

મારા એક મનોચિકિત્સક મિત્રે પોતાના ચાર વર્ષના દીકરાને કહેવું પડ્યું હતું, "બૉબ, જ્યારે તું અજાણ્યા લોકો વચ્ચે હોય, ત્યારે તારે તારા પીપી (શિશ્ન) સાથે રમવું જોઈએ નહીં, કારણ કે તેઓ એને ખરાબ માને છે. તારે ઘરમાં અને બગીચામાં જ એમ કરવું જોઈએ."

હું અને મારો મિત્ર ચર્ચા પછી એ બાબતે સહમત થયા કે બાળકને સેક્સને ધિક્કારનારા તમામ જીવન-વિરોધીઓથી બચાવવું એ અશક્ય છે. રાહતની વાત માત્ર એટલી જ છે કે જ્યારે માતાપિતાઓ ખરેખર જીવનમાં માનનારા હોય, ત્યારે સામાન્ય રીતે બાળક માતાપિતાનાં ધોરણોને સ્વીકારે છે અને બહારની ઠાવકાઈને નકારે છે. પણ આ બધા છતાં, એક પાંચ વર્ષનું બાળક જ્યારે એવું જાણે છે કે પોતે દરિયામાં ચડ્ડી પહેર્યા વિના નહાઈ શકે નહીં, ત્યારે તે હકીકત માત્ર સેક્સ માટેનો કોઈક પ્રકારનો - ભલે માત્ર ગૌણ કહેવાય તેવો - અવિશ્વાસ ઊભો કરવા માટે પૂરતી હોય છે.

આજે ઘણાં માતાપિતાઓ હસ્તમૈથુન કરવા પર કોઈ પ્રતિબંધ મૂકતાં નથી. તેમને લાગે છે કે તે કુદરતી છે, અને તેઓ તેને દબાવવાનાં જોખમોથી વાકેફ છે. ઉત્તમ. સરસ.

પણ આમાંના કેટલાંક જાગૃત માતાપિતાઓ એ પછીના પગથિયે અટકી જાય છે. પોતાના નાના છોકરાઓ બીજા નાના છોકરાઓ સાથે જાતીય ક્રીડા કરે તેમાં કેટલાકને વાંધો હોતો નથી, પણ જો એક નાનો છોકરો એક નાની છોકરી સાથે જાતીય ક્રીડા કરે તો તેઓ ચમકીને અક્કડ બની જાય છે.

જો સારી, શુભ ઈરાદાઓવાળી અમારી માએ ભાઈ-બહેનની જાતીય ક્રીડાને અવગણી હોત, તો સેક્સ પ્રત્યે થોડી વધુ સમજણ સાથે ઊછરવાની અમારી સંભાવનાઓ વધુ હોત.

પુખ્ત મનુષ્યોની કેટલી નપુંસકતા અને જાતીય ઉદાસીનતા, તેમના શિશુવસ્થાના વિષમલિંગી સંબંધોમાં થયેલા પહેલવહેલા હસ્તક્ષેપના દિવસથી ચાલી આવતી હશે તે અંગે હું અચરજ અનુભવું છું. મને અચરજ છે કે કેટલી સમલૈંગિકતા, સમલૈંગિક ક્રીડાને સહન કરી લીધાની અને વિષમલિંગી ક્રીડાને મનાઈ ફરમાવી દીધાની તારીખોથી ચાલી આવતી હશે.

હું માનું છું કે, શિશુઅવસ્થાની વિષમલિંગી ક્રીડા એ એક સ્વસ્થ, સંતુલિત વયસ્ક જાતીય જીવન તરફ જવાનો રાજપથ છે. જ્યારે બાળકોને સેક્સ અંગે કોઈ

નીતિમત્તાની તાલીમ આપવામાં આવતી નથી, ત્યારે તેઓ સ્વસ્થ કિશોરાવસ્થાએ પહોંચે છે - સ્વચ્છંદી કિશોરાવસ્થાએ નહીં.

યુવાનોના પ્રેમજીવન વિરુદ્ધની કોઈ નક્કર દલીલ હું જાણતો નથી. લગભગ દરેક દલીલ દબાયેલી લાગણી અથવા જીવન પ્રત્યેના ધિક્કાર - એટલે કે ધાર્મિક, નીતિમત્તા, સગવડતા, મનસ્વિતા, અશ્લીલતા - પર આધારિત છે. જો સમાજના વડીલોની મંજૂરી વિના યુવાનો માટે સેક્સ પ્રતિબંધિત ક્ષેત્ર જ હોય, તો ભલા કુદરતે માણસને આટલી બળવત્તર સેક્સની વૃત્તિ આપી શા માટે છે એ પ્રશ્નનો જવાબ કોઈ દલીલ આપી શકતી નથી. અને એ વડીલોમાંથી કેટલાક સેક્સ અપીલથી ભરપૂર એવી ફિલ્મો ચલાવતી કંપનીઓમાં હિસ્સો ધરાવતા હશે, અથવા છોકરાઓને છોકરીઓ વધુ ગમે એવી બનાવવા માટે તમામ પ્રકારનો સાજશણગાર-સૌંદર્યપ્રસાધનો વેચતી કંપનીઓમાં સામેલ હશે, અથવા પોતાના વાચકોને આકર્ષવા માટે વિકૃત જાતીયતાનાં ચિત્રો અને વાર્તાઓ છાપતાં સામયિકો પ્રકાશિત કરતી કંપનીઓમાં સામેલ હશે.

હું જાણું છું કે આજે કિશોરાવસ્થામાં જાતીય જીવન વ્યાવહારિક નથી. પણ મારા મતે સ્વસ્થ આવતીકાલ માટેનો એ જ સાચો રસ્તો છે. હું આવું લખી શકું છું, પણ જો હું સમરહિલમાં મારા કિશોરવયના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સાથે સૂવા દેવાનું મંજૂર રાખું, તો અધિકારીઓ મારી શાળાનાં પાટિયાં પાડી દેશે. સેક્સ દમન કેટલું જોખમી છે એવી પ્રતીતિ જ્યારે સમાજને થશે એ દૂરની આવતીકાલ ભણી હું જોઈ રહ્યો છું.

સમરહિલના પ્રત્યેક વિદ્યાર્થી/વિદ્યાર્થિની માનસિક રીતે તદ્દન સ્વસ્થ હોય એવી અપેક્ષા હું સેવી રહ્યો નથી, કારણ કે આજના સમાજમાં ગ્રંથિઓથી તદ્દન મુક્ત તો ભલા કોણ હોઈ શકે? મને તો ફક્ત એટલી જ આશા છે કે કૃત્રિમ સેક્સ નિષેધોમાંથી સ્વતંત્રતા મેળવવાની આ શરૂઆત, આવનારી પેઢીઓમાંથી છેવટે એક જીવન-પ્રેમી વિશ્વને આકાર આપે.

સેક્સ અંગેની નીતિમત્તામાં કદાચ સૌથી મજબૂત પરિબળ એ પરિણામોનો ડર છે એ જોતાં, ગર્ભનિરોધકોની શોધ લાંબા ગાળે ચોક્કસ એક નવી સેક્સ નીતિમત્તા તરફ દોરશે. મુક્ત રહેવા માટે, પ્રેમ પોતાની જાતને સુરક્ષિત અનુભવે તે બહુ જરૂરી છે.

આજે ખરેખર તો યુવાનો પાસે પ્રેમ કરવાની બહુ થોડી તક હોય છે. માતાપિતાઓ પોતાના દીકરા અથવા દીકરીઓને - તેમના શબ્દોમાં - પાપમાં જીવવા દેશે નહીં

એટલે યુવા પ્રેમીઓએ ગાઢ જંગલો અથવા બગીચાઓ અથવા વાહનોનો આશરો શોધવો રહે છે. આમ આજે બધું જ આપણા યુવાનોની વિરુદ્ધ તકાયેલું છે. જે પ્રેમાળ અને આનંદભર્યું હોવું જોઈએ, તેને દુષ્ટતાભર્યું, પાપી, બીભત્સ, કુદૃષ્ટિ અને બેશરમ ખિખિયારીમાં પલટાવવા માટે પરિસ્થિતિ તેમને ફરજ પાડે છે.

જે નિષેધો અને ડર સેક્સ વર્તણૂકને ઘડે છે, તે જ નિષેધો અને ડર બગીચાઓમાં નાનકડી છોકરીઓ પર બળાત્કાર ગુજારી, તેમને રહેંસી નાખતા વિકૃત નરાધમોને અને યહૂદીઓ તથા નિગ્રોને રિબાવનારા મનોવિકારીઓને પેદા કરે છે.

સેક્સ પ્રતિબંધ, કામવાસનાને પરિવાર સાથે લાંગરેલી રાખે છે. હસ્તમૈથુનની મનાઈ, બાળકને પોતાનાં માતાપિતામાં રસ લેવા માટે પ્રેરે છે. દરેક વખતે જ્યારે એક માતા પોતાના બાળકને તેની જનનેન્દ્રિયને અડવા માટે હાથ પર થપાટ મારે છે, ત્યારે બાળકનો કામાવેગ તેની માતામાં સ્થિર થાય છે, અને માતા પ્રત્યેનો તેનો છૂપો અભિગમ વાસના અને તિરસ્કારનો, પ્રેમ અને ધિક્કારનો બની જાય છે. બંધનોયુક્ત પરિવારમાં દમન ફૂલેફાલે છે. વયસ્કોની સત્તા જાળવવામાં દમન સહાયભૂત થાય છે, મનોરોગો ફાટી નીકળવાની કિંમતે.

જો કામવાસનાને બગીચાની દીવાલ વટાવીને નજીકના છોકરા અથવા છોકરી સુધી પહોંચવાની રજા હોય, તો ઘરનું શાસન જોખમમાં આવી પડશે; પિતા અને માતા સાથેની ગાંઠ ઢીલી પડશે અને બાળક આપમેળે ભાવનાત્મક રીતે પરિવારને છોડી દેશે. આ વિચિત્ર ભાસી શકે પણ આ ગાંઠો જ સત્તાવાદી શાસનને ટેકો આપનારા આધારસ્તંભ હોય છે - જેમ સારા ઘરની સારી છોકરીઓનું શીલ બચાવવા માટે, વેશ્યાવ્યવસાયને અનિવાર્ય ગણવામાં આવે છે, તેમ જ. સેક્સ દમનને નાબૂદ કરો અને યુવાનો પરની પકડ ઢીલી થઈ જશે.

માતાઓ અને પિતાઓ એ જ કરી રહ્યાં હોય છે જે તેમનાં માતાપિતાઓએ તેમની સાથે કર્યું હતુંઃ તેમના પોતાના બાળપણની તમામ છાનીછપની જાતીય ક્રીડાઓ અને અશ્લીલ વાર્તાઓને, તથા અસીમ અપરાધભાવ સાથે પોતે હૃદયમાં દાબી દેવો પડેલો પોતાનાં માતાપિતા સામેનો કડવો વિદ્રોહ - એવી તમામ બાબતોને સગવડતાપૂર્વક ભૂલી જઈને કુલીન, સંયમી બાળકોને ઉછેરવાનું કામ તેઓ કરે છે. ઘણાં વર્ષો અગાઉ જે અપરાધભાવના કારણે પોતે રાતોની રાતો સુધી પીડાયાં હતાં, તે જ અપરાધભાવ તેઓ તેમનાં પોતાનાં બાળકોને આપી રહ્યાં છે તેવું તેમને સમજાતું નથી.

માણસનો ગંભીર મનોરોગ જનનેન્દ્રિય સંબંધી સૌથી પહેલા પ્રતિબંધ- અડીશ

નહીં-થી શરૂ થાય છે. જીવનમાં આગળ જતા ઊભી થતી નપુંસકતા, જાતીય ઉદાસીનતા અને અસ્વસ્થતાનું મૂળ, હાથ બાંધી દેવાના અથવા સામાન્ય રીતે હળવી થપાટ સાથે હાથ ખેંચી લેવાના વખતથી વિકસવી શરૂ થતી હોય છે. પોતાની જનનેન્દ્રિયને અડવા માટે મુક્ત હોય એવું બાળક, સેક્સ પ્રત્યે સહૃદયી, આનંદસભર અભિગમ ધરાવનાર વ્યક્તિ તરીકે વિકસે તેવી બધી જ સંભાવનાઓ હોય છે. નાનાં બાળકોની જાતીય ક્રીડા એ એક કુદરતી, સ્વસ્થ ક્રિયા છે, જેના પર ગુસ્સે થવાનું કોઈ કારણ નથી. ઊલટાનું, તેને એક સ્વસ્થ કિશોરાવસ્થા અને પુખ્તાવસ્થાની પ્રસ્તાવના તરીકે પ્રોત્સાહિત કરાવું જોઈએ. જો માતાપિતા તેમનાં બાળકોની અંધારા ખૂણાની જાતીય ક્રીડાથી અજાણ હોય, તો તેઓ રેતીમાં માથું છુપાવતાં શાહમૃગ છે. આ પ્રકારની છાનીછપની અને ચોરીછૂપીથી કરવામાં આવતી ક્રીડા અપરાધભાવને પોષે છે, જે જીવનમાં આગળ જતાં પણ સાથે રહે છે, અને એ અપરાધભાવ જ્યારે આ જ બાળકો માતાપિતા બને છે ત્યારે સામાન્ય રીતે પોતાનાં બાળકોની જાતીય ભાવનાને અસ્વીકૃતિ આપવામાં છતો થાય છે. જાતીય ક્રીડાને બહાર પ્રકાશમાં લાવવી એ જ માત્ર ડહાપણભર્યું કામ છે. જો બાળકોની જાતીય ક્રીડાઓને સામાન્ય ગણીને સ્વીકારવામાં આવે તો આ વિશ્વમાં જાતીય અપરાધોનું પ્રમાણ નિઃશંકપણે ઓછું થશે. નીતિનો આગ્રહ રાખનારાં માબાપ જે નથી જોઈ શકતાં અથવા જે જોવાની હિંમત નથી કરતાં તે એ છે કે, કોઈ પણ પ્રકારના જાતીય અપરાધ અને જાતીય વિકૃતીઓ એ બાલ્યાવસ્થાની શરૂઆતમાં મળેલી સેક્સની અસ્વીકૃતિનું સીધું પરિણામ છે.

જાણીતા માનવઉત્ક્રાંતિ-શાસ્ત્રના જ્ઞાતા, માલિનોવસ્કી, આપણને કહે છે કે, જ્યાં સુધી હતપ્રભ મિશનરીઓએ છોકરા અને છોકરીઓને અલગ અલગ છાત્રાલયોમાં જુદાં પાડ્યાં નહોતાં, ત્યાં સુધી ટ્રોબ્રાઈન્ડરોમાં કોઈ સમલૈંગિકતા જોવા મળતી નહોતી. ટ્રોબાઈન્ડરોના કાળમાં કોઈ બળાત્કારો થતા નહોતા, કોઈ જાતીય અપરાધો નહોતા. કેમ! કારણ કે નાનાં બાળકોને સેક્સ અંગે કોઈ દમનવૃત્તિ આપવામાં આવતી નહોતી.

આજે માતાપિતાઓ સામે આ પ્રશ્ન ઊભો છેઃ આપણાં બાળકો આપણા જેવા બને તેવું આપણે ઇચ્છીએ છીએ? જો એમ હોય તો, શું સમાજ જેવો છે - બળાત્કાર, જાતીય હત્યાઓ, આનંદરહિત લગ્નો અને મનોરોગી બાળકોની સાથે - એવો જ આગળ વધવો જોઈએ? જો પહેલા પ્રશ્નનો જવાબ હા છે, તો બીજા પ્રશ્નનો પણ એ જ જવાબ આપવો ઘટે. અને આ બંને જવાબો અણુબોમ્બના હુમલાઓથી થનારા

વિનાશની પ્રસ્તાવના સમાન હશે, કારણ કે તેઓ નફરતને આગળ ધપાવવાને અને યુદ્ધોમાં આ નફરતની અભિવ્યક્તિ કરવાને માન્યતા આપી રહ્યા છે.

નીતિનાં આગ્રહી માતાપિતાઓને હું પૂછું છું: જ્યારે અણુ બોમ્બ ઝીંકાવા શરૂ થશે ત્યારે તમે તમારાં બાળકોની જાતીય ક્રીડા માટે કેટલી ચિંતા કરવા બેસશો? અણુ ઊર્જાનાં વાદળો જ્યારે જીવન માત્રને મુશ્કેલ બનાવતાં હશે ત્યારે તમારી દીકરીના કૌમાર્યનું કેટલુંક મહત્ત્વ હશે? જ્યારે તમારા દીકરાઓને મોતને ભેટવા માટે ફરજિયાતપણે લશ્કરમાં ભરતી કરવામાં આવતા હશે, ત્યારે પણ શું તમે બાલ્યાવસ્થામાં જેટલું પણ કંઈ સારું છે તે તમામનું દમન કરતાં તમારા વામણાં પૂજાઘરને પકડી રાખશો? તમે જે ભગવાનની પાખંડી પ્રાર્થના કરો છો, તે શું ત્યારે તમારો અને તમારાં બાળકોનો જીવ બચાવશે?

તમારામાંથી કેટલાક કદાચ એવો જવાબ આપી શકે કે આ જીવન તો માત્ર શરૂઆત છે, કે આના પછીના જન્મમાં કોઈ નફરત, કોઈ યુદ્ધ, કોઈ સેક્સ હશે નહીં. આ કિસ્સામાં, આ પુસ્તક બંધ કરી દેશો - કારણ કે આપણી વચ્ચે વિચારોની કોઈ સંપર્કભૂમિ જ નથી.

મારે મન, શાશ્વત જીવન એ માત્ર એક સપનું છે- અલબત્ત એ સમજી શકાય એવું સપનું છે - કારણ કે યાંત્રિક શોધોને બાદ કરતાં તમામે તમામ બાબતમાં મનુષ્ય વાસ્તવિકતામાં નિષ્ફળ નીવડ્યો છે. પણ આ સ્વપ્ન પૂરતું નથી. હું સ્વર્ગ પૃથ્વી પર જોવા ચાહું છું, વાદળોમાં નહીં. અને દયાજનક વાત એ છે કે મોટા ભાગના લોકો પણ આવું જ ઇચ્છે છે. તેઓ ઇચ્છે છે ખરા પણ તેમની પાસે તે મેળવવા જેટલી ઇચ્છાશક્તિ નથી. તેમની એ ઇચ્છાશક્તિ તો પહેલા તમાચા સાથે, પહેલા જાતીય નિષેધ સાથે કુંઠિત થઈ ગઈ હોય છે.

એક માતાપિતા માટે તટસ્થ રહેવાનો - નિષ્પક્ષ રહેવાનો - વિકલ્પ મોજૂદ નથી. છાની-અપરાધભાવ સાથેની જાતીયતા અથવા ખુલ્લી-સ્વસ્થ-આનંદપ્રદ જાતીયતા વચ્ચે તેમણે પસંદગી લેવી રહે છે. જો માતાપિતાઓ નીતિમત્તાના સામાન્ય ધોરણની પસંદગી કરે છે, તો તેમણે જાતીય-વિકાર ધરાવતા સમાજનાં દુ:ખો અંગે કોઈ ફરિયાદ કરવી જોઈએ નહીં, કારણ કે તે આ નીતિસંહિતાનું જ પરિણામ છે. પછી માતાપિતાઓએ યુદ્ધોને ધિક્કારવાં ન જોઈએ, કારણ કે તેઓ પોતાનાં બાળકોને સ્વ પ્રત્યેનો જે ધિક્કાર આપે છે તે જ યુદ્ધમાં વ્યક્ત થાય છે. માનવતા બીમાર છે, ભાવનાત્મક રીતે બીમાર છે, અને તે આ અપરાધભાવના કારણે અને બાળપણમાં એકઠા થયેલા તણાવોને કારણે બીમાર છે. આપણા સમાજમાં ચારેકોર ભાવનાત્મક

ત્રાસવાદીઓ ફેલાયેલા છે.

જ્યારે ઝોઈ છ વર્ષની હતી, ત્યારે તેણે મારી પાસે આવીને કહ્યું, "નાનાં બચ્ચાંઓમાં વિલીનું શિશ્ન સૌથી મોટું છે, પણ શ્રીમતી અ (એક મુલાકાતી) કહે છે કે 'શિશ્ન' બોલવું એ ખરાબ છે." મેં તરત જ એને કહ્યું કે તેમ કહેવું ખરાબ નથી. અંદરખાને, મેં એ મહિલાને તેનાં બાળકો અંગેના અજ્ઞાન અને સંકુચિત સમજણ માટે કોસી. બાળકોને રાજકારણ કે શિષ્ટાચાર અંગેની ભ્રામક માહિતી આપવાને કદાચ હું સહન કરી લઉં, પણ જ્યારે કોઈ વ્યક્તિ બાળકમાં, સેક્સ અંગે અપરાધભાવ ઊભો કરવાની કોશિશ કરે છે, ત્યારે હું જબરજસ્ત રીતે વળતી લડત આપું છું.

સેક્સ તરફનો આપણો તમામ અશ્લીલ અભિગમ, સંગીતખંડમાંનાં આપણાં અટ્ટહાસ્યો, મુતરડીની દીવાલો પર આપણી બીભત્સ કોતરણીઓ છેવટે શિશુવસ્થામાં હસ્તમૈથુનની મનાઈ અને પારસ્પરિક જાતીય ક્રીડાઓને અંધારા ખૂણાઓમાં ધકેલી દેવામાંથી ઊભા થતા અપરાધભાવની પેદાશ છે. પ્રત્યેક પરિવારમાં છૂપી જાતીય ક્રીડા ચાલતી હોય છે; અને તેની રહસ્યમયતા અને અપરાધભાવના કારણે, ભાઈઓ અને બહેનોનાં મનમાં કેટલીય ગ્રંથિઓ બને છે અને તેમનાં ખુશહાલ લગ્નોને અશક્ય બનાવી દે છે. જો પાંચ વર્ષની વયે ભાઈ અને બહેન વચ્ચેની જાતીય બાળસહજ રમતોને કુદરતી લેખવામાં આવી હોત, તો તે બંને જણ પરિવારની બહાર, સેક્સ માટે યોગ્ય પાત્ર શોધવા માટે મુક્તપણે આગળ વધી શક્યાં હોત.

સેડિઝમ(ક્રૂરતામાંથી જાતીય આનંદ માણવાની વૃત્તિ)માં સેક્સ પ્રત્યેનો ધિક્કાર તેના અંતિમ પ્રકારના સ્વરૂપોમાં જોવા મળે છે. સારું જાતીય જીવન ધરાવતો કોઈ પણ મનુષ્ય ક્યારેય કોઈ પ્રાણીને અથવા માણસને રિબાવશે નહીં, અથવા કેદખાનાઓની હિમાયત કરશે નહીં. કોઈ જાતીય રીતે સંતૃપ્ત મહિલા ગેરકાયદેસર બાળકની માતાને વખોડશે નહીં.

ચોક્કસ, હું મારી જાતને આક્ષેપો માટે ઉઘાડી મૂકી રહ્યો છું: "આ માણસના માથા પર સેક્સ ચઢી ગયું છે. જીવનમાં કંઈ સેક્સ જ બધું નથી. તેમાં મિત્રતા છે, કામકાજ છે, આનંદ છે, અને દુ:ખ છે. શા માટે માત્ર સેક્સ?"

મારો જવાબ છે: સેક્સમાં જીવનના ઉચ્ચતમ આનંદની ગુંજાઇશ છે. પ્રેમમય સેક્સ એ પરમાનંદનું સર્વોત્તમ રૂપ છે કારણ કે એ આપવા અને મેળવવા, એમ બંનેનું સર્વોત્તમ રૂપ છે. છતાં, સેક્સને દેખીતી રીતે ધિક્કારવામાં આવે છે; નહીં તો કોઈ માતા હસ્તમૈથુનની મનાઈ ફરમાવત નહીં, કોઈ પિતા રૂઢિગત

લગ્નપ્રણાલીની બહારના જાતીય જીવનને પ્રતિબંધિત કરત નહીં. તો પછી, નાટક-સંગીતગૃહોમાં કોઈ બીભત્સ ઠઠ્ઠા-મશ્કરીઓ સંભળાત નહીં, ન તો પ્રેમની ફિલ્મો જોવામાં અને પ્રેમકથાઓ વાંચવામાં લોકો પોતાનો સમય બગાડત; તેઓ પ્રેમ કરવામાં જ વ્યસ્ત હોત.

લગભગ દરેક ચલચિત્ર પ્રેમના વસ્તુવિષયને પેશ કરે છે તે હકીકત સાબિત કરે છે કે સેક્સ એ જીવનનું સૌથી મહત્ત્વનું પરિબળ છે. આ ફિલ્મોમાં લોકો જે રસ દાખવે છે, તે મૂળભૂત રીતે, મનોરોગી છે. તે સેક્સ-અપરાધભાવ ધરાવતા, સેક્સથી હતાશ થયેલા લોકોનો રસ છે. સેક્સ અપરાધભાવના કારણે સહજપણે પ્રેમ કરવા અક્ષમ એવા આ લોકો પ્રેમને રોમેન્ટિક બતાવતી, સુંદર બતાવતી ફિલ્મની કથાઓ જોવા ઊભરાય છે. જેમણે જાતીય ઇચ્છાઓનું દમન કર્યું છે તેવી વ્યક્તિઓ ફિલ્મો દ્વારા તેમના સેક્સના રસને જીવે છે. પૂર્ણ પ્રેમ જીવન જીવતો કોઈ માણસ કે કોઈ સ્ત્રી અઠવાડિયામાં બે વખત સિનેમાગૃહોમાં સાવ નકામાં, વાસ્તવિક જીવનની માત્ર નકલરૂપ ચલચિત્રો જોવા બેસવાની પરવા કરશે નહીં.

આ જ વાત લોકપ્રિય નવલકથાઓને લાગુ પડે છે. તે કાં તો સેક્સ અથવા અપરાધ, અથવા સામાન્ય રીતે આ બંનેનું સંયોજન ધરાવતી કથાવસ્તુ ધરાવતી હોય છે. એક અત્યંત લોકપ્રિય નવલકથા, *ગોન વિથ ધ વિન્ડ*, આંતરવિગ્રહ તથા ગુલામોની કરુણતાની તેની પૃષ્ઠભૂમિના કારણે નહીં, પણ તે એક કંટાળાજનક, અહં-કેન્દ્રિત છોકરી અને તેનાં પ્રેમ-પ્રકરણોની આસપાસ કેન્દ્રિત હતી માટે અત્યંત લોકપ્રિયતા પામી હતી.

ફેશન મેગેઝિનો, સૌંદર્ય-પ્રસાધનો, લેગ શો, ભ્રમર ચઢાવતી સુફિયાણી આલોચનાઓ, સેક્સ કથાઓ એ તમામ સ્પષ્ટપણે દર્શાવે છે કે સેક્સ એ જીવનની સૌથી અગત્યની બાબત છે. સાથે સાથે, સેક્સના માત્ર બાહ્ય સાજશણગાર જ સામાજિક માન્યતા પામે છે, એવું પણ તેઓ સાબિત કરે છે. બીજા શબ્દોમાં, કાલ્પનિક કથાઓ, ફિલ્મો, લેગ શો જ સમાજમાં માન્ય ગણાય છે.

ડો. ડી.એચ.લોરેન્સે સેક્સ ફિલ્મોના અન્યાયી પરિણામ તરફ ધ્યાન દોર્યું હતું. આવી ફિલ્મો જોતો યુવાન કે જેણે પોતાની જાતીય ઇચ્છાઓનું દમન કર્યું છે, તે તેના પોતાના વર્તુળની છોકરીઓથી ખરેખર ગભરાય છે, પણ ફિલ્મ જોતાં જોતાં તે પોતાના તમામ કામ-આવેગો હોલીવુડ અભિનેત્રી પર ઠાલવે છે - અને પછી ઘરે જઈને હસ્તમૈથુન કરે છે. અલબત્ત, હસ્તમૈથુન કરવું ખોટું છે એવું લોરેન્સ કહેવા નહોતા માગતા; તેમનો કહેવાનો અર્થ એ હતો કે એક ફિલ્મ સ્ટારની કલ્પના ધરીને

હસ્તમૈથુન કરવું એ અસ્વસ્થ સેક્સ છે. સ્વસ્થ જાતીયતા ચોક્કસ જ મોટા ભાગે પોતાની આડોશપાડોશમાંથી કોઈ યોગ્ય સાથી શોધી લે છે.

જાતીય ઇચ્છાઓના દમન પર કેટલાનો ધંધો ચાલે છે તે તો વિચારો: ફેશનના લોકો, લિપસ્ટિકના વેપારીઓ, ચર્ચ, થિયેટરો અને સિનેમાગૃહો, સૌથી વધુ વેચાતા નવલકથા લેખકો અને ગોઠણ સુધીના મોજાં બનાવનારાઓ.

જાતીય રીતે મુક્ત સમાજમાં સુંદર કપડાંને સ્થાન નહીં હોય એવું કહેવું મૂર્ખાઈભરેલું હશે. અલબત્ત, એમ ન જ બને. પોતે જેને પ્રેમ કરતી હોય તે પુરુષ સામે દરેક સ્ત્રી શ્રેષ્ઠ દેખાવા ઇચ્છશે. પોતાની મિત્ર સાથે બહાર જતો દરેક પુરુષ તેની સમક્ષ સુંદર પ્રગટ થવા ચાહશે. જે જતી રહેશે તે હશે કામોત્તેજક ચીજવસ્તુઓ - વાસ્તવિકતા પર પ્રતિબંધ હોવાથી ભ્રમણાઓનું જે મૂલ્ય હતું તે દૂર થશે. દુકાનની બારીમાંથી સ્ત્રીઓનાં અંતઃવસ્ત્રોને તાકી રહેતા જાતીય ઇચ્છા દબાવેલ માણસો રહેશે નહીં. સેક્સની વૃત્તિ આટલી હદે દમન પામેલી હોય તે કેટલું ભયંકર દયાજનક કહેવાય. વિશ્વના સર્વોચ્ચ આનંદને અપરાધભાવ સાથે માણવામાં આવે છે. આ દમન મનુષ્ય જીવનના દરેક પાસામાં પ્રવેશે છે; જીવનને સંકુચિત, આનંદરહિત અને ધિક્કારપૂર્ણ બનાવે છે.

સેક્સને ધિક્કારો અને તમે જીવનને ધિક્કારો છો. સેક્સને ધિક્કારો અને તમે તમારા પાડોશીને પ્રેમ નહીં કરી શકો. જો તમે સેક્સને ધિક્કારનારા હો, તો તમારું જાતીયજીવન, સૌથી ખરાબ કિસ્સામાં નપુંસક અથવા અતિશય ઠંડુ હશે; અને શ્રેષ્ઠ કિસ્સાઓ અપૂર્ણ હશે. એટલે જ બાળકોની માતા બની ચૂકેલી સ્ત્રીઓ આવી સામાન્ય ટિપ્પણી કરતી હોય છે - "સમય પસાર કરવાના સાધન તરીકે સેક્સને વધુ પડતું મહત્ત્વ અપાય છે." જો જાતીયજીવન અસંતોષકારક હોય, તો એ ઉત્તેજનાએ ક્યાંક તો જવું જ પડે છે, કારણ કે સદંતર જડમાંથી કાઢી નાખવા માટે આ ઉત્તેજના વધુ પડતી મજબૂત હોય છે. તે અસ્વસ્થતા અને ધિક્કારનું રૂપ લે છે.

ઘણા ઓછા વયસ્કો સેક્સને એક આપવાની ક્રિયા તરીકે જુએ છે; નહીં તો નપુંસકતા અને જાતીય ઉદાસીનતાથી ગ્રસ્ત લોકોની ટકાવારી, જેમ કેટલાક નિષ્ણાતોએ દાવો કર્યો છે તેમ, આશરે ૭૦ ટકા જેટલી ન હોત. અનેક પુરુષોને મન, સંભોગ એ સભ્ય બળાત્કાર છે; અનેક સ્ત્રીઓને મન, તે એક ત્રાસદાયક વિધિ છે, જેમાંથી પસાર થવું જ રહ્યું. હજારો પરિણીત સ્ત્રીઓએ તેમના જીવનમાં કદી કામાનંદની પરાકાષ્ઠા અનુભવી હોતી નથી; અને કેટલાક ભણેલાગણેલા માણસો પણ જાણતા હોતા નથી કે સ્ત્રીઓ પણ કામાનંદની પરાકાષ્ઠા અનુભવવા સક્ષમ

હોય છે. આવી વ્યવસ્થામાં આપવાની બાબત લઘુત્તમ રહે છે; અને સેક્સ સંબંધો વત્તાઓછા અંશે ક્રૂર અને અશ્લીલ જ રહે છે. જે મનોવિકારીઓને કોરડા ફટકારવાની અથવા સ્ત્રીઓને ડંડાથી મારવાની જરૂર પડે છે, તે માત્ર એવા આત્યંતિક કિસ્સાઓ છે જેમાં આમ કરનારી વ્યક્તિ, સેક્સના ભૂલભરેલા શિક્ષણને પરિણામે, ધિક્કારના આવા વરવા રૂપ સિવાય પ્રેમ આપવા માટે અક્ષમ હોય છે.

મારી વાતચીત અને મારાં પુસ્તકોના કારણે, હું સેક્સ ઈચ્છતા દરેક માટે, ભલે તેમની ઉંમર ગમે તે હોય, સંપૂર્ણ જાતીય જીવનને માન્ય રાખું છું એવું સમરહિલના દરેક મોટા વિદ્યાર્થી-વિદ્યાર્થિની જાણતા હોય છે. મારાં વ્યાખ્યાનો દરમ્યાન મને વારંવાર પૂછવામાં આવ્યું છે કે હું સમરહિલ પર ગર્ભનિરોધકો પૂરા પાડું છું કે કેમ, અને જો નથી પાડતો, તો કેમ નહીં? આપણા સૌની ઊંડી લાગણીઓને સ્પર્શતો આ એક જૂનો-જાણીતો અને પરેશાન કરતો પ્રશ્ન છે. હું ગર્ભનિરોધકો પૂરા પાડતો નથી એ બાબત મારા માટે અંતરાત્માને ડંખતી બાબત છે, કારણ કે કોઈ પણ પ્રકારે સમાધાન કરવું એ મારે મન કઠિન અને જોખમરૂપ છે. બીજી તરફ, નિયત ઉંમર કરતાં નાનાં અથવા મોટાં બાળકોને ગર્ભનિરોધકો પૂરા પાડવા એ મારી શાળાને બંધ કરવા માટેનો ખાતરીપૂર્વકનો રસ્તો લેખાશે. કાયદાથી ખૂબ આગળ વધીને કોઈ પોતાની રીતે વ્યવહાર કરી શકતું નથી.

બાળ સ્વાતંત્ર્યની ટીકા કરનારાઓ દ્વારા પુછાતો પરિચિત પ્રશ્ન છે, "તમે એક નાના બાળકને જાતીય સંભોગ જોવા કેમ દેતા નથી?" જવાબમાં, તેનાથી તેને માનસિક આઘાત, સખત માનસિક આઘાત લાગશે, એમ કહેવું ખોટું છે.

માલિનોવસ્કી મુજબ, ટ્રોબ્રાઈન્ડરોમાં બાળકો માત્ર જાતીય સંભોગ જ નહીં, પણ જન્મ અને મૃત્યુ સુદ્ધાં જીવનના સાહજિક હિસ્સારૂપે જોતાં હતાં, અને તેનાથી તેમને કોઈ વિપરીત અસર પહોંચી નહોતી. જાતીય સંભોગ જોવાથી એક સ્વાયત્ત બાળકને કોઈ ખરાબ ભાવનાત્મક અસર પહોંચશે એવું મને લાગતું નથી. છતાં આ પ્રશ્નનો એકમાત્ર પ્રામાણિક ઉત્તર એમ કહેવાનો છે કે આપણી સંસ્કૃતિમાં પ્રેમ એ જાહેર બાબત નથી.

ઘણાં માતાપિતા, ધાર્મિક અથવા અન્ય નકારાત્મક દષ્ટિકોણોથી સેક્સને પાપ ગણતાં હોય છે, એ હું ભૂલતો નથી. તેમના સંદર્ભે કશું જ થઈ શકે તેમ નથી. તેમને આપણા દષ્ટિકોણ સાથે સહમત કરી શકાય તેમ નથી. બીજી તરફ, જ્યારે તેઓ આપણાં બાળકોના સ્વતંત્રતાના અધિકારમાં- જનનેન્દ્રિયને અડવા અથવા અન્ય બાબતો અંગે દખલગીરી કરે ત્યારે આપણે જરૂર તેમને વળતી લડત આપવી ઘટે.

બીજાં માબાપોને હું કહીશ: જ્યારે તમારી સોળ વર્ષની દીકરી તેનું પોતાનું જીવન જીવવા ઈચ્છશે, ત્યારે તમારી સૌથી મોટી કસોટી થશે. તે અડધી રાત્રે પાછી ફરશે. કોઈ પણ હિસાબે તે ક્યાં હતી તે પૂછશો નહીં. જો તે સ્વાયત્ત નહીં હોય, તો જેમ તમે બોલ્યા હતા, હું બોલ્યો હતો અને આપણાં માતાપિતાઓ બોલ્યાં હતાં, તેમ તે ખોટું બોલી દેશે.

જ્યારે મારી દીકરી સોળ વર્ષની થાય, અને હું તેને કોઈ અસંવેદનશીલ માણસના પ્રેમમાં પડેલી જોઉં, ત્યારે મારી પાસે ચિંતાનાં એક કરતાં વધુ કારણો હશે. મને ખબર છે કે કશું પણ કરવા માટે ત્યારે હું અસમર્થ હોઈશ. હું આશા રાખું છું કે કોઈ જ પ્રકારની કોશિશ ન કરવા જેટલું શાણપણ ત્યારે હું દાખવી શકું. કારણ કે તે સ્વાયત્ત રહી છે, એટલે તે કોઈ અયોગ્ય પ્રકારના યુવાનને પસંદ કરી બેસશે એવું હું ધારતો નથી; પણ એ બાબતે કોઈ કશું ચોક્કસ કહી શકે નહીં.

અનેક કિસ્સામાં, ખરાબ સાથીની પસંદગી એ મૂળભૂત રીતે માતાપિતાઓની સત્તા સામેનો બળવો હોય છે એની મને ખાતરી છે. *મારાં માબાપને મારી પર ભરોસો નથી અને મને એની કશી દરકાર નથી. મને જે ગમે છે એ હું કરીશ, અને જો તેમને એ નાપસંદ હોય, તો એ તેમનો પ્રશ્ન છે.*

તમને ડર હોય છે કે તમારી દીકરીને કોઈ ફોસલાવીને ભ્રષ્ટ કરી નાખશે. પણ માત્ર છોકરીઓને જ ફોસલાવવામાં આવે છે એવો કોઈ નિયમ નથી; તેઓ ભ્રષ્ટ થવામાં ભાગીદાર હોય છે. જો તમારી દીકરી તમારી આજ્ઞાંકિત નહીં, પણ તમારી મિત્ર હોય, તો આ સોળ વર્ષનો તબક્કો બહુ મુશ્કેલ રહેતો નથી. કોઈ વ્યક્તિ બીજા માટે જિંદગી જીવી શકતી નથી, ભાવનાત્મક બાબતો જેવી અનિવાર્ય બાબતોમાં કોઈ પોતાનો અનુભવ બીજાને સોંપી શકતું નથી એ સત્યનો તમારે સામનો કરવો રહ્યો.

છેવટે, પાયાનો પ્રશ્ન દરેક ઘર સેક્સ તરફ કેવો અભિગમ ધરાવે છે તે છે. જો એ સ્વસ્થ હોય, તો તમે વિશ્વાસપૂર્વક તમારી દીકરીને તેનો અંગત ખંડ અને તેની ચાવી સોંપી શકો છો. જો એ અસ્વસ્થ હશે, તો એ ખોટી રીતે સેક્સ શોધશે- કદાચ ખોટા માણસ સાથે- અને છતાં તમે તદ્દન અસહાય રહેશો. એવું જ તમારા દીકરાની વાતમાં બનશે. તે સગર્ભા થઈ શકશે નહીં, એટલે તમને એના માટે એટલી ચિંતા નહીં થાય. છતાં સેક્સ પ્રત્યેના ખોટા અભિગમો, સહેલાઈથી તેની જિંદગી રોળી નાખી શકે છે.

ગણ્યાંગાંઠ્યાં લગ્નો આનંદસભર હોય છે. મોટા ભાગના લોકોને શિશુઅવસ્થામાં

જે તાલીમ મળી હોય છે તે જોતાં, એક પણ આનંદસભર લગ્ન હોવું એ આશ્ચર્યની બાબત છે. જો બાળવાડીમાં સેક્સ ગંદી બાબત હોય, તો લગ્નના પલંગ પર તે બહુ ચોખ્ખી બાબત બની શકે નહીં.

જ્યાં સેક્સ સંબંધ એક નિષ્ફળતા હોય છે, તે લગ્નમાં બાકીની તમામ બાબતો નિષ્ફળ હોય છે. સેક્સના ધિક્કાર સાથે ઉછરેલું યુગલ, એક નાખુશ યુગલ, એકબીજાને પણ ધિક્કારે છે. તેમનાં બાળકો એક નિષ્ફળતા બને છે, કારણ કે તેમને ઘરની હૂંફની ખોટ સાલે છે, જે તેમના પોતાના હૂંફાળા જીવન માટે અનિવાર્ય છે. સેક્સ-દમન ધરાવતાં માતાપિતા અજાગ્રતપણે તેમનાં બાળકોને પણ એ જ દમન આપે છે. આવાં માતાપિતાઓનું બાળક સૌથી વધુ સમસ્યાગ્રસ્ત હોઈ શકે છે.

જાતીય શિક્ષણ

જો માતાપિતાઓ બાળકના પ્રશ્નોનો સાચો જવાબ આપે અને કોઈ પણ પ્રકારના બંધન વિના આપે, તો જાતીય શિક્ષા બાલ્યાવસ્થાનો કુદરતી હિસ્સો બની રહે છે. માત્ર દેખાવની, નકલી વૈજ્ઞાનિક પદ્ધતિ ખરાબ છે. આ રીતે જેને સેક્સ શિક્ષણ આપવામાં આવ્યું હતું તેવા એક યુવાનને હું જાણું છું, અને તેનું કહેવું છે કે જ્યારે પણ કોઈ પરાગરજ શબ્દ વાપરે ત્યારે તે ક્ષોભ અનુભવે છે. અલબત્ત, સેક્સ અંગેનું માહિતી-સંબંધી સત્ય અગત્યનું છે, પણ તેનાથી વધુ અગત્યની છે ભાવનાત્મક બાબતો. ડોક્ટરો સેક્સ સંબંધી શરીરરચના અંગે બધું જ જાણે છે, પણ તેઓ કંઈ સાઉથ સી ટાપુના વતની કરતાં વધુ સારા પ્રેમી હોતા નથી – મોટા ભાગે તો તેના જેટલા સારા પ્રેમી પણ હોતા નથી.

તેઓ પોતાનું લિંગ માતાની યોનિમાં મૂકે છે એવા પિતાના વિધાનમાં બાળકને એટલો રસ હોતો નથી જેટલો રસ તેને *પપ્પા તેવું કેમ કરે છે* તેમાં હોય છે. જે બાળકને તેની પોતાની જાતીય ક્રીડા માટે મુક્તિ આપવામાં આવી હોય તેને આમ શા માટે તે પૂછવાની જરૂર રહેતી નથી.

એક સ્વાયત્ત બાળકને સેક્સ અંગેના શિક્ષણની આવશ્યકતા હોતી નથી, કારણ કે શિક્ષણ શબ્દપ્રયોગ જ એમ દર્શાવે છે કે આ વિષય પહેલાં ઉપેક્ષિત હતો.

જો રોજબરોજના વ્યવહારમાં બાળકના તમામ પ્રશ્નોનો ખુલ્લો અને બિનભાવનાત્મક જવાબ આપીને, તેની સાહજિક જિજ્ઞાસાને સંતોષવામાં આવે,

તો સેક્સ કંઈ એવી બાબત રહેતી નથી, જે તેને વિશેષરૂપે શીખવવી પડે. આપણે કોઈ બાળકને તેનાં પાચનક્રિયા અથવા તેની ઉત્સર્જન ક્રિયા માટે શિક્ષણ આપતા નથી. 'જાતીય શિક્ષણ' શબ્દપ્રયોગ જ સેક્સની પ્રવૃત્તિ અંકુશ હેઠળ છે અને તેને રહસ્યમય બનાવવામાં આવી છે, એ હકીકતમાંથી પેદા થયો છે.

સાર્વજનિક શાળાઓના અભ્યાસક્રમમાં જાતીય શિક્ષણનો સમાવેશ, ઉપદેશ થકી સેક્સ દમનને પ્રોત્સાહિત કરવા માટેની ભયાનક તકો પૂરી પાડે છે. 'જાતીય શિક્ષણ' શબ્દપ્રયોગ શરીરરચના અને માનસશાસ્ત્ર પર ઔપચારિક, અણઘડ શિક્ષણને સૂચવે છે, અને ક્યાંક આ વિષય ક્ષેત્રની પ્રતિબંધિત સીમાઓને ઓળંગી બહાર ન ચાલ્યો જાય એ વાતે પળે પળે ડરતા શિક્ષકનું ચિત્ર ખડું કરે છે.

મોટા ભાગની સાર્વજનિક શાળાઓમાં, પ્રેમ અને જન્મ વિશેનું સમગ્ર સત્ય કહેવું એટલે નોકરીમાંથી બરતરફ થવાનું જોખમ ઉપાડવું. લોકમત જેનું માતાઓ પ્રતિનિધિત્વ કરે છે, તે તેને સાંખી લેશે નહીં. 'ગંદા, અધર્મી, અશ્લીલ શિક્ષણ'થી બાળકને કથિતપણે ભ્રષ્ટ કરનાર શિક્ષિકાને ભયાનક પરિણામોની ચીમકી આપતી એકથી વધુ ક્રોધિત માતાઓના કિસ્સાઓ હું જાણું છું.

બીજી બાજુએ, એક મુક્ત બાળકને તે સેક્સ અંગે પૂછે તેટલી તમામ માહિતી આપવામાં નડતી એક માત્ર મુશ્કેલી, એ બાળકના ગળે ઊતરે તેવી કઈ રીતે બાબતોને સ્પષ્ટ કરવી તે અંગેની હોય છે. દરેક નર ઘોડો સંવર્ધક કેમ નથી અથવા દરેક નર ઘેટો સંવર્ધક કેમ નથી એ એક બાળક જાણવા માગે છે. આ પ્રશ્નના જવાબમાં ચાર વર્ષના બાળકની સમજથી બહાર હોય એવી ઘણી બાબતો આવી શકે છે, કારણ કે ખસીકરણ એ એવી પ્રક્રિયા છે જેને સીધાસાદા શબ્દોમાં સમજાવી શકાય નહીં. આવા સંજોગોમાં, જૂઠું કહેતાં હોઈએ કે ઉડાઉ જવાબ આપતાં હોઈએ એ રીતે કશું જ થવું જોઈએ નહીં એવું યાદ રાખીને દરેક માતાપિતાએ પોતાનાથી આપી શકાય એટલો શ્રેષ્ઠ જવાબ આપવો જોઈએ.

એક પાંચ વર્ષના બાળકને પોતાના પિતાના પાકીટમાંથી કોન્ડમ મળ્યું, તેણે સ્વાભાવિક રીતે તે શું હતું તે પૂછ્યું. કોઈ પણ દેખીતી લાગણી વિનાના પોતાના પિતાના સ્પષ્ટ અને સાદા ખુલાસાને તેણે આસાનીથી સ્વીકારી લીધો.

અલબત્ત, અમુક કિસ્સાઓમાં, આ વિષય અત્યંત અઘરો છે અને તેણે રાહ જોવી જોઈએ, એવું બાળકને કહેવામાં મને કોઈ વાંધો જણાતો નથી. આપણે બીજા કેટલાય વિષયો માટે વારંવાર આમ કહેતાં જ હોઈએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે બાળક એન્જિન કેવી રીતે કામ કરે છે, અથવા ઈશ્વરને કોણે બનાવ્યો એવું પૂછે છે, ત્યારે

માતાપિતા એવું કહી શકે કે આ જવાબ સમજવો તેની ઉંમરે તેના માટે બહુ જટીલ છે.

કેટલાંક મૂર્ખ માબાપો કરે છે તેમ બાળકને ઘણું વધુ પડતું કહી દેવા કરતાં, જવાબ આપવાનું મુલતવી રાખવું એ ઘણું વધુ સારું અને સલામત છે. મને એક વિદ્યાર્થિની, પંદર વર્ષની સ્વિસ છોકરી યાદ આવે છે. તે કહેતી, "ઈર્મગાર્ટ (દસ વર્ષની છોકરી) એમ ધારે છે કે બાળકોને ડોક્ટરો લાવે છે. મને તો બહુ પહેલાંથી ખબર છે કે બાળકો ક્યાંથી આવે છે. માએ કહ્યું હતું. તેણે મને ઘણું બધું કહ્યું હતું."

મેં તેને તે વધુ શું જાણે છે તે પૂછ્યું અને તેણે મને સમલૈંગિકતા અને જાતીય વિકૃતિઓ અંગે તમામ બાબતો કહી. સત્ય કહેવાનો આ એક વિવેકહીન કિસ્સો હતો. બાળક જેટલા પૂછે તેટલા જ પ્રશ્નોના જવાબ માતાએ આપવા જોઈતા હતા. બાળ સ્વભાવ અંગેના તેના અજ્ઞાનથી પ્રેરાઈને તેણે બાળકને એટલું બધું કહ્યું હતું કે જેને બાળક પચાવી શકે જ નહીં. તેનું પરિણામ હતું મનોરોગી દીકરી. છતાં, મુખ્યત્વે, મારા ખ્યાલથી આ શાણપણરહિત માતા, બાળક જ્યારે જન્મના રહસ્ય વિશે પૂછે ત્યારે જાણીજોઈને જૂઠું કહેતી માતા કરતાં તો શાણી હતી. કારણ કે પોતાની માતાએ જૂઠું કહ્યું હતું તેવું બાળક થોડા જ વખતમાં જાણી જાય છે. જ્યારે બાળક સત્યને જાણે છે - જે સામાન્ય રીતે તેને પોતાના સાથીઓ દ્વારા ગંદી રીતે અડધુંપડધું જાણવા મળતું હોય છે - ત્યારે એને લાગે છે કે તે સમજી શકે છે કે મમ્મીએ એને જૂઠું શા માટે કહ્યું. *મમ્મી કેવી રીતે મને આટલી ગંદી વાત કહી શકે!*

પ્રસવ અંગે પણ સમાજ આજે આવો જ અભિગમ ધરાવે છે. એ ગંદી, શરમજનક બાબત છે. એક સગર્ભા માતા, પોતાની સ્થિતિ છુપાવી શકાય એવી રીતે કપડાં પહેરવાનો પ્રયત્ન કરતી હોય છે એ હકીકત આપણે જેને આપણી નીતિમત્તા કહીએ છીએ તેની ઠેકડી ઉડાડવા માટે પૂરતી છે.

પોતાનાં બાળકોને, બાળકના જન્મ વિશેનું સત્ય કહેતી હોય તેવી માતાઓ હોય છે. છતાં આમાંથી પણ ઘણી માતાઓ જન્મ વિશેનું સત્ય તો કહે છે પણ સેક્સ વિશે જૂઠાણું કહે છે. જાતીય સંભોગ અત્યંત આનંદદાયક હોય છે, એવું તે પોતાનાં બાળકોને કહેવાનું ટાળે છે.

ઝોઈ અને તેના જાતીય શિક્ષણ માટે મારે અને મારી પત્નીએ ક્યારેય બેવાર વિચારવું પણ પડ્યું નહોતું. એ એટલું સરળ, એટલું સહજ, અને એટલું આનંદદાયક રહ્યું હતું - ભલે તેની પોતાની વિચિત્ર ક્ષણો પણ હતી, જેમ કે ઝોઈએ એકવાર એક અપરિણીત મુલાકાતીને કહ્યું હતું કે પપ્પાએ મમ્મીને ગર્ભવતી બનાવી એટલે તે,

એટલે કે ઝોઈ, આ વિશ્વમાં અવતરી હતી, ને પછી રસપૂર્વક ઉમેર્યું હતું, "અને તમે કોના ગર્ભવતી થવાથી આવ્યાં?"

એક સ્વાયત્ત, સ્વ-નિયમિત બાળક, પોતાની જિંદગીમાં બહુ વહેલું દક્ષતા કેળવતું થઈ જાય છે એવી અમને ખબર પડી છે. સાડા ત્રણ વર્ષની હતી ત્યારે ઝોઈ આ પ્રકારે બોલતી હતી; પણ તે પાંચ વર્ષની થઈ ત્યાં સુધીમાં અમારી દીકરીને એવી ખબર પડવાની શરૂઆત થઈ ગઈ હતી કે અમુક બાબતો અમુક લોકોને ન જ કહેવી જોઈએ. ઝોઈથી વિપરીત, જેઓ શરૂઆતથી સ્વાયત્તતા ન ધરાવતાં હોય તેવાં બાળકોમાં પણ મેં આ જ પ્રકારની વ્યવહારદક્ષતા પ્રગટ થતી જોઈ છે.

ફ્રોઈડે જ્યારથી નાનાં બાળકોની હકારાત્મક જાતીયતાની બાબત શોધી છે, ત્યાર બાદ તેનાં બાહ્ય લક્ષણો અંગે પૂરતો અભ્યાસ થયો નથી. નવજાત શિશુઓમાં જોવા મળતી જાતીયતા અંગે પુસ્તકો લખાયાં છે; પણ જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી, કોઈએ સ્વાયત્ત બાળક અંગે પુસ્તક લખ્યું નથી. અમારી દીકરીએ તેની પોતાની અથવા તેનાં માતાપિતાની અને સાથીદારોની જાતીયતામાં કોઈ વિશેષ રસ દર્શાવ્યો નહોતો. બાથરૂમ અને પાયખાનામાં તે હંમેશાં અમને નગ્ન જોતી હતી. દરેક બાળક એક સહજ, અજાગ્રત, જન્મજાત લજ્જા ધરાવતું હોય છે, જેથી વયસ્કોની જનનેન્દ્રિયો જોતાં અથવા તેમને કુદરતી ક્રિયાઓ કરતાં જોતાં બાળક ક્ષોભ પામે છે, એવી કેટલાક મનોચિકિત્સકોએ તારવેલી થિયરીને તેણે મારા સંતોષ મુજબ ખોટી સાબિત કરી હતી. 'હસ્તમૈથુન માટે બાળકમાં જન્મજાત અપરાધભાવ હોય છે' - જેવી થિયરીની જેમ આ થિયરી પણ તદ્દન વાહિયાત છે.

એક સ્વાયત્ત બાળકનાં માતાપિતાઓ મોટા ભાગે જાતીય શિક્ષણ અંગેનાં તમામ જોખમો અને મૂર્ખાઈભરેલી ભૂલોમાંથી - સેક્સને ખોટાપણા અને પાપ સાથે સાંકળતી ભૂલોમાંથી - બચી શકશે; પણ એક બીજા આદર્શવાદી પ્રકારના માતાપિતાઓ અંગે મને શંકા છે. સ્વ-નિયમન અંગે કોઈ પ્રકારની ચર્ચા હજી શરૂ પણ નહોતી થઈ, તેની બહુ પહેલાંના સમયથી આવાં કેટલાંક માતાપિતાઓ પોતાનાં બાળકોને સેક્સ એ પવિત્ર અને આધ્યાત્મિક બાબત છે એવું શીખવાડતાં આવ્યાં છે; એવી બાબત જેને અહોભાવ, વિસ્મય અને એક પ્રકારના ગૂઢ, ધાર્મિક પૂજ્યભાવથી જોવી જોઈએ. આધુનિક માતાપિતા કદાચ આ પ્રકારના શિક્ષણને અનુસરવા લલચાશે નહીં, છતાં તેઓ એવી જ કંઈક બીજી લાલચને તાબે થઈ જાય તેમ બનેઃ જાતીય ક્રિયાને એક નવો ઈશ્વર બનાવી બેસવાની, અને તેને પૂજવા માંડવાની લાલચ. આને સમજાવવું મુશ્કેલ છે - કદાચ તે સમજાવવા માટે બહુ અસ્પષ્ટ છેઃ હું જેટલું પકડી શકું છું તે છે

સેક્સ સાથે જોડવામાં આવતી પવિત્રતા, જ્યારે તેનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે અવાજના રણકામાં આવતો નાજુક બદલાવ. આ અભિગમ અશ્લીલતા અંગેના ડરને સૂચવે છેઃ *ભગવાન, જો હું સેક્સ અંગે ડર-આદર સાથે વાત નહીં કરું, તો એ લોકો માની લેશે કે હું પણ સેક્સ અંગે ટુચકાઓ બનાવતાં-માણતાં લોકોમાંનો એક છું*. શરીરના પવિત્ર ભાગો અંગે પૂજ્યભાવથી બોલતી જૂની બિરાદરીથી બહુ ખાસ જુદા ન હોય તેવા શબ્દો અને રણકામાં વાત કરતાં આવાં સહૃદયી યુવાન માતાપિતાઓને જોઈને હું કંઈક અંશે વ્યાકુળ બનતો હતો. જાતીયતા એટલા લાંબા સમયથી હલકી કક્ષાના ટુચકાઓનો વિષય રહી છે કે તેનાથી તદ્દન વિરુદ્ધના છેડા પર કૂદી જવાનું અને - તે બહુ જ ખરાબ છે માટે નહીં, પણ કારણ કે તે બહુ સારી બાબત છે એટલા માટે - તેનો ઉલ્લેખ જ ન થાય તેમ કરવાનું વલણ જોવા મળે છે. એ અભિગમ ચોક્કસ જ સેક્સ પ્રત્યેના એક નવા પ્રકારના ભય અને દમન તરફ દોરશે. જો બાળક સેક્સ પ્રત્યે સ્વસ્થ અભિગમ ધરાવનારું અને કાળક્રમે સ્વસ્થ પ્રેમજીવન ધરાવનારું બને તેમ આપણે ઇચ્છતાં હોઈએ તો, સેક્સ પ્રત્યેનો અભિગમ વાસ્તવિકતાની જમીન સાથે જોડાયેલો રહે તે જરૂરી છે. તે તેના પોતાનામાં તમામ વસ્તુઓ ધરાવે છે, અને તેને એક ઉચ્ચ શક્તિ બનાવવાના તમામ પ્રયાસો એ કમળના ફૂલને રંગવાના વ્યર્થ પ્રયત્નો સમાન છે.

સેક્સ પવિત્ર છે એવું બાળકોને કહેવું, એ તમામ પાપીઓ નરકમાં જશે એવી જૂની કહેણીનું માત્ર રૂપાંતર જ છે. જો તમે ખાવાને, પીવાને અને હસવાને પવિત્ર કહેવા તૈયાર હો, તો હું પણ તમારી સાથે સેક્સને પવિત્ર કહેવા માટે તૈયાર છું. આપણે દરેક વસ્તુને પવિત્ર કહી શકીએ તેમ છીએ; પણ જો આપણે માત્ર સેક્સને જ પસંદ કરીએ છીએ, તો પછી આપણે આપણી જાતને છેતરી રહ્યા છીએ અને આપણાં બાળકોને ગેરમાર્ગે દોરી રહ્યા છીએ. ખરેખર બાળક માત્ર જ પવિત્ર છે, જેને આપણે અજ્ઞાની શિક્ષણથી બગાડવું ન જોઈએ.

જેમ ધીમે ધીમે સેક્સ પ્રત્યેનો ધાર્મિક દ્વેષ ખતમ થતો જાય છે, તેમ અન્ય દુશ્મનો માથું ઊંચકતા જાય છે. આપણી પાસે સેક્સ-શિક્ષણના એવા ઉત્સાહીઓ છે જે બાળકોને મધમાખીઓ અને પુંકેસરની આકૃતિઓ બતાવે છે અને સમજાવે છે, અને સરવાળે એવી અસર નીપજાવે છે કે, "જુઓ, સેક્સ એ માત્ર એક પ્રકારનું વિજ્ઞાન છે. તેમાં કશું જ ઉત્તેજના અનુભવવા જેવું નથી, છે કંઈ?" આપણે સહુ સેક્સ બાબતે એટલા ગ્રસિત થઈ ગયેલા છીએ કે આપણા માટે વચ્ચેનો, કુદરતી રસ્તો જોવો લગભગ અશક્ય જ છે; આપણે કાં તો બહુ સેક્સ-તરફી છીએ અથવા સેક્સ-વિરોધી

છીએ. સેક્સ-તરફી હોવું સારું છે, પણ બાળપણમાં મળેલી સેક્સ-વિરોધી તાલીમ સામેના વિરોધના કારણે એમ હોવું તે મોટા ભાગે મનોરોગી હોવાપણું છે. એટલે જ સેક્સ પ્રત્યે એક સાબૂત અભિગમ શોધવાની આવશ્યકતા છે. બાળકના સહજ જાતીય ભાવને મંજૂરી આપીને અને તેમાં કોઈ પણ પ્રકારની દખલગીરી નહીં કરીને જ આપણે એ અભિગમ શોધી શકીએ તેમ છીએ.

જો આ અસ્પષ્ટ અને અશક્ય લાગતું હોય, તો હું યુવાન માતાપિતાઓને જ્યારે તેઓ જાતીય બાબતોની ચર્ચા કરતાં હોય ત્યારે કોઈ પણ પ્રકારનો શરમ કે તિરસ્કાર કે નૈતિક ભાવ દર્શાવવાનું ટાળવાનું, તથા શીખવાડવાથી અને પાડોશીઓને સમજાવવાથી દૂર રહેવાનું સૂચન કરું છું. તો અને તો જ માત્ર, એક શિશુમાં કોઈ પણ પ્રકારના સંકોચ વિના અને પોતાના દેહ પ્રત્યે તિરસ્કાર ધર્યા વિના સેક્સ અભિગમો આકાર લેશે. કારણ કે આવા બાળક માટે સેક્સ ક્યારેય સૂચનાનો, ચેતવણીનો અથવા બીજા કશાકનો વિષય બનશે નહીં.

જો આપણે એક બાળકને સેક્સમાં પાપ જોતું અટકાવી શકીએ, તો તે મોટું થઈને - ફક્ત એક નીતિ ઉપદેશક કે અન્યો માટે શિક્ષકની ભૂમિકા ભજવનાર મનુષ્ય નહીં પણ - એક સદાચારી મનુષ્ય બનશે. ડોન જુઆન સેક્સનો આનંદ તો લૂંટે છે, પણ તે પ્રેમના ઘટકને તરછોડી દે છે, તેવું લાગે છે. (ડોન જુઆન એક સ્પેનિશ દિલફેંક નાયક છે, જે સ્ત્રીઓને બનાવટી પ્રેમની જાળમાં ફાંસતો રહે છે.) હસ્તમૈથુન, ડોન જુઆનિઝમ, સમલૈંગિકતા એ તમામ બિન-ઉત્પાદક છે, કારણ કે તે તમામ અસામાજિક છે.

નવો સદાચારી માણસ સમજે છે કે તેણે સેક્સની બંને ક્રિયાઓને પરિપૂર્ણ કરવી રહેશેઃ જ્યાં સુધી તે પ્રેમ નહીં કરે ત્યાં સુધી સેક્સમાંથી તેને જીવનનો સૌથી મોટો આનંદ મળી શકશે નહીં.

હસ્તમૈથુન

મોટા ભાગનાં બાળકો હસ્તમૈથુન કરે છે. છતાં હસ્તમૈથુન કરવું એ પાપ છે, તેનાથી વૃદ્ધિ રોકાઈ જાય છે, તે રોગ અથવા બીજા કંઈ કંઈ તરફ દોરે છે એવું યુવાનોને કહેવામાં આવે છે. પોતાના કમર નીચેના શરીરની બાળકની પહેલી સ્પર્શ-તપાસ તરફ જો એક શાણી માતા દુર્લક્ષ સેવે, તો હસ્તમૈથુન ઓછું વળગણરૂપ બને. પ્રતિબંધના કારણે જ બાળકનું ધ્યાન તેમાં સ્થિર થઈ જતું હોય છે.

એક નાનકડા બાળ માટે, તેની જનનેન્દ્રિયો કરતાં તેનું મોં એ વધુ કામોત્તેજક જગ્યા છે. જો બાળકની જનનાંગોની પ્રવૃત્તિઓ માટે માતાઓ નૈતિકતાનો જે અભિગમ દાખવે છે, તેવો જ તેના મોંની પ્રવૃત્તિઓ માટે પણ ધરે, તો અંગૂઠો ચૂસવાની અને બચ્ચી કરવાની બાબત પણ અપરાધભાવને લગતી બાબતો બની જશે.

હસ્તમૈથુન આનંદ મેળવવાની ઇચ્છાને સંતોષે છે, કારણ કે એ તણાવની ચરમસીમાએ લઈ જાય છે. પણ જેવી એ ક્રિયા પૂરી થાય કે નીતિનું શિક્ષણ પામેલો અંતરાત્મા પાછો દોર સંભાળી લે છે અને બૂમો પાડે છે, "તું પાપી છો!" જ્યારે આ અપરાધભાવને દૂર કરવામાં આવે છે ત્યારે હસ્તમૈથુન કરવામાં બાળકનો રસ ઘટી જાય છે, એવો મારો અનુભવ રહ્યો છે.

સમાજમાં અત્યારે લગભગ એ પ્રકારનું ચિત્ર છે જાણે કેટલાંક માબાપને તેમનાં બાળકો હસ્તમૈથુન કરનારાં હોય, તેના કરતાં તેઓ અપરાધીઓ હોય તે વધુ સ્વીકાર્ય છે. અનેક બાળ-અપરાધોનાં મૂળમાં હસ્તમૈથનનું દમન જ રહેલું છે તેવું મને જોવા મળ્યું છે.

અન્ય આદતો સાથે, આગ ચાંપવાની આદત ધરાવતો એક અગિયાર વર્ષનો છોકરો સમરહિલમાં આવ્યો હતો. તેના પિતા અને શિક્ષકોએ તેને અનેકવાર ફટકાર્યો હતો. તેનાથી વધુ ખરાબ, તેને નરકની આગ અને ભગવાનના ક્રોધ અંગેનું ધર્મનું સંકુચિત શિક્ષણ આપવામાં આવ્યું હતું. સમરહિલ પર આવ્યાના થોડા જ વખતમાં, એક વખત તેણે પેટ્રોલનો શીશો લીધો અને તેને રંગ અને ટર્પેન્ટાઈનના પીપમાં રેડ્યો. પછી તેણે એ મિશ્રણમાં આગ ચાંપી. એ વખતે માત્ર બે નોકરોની મહેનતથી અમે વધુ નુકસાનમાંથી ઉગરી ગયા હતા.

હું તેને મારા ખંડમાં લઈ ગયો. "આગ શું છે?" મેં તેને પૂછ્યું.

"તે બળે છે," તેણે કહ્યું.

"અત્યારે તને કયા પ્રકારની આગનો વિચાર આવે છે?" મેં ચાલુ રાખ્યું.

"નરકની," તેણે કહ્યું.

"અને શીશો?"

"છેડા પર કાણું હોય તેવી એક લાંબી વસ્તુ," તેણે જવાબ આપ્યો. (લાંબી ચુપકીદી)

"છેડા પર કાણું હોય એવી આ લાંબી વસ્તુ વિશે મને વધુ કહે," મેં કહ્યું.

"મારું પીટર(શિશ્ન)," તેણે સહેજ વિચિત્રતાના ભાવ સાથે કહ્યું, "તેના છેડા પર કાણું છે."

"મને તારા પીટર અંગે કહે," મેં તેને માયાળુપણે કહ્યું. "તું કદી એને અડે છે?"

"હવે નહીં. હું પહેલાં એવું કરતો હતો, પણ હવે નથી કરતો."

"શું કામ નહીં?"

"કારણ કે શ્રીમાન અ(તેના જૂના આચાર્ય)એ મને કહ્યું હતું કે એમ કરવું એ આ વિશ્વનું મોટામાં મોટું પાપ છે."

તેનું આગ ચાંપવું એ તેના માટે હસ્તમૈથુનનો વિકલ્પ છે એવા નિષ્કર્ષ પર હું પહોંચ્યો. મેં તેને કહ્યું કે શ્રીમાન અ તદ્દન ખોટા હતા, અને તેનું પીટર એ તેના નાક અથવા તેના કાન કરતાં વધુ સારું કે વધુ ખરાબ નથી. એ દિવસથી, આગમાંની તેની રુચિ જતી રહી.

જ્યારે શરૂઆતના હસ્તમૈથુન દરમ્યાન કોઈ સમસ્યા આવતી નથી, ત્યારે બાળક નૈસર્ગિક રીતે યોગ્ય સમયે વિજાતીયતા તરફ વળે છે. અનેક દુઃખી લગ્નો પાછળ, પતિ અને પત્ની બંને જાતીયતા તરફના અજાગ્રત ધિક્કારથી - તેઓ બાળક હતાં ત્યારે તેમને ફરમાવવામાં આવેલી હસ્તમૈથુનની મનાઈના કરાણે દબાયેલા સ્વ-ધિક્કારમાંથી ઊભા થયેલા ધિક્કારથી - પીડાતાં હોય તે હકીકત કારણભૂત હોય છે.

શિક્ષણમાં હસ્તમૈથુનનો પ્રશ્ન મહત્તમ મહત્ત્વ ધરાવે છે. જો હસ્તમૈથુનનો પ્રશ્ન વણઉકલ્યો રહે તો અભ્યાસના વિષયો, શિસ્ત, રમતગમત તમામ નિરર્થક અને વ્યર્થ રહે છે. હસ્તમૈથુન બાબતે સ્વાતંત્ર્ય એટલે મોજિલાં, આનંદભર્યાં, આતુર બાળકો - જેઓ ખરેખર હસ્તમૈથુનમાં ખાસ રસ પણ ધરાવતાં હોતાં નથી. હસ્તમૈથુન બાબતે મનાઈ એટલે દયાજનક, આનંદરહિત બાળકો, જે શરદી અને રોગચાળા પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે, જે પોતાની જાતને અને તેની પ્રતિઘટનારૂપે અન્યોને ધિક્કારનારાં બાળકો બને છે. હું કહું છું કે સમરહિલનાં બાળકોના આનંદભર્યાં હોવા પાછળનાં મૂળ કારણોમાંનું એક કારણ એ સેક્સ-પ્રતિબંધોએ તેમના મનમાં નાખેલા ડર અને સ્વ-ધિક્કારને દૂર કરવામાં આવ્યા છે તે છે.

ફ્રોઇડે આપણને સહુને એ ખ્યાલથી માહિતગાર બનાવ્યા છે કે સેક્સ એ જીવનના આરંભથી જ અસ્તિત્વ ધરાવે છે, બાળકને ચૂસવામાં જાતીય આનંદનો અનુભવ થતો હોય છે અને વખત જતાં મોંનો કામોત્તેજક વિસ્તાર એ જનનેન્દ્રિયોના કામોત્તેજક વિસ્તારને પોતાનું સ્થાન આપે છે. આમ, એક બાળક માટે હસ્તમૈથુન એ એક નૈસર્ગિક ખોજ છે; શરૂઆતમાં તેમના માટે આ ખોજ બહુ મહત્ત્વની હોતી નથી, કારણ કે શિશુને મન તેની જનનેન્દ્રિય, તેના મોં અથવા તેની ત્વચા જેટલી પણ આનંદદાયક હોતી નથી. એ સંપૂર્ણપણે માત્ર માબાપનો પ્રતિબંધ જ હોય છે જે હસ્તમૈથુનને આટલી બધી જટીલતા અર્પે છે. જેટલો સખત પ્રતિબંધ, તેટલો ઊંડો અપરાધભાવ; અને એટલી જ વધુ તે કરવાની તલપ.

સારી રીતે ઉછેરેલાં બાળકો, હસ્તમૈથુન અંગે કોઈ પણ પ્રકારનો અપરાધભાવ ધર્યા વિના શાળાએ આવે છે. સમરહિલ પર હસ્તમૈથુનમાં વિશેષ રસ ધરાવનારાં બાળકો જો કોઈ હોય, તો પણ તે ઘણાં જૂજ એવાં બાળવાડીનાં બાળકો હોય છે. તેમને મન સેક્સ એ એવી કોઈ રહસ્યમય બાબત નથી, જેમનું તેમને આકર્ષણ હોય. અમારી પાસે તેઓ આવે તે વખતથી (જો તેમને ઘરે કહેવામાં ન આવ્યું હોય તો), તેમને જન્મ સંબંધી હકીકતો જણાવવામાં આવે છે - બાળક ક્યાંથી આવે છે એટલું જ નહીં, પણ કેવી રીતે તેમનું સર્જન થાય છે તે પણ તેઓ જાણતાં થાય છે. નાની ઉંમરે, આવી માહિતી તેમને અંશતઃ લાગણી વિના આપી હોવાથી, તેઓ તેને લાગણી વિના સ્વીકારે છે. અને આ રીતે જ્યારે તેઓ પંદર અથવા સત્તર વર્ષની ઉંમરે પહોંચે છે ત્યારે સમરહિલનાં છોકરા-છોકરીઓ કશું પણ ખોટું કરતાં હોવાના ભાવ વિના અને અશ્લીલ અભિગમ વિના સેક્સને ચર્ચા કરી શકે છે.

નાનકડા બાળકને મન માતાપિતા સર્વશક્તિમાન ભગવાન હોય છે. સેક્સ અંગે મા જે કહે તે પવિત્ર આદેશ છે. બાળક તેની સૂચનાઓનો પૂરેપૂરો સ્વીકાર કરે છે. એક માતાએ પોતાના પુત્રને કહ્યું હતું કે હસ્તમૈથુનથી તે મૂર્ખ બની જશે. તેણે તેની વાત માન્ય રાખી, અને કશું પણ શીખવા માટે અક્ષમતા દર્શાવવા માંડ્યો. પોતે તેને વાહિયાત વાત કહી હતી, એવું કહેવા માટે જ્યારે તેની માતાને મનાવવામાં આવી, ત્યારપછી તે આપમેળે તેજસ્વી છોકરો બની ગયો.

બીજી એક માતાએ પોતાના દીકરાને કહ્યું હતું કે જો તે હસ્તમૈથુન કરશે તો બીજું દરેકજણ તેને ધિક્કારવા માંડશે. તેની માતાની વાતમાં જે સૂચન સમાયેલું હતું તેવો જ છોકરો બની ગયોઃ શાળામાં તે સૌથી અણગમતો છોકરો હતો. તે ચોરી કરતો, લોકો સાથે ઝઘડતો, અને માના સૂચનને સાચું ઠેરવવાના પોતાના દયાજનક

પ્રયત્નોમાં ચીજવસ્તુઓ ભાંગતો-ફોડતો રહેતો. આ કિસ્સામાં, પોતાની આગલી ભૂલની કબૂલાત કરવા માટે માને મનાવી શકાઈ નહોતી, અને એ છોકરો વત્તાઓછા અંશે, સમાજને ધિક્કારનારો જ બની રહ્યો હતો.

અમારે ત્યાં એવા છોકરાઓ પણ હતા જેમને એવું કહેવામાં આવ્યું હતું કે જો તેઓ હસ્તમૈથુન કરશે તો તેઓ ગાંડા થઈ જશે – અને તેમણે ગાંડા બનવાના બહાદુર પ્રયત્નો કર્યા પણ હતા.

માતાપિતા બાળકને શરૂઆતમાં જે સૂચનાઓ આપે છે તેને પાછળથી પૂરેપૂરી રીતે બિનઅસરકારક બનાવવાની કોઈ પ્રભાવમાં શક્તિ હોય છે કે કેમ, એ બાબતે મને શંકા છે. મારા કામમાં, હું હંમેશાં માતાપિતા જ તેમણે પહોંચાડેલી હાનિ સુધારે એવો પ્રયત્ન કરું છું, કારણ કે બાળકને મન મારું જરાક જેટલું અથવા નહિવત્ મહત્ત્વ હોય છે તે હું જાણું છું. સામાન્ય રીતે હું બાળકના જીવનમાં બહુ મોડો દાખલ થયો હોઉં છું. એટલે જ્યારે એક છોકરો મને એમ કહેતા સાંભળે છે કે હસ્તમૈથુન લોકોને ગાંડા બનાવતું નથી, ત્યારે તે મારો વિશ્વાસ કરી શકતો નથી. એ છોકરો પાંચ વર્ષનો હતો ત્યારે તેણે પિતાને બોલતાં સાંભળ્યા હતા, અને તે એને મન પવિત્ર સર્વશક્તિમાનનો અવાજ હતો.

જ્યારે બાળક રમતરમતમાં પોતાની જનનેન્દ્રિય સાથે રમવા માંડે છે, ત્યારે માતાપિતાઓની મોટી કસોટી થાય છે. જનનેન્દ્રિયની રમતને એક સારી, સાધારણ અને સ્વસ્થ બાબત તરીકે સ્વીકારવી જોઈએ; અને તેને દબાવવાના કોઈ પણ પ્રયત્નો જોખમી ગણાશે, જેમાં હું બાળકનું ધ્યાન બીજા કશાકમાં વાળવાના છૂપા, અપ્રામાણિક પ્રયાસોને પણ ગણું છું.

મને એક સ્વાયત્ત નાનકડી છોકરીનો કિસ્સો યાદ આવે છે, તેને એક સરસ મજાની દિવસની શાળામાં મૂકવામાં આવી હતી. તે દુઃખી લાગવા માંડી. તેણે પોતાની યોનિ સાથે રમત રમવાને *'સ્નગલીંગ'* એવું નામ આપ્યું હતું. જ્યારે તેની માતાએ તેને શાળા શા માટે નથી ગમતી એમ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું, "જ્યારે હું *'સ્નગલીંગ'* કરવાનો પ્રયત્ન કરું છું, ત્યારે તેઓ મને એમ કરવાની ના પાડતા નથી - પણ તેઓ *જો, આ જો અથવા આવ; આ કર* એવું કહે છે, એટલે બાળવાડીમાં હું ક્યારેય *'સ્નગલીંગ'* રમી શકતી નથી."

લગભગ તમામ માતાપિતાઓ પોતાના ઘોડિયાથી સેક્સ-વિરોધી મનાંકનો પામ્યાં હોવાથી, અને તેઓ સેક્સ સાથે સંકળાયેલી શરમ, પાપ અને ઘૃણાની લાગણી ન ઓળંગી શકતાં હોવાથી, શિશુની જનનાંગોની રમત તેમને સમસ્યારૂપ લાગે છે.

એવું શક્ય છે કે માતાપિતા બાળકોમાં જનનાંગોની રમત એ સારી અને સ્વસ્થ બાબત છે એવું બુદ્ધિથી માનતાં હોય, છતાં એ જ વખતે પોતાના અવાજના રણકાથી અથવા આંખોના ભાવથી – બાળકને એવું પહોંચાડતાં હોય કે તેનો પોતાનો જનનેન્દ્રિય સંતોષ મેળવવાનો અધિકાર તેમને ભાવનાત્મક રીતે સ્વીકાર્ય નથી.

માબાપ પોતાના શિશુની પોતાની જનનેન્દ્રિયને અડવાની બાબતને સંપૂર્ણપણે માન્ય રાખતાં હોય તેવું લાગતું હોય; છતાં જ્યારે તંગ-પેટવાળા મેરી આન્ટી મુલાકાતે આવે ત્યારે, ક્યાંક બાળક આ જીવન-નકાર ધરાવતાં મહેમાન સામે એ ચેષ્ટા ન કરે તેનો માબાપને ભારે ઉચાટ અનુભવાય તેમ બને. આવાં માબાપને "મેરી આન્ટી તમારા દબાયેલા વ્યક્તિત્વમાંના સેક્સ-વિરોધી તત્ત્વને જ રજૂ કરે છે" એમ કહેવું આસાન છે, પણ આમ કહેવા માત્રથી માતાપિતા કે બાળક, બેમાંથી કોઈને કાંઈ મદદ મળતી નથી.

શિશુની જનનાંગોની રમત તેને વહેલું જાતીય પરિપક્વતા તરફ દોરી જશે એવો માતાપિતાનો ડર, ઘણો ઊંડો અને વ્યાપક રીતે ફેલાયેલો જોવા મળે છે. ચોક્કસ જ એ બુદ્ધિવાદની નીપજ છે. જનનાંગોની રમત અકાલપક્વતા તરફ દોરી જતી નથી. અને જો એમ બનતું પણ હોય, તો તેમાં શું છે? બાળક જ્યારે પારણામાં હોય ત્યારે તેની જનનેન્દ્રિયની રમતો પર પાબંદી લગાવવી એ બાળક જ્યારે પોતાની કિશોરાવસ્થામાં પહોંચે ત્યારે તેને સેક્સમાં અસાધારણ રસ લેતું કરવાનો શ્રેષ્ઠ, ખાતરીપૂર્વકનો રસ્તો છે.

બાળક સમજણું થાય એટલે તેને જાહેરમાં પોતાનાં જનનાંગો સાથે નહીં રમવાનું કહેવું એ કદાચ એક કઠોર અનિવાર્યતા છે. બાળકને ધ્યાનમાં રાખતાં આ સલાહ કદાચ કાયરતાભરી અને અન્યાયી લાગી શકે; પણ એ સિવાયના વિકલ્પનાં તેનાં પોતાનાં જોખમો છે. જેમ કે, જો બાળકે દ્વેષીલા વયસ્કોના ધિક્કારપૂર્ણ અને આઘાતજનક શબ્દોમાં પ્રદર્શિત સખત અસ્વીકારનો સામનો કરવાનો આવે, તો તેને કદાચ તેના પ્રેમાળ માતાપિતાની સમજાવટ કરતાં વધુ હાનિ પહોંચી શકે.

જ્યારે એક નાનકડું બાળક સજા, સૂચનાઓ અને નિષેધો વિના પોતાનું જીવન જીવવા માટે મુક્ત હોય છે, ત્યારે તેને જીવન એટલું બધું રસપ્રદ લાગે છે કે તેની પ્રવૃત્તિઓ જાતીય અંગોથી મળતાં સંતોષ સુધી સીમિત રહેતી નથી.

બે સ્વાયત્ત બાળકો જનનેન્દ્રિયની રમતમાં, એકબીજાને કઈ રીતે પ્રતિક્રિયા આપે છે તે વિશે મારી પાસે કોઈ જાતમાહિતી નથી. જે છોકરાઓને સેક્સ ખોટું છે એમ શીખવવામાં આવ્યું હોય છે, તે સામાન્ય રીતે જનનાંગોની રમત સાથે પરપીડનને

જોડે છે. એવી જ રીતે જે છોકરીઓને સેક્સ-વિરોધી તાલીમ મળી હોય, તે સામાન્યતઃ પરપીડન સાથેની જનનાંગોની રમતને સ્વીકારતી હોય એમ લાગે છે. પરંતુ એક સ્વાયત્ત બાળકમાં તેની સાપેક્ષે આક્રમક ધિક્કારની ગેરહાજરી હોય છે, એટલે બે મુક્ત બાળકો વચ્ચેની જનનાંગોની રમત ઘણી ખરી રીતે સૌમ્ય અને પ્રેમાળ હશે, એવું ધારી શકાય.

આપણો સ્વ-અસ્વીકાર મુખ્યત્વે આપણી શિશુઅવસ્થાથી ઊગતો હોય છે. તેનો એક મોટો હિસ્સો, હસ્તમૈથુન અંગેના અપરાધભાવમાંથી ઉદ્‌ભવે છે. મેં અસંખ્ય વખત એવું જોયું છે કે એક આનંદવિહોણું બાળક એ હોય છે જે હસ્તમૈથુન વિશે ભારેખમ અંતરાત્મા ધરાવતું હોય છે. આ અપરાધભાવને દૂર કરવો એ એક સમસ્યાગ્રસ્ત બાળકને, આનંદભર્યા બાળકમાં પરિવર્તિત કરી શકવા માટે આપણે લઈ શકીએ તેવું મોટામાં મોટું પગલું છે.

નગ્નતા

અનેક યુગલો, ખાસ કરીને કામદાર વર્ગનાં દંપતીઓ, બેમાંથી કોઈ એકના મડદાને સજાવવાનું ન આવે ત્યાં સુધી, ક્યારેય એકબીજાના નગ્ન દેહને જોતાં નથી. દેહપ્રદર્શનના કેસમાં કોર્ટમાં સાક્ષી રૂપે બોલાવાયેલી એક ખેડૂત મહિલાને હું જાણતો હતો. તે ખરેખર આઘાતમાં હતી. "બોલ, બોલ, જિન," મેં તેને ઉશ્કેરવા માટે કહ્યું, "કેમ, તેં તો સાત-સાત છોકરા જણ્યાં છે."

"શ્રીમાન નીલ," તેણે ગંભીરતાપૂર્વક કહ્યું, "મેં ક્યારેય જ્હોનને... મારા આખા વિવાહિત જીવન દરમ્યાન મેં કદી મારા માણસને નગ્ન જોયો નથી."

નગ્નતાને ક્યારેય હતોત્સાહ કરવી ઘટે નહીં. બાળક નાનપણથી જ તેનાં માતાપિતાને નગ્ન જુએ તેમ બનવું જોઈએ. અલબત્ત, જ્યારે બાળક સમજણું થાય ત્યારે તેને કહેવું જોઈએ કે કેટલાક લોકોને બાળકોને નગ્ન જોવું પસંદ પડતું નથી, અને તેથી, આવા લોકોની હાજરીમાં તેણે કપડાં પહેરવાં જોઈએ.

અમારી દીકરી સમુદ્રમાં તદ્દન કુદરતી અવસ્થામાં નહાતી હોવા વિશે એક મહિલાએ ફરિયાદ કરી હતી. એ વખતે, ઝોઈની ઉંમર એક વર્ષની હતી. ટૂંકમાં, આ નાનકડું ઉદાહરણ આપણા સમગ્ર સમાજના જીવન-વિરોધી અભિગમને જોરદાર રીતે રજૂ કરે છે. આપણા કથિત ગુપ્ત અંગો પ્રદર્શિત ન થાય તે રીતે દરિયાકિનારે

વસ્ત્રો બદલવાના અકળામણભર્યા પ્રયાસોનો આપણને સહુને અનુભવ છે. સ્વાયત્ત, મુક્ત બાળકોનાં માતાપિતા, પોતાના ત્રણ કે ચાર વર્ષના બાળકને શા માટે તેણે જાહેર સ્થળોએ નહાવાનો પોશાક પહેરવો જરૂરી છે તેનો ખુલાસો આપવામાં પડતી મુશ્કેલીને જાણે છે.

કાયદો જાતીય અંગોના પ્રદર્શનને પરવાનગી આપતો નથી એ હકીકત માત્ર, બાળકોને માનવ શરીર તરફ એક વિકૃત અભિગમ આપશે જ. નગ્નતા અંગે પાપનો ભાવ ધરાવતા એક નાનકડા બાળકની જિજ્ઞાસા સંતોષવા માટે હું જાતે તેની સમક્ષ નગ્નાવસ્થામાં ગયો છું, એટલું જ નહીં, અમારા મહિલા કર્મચારીઓમાંથી એકને એમ કરવા માટે મેં પ્રોત્સાહિત કર્યાં હતાં. બીજી તરફ, બાળક પર બળજબરીપૂર્વક નગ્નતા થોપવાનો કોઈ પણ પ્રયાસ ખોટો છે. તેઓ કપડાંમાં ઢંકાયેલી સભ્યતામાં જીવે છે, અને તેમાં નગ્નતા એવી કોઈ બાબત છે જેને કાયદો પરવાનગી આપતો નથી.

ઘણાં વર્ષો અગાઉ, જ્યારે અમે લૈસન આવ્યા ત્યારે અમારે ત્યાં બતકો માટેનું એક તળાવ હતું. સવારના હું તેમાં એક ડૂબકી લગાવતો. કેટલાક શિક્ષકો અને મોટાં છોકરા-છોકરીઓ પણ મારી સાથે જોડાતાં. પછી અમારે ત્યાં ખાનગી શાળામાંથી આવતા છોકરાઓનું એક જૂથ આવ્યું. જ્યારે છોકરીઓએ નહાવા માટેનો પોશાક ચઢાવવા માંડ્યો ત્યારે મેં તેમાંની એક, રૂપાળી સ્વિડિશ છોકરીને પૂછ્યું - કેમ?

"આ નવા છોકરાઓના કારણે," તેણે ખુલાસો કર્યો. "જૂના છોકરાઓ નગ્નતાને એક કુદરતી બાબત તરીકે લેતા હતા. પણ આ નવા છોકરાઓ લોલુપ નજરે અને મોં વકાસીને જુએ છે અને હં, મને તે ગમતું નથી." ત્યારથી, સામુદાયિક નગ્ન સ્નાન સાંજે દરિયાકિનારે જઈએ તેટલા પૂરતું સીમિત બન્યું.

કોઈને લાગશે કે મુક્તપણે ઊછરતાં સમરહિલનાં બાળકો ઉનાળામાં તો નાગાં જ રહેતાં હશે. તેઓ એમ નહોતાં રહેતાં. બહુ ગરમ દિવસ હોય ત્યારે, નવ વર્ષ સુધીની બાળકીઓ નિર્વસ્ત્ર રહેતી, પણ નાના છોકરાઓ એવું ભાગ્યે જ કરતા. છોકરાઓ લિંગ ધરાવવા બદલ ગૌરવ અનુભવે છે, જ્યારે છોકરી તે ન હોવા બદલ શરમ અનુભવે છે, એવા ફ્રૉઈડના નિવેદનને જ્યારે ધ્યાનમાં લઈએ ત્યારે બાળકોની ઉપરોક્ત વર્તણૂક કોયડારૂપ લાગે છે.

અમારા સમરહિલના નાનકડા છોકરાઓ કદી પોતાના દેહને પ્રદર્શિત કરવાની ઈચ્છા દર્શાવતા નથી અને મોટા છોકરાઓ અને છોકરીઓ ભાગ્યે જ કયારેક ઓછાં વસ્ત્રોમાં જોવા મળે છે. ઉનાળાના દિવસોમાં, છોકરાઓ અને પુરુષો, શર્ટ વિના

માત્ર ચડ્ડીઓ પહેરે છે. છોકરીઓ તરણનો પોશાક પહેરે છે. નહાવાને અહીં કોઈ ખાનગી બાબત ગણતું નથી અને માત્ર નવા વિદ્યાર્થીઓ જ બાથરૂમને અંદરથી કડી મારે છે. અલબત્ત કેટલીક છોકરીઓ મેદાનમાં સૂર્યસ્નાન લે છે, પણ કોઈ છોકરો ક્યારેય તેમની તરફ ચોરીછૂપીથી તાકવાનું વિચારતો સુદ્ધાં નથી.

એક વખત મેં અમારા અંગ્રેજીના શિક્ષકને હોકીના મેદાનમાં ખાડો ખોદતાં જોયા, નવથી પંદર વર્ષનાં છોકરા-છોકરીઓનું એક જૂથ તેમની મદદ કરી રહ્યું હતું. એ દિવસે ખાસ્સી ગરમી હતી અને તેમણે કપડાં કાઢી નાખ્યાં હતા. બીજી એક વખત, અમારા સ્ટાફમાંથી એક ભાઈ નિર્વસ્ત્ર થઈને ટેનિસ રમ્યા. ત્યાંથી વેપારી અથવા મુલાકાતીઓ પસાર થઈ શકે એમ હોવાથી, શાળાની સામાન્ય સભાએ તેમને હવે પછી પેન્ટ ચઢાવીને રમવાનું કહ્યું. આ બનાવો નગ્નતા તરફના સમરહિલના સંતુલિત અભિગમનું નિદર્શન આપે છે.

અશ્લીલ સાહિત્ય

તમામ બાળકો અશ્લીલ હોય છે, ક્યારેક ઉઘાડેછોગ, ક્યારેક છૂપી રીતે. પોતાની શિશુવસ્થા અને શરૂઆતની બાલ્યાવસ્થામાં જેમણે સેક્સ અંગે કોઈ નૈતિક નિષેધોનો સામનો કરવો પડ્યો હોતો નથી, તેઓ અલ્પતમ અશ્લીલ હોય છે. મને ખાતરી છે કે અત્યંત છાનું-છપનું રાખવાની પદ્ધતિથી ઉછેરાયેલાં બાળકો કરતાં અમારા સમરહિલના વિદ્યાર્થીઓ આગળ જતાં અશ્લીલતા તરફ ઓછો ઝુકાવ ધરાવશે. યુનિવર્સિટીમાંથી પોતાના વેકેશન દરમ્યાન અમને મળવા માટે પાછા આવેલા એક છોકરાએ મને કહ્યું હતું તેમ, "સમરહિલ એક રીતે તમને બગાડે છે. તમને તમારી ઉંમરના જુવાનિયાઓ બહુ કંટાળાજનક લાગે છે. મેં જે બાબતો વર્ષો પહેલાં જીવી લીધી છે, એ બાબતો વિશે તેઓ વાતો કર્યા કરતાં હોય છે."

"સેક્સ વાર્તાઓ?" મેં પૂછ્યું. "હા, વત્તાઓછા અંશે. મને પોતાને પણ એક સારી સેક્સ વાર્તા સાંભળવાનું ગમે, પણ જે તેઓ કહે છે, તે તો તમામ અપક્વ અને મુદ્દા વિનાની હોય છે. પણ એવું માત્ર સેક્સની બાબતે જ હોતું નથી. બીજી બાબતોમાં સુદ્ધાં - મનોવિજ્ઞાન, રાજકારણમાં પણ એવું જ જોવા મળે છે. વિચિત્ર છે પણ, મારાથી દસ વર્ષ મોટા સાથીઓ સાથે મને વધુ ગોઠતું હોય એમ લાગે છે."

સમરહિલ પર એક નવો છોકરો આવ્યો, તેનો પોતાની નર્સરીનો અશ્લીલ વાતો

કરવાનો તબક્કો હજી પૂરો થયો નહોતો એટલે અહીં તેણે અશ્લીલ વાતો કરવાની કોશિશ કરી. પણ બાકીનાઓએ તેને ચૂપ કરી દીધો. એટલા માટે નહીં કે તે અશ્લીલતાભરી વાતો કરતો હતો, પણ માત્ર એટલા માટે કારણ કે તે એક રસપ્રદ વાતચીતને આડા પાટે ચઢાવતો હતો.

થોડાં વર્ષો અગાઉ અમારી પાસે ત્રણ વિદ્યાર્થિનીઓ હતી, ત્રણે પ્રતિબંધિત વિષયો પર વાતચીત કરવાના પોતાના સામાન્ય તબક્કામાંથી પસાર થઈ ચૂકી હતી. પાછળથી, એક નવી છોકરી સમરહિલ પર આવી અને તેને આ ત્રણ છોકરીઓ સાથે ખંડ ફાળવવામાં આવ્યો. એક દિવસ, આ નવી છોકરીએ મને ફરિયાદ કરી કે આ ત્રણ છોકરીઓની સોબત તો ભયંકર કંટાળાજનક છે. "જ્યારે હું રાતના સૂવાના ઓરડામાં સેક્સ વિશે વાત કરું છું, ત્યારે તેઓ મને ચૂપ રહેવાનું કહે છે. તેમને એમાં કોઈ રસ નથી એમ કહે છે."

એ સાચું હતું. સ્વાભાવિક રીતે, તેમને સેક્સમાં રસ હતો, પણ તેના છુપાયેલા પાસામાં નહીં. સેક્સ એ એક ગંદી બાબત છે એવો તેમનો આત્મડંખ બહુ પહેલાં દૂર થઈ ગયો હતો. કન્યાશાળામાંથી આવેલી, સેક્સ વિશે વાતો કરવા ઇચ્છતી આ નવી છોકરીને પેલી છોકરીઓ અત્યંત નીતિવાદી લાગી. અને તે ખરેખર અત્યંત નૈતિક હતી, કારણ કે તેમની નૈતિકતા સારા અને ખરાબના ખોટા ધોરણ પર નહીં, પણ જાણકારી પર આધારિત હતી.

જે બાળકોને સેક્સની બાબતોમાં મુક્તપણે ઉછેરવામાં આવ્યાં હોય છે તે કહેવાતી હલકી બાબતો/અશ્લીલતા પ્રત્યે ખુલ્લું મન ધરાવતાં હોય છે. થોડા સમય અગાઉ, લંડન પેલાડિયમમાં મેં એક સંગીતનાટિકા સાંભળી હતી, જેમાં કલાકારે એલિઝાબેથની અદાથી દર્શકોને જીતી લીધા હતા. એ વખતે મને ખ્યાલ આવ્યો કે અત્યારે તે પોતાના દર્શકો પાસેથી જે અટ્ટહાસ્યો મેળવી રહ્યો છે તે એને સમરહિલના ટોળા પાસેથી મળી શકત નહીં. એ જ્યારે મહિલાઓનાં અંતઃવસ્ત્રોનો ઉલ્લેખ કરતો ત્યારે સ્ત્રીઓ આનંદથી ચીસો પાડતી, પણ અમારાં સમરહિલનાં બાળકો આવી ટિપ્પણીઓને જરા પણ હાસ્યાસ્પદ ન લેખત.

એક વખત, મેં બાળવાડીના બાળકો માટે નાટક લખ્યું. એ સારું એવું ઊતરતી કોટિનું નાટક હતું, જેમાં એક કઠિયારાના છોકરાને સો પાઉન્ડની નોટ મળે છે અને તે અતિઆનંદમાં પોતાના પરિવારના દરેકે દરેકને આ નોટ બતાવતો ફરે છે, ગાયને સુદ્ધાં બતાવે છે. પણ એ મહામૂર્ખ પ્રાણી તેને ગળી જાય છે, અને પછી ગાય એ નોટને પાછી કાઢે તે માટે આખો પરિવાર કોશિશ કરે છે પણ તેમના તમામ પ્રયત્નો

વ્યર્થ સાબિત થાય છે. પછી એ છોકરાને એક સરસ મજાનો તુક્કો સૂઝે છે. તેઓ મેળામાં એક બૂથ ખોલશે, અને બે મિનિટની હાજરી માટે એક શિલિંગનું ભાડુ રાખશે. ગાય જેની પણ હાજરીમાં પૈસા પાછા કાઢી નાખે, તે વ્યક્તિ પૈસા જીતી જશે.

આ નાટક જો વેસ્ટ એન્ડ સંગીત ખંડમાં ભજવાયું હોત તો પ્રેક્ષકો હસી હસીને લોટપોટ થઈ ગયા હોત. જો કે, અમારાં બાળકોએ તેને જુદી રીતે લીધું. ખરે જ, અભિનેતાઓને (છથી નવ વર્ષનાં બાળકોને) તેમાં કશું જ રમૂજી ન લાગ્યું. તેમાંથી એક આઠ વર્ષની છોકરીએ મને કહ્યું હતું કે નાટકમાં યોગ્ય શબ્દોનો ઉપયોગ ન કરીને મેં મૂર્ખાઈ કરી હતી; અલબત્ત, તેનો ઈશારો જે શબ્દ તરફ હતો, તે અન્ય લોકોને અશિષ્ટ લાગ્યો હોત.

સમરહિલ પર મુક્ત બાળક વોયરિઝમ(બીજાનાં જાતીય અંગો કે સંભોગના દૃશ્યો જોવામાં રસવૃત્તિ)થી પીડાય તેવી શક્યતાઓ હોતી નથી. જ્યારે કોઈ ફિલ્મમાં પાયખાનાનાં અથવા પ્રસવનાં દૃશ્યો આવે ત્યારે અમારાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ ગાલમાં મલકાતાં નથી અથવા અપરાધભાવ અનુભવતાં નથી. અમારે ત્યાં વારંવાર પાયાખાનાની દીવાલોને ચિતરવાનો રોગચાળો ફાટી નીકળે છે. એક બાળક માટે, પાયખાનું એ ઘરનો સૌથી રસપ્રદ ભાગ હોય છે. અનેક લેખકો અને કલાકારો માટે પણ પાયખાનું ઘણું પ્રેરણાદાયી હોય તેવું લાગે છે. જ્યારે માણસ બાથરૂમ એ સર્જન માટેનું સ્થળ છે એમ ધ્યાન પર લે ત્યારે એમ થવું કુદરતી છે.

સ્ત્રીઓ, પુરુષો કરતાં વધુ પવિત્ર મનની છે એ એક ભ્રામક માન્યતા છે. અલબત્ત, પુરુષોનાં ક્લબ કે બાર, સ્ત્રીઓનાં ક્લબ કે બાર કરતાં ઘણો વધુ અશ્લીલ હોય તેમ બની શકે છે. તે ઉલ્લેખ કરવા પાત્ર નથી એ ભૂમિકાને કારણે જ અશ્લીલ વાર્તાઓ પ્રચલિત બને છે. સેક્સ દમન વિનાના સમાજમાં, આ નામ ન દેવાય એવી બાબતો અદૃશ્ય થઈ જશે. સમરહિલ પર, કશું જ નામ ન દેવાય, વાત ન કરી શકાય તેવું હોતું નથી અને કોઈ જ તેનાથી આઘાત પામતું નથી. *આઘાત પામવો એટલે જે બાબત તમને આઘાત આપે છે તેમાં ગંદો રસ હોવો.*

જે લોકો થથરીને એવા રોદણાં રડે છે કે, "નાનાં બાળકોની નિર્દોષતા છીનવી લેવી એ તો કેવો મોટો અપરાધ છે!" તે રેતીમાં પોતાનાં માથાં છુપાવનારાં શાહમૃગો છે. બાળકો ક્યારેક નિર્દોષ હોતાં નથી, હા, તેઓ મોટા ભાગે અજ્ઞાની હોય છે. અને આ શાહમૃગો બાળકનું અજ્ઞાન દૂર કરવાની વાતે આટલાં ગાંડા થાય છે!

બહુ દબાયેલું બાળક, ખરેખર કંઈ બહુ અજ્ઞાની હોતું નથી. બીજાં બાળકોના સંપર્કથી તેને ભયાનક "માહિતી" મળે તો છે જ. નાનાં, દયાપાત્ર ભૂલકાંઓ એકબીજાને અંધારા ખૂણામાં આ માહિતી આપતાં હોય છે. સમરહિલ પર જે બાળકો તેમની બાલ્યાવસ્થાની શરૂઆતથી આવ્યાં હોય છે, તેમના માટે કોઈ અંધારા ખૂણા હોતા નથી. આ બાળકોને ચોક્કસ જ સેક્સમાં રસ હોય છે, પણ એ રસ અસ્વસ્થ નથી. આવાં બાળકો જીવન પ્રત્યે ખરેખર એક સાફ-સુથરો અભિગમ ધરાવે છે.

સમલૈંગિકતા

તાજેતરમાં જ, એક સમલૈંગિક વ્યક્તિએ તેને કાયદેસર રીતે સમલૈંગિક તરીકે રહેવા દે એવા કોઈ પણ દેશ અંગે જણાવવા માટે મને પત્રથી કાકલૂદી કરી હતી. મેં તેને પ્રત્યુત્તર આપ્યો કે હું કોઈ એવી જગ્યા જાણતો નથી. (ત્યાર પછી, મારા સાંભળવામાં આવ્યું છે કે હોલેન્ડ અને ડેન્માર્કમાં સમલૈંગિકતાને કાયદેસરની પરવાનગી આપવામાં આવી છે.) ખરે જ, હું એવા કોઈ દેશ વિશે વિચારી શકતો નથી, જ્યાં લોકો આનંદનું દમન કર્યા વિના, વિજાતીય સંબંધો પણ ધરી શકતા હોય.

સમરહિલમાં કોઈ સમલૈંગિકતા નથી. જો કે, સમરહિલ પર આવનારા દરેક બાળજૂથમાં, તેમના વિકાસના અમુક ચોક્કસ તબક્કા દરમ્યાન સભાન સમલૈંગિકતા હોય છે.

અમારા નવ અને દસ વર્ષના છોકરાઓને, છોકરીઓનો કોઈ જ ખપ નથી. તેઓ તેમની ઉપેક્ષા કરે છે. વિરોધી જાતિના સભ્યોમાં કોઈ રસ ન હોય તેવાં જૂથો તેઓ બનાવે છે. ઊલટાનું, તેમનો રસ કોઈકને "હાથ ઊંચા કરી ત્યાં જ ઊભા રહી જાઓ!" કહેવામાં સમાયેલો હોય છે. આ જ ઉંમરની છોકરીઓ પણ એ જ રીતે બીજી છોકરીઓમાં રસ ધરાવતી હોય છે, અને તેમના પોતાના જૂથ બનાવતી હોય છે. જ્યારે તેઓ રજસ્વલા બને ત્યારે પણ તેઓ છોકરાઓની પાછળ ભમ્યા કરતી નથી. એવું લાગે છે કે છોકરીઓમાંની અજાગ્રત સમલૈંગિકતા છોકરાઓ કરતાં લાંબો સમય ટકે છે. ભલે તેઓ છોકરાઓને મિત્રતાભરી રીતે પડકારે અથવા તેમની ઠેકડી ઉડાડે, પણ તેઓ પોતાની ટોળકીઓમાં જ રહે છે. પણ આ ઉંમરે, છોકરી તેમના અધિકારો માટે ઈર્ષ્યાળુ બને છે. શક્તિ અને રૂક્ષતામાં છોકરાઓનું

ચઢિયાતાપણું તેમને અકળાવે છે. પૌરુષત્વ સામે બળવો પોકારવાની તેમની આ ઉંમર હોય છે.

સામાન્ય રીતે, છોકરાઓ અને છોકરીઓ પંદર કે સોળ વર્ષના ન થાય ત્યાં સુધી તેઓ એકબીજામાં ખાસ રસ ધરાવતાં હોતાં નથી. એકબીજા સાથે જોડી બનાવવામાં તેમને કોઈ સાહજિક રસ હોય તેવું પણ દર્શાવતાં નથી. ખરેખર તો, વિરોધી જાતિમાં તેમનો રસ ત્યારે આક્રમક રૂપ ધારણ કરતો હોય છે.

કારણ કે સમરહિલનાં બાળકો હસ્તમૈથુન બાબતે કોઈ અપરાધભાવથી પીડાતાં હોતાં નથી, એટલે તેઓ સુષુપ્ત સમલૈંગિક તબક્કાને અસ્વસ્થ રીતે પ્રતિભાવ આપતાં નથી. થોડાં વર્ષો અગાઉ, એક ખાનગી શાળામાંથી હમણાં જ આવેલા છોકરાએ ગુદામૈથુન વિશે જાણકારી આપવાનો પ્રયાસ કર્યો. તે અસફળ રહ્યો. અકસ્માતે, જ્યારે તેને ખબર પડી કે આખી શાળા તેના આ પ્રયત્નો વિશે જાણે છે ત્યારે તે આશ્ચર્યમૂઢ થઈને ચેતી ગયો.

સમલૈંગિકતા કોઈક રીતે હસ્તમૈથુન સાથે જોડાયેલી છે. તમે બીજા છોકરા સાથે હસ્તમૈથુન કરો છો, અને એ પણ તમારી સાથે અપરાધભાવમાં ભાગીદાર બને છે. આમ, તમારા એકલા પરનો અપરાધભાવનો બોજો હળવો થાય છે. જો કે, જ્યારે હસ્તમૈથુનને પાપ ગણવામાં ન આવે, ત્યારે અપરાધભાવ વહેંચવાની જરૂર ઊભી થતી નથી.

શરૂઆતનાં કયાં દમનોના કારણે વ્યક્તિ સમલૈંગિકતા તરફ દોરાય છે તે હું જાણતો નથી, પણ એવું બહુ ચોક્કસપણે લાગે છે કે એ દમન બાલ્યાવસ્થાના એકદમ શરૂઆતના ગાળાથી ચાલ્યું આવતું હશે. હવેના દિવસોમાં સમરહિલ પર અમે પાંચ વર્ષથી નીચેના બાળકને પ્રવેશ આપતાં નથી, અને તેથી મોટા ભાગે અમારે શિશુઅવસ્થામાં જેમની સાથે ખોટી રીતે વ્યવહાર કરવામાં આવ્યો હોય તેવાં બાળકો સાથે કામ કરવાનું આવે છે. તે છતાં, શાળાનાં આડત્રીસ વર્ષોના ગાળામાં એક પણ વિદ્યાર્થી/વિદ્યાર્થિની આગળ જતાં સમલૈંગિક બન્યા નથી. તેનું કારણ એ છે કે સ્વતંત્રતા સ્વસ્થ બાળકોને પેદા કરે છે.

મુક્ત પ્રેમ, લગ્નેતર સંબંધો અને ગર્ભપાત

'મુક્ત પ્રેમ' અથવા સ્વછંદપણું (પ્રોમિસ્ક્યુટી) એ મનોવિકાર છે; છેલ્લે સાચો સાથી મળશે એવી આશામાં સતત સાથી બદલતાં રહેવાની વાત છે. પણ સાચો સાથી કદી મળતો નથી, કારણ કે ડોન જુઆન અથવા તેની મહિલા આવૃત્તિના નપુંસક, મનોરોગી અભિગમમાં જ મૂળે દોષ રહેલો હોય છે.

મુક્ત પ્રેમ શબ્દપ્રયોગ નઠારો ગણાય છે, કારણ કે તે સેક્સને મનોવિકારી રૂપે નિરૂપે છે. સ્વચ્છંદ સેક્સ એ દમનનું સીધું પરિણામ હોય છે અને તે હંમેશાં આનંદરહિત અને શરમજનક રહે છે. સાચુકલા મુક્ત લોકોમાં, 'મુક્ત પ્રેમ'નું અસ્તિત્વ હોતું નથી.

દબાયેલી જાતીયતા પોતાની જાતને કોઈ પણ પદાર્થ સાથે જોડી દેશેઃ મોજું, હાથરૂમાલ, અથવા શરીર સાથે જોડાયેલું બીજું કશું પણ. આમ, 'મુક્ત પ્રેમ' એ સ્વચ્છંદી હોય છે, કારણ કે એ કોમળતા, હૂંફ અથવા સાચા સ્નેહ વિનાની કામવાસના છે.

સ્વચ્છંદતાના તબક્કામાંથી ગુજર્યા પછી, એક યુવાન સ્ત્રીએ મને કહ્યું હતું, "બિલ સાથે મેં પહેલીવાર કામાવેશની પરાકાષ્ઠા અનુભવી હતી." એ કેમ પહેલીવાર હતું એમ મેં તેને પૂછ્યું. "કારણ કે હું તેને પ્રેમ કરું છું, એટલે. હું અન્યોને પ્રેમ કરતી નહોતી."

સમરહિલ પર મોડાં (તેર અથવા તેથી વધુ ઉંમર પછી) આવનારાં બાળકોમાં હંમેશાં પ્રત્યક્ષ રીતે તો નહીં, પણ સ્વૈચ્છાચારની ઈચ્છા જોવા મળતી ખરી. સ્વૈચ્છાચારનાં મૂળિયાં બાળકના પ્રારંભિક જીવનમાં બહુ દૂર સુધી જતાં હોય છે. સૌથી મુખ્ય એવી કોઈ બાબત અમે જાણતા હોઈએ તો તે એ છે કે તે મૂળિયાં અસ્વસ્થ છે. આવી વર્તણૂક વિવિધતા તરફ દોરે છે, પણ ભાગ્યે જ સંતોષ આપે છે અને લગભગ ક્યારેય આનંદમાં પરિણમતી નથી.

પ્રેમમાં સાચું સ્વાતંત્ર્ય સ્વૈચ્છાચાર તરફ દોરતું નથી. પ્રેમ કદાચ હરહંમેશ માટે ન ટકે એમ બને. અલબત્ત, સ્વસ્થ લોકોમાં જ્યાં સુધી પ્રેમ ટકે છે ત્યાં સુધી તે સાચો, વફાદાર અને આનંદભર્યો હોય છે.

એક ગેરકાયદેસર બાળકે ઘણે ભાગે મુશ્કેલ રસ્તો કાપવાનો હોય છે. કેટલીક માતાઓ કરતી હોય છે તેમ, તેમને એમ કહેવું કે તેના પિતા યુદ્ધમાં માર્યા ગયા છે અથવા કોઈ રોગથી મરણ પામ્યા છે તે ચોક્કસ જ ખોટું છે. તેનાથી તેના મનમાં ઘવાયેલા હોવાનો એક ભાવ ઊભો થાય છે, કારણ કે તે બીજા છોકરાઓને તેમના પિતા સાથે જુએ છે. બીજી તરફ, લગ્નેતર સંબંધો અંગેની સામાજિક નિંદા કોઈ ને કોઈ રીતે તેની પાસે પહોંચ્યા વિના રહેતી નથી. સમરહિલમાં, અમારી પાસે અપરિણીત એવી માતાઓનાં કેટલાંક બાળકો હતાં, પણ કોઈને તેનાથી ફરક પડતો નહોતો. સ્વતંત્રતામાં, આવાં બાળકો લગ્નગાંઠથી થયેલાં બાળકો જેટલાં જ આનંદથી મોટાં થાય છે.

બહારના વિશ્વમાં, કેટલીકવાર ગેરકાયદેસર બાળક પોતાની માતાને દોષ આપે છે અને તેની સાથે દુર્વ્યવહાર કરે છે. ફરીથી, તે કદાચ પોતાની માતાને બહુ ચાહતું હોય અને એક દિવસ તેની માતા, જે માણસ પોતાનો પિતા નહીં હોય, એવા કોઈકને પરણી જશે એ બાબતથી ડરતું હોય એમ પણ બને.

કેટલું વિચિત્ર છે આ વિશ્વ! એક તરફ ગર્ભપાત ગેરકાયદેસર છે અને અવિવાહિત સંબંધથી જન્મેલ બાળક હોવાનો અર્થ પણ મોટે ભાગે સામાજિક બહિષ્કારનો જ થાય છે. એ આનંદની વાત છે કે આજે કેટલીય સ્ત્રીઓ અવિવાહિત સંબંધથી જન્મેલ બાળક હોવા માટેના સામાજિક બહિષ્કારને ગણકારતી નથી. તેઓ ઉઘાડેછોગ પોતાના પ્રેમ-સંતાનને જન્મ આપે છે, તેની પર ગૌરવ અનુભવે છે, તેના માટે કામ કરે છે, તેને સારી રીતે ઉછેરે છે અને આ સઘળું આનંદ સાથે કરે છે. જ્યાં સુધી મેં જોયું છે ત્યાં સુધી, તેમનાં બાળકો સંતુલિત અને નિષ્ઠાવાન મનુષ્યો બને છે.

સાર્વજનિક શાળાની કોઈ શિક્ષિકા અવિવાહિત સંબંધથી જન્મેલ બાળક સાથે પોતાની નોકરી સાચવી રાખી શકતી નથી. એકથી વધુ વખત મેં પાદરીની પત્નીએ પોતાની કામવાળી ગર્ભવતી બની હોવાથી તેને કાઢી મૂક્યાના કિસ્સાઓ સાંભળ્યા છે.

ગર્ભપાતનો પ્રશ્ન, એ માનવતાની બીમારીનાં સૌથી જુગુપ્સાપ્રેરક, ઢોંગી લક્ષણોમાંનો એક છે. ભાગ્યે જ કોઈ ન્યાયાધીશ, પાદરી, ડૉક્ટર, શિક્ષક અથવા સમાજની અન્ય કોઈ કહેવાતી સ્તંભરૂપી વ્યક્તિઓ, અવૈધતાને લઈને પોતાના પરિવારને સામાજિક નીચાજોણું થાય, તેના કરતાં પોતાની દીકરીનો ગર્ભપાત કરાવવાનું પસંદ ન કરતી હોય તેમ બને છે.

પોતાની દીકરીને ખર્ચાળ નર્સિંગ હોમમાં મોકલીને પૈસાદારો તો અણગમતી જટીલતાઓથી ઘણે ભાગે છુટકારો મેળવી લે છે. માસિકસ્રાવની અનિયમિતતા માટે ને એવાં કંઈક કારણોનું ઓઠું લઈને સારવારની જરૂરિયાતને દર્શાવવામાં આવે છે. એ નિમ્ન મધ્યમવર્ગ અને ગરીબો છે, જે ખરેખર હાથમાં બાળક સાથે રહી જાય છે. તેમની પાસે બીજો કોઈ વિકલ્પ જ હોતો નથી. મધ્યમવર્ગની છોકરી જો બહુ

પ્રયત્નો કરે તો, તેને સારી એવી રકમ લઈને ગર્ભપાત કરી આપનાર કોઈ ડોક્ટર મળી આવે છે. જ્યારે તેની વધુ ગરીબ બહેને કાં તો તાલીમ વિનાના અને મોટા ભાગે નિષ્ઠાવિહીન ગર્ભપાત કરાવનાર પાસે ગર્ભપાત કરાવવાનું જોખમ ઉપાડવું રહે છે અથવા બાળકને જન્મ આપવો પડે છે.

લંડનમાં ગર્ભનિરોધકો બેસાડી આપતાં કેટલાંક ક્લિનિકો તો છે, પણ સામાન્ય રીતે એ પણ સાચું છે કે, જ્યારે સ્ત્રી પોતાના લગ્નની વીંટી બતાવે ત્યારે જ તેઓ તેને ગર્ભનિરોધક બેસાડી આપે છે. અલબત્ત, લગ્નની વીંટી ઉધાર લાવવી એ કોઈ ગુનો નથી.

આ સમગ્ર બાબત આપણને સાર્વજનિક મુતરડીની દીવાલો પર લખાયેલી અશ્લીલ બાબતોની યાદ અપાવે છે. આ એક એવી સંસ્કૃતિનું પ્રતિક છે, જે પોતાની પોલી નૈતિકતાની કિંમત આખરે આ રીતે ચૂકવે છે. આ કિંમત છેવટે તો માંદગી, દુઃખ અને અસહાયતાનો જ વારસો છોડી જાય છે.

૪

ધર્મ અને નૈતિકતા

ધર્મ

હમણાં આવેલા મુલાકાતીઓમાંની એક મહિલાએ મને પૂછયું, "તમે બાળકોને જીસસની લાઈફ વિશે શીખવતાં કેમ નથી, જેથી તેઓ તેમનાં પગલાંને અનુસરવા પ્રેરાય?" મેં તેમને જણાવ્યું કે વ્યક્તિઓ બીજાની જિંદગી વિશે સાંભળીને નહીં, પરંતુ જાતે જીવીને શીખે છે; કહેવા કરતાં કરવું એ અનેક ગણું મહત્ત્વનું છે. ઘણા લોકોએ સમરહિલને એક ધાર્મિક સ્થળ કહ્યું છે કારણ કે અહીં બાળકોને પ્રેમ મળે છે.

તેઓ સાચા હોઈ શકે છે; પરંતુ મને આ વિશેષણ પસંદ નથી કારણ કે, સામાન્ય રીતે આજે ધર્મનો જે અર્થ કરવામાં આવે છે તે છે કુદરતી જીવનનો વિરોધ. તેમજ જ્યાં સુધી મને યાદ છે - ધર્મ એટલે પુરુષો અને સ્ત્રીઓ દ્વારા મેલાં કપડાંમાં, છેલ્લી કક્ષાના સંગીતમાં વિલાપ કરતાં ભજનો ગાવાં તથા તેમણે કરેલાં પાપો માટે માફી માંગવી - આવા કશા થકી હું ઓળખાવા ઈચ્છતો નથી.

જે માણસ ઈશ્વરમાં માન્યતા ધરાવે છે એનો હું વ્યક્તિગત રીતે વિરોધ કરતો નથી, પછી ભલે ઈશ્વર કોઈ પણ હોય. મારો વિરોધ એ માણસ પ્રત્યે છે જે દાવો કરે છે કે એનો ઈશ્વર એવી સત્તા ધરાવે છે જે માણસના વિકાસ અને આનંદ ઉપર મર્યાદા લાદી શકે. લડાઈ ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતા શાસ્ત્રમાં માનવાવાળા અને ન માનવાવાળા વચ્ચે નથી પણ મનુષ્યની સ્વતંત્રતામાં માનવાવાળા અને મનુષ્યની સ્વતંત્રતાને કચડી નાખવાવાળા વચ્ચે છે.

કોઈક દિવસ આપણી પાસે નવો ધર્મ હશે. તમે બગાસું ખાશો અને બોલી ઊઠશો, "શું? એક નવો ધર્મ?" ખ્રિસ્તીઓ હાથ ઊંચા કરી બચાવ કરશે : "શું ખ્રિસ્તીધર્મ શાશ્વત નથી?" યહૂદીઓ હાથ ઊંચા કરી બચાવ કરશે : "શું યહૂદી ધર્મ શાશ્વત નથી?"

ના, ધર્મ એટલો સનાતન કે શાશ્વત નથી જેટલું શાશ્વત રાષ્ટ્ર છે. ધર્મ - કોઈ પણ ધર્મને જન્મ, યુવાની, ઘડપણ અને મૃત્યુ છે. હજારો ધર્મો આવ્યા અને ગયા છે. લાખો ઈજિપ્તવાસીઓ, ૪૦૦૦ વર્ષોથી પણ વધુ ગાળામાં જે અમોન રેના ઉપાસક હતા, પણ આજે તેનો એક પણ અનુયાયી શોધ્યો જડે તેમ નથી. ઈશ્વર વિશેનો ખ્યાલ સંસ્કૃતિ બદલાવાની સાથે બદલાય છે. ગ્રામસમાજમાં ઈશ્વર એક નમ્ર ભરવાડ હતા. યુદ્ધના સમયમાં તે યુદ્ધના ઈશ્વર હતા, જે ન્યાય અને દયાને તોલતા હતા. આજે, જ્યારે મનુષ્યની રચનાત્મકતા પણ યાંત્રિક છે, એચ. જી. વેલ્સના શબ્દોમાં આપણો ઈશ્વર "અભેદ તાકાત" જ હોઈ શકે છે. કારણ કે જ્યારે મનુષ્ય પોતાનો અણુબોમ્બ

બનાવી શકે છે, એ યુગમાં કોઈ રચનાત્મક ઈશ્વરની જરૂર નથી.

એવા દિવસો આવશે કે નવી પેઢી આજના પરંપરાગત ધર્મ અને દંતકથાઓને નહીં સ્વીકારે. જ્યારે એક નવો ધર્મ આવશે ત્યારે તેઓ એ વિચારનું ખંડન કરશે કે વ્યક્તિનો જન્મ પાપથી થાય છે. આ નવો ધર્મ માણસોને ખુશ કરીને એ થકી ઈશ્વરની સ્તુતિ કરશે. નવો ધર્મ આત્મા અને શરીરને પરસ્પરના વિરોધી નહીં માને. તે સ્વીકારશે કે માંસાહાર એ પાપ નથી. તે જાણતો હશે કે ઈશ્વરને રાજી રાખવા માટે ભજનો ગાવાં એ ઈશ્વરની જરૂરિયાત નથી. ભજનો ગાવામાં પસાર કરેલી રવિવારની સવાર કરતાં તરવામાં પસાર કરેલી રવિવારની સવાર વધારે પવિત્ર છે.

એક નવો ધર્મ ભગવાનને આકાશમાં નહીં પણ ગોચરનાં જંગલોમાં શોધશે. જરા કલ્પના કરો કે પ્રાર્થના કરવામાં અને દેવળોમાં જવામાં વપરાતા કુલ સમયનો માત્ર ૧૦ ટકા સમય કોઈ સારા કાર્ય માટે, દાનપ્રવૃત્તિ માટે કે અન્યોને મદદરૂપ થવા માટે વાપરીએ તો પણ કેટલું બધું કામ સિદ્ધ કરી શકાય!

દરરોજ મારું છાપું મને કહે છે કે આપણો વર્તમાન ધર્મ કેટલો મરી ચૂક્યો છે. આપણે લોકોને જેલોમાં પૂરી દઈએ છીએ, આપણે જેમાં સંમત ન હોઈએ તેવાં મંતવ્યોને ગૂંગળાવી દઈએ છીએ. આપણે ગરીબોનું શોષણ કરીએ છીએ, આપણે યુદ્ધ માટે શસ્ત્રો સજ્જ કરીએ છીએ. એક સંગઠન તરીકે દેવળો નબળાં છે. તે યુદ્ધને બંધ કરી શકતાં નથી. તે આપણી અમાનવીય દંડની આચારસંહિતાને હળવી કરવા માટે નગણ્ય અથવા કંઈક જ કરી શકે છે. તે ક્યારેક જ શોષણખોરની વિરુદ્ધનો પક્ષ લે છે.

તમે ઈશ્વર અને ધનલાલચીપણાની એક સાથે ચાકરી કરી શકો નહીં. આ તો 'સો ચુહે મારકે બિલ્લી હજકો ચલી' જેવો ઘાટ થયો. બીજા શબ્દોમાં કહું તો તમે રવિવારે મંદિરે પૂજા કરી, સોમવારે હિંસક ઘટનાઓમાં ભાગ લો તેવું ન થઈ શકે. કદાચ ઈશ્વરની નિંદા કરવાની આથી મોટી બાબત બીજી નહીં હોય કે જ્યારે જુદાં જુદાં ચર્ચો યુદ્ધ દરમ્યાન એવો દાવો કરે છે કે સર્વશક્તિમાન ઈશ્વર તેમના પક્ષે છે. ઈશ્વર બન્ને પક્ષોને સાચા માની શકે નહીં. ઈશ્વર પ્રેમ સ્વરૂપ હોય, અને એ જ સમયે ઝેરી ગેસ વરસાવનારને પ્રોત્સાહન આપનાર ન હોઈ શકે.

ઘણા માટે, પરંપરાગત ધર્મ એ તેમની વ્યક્તિગત સમસ્યાઓમાંથી છટકવા માટેનો સરળ રસ્તો છે. જો કોઈ રોમન કેથોલિક પાપ કરે તો તે તેના પાદરી સમક્ષ તેના પાપનો એકરાર કરે અને પાદરી તેને પાપમાંથી મુક્ત કરે.

ધાર્મિક વ્યક્તિ પોતાનો ભાર ઈશ્વર પર નાંખે છે અને તે માને છે કે તેનો ઝળહળતા ઐશ્વર્ય તરફનો માર્ગ નિશ્ચિત છે. તેથી, તે પોતાનાં અંગત મૂલ્યો અને આચરણ પર

ભાર મૂકવાને બદલે આ માન્યતા પર ભાર આપે છે - "ઈશ્વરમાં વિશ્વાસ કરો અને તમારો ઉદ્ધાર થઈ જશે." આ ખરેખર એમ કહે છે કે તમે બસ, વિશ્વાસની જાહેરાત કરો અને તમારી આધ્યાત્મિક સમસ્યાઓનો અંત આવી ગયો. તમે ચોક્કસ જ સ્વર્ગની ટિકિટ મેળવી લેશો.

મૂળભૂત રીતે, ધર્મ એ જીવનથી ભયભીત છે. તે જીવનથી દૂર ભાગી રહ્યો છે. તે આ લોકના જીવનની નિંદા કરતા કહે છે કે અહીંનું અત્યારનું જીવન એ પેલે પારના વધુ સારા જીવનનો પ્રાથમિક તબક્કો છે. સ્વતંત્ર વ્યક્તિ એટલી સક્ષમ નથી કે તે મોક્ષ મેળવી શકે. તેથી, રહસ્યવાદ અને ધર્મનો અર્થ થાય છે કે અહીંનું પૃથ્વી પરનું આ જીવન નિષ્ફળ છે. પરંતુ, મુક્ત બાળકો જીવનને વ્યર્થ કે નિષ્ફળ નથી માનતા. કારણ કે તેમને કોઈએ જિંદગીને "ના" કહેતાં શીખવ્યું નથી.

ધર્મ અને રહસ્યવાદ અવાસ્તવિક વિચાર અને ભૌતિકવાદી આચરણને ઉત્તેજન આપે છે. એક સામાન્ય સત્ય એ છે કે ટેલિવિઝન સેટ અને જેટ વિમાનો હોવા છતાં પણ આપણે આપણી ખરી જિંદગીથી, આફ્રિકાના આદિવાસીઓ કરતા પણ વધારે પાછળ છીએ. એ સાચું છે કે તેમનો ધર્મ પણ ભયમાંથી જન્મ્યો છે, પરંતુ તેઓ પ્રેમમાં નપુંસક નથી કે નથી સજાતીય કે કુંઠિત. તેમનું જીવન પ્રાથમિક અવસ્થામાં છે. પરંતુ તેઓ ઘણી બધી આવશ્યક બાબતોમાં જીવનને "હા" પાડે છે.

એ કહેવાતા 'જંગલી' આદિવાસીઓની જેમ આપણે પણ ભયના કારણે ધર્મની શરણ લઈએ છીએ. પરંતુ એ જંગલીઓની સરખામણીમાં આપણે નપુંસક બની ચૂકેલા છીએ. આપણે બાળકોને કાયમ માટે નાહિંમત બનાવ્યા બાદ અને ડરથી તેમનો આત્મા ખંડિત કર્યા બાદ જ તેમને ધર્મ શીખવી શકીએ.

ધાર્મિક તાલીમના કારણે ખતમ થઈ ગયા હોય તેવા ઘણાં બાળકોના કિસ્સાઓ મારી પાસે હતા. આવા કિસ્સાઓને અહીં ટાંકવાથી કોઈને મદદ મળશે નહીં. બીજી તરફ કોઈ ધાર્મિક વ્યક્તિ પણ એવા દરેક ઉદાહરણો ટાંકી શકશે કે જેમાં લોકોને ધર્મને સહારે - "લોહીથી ધોઈને" બચાવી લેવામાં આવ્યા હોય. જો આપણે એમ માની લઈએ કે મનુષ્ય પાપી છે અને તેને બચાવવો જરૂરી છે, તો ધાર્મિક લોકો સાચા છે.

પરંતુ, હું માતા-પિતાઓને એક વ્યાપક દષ્ટિકોણ કેળવવાનું કહું છું - એવો દષ્ટિકોણ જે તેમની આસપાસના વર્તુળથી ઘણો આગળ હોય. હું માતા-પિતાઓને સામાજિક વિકાસની એવી સુધારેલી સ્થિતિ લાવવા જણાવું છું કે જેના પર જન્મ સમયે જ પાપનો ટોણો ન લાગ્યો હોય. હું માતાપિતાને, બાળકોને એ જન્મજાત સારું છે,

જન્મજાત ખરાબ નથી એમ કહીને, બાળકોનો ઉદ્ધાર કરવા માટેની તેમની કોઈ પણ જરૂરિયાતથી દૂર રહેવા કહું છું. હું માતા-પિતાઓને કહું છું કે તેઓ બાળકોને કહે કે તે આ જ દુનિયા છે કે જેને વધુ સારી બનાવી શકાય અને બનાવવી જ જોઈએ. અને કહું છું કે આપણી ઉર્જાને અહીં અને હમણાં વાળવી જોઈએ, નહીં કે આવનારી રહસ્યમય શાશ્વત જિંદગી તરફ.

કોઈ બાળક ઉપર ધાર્મિક રહસ્યવાદ લાદવો જોઈએ નહીં. રહસ્યવાદ ખૂબ ભયાનકરૂપમાં બાળકને વાસ્તવિકતાઓથી છટકી જવાનો રસ્તો આપે છે. આપણે બધાં જ ક્યારેક વાસ્તવિકતાઓથી નાસી છૂટવાની જરૂરિયાતનો અનુભવ કરીએ છીએ, નહિ તો આપણે ક્યારેય પણ નવલકથા વાંચવી જોઈએ નહીં, કે ફિલ્મો જોવી જોઈએ નહીં, કે દારૂ પીવો જોઈએ નહીં. પરંતુ, આપણે ખુલ્લી આંખે ભાગીએ છીએ અને બહુ જલદીથી વાસ્તવિકતામાં પાછા ફરીએ છીએ. આધ્યાત્મવાદી તેની બધી જ વાસનાને બ્રહ્મવિદ્યામાં કે અધ્યાત્મિકતામાં કે તેના કેથોલિકવાદમાં કે તેના યહૂદીવાદમાં નાખી, સતત પલાયનવાદી જિંદગી જીવવા તત્પર હોય છે.

કોઈ બાળક કુદરતી રીતે રહસ્યમય હોતું નથી. સમરહિલ શાળા ખાતે, એક રાત્રિના સ્વયંસ્ફૂર્ત અભિનય વર્ગ દરમ્યાન એવો પ્રસંગ બન્યો જે એ બાબત પર ભાર મૂકે છે કે જો બાળકની પ્રતિક્રિયાઓ ભયથી વિકૃત ન કરવામાં આવી હોય તો તેનામાં વાસ્તવિકતા અંગેની એક સાહજિક સમજણ હોય જ છે.

એક રાત્રે, હું ખુરશી પર બેઠો અને કહ્યું, "હું સોનાના દરવાજા પર ઊભો રહેલ સંત પીટર છું. તમે લોકો અંદર પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યાં છો, આવો."

તેઓ પ્રવેશ મેળવવા માટેના બધાં જ પ્રકારનાં કારણો લઈને આવ્યાં. એક છોકરી તો ઊંધી દિશામાંથી આવી અને બહાર નીકળવા વિનવણી કરવા લાગી! પરંતુ તેમાં સૌથી વિરલ હતો એક ચૌદ વર્ષનો છોકરો કે જે તેના ખિસ્સામાં હાથ નાંખી, સિસોટી વગાડતો મારી પાસેથી પસાર થઈ ગયો.

"એય!" મેં બૂમ પાડીને કહ્યું, "તું ત્યાં અંદર જઈ શકે નહીં."

તે પાછળ ફર્યો અને મારી તરફ જોયું. "ઓહ," તે બોલ્યો, "તમે નોકરી પર નવા આવ્યા લાગો છો, બરાબર ને?"

"તું શું કહેવા માંગે છે?" મેં પૂછ્યું.

"તમે જાણતા નથી હું કોણ છું, બરાબર?

"તું કોણ છે?" મેં પૂછ્યું.

"ઈશ્વર" તેણે કહ્યું, અને સિસોટી વગાડતો સ્વર્ગ તરફ જતો રહ્યો.

બાળકો પણ ખરેખર પ્રાર્થના કરવા ઇચ્છતાં હોતાં નથી. બાળકોમાં પ્રાર્થના એ શરમજનક છે. મેં સંખ્યાબંધ બાળકોને પૂછયું છે, "તમે જ્યારે તમારી પ્રાર્થના કરતાં હોવ છો, ત્યારે તમે શું વિચારો છો?" દરેક જણ એક સરખી જ વાત કહેતું: તે આખો વખત બીજી જ વસ્તુઓ વિશે વિચારતાં. બાળકે ચોક્કસ જ બીજી વસ્તુ વિશે વિચારવું જોઈએ કારણ કે પ્રાર્થનાનો તેમના માટે કોઈ અર્થ જ નથી. તે બહારથી લાદવામાં આવેલ છે.

રોજના દસ લાખ લોકો જમતાં પહેલાં ઈશ્વરનો પાડ માનતી પ્રાર્થના કરે છે, અને કદાચ ૯૯૯૯૯૯ મનુષ્યો એવી જ યાંત્રિક રીતે કહે છે, જેમ આપણે લિફ્ટમાં કોઈની આગળ જવા ઇચ્છીએ ત્યારે બોલીએ છીએ, "જરા માફ કરશો." પરંતુ આપણે આપણી યાંત્રિક પ્રાર્થનાઓ અને આપણું યાંત્રિક આચરણ આવનારી પેઢીને શા માટે આપવાં જોઈએ? તે પ્રામાણિકતા નથી અને પછી નિઃસહાય બાળક પર ધર્મનું દબાણ કરવું એ પણ પ્રામાણિકતા નથી. જ્યારે તે પસંદગી કરવા લાયક ઉંમરે પહોંચે ત્યારે તેના મનથી નક્કી કરવા તેને સંપૂર્ણપણે મુક્ત છોડી દેવું જોઈએ.

રહસ્યવાદ કરતાં પણ વધુ ખતરનાક બાબત એ બાળકને ખૂબ ધિક્કારતો બનાવી મૂકવાની છે. જો બાળકને એમ શીખવવામાં આવે છે કે અમુક બાબતો પાપ છે, તો તેનો જિંદગી માટેનો પ્રેમ એ ધિક્કારમાં પરિણમે છે. બાળકો જ્યારે મુક્ત હોય છે, ત્યારે તેઓ કદાપિ એવું વિચારી શકતાં નથી કે બીજું બાળક પાપી છે. સમરહિલમાં, જો બાળક ચોરી કરે છે તો સાથીઓના પંચ દ્વારા મુકદમો ચલાવવામાં આવે છે, પરંતુ તેને ચોરી માટે કદાપિ સજા કરવામાં આવતી નથી. જે કરવામાં આવે છે તે એ છે કે તેણે તેનું કરજ ચૂકતે કરવાનું હોય છે. બાળકોને અભાનપણે જ સમજાય છે કે ચોરી એ બિમારી છે. તેઓ નાના વાસ્તવવાદી હોય છે, અને તેઓ ગુસ્સાવાળા ઈશ્વર અને લાલચુ શેતાનની કલ્પના નથી કરતાં. ગુલામ મનુષ્યોએ પોતાની કલ્પનામાં જ ઈશ્વરને બનાવ્યા, પરંતુ મુક્ત બાળકો કે જેઓ જિંદગીનો આતુરતાપૂર્વક અને હિંમતપૂર્વક સામનો કરતાં હોય છે, તેમને કોઈ ઈશ્વરની સહેજ પણ જરૂર હોતી નથી.

જો આપણે આપણાં બાળકોનો આત્મા સ્વસ્થ રાખવો હોય, તો આપણે તેમને ખોટાં મૂલ્યો આપવાથી બચાવવા જોઈએ. ખ્રિસ્તીધર્મના ઈશ્વરીય જ્ઞાન પર પોતે શંકા કરતાં ઘણાં લોકો પણ તેમનાં બાળકોને એવી માન્યતાઓ શીખવતાં ખચકાતાં નથી, જેમને તે પોતે પ્રશ્નો કરતાં હોય. કેટલી માતાઓ ખરેખર આકરા નરકમાં કે ગંધર્વોના સોનાના સ્વર્ગમાં માને છે? છતાં પણ હજારો નાસ્તિક માતાઓ આ જુનવાણી વાર્તાઓ પીરસીને તેમનાં બાળકોના આત્માને વિકૃત કરી નાખે છે.

ધર્મ આબાદ થયો કારણ કે મનુષ્ય તેના અચેતન મનનો સામનો કરતો નથી, અને જ્યાં સુધી તે કરી શકશે નહીં ત્યાં સુધી ધર્મ આબાદ રહેશે. ધર્મ અચેતન મનને શેતાન બનાવી દે છે, અને તેના દ્વારા અપાતા પ્રલોભનોથી મનુષ્યને નાસી છૂટવાનું કહે છે. પરંતુ, અચેતનને ચેતનના સ્તર પર લઈ આવો અને ધર્મની કોઈ જરૂર રહેશે નહીં.

બાળક માટે હંમેશા ધર્મ એટલે ભય. ઈશ્વર એ મહામાનવ છે, જેની આંખોના પોપચામાં કાણાં છે : તે તમે જ્યાં પણ છો ત્યાં તમને જોઈ શકે છે. બાળક માટે ઘણી વખત આનો અર્થ એવો થાય છે કે ઈશ્વર ચાદરની નીચે શું થાય છે તે પણ જોઈ શકે છે. બાળકની જિંદગીમાં ભયને ઘુસાડી દેવો એ સૌથી મોટો ગુનો છે. આ બાળક હંમેશાં જીવનને નકારશે, હંમેશાં તે લઘુતાગ્રંથિથી પીડાયા કરશે અને હંમેશાં માટે કાયર રહેશે.

જે કોઈ પણ વ્યક્તિને તેના બાળપણમાં જિંદગી પછીના નરકનો ભય બતાવવામાં આવ્યો હોય તે કદી આ જિંદગીની સલામતી અંગેની વિકૃત વિહવળતાથી મુક્ત થઈ શકે નહીં. જો કે આવી વ્યક્તિઓ તાર્કિક રીતે એવું સમજતી હોય છે કે સ્વર્ગ અને નરક એ બાળપણની ચિત્ર-વિચિત્ર કલ્પનાઓ છે જે તે મનુષ્યનાં આશા અને ભય માત્ર પર ઊભી કરવામાં આવેલ છે. દરેક વ્યક્તિમાં બાળપણમાં જ જે ભાવનાત્મક વિકૃતિઓ ઘર કરી જાય છે તે હંમેશાં આખી જિંદગી સાથે રહે છે. એ કઠોર ઈશ્વર કે જે તમને સ્વર્ગમાં સંગીતના સ્વરોથી પુરસ્કૃત કરે છે, અથવા નરકની આગમાં બાળે છે, તેને માણસે તેની પોતાની કલ્પનામાં ઊભો કર્યો છે. તે 'સુપર પ્રોજેક્શન' છે. ઈશ્વર ઇચ્છાપૂર્તિ અને શેતાન ભયપૂર્તિ બની જાય છે.

આ રીતે, જે પણ આપણને ખુશી આપે છે તે પાપ શું છે તે સૂચવે છે. પત્તાં રમવાં, સિનેમાઘરોમાં જવું, અને નૃત્ય કરવું આ બધું શેતાની વાતો છે. મહદ્ અંશે ધાર્મિક બનવાનો અર્થ છે આનંદવિનાના બનવું. મોટા ભાગના સાંસ્કૃતિક નગરોમાં બાળકોને રવિવારનાં અક્કડ કપડાં પહેરવાની ફરજ પાડવામાં આવે છે તે ધર્મની દમન કરવાની અને શિક્ષા આપવાની લાક્ષણિકતાનો પુરાવો આપે છે. ધાર્મિક સંગીત પણ ઘણી વખત દુઃખપ્રેરક હોય છે. મોટા ભાગના માણસો માટે ચર્ચમાં જવું એ એક પ્રયત્ન, એક ફરજ હોય છે. મોટા ભાગના માણસો માટે ધાર્મિક થવું એટલે અતિ દુઃખી દેખાવું અને અતિ દુઃખી થવું.

નવો ધર્મ પોતાની જાત વિશેના જ્ઞાન અને પોતાની જાતના સ્વીકાર પર આધારિત હશે. બીજાઓને પ્રેમ કરી શકવાની પૂર્વશરત એ પોતાની જાતને સાચો પ્રેમ કરવો એ

છે. આ બાબત મૂળે પાપના કલંક હેઠળ ઊછરવાની બાબત - જે સ્વધિક્કાર અને પરિણામે બીજાને ધિક્કારવામાં પરિણમે છે - તેનાથી કેટલી અલગ છે! કોલેરિજ, એક કવિએ, નવા ધર્મને રજૂ કર્યો છે - "નાની અને મોટી બધી જ બાબતોને શ્રેષ્ઠ રીતે ચાહે છે તે શ્રેષ્ઠ પ્રાર્થના કરે છે." નવા ધર્મમાં મનુષ્યો ત્યારે જ શ્રેષ્ઠ પ્રાર્થના કરી શકશે જ્યારે તે પોતાની અંદરની તમામ નાની અને મોટી બંને બાબતોને ચાહશે!

નૈતિક શિક્ષણ

મોટા-ભાગનાં મા-બાપ એવું માને છે કે જ્યાં સુધી તેમણે તેમના બાળકને નૈતિકતાની કિંમત કરતાં શીખવ્યું નથી, કે પછી સતત શું સાચું અને શું ખોટું તે બતાવ્યાં કર્યું નથી ત્યાં સુધી તેઓ નિષ્ફળ રહ્યાં છે. લગભગ દરેક માતા-પિતા એવું ધારે છે કે બાળકની શારીરિક જરૂરિયાતોની કાળજી લેવાની સાથે, તેની અંદર સદાચાર આવે તેમ કરવું તે તેમની મુખ્ય ફરજ છે અને આવી સૂચનાઓ આપ્યા સિવાય બાળક શેતાન બની જશે, તેની વર્તણૂક તોફાની બનશે અને બીજા માટે ખૂબ ઓછો વિચાર કરશે. મનુષ્ય એ જન્મજાત પાપી છે, તે કુદરતી રીતે ખરાબ છે અને જો તેને સારા બનવાની તાલીમ આપવામાં ન આવે, તો તે લોભી, ઘાતકી અને ખૂની પણ બની શકે છે - આપણી સંસ્કૃતિમાં મોટા ભાગના લોકો નિષ્ક્રિયપણે આ કહેણીનો સ્વીકાર કરે છે તે હકીકતના કારણે આ માન્યતા ઘણી હદ સુધી ફૂલીફાલી છે.

ખ્રિસ્તી દેવળોમાં આ માન્યતાઓ ખુલ્લેઆમ કહે છે : "આપણે અતિ દુઃખી પાપીઓ છીએ." આજ કારણોસર વડો પાદરી અને શાળાના શિક્ષકો એમ માને છે કે બાળકોને પ્રકાશ તરફ દોરવા જોઈએ. પછી તે અગત્યનું રહેતું નથી કે તે પ્રકાશ એ નૈતિક સંસ્કૃતિનો પ્રકાશ છે કે દુઃખનો પ્રકાશ છે. આ બંને કિસ્સાઓમાં હેતુ સરખો જ છે - તેમની ઉન્નતિ કરવાનો.

દેવળ અને શાળા બંને એમાં સહમત થાય છે કે બાળક એ પાપ થકી જન્મ્યો છે, તેથી જ આપણે માતાઓ અને પિતાઓ પાસેથી એવી અપેક્ષા રાખી શકીએ નહીં કે તેઓ આ મહાન સત્તાઓથી જુદો મત ધરાવે. દેવળ કહે છે, "જો તમે પાપ કરશો, તો તમને પરલોકમાં સજા કરવામાં આવશે." માતા-પિતાઓ આમાંથી ઈશારો મેળવે છે અને કહે છે, "જો તું એ ફરીથી કરીશ, તો હું તને હમણાં જ સજા કરીશ." બંને ભય લાદીને ઊંચે ચડાવવાની કોશિશ કરે છે.

બાઈબલ કહે છે, "ઈશ્વરનો ડર એ શાણપણની શરૂઆત છે." જ્યારે ઘણી બધી વખત તો એ માનસિક રોગની શરૂઆત હોય છે, કારણ કે બાળકને ભયભીત કરવું એ ઘણી બધી રીતે નુકસાનકર્તા હોય છે.

ઘણી બધી વખત માતા-પિતાઓએ મને જણાવ્યું છે, "મને સમજાતું નથી કે મારું બાળક શા માટે ખરાબ બન્યું. મેં તેને કઠોર દંડ કર્યો છે અને મને ખાતરી છે કે અમે ઘરમાં કોઈ ખોટું ઉદાહરણ બેસાડ્યું નથી." મોટા ભાગનો સમય મારે હાનિ પહોંચેલાં બાળકો સાથે કામ કરવાનું બન્યું છે કે જેઓને ભગવાનના ડર થકી કે ચામડાના પટ્ટાના ડર થકી શિક્ષણ આપવામાં આવ્યું છે, તેમજ બાળકોને સારા બનવાનું દબાણ કરવામાં આવ્યું છે.

માતા-પિતાઓ ભાગ્યે જ સમજતાં હોય છે કે સતત મનાઈઓનો પ્રવાહ, આગ્રહ, ઉપદેશ અને નૈતિક વર્તણૂકની આખી જ પદ્ધતિ બાળકો પર લાદવી એ બાળકોને એટલો ભયાનક ધક્કો આપતું હોય છે, કે જેને માટે તરુણ બાળક તૈયાર હોતું નથી, તેને સમજાતું નથી અને તેથી જ તે સ્વૈચ્છિક રીતે તે બાબતનો સ્વીકાર કરતું નથી.

સમસ્યારૂપ બાળકનાં થાકેલાં-હારેલાં માતા-પિતાઓ, નૈતિકતા વિશેની તેમની પોતાની સમજને પડકારવાનું કદાપિ વિચારતાં જ નથી, જાણે મોટા ભાગનો સમય તો તેઓ શું સાચું અને શું ખોટું છે તે બાબતે તેમની પોતાની સમજ અંગે બિલકુલ નિશ્ચિત હોય છે, અને આ સાચી બાબતો ખૂબ પ્રમાણભૂત રીતે કાયમ માટે ધર્મગ્રંથોમાં ટાંકવામાં આવેલ છે. માતા-પિતાઓ ભાગ્યે જ તેમનાં પોતાનાં માતા-પિતા દ્વારા કે શિક્ષકો દ્વારા શીખવવામાં આવેલ વાતોને કે સમાજ દ્વારા સ્વીકારાયેલ કાયદાઓને પડકારતાં હોય છે. તેમનું વલણ તેમની પોતાની સંસ્કૃતિની માન્યતાઓનો યાંત્રિકપણે સ્વીકાર કરવાનું હોય છે. આ માન્યતાઓ વિશે વિચારવું, તેમનું પૃથક્કરણ કરવું - આ બધું ખૂબ ચિંતન માગી લે છે. આ માન્યતાઓને પડકારવી એ તેમને મન ખૂબ મોટો આઘાત આપનારી બાબત હોય છે.

આમ થાકેલાં માતા-પિતાઓ માનતાં હોય છે કે તેમનાં બાળકો દોષી છે. બાળકને ઇરાદાપૂર્વક ખરાબ થતાં શીખવાડવામાં આવ્યું છે. હું ખૂબ મક્કમપણે માનું છું કે બાળકો કદી પણ ખોટાં હોતાં નથી. આવું દરેક બાળક કે જેનો મેં હવાલો સંભાળ્યો હતો, તે ખોટી દોરવણી આપતાં શરૂઆતના શિક્ષણ અને શરૂઆતની ભૂલભરેલી તાલીમનું ઉદાહરણ હતું. શરૂઆતમાં જ્યારે બાળકના મનને સામાન્યપણે જે વિચારો આપવામાં આવ્યા હતા, ત્યારે માનસશાસ્ત્રના ખૂબ જ પાયાના સિદ્ધાન્તોને ટાળવામાં આવ્યા હતા.

શરૂઆતમાં, લગભગ દરેક જણ એવું માને છે કે મનુષ્ય એ પોતાની મરજીનું પ્રાણી છે - તે જે ઇચ્છે છે તેવું તે કરી શકે છે. દરેક માનસશાસ્ત્રી આની સાથે અસહમત થશે. મનોચિકિત્સાશાસ્ત્રએ એ સાબિત કર્યું છે કે મનુષ્યની મોટા ભાગની ક્રિયાઓનું નિયમન તેના અજાગૃત મન થકી થાય છે. ઘણાં લોકો કહેશે કે જો તેણે તેની ઇચ્છાશક્તિનો ઉપયોગ કર્યો હોત તો ક્રીપન ખૂની બન્યો હોત નહીં. દરેક મનુષ્ય એ સારું અને ખરાબ ઈચ્છવા સક્ષમ જવાબદાર મનુષ્ય છે, એવી ભૂલભરેલી માન્યતાના પાયા પર ગુનાને લગતા કાયદાઓ ઘડાયા છે. આ પ્રમાણે, લગભગ હમણાં જ, લંડનમાં એક મનુષ્યને એક સ્ત્રીના ડ્રેસ પર શાહીના છાંટા ઉડાડવા બદલ કેદ કરવામાં આવ્યો હતો. છાંટા ઉડાડનાર મનુષ્ય સામાજિક રીતે ખરાબ મનુષ્ય હતો, જે માત્ર પોતે પ્રયત્ન કરે તો જ સારો થઈ શકે. માનસશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે, તે ગરીબ છે, માંદો અને નાજુક મનોવૃત્તિવાળો છે, અને એવી સૂચક ક્રિયા કરે છે જેનો અર્થ તે પોતે જ જાણતો નથી. અને જ્ઞાની સમાજ શાંતિથી તેને ડોક્ટર પાસે લઈ જશે.

માનસશાસ્ત્ર દર્શાવે છે કે મોટા ભાગની આપણી ક્રિયાઓ એવું ગુપ્ત ઉદ્ગમસ્થાન ધરાવે છે કે ત્યાં સુધી ખૂબ મહેનત સાથે લાંબું વિશ્લેષણ કર્યા વિના પહોંચી શકાતું નથી અને માનસશાસ્ત્રનું વિશ્લેષણ પણ અચેતનના ઊંડામાં ઊંડા ભાગ સુધી પહોંચી શક્તું નથી. આપણે ક્રિયા કરીએ છીએ, પરંતુ આપણે જાણતાં નથી કે આપણે શા માટે કરીએ છીએ.

થોડા સમય પહેલાં, મેં મારા માનસશાસ્ત્રના ગ્રંથોના ઘણા ભાગોને બાજુએ મૂક્યા અને લાદી બેસાડવાનું કામ હાથ ધર્યું. મને ખબર નથી કે મેં આવું કેમ કર્યું. જો મેં તેને બદલે શાહીના છાંટા ઉડાડવાનું કામ હાથ ધર્યું હોત તો તેનું કારણ પણ હું જાણતો ન હોત. લાદી બેસાડવી એ સામાજિક પ્રવૃત્તિ છે તેથી હું માનનીય નાગરિક છું; જ્યારે શાહીના છાંટા ઉડાડવા એ અસામાજિક છે, તેથી અન્ય મનુષ્ય તુચ્છ ગુનેગાર છે. તેમ છતાં મારા અને છાંટા ઉડાડનારમાં એક તફાવત છે : મને સભાનપણે શાહી ઉડાડવાનું ગમતું નથી. જ્યારે હું મારા હાથો વડે કામ કરું છું તેમાં મારું સભાન અને અસભાન મન સંવાદિતામાં કામ કરે છે; જ્યારે છાંટા ઉડાડવામાં સભાન અને અભાન મનમાં વિરોધાભાસ ઊભો થાય છે. અસામાજિક કાર્યો એ આ વિરોધાભાસનું પરિણામ છે.

થોડાં વર્ષો પહેલાં, સમરહિલમાં ૧૧ વર્ષનો એક તેજસ્વી, હોશિયાર, વહાલો વિદ્યાર્થી હતો. તે શાંતિથી બેસીને વાંચ્યા કરતો. પછી અચાનક જ તે કૂદકા મારતો, રૂમમાંથી દોડતો અને મકાનને આગ લગાડવાની કોશિશ કરતો. એક આવેગ તેનો કબજો લઈ લેતો અને તે આવેગ પર નિયંત્રણ રાખી શકતો નહીં.

ભૂતકાળના ઘણાં શિક્ષકોએ તેના આ આવેગ ઉપર નિયંત્રણ રાખવા માટે મનોબળ ઊભું કરવા, તેને સલાહ સૂચનો થકી તેમજ સોટીના માર પર - એમ બંને રીતે - પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ આગ લગાડવાની અજાગૃત મનની આ પ્રેરણા જાગૃત મનની નબળા ન દેખાવાની પ્રેરણા કરતાં ઘણી બળવાન હતી. તેને નિયંત્રિત કરી શકાય તેમ નહોતી. આ છોકરો ખરાબ છોકરો ન હતો; તે નબળો છોકરો હતો. એવી કઈ બાબતો હતી કે જેને તેને નબળો બનાવ્યો હતો? એવી કઈ બાબતો હોય છે કે જે છોકરા-છોકરીઓને નબળાં બનાવે છે, અપરાધી બનાવે છે? મારે તે સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપણે જ્યારે પણ કોઈ બાળકને જોઈએ છીએ ત્યારે આપણને લાગે છે કે તેનામાં કોઈ ખરાબી નથી. તે એક કોબીજના ફૂલ જેવું કે પછી એક વાઘના બચ્ચા જેવું જ નિર્મળ હોય છે. નવું જન્મેલું બાળક જીવનબળ, તેની ઇચ્છાશક્તિ, તેની જીવવાની અજાગૃત પ્રેરણા હોય છે. તેની જીવવાની ઇચ્છા જ તેને ખાવા, તેના શરીર અને તેનાં અંગોની શોધ કરવા તથા તેની ઇચ્છાઓને સંતોષવા પ્રેરે છે. એનાં બધાં જ કાર્યો એવાં હોય છે જે કાર્યો કરવા માટે પ્રકૃતિએ તેને બનાવ્યું છે. પરંતુ, વયસ્કોની નજરે બાળકમાં રહેલી ઈશ્વર ઇચ્છા, બાળકમાં રહેલી પ્રાકૃતિક ઇચ્છા - શેતાનની ઇચ્છા છે.

લગભગ દરેક વયસ્ક એવું માને છે કે બાળકોનો સ્વભાવ સુધારવો જોઈએ. તેથી એમ બને છે કે દરેક માતાપિતા, નાના બાળકને કેવી રીતે જીવવું તે શીખવવાનું શરૂ કરી દે છે.

બાળકને તરત જ પ્રતિબંધોની આખી વ્યવસ્થાનો સામનો કરવો પડે છે. આ તોફાની છે, અને તે ગંદું છે અને આવું આવું સ્વાર્થી છે વગેરે. બાળકનો કુદરતી જીવન જીવવાના જોશનો અવાજ, સૂચનાઓના અવાજના સંપર્કમાં આવે છે. ચર્ચ, પ્રકૃતિના અવાજને શેતાનનો અવાજ કહે છે અને નૈતિક સૂચનાઓના અવાજને ઈશ્વરનો અવાજ કહે છે. હું ખાતરીપૂર્વક માનું છું કે આ નામોની અદલા-બદલી થવી જોઈએ.

હું માનું છું કે નૈતિક સૂચનાઓ જ બાળકને ખરાબ બનાવે છે. મેં અનુભવ્યું છે કે "ખરાબ છોકરા"એ જે નૈતિક સૂચનાઓ મેળવી છે તેના જ્યારે હું ચૂરેચૂરા કરી નાખું છું ત્યારે તે બાળક "સારો બાળક" બને છે.

વયસ્કો માટે નૈતિક સૂચનાઓની કોઈ સાર્થકતા હોઈ શકે, જો કે તેમાં પણ મને શંકા છે. જે કંઈ પણ હોય, બાળકો માટે તો નૈતિક સૂચનાઓની કોઈ સાર્થકતા હોઈ

શકે નહીં. માનસશાસ્ત્રની દષ્ટિએ તે ખોટું છે. બાળકને નિઃસ્વાર્થી બનવાનું કહેવું એ પણ ખોટું છે. દરેક બાળક અહંકારી છે અને દુનિયા તેની માલિકીની છે. જ્યારે તેની પાસે એક સફરજન હોય છે, ત્યારે તેની ઇચ્છા તે સફરજનને ખાવાની હોય છે. તે સફરજન નાના ભાઈ સાથે વહેંચીને ખાય તેવી માતાની પ્રેરણાનું મુખ્ય પરિણામ એ નાનાભાઈ માટેનો ધિક્કાર પેદા કરવાનું હોય છે. જો બાળકને નિઃસ્વાર્થી બનવાનું શીખવવામાં ન આવે તો બંધુભાવ પાછળથી આવે છે, કુદરતી રીતે આવે છે. પરંતુ જો બાળકને નિઃસ્વાર્થી બનવાનું દબાણ કરવામાં આવે તો બંધુભાવ કદાપિ આવતો નથી. બાળકના સ્વાર્થીપણાને દબાવી દઈને માતા તે સ્વાર્થીપણાને હંમેશાં માટે ત્યાં જ કાયમ કરી દે છે.

આવું કેવી રીતે બને છે? મનોચિકિત્સાશાસ્ત્રએ સાબિત કરી આપ્યું છે કે જે ઇચ્છાઓ સંતોષાયેલી ન હોય તે અજાગૃત મનમાં રહી જાય છે. જે બાળકને નિઃસ્વાર્થી બનવાનું શીખવવામાં આવ્યું છે તે તેની મમ્મીને ખુશ રાખવા માટે મમ્મીની માંગણીને અનુસરશે. તે અજાગૃતપણે તેની ખરી ઇચ્છાઓને, સ્વાર્થી ઇચ્છાઓને દાટી દેશે- અને આવા દમનના કારણે તે તેની બાળપણની ઇચ્છાના કબજામાં રહેશે અને તે જીવનપર્યંત સ્વાર્થી રહેશે. આ રીતે નૈતિક સૂચનાઓ તેમનો પોતાનો હેતુ પાર પાડવામાં પરાજિત થાય છે.

આવું જ સેક્સના વિષયમાં પણ બને છે. બાળપણ દરમ્યાનની નૈતિક મનાઈઓ બાલ્યાવસ્થામાં સેક્સ પ્રત્યેનાં કુતૂહલને કાયમી બનાવે છે. શાળાની છોકરીઓને બીભત્સ પોસ્ટકાર્ડ બતાવવા, તેમનાં જાતીય અંગો સાથે જાહેરમાં રમવું- જેવી બાળપણની સેક્સ ક્રિયાઓ માટે જે ગરીબડાઓને પકડવામાં આવ્યા હતા તેઓ એવા પુરુષો હતાં કે જેમની માતાઓ નૈતિકતા પર ભાર મૂકતી હતી. સંપૂર્ણરીતે બિનહાનિકર્તા બાળપણના કુતૂહલને ઘોર પાપનું લેબલ લગાડવામાં આવ્યું હતું. બાળકે બાલ્યાવસ્થાની ઇચ્છાઓનું દમન કર્યું પરંતુ, તે જ ઇચ્છાઓ તેના અજાગૃત મનમાં જીવતી રહી અને પાછળથી મૂળ સ્વરૂપે અથવા તો ઘણી બધી વાર પ્રતીકાત્મક સ્વરૂપે બહાર આવી. આ જ રીતે જે સ્ત્રી ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં હેન્ડબેગની ચોરી કરે છે તે પ્રતીકાત્મક ક્રિયાનું મૂળ પણ બાળપણના નૈતિક શિક્ષણને કારણે થયેલા દમનમાં હોય છે. ખરેખર તેની વર્તણૂક બાળપણમાં મનાઈ ફરમાવેલ સેક્સની ઇચ્છાઓને સંતોષવાનો ભાગ હતી.

આ બધાં જ લાચાર લોકો ખૂબ જ નાખુશ છે. ચોરીછૂપી કંઈક કરવું એટલે પોતાના જ જૂથમાં અણગમતાં થવું. અને જૂથવૃત્તિ ખૂબ બળવાન હોય છે. આપણા પાડોશી

સાથે સારી રીતે રહેવું એ મનુષ્યની જિંદગીનો એક ખરેખરો હેતુ હોય છે. અસામાજિક બનવું એ મનુષ્યનો સ્વભાવ નથી. સામાન્ય માણસોને સામાજિક બનાવવા માટે તેમનો અહ્‌મભાવ પોતે જ પૂરતો છે. અહંભાવ કરતાં વધુ બળવાન કારણ જ મનુષ્યને અસામાજિક બનાવી શકે છે.

આ વધુ બળવાન પરિબળ કયું છે? બે સ્વની વચ્ચેનો સંઘર્ષ અત્યંત કડવો હોય છે - એક સ્વ જેને પ્રકૃતિએ રચ્યો છે અને બીજો સ્વ જેને નૈતિક શિક્ષણે ઘડ્યો છે. આ સંઘર્ષ વખતે અહમ્‌ભાવ બાલ્યાવસ્થાની ભૂમિકાએ આવી જાય છે. પછી લોકોનો મત ગૌણ બની જાય છે. આ રીતે, ચોરી કરવાના રોગીઓ જાણે છે કે પોલીસની કસ્ટડીમાં દેખાવું અને છાપાઓમાં પોતાના વિશે લખાવું એ ખૂબ શરમજનક હોય છે. તેમ છતાંય તેની બાલિશ ઇચ્છાઓ જેટલી મજબૂત હોય છે, તેટલો મજબૂત લોકોના અભિપ્રાયનો ભય હોતો નથી. આપણાં છેલ્લા વિશ્લેષણ અનુસાર ચોરીની ઇચ્છા ખુશીની શોધની ઇચ્છાનું પ્રતીક છે.પરંતુ પ્રતીકાત્મક સંતોષ કદાપિ મૂળભૂત ઇચ્છાને સંતોષી શકતો નથી, અને ભોગ બનનાર ફરી ને ફરી એવું કરતો રહે છે.

એક ઉદાહરણ, અસંતોષાયેલ ઇચ્છા અને તે પછી જે બને છે તે પ્રક્રિયાને વધુ સ્પષ્ટ કરશે - જ્યારે સાત વર્ષનો નાનો બીલી સમરહિલ આવ્યો ત્યારે તેના માતા-પિતાએ મને કહ્યું કે તે ચોર હતો. તેને શાળામાં એક અઠવાડિયું થયું હતું ત્યાં કર્મચારીઓમાંનો એક મારી પાસે આવ્યો અને મને કહ્યું કે તેના શયનખંડના ટેબલના ખાનામાંથી તેની સોનાની કાંડા ઘડિયાળ ગુમ થઈ છે. મેં ગૃહમાતાને પૂછયું કે તે આ બાબતે કંઈ જાણે છે કે કેમ?

"મેં બીલીને ઘડિયાળ સાથે કામ કરતાં જોયો હતો." તેમણે કહ્યું. "જ્યારે મેં તેને પૂછયું કે તે તેને કયાંથી મળ્યું, ત્યારે તેણે કહ્યું કે તેના ઘરના બગીચાના ખૂબ ખૂબ ઊંડા ખાડામાંથી મળ્યું હતું."

હું જાણતો હતો કે બીલીએ તેની માલિકીની બધી જ વસ્તુઓને તેની પેટીમાં મૂકી તાળું માર્યું હતું. મેં મારી પોતાની ચાવીઓમાંની એક વડે તાળું ખોલવાનો પ્રયત્ન કર્યો. અને તે પેટી ખોલી શક્યો. દેખીતી રીતે હથોડી અને ટાંકણાથી છૂંદાઈને તૂટી ગયેલી સોનાની ઘડિયાળ તેમાં પડેલી હતી. મેં પેટીને બંધ કરી અને બીલીને બોલાવ્યો.

"તે મિ.એન્ડરસનની ઘડિયાળ જોઈ હતી?" મેં પૂછયું.

તે મોટી નિર્દોષ આંખોથી મારી સામે જોઈ રહ્યો. "ના", તેણે કહ્યું, અને ઉમેર્યું, "કેવી ઘડિયાળ?"

મેં તેની સામે અડધી મિનીટ સુધી જોયા કર્યું. "બીલી" મેં કહ્યું, "તને ખબર છે

નાનાં બચ્ચાંઓ ક્યાંથી આવે છે?"

તેણે રસપૂર્વક ઉપર જોયું, "હા", તેણે કહ્યું, "આકાશમાંથી."

"અરે, ના," મેં સ્મિત કર્યું. "તું તારી મમ્મીના પેટમાં મોટો થયો, અને જ્યારે પૂરતો મોટો થયો ત્યારે બહાર આવ્યો." એક પણ શબ્દ બોલ્યા વગર તે તેની પેટી સુધી ગયો, તેને ખોલી, અને તૂટેલી ઘડિયાળ મને સુપરત કરી. તેની ચોરીનો ઇલાજ થઈ ગયો હતો, કારણ કે તે માત્ર સત્યની ચોરી કરતો હતો. તેના ચહેરા પરની મૂંઝવણ, ચિંતા દૂર થઈ અને તે વધુ ખુશ બન્યો.

વાંચનાર એવું વિચારવા પણ પ્રેરાય કે બીલીનો નાટકીય ઇલાજ એ એક જાદુ હતો. પણ એમ નહોતું. જ્યારે બાળક ઘરના ઊંડા ખાડાની વાત કરે છે ત્યારે તે અભાનપણે ઊંડી ગુફાની વાત કરતો હોય છે જ્યાં તેની જિંદગી શરૂ થઈ હતી તેમ બની શકે. પાછું મને એ ખબર હતી કે છોકરાના પપ્પા થોડા કૂતરા રાખતા. બીલીને એ ખબર હોવી જોઈએ કે ગલુડિયાં ક્યાંથી આવે છે, અને બે વત્તા બે ચારની જેમ એ બચ્ચાંની ઉત્પત્તિ વિશે અંદાજ લગાવી શક્યો હોત. મમ્મીનાં જુઠાણાંએ તેણે શોધેલા સિદ્ધાન્તના અનુમાનને દબાવવા પ્રેર્યો; અને તેની સત્ય શોધવાની ઇચ્છાએ પ્રતીકાત્મક આકાર લીધો. પ્રતીકાત્મક રીતે તેણે મમ્મીની ચોરી કરી અને તેમની અંદર શું છે તે જોવા તેમને ખુલ્લી કરી. મારે બીજો પણ એક વિદ્યાર્થી હતો કે જે આ જ કારણોસર ખાનાઓને ખોલતો રહેતો હતો.

માતા-પિતાઓએ સમજવા જેવું એ છે કે બાળક જે ભૂમિકા માટે તૈયાર ન હોય તે ભૂમિકાએ તેને લઈ જવા માટે તમે તેને ઉતાવળ કરાવી શકો નહીં. એવા મનુષ્યો કે જેઓનું મન - તેમના બાળકને કુદરતી રીતે જ ભાંખોડિયાં ભરીને ચાલવા તરફના વિકાસના તબક્કાઓમાંથી પસાર થવા દેવા - માનતું ન હોય, અને તેઓ બાળકને જીવનના ખૂબ વહેલા તબક્કે કે જ્યારે તે ચાલવા માટે તૈયાર થયું હોય તેના પહેલાં, તેના બે કુમળા પગ પર ઊભા રાખી દે છે, તેઓ બાળકને વાંકા-ચૂકા પગવાળું બનાવી દેવાના પરિણામે માત્ર ખિન્નતા મેળવે છે. તેમની આ માંગણી સમય કરતા પહેલાની હતી કારણ કે કુમળા હાથ-પગ એટલા મજબૂત ન હતા કે બાળકના વજનને આધાર આપી શકે. તેનું પરિણામ ભયાનક હોય છે. બાળક કુદરતી રીતે ચાલવા તૈયાર થાય ત્યાં સુધી જો માતા-પિતાએ રાહ જોઈ હોત તો, ચોક્કસ જ બાળક ઉત્તમ રીતે પોતાની મેળે ચાલ્યું હોત. તેવી જ રીતે, બાળકને આપવામાં આવતી કુદરતી હાજતોની તાલીમના ખોટા સમયના પ્રયત્નો પણ દુઃખદાયક પરિણામો પેદા કરે છે.

આ જ વિચાર નૈતિક સૂચનાઓને પણ લાગુ પડે છે. બાળક જે મૂલ્યોને પોતાનાં

બનાવવાં તૈયાર નથી તે મૂલ્યો અપનાવવા દબાણ કરવું તે બાળકને આવનારા સમય અને સંજોગોમાં જે-તે મૂલ્યોનો સ્વીકાર કરતાં અટકાવે છે તેમજ માનસિક અસ્વસ્થતા પેદા કરે છે.

છ વર્ષની ઉંમરના છોકરાને ચાર વખત પોતાના શરીરનું વજન ઉપાડી હડપચીને લોખંડના બાર સાથે અડાવવા કહેવું એ તે છોકરા પાસેથી ઘણી વધારે પડતી માંગણી કહેવાય. તેના સ્નાયુઓ આ પ્રકારની કસરત માટે જોઈએ તેટલા મજબૂત હોતા નથી. પછીથી જો આ છોકરાને કુદરતી રીતે વિકસવા માટે છોડી દેવામાં આવે તો તે અઢાર વર્ષની ઉંમરે આ પરિણામ સરળતાથી મેળવી લેશે. તેવી જ રીતે, કિશોરોની નૈતિક સમજણના વિકાસ માટેના પ્રયત્નોમાં ઉતાવળ કરવી જોઈએ નહીં. માતા-પિતાઓએ ધીરજ કેળવવી જ જોઈએ, બાળક જન્મથી જ સારો છે તે વિચારમાં સલામત રહેવું જોઈએ, અને જો તેના કુદરતી વિકાસની પ્રક્રિયામાં માથું મારી તેને નિષ્ફળ અને પંગુ બનાવવામાં નહીં આવે તો તે ચોક્કસ જ સારો મનુષ્ય બનવાનો જ છે.

સમરહિલ ખાતે ઘણાં વર્ષોથી બાળકોને સંભાળવાના મારા અનુભવે મને ખાતરી કરાવી છે કે બાળકોને કેમ વર્તવું તે શીખવવાની કોઈ પણ પ્રકારની જરૂરિયાત નથી. જો બાળકને દબાણ કરવામાં ન આવે તો તે શું સારું છે અને શું ખોટું છે તે યોગ્ય સમયે શીખી લે છે.

શીખવું એ વાતાવરણમાંથી મૂલ્યો અપનાવવાની પ્રક્રિયા છે. જો માતા-પિતાઓ જાતે જ પ્રામાણિક અને નૈતિક હોય, તો તેમનાં બાળકો જે-તે સમયે તેમના જ માર્ગને અનુસરશે.

બાળક પર અસર કરવી

માતા-પિતાઓ અને શિક્ષકો એ બાળક પર અસર પાડવાને એક મોટું કામ બનાવી દે છે કારણ કે તેઓ વિચારે છે કે તેમને ખબર છે કે બાળકોને શું જોઈએ છે, શું શીખવું છે, શું બનવું છે. હું તેની સાથે સંમત નથી. મારી માન્યતાઓ અને મારા પૂર્વગ્રહો બાળકો મેળવે કે તે બાળકનો હિસ્સો બને તેવા પ્રયત્નો મેં કદાપિ કર્યા નથી. મારો કોઈ ધર્મ નથી. પરંતુ મેં કદાપિ ધર્મ વિરુદ્ધ એક અક્ષર પણ શીખવ્યો નથી; ધર્મને લગતા આપણા ઘાતકી ગુનાહિત કાયદાઓની વિરુદ્ધમાં પણ નહીં, યહૂદી વિરોધી

પણ નહીં, સામ્રાજયવાદની વિરુદ્ધ પણ નહીં. હું સભાનપણે બાળકો શાંતિવાદી, કે શાકાહારી, કે સુધારક, કે બીજું કશું પણ બની રહે તેવા પ્રયાસ કદાપિ કરું નહીં. હું જાણું છું કે કોઈ પણ પ્રકારનો ઉપદેશ એ બાળકોની નજરમાં બેઈમાની છે. યુવાનોને બનાવટ વિરુદ્ધ, અને ઝનૂનની વિરુદ્ધ, અને કોઈપણ જાતના વાદની વિરુદ્ધ સજ્જ કરવા માટે હું સ્વતંત્રતાની શક્તિમાં વિશ્વાસ મૂકું છું.

બાળક પર લાદવામાં આવેલ દરેક મત એ બાળકની વિરુદ્ધમાં થતો ગુનો છે. બાળક એ 'નાનકડો પુખ્ત' નથી, અને બાળક કદાચ પુખ્ત મનુષ્યના દષ્ટિકોણથી જોઈ પણ ન શકે.

મને એક ઉદાહરણ આપવા દો : એક રાતે, ૭ થી ૧૧ વર્ષની ઉંમરના ૫ છોકરાઓને મેં કહ્યું, "મીસ 'એ' ને ઈન્ફલુએન્ઝા થયો છે, તો તમે સૂવા જાવ ત્યારે અવાજ થાય નહીં તેની કાળજી રાખજો." તેમણે શાંત રહેવાનું વચન આપ્યું. પાંચ મિનિટ પછી તેઓ ખૂબ ઘોંઘાટ કરી ઓશીકાંઓથી લડી રહ્યા હતા. મીસ 'એ'ની માટે જિંદગી ખરાબ બનાવી દેવાની તેમની અજાગૃત ઇચ્છાને ગણતરીમાં ન લઉં, તો હું દોષ તેમની ઉંમરમાં રહેલો છે તેમ માનું છું. એ સાચું છે કે કઠોર અવાજ અને ચાબુકથી મીસ 'એ' માટે શાંતિ જાળવી શકાઈ હોત, પરંતુ એ શાંતિ તે બાળકોની જિંદગીમાં ભય દાખલ કરવાના ભોગે મળી હોત. બાળકોની સાથે કામ પાર પાડવાની સર્વસામાન્ય પદ્ધતિ તેમને આપણી તથા આપણી જરૂરિયાતો સાથે અનુકૂળ થવા બંધબેસતા કરવાની છે. આ પદ્ધતિ ખોટી છે.

થોડાં માતાપિતા અને શિક્ષકોને હંમેશાં એ સત્ય સ્પષ્ટ થયું છે કે યુવાન બાળકો સાથે વાત કરવી એ બિનજરૂરી બોલવા જેવું છે. ઘણા સમયથી માતા-પિતા દ્વારા બિલાડીની પૂંછડી ખેંચવાને આપવામાં આવતી પ્રતિક્રિયા – "કોઈ તમારો કાન ખેંચશે તો તમને કેવું લાગશે?"– થી એક પણ બાળકને ખરેખર ફાયદો થયો નથી. ત્યારે બાળકને સમજાતું નથી કે માતા-પિતા ખરેખર શું કહી રહ્યાં છે? એથી પણ આગળ વધીને જ્યારે તેઓ કહે છે કે, "તો તેં બચ્ચાંને ટાંકણી ઘોંચી? લાવ હું પણ તને ટાંકણી મારીને બતાવું કે ટાંકણી મારવાથી કેવું થાય છે..." (બાળક ચીસ પાડે છે.) "હવે કદાચ તું ફરી તેમ નહીં કરે." બાળક ફરીથી તેમ કરતાં અટકે છે. પરંતુ છેવટે આપણા મનોચિકિત્સકોનાં દવાખાનાઓ ભરાય છે.

હું માતાપિતાને એ સમજાવવાની કોશિશ કરું છું કે બાળક કારણ અને અસરને જોઈ શકતો નથી. બાળકને એમ કહેવું કે, "તેં એટલાં તોફાન કર્યાં છે કે તને શનિવારે જે પૈસા મળવાના હતાં તે મળશે નહીં" એ ખોટું છે. કારણ કે જ્યારે શનિવાર આવશે

અને તેને તેનાં ખોટાં કામો અને તેની સજા યાદ કરાવવામાં આવશે, ત્યારે તે બાબત બાળકને ગુસ્સે કરશે અને તે હતાશા અનુભવશે. કારણ કે સોમવારના દિવસે જે બન્યું છે તે એને માટે ઇતિહાસ બની ચૂક્યું છે, તે વાતને આજે શનિવારના પૈસા સાથે શી લેવાદેવા? તેને સહેજપણ અપરાધ અનુભવાતો નથી; ઊલટું તેના પૈસા છીનવી લેનાર માટે તે ખૂબ ધિક્કાર અનુભવે છે.

માતાપિતાઓએ હંમેશાં પ્રશ્ન કરવો જોઈએ કે તેઓ તેમની પોતાની સત્તાથી દોરવાઈને અને તેમની ઇચ્છાઓ સંતોષવાની જરૂરિયાતને કારણે બાળકો પર નિયમો લાદતાં નથી ને? દરેક જણ તેના પાડોશીનો સારો અભિપ્રાય મેળવવા કોશિશ કરે છે. બાળક કુદરતી રીતે જ એવું કરે છે કે જે તેના માટે માન ઉત્પન્ન કરે, સિવાય કે અન્યો તેને અસામાજિક વર્તણૂક કરવા દબાણ કરે. પરંતુ બાળકમાં આ ઇચ્છા તેની વૃદ્ધિના એક તબક્કા પછી વિકાસ પામતી હોય છે. માતાપિતા અને શિક્ષકો થકી આ તબક્કાને કૃત્રિમ રીતે ઝડપી બનાવવાના પ્રયત્નો એ બાળકને પુનઃ સ્વસ્થ ન કરી શકાય એ હદની ઈજા પહોંચાડે છે.

મેં એક વખત એક આધુનિક શાળાની મુલાકાત લીધી હતી જ્યાં સેંકડો છોકરાઓ અને છોકરીઓ સવારમાં પાદરીના ભાષણને સાંભળવા ભેગા થયા હતાં. તેમણે જોશીલું ભાષણ આપ્યું અને જીસસના અવાજને ધ્યાનથી સાંભળવા ઉપર ભાર મૂક્યો. પાછળથી પ્રિન્સીપાલે મને પૂછયું કે મને ભાષણ કેવું લાગ્યું. મેં જવાબ આપ્યો કે મને લાગે છે કે તે ખરેખર અયોગ્ય હતું. સેક્સ અને બીજી બાબતો વિશેની વિવેકબુદ્ધિ ધરાવતાં સંખ્યાબંધ બાળકો અહીં હતાં; વ્યાખ્યાતાએ દરેક બાળકની અંદર અપરાધની ભાવનાને વધારી દીધી.

બીજી એક પ્રગતિશીલ શાળા બધાં વિદ્યાર્થીઓને રોજ સવારે નાસ્તાના અડધા કલાક પહેલાં સંગીત સાંભળવા ફરજ પાડે છે. નૈતિક મૂલ્યો વિશે વાત કરી તેમના સ્તરને ઊંચે ચડાવવાના આ પ્રયત્નો માનસિક રીતે બાળક પર એવી જ અસર કરે છે જે અસર નરકની આગની બીક બતાવવાથી પડે છે. કારણ કે તેનાથી બાળક તે બધી બાબતોને દબાવી દેવા પ્રયત્ન કરે છે જેને હલકી કક્ષાનું ગણાવવામાં આવ્યું છે.

જ્યારે શાળાના પ્રિન્સીપાલ મને કહે છે કે તેના વિદ્યાર્થીઓ બીથોવન નામના સંગીતને પસંદ કરે છે અને જાઝ તેમની પાસે નથી, ત્યારે મને ખાતરી છે કે તેમની અસર નીચે જ બાળકો આવું કહી રહ્યાં છે, કારણ કે મારાં બાળકો, મોટી બહુમતીથી, જાઝની તરફેણ કરે છે. હું અંગત રીતે ઘોંઘાટિયા, કર્કશ અવાજને ધિક્કારું છું. પણ મને ખાતરી છે કે પ્રિન્સીપાલ સારા અને પ્રામાણિક મનુષ્ય હોવા છતાં પણ તે ખોટા છે.

જ્યારે માતા બાળકને સારા બનવાનું શીખવે છે, ત્યારે તે બાળકની કુદરતી વૃત્તિઓને દબાવે છે. તે બાળકને કહે છે, "તું જે કરવા માંગે છે, તે ખોટું છે." આ બાળકને પોતાની જાતને ધિક્કારતાં શીખવવા બરાબર છે. જ્યારે આપણે પોતાની જાતને ધિક્કારતાં હોઈએ ત્યારે અન્યોને પ્રેમ કરવો અશક્ય છે. જો આપણે આપણી જાતને પ્રેમ કરતાં હોઈએ તો જ આપણે અન્યોને પ્રેમ કરી શકીએ છીએ.

માતા તેના બાળકને નાની સરખી જાતીય વર્તણૂક માટે સજા કરે છે તે હંમેશાં એ જ સ્ત્રી હોય છે કે જેનો સેક્સ પ્રત્યેનો અભિગમ ગંદો હોય છે. મેજીસ્ટ્રેટની ખુરશી પર બેસનાર શોષણખોરો, જેણે પાકીટ ચોર્યું છે તેના પર ખરા અર્થમાં ગુસ્સે થશે. તેનું કારણ છે કે આપણી પાસે આપણા નાગા આત્માનો સામનો કરવાની હિંમત હોતી નથી. આપણે નીતિ અંગે માત્ર ઉપદેશ આપનાર બની ગયા છીએ. બાળકોને અપાતી આપણી દોરવણી એ વ્યક્તિગતપણે આપણી જાતની દોરવણી છે. આપણે અભાનપણે આપણાં બાળકોની જગ્યાએ આપણને પોતાને જોતા હોઈએ છીએ.

જે બાળક આપણને સૌથી વધારે નથી ગમતું તે હંમેશાં એ જ બાળક હોય છે કે જે આપણા પોતાના જેવું જ હોય. આપણે આપણી જાતમાં જેને ધિક્કારીએ છીએ તેને બીજાઓની અંદર પણ ધિક્કારીએ છીએ. અને તેથી તેનું પરિણામ બાળકો આપણા ઠપકામાં, ધમકીમાં, પ્રતિબંધોમાં અને નૈતિક ઉપદેશોમાં મેળવે છે. કારણ કે આપણે સ્વયંને ધિક્કારનાર છીએ. આપણે સ્વયંને ધિક્કારનાર કેમ છીએ? આ એક વિષચક્ર છે. આપણાં માતાપિતાએ પણ કુદરતે આપણને જે આપ્યું તે સુધારવાના પ્રયત્નો કર્યા હતા.

ખરાબ કામ કરતા બાળકો સાથે કામ કરવામાં, માતાપિતાને કે શિક્ષકને કે ન્યાયાધિશને તેમની પોતાની અંદર રહેલી ભાવનાત્મક બાબતોનો સામનો કરવો રહે છે. તે પોતે વાસ્તવિકતામાં શું છે? એક નૈતિકતાવાદી, ધિક્કારતો, ઘાતકી, પરપીડનવૃત્તિ ધરાવતો, સત્તાલાલચુ છે? તે પોતે યુવાનોની સેક્સ વૃત્તિને દબાવનાર છે? શું પોતાને મનોવિજ્ઞાનની ઊંડી બાબતોનો જરાક પણ ખ્યાલ છે? શું પોતે પણ પોતાના પૂર્વગ્રહોથી જ નિર્ણયો લે છે? ટૂંકમાં કહીએ તો તે પોતે કેટલો મુક્ત છે?

આપણામાંનું કોઈ પણ ભાવનાત્મક રીતે સંપૂર્ણ મુક્ત નથી કારણ આપણે આપણા પારણામાંથી પૂર્વગ્રહિત થયા છીએ. કદાચ પૂછવા જેવા યોગ્ય પ્રશ્નો આ છે : આપણે એટલાં મુક્ત છીએ કે બીજાની જિંદગીમાં દખલ દેતા આપણે પોતાની જાતને રોકી શકીએ, પછી ભલે તે ગમે તેટલાં યુવાન હોય? શું આપણે એટલા મુક્ત છીએ કે આપણે તટસ્થ બની શકીએ?

ગાળો તથા અપશબ્દો

સમરહિલની એક સતત ટીકા એ રહી છે કે બાળકો ગાળો બોલે છે. જો જૂના અંગ્રેજી શબ્દો બોલવા એ ગાળો બોલવી ગણાતું હોય – તો એ સાચું છે કે તેઓ ગાળો બોલે છે. તે સાચું છે કે કોઈ પણ નવો વિદ્યાર્થી જરૂર કરતાં વધુ ગાળો બોલે છે.

અમારી સામાન્ય શાળાકીય બેઠકમાં, તેર વર્ષની એક છોકરી કે જે કોન્વેન્ટ શાળામાંથી આવી હતી, કે જેને જ્યારે તે દરિયામાં સ્નાન કરવા જાય ત્યારે "કુતરીની ઓલાદ" એવી બૂમો પાડવાના આરોપસર હંમેશાં રજૂ કરવામાં આવતી. તેને એવું સમજાવવામાં આવ્યું કે "તું જાહેર દરિયા કાંઠે, જ્યાં ચારેબાજુ અજાણ્યા લોકો હોય છે, ત્યાં સ્નાન કરતી હોય ત્યારે જ લોકોની સામે દેખાડો કરવા માટે મોટેથી ગાળો બોલે છે, અને તું દાવો કરે છે કે તને સમરહિલ એક મુક્ત શાળા હોવાનું ગર્વ છે. પરંતુ તું તેનાથી તદ્દન વિરુદ્ધ કરે છે. તું લોકો શાળાને હીનતાથી જુએ એવું કરી રહી છે."

મેં તેને સમજાવ્યું કે તે ખરેખર શાળાને નુકસાન કરી રહી છે કારણ કે તે તેને ધિક્કારે છે. "પણ હું સમરહિલને ધિક્કારતી નથી." તેણે બૂમ પાડી. "તે જબરદસ્ત જગ્યા છે."

"હા", મેં કહ્યું, "તું કહે છે તે પ્રમાણે તે જબરદસ્ત જગ્યા છે, પરંતુ તું તેમાં નથી. તું હજી પણ તારી કોન્વેન્ટ શાળામાં જીવે છે, અને કોન્વેન્ટ શાળા પ્રત્યેનો તથા સાધ્વીઓ પ્રત્યેનો તારો બધો જ ધિક્કાર તું સાથે લાવી છે. તું હજી પણ સમરહિલને ધિક્કારપાત્ર કોન્વેન્ટ સાથે જોડે છે. તું જેને નુકસાન કરવાનો પ્રયત્ન કરી રહી છે તે ખરેખર સમરહિલ નથી – કોન્વેન્ટ છે." છતાં પણ જ્યાં સુધી સમરહિલ ફક્ત પ્રતીકાત્મક રીતે જ નહીં પરંતુ સાચા અર્થમાં તેની પોતાની જગ્યા ન બની રહી ત્યાં સુધી તે તેના ખાસ શબ્દોની બૂમો પાડતી જ રહી. ત્યાર પછી તેણે ગાળો બોલવાનું બંધ કરી દીધું.

ગાળો ત્રણ પ્રકારની હોય છે. સેક્સ વિષે, ધાર્મિક, મળમૂત્રત્યાગ વિશે. સમરહિલમાં, ધાર્મિક પ્રકારની ગાળો વિશે તકલીફ ન હતી કારણ કે બાળકોને ધર્મ શીખવવામાં આવતો જ ન હતો. હવે તો મોટા ભાગના પુખ્તો અને બાળકો ગાળો બોલે છે. કિપલિંગના એક પાત્ર જેને 'વિશેષણ' કહે છે તે માટે આપણું સૈન્ય વિખ્યાત હોય છે જ. સૌથી વધારે યુનિવર્સિટીમાં અને ક્લબમાં, વિદ્યાર્થીઓ સેક્સ અને મળમૂત્રત્યાગની ભાષાનો ઉપયોગ કરે છે. સ્કૂલના છોકરાઓ છુપાઈને ગાળો બોલે

છે, અને તે ઘણી અશ્લીલ હોય છે. સમરહિલ અને બીજી શાળાઓમાં તફાવત એ છે કે એક જગ્યાએ બાળકો ખુલ્લેઆમ અપશબ્દો બોલે છે અને બીજે છુપાઈને બોલે છે.

સમરહિલમાં હંમેશાં નવા વિદ્યાર્થીઓ જ ગાળાગાળીની સમસ્યા ઊભી કરે છે. એવું નથી કે જૂના વિદ્યાર્થીઓની વાણી સંત જેવી છે, પણ જૂના વિદ્યાર્થીઓ યોગ્ય સમયે જ ગાળો બોલે છે. તેઓ સભાનપણે નિયંત્રણ રાખે છે અને બહારના નાખુશ ન થાય તે માટે સાવધ હોય છે.

આપણા નાની ઉંમરના વિદ્યાર્થીઓને મળ માટે જૂના સમયમાં વપરાતા શબ્દોમાં રસ પડે છે. ઓછામાં ઓછું જે બાળકો શિષ્ટ ઘરોમાંથી આવે છે તે આવા શબ્દોનો ખૂબ છૂટથી ઉપયોગ કરે છે. મારો મતલબ એ બાળકો સાથે છે જે 'બે નંબર જવું છે' જેવી વાતો કરે છે. આ બાળકોને એંગલો-સેક્સન શબ્દો ગમે છે. એક કરતાં વધારે બાળકોએ મને પૂછ્યું છે કે જાહેરમાં "શીટ્"(શુદ્ધ શબ્દ) બોલવામાં શું ખોટું છે, જ્યારે મળ, કચરો કે વિષ્ટા કહેવું કેમ સાચું છે. આ બાબતે હું પોતે પણ ગૂંચવણ અનુભવું છું.

બાલવાડીનાં બાળકો જ્યારે ભીંત પર ચિત્રો કરવામાંથી મુક્ત થાય છે, ત્યારે તેમનું શબ્દભંડોળ મોટે ભાગે મળ-મૂત્ર વિષયક જ હોય છે. સમરહિલના ચારથી સાત વર્ષનાં બાળકો શીટ અને ટટ્ટીની બૂમો પાડવામાં આનંદ મેળવતાં હોય છે. મને સ્પષ્ટપણે જણાયું કે તેમાંનાં મોટા ભાગનાં બાળકોને એક બાળકને અપાવી જોઈએ તેના કરતાં કઠોર રીતે નાહવા-ધોવા-કપડાં પહેરવાની તાલીમ અપાઈ હતી, અને તે જ કારણોસર બનવાજોગ છે કે તેમને કુદરતી કાર્યો માટે ગ્રંથિઓ બંધાઈ હોય. છતાં તેમાંના એકાદ-બે સ્વતંત્રતામાં ઊછર્યાં હતાં, અને તેમને સફાઈ બાબતે શિસ્તબદ્ધ તાલીમ અપાઈ ન હતી. તેઓ પ્રતિબંધ કે તોફાની/ગંદા જેવા શબ્દોના જુલમ નીચે નહોતા. તેમણે વયસ્કોને નગ્નતાને છુપાવતા જોયા ન હતા, કે પછી નહાવા-ધોવા-પોશાકના નિયમો માટે મોટો હાઉ નહોતો. આ સ્વાયત્ત છોકરાઓને પણ પાંચમા-છઠ્ઠા સૈકાની ભાષાના શબ્દો વાપરવામાં તેમના નૈતિક તાલીમવાળા મિત્રો જેટલો જ આનંદ આવતો હતો. તેથી એવું સાચું નથી લાગતું કે ગાળો બોલવાની સ્વતંત્રતા પોતાની મેળે જ બીભત્સ શબ્દો પ્રત્યેનું બધું આકર્ષણ દૂર કરે છે. આપણાં નાનકડાં બાળકો આવા શબ્દોનો કોઈ પણ પ્રકારના યોગ્ય સંદર્ભ વિના જ મુક્ત રીતે ઉપયોગ કરે છે; જ્યારે જૂના છોકરાઓ કે મોટી થયેલી છોકરીઓ ગાળો બોલે ત્યારે તેઓ એક પુખ્ત તરીકે જે યોગ્ય હોય તેવા શબ્દોનો ઉપયોગ કરે છે.

સામાન્ય રીતે સેક્સને લગતા શબ્દો મળમૂત્રત્યાગને લગતા શબ્દો કરતાં વધુ ઉપયોગમાં લેવાય છે. મળમૂત્રત્યાગને લગતી બાબતોના ઉલ્લેખને એટલી દબાવી

રાખવામાં નથી આવતી જેટલી સેક્સને લગતી બાબતોને દબાવી રાખવામાં આવે છે. આથી, એ બાબત નીરસ બની જાય છે અથવા તેમને હકીકત તરીકે સ્વીકારી લે છે. સેક્સ અંગે તેના કરતાં જુદું છે. સેક્સ એ જિંદગીનો એવો મહત્ત્વનો ભાગ છે કે તેને લગતા શબ્દો આપણી આખી જિંદગીમાં બધે ફેલાયેલા છે. તેનો ઉલ્લેખ આપણા લગભગ દરેક ગીત અને નૃત્યમાં જોઈએ છીએ એ પછી "મારી ગરમાગરમ છબીલી" હોય કે પછી "જ્યારે રાત્રે હું તને એકલો મળું" હોય.

બાળકો ગાળોનો સ્વાભાવિક ઉપયોગ કરે છે. વયસ્કો તેની નિંદા કરે છે, કારણ કે બાળકોને તે અશ્લીલ લાગે છે તેના કરતાં તેઓ તેમને ઘણું અશ્લીલ માને છે. માત્ર અશ્લીલ વ્યક્તિ જ અશ્લીલતાને વખોડે છે. હું એવી કલ્પના કરું છું કે જો માતાપિતા બાળકને એવું શીખવે કે નાક એ ગંદી ચીજ છે, તો બાળક અંધારા ખૂણામાં જઈને નાક વિશે જ ગુસપુસ કરશે.

માતાપિતાઓએ તેમને પોતાને પ્રશ્ન પૂછવો જ જોઈએ, "મારે મારા બાળકને ખુલ્લે આમ ગાળો બોલવા પરવાનગી આપવી છે કે તેમને પણ અંધારા ખૂણાઓમાં લપાઈને ગાળો બોલવાની પરવાનગી આપવી છે?" એ બાબતમાં વચ્ચેનો કોઈ રસ્તો જ નથી. મોટા થયા બાદ આ ગુસપુસ એ નીચ કિસ્સાઓનું રૂપ લે છે જે ફરતા રહેતા સેલ્સમેનની વાતોમાં સાંભળવા મળે છે. ખુલ્લાપણું સમગ્ર જીવનમાં સ્પષ્ટ અને શુદ્ધ રસ જન્માવે છે. હું દાવા સાથે કહેવાની હિંમત કરું છું કે અમારાં બાળકો આખા ઈંગ્લેન્ડમાં સૌથી સ્વચ્છ માનસ ધરાવે છે.

તેમ છતાં બાળકોને જીવન-વિરોધી સંબંધીઓ કે પાડોશીઓની નારાજગીનો ક્યારેક ને ક્યારેક સામનો કરવો જ પડે છે. ઝોઈના કિસ્સામાં અમને એ સમજાયું કે તે મુલાકાતીઓની વર્તણૂકની તાર્કિક સ્પષ્ટતાનો સ્વીકાર કરી લે છે. કોઈક બાળકે તેને એવો શબ્દ શીખવ્યો કે જેને અહીં છાપવાની પરવાનગી કાયદો નથી આપતો. એક વાર અમે (ભવિષ્યમાં દાખલો લેનાર) બાળકનાં માતાપિતા સાથે વાતચીત કરતાં હતા - જે એક પરંપરાગત વેપારી હતા. ઝોઈ કોઈ રમકડાંને જોડવામાં વ્યસ્ત હતી અને દરેક અસફળ પ્રયત્નોને અંતે તે બોલતી, "તારી...!" પાછળથી, મેં તેને કહ્યું (અત્યારે લાગે છે કે નહોતું કહેવા જેવું) કે થોડાક લોકોને એ શબ્દ ગમતો નથી. જ્યારે મુલાકાતીઓ હાજર હોય ત્યારે તે શબ્દનો ઉપયોગ કરવો જોઈએ નહીં. તેણીએ કહ્યું, "ઓકે."

એક અઠવાડિયા પછી, તે કશુંક મુશ્કેલ કામ કરી રહી હતી. તેણે ઉપર જોયું અને શિક્ષકને પૂછ્યું, "શું તમે મુલાકાતી છો?"

તે સ્ત્રીએ જવાબ આપ્યો "ના, બિલકુલ નહીં." ઝોઈએ છૂટકારાનો ઊંડો શ્વાસ લીધો અને બૂમ પાડી, "તારી...!"

મેં ઘણાં બાળકોને જોયા છે, કે જેઓને તેમના ઘરે ગમે તે બોલવાની છૂટ હતી પરંતુ અન્ય સ્થળે નહોતી. "આપણે ટોમીને પાર્ટીમાં ન બોલાવવો જોઈએ, નહીં તો તે આપણા બાળકોને પણ બગાડી નાખશે." બહિષ્કાર સૌથી દુ:ખદાયી સજા છે. આ માટે જરૂરી છે કે આપણે બહારની દુનિયા જેને વર્જિત માને છે તેના પર ધ્યાન આપીએ અને બાળકોને તે મુજબ માર્ગદર્શન આપીએ. પરંતુ આ માર્ગદર્શન પ્રતિબંધ અને સજા વગરનું જ હોવું જોઈએ.

સેન્સરશીપ (બાળકો પર નિયંત્રણ અને રોકટોક)

બાળકોના વાંચનને આપણે કેટલું નિયંત્રિત કરવું જોઈએ? મારી ઓફિસના બુકશેલ્ફ પર માનસશાસ્ત્ર અને સેક્સને લગતાં વિવિધ પુસ્તકો છે. કોઈ પણ બાળક કોઈ પણ સમયે તે વાંચવા લઈ જવા સ્વતંત્ર છે. તેમ છતાં એકાદ-બેથી વધુએ તે બાબતમાં રસ દાખવ્યો હોય તે બાબતે મને શંકા છે. એક પણ છોકરા કે છોકરીએ એક પણ વખત *'લેડી ચેટરલેનો પ્રેમી'* કે *'યુલીસીસ'* કે *'ક્રાફ્ટ-એબીંગ'* વિશે પૂછયું નથી. અને માત્ર એક કે બે મોટી ઉંમરના *સેક્સ વિશેનો એનસાયકલોપીડિઆ* વાપરવા લઈ ગયા હતા.

તેમ છતાં, એક વખત, ચૌદ વર્ષની એક નવી વિદ્યાર્થિનીએ, મારા ચોપડીઓના ઘોડામાંથી *'અ યંગ ગર્લ્સ ડાયરી'* પુસ્તક લીધું હતું. મેં તેને બેસીને વાંચતા અને મનમાં ને મનમાં તેના પર હસતાં જોઈ હતી. છ મહિના પછી, તેણે તેને બીજી વખત વાંચ્યુ અને પાછું આપતાં મને જણાવ્યું કે તેને રસ નથી. જે પુસ્તક તેના અજ્ઞાનને સનસનાટીભર્યું લાગ્યું હતું એ હવે તેના જ્ઞાનને રસહીન લાગે છે. આ છોકરી સમરહિલમાં આવી ત્યારે વર્ગના ખૂણાઓમાં ગંદી વાતોની ગુસપુસ કરતી હતી. ચોક્કસ જ મેં તેને સેક્સની બાબતે જાણકારી આપી હતી. બંધન બાળકોને હંમેશા ગુપ્તપણે પુસ્તક વાંચતું કરે છે.

બાળપણમાં અમે જે વાંચતા હતા તેમાં અમારા ઉપર જબરાં નિયંત્રણો હતાં, જેથી કરીને અમારી મુખ્ય આકાંક્ષા *'ટેસ ઓફ ધ ડી'અરબરવીલેસ'* કે 'રાબેલાઈસ' કે 'ફ્રેન્સ યલોબેકસ'ના અનુવાદો મેળવવાની રહેતી. બીજા શબ્દોમાં, નિયંત્રિકરણનો ઉપયોગ સૌથી વધુ મનોરંજક પુસ્તકની પસંદગી કરવા માટેના માપદંડ તરીકે થતો.

વાંચન ઉપર નિયંત્રણ લાદવું એ નિરર્થક છે કારણ કે, તે કોઈનું પણ રક્ષણ કરતું નથી. જેમ્સ જોયસનું પુસ્તક 'યુલિસીસ', જેના પર ઈંગ્લેન્ડ અને અમેરિકામાં પ્રતિબંધ હતો, તે વિએના અને પેરિસમાં ખરીદી શકાતું હતું. તેની અંદર એવાં શબ્દો હતાં કે જે સામાન્યપણે 'અશ્લીલ' તરીકે વર્ણવવામાં આવે છે. એક ભોળો વાચક, પહેલેથી તેને જાણતો ન હોવાથી નીતિભ્રષ્ટ થતો નથી. શાળાનાં પુસ્તકાલયમાં 'ધ પ્રિઝનર ઓફ ઝેન્ડા'નો સમાવેશ કરાવવા માટે મારી ટીકા કરનાર શાળાના આચાર્ય મને યાદ છે. આશ્ચર્યચકિત થઈ મેં કારણ પૂછયું હતું. તેમણે જણાવ્યું હતું કે શરૂઆતનાં પ્રકરણો ગેરકાયદાકીય ભાગ ધરાવે છે. મેં પુસ્તક બે વખત વાંચ્યું છે અને મેં આવું કશું નોંધ્યું નથી.

બાળકોનું માનસ પુખ્તોના માનસ કરતાં વધુ સ્વચ્છ જણાય છે. એક છોકરો ટોમ જોન્સને વાંચી શકે છે. તેને અશ્લીલ ફકરાઓ દેખાતા નથી. જો આપણે બાળકોને સેક્સ માટેના અજ્ઞાનમાંથી મુક્ત કરીએ, તો આપણે કોઈ પણ પુસ્તકમાંના ખતરાનો નાશ કરીએ છીએ. હું કોઈ પણ ઉંમરે પુસ્તકોના વાંચન પરના નિયંત્રણ રાખવાના સખત વિરોધમાં છું.

જ્યારે આપણે સેક્સને છોડીએ છીએ અને ડરના શરણે જઈએ છીએ ત્યારે પુસ્તકોના વાંચન પર નિયંત્રણ મૂકવાની સમસ્યા વધુ મુશ્કેલ બને છે. ખૂબ જ ભયભીત બનાવી મૂકતું બ્રામ સ્ટોકરનું 'ડ્રેક્યુલા' નામનું પુસ્તક ન્યુરોટિક બાળક પર ખરાબ અસર કરી શકે છે, અને હું હેતુપૂર્વક આવું પુસ્તક બાળકોના હાથમાં આવે તે રીતે નહીં છોડું. છતાં પણ, મારું કામ જ ભયના મૂળિયાઓનું પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કરવાનું હોવાથી, હું બાળકને તે વાંચવાની મનાઈ ફરમાવીશ નહીં. તેના બદલે, હું વાંચવાના કારણે તેનામાં ઉત્પન્ન થયેલાં લક્ષણો પર હુમલો કરીશ.

બાળક તરીકે મને યાદ છે કે બાઇબલમાંની વાર્તા કે જેમાં બાળકોને રીંછ દ્વારા ખાઈ જવામાં આવ્યા હતાં, તેણે મને ભયભીત કર્યો હતો. તેમ છતાં કોઈ પણ બાઈબલના વાંચન પર નિયંત્રણ મૂકવાનું સમર્થન કરતું નથી. ઘણાં બાળકો બાઈબલનું વાંચન અશ્લીલ ફકરાઓ શોધવા માટે કરે છે. એક નાના બાળક તરીકે હું તે બધાં અધ્યાય અને ફકરાઓ જાણું છું. હવે મને ધ્યાનમાં આવે છે કે રીંછ માટેનો મારો ભય એ બાઈબલના અન્ય ભાગને વિશે મારા અંતરાત્મામાં જે ખૂંચતું તેનું પરિણામ પણ હોઈ શકે.

આપણું વલણ લોહીતરસી વાર્તાઓમાં મરીમસાલા ઉમેરીને બાળકો પર અસર

ઉપજાવવાનું હોય છે. મોટા ભાગનાં બાળકો બીજાઓ પ્રત્યે ક્રૂરતા આચરતી વાર્તાઓ સૌથી વધુ માણે છે. રવિવારની રાત્રિએ, જ્યારે હું મારા વિદ્યાર્થીઓને સાહસકથાઓ કહેતો, કે જેમાં છેલ્લી ઘડીએ માંસભક્ષી પ્રાણીઓને ઉકાળવાના મોટા વાસણમાંથી તેમને બચાવી લેવામાં આવતા ત્યારે તેઓ ખુશીના માર્યા ઊછળી પડતાં.

કુદરતના કાયદાથી પર, અલૌકિક વાર્તાઓ સૌથી વધુ ભયભીત કરનારી હોય તેવું બનવાજોગ છે. મોટા ભાગનાં બાળકો ભૂતથી ડરે છે, ખાસ કરીને ધાર્મિક કુટુંબોમાંથી આવતાં બાળકો. અહીં, સેક્સની બાબતની જેમ જ, પુસ્તકના વાંચનને નિયંત્રિત કરવા કરતાં ભયને નાબૂદ કરવો એ યોગ્ય પદ્ધતિ છે. હું કબૂલ કરું છું કે આત્મામાં વસેલા ભૂતને નાબૂદ કરવું મુશ્કેલ છે, પરંતુ શિક્ષકો અને ડૉક્ટરોએ પ્રયત્ન ચોક્કસ જ કરવો જોઈએ. ભૂત બાળકના આત્મામાં પ્રવેશે નહીં તે જોવું એ માતા-પિતાઓની ફરજ છે.

એક પણ માતાપિતાએ તેમનાં બાળકો સમક્ષ ઘાતકી રાક્ષસ અને દુષ્ટ ચુડેલની વાર્તાઓ ક્યારેય પણ વાંચવી જોઈએ નહીં. કેટલાંક માતાપિતાઓ *સિન્ડ્રેલા* જેવી વાર્તાઓ વાંચતા અચકાય છે - આ વાર્તામાંના ખોટા નૈતિક બોધના બહાના હેઠળ કે રાખથી ઉપર ઊઠવા માટે મહેનત કરો, અને પરી જેવી ગોડમધર તમને રાજકુમાર જેવો વર આપશે. પરંતુ એક સ્વસ્થ બાળક પર સિન્ડ્રેલાની નુકસાનકારક અસર શું હોઈ શકે?

કોઈપણ રેલ્વે સ્ટેશન પરના બુકસ્ટોલમાં અપરાધકથાના પુસ્તકોની ટકાવારી ઘણી વધારે હોય છે. જ્યારે સોળ વર્ષનો બાળક પોલીસની હત્યા કરે છે, ત્યારે દસ લાખ કે તેથી વધુ વાચકો જાણતાં નથી કે તે એવી જ પરિકલ્પનામાંથી જીવી રહ્યો છે, જેને તેઓ પણ વાંચીને માણી રહ્યાં છે. રોમાંચ ખડા કરે તેવી વાર્તાઓ આપણી રમવાની, નવી નવી કલ્પનાઓ કરવાની, સર્જન કરવાની અક્ષમતા સૂચવે છે; મૂળભૂત રીતે, તે આપણી દબાવી દીધેલી ધિક્કારની અને ઈજા પહોંચાડવાની અને મારી નાંખવાની ઇચ્છા વગેરે લાગણીઓને સ્પર્શે છે.

ચલચિત્ર જોવા જવું અને પુસ્તક વાંચવું - એ બંને જુદા પ્રકાર છે. લખેલી વાત એટલી ભયભીત કરનારી નથી હોતી જેટલી જોયેલી કે સાંભળેલી વાતો ભયભીત કરી મૂકે છે. કેટલીક ફિલ્મો બાળકોને થથરી જવાય તેવા ભયથી ભરી દે છે, અને કોઈને કદાપિ ખાતરી નથી હોતી કે ચલચિત્રમાં ક્યારે અને ક્યાં કશુંક બિવડાવી મૂકે તેવું આવી પડશે. આ બાબતમાં પડદા પર ખૂબ બધી અસભ્યતા દર્શાવાય છે. પુરુષો એક બીજાના જડબા પર મુક્કા મારે છે અને ક્યારેક તેઓ સ્ત્રીઓને પણ મારે છે.

સમાચારોમાં બોક્સીંગ અને કુસ્તીની સ્પર્ધાઓ દેખાડવામાં આવે છે. એવાં પણ કેટલાંક ચલચિત્રો છે, જે આખલાની લડાઈ બતાવે છે અને જે જંગલીપણાના ચિત્રને પૂરું કરે છે. મેં તરુણ બાળકોને મગરથી અથવા 'પાયરેટસ ઇન પીટર પેન'થી ગભરાતાં જોયાં છે. બામ્બી નામની વાર્તા એટલી મોહક અને માનવીય વાર્તા છે કે એ ચલચિત્ર જોયા પછી કોઈપણ માણસ માત્ર રમત ખાતર એક હરણને મારી કેવી રીતે શકે તે હું સમજી શકતો નથી. જ્યારે શિકારીનો કૂતરો બામ્બી પર હુમલો કરે છે ત્યારે થોડાં બાળકો ડરના માર્યા રડે છે. છતાં પણ બાળકોને તે ગમે છે. તેથી માતાપિતા તેમનાં તરુણ બાળકો માટે અમુક ચલચિત્રો જોવા પર પ્રતિબંધ કરે તે સમર્થન કરવા યોગ્ય છે.

સેક્સને લગતાં ચલચિત્રો મોટા ભાગના બાળકો માટે નુકસાનકારક છે કે નહીં તે શંકાભરેલું છે. ચોક્કસપણે જ આવાં ચલચિત્રો મુક્ત બાળકોને નુકસાન કરતાં નથી. મારા વિદ્યાર્થીઓએ વધુ પડતી લાગણી કે કોઇ પણ ખરાબ અસર વિના ફ્રેન્ચ ચલચિત્ર 'લા રોન્ડે' જોઈ હતી. એવું એટલાં માટે બન્યું કારણ કે બાળકો તેમને જે જોવું હોય છે તે જ જુએ છે.

સેક્સ વિનાની ફિલ્મોની વાર્તા બોક્સ-ઓફિસ પર નહીં ચાલે. ચોપડીઓ અને સંગીત કરતાં સેક્સને લગતી ફિલ્મો રાષ્ટ્રને વધુ કમાણી લાવી આપે છે. સંગીતના જલસાઓની ટિકિટો કરતાં સૌંદર્યવર્ધક પ્રસાધનો વધુ વેચાય છે. પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે સેક્સનો ઉલ્લેખ કરવા માટે, યોગ્ય સ્વરૂપની નીચે ઢંકાયેલું અનુલ્લેખનીય સ્વરૂપ હંમેશાં હોય જ છે. નવવધૂના સામાનની પાછળ જૂના જોડા અને ચોખા એ અનુલ્લેખનીય વસ્તુઓ છે, જે આ બાબતને પ્રતીકાત્મક રીતે દર્શાવે છે.

ચલચિત્રોની લોકપ્રિયતા એ આપણા સૌની અંદર રહેલી પલાયનવૃત્તિને કારણે છે, અને તે કારણે જ ચલચિત્ર નિર્માતા આપણી સમક્ષ ભપકાદાર સજાવટ અને પ્રભાવી પોશાકો દર્શાવે છે. આ બધા વૈભવ વચ્ચે તેમાં હરામખોર વ્યક્તિઓના ગળાં કપાય છે અને સદ્‌ગુણી વ્યક્તિઓ ત્યારપછી હંમેશાં ખુશીથી જીવે છે.

હાલમાં, અમે એક મનુષ્ય પર બનેલું ચલચિત્ર જોયું કે જેણે પોતાનો આત્મા શેતાનને વેચી દીધો. બાળકોએ સર્વસંમતિથી જણાવ્યું કે શેતાન ઘણો બધો મારા જેવો દેખાતો હતો. જે છોકરાઓને એવું શીખવવામાં આવ્યું છે કે જે સેક્સ વિષયક થાય એ પવિત્ર પ્રેતાત્માની વિરુદ્ધના થાય છે, તેમની માટે હું હંમેશાં શેતાન બન્યો છું. જ્યારે હું તેમને કહું છું કે શરીર માટે પાપ જેવું કશું છે જ નહીં, ત્યારે તેઓ મને લલચાવનાર શેતાન તરીકે જુએ છે. ન્યુરોટિક બાળકો મને ભગવાન અને શેતાન

બંને સ્થાને જુએ છે. એક નાના બાળકે એક દિવસ શેતાનને મારવા માટે હથોડી લીધી હતી. ન્યુરોટિકને મદદ કરવી એ જિંદગીને ભયાનક બનાવી શકે છે.

બાળકોના સાથીદારો પર પ્રતિબંધ મૂકવો એ ઘણાં કિસ્સાઓમાં ખૂબ જ મુશ્કેલ છે. મને લાગે છે કે એવું ત્યારે જ કરવું જોઈએ, જ્યારે પાડોશીનું બાળક જંગલી કે જુલમી હોય. નસીબ જોગે, મોટા ભાગનાં બાળકો કુદરતી રીતે જ કાળજીપૂર્વક પસંદગી કરનારાં હોય છે, અને વહેલાં કે મોડાં તેઓ યોગ્ય સાથી મેળવી લે જ છે.

૫

બાળકોની સમસ્યાઓ

ક્રૂરતા અને સેડિઝમ

ક્રૂરતા એ વિકૃત પ્રેમ છે; તેથી જ સેડિઝમમાં આનંદની પરાકાષ્ઠા હંમેશાં વિકૃત જાતીયવૃત્તિ હોય છે. ક્રૂર વ્યક્તિ કંઈ આપી નથી શકતી કારણ કે આપવું એ પ્રેમનું કર્મ છે.

ક્રૂરતા મનુષ્યની સહજ વૃત્તિ નથી. પ્રાણીઓ ક્રૂર નથી હોતાં. બિલાડી ઉંદર સાથે એટલા માટે નથી રમતી કે તે ક્રૂર હોય છે. એ માત્ર રમત હોય છે, તેમાં ક્રૂરતાનું કોઈ ભાન હોતું નથી.

મનુષ્યોમાં ક્રૂરતા મોટા ભાગે અજાગૃત ચાલકબળોને કારણે ઊપજતી હોય છે. સમરહિલ ખાતે બાળકો સાથેના મારા લાંબા ગાળાના અનુભવમાં મારી પાસે ભાગ્યે જ કોઈ બાળક એવું હતું, જે પ્રાણીઓને રિબાવવા માંગતું હતું. થોડાં વર્ષો પહેલાં એક અપવાદ હતો. ૧૩ વર્ષીય જ્હોનને તેના જન્મદિનની ભેટરૂપે એક ગલૂડિયું આપવામાં આવ્યું. તેની માએ પત્રમાં લખ્યું હતું કે "તેને પ્રાણીઓ બહુ ગમે છે." જેવું જ્હોને નાનકડા સ્પોટને આસપાસ ફેરવ્યું, તેટલામાં જ સ્પષ્ટ થઈ ગયું કે તે ગલૂડિયા સાથે ક્રૂર વ્યવહાર કરી રહ્યો છે. મેં તારણ કાઢ્યું કે એને સ્પોટમાં તેનો નાના ભાઈ જિમ દેખાઈ રહ્યો છે કે જે તેની મમ્મીનો લાડકો છે.

એક દિવસ મેં તેને સ્પોટને મારતાં જોઈ લીધો. હું નાનકડાં ગલૂડિયા પાસે ગયો, તેને પંપાળ્યું, અને કહ્યું, "હેલો જિમ!" દેખીતી રીતે, મેં જ્હોનને સભાન કર્યો કે તે તેના હરીફ ભાઈ પ્રત્યેની ઘૃણા આ બિચારાં ગલૂડિયા પર કાઢી રહ્યો છે. ત્યાર બાદ, તેણે સ્પોટ સાથે ક્રૂર થવાનું બંધ કરી દીધું; પણ મેં માત્ર તેના લક્ષણને સ્પર્શ કર્યો હતો. મેં તેની સેડિઝમનો (બીજાને હેરાન કરીને આવતા તેના આનંદનો) ઇલાજ નહોતો કર્યો.

મુક્ત, આનંદી બાળકો ક્રૂર હોય તેવી શક્યતા ઘણી ઓછી છે. મોટા ભાગનાં બાળકોની ક્રૂરતા, વયસ્કો દ્વારા તેમના પર આચરવામાં આવતી ક્રૂરતામાંથી પેદા થાય છે. તમે જ્યારે માર ખાઓ છો ત્યારે તમારી અંદર બીજાને મારવાની ઇચ્છા ઉદ્ભવ્યા વગર રહી શકતી નથી. શિક્ષકની જેમ તમે પણ શારીરિક રીતે તમારાથી નબળી વ્યક્તિને મારવા માટે પસંદ કરો છો. સમરહિલનાં બાળકો કરતાં કડક શિસ્તપાલન ધરાવતી શાળાના છોકરાઓ પરસ્પર વધુ ક્રૂર હોય છે.

ક્રૂરતાને હંમેશાં ન્યાયી ઠેરવવામાં આવતી હોય છેઃ "તને મારવાથી તારા કરતાં મને વધુ દુઃખ થાય છે." ક્વચિત્ ગણ્યાગાંઠયા સેડિસ્ટ (બીજાને હેરાન કરીને આનંદ માણતા) લોકો નિખાલસપણે કહે છે, "હું લોકોને એટલા માટે મારું છું, કારણ કે એમ કરવામાં મને સંતોષ મળે છે." જો કે એ સાચો ખુલાસો છે. તેઓ બીજાને પીડા આપવાની વૃત્તિ માટે નૈતિકતાની આડશ લઈને એમ ખુલાસો આપે છે કે, "હું મારા બાળકને ઢીલો-પોચો નથી બનાવવા માંગતો. આ દુનિયા તો એને અનેક ત્રાસદાયક ફટકા આપશે; હું ઇચ્છું છું કે તે આવી દુનિયામાં ટકી શકે. હું મારા દીકરાને મારું છું કારણ કે હું જ્યારે છોકરો હતો ત્યારે મને ફટકારવામાં આવ્યો હતો, અને તેનાથી જ મારું આટલું બધું ભલું થયું."

જે માતાપિતા પોતાનાં બાળકોને મારતાં હોય છે, તેઓ હંમેશાં આવા દંભી ખુલાસા સાથે તૈયાર હોય છે. હું આજ સુધી એકેય એવાં માતાપિતાને મળ્યો નથી કે જે પ્રામાણિકપણે કહે કે,"હું મારા બાળકોને એટલા માટે મારું છું કારણ કે હું તેને ધિક્કારું છું, હું મારી જાતને ધિક્કારું છું; મારી પત્ની, મારી નોકરી, મારા સંબંધો - હકીકતમાં, હું મારી જિંદગીને પણ ધિક્કારું છું. હું મારા દીકરાને મારું છું, કારણ કે તે નાનો છે અને મને સામો મારી શકવાનો નથી. હું તેને મારું છું, કારણ કે હું મારા ઉપરીથી ડરું છું. જ્યારે મારા ઉપરી મારા પર તૂટી પડે છે, ત્યારે તેમના પરનો ગુસ્સો હું ઘરે મારા બાળક પર કાઢું છું."

જો માતાપિતા આવું બધું કહેવાની પ્રામાણિકતા ધરાવતાં હોત, તો તેમને પોતાનાં બાળકો સાથે ક્યારેય ક્રૂર થવાની જરૂરિયાત લાગી ન હોત. અજ્ઞાનતા અને પોતાની જાત માટેના ધિક્કારમાંથી ક્રૂરતા જન્મે છે. ક્રૂરતા એ બીજાને હેરાન કરીને મજા લેતા લોકોને એવું ભાન થતાં બચાવે છે કે તેમનો પોતાનો સ્વભાવ વિકૃત છે.

હિટલરના જર્મનીમાં જુલિયસ સ્ટ્રેઇચર પ્રકારની જાતીય વિકૃતિ ધરાવતા લોકો દ્વારા અત્યાચાર કરવામાં આવતો; તેનું છાપું 'ડેર સ્ટર્મર' યાતના શિબિરો (કોન્સન્ટ્રેશન કેમ્પ) ઊભા થયા તેના ઘણાં પહેલાં અધમતા, જાતીય વિકૃતિ વગેરેથી ભરપૂર હતું. હજુ ઘણા પિતાઓ જેલની જાતીય અધમતા અને સેડિઝમને વખોડતા હોય છે, પરંતુ એ જ બાબત પોતાની બીજાને પીડા આપવાની વૃત્તિઓ માટે લાગુ પાડતા નથી. એક બાળકને ઘરે અથવા શાળામાં મારવું એ મૂળભૂત રીતે તો બેલ્સનમાં એક યહૂદી પર થતા અત્યાચાર બરાબર છે. જો સેડિઝમ(ક્રૂરતા આચરી આનંદ માણવાની વૃત્તિ) બેલ્સનમાં જાતીય હતી, તો શાળા અથવા કુટુંબમાં પણ જાતીય હોવાની શક્યતા છે.

હું એક માને વિરોધ કરતાં સાંભળી શકું છું, "બકવાસ! શું તમે એમ કહેવા માંગો છો કે જીમી તેના દાદી તરફથી મળેલ ફૂલદાનીને અડે તો તેના હાથ પર હું જ્યારે

મારું છું ત્યારે મારી જાતીય વિકૃતિ દેખાડી રહી હોઉં છું?"

મારો જવાબ છે,"હા, અમુક અંશે. જો તમારું લગ્નજીવન ખૂબ આનંદપૂર્ણ હોય અને તમારું જાતીયજીવન સંતોષભર્યું હોય, તો તમે જીમીને મારશો નહીં. મારવું એ રીતસર શરીર પ્રત્યેનો ધિક્કાર છે. શરીર એટલે બધા જ પ્રકારની માંગણી અને ઝંખનાઓ. જો તમે તમારા શરીરને ચાહતા હો, તો તમે જીમીના શરીરને પીડા આપવાનું નહીં ઇચ્છો."

માતાપિતા પોતાને સંતોષ થાય ત્યાં સુધી પણ મેજિસ્ટ્રેટની કોર્ટમાં દેખાઈ જાય એવા સોળ ચામડી પર ન ઊઠે તેવી રીતે, પોતાનાં બાળકોને મારે છે. આપણી ગુનાખોરીની આચાર-સંહિતા એ ન્યાયના વેશમાં છુપાયેલી ક્રૂરતાનો લાંબો રેકોર્ડ છે.

શારીરિક ક્રૂરતા કરતાં માનસિક ક્રૂરતાને પહોંચી વળવું વધુ મુશ્કેલ છે. સરકારી કાયદો શાળામાં શારીરિક સજા નાબૂદ કરી શકે, પણ કોઈ કાયદો ક્યારેય માનસિક ક્રૂરતા આચરતી વ્યક્તિ સુધી પહોંચી ના શકે. એક શંકાશીલ કે દ્વેષી મા-બાપની જીભ બાળકને અકથિત નુકસાન કરી શકે છે. આપણે બધા જ એવા પિતાઓને જાણીએ છીએ જેઓ પોતાના દીકરાઓને મહેણું મારતા હોય છે, "નખ્ખોદિયા, બફાટ કર્યા સિવાય તું કોઈ કામ કરી શકતો નથી." આવા માણસો આ રીતે સતત ટીકા થકી તેમની પત્ની પ્રત્યેનો ધિક્કાર દેખાડયા કરતા હોય છે. અને એવી પત્નીઓ પણ હોય છે, જે અપશબ્દોના અસ્ખલિત પ્રવાહથી પતિ અને બાળકો પર આધિપત્ય જમાવતી હોય છે.

જ્યારે એક પિતા તેની પત્ની પ્રત્યેનો ધિક્કાર બાળકો પર કાઢે છે ત્યારે એક ખાસ પ્રકારની માનસિક ક્રૂરતા જોવા મળે છે.

શિક્ષકો ક્યારેક ઉદ્ધતાઈ અને કટાક્ષ કરી ક્રૂરતા દાખવતા હોય છે. આવા શિક્ષકો જ્યારે કોઈ ગરીબડા, ભયથી થરથરતા બાળક પર આ રીતે જુલમ કરતા હોય છે, ત્યારે તેમના બીજા વિદ્યાર્થીઓ પાસેથી હાસ્યની કિકિયારીઓ સાંભળવાની અપેક્ષા રાખતા હોય છે.

બાળકો ક્યારેય ક્રૂર બનતા નથી સિવાય કે તેમની તીવ્ર લાગણીઓને બળજબરીથી દબાવી દેવામાં આવે. મુક્ત બાળકો પોતાની જાતને ધિક્કારતાં નથી અને તે ક્રૂર પણ હોતાં નથી.

દરેક નાનકડા 'બદમાશ'ની જિંદગી કોઈક રીતે તોડવા-મરોડવામાં આવી હોય છે. મોટે ભાગે, તેની સાથે જે બન્યું હોય છે તે જ તે બીજા સાથે કરતો હોય છે. પ્રત્યેક મારથી બાળકમાં બીજાને પીડા આપવાની ઇચ્છા જાગે છે અથવા બાળક તેવી જ પીડા

બીજાને આપે છે.

જે બાળકોને દબાવીને રાખવામાં આવ્યા હોય છે તેમની મજાક પણ ક્રૂર હોય છે. પ્રેક્ટિકલ જોક (અન્યોને હેરાન કરવામાં આવેલ) હોય તેવા કિસ્સા સમરહિલમાં મેં ભાગ્યે જ જોયા છે. મેં જે જોયા છે, તે ખાનગી શાળાઓમાંથી આવેલા નવા વિદ્યાર્થીઓના મગજની ઊપજ હોય છે. ક્યારેક શાળાના સત્રની શરૂઆતમાં જ્યારે બાળકો તેમને ઘરેથી ઘણા દાબ-દબાણ સહન કરીને પાછા ફર્યા હોય છે, ત્યારે બીજાને હેરાન કરવાં, સાયકલ છુપાવી દેવી અને તેવા પ્રકારની હરકતો કરતાં જોવા મળે છે. પરંતુ આવું એકાદ અઠવાડિયાથી વધુ ટકતું નથી. સમરહિલમાં મજાક-મસ્તી નિર્દોષ હોય છે. તેનું કારણ એ છે કે બાળકો તેમના શિક્ષકોની સ્વીકૃતિ અને પ્રેમ પામે છે. આથી બાળકોએ ધિક્કારવાની કે ડરવાની જરૂરિયાત રહેતી નથી અને તેઓનો વ્યવહાર સારો જ હોય છે.

ગુનાખોરી

ઘણા માનસશાસ્ત્રીઓ માનતા હોય છે કે બાળક જન્મે સારું કે ખરાબ હોતું નથી, પણ ભલાઈ અને ગુનાખોરવૃત્તિ બંને સંભાવનાઓ સાથે જન્મે છે. હું એમ માનું છું કે ગુનાખોરીનું કે બીજાનું ખરાબ ઇચ્છવાનું કુદરતી વલણ બાળકમાં હોતું નથી. ગુનાખોરવૃત્તિ બાળકમાં પ્રેમના વિકૃત સ્વરૂપે છતી થાય છે. તે ક્રૂરતાની મૂળભૂત અભિવ્યક્તિ છે. એ પ્રેમના અભાવમાંથી જન્મે છે.

એક દિવસ, મારા વિદ્યાર્થીઓ પૈકી એક નવ વર્ષનો છોકરો રમત રમતો હતો અને ખુશમિજાજમાં આવી ગણગણતો હતો,"હું મારી મમ્મીને મારી નાખવા માગું છું." એ એક અભાન વ્યવહાર હતો, જ્યારે એ એક હોડી બનાવતો હતો અને તેનો સભાન રસ એ પ્રવૃત્તિ તરફ દોરવાયેલો હતો. હકીકત એવી છે કે તેની મમ્મી તેની પોતાની જિંદગી જીવે છે અને ભાગ્યે જ એને મળવા આવે છે. તે આ છોકરાને પ્રેમ નથી કરતી, અને અભાનપણે એ આ છોકરો જાણે છે. પણ બધાં જ બાળકોમાં સૌથી પ્રેમાળ એવા આ બાળકે એની જિંદગીની શરૂઆત ગુનાખોરીના વિચારોથી નહોતી કરી. આ તો એ જ જૂની વાત છે- *જો મને પ્રેમ ન મળે તો ધિક્કાર તો મેળવી જ શકું છું.* બાળકમાં ગુનાખોરીના પ્રત્યેક કિસ્સામાં પ્રેમનો અભાવ જોઈ શકાય છે.

મારા બીજા એક નવ વર્ષના વિદ્યાર્થીને ઝેરનો ફોબીઆ (કાલ્પનિક ડર) હતો;

તેને ડર હતો કે તેની મા તેને ઝેર આપી દેશે. જ્યારે તે ટેબલ પરથી ઊભી થાય ત્યારે, તે એની દરેક ક્રિયાને ધ્યાનથી નિહાળતો અને ઘણી વાર કહેતો કે, "હું જાણું છું તું શું કરે છે; તું મારા ખોરાકમાં ઝેર ભેળવી દઈશ." મને શંકા હતી કે આ એક 'પ્રોજેક્શન'નો કિસ્સો હતો. તેની મા તેના ભાઈને વધુ પ્રેમ કરતી હોય તેમ એને લાગતું હતું. કદાચ આ ન્યુરોટિક દીકરાની ઇચ્છા તેની મા અને ભાઈ બંનેને ઝેર આપવાની હશે. તેનો ડર કદાચ બદલો વાળવાનો ડર હશે - હું માને ઝેર આપવા માગું છું તેનો બદલો વાળવા ક્યાંક એ મને ઝેર ન આપી દે.

ગુનો એ બહુ સ્પષ્ટપણે નફરતની અભિવ્યક્તિ છે. બાળકોની ગુનાખોરીનો અભ્યાસ અંતમાં એ અભ્યાસ તરફ દોરી જાય છે કે આખરે બાળક શા માટે નફરત કરવા લાગે છે? આ ઘવાયેલા અહમ્‌નો પ્રશ્ન છે.

મૂળે બાળક અહંકારી હોય છે આ હકીકતને આપણે નજરઅંદાજ કરી શકીએ તેમ નથી. તેમના માટે પોતાના સિવાય બીજું કોઈ મહત્ત્વ ધરાવતું નથી. જ્યારે તેમનો અહમ્ સંતોષાય છે, ત્યારે તેમની અંદર સારાઈ વિકસે છે; જ્યારે અહમ્ અતૃપ્ત રહે છે, ત્યારે તેમની અંદર ગુનાખોરવૃત્તિ વિકસે છે. ગુનેગાર વ્યક્તિ સમાજ પર બદલો લે છે કારણ કે, સમાજ તેના પરત્વે પ્રેમ દાખવી તેના અહમ્‌ને પોષવામાં નિષ્ફળ ગયો હોય છે.

જો મનુષ્યો ગુનાખોરીની વૃત્તિ સાથે જન્મ્યા હોત તો, ઝૂંપડપટ્ટીનાં ઘરોમાં જેટલા ગુનેગારો છે તેટલા જ ગુનેગારો મધ્યમવર્ગના ઘરોમાં પણ મળત. પણ સાધનસંપન્ન લોકોને પોતાનો અહમ્ વ્યક્ત કરવાની વધુ તકો મળે છે. પૈસાથી ખરીદવામાં આવતા મોજશોખ, આપણી આસપાસનું અનુકૂળ વાતાવરણ, સંસ્કૃતિ અને જન્મ લેવાનું ગૌરવ-આ બધું જ અહમ્‌ની જરૂરિયાતોને સંતોષે છે. ગરીબોમાં આ અહમ્ સંતોષાતો નથી. માત્ર થોડા જ ગરીબ છોકરાઓ અવ્વલ નંબરે પહોંચી શકે છે. ગુનેગાર બનવું, ગેંગસ્ટર બનવું, કંઈ નહીં તો નાનકડો ગુંડો પણ બનવું એ એક પ્રકારે અવ્વલ નંબરે પહોંચવા બરાબર છે.

ઘણા લોકો એમ માને છે ખરાબ ફિલ્મો જોવાથી બાળકમાં ગુનાખોરવૃત્તિ પેદા થાય છે. આ મને લાંબા વિચારનો નિષ્કર્ષ નથી જણાતો. કોઈ ફિલ્મે કોઈને પણ બગાડ્યા હોય તે બાબતે મને ઘણી શંકા છે. ફિલ્મ ચોક્કસ એક યુવાનને પતનના માર્ગે ધકેલી શકે, પણ પ્રયોજન તો ફિલ્મ જોયા પહેલાંનું હતું. ફિલ્મ ગુનાખોરવૃત્તિને વધુ પ્રોત્સાહન આપી શકે, પણ ગુનો કરવાનું સૂચન આપી શકે નહીં.

ગુનો એ સૌ પ્રથમ કૌટુંબિક બાબત છે; અને બીજું સમુદાયની બાબત છે. આપણામાં

મોટા ભાગના લોકો કે જે પ્રામાણિક છે, તે કબૂલશે કે આપણે આપણાં કુટુંબોને કલ્પનામાં મારી નાખ્યાં છે. મારી એક વિદ્યાર્થીની હતી જેણે તેના બધાં જ કુટુંબીજનોને તેની કલ્પનામાં સૌથી ભયાનક મોત આપ્યું હતું. ખાસ કરીને તેની માને.

ઘણી ખૂની ઇચ્છાઓની પાછળ સત્તા અને ઈર્ષ્યા રહેલાં છે. કોઈ બાળક સત્તા સાંખી શકતું નથી અને ચાર થી સોળ વર્ષની ઉંમરના કેટલાં બધાં બાળકો હતાશામાં જીવતાં હોય છે. મને આશ્ચર્ય થાય છે કે દુનિયામાં અત્યારે થાય છે, તેનાં કરતાં વધુ ખૂન કેમ નથી થઈ રહ્યાં!

બાળકમાં સત્તાની ઇચ્છા એ હકીકતમાં બધાના વહાલા થવાની અને પ્રેમ પામવાની ઇચ્છા હોય છે. બાળક, આપણે તેને પસંદ કરીએ અને તેના પ્રત્યે ધ્યાન આપીએ તે માટે પ્રયત્ન કરે છે. આમ, જે બાળકો સમાજમાં ભળી નથી શકતાં તેવાં અંતર્મુખી, ડરેલા બાળકોમાં આપણે ગુનાખોર વિચારો જોઈએ છીએ. પોતાની સુંદર નાની બહેનને મહેમાનો સામે નૃત્ય કરતી જોઈ, સાધારણ દેખાતી એક છોકરી બહેનના ભયાનક મૃત્યુની કલ્પના કરતી હોય છે.

બહિર્મુખી બાળક માટે ધિક્કારવાનું કોઈ કારણ હોતું નથી; તે હસે છે, નાચે છે અને ગપ્પાં મારે છે, અને તેને સાંભળનારા-જોનારાની પ્રશંસા તેની બધાના વહાલા થવાની ઇચ્છા સંતોષે છે.

અંતર્મુખી બાળક એક ખૂણામાં બેસી રહે છે અને શું હોવું જોઈએ તેનાં સ્વપ્નો જુએ છે. મારી શાળાનો સહુથી વધુ અંતર્મુખી બાળક કોઈ પણ સાંસ્કૃતિક સંધ્યામાં ભાગ નહોતો લેતો. તે ક્યારેય નૃત્ય નહોતો કરતો, તે ક્યારેય ગાતો નહોતો, તે ક્યારેય ગુલાંટો ખાવાની રમતમાં ભાગ નહોતો લેતો. જ્યારે તે પ્રાઇવેટ લેસન્સ માટે મારી પાસે આવતો ત્યારે તે મને એક એવા અદ્‌ભૂત જાદુગરની વાત કરતો, કે જે એની સેવા કરતો. તેણે માત્ર શબ્દ બોલવાનો હોય અને જાદુગર તેને રોલ્સ-રોયસ કાર આપે. એક દિવસ મેં એને એક વાર્તા કહી. તેમાં એવું આવતું હતું કે સમરહિલનાં બધાં બાળકોને લઈ જતું જહાજ દરિયામાં તૂટી ગયું અને સૌ એક ટાપુ પર જઈ ચડ્યા. તેને વાર્તા ખાસ ગમી હોય તેવું લાગ્યું નહીં. મેં તેને એમાં ફેરફાર કરવા કહ્યું. તેણે કહ્યું, "માત્ર હું જ બચ્યો તેવો ફેરફાર કરો."

આપણે બધા જ આ પ્રવૃત્તિથી પરિચિત છીએ - બીજાને પછાડીને ઉપર ચડવાની પ્રવૃત્તિ. એક ચાડી-ચુગલી કરનારની માનસિકતા એવી જ હોય છે, "સર, ટોમી ગાળ બોલતો હતો." એટલે કે "હું ગાળ નહોતો બોલતો; હું એક સારો છોકરો છું."

પોતાના હરીફને કલ્પનામાં મારી નાખવામાં અને વાસ્તવિકતામાં મારી નાંખવામાં

ફક્ત થોડોક જ તફાવત છે. આપણે બધાએ જ વધતે કે ઓછે અંશે પ્રેમનો અભાવ અનુભવ્યો છે, આપણે બધા જ સંભવિત ગુનેગારો છીએ. હું એવા જ ખ્યાલમાં રાચતો હતો કે હું મારી મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી બાળકોને ગુનાખોર કલ્પનાઓમાંથી સાજા કરી શકું છું. પરંતુ હવે હું માનું છું કે એનું શ્રેય પ્રેમને જવું જોઈએ. નવા વિદ્યાર્થીને હું પ્રેમ કરું છું તેવો દંભ કરું, તો તે નાદાનિયત છે; છતાંય બાળક અનુભવશે કે હું તેને પ્રેમ કરું છું, કારણ કે હું તેના અહમ્‌ને આદર આપું છું.

બાળકને તે જે છે તે બનવાની સ્વતંત્રતા આપવી એ ગુનાખોરવૃત્તિનો ખરો ઈલાજ છે. હું જ્યારે વર્ષો પહેલાં હોમર લેનની 'લીટલ કોમનવેલ્થ'ને જોવા ગયો હતો ત્યારે હું આ શીખ્યો હતો. તેણે અપરાધી બાળકોને તેઓ જેવા છે તેવા બની રહેવાની સ્વતંત્રતા આપી અને તેઓ સારા થઈ ગયા. ઝૂંપડપટ્ટીમાં ગુનેગાર એક જ રીતે પોતાના અહમ્‌ને સંતોષે છે - અસામાજિક વ્યવહાર થકી તેના તરફ સૌનું ધ્યાન ખેંચીને. હોમર લેને મને કહ્યું હતું કે તેણે કેટલાક બાળ-અપરાધીઓને સુનાવણી દરમિયાન કોર્ટમાં ગર્વથી નજર ફેરવતા જોયા છે. લેનની સાથે મળી જે બાળ-અપરાધીઓએ ખેડૂત સમુદાય બનાવ્યો તેમાં આવાં બાળકોને નવાં મૂલ્યો, સામાજિક મૂલ્યો - જે સારાં મૂલ્યો હતાં, તેની ખબર પડી. ડોરસેટ ખેતર પર લેને જે કરી બતાવ્યું તે એ વાતની પૂરતી સાબિતી હતી કે બાળકોમાં ગુનાખોર વૃત્તિ જન્મજાત હોતી નથી.

મને એક નવો છોકરો યાદ આવ્યો. તે ડોરસેટ ખેતરમાંથી ભાગી ગયો હતો. લેને તેનો પીછો કર્યો અને તેને પકડી પાડ્યો. છોકરો મારથી ટેવાયેલો હતો, એટલે તેણે બચાવમાં હાથ આડા કર્યા. લેને સ્મિત કર્યું અને તેના ખિસ્સામાં થોડા પૈસા સરકાવ્યા.

“આ શેના માટે?” છોકરો અચકાતાં અચકાતાં બોલ્યો. “ઘરે ટ્રેઈનમાં જજે.” લેને કહ્યું,“ચાલતો ન જતો.” છોકરો તે રાતે કોમનવેલ્થમાં પાછો ફર્યો.

હું આ રીતનો વિચાર કરું છું, અને હું મોટા ભાગની સુધારાવાદી શાળાઓની કઠોર પદ્ધતિઓનો વિચાર કરું છું. કાયદો જ ખરેખર ગુનેગારો પેદા કરે છે. ઘરમાં પિતાના આકરા હુકમોથી કાયદો અભિવ્યક્ત થતો હોય છે તે બાળકના અહમ્‌ને દબાવી નાંખે છે; અને એ અહમ્‌ને દબાવવું બાળકને ખરાબ બનાવે છે. રાજ્યનો કાયદો કેવળ ઘરના અંકુશની અભાન યાદોને પુનર્જીવિત કરે છે.

દબાવવાથી હંમેશાં વિરોધ ઉત્પન્ન થાય છે. સ્વાભાવિક છે કે વિરોધ બદલાની ભાવના જગાડે છે. જો આપણે ગુનાખોરી નાબૂદ કરવી હશે તો આપણે એ તમામ બાબતોને ખતમ કરવી પડશે જે બાળકોમાં બદલો લેવાની ઇચ્છા જગાડે છે. આપણે બાળકોને પ્રેમ અને આદર આપવા જોઈએ.

ચોરી

બે પ્રકારની ચોરી ઓળખવી જોઈએ; સામાન્ય બાળક દ્વારા ચોરી અને ન્યુરોટિક બાળક દ્વારા ચોરી.

એક સામાન્ય બાળક ચોરી કરે ત્યારે તેને પોતાની લોભવૃત્તિ સંતોષવી હોય છે; અથવા પોતાના મિત્રો સાથે સાહસ કરવું હોય છે. હજુ તેણે મારા અને તારા વચ્ચેનો ભેદ પારખ્યો નથી. સમરહિલનાં ઘણાં બાળકો અમુક ઉંમર સુધી આ પ્રકારની ચોરીમાં સામેલ રહે છે. તેઓ આ તબક્કો જીવવા મુક્ત છે.

અનેક શાળાના આચાર્યોની સાથે તેમને ફળોના વૃક્ષો અંગે વાત કરતાં તેઓ મને એવું કહેતા કે તેમના વિદ્યાર્થીઓ જ મોટા ભાગનાં ફળો લઈ જાય છે. સમરહિલમાં અમારી પાસે ફળોના વૃક્ષો અને છોડવાથી ભરપૂર વિશાળ બગીચા છે, પણ અમારાં બાળકો ભાગ્યે જ ફળની ચોરી કરે છે. થોડા સમય પહેલાં, શાળાની સામાન્ય બેઠકમાં બે છોકરાઓ પર ફળો ચોરવાનો આરોપ હતો. તેઓ નવા છોકરાઓ હતા. જ્યારે તેમનો આત્મડંખ નાબૂદ થાય છે, ત્યાર બાદ તેમને ફળોની ચોરીમાં રસ રહેતો નથી.

શાળામાં ચોરી મોટે ભાગે સામૂહિક હોય છે. આ ચોરીમાં સાહસ અગત્યનો ભાગ ભજવે છે. એટલું જ નહીં, તેમાં બીજાની સામે દેખાડો કરવો, શરતો જીતવી અને નેતૃત્વની ક્ષમતા દેખાડવાની ઇચ્છાઓ પણ સામેલ રહે છે.

માત્ર ક્યારેક જ કોઈ એકલવાયો ઠગ જોવા મળે. હંમેશાં આવો ચોર એક કાવતરાબાજ છોકરો હોય છે. તેના આખાયે ચહેરા પર દેવદૂત સમી નિર્દોષતા હોય છે. પરંતુ આવા છોકરાઓ સમરહિલમાં હંમેશાં બચી જાય છે કારણ કે અમારે ત્યાં એવા કોઈ ચુગલીખોર છોકરાઓ નથી જે એમને દગો કરે. ના, તમે ચહેરાથી કોઈ ચોરને બિલકુલ ઓળખી ન શકો. મારી પાસે ખૂબ નિર્દોષ સ્મિત કરતો અને નિર્મળ, ભૂરી, નિષ્કપટ આંખોવાળો એક છોકરો હતો. તેના પર મને શંકા હતી કે એક રાતે શાળાના કોઠારમાંથી ફળોના કેટલાક ડબ્બા અદશ્ય થઈ ગયા હતા, તેના વિશે આ છોકરો કંઈ નહીં જાણતો હોય એવું શક્ય નથી.

અલબત્ત, તેર વર્ષની ઉંમરે ચોરી કરતાં હોય એવાં ઘણાં બાળકોને મેં જોયાં છે. તે મોટાં થઈને પ્રામાણિક નાગરિકો બનતા હોય છે. સાચી વાત એ લાગે છે કે આપણે વિચારીએ છીએ તેના કરતાં બાળક મોટાં થવા માટે ઘણો વધુ સમય લે છે. મોટાં થવું એટલે સામાજિક વ્યક્તિ બનવું એવો કહેવાનો અર્થ છે.

બાળક મુખ્યત્વે અહં-કેન્દ્રી હોય છે. મોટે ભાગે કિશોરાવસ્થા શરૂ થાય ત્યાં સુધી,

તે પોતાની ઓળખને બીજા સાથે જોડી શકતો નથી. મારું-તારુંનો વિચાર એ પુખ્ત વિચાર છે; બાળકો જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તેમનામાં આ સમજણ વિકસે છે.

જો બાળકોને પ્રેમ કરવામાં આવે અને તેઓ સ્વતંત્ર હોય, તો સમય જતાં તેઓ સારા અને પ્રામાણિક જ બને છે. બની શકે કે તમને એમ લાગે કે આ એક સરળ સિદ્ધાન્ત છે, પણ આના આચરણમાં ઊભી થતી અનેક અણધારી તકલીફોથી હું વાકેફ છું.

સમરહિલમાં, હું આઈસ-બોક્સ કે પૈસાનો ડબ્બો તાળાં વગર રાખી શકતો નથી. સમરહિલ સ્કૂલની બેઠકોમાં, બાળકો એકબીજા પર તેમની સૂટકેસનાં તાળાં તોડવાના આક્ષેપો કરતા હોય છે. સમુદાયમાં માત્ર એક જ ચોર હોય તો પણ તે આખા સમુદાયને 'તાળા-ચાવી વાળો' બનાવી દે છે; અને યુવાનોના એવા કેટલાક સમુદાયો છે જે સંપૂર્ણપણે પ્રામાણિક હોય છે. પંચાવન વર્ષ પહેલાં, હું યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ઓરડામાં મારા ઓવરકોટના ખિસ્સામાં પુસ્તક રાખીને જવાની હિંમત નહોતો કરતો; અને મેં અફવા સાંભળી છે કે પાર્લામેન્ટના કેટલાક સભ્યો તેમના કોટ અને બ્રિફકેસમાં કિંમતી વસ્તુઓ રાખતાં અચકાય છે.

મનુષ્યના વિકાસમાં પ્રામાણિકતા એ એક કેળવેલી લાક્ષણિકતા તરીકે ઘણે મોડેથી પોતાની માલિકીની સંપત્તિ મેળવ્યા બાદ જણાતી હોય છે. કદાચ, એ હકીકત છે કે પ્રામાણિક બનવા માટે ડર એ સૌથી અગત્યની બાબત છે. કોઈ પ્રકારની શુદ્ધ પ્રામાણિકતા મને આવકવેરામાં છેતરપિંડી કરતાં રોકતી નથી; આ રમત અજમાવવા જેવી નથી તેવો ડર અને પકડાઈ ગયા પછી થતી નામોશીની સાથે આબરૂ, કામ અને ઘર તબાહ થઈ જવાનો ભય આપણને આવી છેતરપિંડી કરતાં રોકે છે.

જ્યારે કોઈ પણ બાબતની વિરુદ્ધમાં કાયદો બનાવવામાં આવે છે, ત્યારે એવું ધારી લેવું જોઈએ કે લોકો એનાથી વિરુદ્ધ આચરણ કરતા હશે. સંપૂર્ણ દારૂબંધી હોય તેવા દેશમાં, દારૂના નશા હેઠળ કાર ચલાવવાની વિરુદ્ધ કાયદો હોતો નથી. લોકો જ્યારે શક્ય હોય ત્યારે ચોરી કરશે એવી માન્યતા પર આધારિત બધા દેશોમાં ચોરી, લૂંટ, છેતરપિંડી અને બીજી અનેક બાબતોની વિરુદ્ધમાં ઘણા કાયદાઓ છે. આ સાચું છે.

આખરે, મોટા ભાગના પુખ્તવયના લોકો વધતા કે ઓછા અંશે અપ્રામાણિક હોય છે. કોઈક જ એવા હોય છે જે જકાતની ચોરી કરી સામાન નહીં લાવતા હોય. તેથીયે ઓછા એવા લોકો હોય છે કે જેઓ તેમનો કરવેરો ભરવામાં ક્યારેય છેતરપિંડી ન કરે. છતાં, આમાંની લગભગ દરેક વ્યક્તિ, જો પોતાનો દીકરો એક પાઈની પણ

ચોરી કરે તો અસ્વસ્થ થઈ જાય છે.

બીજી બાજુ, એક બીજા સાથેના વ્યવહારમાં મોટા ભાગના લોકો ખાસ્સા પ્રામાણિક હોય છે. જો તમે ધારો તો, કોઈને ત્યાં જમવા ગયા હોય ત્યારે યજમાનની ચાંદીની ચમચી ખિસ્સામાં સેરવી લેવાની સહેલી હોય છે, પણ આપણે તેમ કરતા નથી. પરંતુ જો ટિકિટ કલેક્ટર પાછા ફરવાની ટિકિટને પંચ કરવાનું ભૂલી ગયો હોય તો તેને ફરી વાર વાપરવાનું તમે જરૂર વિચારી શકો છે. પુખ્ત વ્યક્તિઓ વ્યક્તિગત કે સંસ્થા વચ્ચે - ચાહે એ સરકારી સંસ્થા હોય કે અંગત - ભેદ કરે છે. વીમા કંપનીને છેતરવામાં વાંધો નહીં, પણ કરિયાણાવાળાને છેતરવાનું નથી સૂઝતું. બાળકો આવો કોઈ ભેદ નથી કરતાં. તેઓ ભેદભાવ વગર પોતાના ઓરડાના સાથીદારોની, શિક્ષકોની અને દુકાનોમાંની વસ્તુઓની તફડંચી કરતાં હોય છે. બધાં બાળકો કદાચ ચોરી ન કરતાં હોય પરંતુ ચોરેલી વસ્તુમાંથી પોતાનો હિસ્સો લેવામાં તેમને કોઈ વાંધો હોતો નથી. એનો અર્થ એવો થયો કે આવી અપ્રામાણિકતા જેમ ગરીબ બાળકોમાં હોય છે, તેવી જ મધ્યમ વર્ગના બાળકોમાં કે જેઓ સ્વતંત્ર અને ખુશ હોય છે, તેમનામાં પણ જોવા મળે છે.

મેં એવું જોયું છે કે જો તક મળે તો ઘણાં બાળકો ચોરી કરશે. હું નાનો હતો ત્યારે મેં ચોરી નહોતી કરી કારણ કે મારા મનમાં એવું ઠસાવી દેવામાં આવ્યું હતું કે ચોરી એટલે જ્યારે પકડાઈ જાઓ ત્યારે સારી પેઠે મારપીટ થાય અને નરકની આગમાં હંમેશ માટે બળવું પડે. પરંતુ મારી જેમ સહેલાઈથી ડરી ન જનારાં બાળકો સ્વાભાવિક રીતે ચોરી કરશે. છતાં, હું ભાર મૂકું છું કે સમય જતાં અને જો બાળકનો પ્રેમથી ઉછેર થાય, તો એ તેના ચોરી કરવાના તબક્કાને વટાવી અને પ્રામાણિક માણસ તરીકે પરિપક્વ થઈ શકે છે.

બીજા પ્રકારની ચોરી છે - આદતવશ, વ્યસન બની ગયેલી ફરજિયાત ચોરી. આ બાળક ન્યુરોટિક (માનસિક રોગી) હોવાનો પુરાવો છે. ન્યુરોટિક બાળક દ્વારા થતી ચોરી એ સામાન્ય રીતે પ્રેમના અભાવનું લક્ષણ છે. તે તેના ઉદ્દેશ વિશે સભાન હોતો નથી. રીઢા બાળચોરીના લગભગ દરેક કિસ્સામાં, બાળક પ્રેમની ઊણપ અનુભવતું હોય છે. તેનું ચોરી કરવું એ કશુંક મહામૂલું મેળવવાનો પ્રતીકાત્મક પ્રયત્ન હોય છે. એ ચોરી પૈસાની, ઘરેણાંની કે ગમે તેની હોય, પરંતુ અભાનપણે આ ઇચ્છા તો પ્રેમ ચોરવાની જ હોય છે. આ પ્રકારની ચોરીનો ઉપચાર બાળકને પ્રેમ આપવાથી જ થઈ શકે. જ્યારે હું તેને મારી તમાકુ ચોરવા માટે પૈસા આપું છું, ત્યારે હું તેની એ લાગણીઓ પરત્વે લક્ષ્ય સાધી રહ્યો છું, જેના માટે તે સભાન નથી. તે એવું વિચારી શકે કે હું મૂર્ખ

છું. તે શું વિચારે છે તેનું ખાસ મહત્ત્વ નથી, તે શું લાગણી અનુભવે છે તે જ મહત્ત્વનું છે. અને તે એવું અનુભવે છે કે હું તેનો મિત્ર છું, તેનો સ્વીકાર કરનાર છું અને તેને પ્રેમ આપનાર છું, તેને ધિક્કારતો નથી. તેને થાય છે કે પ્રેમ જે પૈસા કે વસ્તુના સ્વરૂપે ચોરવામાં આવતો હતો, તે હવે મફતમાં આપવામાં આવે છે. માટે તેને ચોરવાની જરૂર નથી. આથી, વહેલું કે મોડું, તે ચોરી કરતું બંધ થાય છે.

આના અનુસંધાનમાં, હું એક છોકરાનો કિસ્સો કહું જે હંમેશાં બીજાં બાળકોની સાયકલ પર સવારી કરતો હતો. શાળાની સામાન્ય બેઠકમાં કેસ રજૂ થયો, તેના પર આરોપ મૂકવામાં આવ્યો કે "તે બીજાં બાળકોની સાયકલ વાપરીને સતત અંગત સંપત્તિના નિયમનો ભંગ કરી રહ્યો છે." ફેંસલો : "દોષી!" સજા : "તેના માટે સાયકલ ખરીદવા માટે ફાળો આપવા માટે કમ્યુનિટીને કહેવામાં આવ્યું." કમ્યુનિટીએ ફાળો આપ્યો.

જો કે ચોરને ઇનામ આપવાની બાબતની યોગ્યતા ચકાસવી પડે. જો બાળકની મનોવૃત્તિ બહુ નીચી કક્ષાની હોય અથવા તેથીયે ખરાબ જો તે લાગણીઓથી રૂંધાયેલું હોય તો આની અસર ઊલટી પડે છે. અથવા જો એ માથાનો ફરેલ હશે તો તેને પ્રતીક ભેટથી ફાયદો નહીં થાય. મારા સમસ્યાગ્રસ્ત બાળક સાથેના કામમાં મેં જોયું કે લગભગ દરેક નાનકડો ચોર ચોરી માટે મારા ઇનામને સારી પ્રતિક્રિયા આપે છે. મને નિષ્ફળતા માત્ર એવા થોડાક સાથે મળી કે જ્યાં ચોરી કરતું બાળક જાણી-જોઈને ચોરી કરતું હતું, જેને ઇનામની આડશમાં છુપાયેલા ઉપચારથી સુધારી શકાય તેમ નહોતું.

અલબત્ત, જ્યારે ચોરી કરવા પાછળનું કારણ મા-બાપના પ્રેમનો અભાવ અને સેક્સ પર વધુ પડતું બંધન હોય છે ત્યારે પરિસ્થિતિ વધુ પેચીદી થઈ જાય છે. આ શ્રેણીમાં એ બાળકો આવે છે જેને ચોરીનો રોગ છે – *ક્લેપ્ટોમેનિયા*. એટલે કે જેના પર નિયંત્રણ છે ત્યાં હાથ જવો- હસ્તમૈથુન. આ પ્રકારની ચોરીના શ્રેષ્ઠ ઇલાજની સંભાવના ત્યારે ઊભી થાય છે, જ્યારે માતાપિતાને તેમની ભૂલનું ભાન થાય છે. અને જ્યારે બાળકને નિખાલસપણે એમ કહી નવેસરથી શરૂઆત કરે છે કે તેઓએ જે દમન કર્યું તે ખોટું હતું. એક શિક્ષક, બાળકનાં માતાપિતાની મદદ વગર ચોરી કરવાની અદમ્ય વૃત્તિનું – ક્લેપ્ટોમેનિયાનું ભાગ્યે જ નિવારણ કરી શકે છે. જેણે પ્રતિબંધ મૂક્યો છે તે જ વ્યક્તિ પ્રતિબંધ દૂર કરવા માટે શ્રેષ્ઠ છે.

એક વાર એક સોળ વર્ષના છોકરાને મારે ત્યાં મોકલવામાં આવ્યો કારણ કે એ બહુ ખરાબ ચોર હતો. તે જ્યારે સ્ટેશન પર આવ્યો ત્યારે તેણે મને અડધા ભાડાની

ટિકિટ બતાવી, જે તેને તેના પપ્પાએ લંડનમાં ખરીદી આપી હતી. આ ટિકિટ છોકરાની ઉંમર ઓછી હોવાનું બતાવતી હતી. જે બાળકોને અપ્રામાણિક રહેવાની આદત પડી ચૂકી છે, તેનાં માતાપિતાને હું ફરજ પાડવા માંગું કે તેમણે પહેલાં પોતાનું પરીક્ષણ કરીને શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ કે તેમના કયા આચરણથી બાળક અપ્રામાણિક બન્યું છે.

જ્યારે માતાપિતા બાળકની અપ્રામાણિકતા માટે ખરાબ સાથીદારો, ફિલ્મોની હિંસા, આર્મીની નોકરીને કારણે પિતાના ઘરથી દૂર રહેવાથી નિયંત્રણનો અભાવ જેવાં અનેક કારણો આપે છે ત્યારે તેઓ તદ્દન ખોટું વિચારી રહ્યાં હોય છે. જે બાળકનો સેક્સ અંગે કુદરતી રીતે ઉછેર થયો અને જેને પ્રેમ અને સ્વીકૃતિ આપવામાં આવ્યાં હોય, તે બાળકની ઉપર આ પરિબળોની અસર નજીવી હોય છે કે બિલકુલ હોતી નથી.

મને નથી ખબર કે બાળકોના સામાજિક ઉપચાર કેન્દ્રોની દૈનિક કે અઠવાડિક મુલાકાતથી આ નાનકડા ચોરોને ફાયદો થતો હશે કે નહીં. મને માત્ર એટલી જ ખબર છે કે આવા ઉપચાર કેન્દ્રોમાં પદ્ધતિ કઠોર કે યાતનામય નથી હોતી અને સામાજિક કાર્યકરો બાળકને સમજવાનો ખૂબ પ્રયત્ન કરે છે. કોઈ નૈતિક તારણ કે ચારિત્ર્ય-દોષ કાઢ્યા વગર તેની સાથે વર્તન કરે છે. માનસિક રીતે બીમાર બાળક જે ઘરમાં રહે છે તેનાથી બાળ માનસશાસ્ત્રીઓ અને પ્રોબેશન અધિકારીઓ પોતાના પ્રયત્નોમાં અસહાયતા અનુભવે છે. હું એવું અનુમાન કરું છું કે સફળતા ત્યારે જ મળે છે, જ્યારે માનસશાસ્ત્રી અથવા પ્રોબેશન અધિકારીઓ માતાપિતાને બાળક સાથેનું તેમનું વર્તન બદલવા મનાવી શકે છે. નાનકડા ચોરો યુવાનોનાં ચહેરા પર થતાં ખીલ જેવા છે. ખીલ એ બીમાર શરીરનું બાહ્ય લક્ષણ છે. તેમ નાનકડા ચોરો આપણા સમાજની બીમારીનું લક્ષણ છે. વ્યક્તિગત સ્તર પર અનેક સારવાર છતાં એક ખરાબ ઘર, ઝૂંપડપટ્ટીની ગલી, ગરીબ કુટુંબના અનિષ્ટોની અસરોને ધોઈ શકાતી નથી.

એ પણ સાચું છે કે પાંચ થી પંદર વર્ષ સુધી, મોટા ભાગનાં બાળકોને જે શિક્ષણ આપવામાં આવે છે તે માત્ર તેમના મગજમાં જાય છે. તેમની ભાવનાત્મક જિંદગી અંગે ભાગ્યે જ કોઈ કાળજી રખાતી હોય છે. છતાંયે, ભાવનાત્મક ખળભળાટ ન્યુરોટિક બાળકને ચોરી કરવા મજબૂર કરે છે. શાળાના વિષયો અંગેનું તેનું બધું જ જ્ઞાન કે અજ્ઞાન તેના ગુનામાં સહેજ પણ ભાગ ભજવતાં નથી.

સાદી, સરળ હકીકત એ છે કે કોઈ આનંદી વ્યક્તિ ફરજિયાતપણે અને વારંવાર ચોરી કરતી હોતી નથી. જે પ્રશ્નો ચોરી કરવાની આદત ધરાવતા બાળકને પૂછવા

જોઈએ, તે છેઃ તેની પૂર્વભૂમિકા કેવી છે? શું તેનું ઘર આનંદપૂર્ણ છે? શું તેનાં માતાપિતા તેને હંમેશાં સત્ય કહેતાં હોય છે? શું તે હસ્તમૈથુન માટે અપરાધભાવ અનુભવે છે? શું તે ધર્મ અંગે અપરાધભાવ અનુભવે છે? તે શા માટે તેના માતાપિતાનો અનાદર કરે છે? શું તેને એવું થાય છે કે માતાપિતા એને પ્રેમ નથી કરતાં? તેની અંદર ચોક્કસ જ કોઈ પ્રકારનું નરક હોઈ શકે જેને કારણે એ ચોર બને છે. દેખીતું છે કે આપણા ન્યાયાધીશો તેને જે નરકમાં મોકલે છે તે તેની અંદરના નરકને ખતમ નહીં કરી શકે.

એ જરૂરી નથી કે લાંબા ગાળાની સારવારથી નાનકડા ચોરની સમસ્યાઓનો ઇલાજ થઈ જશે. ચોક્કસ, એ તેને ખૂબ જ મદદરૂપ થઈ શકે, તેને તેના ડર અને નફરતથી મુક્ત કરી શકે, તેને થોડું આત્મ-ગૌરવ આપી શકે. પરંતુ જ્યાં સુધી તેની નફરતનું મૂળ તેના વાતાવરણમાં રહેશે, તે ફરી પાછો જેવો હતો તેવો થઈ જશે. તેનાં માતાપિતાને પણ સારવાર મળે તો શક્ય છે કે વધુ સફળતા મળે.

એક વાર મારી પાસે એક મોટો છોકરો આવ્યો જેની માનસિક ઉંમર ત્રણ-ચાર વર્ષના બાળક જેવડી હતી. તે દુકાનોમાં ચોરી કરતો હતો. મેં એવું વિચાર્યું કે હું એની સાથે દુકાન પર જાઉં અને તેની હાજરીમાં ચોરી કરું (દુકાનદાર સાથે પહેલાં મેળ બેસાડીને). એ બાળક માટે હું પિતા અને ઈશ્વર હતો. હું એવું વિચારતો હતો કે તેના ખરા પિતાને તે પસંદ નહોતો અને એ બાબતનો તેની ચોરી કરવાની આદત સાથે ઘણો સંબંધ છે. મારો ખ્યાલ એવો હતો કે, જો તે તેણે માનેલા આ નવા પિતા-ઈશ્વરને ચોરી કરતા જુએ, તો ચોરી અંગે તેના આત્મડંખમાં જરૂર પરિવર્તન આવે. તે મારો જોરદાર વિરોધ કરશે તેની મને પૂરી અપેક્ષા હતી.

ન્યુરોટિક બાળકની ચોરીનો ઈલાજ કરવા માટે, હું તેનો સ્વીકાર કરવા સિવાય બીજી કોઈ પદ્ધતિ જોતો નથી. એણે શું ન કરવું જોઈએ એવું એને કહેવાયું હોય તે, અને તેને જે ખરેખર જોઈએ છે તે - આ બંને વચ્ચેના સંઘર્ષનું પરિણામ ન્યુરોસિસ હોય છે. મેં હંમેશાં જોયું છે કે આ ખોટા આત્મડંખનુ નબળું પડવું એ બાળકને આનંદી અને સારું બનાવે છે. બાળકના આત્મડંખને ખતમ કરી નાખવાથી તેની ચોરી કરવાની આદત સુધરી જશે.

અપરાધ

બંદૂકો અને હથિયારોની જેમ હાથમાં પહેવામાં આવતી પિત્તળની વીંટીઓના આ યુગમાં, બાળ-અપરાધ બાબતે સત્તાધીશોની બુદ્ધિ બહેર મારી જાય છે. અને દેખીતી રીતે તેને અંકુશમાં રાખવા તે કંઈ પણ કરવા તૈયાર હોય છે. સમાચારપત્રોએ આ સમસ્યા કેવી રીતે સુલઝાવવી તેની નવી પદ્ધતિ જણાવી, જે એક કઠિન પદ્ધતિ છે : કિશોરોને સુધારગૃહોમાં મોકલવાની સજા આપવામાં આવે કે જેમાં ખૂબ પરિશ્રમવાળી કવાયતોની વ્યવસ્થા હોય છે અને ગુનેગારો માટે આકરી સજા હોય છે. છોકરાઓ મોટા લાકડાનો ટુકડો તેમના ખભા પર મૂકી કસરત કરતા હોય તેવું એક ચિત્ર મેં જોયું હતું. આવી અત્યાચારી જગ્યાએ, કોઈ ખાસ લાભ થાય તેવું જણાતું નથી.

હું માનું છું કે આ નરકમાં થોડા મહિના વિતાવવાથી થોડા સંભવિત અપરાધીઓને જરૂર અટકાવી શકાય. પરંતુ આ પ્રકારની ચિકિત્સા મૂળ કારણો, પાયાની બાબતો સુધી ક્યારેય જતી નથી. તેથીયે ખરાબ, આવી ચિકિત્સા મોટા ભાગના તરુણોને કાયમીરૂપે સમાજને ધિક્કારતો કરી મૂકે છે.

૩૦ વર્ષ પહેલાં, હોમર લેને 'લીટલ કોમનવેલ્થ' નામે સુધારણા કેમ્પમાં તેના કાર્ય દ્વારા પુરવાર કર્યું કે બાળ અપરાધીઓ પ્રેમથી સાજા થઈ શકે છે - સત્તાધીશ બાળકના પક્ષે રહી તેમને સાજા કરી શકે છે. લેને માથાભરેલ છોકરાઓ અને છોકરીઓને લંડન કોર્ટમાંથી લીધા. અસામાજિક, રીઢા બની ગયેલા યુવાનો લુંટારા, ચોર અને ગેંગસ્ટર હોવામાં ગર્વ લેતા હતા. આ 'સુધરવા અશક્ય' યુવાનો લીટલ કોમનવેલ્થ આવ્યા અને અહીં સ્વયંશાસિત અને પ્રેમાળ સ્વીકૃતિ આપે તેવી કોમ્યુનિટી તેમને મળી. ધીરે ધીરે, આ યુવાનો સભ્ય, પ્રામાણિક નાગરિકો બન્યા. આમાંના ઘણાની હું મારા મિત્રોમાં ગણના કરતો હતો.

લેન અપરાધી બાળકોને સમજવામાં અને તેમની સાથે કામ પાર પાડવામાં પ્રખર પ્રતિભાસંપન્ન હતા. તેઓ સતત પ્રેમ અને સમજદારી દાખવતા રહ્યા, તેથી જ તેમનો ઇલાજ કરી શકયા. તેઓ હંમેશાં કોઈ પણ અપરાધકર્મમાં છુપાયેલો ઉદ્દેશ શોધતા. દરેક ગુનાની પાછળ એક ઇચ્છા હોય છે જે મૂળે તો સારી જ હોય, તેવી તેમને ખાતરી હતી. તેમણે જોયું કે બાળકો સાથે વાત કરવી નિરર્થક છે અને માત્ર પોતાનું આચરણ મહત્ત્વનું છે. તેઓએ પકડ્યું કે બાળક ખરાબ સામાજિક લક્ષણોથી મુક્ત થઈ શકે તે માટે તે પોતાની ઇચ્છાઓ ધરાઈને જીવી લે તે જરૂરી છે. એકવાર, યુવા અપરાધીઓ પૈકીના એક યુવાન - જેબેઝે ગુસ્સે ભરાઈને ચાના ટેબલ પરના કપ-રકાબી તોડી

નાખવાની ઇચ્છા દર્શાવી. લેને તેને લોખંડનો સળિયો આપ્યો અને તેને તોડી નાંખવા કહ્યું. જેબેઝે તે તોડી નાખ્યાં - પણ તરત બીજા દિવસે તે લેન પાસે આવ્યો અને તે અત્યાર સુધી કરતો હતો તેના કરતાં વધુ જવાબદારીવાળા અને વધુ વળતર આપે તેવા કામની માંગણી કરી. લેને પૂછ્યું કે તે શા માટે વધુ વળતરવાળું કામ ઇચ્છે છે. જેબેઝે કહ્યું,"તે કપ અને રકાબી માટે પૈસા ચૂકવવા માગે છે માટે." લેનનો ખુલાસો એવો હતો કે કપ તોડી નાખવાની ક્રિયાએ જેબેઝના આંતરિક વિરોધો અને સંઘર્ષોના બોજાને ધરાશાયી કરી દીધો. તેની જિંદગીમાં પહેલી વાર કોઈ સત્તાધીશે કશુંક તોડી નાંખવા માટે તેને પ્રેર્યો, તે હકીકતથી અને ગુસ્સાથી મુક્ત થવાથી તેના પર ચોક્કસ જ હકારાત્મક ભાવનાત્મક અસર થઈ હશે.

હોમર લેનના 'લીટલ કોમનવેલ્થ'ના બધા અપરાધીઓ શહેરની ખરાબ ઝૂંપડપટ્ટીમાંથી હતા, પણ મેં ક્યારેય તેમાંના કોઈ પણ ગુંડાગર્દીમાં જોડાયાનું સાંભળ્યું નથી. હું લેનના રસ્તાને પ્રેમનો રસ્તો કહું છું. નફરતે ક્યારેય, કોઈનો પણ, કોઈ બાબતે ઇલાજ નથી કર્યો. હું એવું તારણ કાઢું છું કે નરકના રસ્તે ક્યારેય કોઈ યુવાન સામાજિક બનવા માટે મદદ ન મેળવી શકે.

છતાંયે હું એ બરાબર જાણું છું કે જો હું આજે મેજિસ્ટ્રેટ હોત અને મારે માથાભારે, અતડા અપરાધીની સાથે કામ પાર પાડવાનું હોત, તો તેની સાથે શું કરવું તે બાબતે મૂંઝાઈ જાત. કારણ કે હું બહુ શરમ સાથે કહું છું કે આજે ઈંગ્લેન્ડમાં તેને મોકલી શકાય તેવી 'લીટલ કોમનવેલ્થ' જેવી કોઈ સુધારાવાદી શાળા નથી. લેન ૧૯૨૫માં અવસાન પામ્યા, અને ઈંગ્લેન્ડના અહીંના આપણા સત્તાધીશો એ નોંધપાત્ર હસ્તી પાસેથી કશું જ શીખ્યા નહીં.

અલબત્ત, તાજેતરના વર્ષોમાં, પ્રોબેશન અધિકારીઓના આપણા એક મંડળે બાળ-અપરાધીઓને સમજવાનો પ્રયત્ન કરવા અંગે સંનિષ્ઠ ઇચ્છા દર્શાવી છે. માનસશાસ્ત્રીઓએ પણ, કાયદાના વ્યવસાય તરફથી ખાસ્સો વિરોધ હોવા છતાં, લોકોને એ શીખવવા ઘણી વધારે જહેમત ઉઠાવી કે અપરાધ એ બહુ જ ખરાબ બાબત નથી; પણ, ખરું જોતાં, તે એક પ્રકારની બીમારી છે, જેમાં બીમારને સહાનુભૂતિ અને સમજણની જરૂર છે. પ્રવાહની દિશા નફરતને બદલે પ્રેમ તરફ રહે. પ્રવાહની ગતિ ધીમી ભલે હોય પણ, ધીમો પ્રવાહ પણ થોડાંક દૂષણોને લઈ જાય છે; અને સમય જતાં ચોક્કસ જ તેનો વેગ વધશે.

ક્યારેય કોઈ વ્યક્તિને હિંસાથી અથવા ક્રૂરતાથી કે નફરતથી સારો બનાવી શકાય તેની કોઈ પણ સાબિતી મને મળી નથી. મારી લાંબી કારકિર્દીમાં મેં કેટલાંય

સમસ્યાગ્રસ્ત બાળકો સાથે કામ કર્યું છે. તેમાં ઘણા અપરાધીઓ હતા. મેં જોયું છે કે તેઓ કેટલા દુઃખી અને નફરતભર્યાં હતાં. કેટલા હીન, ભાવનાત્મક રીતે કેટલા મૂંઝાયેલા હતા. તેઓ મારા પ્રત્યે ઉદ્ધત હતાં, મારો અનાદર કરતા હતા કારણ કે હું એક શિક્ષક છું, એક પિતાની અવેજીમાં મુકાયેલી વ્યક્તિ અને એક દુશ્મન. મેં તેમની તણાવભરી નફરત અને અવિશ્વાસ સાંખ્યાં છે. પણ અહીં સમરહિલમાં, આ સંભવિત બાળ-અપરાધીઓ સ્વયંશાસિત સમુદાયમાં તેમની પોતાની જાત ઉપર શાસન કરે છે; તેઓ શીખવા માટે સ્વતંત્ર છે અને રમવા માટે પણ મુક્ત છે. જ્યારે તેઓ ચોરી કરે છે, ત્યારે તેમને ઇનામ પણ આપવામાં આવે. તેમને ક્યારેય ઉપદેશ આપવામાં આવતો નથી, ક્યારેય પૃથ્વી પરના કે સ્વર્ગના કોઈ પણ સત્તાધીશોથી ડરાવવામાં આવ્યા નથી.

થોડાં વર્ષોમાં, આ એ જ નફરત કરતાં બાળકો દુનિયામાં આનંદી, સામાજિક મનુષ્યો તરીકે પાછાં જાય છે. મને જ્યાં સુધી ખ્યાલ છે ત્યાં સુધી, જેણે સમરહિલમાં સાત વર્ષ ગાળ્યાં હોય તેવો એક પણ બાળ-અપરાધી ક્યારેય જેલમાં ગયો હોય, અથવા તેણે બળાત્કાર કર્યો હોય, અથવા ક્યારેય અસામાજિક બન્યો હોય, તેવું બન્યું નથી. મેં તેમને સુધાર્યા નથી. તેમનો ઇલાજ વાતાવરણે કર્યો છે. સમરહિલનું વાતાવરણ આપે છે વિશ્વાસ, સલામતી, સહાનુભૂતિ; તેમાં ક્યારેય દોષ નથી જોવાતો, મૂલવણી નથી થતી.

સમરહિલનાં બાળકો શાળા છોડ્યા બાદ, ગુનેગાર અને ધાડપાડુઓ બનવાનો રસ્તો ક્યારેય લેતાં નથી, કારણ કે તેમની ગુંડાગર્દીને કોઈ પણ પ્રકારનાં ડર, સજા અને નૈતિક ભાષણો વગર જીવી લેવાની છૂટ છે. તેમના વિકાસના એક તબક્કામાંથી વિકાસ પામી અને કુદરતી રીતે પછીના તબક્કામાં પ્રવેશવાની તેમને છૂટ છે.

મને સહેજે ખબર નથી કે એક પુખ્તવયનો ગુનેગાર પ્રેમને કેવી પ્રતિક્રિયા આપે. મને પૂરેપૂરી ખાતરી છે કે જેમ એક ગુંડાને ચોરી કરવા માટે ઇનામ આપવાથી તેનો ઇલાજ નહીં થાય, બરાબર એવી જ રીતે મને પૂરેપૂરી ખાતરી છે કે જેલની સજા પણ તેનો ઇલાજ નહીં કરી શકે. ખૂબ નાનાં બાળકો માટે જ આ સારવાર ઘણી આશાભરી હોય છે. છતાં, જિંદગીમાં મોડામાં મોડા પંદર વર્ષેય બાળકને જો સ્વતંત્રતા મળે તો, તે ઘણી વાર અપરાધીઓને સારા નાગરિકમાં રૂપાંતરિત કરી દે છે.

સમરહિલમાં, એક વાર અમારે ત્યાં એક બાર વર્ષનો છોકરો હતો. તે અસામાજિક હોવાથી ઘણી શાળાઓમાંથી તેને કાઢી મૂકવામાં આવ્યો હતો. અમારી શાળામાં આ જ બાળક એક આનંદી, સર્જનાત્મક સામાજિક છોકરો બન્યો. સુધારણા શાળાના

સત્તાધીશોએ તો તેને ખતમ જ કરી નાખ્યો હતો. જો સ્વતંત્રતા સાવ વંઠી ગયેલ સમસ્યાગ્રસ્ત બાળકને બચાવી શકે, તો લાખો કહેવાતાં 'સામાન્ય' બાળકો જે કૌટુંબિક દબાણોને કારણે વિકૃત થઈ જાય છે, તેમને માટે શું ન કરી શકે!

તેર વર્ષનો ટોમી એક બહુ ખરાબ રીતે સમસ્યાગ્રસ્ત હતો; તે ચોરી કરતો હતો અને ભાંગફોડિયો હતો. કોઈ ચોક્કસ વેકેશન દરમિયાન એ ઘરે ન જઈ શક્યો એટલે અમે તેને શાળામાં રાખ્યો. બે મહિના સુધી તે સમરહિલમાં એકલો રહ્યો. તે સંપૂર્ણ રીતે સામાજિક હતો. અમારે ખાવાની ચીજો અને પૈસાને તાળું મારવું નહોતું પડતું. પણ, જેવું તેનું જૂથ આવ્યું, તેણે કોઠાર પર લૂંટ માટે ધાડ પાડવામાં છોકરાઓનું નેતૃત્વ કર્યું હતું. આ માત્ર એટલું જ સાબિત કરે છે કે એક બાળક એકલો અને એક બાળક કોઈ જૂથમાં જુદો જુદો હોય છે.

સુધારાવાદી શાળાના શિક્ષકો મને કહેતા હોય છે કે અસામાજિક કિશોરની બુદ્ધિમત્તા ઘણું ખરું કિશોર સામાન્ય કરતાં ઊતરતી હોય છે. હું ઉમેરીશ કે ભાવનાત્મકરૂપે પણ તે સામાન્ય કરતાં ઊતરતા હોય છે. એક સમય હતો જ્યારે હું એમ માનતો હતો કે અપરાધી બાળક સર્જનાત્મક ઊર્જાવાળું તેજસ્વી બાળક હોય છે. તે અસામાજિક બની જાય છે, કારણ કે તેની ઊર્જાની અભિવ્યક્તિ માટે તેની પાસે કોઈ હકારાત્મક રસ્તો નથી. તેને પ્રતિબંધો અને શિસ્તથી મુક્ત કરો, અને તે મોટે ભાગે એક હોશિયાર, સર્જનાત્મક, ખંતીલા અને બુદ્ધિશાળી બાળક તરીકે બહાર આવશે. એ દુ:ખદ બાબત છે કે હું ખોટો હતો. વર્ષો સુધી બધાં જ પ્રકારના અપરાધી બાળકો સાથે રહેવા અને કામ પાર પાડવાને લઈ, મને એ દેખાયું કે તેઓ મહદ્અંશે ઊતરતી કક્ષાના હોય છે. હું માત્ર એક જ છોકરા વિશે વિચારી શકું છું જેણે તેની પાછલી જિંદગીમાં તેના નામનો સિક્કો જમાવ્યો; બાકીનાં કેટલાંય અસામાજિકતા અને અપ્રામાણિકતામાંથી બહાર આવી શક્યા, અને પછીથી સ્થાયી નોકરીએ વળગી ગયા. પણ કોઈ પણ એક સારો સ્કોલર કે એક ઉમદા કળાકાર કે એક કુશળ ઈજનેર કે પ્રતિભાસંપન્ન અભિનેતા ન બની શક્યો. જ્યારે તેમની અસામાજિક પ્રવૃત્તિઓ ખતમ થઈ ત્યારે મોટા ભાગના આ તરંગી બાળકો માત્ર મૃત:પ્રાય બની રહ્યાં. તેમનામાં કોઈ મહત્ત્વાકાંક્ષા ન રહી.

જ્યારે એક બાળકે પોતાનાં અજ્ઞાની માતાપિતા સાથે એક ખરાબ વાતાવરણમાં રહેવું પડે છે, ત્યારે તેની પાસે તેના અસામાજિકપણાથી દૂર રહેવાની કોઈ તક રહેતી નથી. ગરીબી અને ઝૂંપડપટ્ટીની નાબૂદી તથા માતાપિતાના અજ્ઞાનનો અંત, સંયુક્તપણે, આપોઆપ સુધારણા શાળાની વસ્તી ઓછી કરી નાખે.

સમાજના પોતાના નૈતિક અપરાધ, અને એની આનુષંગિક બાબતો, અનૈતિક ઉદાસીનતાના ઈલાજમાં બાળ-અપરાધનો ઈલાજ રહેલો છે. આપણે બેમાંથી એક બાજુ લેવાની છે, એ બે બાજુઓ આપણી આંખ સમક્ષ છે. કાં આપણે અપરાધી બાળકની નફરતભર્યા નરકની રીતે ચિકિત્સા કરીએ અથવા આપણે પ્રેમનો રસ્તો અપનાવીએ.

હું થોડી ક્ષણો માટે એવી કલ્પના કરું કે હું ગૃહખાતાનો સચિવ છું. મારી પાસે શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન લાવવા માટે અમર્યાદિત સત્તા છે. મને સામાન્ય કાર્યક્રમ કે શાળા માટે એક 'પંચવર્ષીય યોજના' બનાવવા દેવામાં આવે.

સચિવ તરીકે મારે બધી જ કહેવાતી સુધારણા શાળાઓ બંધ કરવી છે અને તેમને બદલે આખાયે પ્રદેશમાં સહશિક્ષણ કોલોનીઓ ઊભી કરવી છે. એ સાથે જ શિક્ષકો અને ગૃહમાતાઓથી આ કોલોનીઓને સજ્જ કરી શકાય તે માટે ખાસ તાલીમ કેન્દ્રો ઊભાં કરવાં જોઈએ. દરેક કોલોની સંપૂર્ણપણે સ્વયંશાસિત હશે. કર્મચારીઓને કોઈ વિશેષ સવલતો નહીં હોય. તેમને વિદ્યાર્થીઓને મળે તે જ ખાવાનું અને બીજી સવલતો મળશે. વિદ્યાર્થીઓ સમુદાય માટે કોઈ પણ કામ કરશે તેનું તેમને વળતર આપવામાં આવશે. કોલોનીનું ધ્યેયવાક્ય હશે સ્વતંત્રતા. કોઈ ધર્મ, નૈતિક બાબતો અંગે કોઈ ટીકા-ટિપ્પણી, કોઈ સત્તાધીશોને સાંખી લેવામાં આવશે નહીં.

હું ધર્મને બાકાત રાખીશ, કારણ કે તે ધાર્મિક વાતો કરે છે, તે ઉપદેશ આપે છે, તે શુદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે, તે દમન કરે છે. જ્યાં પાપ હોતું નથી ત્યાં ધર્મ પાપની કલ્પના કરે છે. તે સ્વતંત્ર ઈચ્છાશક્તિમાં માને છે, અલબત્ત, જ્યારે કેટલાંક બાળકો તેમના આવેગોના ગુલામ હોય છે ત્યારે તેમાં ક્યાંય સ્વતંત્ર ઈચ્છાશક્તિ હોતી નથી.

ધાર્મિક સંસ્કારના સ્થાને, હું હિમાયત કરીશ કે લાગણીઓનું પ્રેમથી સિંચન કરવામાં આવે અને બીજા કશાય એવાથી નહીં જે ક્રૂર અને અન્યાયી હોય. કો લોનીમાં આ આદર્શ સુધી પહોંચવાનો એક જ રસ્તો છે - બાળકોને શક્ય હોય તેટલાં એકલાં મૂકો, તેમને તેમના પર લાદવામાં આવતી સત્તાઓથી, નફરતથી અને સજાથી મુક્ત રાખો. હું અનુભવથી જાણું છું કે માત્ર આ જ એક રસ્તો છે.

શિક્ષકોને બાળકોના સમકક્ષ હોવાનું અને તેમના ઉપરી ન હોવાનું શીખવવામાં આવશે. તેઓ પોતાના ગૌરવનું રક્ષણ કરવાનું અને કટાક્ષ કરવાનું ચાલુ રાખી શકશે નહીં. તેઓ કોઈ ડર પ્રેરશે નહીં. તેઓ અનંત ધીરજવાળા સ્ત્રીઓ અને પુરુષો હોવા જોઈએ, ઘણું આગળનું જોઈ શકતા હોવા જોઈએ. અંતિમ પરિણામોમાં વિશ્વાસ રાખવાની તેમની તૈયારી હોવી જોઈએ.

આજની તારીખે અને ઉંમરે વર્તમાન સમાજ પૂર્ણ પ્રેમ જીવનને મંજૂરી નહીં આપે. છતાં બે જાતિઓનું ભળવું, એ વધુ મૃદુતા, વધુ સાહજિક-સારો શિષ્ટાચાર, વિજાતીય પાત્ર અંગે આવશ્યક જ્ઞાન જેવી મૂલ્યવાન બાબતો તરફ દોરશે અને પોર્નોગ્રાફી તથા કામુક હાસ્ય ઓછા કરવા તરફ લઈ જશે.

આ સ્ટાફની મુખ્ય લાક્ષણિકતાઓ એ હશે કે તે વિદ્યાર્થીઓ ચોરો કે ભાંગફોડિયા હોય તે રીતે નહીં પરંતુ તેમનામાં વિશ્વાસ દાખવીને, આદરથી વર્તન કરશે. સાથે સાથે સ્ટાફે વાસ્તવિક બનવું પડશે. એટલે કે એક વ્યક્તિને એકસાથે તે પચાવી શકે તેથી વધુ આપી ન દેવું - જેમ એક ચોરને કોલોનીની નાતાલની પાર્ટીના ફંડનો ખજાનચી બનાવી દેવો. બોલવા કરતાં આચરણ વધુ મહત્ત્વનું છે આ સમજીને શિક્ષકોએ ભાષણ આપવાની કોઈ પણ લાલચને અંકુશમાં રાખવી પડશે. તેઓએ દરેક અપરાધીનો ઇતિહાસ, તેમની સમગ્ર પાર્શ્વભૂમિકા જાણવાની રહેશે.

બુદ્ધિમત્તાની પરીક્ષાનું કોલોનીમાં એક ગૌણ સ્થાન હશે કારણ કે, તે, બહુ જ મહત્ત્વની એવી, બાળકોની સુષુપ્ત શક્તિને માપતી નથી. તે લાગણીઓ, સર્જનાત્મકતા, વ્યક્તિના આગવાપણા અને કલ્પનાશક્તિને સાચી રીતે મૂલવતી નથી.

સામાન્ય વાતાવરણ એક સંસ્થા જેવું હોવાને બદલે એક હોસ્પિટલ જેવું હશે. જે રીતે કોઈ ડોક્ટર સિફિલિસ (ગુપ્ત રોગ)ના કોઈ દર્દી પ્રત્યે નૈતિક અભિગમ નથી અપનાવતો, એ જ રીતે અમારો સ્ટાફ જેને આપણે અપરાધ કહીએ છીએ તેવી બિમારી પ્રત્યે કોઈ નૈતિક અભિગમ ધરાવશે નહીં. કોલોની હોસ્પિટલ કરતાં એક જ બાબતે જુદી પડતી હશે કે તેમાં સામાન્ય રીતે કોઈ દવા આપવામાં આવશે નહીં - માનસિક પણ નહીં. ઇલાજ એ વાતાવરણમાં સાચુકલા પ્રેમની હાજરીનું જ પરિણામ હશે. સ્ટાફે માનવીય સ્વભાવમાં તેમની સાચી શ્રદ્ધાના પુરાવા પણ આપવા પડશે. એવું બને કે નિષ્ફળતાઓ મળે અને કેટલાકનો ઇલાજ ન પણ થઈ શકે. આમ છતાં, સમાજે તેમને ધ્યાનમાં રાખવા પડશે. પરંતુ એવા લોકોની સંખ્યા ઘણી ઓછી હશે. મોટા ભાગના અપરાધીઓ પ્રેમ, સહિષ્ણુતા અને વિશ્વાસના વાતાવરણમાં સુધરી શકશે.

શંકાશીલ લોકોને હું ફરી ફરીને હોમર લેનની વાત યાદ દેવડાવીશ. તેમણે લંડન જુવેનાઈલ કોર્ટમાં એક અપરાધી છોકરાનો ઈન્ટર્વ્યુ લીધો. લેને તે છોકરાને એક પાઉન્ડની નોટ આપી જેમાંથી તેણે નજીકના ગામ જવા માટેનું ભાડું ચૂકવવાનું હતું. લેન એ જાણતા હતા કે તે છોકરો બાકી રહેતા પૈસા બરાબર લાવશે. તે છોકરાએ એવું કર્યું. (હું અમેરિકન વાચકોને યાદ દેવડાવું કે લેનનો જન્મ ન્યુ ઈંગ્લેન્ડમાં થયો હતો.)

હું એવા લોકોને અમેરિકાની જેલના વોર્ડનની વાત વારંવાર યાદ દેવડાવીશ કે જેમણે કાળાં પાણીની સજા પામેલ એક કેદીને જેલના જૂતાં બનાવવાના કારખાના માટે નવું મશીન ખરીદવા ન્યુયોર્ક મોકલ્યો. અને એ ખરીદેલા નવા મશીન તથા તેના પૂરેપૂરા હિસાબ સાથે પાછો ફર્યો. વોર્ડને તેને પૂછ્યું, "તને ન્યુયોર્કમાં ભાગી જવાની તક મળી હતી તે તેં ઝડપી કેમ ના લીધી?" કેદી તેનું માથું ખંજવાળી બોલ્યો,"મને ખબર નથી, વોર્ડન, મને લાગે છે કે તમે મારા પર વિશ્વાસ રાખ્યો એટલા માટે."

જેલ અને સજા, માણસની અંદર આ અદ્‌ભૂત વિશ્વાસનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે. જે વ્યક્તિ મુશ્કેલીમાં છે તેને એવું બતાવે છે કે કોઈ તેને પ્રેમ આપે છે અને ધિક્કાર નહીં.

બાળકનો ઈલાજ

ઈલાજ એ ડોક્ટર કરતાં વધુ દર્દી પર આધારિત છે. ઈલાજ માટે જતા લોકો પૈકી ઘણા બધા નિષ્ફળ જતા લોકો ઈલાજ કરાવવા એટલા માટે જાય છે કે તેમના સગાંઓએ તેમ કરવા તેમને જબરજસ્તી કરી હોય છે. જો કોઈ વ્યક્તિ મનોવિશ્લેષણ માટે તેની પત્નીને મોકલવા મજબૂર કરે તો પત્ની જશે પરંતુ સ્વાભાવિક રીતે તે મનમાં દ્વેષ સાથે જશે. *મારા પતિ એમ માને છે કે હું સારી નથી. તેમણે મને બદલવી છે અને મને તે ગમતું નથી.*

આ જ મુશ્કેલી યુવાન ગુનેગારને પણ લાગુ પડે છે - જ્યારે જોર-જબરજસ્તીથી, તેને સારવાર લેવા માટે ફરજ પાડવામાં આવે છે. તરુણો માટે હોય કે વયસ્ક - બંને માટે સારવાર દર્દીની ઈચ્છાથી થવી જોઈએ.

મોટા ભાગે બાળ-અપરાધીઓને ફક્ત સ્વતંત્રતા આપવામાં આવે, તો બીજી કોઈ સારવાર વગર પણ તેની અપરાધવૃત્તિનો ઈલાજ કરી શકાય છે. હું માત્ર સ્વતંત્રતાની વાત કરું છું; સ્વચ્છંદતાની નહીં, લાગણીશીલતાની પણ નહીં. જે શારીરિક રોગી છે તેને કેવળ સ્વતંત્રતા આપવાથી સુધારી નહીં શકાય. જેનો માનસિક વિકાસ રૂંધાઈ ગયો છે તેમના પર સ્વતંત્રતાની કોઈ અસર નહીં ઊપજે. પરંતુ, બાળકોની નિવાસી

શાળામાં જ્યારે સ્વતંત્રતા આપવામાં આવે છે ત્યારે તે અસરકારક નીવડે છે - જો તેનો પ્રયોગ હંમેશ માટે કરવામાં આવ્યો હોય તો.

કેટલાંક વર્ષો પહેલાં, એક યુવાનને મારી પાસે મોકલવામાં આવ્યો હતો કે જે પાકો ઠગ હતો, જે હોશિયારીથી ચોરી કરતો હતો. તેના આવ્યાના એક અઠવાડિયા પછી લીવરપુલથી ટેલિફોન સંદેશો આવ્યો, "આ શ્રી. એક્સ બોલે છે(ઈંગ્લેન્ડનો એક જાણીતો માણસ). મારો ભત્રીજો તમારી શાળામાં છે. તેણે મને પત્ર લખીને પૂછ્યું છે કે તે થોડા દિવસ લીવરપુલ આવી શકે? તેમાં તમને વાંધો છે?"

"સહેજ પણ નહીં." મેં જવાબ આપ્યો, "પણ તેની પાસે કોઈ પૈસા નથી. તેનું ભાડું કોણ ચૂકવશે? તેનાં માતાપિતા સાથે સંપર્ક કરશો તો બહેતર રહેશે."

બીજા દિવસની બપોરે છોકરાની મમ્મીએ મને ફોન કર્યો અને કહ્યું કે તેના પર અંકલ ડીકનો ફોન આવ્યો હતો. આર્થર લીવરપુલ જવા ઇચ્છે તો જઈ શકે છે, તેમને તથા તેમના પતિને વાંધો નથી. તેણે ભાડું પણ જાણી લીધું છે. અને તે અઠ્ઠાવીસ સિલિંગ થાય છે. મેં કહ્યું કે શું હું આર્થરને બે પાઉન્ડ દસ સિલિંગ આપું? આર્થરે જ સ્થાનિક ફોન પરથી બન્ને ફોન કર્યા હતા. તે તેના વૃદ્ધ અંકલના અવાજની અને તેની મમ્મીના અવાજની આબેહૂબ નકલ કરવામાં સફળ રહ્યો હતો. તેણે મને છેતર્યો. અને હું છેતરાયો તે બાબતે સભાન થાઉં તે પહેલાં મેં તેને પૈસા આપી દીધા હતા.

મેં મારી પત્ની સાથે આ બાબતે વાત કરી અને બંને સહમત થયા કે તે વર્ષોથી આ પ્રકારના વર્તનને વશ થયેલો છે. મારે પૈસા પાછા માંગવા એ તો ખોટું થશે. મારી પત્નીએ તેને ઈનામ આપવાનું સૂચન કર્યું. હું સંમત થયો. હું રાતે તેના સૂવાના ઓરડામાં ગયો. "આજે તારું નસીબ સારું છે." મેં ખુશમિજાજથી કહ્યું.

"હા, ચોક્કસ." તેણે કહ્યું.

"હા, પણ આજે તારું નસીબ તું જાણે છે તેના કરતાં વધારે સારું છે." મેં કહ્યું.

"તમે કહેવા શું માગો છો?"

"ઓહ, તારી મમ્મીનો હમણાં જ ફરી ટેલિફોન હતો." મેં બહુ સાહજિકતાથી કહ્યું. "તેમણે કહ્યું કે તેં ભાડું ગણવામાં એક ભૂલ કરી હતી; એ અઠ્ઠાવીસ સિલિંગ નથી - એ આડત્રીસ સિલિંગ છે. એટલે તને બીજા દસ સિલિંગ આપવા કહ્યું છે." મેં બેફિકરાઈથી દસ સિલિંગની નોટ તેની પથારી પર ફેંકી, અને તે કંઈ કહે તે પહેલાં ત્યાંથી ચાલતો થયો.

બીજા દિવસે સવારે તે લીવરપુલ ગયો. તેની ટ્રેન ચાલી જાય પછી મને આપવા માટેનો પત્ર મૂકીને ગયો હતો. તેમાં લખ્યું હતું, "પ્રિય નીલ, તું મારા કરતાં વધુ

મહાન અભિનેતા છે." અને થોડાં અઠવાડિયાં સુધી એ મને પૂછતો રહ્યો કે મેં તેને પેલા દસ સિલિંગની ભેટ કેમ આપી હતી.

એક દિવસ મેં એને જવાબ આપ્યો, "મેં તને જ્યારે તે આપી ત્યારે તને કેવી લાગણી થઈ હતી?" તેણે એકાદ મિનિટ બરાબર વિચાર કર્યો અને પછી ધીરેથી કહ્યું, "તમે જાણો છો, મને મારી જિંદગીનો સૌથી મોટો આંચકો લાગ્યો હતો. મેં મારી જાતને કહ્યું કે મારી જિંદગીમાં આ પહેલો માણસ છે જે મારા પક્ષે છે." એક છોકરો પ્રેમ કે જેમાં સ્વીકૃતિ રહેલી છે, તેનાથી સભાન થાય છે તેનો આ કિસ્સો હતો. સામાન્ય રીતે આ સભાનતા આવતાં બહુ લાંબો સમય થાય છે. જેનો ઈલાજ થતો હોય તેને તેની અસરની આછી અનુભૂતિ જરૂર હોય છે. પરંતુ તે ઘણા મહિનાઓ પછી થાય છે.

ભૂતકાળના દિવસોમાં, જ્યારે મારે ખરાબ અપરાધીઓ સાથે વધુ કામ રહેતું હતું ત્યારે, હું ફરી ફરીને ચોરી માટે તેમને ઈનામ આપતો. પરંતુ, થોડાંક વર્ષો પછી જ, બાળકનો ઈલાજ થઈ ગયા બાદ જ, તેને મારી સ્વીકૃતિથી મદદ થઈ તે હકીકતનું કોઈ ભાન થતું.

બાળકો સાથેના વ્યવહારમાં માણસે માનસિકતાના ઊંડાણમાં જવું પડે, વ્યવહાર માટેના ઊંડા ઉદ્દેશો શોધવા પડે. એક છોકરો અસામાજિક છે. કેમ? સ્વાભાવિક રીતે, તેનાં લક્ષણો વારંવાર આગળ આવે અને અકળાવે. તે ગુંડો હોઈ શકે; કદાચ એક ચોર; કદાચ એક પરપીડક. પણ કેમ? શિક્ષક અકળામણને કારણે તેને દબડાવે અને સજા કરે અને વખોડે. પણ શિક્ષક તેની બધી અકળામણ અભિવ્યક્ત કરી દે પછી પણ સમસ્યા વણઉકેલી જ રહે છે. આકરી શિસ્તવાળા શિક્ષણને ફરીથી સજીવન કરવાની માગ કરતો વર્તમાન પ્રવાહ માત્ર લક્ષણોની સારવાર કરશે અને અંતે કશાને અસર નહીં કરે.

માતાપિતા એક છોકરીને સમરહિલ લાવ્યા. તે એક જૂઠી, ચોર અને કિન્નાખોર હતી. તેઓએ મને તેની ભૂલોનું લાંબું વર્ણન કર્યું. મને તેના વિશે કહેવામાં આવ્યું છે તે જો બાળકને જણાવવામાં આવે તો મારા માટે ઘાતક પુરવાર થશે. તેથી એ બાબતો છોકરીના પોતાના તરફથી, તેના મારી સાથે અથવા શાળામાં બીજાઓ સાથેના વ્યવહારથી છતી થાય ત્યાં સુધી મારે રાહ જોવી જોઈએ.

વર્ષો પહેલાં, મારી પાસે બહુ જ ખરાબ રીતે સમસ્યાગ્રસ્ત બાળક હતું. તેનાં માતાપિતા એ આગ્રહ કર્યો કે મનોચિકિત્સક દ્વારા તેનું પરીક્ષણ કરાવવામાં આવે. તેથી, હું તેને હાર્લી સ્ટ્રીટમાં એક જાણીતા ડોક્ટર પાસે લઈ ગયો. મેં કિસ્સા વિશે બધું

જ જણાવવા ખાસ અડધો કલાક આપ્યો, અને પછી તે છોકરાને અમે અંદર બોલાવ્યો. "મિ.નીલે મને જણાવ્યું કે તું બહુ ખરાબ છોકરો છે." ડૉક્ટરે કઠોરતાથી કહ્યું. આ તેની મનોચિકિત્સા હતી.

ફરી ફરીને મેં બાળકો પરત્વે આવા પ્રકારના ખોટા અને અજ્ઞાની વ્યવહારો જોયા છે. "તારી ઉંમરના પ્રમાણમાં તારું કદ નથી." એક મુલાકાતીએ એક છોકરાને કહ્યું. તેને પોતાના કદ માટે લઘુતાગ્રંથિ હતી.

બીજા એક મુલાકાતીએ એક છોકરીને કહ્યું, "તારી બહેન બહુ હોશિયાર છે, છે ને?" બાળકો સાથે કામ પાર પાડવાની કળાની એક વ્યાખ્યા એ છે કે એવી સમજ હોવી કે શું ન કહેવું જોઈએ.

બીજી બાજુ, તમે છેતરાયા નથી તેવું બાળકને દેખાડવું જરૂરી હોય છે. બાળકને તમારી સ્ટેમ્પ્સ ચોરી કર્યા જ કરવા દેવી એ નિરર્થક છે. તમારે હંમેશાં તેને જણાવવા દેવું કે તમે જાણો છો. જે માફ ન થઈ શકે તેવું એ છે કે તેને કહેવું કે, "તારી મમ્મીએ મને કહ્યું કે તું સ્ટેમ્પ્સ ચોરી કરે છે" એવું કહેવા કરતાં એમ કહેવું કે, "હું જાણું છું તેં મારી સ્ટેમ્પ્સ લીધી છે" તેમાં ઘણો તફાવત છે.

હું હંમેશાં માતાપિતાને તેમના બાળક વિશે લખવા અંગે સહેજ ગભરાતો હોઉં છું, એ ડરથી કે તેઓ મારો લખેલ પત્ર ગમે ત્યાં મૂકી દે અને બાળક વેકશનમાં ઘરે જાય ત્યારે તેના હાથમાં આવી જાય. એથી વધુ, તેઓ તેમનાં બાળકોને લખે કે, "નીલ કહે છે કે તું વર્ગોમાં જતો નથી અને આ સત્રમાં તું બધાના માટે મુસીબત બની રહ્યો છે." જો આવું બને, તો બાળક ક્યારેય મારામાં કોઈ વિશ્વાસ નહીં મૂકે. માટે, સામાન્ય રીતે, હું ઓછામાં ઓછું કહું છું, સિવાય કે મને ખબર હોય કે માતાપિતા બિલકુલ વિશ્વાસપાત્ર અને સજાગ છે.

હું સામાન્ય રીતે બાળક સાથે સાચી બાબતો જ કરું છું કારણ કે મારા લાંબા અનુભવે મને સાચો રસ્તો બતાવ્યો છે. આમાં મારી કોઈ હોશિયારી નથી કે મને કુદરતી બક્ષિસ નથી, આ માત્ર મહાવરાની જ વાત છે. કદાચ ક્યાંક એની પણ અસર પડતી હોય કે હું બિનજરૂરી બાબતો પ્રત્યે આંખ આડા કાન કરું છું.

બિલ એક નવો છોકરો છે. તેણે બીજા છોકરાના થોડા પૈસા ચોર્યા. ભોગ બનેલ છોકરાએ મને કહ્યું,"શું હું આપણી આગામી સામાન્ય બેઠકમાં તેના પર આરોપ મૂકું?"

સહેજે પણ વિચાર્યા વગર મેં કહ્યું,"ના, મારા પર છોડી દે." હું તે બાબતે પછીથી વિચારી શકું છું. બિલ સ્વતંત્રતા માટે નવો હતો, પણ તેના નવા વાતાવરણમાં અસ્વસ્થ

હતો. તે પોતાને લોકપ્રિય બનાવવા અને તેના સાથીઓ તેને સ્વીકારે એ માટે તે સતત પ્રયત્નો કરતો હતો. તે ડંફાસો મારતો અને ખાસ્સો વધારે દેખાડો કરતો હતો. તેની ચોરી જાહેર કરવાનો અર્થ તેનામાં શરમ, ડર જગાડવાં. જેના પરિણામે પાછળથી તેની અંદર વિરોધ જાગે અને ત્યારે બેફામ અસામાજિક વ્યવહાર ભડકી ઊઠે. એથી ઊલટું, તે તેની પાછલી શાળામાં એક ગેંગનો નેતા હતો, તે શિક્ષકોની વિરુદ્ધમાં છૂપી ભાંગફોડિયા પ્રવૃત્તિમાં ગૌરવ લેતો, એની ચોરી જાહેર કરવાથી કદાચ તેને આનંદ આવે ને તે કેટલો મહાન હતો તેનો દેખાડો થાય.

બીજા એક સમયે એક બાળક કહે કે,"મારા ક્રેયોન ચોરવા માટે હું મેરી પર આરોપ મૂકવાની છું." મને રસ નહોતો. મેં સભાનપણે એ બાબતે એ સમયે વિચાર્યું નહોતું. પણ હું જાણતો હતો કે મેરી શાળામાં બે વર્ષથી છે અને પરિસ્થિતિ સંભાળી શકે તેમ છે.

એક ૧૩ વર્ષનો નવો છોકરો, જે તેની આખી જિંદગી અભ્યાસ-વર્ગોને ધિક્કારતો હતો, તે સમરહિલમાં આવ્યો અને અઠવાડિયાંઓ સુધી તે રખડ્યા કરતો. પછી તે કંટાળ્યો, અને મારી પાસે આવીને કહે,"હું અભ્યાસ-વર્ગોમાં જાઉં?" મેં કહ્યું,"તેને મારી સાથે કોઈ લેવાદેવા નથી," કારણ કે તેણે તેની પોતાની આંતરિક પ્રેરણા શોધવી રહી. પણ બીજા બાળકને હું એમ કહી શકું,"હા, એ સારો વિચાર છે," કારણ કે તેની ઘર અને શાળાની જિંદગી સમયપત્રક પર બનેલી હતી, જેણે તેને કંઈ પણ નિર્ણય લેવા માટે અસમર્થ બનાવી દીધો હતો. અને મારે તે ધીરે ધીરે સ્વનિર્ભર થાય ત્યાં સુધી રાહ જોવાની હતી. હું જ્યારે જવાબ આપતો હોઉં ત્યારે આ વ્યક્તિગત પાસાંઓ પર સભાનપણે વિચારતો હોતો નથી. પ્રેમ એટલે જ બીજી વ્યક્તિના પક્ષે હોવું.

પ્રેમ એ સ્વીકૃતિ છે. હું જાણું છું કે બાળકો ધીરે ધીરે શીખે છે કે સ્વતંત્રતા એ સ્વચ્છંદતાથી સદંતર જુદી બાબત છે. પણ, તેઓ આ સત્ય શીખી શકે છે. અને તેઓ શીખતા હોય છે. અંતે, એ લગભગ દરેક વખતે કામ કરે છે.

આનંદનો માર્ગ

ફ્રોઈડે બતાવ્યું કે ન્યુરોસિસ સેક્સના દમનમાંથી પેદા થાય છે. હું કહું છું,"મારી પાસે એક શાળા છે. જેમાં સેક્સનું દમન કરવામાં નહીં આવે." ફ્રોઇડ કહે છે કે અજાગૃત મન એ જાગૃત મન કરતાં અનેકગણું વધુ મહત્ત્વનું અને વધુ શક્તિશાળી છે

મેં કહ્યું, "મારી શાળામાં રોકટોક નથી, અમે સજા નથી આપતા, નૈતિક ભાષણ નથી આપતા, અમે દરેક બાળકને તેના ઊંડા આવેગો મુજબ જીવવા દઈએ છીએ."

મેં ધીમે ધીમે શોધ્યું કે મોટા ભાગના ફ્રોઇડને માનનારા લોકો બાળકો માટે સ્વતંત્રતાની બાબત સમજી કે માની નહોતા શકતા. તેઓ સ્વતંત્રતાને સ્વચ્છંદતા માનવાની ભૂલ કરી નાખતા. તેઓ એવાં બાળકોનો ઇલાજ કરતા હતા કે જેમને તેઓ જેવા છે તેવા બની રહેવાની ક્યારેય સ્વતંત્રતા ન હતી, અને તેથી તેમણે બીજાની સ્વતંત્રતા માટે ક્યારેય કુદરતી આદર કેળવ્યો ન હતો. મને ખાતરી છે કે ફ્રોઇડને માનનારાઓના બાળમનોવિજ્ઞાનના સિદ્ધાન્તો વિકૃત બાળકો પર આધારિત હતા.

ફ્રોઇડને માનનારાઓએ ઘણા નવજાત શીશુઓમાં મળક્રિયા થકી ઉત્તેજના થતી હોવાનું શોધ્યું, પણ સ્વાયત્ત શિશુઓમાં મને આ સાચું નથી જણાયું. ફ્રોઇડને માનનારાઓને બાળકોમાં જે આક્રમક અસામાજિકતા જણાઈ છે, તે મને સ્વાયત્ત બાળકોમાં જણાઈ નથી.

હું ધીરે ધીરે શીખ્યો કે મારું ક્ષેત્ર રોગનું નિવારણ છે, રોગનો ઉપચાર નહીં. મને આની પૂરેપૂરી અર્થપૂર્ણતા શોધતાં વર્ષો થયાં. એ શીખતાં કે સ્વતંત્રતા જ સમરહિલના સમસ્યાગ્રસ્ત બાળકોને મદદ કરતી હતી, ઉપચાર પદ્ધતિ નહીં.

મને જણાયું કે મારું મુખ્ય કાર્ય શાંત બેસી અને બાળકો જે પોતાની ઊણપોને કારણે પોતાને અમાન્ય ઠેરવે છે, તે દરેક બાબતોને માન્યતા આપવાનું હતું. એટલે કે, હું બાળકોના બહારથી થોપાયેલા એ આત્મડંખને તોડું, જે તેની પોતાની જાત પ્રત્યેની નફરત જગાડે છે. એક નવો છોકરો ગાળ બોલ્યો. મેં સ્મિત કર્યું અને કહ્યું, "ચાલુ રાખ! ગાળ બોલવામાં કશું જ ખરાબ નથી." એ જ હસ્તમૈથુન, જુઠું બોલવું, ચોરી કરવી અને બીજી સામાજિક રીતે વખોડાયેલી પ્રવૃત્તિઓને લાગુ પડે છે.

થોડા સમય પહેલાં, એક નાના છોકરાએ મારા પર પ્રશ્નોની ઝડી કરીઃ "તમે તે ઘડિયાળ માટે શું ચૂકવ્યું?", "કેટલા વાગ્યા છે?", "શાળાનું સત્ર ક્યારે પૂરું થશે?" તે ખૂબ અસ્વસ્થ હતો અને મેં તેને આપેલ એક પણ જવાબ તેણે સાંભળ્યા ન હતા. હું જાણતો હતો કે તેને જેના જવાબ જોઈતા હતા, તેવા મોટા પ્રશ્નો પૂછવાનું તે ટાળી રહ્યો હતો.

એક દિવસ તે મારા ઓરડામાં આવ્યો અને પ્રશ્નોની ઝડી શરૂ કરી. મેં કોઈ જવાબ ન આપ્યો અને મારું પુસ્તક વાંચતો રહ્યો. એક ડઝન પ્રશ્નો પછી, મેં સહજતાથી ઉપર જોયું અને કહ્યું,"તેં જે પૂછ્યું તે શું હતું? બેબી ક્યાંથી આવે છે?"

તે લાલચોળ થઈ ગયો અને ઊભો થયો, "હું જાણવા નથી માંગતો કે બેબી ક્યાંથી આવે છે." દરવાજો પછાડીને બહાર નીકળતાં તેણે કહ્યું. દસ મિનિટ પછી તે પાછો આવ્યો."તમારું ટાઈપરાઇટર તમે ક્યાંથી લાવ્યા? આ અઠવાડિયે મૂવી થિયેટરમાં શું બતાવવાના છે? તમારી કેટલી ઉંમર થઈ?" (થોડીવાર ચૂપ) "આ બધું છોડો, બેબી ક્યાંથી આવે છે?"

મેં તેને સાચો જવાબ આપ્યો. તે ક્યારેય બીજા વધુ પ્રશ્નો પૂછવા મારી પાસે આવ્યો નહીં.

કચરો દૂર કરવો એ ક્યારેય કઠોર પરિશ્રમ સિવાય બીજું કંઈ હોતું નથી. એક નાખુશ બાળકને ખુશ અને મુક્ત થતાં જોવાનો આનંદ જ આ પ્રકારના કાર્યને સહન કરવા યોગ્ય બનાવે છે.

આ ચિત્રની બીજી બાજુ પણ છે. જ્યાં અથાગ પરિશ્રમ પછી પણ સફળતા હાથ નથી આવતી. કોઈ એક બાળક સાથે એક વર્ષ કામ કર્યા પછી તે વિચારી ખૂબ ખુશ થઈએ કે બાળકની ચોરીની આદત છૂટી ગઈ. પછી, એક દિવસ તે છોકરો ફરીથી ચોરી કરે અને શિક્ષક ખૂબ હતાશ થઈ જાય. મેં કોઈ એક વિદ્યાર્થી બાબતે મારી પીઠ થાબડી અને પછી, પાંચ મિનિટ બાદ એક શિક્ષક ધસી આવે અને કહે,"ટોમી ફરીથી ચોરી કરે છે."

છતાં, માનસશાસ્ત્ર કેટલેક અંશે ગોલ્ફ જેવું છેઃ તમે ખેલના એક ચક્કરમાં બસ્સો વાર દડાને મારો છો, તમે નારાજ થઈ જાઓ છો, ગુસ્સામાં ગોલ્ફ-ક્લબ પણ તોડી નાખો છો. પણ બીજા દિવસે સુંદર સવારે તમારા હૃદયમાં નવી આશા લઈને ફરી રમવા જાઓ છો.

જો તમે એક બાળકને કોઈ બહુ જ મહત્ત્વનું સત્ય કહો અથવા જે બાળક તેની મુશ્કેલીઓ તમારામાં વિશ્વાસ રાખી જણાવે છે, ત્યારે તે બાળક 'ટ્રેન્સ્ફરન્સ' અનુભવે છે; એટલે કે, તે તમારી અંદર તેના માતા/પિતાને જુએ છે, બાળક તમારા માટે તેના માતા/પિતા જેવો ભાવ અનુભવે છે. બાળક તેની બધી જ લાગણીઓ તમારા પર વરસાવે છે. જ્યારે મેં એક નાનકડા બાળકને જન્મ અને હસ્તમૈથુન વિશે સ્પષ્ટતા કરી, ત્યારે અમારા વચ્ચે જે સંબંધ સ્થપાય તે ખાસ વધુ મજબૂત હોય છે. ક્યારેક આ 'ટ્રેન્સ્ફરન્સ' નકારાત્મક સ્વરૂપ પણ લે છે, ત્યારે તે નફરતનું 'ટ્રેન્સ્ફરન્સ' બને છે. પરંતુ, સામાન્ય બાળક સાથે આ નકારાત્મક તબક્કો લાંબો ચાલતો નથી, અને હકારાત્મક પ્રેમનું 'ટ્રેન્સ્ફરન્સ' તરત ચાલુ થાય છે. એક બાળકનું 'ટ્રેન્સ્ફરન્સ' બહુ આસાનીથી અલોપ થઈ જાય છે. એ મારા વિશે બધું બહુ જલ્દી ભૂલી જશે, અને તેની

લાગણીઓ બીજાં બાળકો અને બીજી બાબતોમાં રોકાઈ જશે. હું તેના પિતાની જગ્યાએ જોવામાં આવતી વ્યક્તિ હોવાથી, છોકરીઓ સ્વાભાવિક રીતે મારી સાથે છોકરાઓ કરતાં વધુ મજબૂત 'ટ્રેન્સ્ફરન્સ' ઊભો કરે છે. પણ હું એમ ન કહી શકું કે એક છોકરી હંમેશાં હકારાત્મક 'ટ્રેન્સ્ફરન્સ' ઊભું કરે છે અને એક છોકરો હંમેશાં નકારાત્મક 'ટ્રેન્સ્ફરન્સ' ઊભું કરે છે. એથી ઊલટું, મારી પાસે એવી છોકરીઓ હતી કે જેમણે કેટલોક સમય મારા પ્રત્યે તીવ્ર ઘૃણા બતાવી છે.

સમરહિલમાં હું શિક્ષક અને માનસશાસ્ત્રી - બન્ને હતો. પછી, મેં ધીરે ધીરે શોધ્યું કે માણસ આ બન્ને ભૂમિકા નિભાવી ન શકે. મારે માનસશાસ્ત્રી બનવાનું છોડવું પડ્યું, કારણ કે મોટા ભાગના વિદ્યાર્થીઓ તેમની ભૂલોને સાંભળનાર પાદરી સમાન જે વ્યક્તિ બની હોય, તેની સાથે બીજું કંઈ ખાસ કામ કરી શકે નહીં. તેઓ અકળાઈ જશે અને મારી ટીકાનો ડર મનમાં હંમેશાં રહ્યા કરશે. વધુમાં, જો હું કોઈ એક બાળકના ચિત્રના વખાણ કરું છું, ત્યારે હું બીજા બાળકોમાં ઈર્ષ્યાનો ભાવ જગાડું છું. કોઈ માનસરોગના ડોક્ટરે શાળામાં સાથે જ રહેવાની જરાયે જરૂર નથી; બાળકોને તેનામાં સહેજે સામાજિક રસ ન હોય.

મનોવિજ્ઞાનની બધી જ શાળાઓએ અજાગૃત મનની પરિકલ્પનાને માન્ય રાખી છે. એ એમ માને છે કે આપણા બધાની અંદર ઈચ્છાઓ, પ્રેમ અને ધિક્કાર હોય છે. અને એ બાબતે આપણે સભાન પણ નથી. કોઈ પણ વ્યક્તિનું ચારિત્ર્ય એ જાગૃત વ્યવહાર અને અજાગૃત વ્યવહારનું મિશ્રણ છે.

ઘરફોડ ચોરી કરનાર યુવાન સભાન છે કે તેને પૈસા કે ચીજ-વસ્તુઓ જોઈએ છે. પણ સામાજિક રસ્તે પૈસા કમાવાને બદલે આ રસ્તે પૈસા મેળવવા માટે તેને દોરતા, ઊંડે ઊંડે રહેલા ઉદ્દેશ બાબતે તે જાણતો નથી. આ ઉદ્દેશ દબાયેલો છે તેથી નૈતિક ભાષણો અથવા સજાઓ તેનો ક્યારેય ઈલાજ નથી કરી શકતા. ઠપકો માત્ર તેના કાનથી સંભળાય છે, અને સજાનો અહેસાસ માત્ર તેના શરીર દ્વારા થાય છે. પરંતુ, આ ઉપદેશો અને સજાઓ ક્યારેય પેલા અજાગૃત ઉદ્દેશ સુધી પહોંચી શકતા નથી, કે જે તેના વ્યવહારનું નિયંત્રણ કરે છે.

તેથી, ધર્મ કે ઉપદેશથી છોકરાના અજાગૃત મન સુધી પહોંચી શકાતું નથી. પણ જો તે છોકરાનો પાદરી તેની સાથે ચોરી કરવા બહાર નીકળશે, તો જે આત્મવંચના તેના અસામાજિક વ્યવહાર માટે જવાબદાર છે, તે ઓગળવાની શરૂઆત થઈ શકે. તે સહાનુભૂતિભર્યો સંબંધ છોકરાને જુદી રીતે વિચારતો કરશે. એક કરતાં વધુ નાનકડા ચોરોના ઈલાજની શરૂઆત ત્યારે થઈ જ્યારે હું તેની સાથે અમારા પાડોશીની મરઘી

ચોરવામાં જોડાયો કે શાળાના પૈસાના ખાનાને લૂંટવામાં મેં તેની મદદ કરી હતી. કર્મ એ અજાગૃત મનને સ્પર્શે છે, જ્યાં શબ્દો નથી પહોંચી શકતા. તેથી જ, પ્રેમ અને સ્વીકાર બાળકની સમસ્યાઓનો મોટે ભાગે ઈલાજ કરી શકે છે. હું એમ નથી કહેતો કે પ્રેમ બંધ જગ્યાનો ડર લાગવાની માનસિક વિકૃતિના કિસ્સાનો ઈલાજ કરી શકે અથવા તીવ્ર પરપીડનવૃત્તિનો ઈલાજ કરી શકે; પણ સામાન્ય પણે, પ્રેમ મોટા ભાગના નાનકડા ચોરો અને જુઠ્ઠું બોલતા અને ભાંગફોડિયા બાળકોનો ઈલાજ કરી શકે છે. મેં એવું કર્મથી સાબિત કર્યું છે કે જેમનું ભવિષ્ય આજીવન કેદ જ જણાતું હતું, તેવાં ઘણાં બાળકોનો ઈલાજ સ્વતંત્રતાથી થયો છે અને નૈતિક શિસ્તના અભાવથી થયો છે.

મનોવિશ્લેષણ એક વ્યક્તિ માટે જે કરી શકે તે સમરહિલની જેમ, સમૂહજીવનમાં સાચી સ્વતંત્રતાના મહાવરાથી ઘણા લોકો માટે કરી શકે છે, તેવું જણાય છે. જે છુપાયેલું છે તેને મુક્ત કરે છે. તે એક ચોખ્ખી હવાનો શ્વાસ છે, જેના આત્મામાં વહેવાથી, પોતાની જાત માટેની અને બીજા માટેની નફરત નાબૂદ થાય છે.

યુવાનો માટેની લડાઈ એવી છે કે જેમાં આપણામાંથી કોઈ તટસ્થ રહી શકે તેમ નથી. આપણે એક અથવા બીજો પક્ષ લેવો પડશેઃ સત્તા અથવા સ્વતંત્રતા; શિસ્તપાલન અથવા સ્વ-શાસન. કોઈ અડધા-અધૂરા માપદંડો ચાલશે નહીં. પરિસ્થિતિ ખૂબ તાકીદની છે.

દરેક માતાપિતા તથા શિક્ષકો પોતાના બાળકને વારસામાં બે સ્થિતિ આપી શકે છે. એકઃ એક સ્વતંત્ર આત્મા બનવું, કાર્યમાં આનંદી રહેવું, મિત્રતામાં ખુશ હોવું, અને પ્રેમમાં ખુશ હોવું. અને બીજીઃ મૂંઝવણોનું દયાજનક પોટલું બનવું, પોતાની જાતને નફરત કરવી અને માનવતાને નફરત કરવી.

આનંદની ભેટ કેવી રીતે આપી શકાય? મારો જવાબ છે : સત્તાને નાબૂદ કરી નાખો. બાળકને તે જેવો છે તેવો બનવા દો. તેને બીજા જેવું બનવા ધકેલો નહીં. તેને કંઈ શીખવો નહીં. તેને કોઈ ભાષણ ન આપો. તેના ઉદ્ધારક ન બનો. તેને કંઈ કરવા દબાણ ન કરો. આમાં કદાચ તમારો જવાબ સમાયેલો ન હોય. પણ, જો તમે મારો આ જવાબ નકારશો, તો વધુ સારો જવાબ શોધવાની જવાબદારી પણ તમારી જ રહેશે.

૬

માતાપિતાની સમસ્યાઓ

પ્રેમ અને નફરત

બાળક પોતાનો અંતરાત્મા તેનાં માતાપિતા, શિક્ષક, ધર્મગુરુ દ્વારા એટલે કે તેની આસપાસના વાતાવરણમાંથી મેળવે છે. તેઓની નાખુશી ખરેખર તો અંતરાત્મા અને માનવીય સ્વભાવ વચ્ચે ચાલતા સંઘર્ષોનું પરિણામ છે. અથવા ફ્રોઇડની ભાષામાં કહીએ તો એ તેમના 'સુપર ઈગો' અને 'ઈડ'ની વચ્ચેનો સંઘર્ષ છે. ક્યારેક અંતરાત્માની જીત થાય છે, જેના પરિણામે બાળક સંન્યાસી બની જાય છે; સંસાર અને શરીર બન્નેનો ત્યાગ કરે છે. મોટા ભાગના કિસ્સાઓમાં એક સમાધાન કરવામાં આવે છે - આ સમાધાન કેટલાક અંશે આ કહેવતમાં વ્યક્ત થાય છે -*"સો ચુહે ખાકે બિલ્લી હજકો ચલી"* એટલે કે તમે અઠવાડિયામાં છ દિવસ દૈત્યની સેવા કરો અને રવિવારે ભગવાનની સેવા કરી લો તો ચાલે.

'પ્રેમ' અને 'નફરત' એકબીજાના વિરોધી નથી. 'પ્રેમ'નું વિરોધી છે 'ઉદાસીનતા'. ઘૃણા એ પ્રેમની જ બીજી બાજુ છે. પ્રેમને દબાવી રાખવાથી તે ઘૃણામાં ફેરવાઈ જાય છે. ઘૃણામાં હંમેશાં ડર છુપાયેલો હોય છે. પોતાનાં નાનાં ભાઈને નફરત કરતા બાળકમાં આપણે આ જોઈ શકીએ છીએ. એની નફરત એ ડરમાંથી પેદા થાય છે કે તે પોતાની માનો પ્રેમ ગુમાવી બેસશે. સાથે સાથે તે બાળક પોતાના ભાઈ માટે પોતાના મનમાં ઊઠેલી બદલાની ભાવનાથી પણ ડરે છે.

ચૌદ વર્ષની એન્સી, એક વિદ્રોહી સ્વીડિશ છોકરી હતી. સમરહિલમાં આવ્યા બાદ તેણે શરૂઆત મને હેરાન કરવાથી કરી જેથી હું નારાજ થઈ જાઉં. બદ્નસીબે હું તેના પિતાના સ્થાને હતો જેમને એ નફરત કરતી હતી, જેમનાથી એ ડરતી હતી. તેને ક્યારેય તેના પિતાના ખોળામાં બેસવા દેવામાં આવી નહોતી. ન તો કોઈ રીતે પિતાએ તેના પ્રત્યે પ્રેમ દર્શાવ્યો હતો. જ્યારે તેના પ્રેમના બદલામાં તેના પિતાએ તેને પ્રેમ ન આપ્યો, ત્યારે એનો પ્રેમ નફરતમાં ફેરવાઈ ગયો. એને સમરહિલમાં એક નવો 'પિતા' મળ્યો જે તેની સાથે સખ્તાઈભર્યો વ્યવહાર નહોતો કરતો, એવો પિતા કે જેનાથી તે ડરતી નહોતી. આનાથી તેની નફરત બહાર આવી. એ પણ એક હકીકત છે કે બીજા જ દિવસે મારી પ્રત્યે તેનો વ્યવહાર સ્નેહ અને કોમળતાભર્યો હતો. આ એ વાતની ખાતરી આપે છે કે એની નફરત ખરા અર્થમાં તો પ્રેમનું જ એક સ્વરૂપ હતી.

એન્સી દ્વારા મારા પર થયેલ હુમલાના અર્થને સમજવો એટલે જાતીયતા પ્રત્યેના તેના વિકૃત અભિગમને જાણવો અને સમજવો. એન્સી એક કન્યા વિદ્યાલયમાંથી

આવી હતી, જ્યાં બીજી છોકરીઓ અંધારા ખૂણામાં છુપાઈને સેક્સ સંબંધી અભદ્ર અને ગલીચ વાતો કરતી હતી. પોતાના પિતા પ્રત્યેની તેની નફરત આંશિકરૂપે દબાવી રાખવામાં આવેલા સેક્સ સંબંધી શિક્ષણને કારણે ઊપજી હતી. એટલી જ તીવ્રતાથી તે તેની માને પણ નફરત કરતી હતી, જે તેને વારંવાર સજા આપતી હતી.

એવું જૂજ માતાપિતાને સમજાય છે કે સજા કરીને તેઓ પોતાના બાળકના પ્રેમને નફરતમાં ફેરવી નાખે છે. બાળકોમાં રહેલી નફરતને ઓળખવી સહેલી નથી. મમ્મીઓ સમજતી નથી કે માર માર્યા પછી બાળકોમાં દેખાતી કોમળ ભાવના ખરેખર તો નફરતને દબાવી દેવાનું પરિણામ છે. દબાવી રાખેલી લાગણીઓ મરતી નથી, ફક્ત એટલા સમય માટે સૂઈ જાય છે.

"કિશોરોને નીતિ ઉપદેશ" નામે મારકસનું એક પુસ્તક છે. હું પ્રયોગ માટે બાળકોને એની એક કવિતાની કેટલીક લીટીઓ હંમેશાં વાંચીને સંભળાવું છું. તેનો ભાવાર્થ છે :

> ટોમીએ તેનું ઘર સળગતું જોયું;
> માને જ્વાળાઓમાં ખતમ થતી જોઈ;
> જોયું કે ઉપરથી પડેલી ઈંટથી પિતા મરી ગયા
> અને ટોમી હસ્યો, હસ્યા જ કર્યો;
> ત્યાં સુધી કે જ્યાં સુધી એ માંદો ન પડી ગયો.

બાળકોની આ માનીતી પંક્તિઓ છે. બાળકોને તે સાંભળવાની કે વાંચવાની ખૂબ મજા આવે છે. પોતાનાં માતાપિતાને ખૂબ પ્રેમ કરતાં બાળકો પણ ખુશ થાય છે કારણ કે તેમના મનમાં નફરત દબાયેલી હોય છે. એ નફરત જે માર ખાવાથી, ટીકા સાંભળવાથી અને સજા પામવાથી ભડકતી અને દબાઈ જતી હોય છે.

મોટે ભાગે આવી નફરત કાલ્પનિક ઘટનાઓમાં બહાર આવે છે, જેમાં માતાપિતા પ્રત્યક્ષ રીતે સામેલ નથી હોતાં. પોતાના પિતાને બેહદ પ્રેમ કરતો એક કિશોર વિદ્યાર્થી હંમેશાં એવી કલ્પના કરતો કે તે એક સિંહ સામે બંદૂક તાકે છે. મેં તેને સિંહનું વર્ણન કરવા કહ્યું. તરત તેને સમજાવા લાગ્યું કે તે સિંહ અને પોતાના પિતામાં કોઈક સામ્યતા જોઈ રહ્યો છે.

એક સવારે મેં દરેક બાળકને વારાફરતી એકલું બોલાવ્યું અને મારા મૃત્યુની વાત સંભળાવી. મારી શબ યાત્રાના વર્ણન સુધી દરેકના ચહેરા પર મેં એક ચમક જોઈ. એ દિવસે બપોરના સમયે બધા ખૂબ ખુશ દેખાતા હતા. વિશાળ દાનવો/દૈત્યોના સંહારની વાર્તાઓ બાળકો એટલા માટે પસંદ કરે છે કારણ કે તેઓ એ દૈત્યોમાં પોતાના પિતાની

છબી જોતાં હોય છે.

પોતાનાં માતાપિતા પ્રત્યેની નફરતને લઈને કોઈ આશ્ચર્ય ન હોવું જોઈએ. તેની શરૂઆત જ્યારથી બાળકનો અહંકાર જન્મે ત્યારથી જ થાય છે. નાનું બાળક પ્રેમ અને સત્તા ઈચ્છે છે. ગુસ્સાની દરેક ક્ષણ, દરેક માર, દરેક ઘા તેને પ્રેમ અને સત્તાથી વંચિત રાખવા બરાબર લાગે છે. બાળક માટે માના દરેક ફિટકારભર્યા શબ્દનો અર્થ છે,"મા મને પ્રેમ નથી કરતી." પિતાના દરેક "અડકીશ નહીં"ના કડક આદેશનો અર્થ છે, "એ મને નડતરરૂપ છે. કાશ, હું તેમના જેવડો હોત!"

હા, માતાપિતામાં પણ બાળકો માટે નફરત હોય છે, પરંતુ એ એટલી ખતરનાક નથી હોતી જેટલી બાળકોની નફરત માતાપિતા પ્રત્યે હોય છે. માતાપિતા દ્વારા દોષ શોધવો, ગુસ્સો કરવો, મારવું, ભાષણો આપવાં એ બધું નફરતમાંથી આવે છે. આથી પરસ્પર પ્રેમ ન કરતાં માતાપિતાનાં બાળકોના સ્વસ્થ વિકાસની સંભાવના ઘણી જ ઓછી છે. કારણ કે આવાં માતાપિતાનો એકબીજા પરનો ગુસ્સો બાળક પર ઊતરે એ જગજાહેર બાબત છે.

જ્યારે બાળકને પ્રેમ નથી મળતો ત્યારે તે એના વિકલ્પ તરીકે નફરત કરવા માંડે છે. "મમ્મી મને ધ્યાન નથી દેતી, તે મને પ્રેમ નથી કરતી. તે મારી નાની બહેનને પ્રેમ કરે છે. હું તેનું ધ્યાન મારા તરફ ખેંચીને જ રહીશ, હું આમ કરીને જ રહીશ!" અને તે ફર્નિચર ઉપર લાત ઠોકી દે છે. બાળકોના વ્યવહારની બધી જ સમસ્યાઓ મૂળભૂત રીતે પ્રેમના અભાવમાંથી સર્જાતી સમસ્યાઓ હોય છે. બધી જ સજાઓ, નૈતિકતાના બધા જ ઉપદેશો તેમની નફરતમાં વધારો જ કરે છે – તે ક્યારેય સમસ્યાનું સમાધાન નથી કરતાં.

માતાપિતાના બાળકો ઉપરના માલિકીભાવથી પણ બાળકોમાં નફરત પેદા થાય છે. બાળકો તેમનાં બંધનને ધિક્કારે છે. અને વળી, આ બંધનોને ઈચ્છે પણ છે. આ દ્વિધા ક્યારેક ક્રૂરતા રૂપે બહાર આવે છે. માલિકીપણું બતાવતી મમ્મી પ્રત્યેની નફરત દબાઈ જાય છે. પરંતુ દબાયેલી લાગણી કોઈક રીતે બહાર આવતી જ હોય છે એટલે બાળક બિલાડીને લાત મારે છે કે પોતાની બહેનને મારે છે. માની વિરુદ્ધ જવા કરતાં બાળકોને આમ કરવું સહેલું લાગે છે.

એ જગજાહેર છે, આપણે બીજાની એ જ બાબતને નફરત કરીએ છીએ જેની આપણી અંદર મોજૂદગીને આપણે ધિક્કારીએ છીએ. જગજાહેર હોય કે ના હોય તો પણ વાત સાચી છે. આપણે હંમેશાં બાળકને પ્રેમ આપવા તત્પર હોવા છતાં આપણા બાળપણમાં મળેલી નફરતને આપણે બાળકો ઉપર ઢોળતા હોઈએ છીએ.

એમ કહેવાય છે કે જો તમે નફરત ન કરી શકો તો તમે પ્રેમ પણ ન કરી શકો. કદાચ મારા માટે નફરત કરવી મુશ્કેલ કાર્ય છે. એથી હું ક્યારેય બાળકોને અંગત કે વ્યક્તિગત પ્રેમ આપી શકતો નથી અને લાગણીશીલ પ્રેમ તો ક્યારેય નહીં. લાગણીશીલતા શબ્દને વ્યાખ્યાયિત કરવો મુશ્કેલ કામ છે. હું તેને 'રાજહંસના ગુણો બતકને આપવા' જેવું કાર્ય ગણું છું.

હું એક એવા છોકરાનો ઈલાજ કરતો હતો, જે ચોરી, વિનાશ કે ખૂન કરી શકે તેવું વ્યક્તિત્વ ધરાવતો હતો. તેનું નામ છે - રોબર્ટ. આ ઈલાજ દરમ્યાન સ્વાભાવિક રીતે જ હું તેના પિતા પ્રત્યેનાં પ્રેમ અને નફરત મારી તરફ વાળી લઉં છું. એક દિવસ મારી સાથે વાત કર્યા બાદ તે બહાર દોડ્યો અને એક ગોકળગાયને તેના પગ નીચે ચગદી નાખી. તેણે પાછા આવીને મને તેના વિશે જણાવ્યું પણ ખરું. મેં તેને ગોકળગાયના દેખાવનું વર્ણન કરવા કહ્યું. તેનો જવાબ હતો,"એક લાંબો, કદરૂપો, ચીકણો કીડો."

મેં તેને એક કાગળ આપ્યો અને તેના પર "ગોકળગાય" લખવાનું કહ્યું. તેણે લખ્યું, "અ સ્નેઈલ.(A snail)"

મેં કહ્યું, "હવે તેં જે લખ્યું છે તે જો."

અચાનક એ જોરથી હસ્યો. તેણે પોતાની પેન્સિલ કાઢી અને લખ્યું, "અ સ્નેઈલ": "એ એસ નીલ.(A. S. Naill)"

"શું તને ખબર નહોતી કે હું જ એ લાંબો, કદરૂપો, ચીકણો કીડો હતો જેને તું મારી નાખવા ઈચ્છતો હતો? તને ખબર હતી?" મેં સ્મિત સાથે કહ્યું.

અત્યાર સુધી એ છોકરાને મારાથી કોઈ ખતરો નહોતો. મેં તેને મારા પ્રત્યેની નફરત બદલ સભાન બનાવ્યો. એ તેના માટે સારું હતું પરંતુ જો મેં તેને એવું કાંઈક કહ્યું હોત,"હું જ એ સ્નેઈલ હતો પણ તું ખરેખર મને નફરત નથી કરતો, તું તારા એ હિસ્સાને નફરત કરે છે જે મારા જેવો છે. જેને મારી નાખવો જોઈએ-એટલે તું જ એ ચીકણો કીડો છે જેને મારી નાખવો જોઈએ. તું તારામાંના જ એક ગુણને મારી નાખવા માગે છે વગેરે..." તો આ મારા માટે એક ખતરનાક મનોવૈજ્ઞાનિક ઈલાજ હોત. રોબર્ટનું કામ છે લખોટીઓ રમવાનું અને પતંગ ઉડાડવાનું. મારે અથવા કોઈ શિક્ષકે કે ડોક્ટરે બસ તેને એ બેચેનીમાંથી મુક્ત કરવાનો હતો, જે તેને તેની પતંગ ઉડાડવામાં આડે આવે છે.

કૃતજ્ઞતાની અપેક્ષા રાખતાં માતાપિતા બાળકોની પ્રકૃતિ વિશે કાંઈ જ જાણતાં હોતાં નથી. બાળકો કોઈના ઋણી બનવા જ નથી માગતાં. સમરહિલમાં મને એવાં

બાળકોની નારાજગીનો ખૂબ જ અનુભવ છે, જેઓને મેં ઓછી ફીમાં કે વગર ફીમાં રાખ્યાં છે. તેઓ ફી આપવાવાળાં વીસ બાળકો કરતાં પણ વધારે માત્રામાં મને નફરત કરે છે. શોએ કહ્યું છે કે,"આપણે જેના માટે ત્યાગ કરીએ છીએ તેને નફરત કર્યા વગર ત્યાગ કરી શકતા નથી."

આ સાચું છે. આનાથી ઊલટું પણ સાચું છે,"આપણે ત્યાં સુધી બીજા માટે ત્યાગ નથી કરી શકતા જ્યાં સુધી આપણે જેમના માટે ત્યાગ કરીએ છીએ તેમની નફરત નથી પામી લેતાં." હૃદયપૂર્વક આપતી એક વ્યક્તિ કૃતજ્ઞતાની અપેક્ષા નથી રાખતી. પોતાનાં બાળકો પાસેથી કૃતજ્ઞતાની અપેક્ષા રાખતાં માતાપિતાને નિરાશા જ મળે છે.

છેવટે બધાં બાળકોને લાગે છે કે સજા નફરત છે અને ખરેખર છે જ. અને દરેક સજા બાળકની નફરતમાં વધારો કરતી જ રહે છે. જો તમે કોઈ એવા કટ્ટરવાદીનો અભ્યાસ કરો જે કહેતો હોય કે "હું મારપીટને સાચો રસ્તો ગણું છું" તો તમે તેને હંમેશાં નફરતથી જ ઊભરાતો જોશો. હું એ વાત બહુ ભારપૂર્વક નહીં કહી શકું કે નફરતથી નફરત ઊપજે અને પ્રેમથી પ્રેમ. કોઈ પણ બાળકની નફરતનો ઈલાજ આજ સુધી પ્રેમ સિવાય અન્ય કોઈ રીતે થયો નથી.

બાળકોને બગાડવાં

એક બગડેલ બાળક - "બગડેલ" શબ્દનો ઉપયોગ તમે ગમે તે અર્થમાં કર્યો હોય - વાસ્તવિકતામાં એ બગડેલ સમાજની પેદાશ છે. આવા સમાજમાં આ બાળક ભયભીત થઈને જીવનને જાણે ચોંટેલું રહે છે. તેને સ્વતંત્રતાની જગ્યાએ સ્વચ્છંદ બનવાની છૂટ આપવામાં આવી છે. તે સાચી સ્વતંત્રતાનો અર્થ જ નથી સમજી શક્યો, જેનો મતલબ ખરેખર "જીવનને ચાહવું" એવો જ થાય.

બગડેલ બાળક ખુદ પોતાના માટે અને સમાજ માટે એક સમસ્યારૂપ હોય છે. રેલગાડીમાં તે પ્રવાસીઓના પગ ચગદીને ચાલતો, ગલીઓમાં ચીસો પાડતો, દુઃખી માતાપિતા દ્વારા અપાતી શાંતિ રાખવાની એવી સૂચનાઓની અવગણના કરતો જોવા મળે છે, જેને ખરેખર તો તેણે સાંભળવી ક્યારનીય બંધ કરી દીધી છે.

આગળ ઉપર આવો બગડેલ છોકરો જેમ જેમ મોટો થતો જાય છે, તેમ તેની જિંદગી એક કડક શિસ્તમય વાતાવરણમાં ઊછરેલ બાળકની જિંદગીથી પણ ખરાબ થતી જાય છે. બગડેલ બાળક અતિશય સ્વકેન્દ્રિત હોય છે. તે એવો માણસ બને છે જે

પોતાના સૂવાના ઓરડામાં પોતાનાં કપડાં જ્યાં ત્યાં ફેંકીને બીજા તેને સરખું કરે તેવી આશા રાખે છે. દેખીતું છે કે પોતાની પુખ્ત ઉંમર સુધીમાં આ બગડેલ બાળક દરેક પ્રકારની ઠોકર ખાય છે.

ક્વચિત્ બગડેલ બાળક માતાપિતાનું એકનું એક બાળક હોય છે. પોતાની ઉંમરનું કોઈ સાથી તેની સાથે રમવા કે સરખામણી કરવા માટે હોતું નથી. સ્વાભાવિક જ છે કે તે આવી સ્થિતિમાં પોતાની સરખામણી પોતાનાં માતાપિતા સાથે કરે છે. એટલે કે એ એવું બધું જ કરવા ઇચ્છે છે કે જે તેનાં માતાપિતા કરે છે. અને તેને દુનિયાની અજાયબી માનતા માતાપિતા તેની અક્કલ-હોશિયારીને પ્રોત્સાહિત કરતાં રહે છે. તેઓ તેને હળવો ઠપકો આપતાં પણ ડરે છે કે જેથી તે બાળકને દુભવી ન બેસે.

ક્યારેક ક્યારેક શિક્ષકોમાં પણ મને આવો દૃષ્ટિકોણ જોવા મળે છે જે પોતાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને લાડ લડાવતા હોય છે. આવા શિક્ષકો હંમેશાં એવા ભયમાં જીવતા હોય છે કે ક્યાંક બાળકોમાં પોતાની લોકપ્રિયતા ઓછી ન થઈ જાય. બગાડવાનો ઉમદા રસ્તો છે આ ભય. સારા શિક્ષકો અને માતાપિતાઓએ પોતાની નિષ્પક્ષતા જાળવવી પડે છે. બાળકો સાથેના સંબંધમાં પોતાની ગ્રંથિઓ આડે ન આવે તે જોવું પડશે. દેખીતું છે કે આમ કરવું મુશ્કેલ છે કારણ કે આપણને આપણી જ ગ્રંથિઓ દેખાતી નથી. ઉદાહરણ તરીકે એક દુઃખી માનું બાળક બગડેલું થવાની પૂરી શક્યતા છે, કારણ કે તે પોતાનો અશુદ્ધ સ્નેહ જ બાળક પર ઠાલવશે.

સમરહિલમાં બગડેલ બાળક અમને હંમેશાં હેરાન કરે છે. તે મારી પત્નીને થકવી નાખે છે કારણ કે આવા બાળકને માટે તે તેની વૈકલ્પિક મા જ હોય છે. તે પ્રશ્નો પૂછી-પૂછીને મારી પત્નીનો જીવ ખાઈ જાય છે, "આ સત્ર ક્યારે પૂરું થશે?", "કેટલા વાગ્યા છે?", "મને પૈસા આપી શકશો?" આ બધાની પાછળ તેની મા પ્રત્યેની ઘૃણા જ છુપાયેલી હોય છે. આ તમામ સવાલો તેને હેરાન કરવાના હેતુથી જ પુછાતા હોય છે. બગડેલી છોકરી હંમેશાં મને અકળાવવાની કોશિશ કરે છે કારણ કે હું તેના પિતાના સ્થાન પર હોઉં છું. મોટે ભાગે તેની કોશિશ પ્રેમનો પ્રતિભાવ મેળવવાને બદલે નફરત ભરી પ્રતિક્રિયા મેળવવાની હોય છે. નવી નવી આવેલી બગડેલી છોકરી મારી પેન સંતાડી દે અથવા બીજી છોકરીને કહે, "નીલ તને બોલાવે છે." ખરેખર તો પોતે ઇચ્છતી હોય છે કે નીલ તેને બોલાવે.

આવા બગડેલ છોકરા-છોકરીઓએ મારા દરવાજાને લાતો મારી છે. હું પ્રતિક્રિયાઓ આપું એવી કોશિશોમાં મારી વસ્તુઓની ચોરી કરેલ છે. અચાનક જ એક બહોળા કુટુંબમાં પોતે આવી ગયો હોવાનું જણાતાં બાળકને ખૂબ ગુસ્સો આવે છે. તે મારી

પાસેથી અને અન્ય શિક્ષકો પાસેથી એવા જ સમર્પણની આશા રાખે છે, જે તેને તેના માતાપિતા તરફથી મળતું હતું.

બગડેલ બાળકોને મોટે ભાગે ખૂબ જ ખિસ્સાખર્ચી મોકલવામાં આવે છે. જ્યારે માબાપ બાળક માટે એક પાઉન્ડની નોટ મોકલે ત્યારે મારું મન ખૂબ કચવાય છે. ખાસ કરીને એવાં માબાપ તરફથી આ મોકલાય જેમની નબળી આર્થિક સ્થિતિને લઈને મારે તેમની ફી ઓછી કરવી યા માફ કરવી પડી હોય.

બાળકોને તે જે માગે તે બધું જ આપવું ન જોઈએ. આજકાલ બાળકોને જરૂર કરતાં ઘણું વધારે આપવામાં આવે છે, એટલું વધારે કે તેમને મન ભેટની કોઈ કિંમત જ નથી રહેતી. મોટા ભાગે જે માતાપિતા બાળકોને પૂરતો પ્રેમ આપી નથી શકતાં તે જરૂરથી વધારે ભેટો આપતા હોય છે. આવાં માબાપો મોંઘી ભેટો આપીને પ્રેમની ખોટ પૂરવાની કોશિશ કરે છે. બિલકુલ એક બેવફા પતિની જેમ, જે પોતાની પત્નીને ખુશ રાખવા માટે મોંઘો કોટ આપે છે. મારો નિયમ છે કે હું જેટલી વાર લંડન જાઉં તેટલી વખત મારી દીકરી માટે ભેટ નથી લઈ આવતો. પરિણામે હું જ્યારે લંડનથી પાછો ફરું ત્યારે ભેટ મળે જ એવી તે આશા નથી રાખતી. બગડેલા બાળક માટે વસ્તુઓનું કોઈ મૂલ્ય નથી હોતું. એને તમે ઝડપથી ચાલતી, ચકમકતી નવી સાઈકલ લઈ આપો અને ત્રણ અઠવાડિયાંમાં તે આ સાઈકલને વરસાદમાં ભીંજાતી છોડીને આવશે.

બગડેલ બાળક થકી ખરેખર માબાપ પોતાનું બાળપણ સુધારીને જીવવાની કોશિશમાં હોય છે. *હું મારી જિંદગીમાં ખૂબ ઓછું પ્રાપ્ત કરી શક્યો કારણ કે ઘણી વ્યક્તિઓ મારા રસ્તામાં આડે આવી. જ્યાં હું નિષ્ફળ ગયો ત્યાં મારા દીકરાને સફળતા માટેની પૂરતી તકો મેળવી આપીશ.* આવી અંતઃપ્રેરણાથી ચાલતા પિતા પોતાનાં બાળકો પર પિયાનો વગાડતાં શીખવાનું લાદશે કારણ કે તે શીખવાની પોતાની ઇચ્છા પૂરી થઈ શકી નહોતી. લગ્ન બાદ પોતાની કારકિર્દીની બલિ ચડાવી દેતી મા પોતાની દીકરીને નૃત્ય શીખવા મોકલશે, ચાહે તેની દીકરી તે માટે તૈયાર હોય કે નહીં. આવાં માતાપિતા અસંખ્ય બાળકોને એવી એવી નોકરી કે અભ્યાસમાં જોડી દે છે જેની આ બાળકોએ ક્યારેય કલ્પના પણ ન કરી હોય. માતાપિતા પોતાની ભાવનાઓ માટે લાચાર હોય છે. ખૂબ મહેનત કરીને કપડાંનો વ્યવસાય જમાવતા પિતાને જ્યારે એ ખબર પડે છે કે દીકરો અભિનેતા કે કલાકાર બનવા માગે છે તો પિતા આ વાત પચાવી નથી શકતા, પણ મોટા ભાગે આમ જ થતું હોય છે.

બગડેલાં બાળકોની એક યાદી એવી પણ છે, જેમાં મા જ બાળકને મોટું થવા દેવા

નથી માગતી. માતૃત્વ એક ખૂબ મહત્ત્વનું કાર્ય છે પણ તે આખી જિંદગી ચાલતું કાર્ય નથી. મોટા ભાગની મા આ સમજતી હોય છે, છતાં પોતાની દીકરી માટે હંમેશાં એવું કહેતી હોય છે કે તે "જરૂર કરતાં વધુ ઝડપથી વિકસી રહી છે."

બાળકોને બીજાના વ્યક્તિગત અધિકારોનો ભંગ કરવાની છૂટ ક્યારેય આપવી ન જોઈએ. જે માતાપિતા પોતાનાં બાળકોને બગડવા દેવા ન માગતાં હોય તેમણે આઝાદી અને સ્વચ્છંદતા વચ્ચેનું અંતર સમજી લેવું જરૂરી છે.

સત્તા અને અધિકાર

મનોવિજ્ઞાન દ્વારા અભાનાવસ્થાના મહત્ત્વ વિશે શોધ થઈ તે પહેલાં બાળકોને વિવેકશીલ માનવામાં આવતાં. તેવું માનવામાં આવતું હતું કે બાળકમાં પ્રબળ ઈચ્છાશક્તિ હોય છે, જેના આધારે એ સારું કે ખરાબ શું છે તેની સ્વયં પસંદગી કરી શકે છે. એમ પણ માનવામાં આવતું કે તેનું મગજ કોરી પાટી જેવું છે, જેના પર કર્તવ્યનિષ્ઠ શિક્ષકે બસ લખવાનું જરૂરી છે.

હવે અમે એવું સમજવા લાગ્યા છીએ કે બાળકમાં કાંઈ પણ સ્થિર કે ગતિહીન હોતું નથી. તે તો ગતિશીલ આવેગોનું વાહક છે, જેમને તે પોતાની ઈચ્છાઓ, કાર્યો દ્વારા વ્યક્ત કરે છે. તે વૃત્તિથી સ્વાર્થી હોય છે અને હંમેશાં પોતાની શક્તિને માપવા માગતું હોય છે. જો પ્રત્યેક વસ્તુમાં સેક્સ સમાવિષ્ટ છે તો સત્તાની ઈચ્છા પણ દરેક સ્થળે મોજૂદ છે.

બાળક કદાચ એ સમજી લે છે કે પોતાની આસપાસના વાતાવરણ પર તેની સત્તા ઘોંઘાટ કે મોટેથી બોલવાથી અભિવ્યક્ત થાય છે. તેની ઉંમરના સાથી-મિત્રોના શોરબકોરની જે અસર કે પ્રતિક્રિયા થતી હશે તે જોઈને મોટેથી બોલવાની અસરકારકતાની છાપ તેના મન ઉપર પડી હશે. અથવા મોટો અવાજ પોતે જ તેને વધુ મહત્ત્વનો લાગતો હશે.

બાલવાડીમાં હંમેશાં શોરબકોરને દબાવવામાં આવે છે. પરંતુ એની પણ પહેલાં જે દમન થાય છે તેનો સંબંધ બાળકમાં સ્વચ્છતાની આદત રોપવા સાથે છે. આપણે એવું અનુમાન જ કરી શકીએ કે કદાચ બાળક મળ-મૂત્રના ત્યાગ જેવી ક્રિયાઓ દ્વારા પોતાને તાકાતવર સમજે છે. શક્ય છે કે મળત્યાગ તેને માટે બેહદ મહત્ત્વપૂર્ણ હોય છે કારણ કે જાતે કાંઈ સર્જન કરવાનો આ તેનો પહેલો અનુભવ હોય. આપણે અનુમાન

જ બાંધી શકીએ એવું મેં એટલા માટે કહ્યું કારણ કે વર્ષ-બે વર્ષની ઉંમરમાં તો બાળક શું અનુભવે છે, શું વિચારે છે તે કોઈ કહી શકે નહીં. સાત-આઠ વર્ષનાં બાળકો પોતાના મળત્યાગમાં સત્તાનો અનુભવ કરે છે.

એક સામાન્ય મહિલાને વાઘની બીક લાગે છે. પરંતુ એક ન્યુરોટિક મહિલાને ઉંદરની બીક લાગે છે. વાઘ વાસ્તવિક છે પરંતુ ઉંદર તેની દબાવી દીધેલી ઈચ્છાનું પ્રતીક છે જેને ઓળખતાં તેને ડર લાગે છે. બાળકોની ઈચ્છાઓ પણ દમનને કારણે માનસિક ગ્રંથિઓમાં પરિવર્તિત થઈ શકે છે. ઘણાં બાળકોને રાતના ડર લાગે છે; તે ભૂતોથી, ચોરોથી કે ઝોળીવાળા સાધુ-બાવાથી ડરે છે. અજ્ઞાની માતાપિતા એમ માને છે કે બાળકોની આયાએ કહેલી વાર્તાઓ આ ડરનું કારણ છે. આયાની વાર્તા મનોગ્રંથિને માત્ર એક રૂપ આપે છે, પરંતુ માતાપિતા દ્વારા તેમની જાતીય ઈચ્છાઓનું દમન એ તેમના ભયનું મૂળ છે. જેમ ઉંદરથી ડરતી મહિલા પોતાની દબાવી રાખેલી રુચિઓથી ડરે છે, તેમ બાળક પોતાની દબાવી રાખેલી ઈચ્છાઓથી જ ડરે છે.

દમન માત્ર જાતીયતા સંબંધી ઈચ્છાઓનું જ હોય એ જરૂરી નથી. જો નારાજ પિતા બૂમો પાડીને કહે છે, "આ ઘોંઘાટ બંધ કરો", તો તે ઘોંઘાટમાં રહેલી બાળકની રુચિને પિતા ભયાતુર રુચિમાં ફેરવી નાખે છે. જ્યારે બાળકની ઈચ્છાઓ દબાવવામાં આવે ત્યારે તેનામાં ઘૃણા પેદા થાય છે. જો હું એક ત્રણ વર્ષના બાળક પાસેથી તેનું રમકડું છીનવી લઉં તો સંભવ છે કે એ મને મારી જ નાખે.

એક દિવસ હું બીલી સાથે બેઠો હતો. હું જે આરામ ખુરશીમાં બેઠો હતો તેનું કપડું કાળા અને નારંગી રંગના ચટ્ટાપટ્ટાવાળું હતું. અલબત્ત, બીલી માટે હું તેના પિતાના સ્થાને હતો.

તેણે કહ્યું,"એક વાર્તા સંભળાવો."

"તું કહે," મેં કહ્યું.

"ના." તેણે આગ્રહ કર્યો કે એ નહીં કહી શકે, મારે જ કહેવી પડશે.

"આપણે સાથે-સાથે જ વાર્તા કરીએ." મેં કહ્યું. "જ્યારે હું અટકું ત્યારે તું કંઈક કહેજે, ઠીક છે? લે સાંભળ, એક વાર એક..."

બીલીએ મારી ખુરશીના કાપડ પર નજર નાખી અને બોલ્યો, "વાઘ હતો." હું સમજી ગયો કે તેના મનમાં ચટ્ટાપટ્ટાવાળું પ્રાણી જ છે.

"એ વાઘ આ જ સ્કૂલની બહાર રસ્તાના કિનારે રહેતો હતો. એક દિવસ, એક છોકરો એ રસ્તા પરથી પસાર થતો હતો. છોકરાનું નામ હતું..."

"ડોનલ્ડ," બીલીએ કહ્યું. ડોનલ્ડ એના દોસ્તનું નામ છે.

"એ વાઘે છલાંગ મારી..."

"અને ડોનલ્ડને એ ખાઈ ગયો." બીલીએ અધીરાઈથી ઉમેર્યું.

"આ જોઈને ડેરીકે કહ્યું, 'વાઘ મારા ભાઈને ખાઈ જાય એ હું નહીં ચલાવી લઉં," એટલે એણે બંદૂક લીધી અને રસ્તા પર વાઘ તરફ આગળ વધ્યો. વાઘ ફરીથી કૂદ્યો અને..."

"અને એ ડેરીકને પણ ખાઈ ગયો." બીલી ખુશ થઈને બોલ્યો.

"ત્યારે નીલને ખૂબ ગુસ્સો આવ્યો. 'મારી આખી સ્કૂલને વાઘ ખાઈ જાય એ હું નહીં થવા દઉં.' તેણે બે બંદૂક લીધી અને બહાર નીકળ્યો. વાઘે છલાંગ મારી અને..."

"અને એને પણ ખાઈ ગયો."

"બીલીને થયું કે આમ તો ચાલે જ નહીં. તેણે પણ પોતાની બે બંદૂકો, તલવાર, છરી અને મશીનગન લઈ લીધાં અને રસ્તા પર નીકળ્યો. વાઘે છલાંગ મારી અને...

"બીલીએ વાઘને મારી નાખ્યો." બીલીએ શાંતિથી ઉમેર્યું.

"ખૂબ સરસ!" હું મોટેથી બોલી ઊઠ્યો. "તેણે વાઘને મારી નાખ્યો. તે વાઘને દરવાજા સુધી ઘસડીને લાવ્યો અને એક સભા બોલાવી, સભામાં એક શિક્ષકે કહ્યું, "નીલ તો હવે નથી રહ્યો પણ આપણને એક હેડમાસ્તરની જરૂર છે. મારો પ્રસ્તાવ છે કે..."

બીલીએ નજર નીચી કરી દીધી અને ચૂપ બેસી રહ્યો.

"મારો પ્રસ્તાવ છે કે..." "તમને ખબર છે કે એણે મારું નામ ઘોષિત કર્યું હતું," બીલી ચીઢાઈને બોલ્યો. "અને આમ બીલી સમરહિલનો હેડમાસ્તર બન્યો," મેં કહ્યું, "ખબર છે એણે પહેલું કામ શું કર્યું?"

"એ તમારા રૂમમાં ગયો અને તમારી પેન અને તમારું ટાઈપરાઈટર લઈ લીધું." બીલીએ ખચકાટ કે શરમ વિના કહ્યું.

બીલીની એક બીજી વાત છે. તેણે એક દિવસ મને કહ્યું, "મને ખબર છે કે મને પપ્પાના કૂતરાથી પણ મોટો કૂતરો ક્યાંથી મળી શકે એમ છે." એના પિતા પાસે બે વિશાળકાય કૂતરા છે.

"ક્યાંથી?" મેં પૂછ્યું. પણ તે માથું હલાવતો રહ્યો, અને તેણે જવાબ ન આપ્યો.

"તું એને કયા નામથી બોલાવીશ, બીલી?

તેણે જવાબ આપ્યો, "હૉસ પાઈપ"

મેં તેને કોરો કાગળ આપ્યો. "જરા હોસ પાઈપ દોરીને બતાવને."

તેણે એક મોટું શિશ્ન દોર્યું. મને મારી સાઈકલમાં હવા ભરવાનો જૂનો પંપ યાદ આવ્યો. હું તે લઈ આવ્યો અને બીલીને બતાવ્યો અને કહ્યું કે કેવી રીતે તેનો ઉપયોગ પાણી છાંટવા માટે કરી શકાય છે.

"લે, હવે તારી પાસે તારા પપ્પા પાસે છે તેના કરતાં મોટો હોસ પાઈપ છે." તે જોરથી હસ્યો. બે દિવસ સુધી તેણે સ્કૂલની ફરતે પાણી છાંટવાની મજા લીધી અને પછી હોસ પાઈપમાંથી તેનો રસ જતો રહ્યો.

પ્રશ્ન એ છે કે બીલીનું ઉદાહરણ સેક્સનું દૃષ્ટાંત હતું કે સત્તાનું? મને લાગે છે કે તેની સમસ્યા સત્તા સાથે સંકળાયેલ હતી. વાઘને (કે મને) મારવાની ઇચ્છા પિતાને મારવાની ઇચ્છાનું સ્વરૂપ હતું. તેનો સેક્સ સાથે સીધી રીતે કોઈ સંબંધ નહોતો. પોતાના પિતાના શિશ્નથી મોટા લિંગની ઇચ્છા પણ પિતા કરતાં વધુ તાકાતવાન થવાની ઇચ્છા હતી. બીલીની કલ્પનાઓ પણ સત્તા સંબંધી કલ્પનાઓ હતી. હું તેને તેના મિત્રો સાથે મોટી ડીંગ હાંકતો ખૂબ સાંભળું છું - એ કેવી રીતે એક જ વારમાં ઘણાં વિમાનો એક સાથે ઉડાવી શકે છે વગેરે... તેની દરેક વાતમાં અહમ્ છલકાય છે.

દબાયેલી ઇચ્છા કલ્પનાને જન્મ આપે છે. દરેક બાળક મોટું થવા ઇચ્છે છે. તેના વાતાવરણનું દરેક પરિબળ એમ કહે છે કે તે હજી નાનો છે. બાળક એ જ વાતાવરણ પર વિજય ઇચ્છે છે. આ વિજય એને તેનાથી ભાગીને મળે છે. તે પોતાની પાંખો વડે ઉપર ઊડે છે, પોતાની કલ્પનામાં પોતાનાં સ્વપ્નો જીવી લે છે. એન્જિન ડ્રાઈવર બનવાની મહત્ત્વાકાંક્ષા પણ સત્તાની ઇચ્છાથી ઊપજે છે. તેજ ગતિથી દોડતી એક રેલગાડી નિયંત્રિત કરવી એ સત્તાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે.

બાળકોમાં પીટર પેન નામનું પાત્ર લોકપ્રિય છે. એટલા માટે નહીં કે તે નાનકડો રહે છે, પણ એટલા માટે કે તે ઊડી શકે છે. ડાકુઓ સાથે પણ લડી શકે છે. અને પુખ્ત વ્યક્તિઓને એ એટલા માટે ગમે છે કારણ કે તેઓ પણ બાળક બનવા માગે છે- કોઈ પણ પ્રકારની જવાબદારી કે સંઘર્ષ વગર બાળકની જેમ જીવવા માગે છે. પરંતુ કોઈ બાળક હંમેશ માટે બાળક જ બની રહેવા નથી માગતું. સત્તાની ઇચ્છા તેને આગળ વધવા, મોટા થઈ જવા ધક્કો મારે છે.

બાળસહજ શોરબકોર અને જિજ્ઞાસાનું દમન બાળકોનાં સ્વાભાવિક સત્તાપ્રેમને વિકૃત કરી દે છે. જે યુવાનોને અપરાધી કહેવાય છે, જેમના પર એ આરોપ લગાવવામાં આવે છે કે તેમના પર ફિલ્મોનો ખરાબ પ્રભાવ છે, તેઓ ખરેખર એ જ સત્તાને અભિવ્યક્ત કરતા હોય છે, જેને દબાવવામાં કે કચડવામાં આવી હોય છે. મેં જોયું છે કે અસામાજિક કહેવાતો એક છોકરો, જે બારીના કાચ તોડવાવાળા જૂથનો નેતા હોય, તે સ્વતંત્રતાના વાતાવરણમાં કાનૂન અને વ્યવસ્થાનો પોષક બની જાય છે.

એન્સી પોતાની સ્કૂલમાં નિયમ તોડવાવાળાઓની નેતાગીરી કરતી હતી. તેની સ્કૂલ તેને રાખી શકી નહીં. સમરહિલ આવ્યા બાદ, બે દિવસ પછી તે મારી સાથે રમત-રમતમાં લડવા લાગી. થોડી વાર પછી એ લડાઈ રમત ન રહી. લગભગ ત્રણ કલાક સુધી તેણે મને લાતો મારી, બટકાં ભર્યાં અને સતત કહેતી રહી કે એ મને ગુસ્સે કરાવીને જંપશે. મેં પણ નક્કી કર્યું હતું કે હું નારાજ નહીં થાઉં, હું સ્મિત કરતો રહ્યો. દેખીતું છે કે મને શાંત રહેવામાં ખૂબ મહેનત પડી. છેવટે મારા એક શિક્ષકે મધુર સંગીત વગાડવું શરૂ કર્યું. એન્સી શાંત થઈ. એક તરફથી એન્સીનો હુમલો અંશતઃ સેક્સ સંબંધી હતો. પણ સત્તા બાબતે તેની નજરમાં હું નિયમો અને વ્યવસ્થાના પ્રતીક સમો – હેડમાસ્તર હતો.

એન્સીને પોતાની જિંદગી અસ્તવ્યસ્ત લાગવા માંડી. તેણે જોયું કે સમરહિલમાં એવા કોઈ નિયમ-કાનૂન છે જ નહીં, જેને તે તોડવા ઇચ્છે. એની સ્થિતિ પાણી વગરની માછલી જેવી થઈ ગઈ હતી. તેણે બીજા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં ગડબડ કરવાની કોશિશ કરી, પરંતુ તદ્દન નાનાં બાળકો સિવાય તેની દાળ ક્યાંય ગળી નહીં. વળી, વ્યવસ્થાનો વિરોધ કરતી ટોળીના સત્તાસ્થાને રહી નિયંત્રણ કરવાના અહેસાસની તેને આદત પડી હતી, તેથી તે તેને શોધી રહી હતી. ખરેખર તો તે કાનૂન અને વ્યવસ્થાને જ ચાહતી હતી. પરંતુ પુખ્ત વ્યક્તિઓ દ્વારા બનાવાયેલી નિયમ-વ્યવસ્થામાં તેને પોતાની સત્તા અભિવ્યક્ત કરવાનો કોઈ અવસર નહોતો મળી શકતો. સાથે તેણે બીજા શ્રેષ્ઠ વિકલ્પ તરીકે નિયમ અને વ્યવસ્થાનો વિદ્રોહ કરવો શરૂ કર્યો.

તે આવી તેના એક અઠવાડિયા બાદ સ્કૂલની સામાન્ય સભા યોજાઈ. એન્સી ઊભી થઈ, એણે દરેક વસ્તુની મજાક ઉડાવી. "હું કાયદા માટે મત તો આપીશ, પણ માત્ર એટલા માટે કે તેને તોડવામાં મજા આવશે."

અમારાં ગૃહમાતા ઊભાં થયાં. તેમણે કહ્યું,"એન્સીએ એવું સ્પષ્ટ કર્યું છે કે તેને એવા નિયમો પસંદ નથી જેનું બધા પાલન કરતા હોય, એટલે મારો પ્રસ્તાવ છે કે હવે કોઈ નિયમ જ ન હોય, ફક્ત અવ્યવસ્થા હોય."

એન્સીએ મોટા અવાજે કહ્યું,"હુર્રા!" અને વિદ્યાર્થીઓને ઓરડામાંથી બહાર લઈ ગઈ. એવું એ સહેલાઈથી એટલા માટે કરી શકી કારણ કે તે બધાં નાનાં બાળકો હતાં અને તેઓ એવી ઉંમરમાં નહોતાં પહોંચ્યાં જેમાં તેમની સામાજિક સ્વભાનતા વિકસી ગઈ હોય. તે બાળકોને વર્કશોપમાં લઈ ગઈ અને બધાંએ ધારિયાં લીધાં. એન્સીએ ઘોષણા કરી કે તેઓ બધાં ફળોનાં ઝાડ કાપી નાખશે. હું હંમેશ મુજબ બાગમાં

ખોદકામ કરવા ચાલી નીકળ્યો.

દસ મિનિટ પછી એન્સી મારી પાસે આવી, "અવ્યવસ્થા રોકવા અને ફરીથી નિયમ કાનૂન લાવવા માટે શું કરવું?" તેણે નરમાશથી પૂછ્યું.

"હું તને કોઈ સૂચન નહીં આપી શકું." મેં જવાબ આપ્યો.

"શું ફરી એક સામાન્ય સભા ન બોલાવી શકાય?" તેણે પૂછ્યું.

"તું ચોક્કસ બોલાવી શકે પરંતુ હું તેમાં હાજર નહીં રહું. આપણે નક્કી કર્યું છે કે આપણને અવ્યવસ્થા જોઈએ છે." તે જતી રહી અને હું ખોદકામ કરતો રહ્યો.

થોડા સમય પછી તે પાછી આવી, "અમે બાળકોની બેઠક કરી લીધી છે. અમે નક્કી કર્યું છે કે આખી શાળાની બેઠક યોજાય, તમે આવશો?"

"આખી શાળાની બેઠક?" મેં પૂછ્યું. "હા, હું આવીશ."

બેઠકમાં એન્સી ગંભીર હતી. અમે શાંતિથી અમારા નિયમો બનાવ્યા. અવ્યવસ્થા દરમ્યાન થયેલું કુલ નુકસાન હતું – એક થાંભલાના બે ટુકડા થયા હતા.

એન્સીએ પોતાની જૂની સ્કૂલમાં વર્ષો સુધી સત્તાની વિરુદ્ધમાં કામ કરતી ટોળીનું નેતૃત્વ કરવાની મજા લીધી હતી. વિદ્રોહ ભડકાવવાનું કામ એ વાસ્તવમાં તેને ગમતું નહોતું. તેને અવ્યવસ્થાથી નફરત હતી. તે અંદરથી નિયમ-કાયદાનું પાલન કરવાવાળી નાગરિક હતી. પણ તેનામાં સત્તાની તીવ્ર ઇચ્છા પણ હતી. શિક્ષકોનો વિદ્રોહ કરીને તે પોતાને તેમનાથી પણ વધુ મહત્ત્વપૂર્ણ સાબિત કરવા માગતી હતી. તે વ્યવસ્થાને નફરત કરતી હતી. કારણ કે તે વ્યવસ્થા સર્જતી સત્તાને ધિક્કારતી હતી. તે પોતાને સજા કર્યા કરતી માના સ્થાને પોતાની જાતને રાખીને વર્તતી અને અન્યો પ્રત્યે પણ આ અભિગમ રાખતી. અમે ફક્ત એવું અનુમાન કરી શકતા કે સત્તા પ્રત્યેની ઘૃણા હકીકતમાં પોતાની માની સત્તા પ્રત્યેની ઘૃણા હતી અને તે પોતાની અંદરની સત્તાશીલ માને પણ ધિક્કારતી હતી. મને આવાં સત્તાપ્રેરિત ન્યુરોટિક વ્યક્તિઓનો ઇલાજ કરવો સેક્સપ્રેરીત રોગોના ઇલાજથી પણ મુશ્કેલ લાગે છે. જે ઘટનાઓમાં કે શિક્ષણ થકી બાળકમાં સેક્સને લઈને અપરાધભાવ થઈ ગયો હોય તેવા કિસ્સાને પહોંચી વળવું આસાન છે. પરંતુ બાળકોને સત્તાલોલુપ બનાવતી હજારો ઘટનાઓ કે શિક્ષણને પહોંચી વળવું કઠિન છે.

મને મારી એક નિષ્ફળતા યાદ આવે છે. જ્યારે હું જર્મનીમાં ભણાવતો હતો ત્યારે મારી પાસે એક તેર વર્ષની સ્લાવિક છોકરી મારોસ્લાવાને મોકલવામાં આવી. તે પોતાના પિતાને બેહદ નફરત કરતી હતી. છ મહિના માટે તેણે મારી સ્કૂલની જિંદગી નર્કાગાર સમી બનાવી દીધી. તે સ્કૂલની બેઠકોમાં મારા પર આરોપ લગાવતી. એક

વાર એણે એવો પ્રસ્તાવ મૂક્યો કે મને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવે કારણ કે હું બિલકુલ નકામો માણસ છું. ત્રણ દિવસ હું રજા પર રહ્યો. પુસ્તક લખવાનું કામ શરૂ કરી એમાંથી આનંદ મેળવવા લાગ્યો. પરંતુ કમનસીબે સ્કૂલની વધુ એક બેઠક મળી, જેમાં એવો નિર્ણય લેવામાં આવ્યો (દેખીતું છે કે એક જણનો મત આની વિરુદ્ધમાં હતો) કે મને પાછો બોલાવવામાં આવે. મારોસ્લાવા હંમેશાં કહેતી કે,"મને સ્કૂલમાં બોસ નહીં જોઈએ." તે સત્તાલોલુપ હતી. તેનો અહંકાર પણ ખૂબ ભારે હતો. જ્યારે તે જવા માંડી (મારે તેની માને કહેવું પડ્યું કે હું આનો ઇલાજ ન કરી શક્યો.) ત્યારે તેને અલવિદા કહેવા માટે મેં તેની સાથે હાથ મિલાવ્યા.

"હું તારી ખાસ મદદ ન કરી શક્યો." મેં તેને પ્રેમથી કહ્યું.

"જાણો છો શું કામ?" તેણે નિસ્તેજ સ્મિતસહ પૂછ્યું. "હું કહું છું. હું પહેલા દિવસે જ્યારે તમારી સ્કૂલમાં આવી ત્યારે હું એક ડબ્બો બનાવી રહી હતી અને તમે કહ્યું હતું કે તું બહુ વધારે ખીલીઓ વાપરી રહી છે. એ જ પળે મને ખ્યાલ આવી ગયો હતો કે તમે પણ દુનિયાના બીજા માસ્તરો જેવા જ છો. એક બોસ છો. એ ક્ષણ પછી તમે મારી મદદ કરી જ શકો એમ નહોતા."

"તું સાચું કહી રહી છે." મેં કહ્યું. "આવજે."

એવી સંભાવના ઘણી જ વધારે છે કે ઘૃણા એ દબાવી રાખેલા પ્રેમ કરતાં વધારે દબાવી રાખેલી સત્તાને કારણે જન્મતી હોય છે. મારોસ્લાવામાંથી જે ઘૃણા પ્રગટતી હતી, તે એવી હતી કે જેને અનુભવી શકાતી હતી. સત્તાની ભૂખ પુરુષો જેટલી.જ સ્ત્રીઓનાં ચારિત્ર્યની પણ વિશેષતા હોય છે. સામાન્ય રીતે સ્ત્રીઓ પોતાની સત્તા લોકો પર જમાવવા ઇચ્છે છે અને પુરુષો ભૌતિક ચીજો ઉપર. મારોસ્લાવા અને એન્સી ચોક્કસ રીતે લોકો પર પોતાની સત્તા જમાવવા ઇચ્છતી હતી.

આઠ વર્ષથી ઓછી ઉંમરનું કોઈ બાળક સ્વાર્થી નથી હોતું, તે કેવળ અહંવાદી હોય છે. જ્યારે કોઈ છ વર્ષના બાળકને તેના પિતા નિઃસ્વાર્થી બનવાનું શીખવતા હોય છે, સ્વાર્થી બનવા માટે મારતા હોય છે ત્યારે તેની સમજ શરૂઆતમાં વસ્તુ પૂરતી મર્યાદિત હોય છે. "જ્યારે પપ્પા જોતા હોય ત્યારે મારે મારી ચોકલેટ વહેંચીને ખાવી જોઈએ." પરંતુ સાથે જ સરખામણીની એક પ્રક્રિયા પણ શરૂ થઈ જાય છે. તે પિતા જેટલો જ મોટો બનવા માગતો હોય છે, તે સત્તા મેળવવા માગતો હોય છે. મા જેટલું પિતાને ધ્યાન આપતી હોય છે તેટલું જ એ પોતાને આપે એવું તે ઇચ્છતો હોય છે. તે પોતાની સરખામણી પિતા સાથે કરવા લાગી જાય છે. આ પ્રક્રિયામાં તે પિતાની ફિલસૂફીને અપનાવી લે છે. તે થોડો સંકુચિત અને થોડો ઉદારવાદી બને છે. તે પોતાના આત્મા

સાથે પિતાને જોડી દે છે. જે અત્યાર સુધી પિતાનો અવાજ હતો, તે હવે તેની અંદરનો અવાજ બની જાય છે. આ પ્રક્રિયાથી જ લોકો કટ્ટર *'બેપ્ટિસ્ટ'*, *'કેલ્વિનિસ્ટ'* કે *'કમ્યુનિસ્ટ'* બને છે.

જે છોકરીઓને પોતાની માનો માર પડતો હોય છે તે પોતે પણ પોતાના બાળકો સાથે મારથી જ કામ લે છે. તેનું એક સારું ઉદાહરણ છે બાળકોમાં સ્કૂલ-સ્કૂલની રમત, જેમાં જે શિક્ષક બનતો હોય છે તે હંમેશાં બધાને મારતો જ હોય છે.

બાળકોની મોટા બનવાની ઇચ્છા ખરેખર સત્તાની પ્રાપ્તિની જ ઇચ્છા છે. વયસ્કોનું કદ જોઈને બાળક તેવું અનુભવે છે કે પોતે હીન છે. "મોટાંઓ મોડી રાત સુધી કેમ જાગી શકે? તેમની પાસે જ બધું સારું સારું - ટાઈપરાઈટર, ગાડી, ઓજાર અને ઘડિયાળ કેમ હોય છે?"

મને હજામત કરતો જોઈને મારા વિદ્યાર્થીઓ પોતાના મોં પર સાબુ લગાવે છે. તેમને એમાં મજા આવે છે. ધુમ્રપાન કરવાની ઇચ્છા પણ મુખ્યત્વે વયસ્ક થવાની ઇચ્છા જ છે. હંમેશાં એકના એક બાળકે સૌથી વધારે બંધનોને સહેવાં પડે છે. આ જ કારણ છે કે સ્કૂલમાં તેને સંભાળવો પણ અઘરો પડે છે.

એક વાર મેં એવી ભૂલ કરી કે વેકેશન પછી એક છોકરાને બીજા વિદ્યાર્થીઓના સ્કૂલમાં આવવાના દસ દિવસ પહેલાં સ્કૂલમાં લઈ આવ્યો. તે શિક્ષકોના ઓરડામાં બેસવાની તક અને પોતાના ઓરડામાં એકલા સૂવાનો લાભ મેળવીને ઘણો ખુશ હતો. પરંતુ જ્યારે બીજાં બાળકો આવી ગયાં ત્યારે તે અસામાજિક બની ગયો. એકલો હતો ત્યારે તેણે ઘણી ચીજ-વસ્તુઓ સંભાળવામાં મદદ કરી હતી, તે બીજાં બાળકોના આવવાથી તોડફોડ કરવા લાગ્યો. તેનો અહમ્ ઘવાયો હતો. અચાનક તે નાનો થઈ ગયો. તેને ચાર બીજા છોકરાઓ સાથે એક મોટા ઓરડામાં સૂવું પડ્યું, તેને જલદી સૂવા જવું પડ્યું. તેના આ હિંસક વિરોધે મને એ નિર્ણય લેવા મજબૂર કર્યો કે હું બાળકોને એવો મોકો ક્યારેય ન આપું કે તેઓ તેમની તુલના વયસ્કો સાથે કરવા માંડે.

જ્યારે સત્તાની ઇચ્છા દબાવી દેવામાં આવે છે ત્યારે તે બૂરાઈનો જ સાથ આપે છે. માણસો સારા હોય છે, તેઓ ભલું ઇચ્છે છે, તેઓ પ્રેમ કરવાની અને મેળવવાની ઇચ્છા રાખે છે. નફરત અને વિદ્રોહનું અસલી કારણ પ્રેમ કે સત્તા પરનું બંધન જ છે.

ઈર્ષ્યા

માલિકીભાવથી ઈર્ષ્યા પેદા થાય છે. જો શારીરિક પ્રેમ વ્યક્તિને પોતાની જાતથી ઉપર ઉઠાવતો હોય તો તે પુરુષ પોતાની પ્રેમિકાને બીજા કોઈ પુરુષના ચુંબનથી ખુશ જોઈને પોતે પણ પ્રસન્ન થતો હોત. પરંતુ શારીરિક કે જાતીય પ્રેમની સાથે માલિકીભાવ પણ જોડાયેલ હોય છે. જે વ્યક્તિમાં માલિકીભાવ ખૂબ પ્રબળ હોય તે ઈર્ષ્યાને કારણે અપરાધ કરે છે.

ટ્રોબિએન્ડ દ્વીપના રહેવાસીઓમાં સેક્સને લગતી બાબતોમાં ઈર્ષ્યાનો અભાવ સૂચવે છે કે ઈર્ષ્યા આપણી ગૂંચવાયેલી સભ્યતાઓનું ફળ છે. ઈર્ષ્યા પોતાની વહાલી વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેના પ્રેમ અને માલિકીભાવની સહિયારી લાગણીથી ઉત્પન્ન થાય છે. ઘણી વાર કહેવાય છે કે ઈર્ષ્યાળુ પુરુષ તેની પત્નીને ભગાડી જનાર વ્યક્તિને ગોળી નથી મારતો, બલ્કે તે પોતાની પત્નીની હત્યા કરી નાખે છે. કદાચ એટલે જ કે તે પોતાની સંપત્તિ સમી એ સ્ત્રીને જ પેલા પુરુષના સ્પર્શથી દૂર કરી દે. કદાચ આ બાબત કાંઈક આવી જ છે કે જેમ એક માદા ખરગોશના બચ્ચાને ઘણા લોકોનો સ્પર્શ થઈ ગયો હોય તો તે માદા આ બચ્ચાને જ ખાઈ જાય છે. એક બાળકનો અહમ્ પણ એવો જ હોય છે. તેને બધું જ જોઈએ છે અથવા કાંઈ પણ નથી જોઈતું. તેને વહેંચતાં આવડતું નથી.

ઈર્ષ્યાનો સંબંધ સેક્સ સાથે ઓછો અને સત્તા સાથે વધુ છે. ઈર્ષ્યા ઘવાયેલા અહંકારની પ્રતિક્રિયા રૂપે ઉદ્‌ભવતી હોય છે. "હું તેમની નજરમાં સૌથી અગ્રસ્થાને નથી. હું સૌથી વધુ વહાલી નથી. મારું સ્થાન ગૌણ છે." ઈર્ષ્યાનું આ જ મનોવિજ્ઞાન આપણને વ્યાવસાયિક ગાયકો કે વિદૂષકોમાં જોવા મળે છે. જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે એક વિદૂષક સાથે દોસ્તી કરવા માટે મારે માત્ર એટલું જ કહેવાનું રહેતું કે અન્ય વિદૂષક નકામો છે.

ઈર્ષ્યામાં હંમેશાં કાંઈક ગુમાવી દેવાનો ભય રહેતો હોય છે. એક ઓપેરા ગાયિકા બીજી મુખ્ય ગાયિકાને નફરત કરે છે, કારણ કે તેને ભય હોય છે કે પોતાની વાહવાહ ઓછી થઈ જશે. આ સરખામણી કરતાં ખ્યાલ આવે છે કે પોતાની પ્રતિષ્ઠામાં ઓટ આવવાના ભયથી દુનિયામાં જેટલી ઈર્ષ્યા પેદા થાય છે તે પ્રેમ આપવા-મેળવવાની હરીફાઈ કરતાં કેટલાય ગણી વધુ હોય છે.

આથી, કુટુંબોમાં મોટા સંતાનને પોતાની કદર કેટલી થાય છે તે લાગણી ઉપર સઘળો આધાર હોય છે. જો સ્વાવલંબનથી તેને એટલો સ્વતંત્ર બનાવી દેવામાં આવ્યો

હોય કે દરેક બાબતે તેને માતાપિતાની સંમતિની જરૂર ન રહેતી હોય તો તે પોતાનાં નાનાં ભાઈ-બહેનની એટલી ઈર્ષ્યા નહીં કરે, જેટલી એક બાળક જે પૂરી રીતે સ્વતંત્ર ન બન્યો હોય, માના પાલવથી બંધાયેલો રહેવાને લીધે ક્યારેય સંપૂર્ણ રીતે આત્મનિર્ભર ન બન્યો હોય તે કરશે. આનો અર્થ એવો નથી કે એકથી વધુ બાળકો ધરાવતાં માતાપિતા માત્ર પોતાના મોટા બાળકની નાનાં ભાઈ-બહેન તરફની પ્રતિક્રિયા જ ચકાસ્યા કરે. આપણે શરૂઆતથી જ એવાં કાર્યોથી બચવું રહેશે જે ઈર્ષ્યાની ભાવનાને જગાડે. ઉદાહરણ તરીકે ઘરે આવેલા મહેમાનો સમક્ષ નાના બાળકનું પ્રદર્શન કરવું. દરેક ઉંમરના બાળકમાં ન્યાયનો ભાવ યા કહો અન્યાયનો ભાવ રહેલો હોય છે. સમજદાર માતાપિતા હંમેશાં એ કાળજી રાખે છે કે નાનું બાળક વધારે લાડકું ન થતું જાય, તેને મોટા બાળક કરતાં વધુ મહત્ત્વ ન અપાઈ જાય. જો કે, આમ કરવું હંમેશાં સંભવ નથી હોતું.

મોટા ભાઈ/બહેનને એ પણ અન્યાય લાગી શકે છે કે મા નાનાં ભાઈ/બહેનને સ્તનપાન કરાવે છે. પરંતુ જો મોટું બાળક સ્તનપાનનો તબક્કો સ્વાભાવિકરૂપે ઓળંગી ગયું હોય તો કદાચ તેને ઈર્ષ્યા ન થાય. પરંતુ આ વિષય પર અમને વધારે સાબિતીઓની આવશ્યકતા છે. એક આત્મનિર્ભર બાળકની નવાગંતુક બાળકને લઈને શું પ્રતિક્રિયા હોય છે, તેનો મારો અંગત અનુભવ નથી. ઈર્ષ્યા માનવ સ્વભાવની એક સ્થાયી વૃત્તિ છે કે નહીં, તે હું નથી જાણતો.

બાળકો સાથેના મારા લાંબા અનુભવમાં મેં જોયું છે કે ઘણા લોકો બાળપણમાં પોતાને થયેલા અન્યાયની નારાજગીને પોતાની સ્મૃતિમાં કાયમ રાખે છે. એમાં પણ ખાસ કરીને એવી ઘટનાઓ હોય છે, જેમાં નાના દ્વારા થયેલી ભૂલની સજા મોટા બાળકને મળી હોય. "દોષ મને જ દેવામાં આવે છે." આવી ફરિયાદ ઘણાં ભાઈ-બહેનની હોય છે. કોઈ પણ ઝઘડામાં નાનું બાળક રડે એટલે માની સ્વાભાવિક પ્રતિક્રિયા મોટા બાળકને વઢવાની જ હોય છે.

જિમને એવી ટેવ હતી કે જે મળે તેને ચૂમવું. એનું ચૂમવું એ ચૂમવા કરતાં વધારે ચૂસવું હતું. મેં તારણ કાઢ્યું કે જિમ સ્તનપાનમાં તેની બાળસહજ રુચિથી બહાર નહોતો આવી શક્યો. હું તેને માટે દૂધ પીવાની બોટલ લઈ આવ્યો. રોજ રાતે સૂવાના સમયે જિમ આ બોટલથી દૂધ પીતો. બીજા છોકરાઓ જે શરૂઆતમાં આ જોઈને જોર જોરથી હસતા હતા અને તે રીતે બોટલ ચૂસવામાં રહેલા પોતાના રસને છુપાવતા હતા તેઓ ઈર્ષ્યા કરવા લાગ્યા. એમાંથી બે જણે બોટલ પણ માગી. અચાનક જ જિમ માના સ્તન ઉપર એક માત્ર અધિકાર ધરાવતો નાના ભાઈ જેવો બની ગયો

હતો. મેં બધાને બોટલો લાવીને આપી. બીજા છોકરાઓએ બોટલો માગી તે હકીકતે એ સાબિત કરી આપ્યું કે આ છોકરાઓની સ્તનપાનમાં રુચિ હજી એવી જ હતી.

જમવાના ખંડમાં ઈર્ષ્યા પ્રતિ ખાસ સાવધાન રહેવાનું હોય છે. જો મહેમાનોના અતિથિ સત્કારમાં તેમને કોઈ ખાસ વાનગી પીરસવામાં આવે તો બાકીના કાર્યકર્તાઓ પણ ઈર્ષ્યા કરવા લાગી જાય છે. જો રસોઈયો કોઈ મોટી ઉંમરની વિદ્યાર્થિનીને એસ્પરેગસ જેવી કોઈ ખાસ વાનગી આપી દે તો પક્ષપાતની ચર્ચાઓ થવા માંડે છે.

થોડાં વર્ષો પહેલાં સ્કૂલમાં આવેલાં નવાં ઓજારની પેટીએ ખાસ્સો હોબાળો ઊભો કર્યો હતો. જે બાળકોના પિતા તેમને કિંમતી ઓજારો અપાવી શકે તેમ નહોતા તે તમામ ઈર્ષ્યાના શિકાર બની ગયા અને પછીનાં ત્રણેક અઠવાડિયાં તેઓ અસામાજિક વ્યવહાર કરતાં રહ્યાં. ઓજારોનો ઉપયોગ કરવાનું સારી રીતે જાણતા એક છોકરાએ રંધો ઉધાર લીધો. તેણે તેની ધારદાર પ્લેટને હથોડી મારીને મરોડી નાખી અને રંધાને નકામો બનાવી દીધો. તેણે મને એમ કહ્યું કે લોખંડ કેવી રીતે કાઢી શકાય તે એ ભૂલી ગયો હતો તેથી આમ થયું. આ વિનાશક ક્રિયા જાણી જોઈને કરી હોય કે અજાણતાં થઈ હોય, પરંતુ ઈર્ષ્યાનું જ પરિણામ હતું.

દરેક બાળકને અલાયદો ઓરડો આપવાનું અમારા માટે શક્ય ન બની શકે તેમ છતાં દરેક બાળકને તેનો પોતાનો એક ખૂણો જરૂર આપવામાં આવતો જ્યાં તે પોતાની મનમાની કરી શકે. સમરહિલના વર્ગોમાં દરેક બાળકને પોતાનું એક ટેબલ હોય છે અને તેમની પોતાની એક જગ્યા પણ હોય છે જેને તેઓ ખૂબ આનંદ અને રસપૂર્વક સજાવતાં હોય છે.

અમારે ત્યાં ઘણી વખત પ્રાઈવેટ લેસન્સ પણ ઈર્ષ્યાનું કારણ બનતાં હોય છે. "મેરીને પ્રાઈવેટ લેસન્સ મળે છે, મને કેમ નહીં?" ક્યારેક એવું પણ બન્યું છે કે કોઈ છોકરી જાણીજોઈને બાલિશ વર્તન કરે જેને લીધે તેનું નામ પણ એવાં બાળકોની યાદીમાં આવી જાય જેમને પ્રાઈવેટ લેસન્સ આપવામાં આવતાં હોય. એક વાર એક છોકરીએ કેટલીક બારીઓના કાચ તોડી નાખ્યા. જ્યારે એને પૂછ્યું તો તેણે કહ્યું કે, "હું ઈચ્છું છું કે નીલ મને વ્યક્તિગત ભણાવે." મોટે ભાગે આવી છોકરીઓને પિતાએ પૂરતું ધ્યાન આપેલું હોતું નથી.

બાળકો પોતાના ઘરની સમસ્યાઓ અને ઈર્ષ્યા પોતાની સાથે જ સ્કૂલમાં લઈને આવે છે. માતાપિતા તરફથી બાળકોને લખાતા પત્રો એ મારા કામમાં સૌથી વધુ ભય સર્જતી બાબત છે. મારે એક માતાપિતાને ચોખ્ખી ભાષામાં લખવું પડ્યું કે, "મહેરબાની કરીને તમારા પુત્રને પત્ર ન લખશો. જ્યારે જ્યારે તમારો પત્ર મળે છે ત્યારે ત્યારે તેનો વ્યવહાર બગડી જાય છે." પિતાએ મને તો કોઈ પ્રતિભાવ ન આપ્યો પણ પુત્રને પત્ર લખવાનું બંધ કર્યું. લગભગ બે મહિના પછી મેં જોયું કે એ બાળક પાસે પિતાનો પત્ર આવ્યો છે. મને નારાજગી તો થઈ પણ હું ચૂપ રહ્યો. એ રાત્રે બાર વાગે મને છોકરાઓના ઓરડા તરફથી ચીસો સંભળાવા લાગી. હું એ તરફ દોડતો પહોંચ્યો. હું સમયસર પહોંચી ગયો તેથી અમારી બિલાડીને બચાવી શક્યો. એ છોકરો બિલાડીનું ગળું દબાવી રહ્યો હતો. બીજા દિવસે હું તેના ઓરડામાં પેલો પત્ર શોધવા ગયો. મને પત્ર મળ્યો. તેમાં એક વાક્ય હતું, "ગયા સોમવારે ટોમ (એ છોકરાનો નાનો ભાઈ)નો જન્મ દિવસ હતો. લિઝી માસીએ તેને બિલાડીનું બચ્ચું ભેટમાં આપ્યું છે." ઈર્ષ્યાથી જન્મતી કલ્પનાઓમાં અપરાધની કોઈ સીમા બંધાયેલી નથી હોતી. ઈર્ષ્યાળુ બાળક પોતાની કલ્પનામાં પોતાના હરીફની હત્યા પણ કરી શકતો હોય છે. બે ભાઈઓ રજાઓમાં સમરહિલમાંથી ઘરે જઈ રહ્યા હતા. મોટો ભાઈ ભયભીત હતો, "મને ડર લાગે છે કે ફ્રેડ રસ્તામાં ક્યાંક ખોવાઈ ન જાય." તે વારંવાર બોલતો હતો. ખરેખર એને ડર હતો કે તેણે મનમાં ઈચ્છેલું ખરેખર બની ન જાય.

"ના." એ અગિયાર વર્ષના બાળકે પોતાના નાના ભાઈ વિશે કહ્યું, "ના, હું તદન એવું નથી ઈચ્છતો કે તે મરી જાય પણ તે એક લાંબી યાત્રા પર, ભારત કે એવી કોઈ જગ્યાએ જતો રહે અને જ્યારે પાછો ફરે ત્યારે મોટો થઈ ગયો હોય તો એ મને ગમશે જ."

સમરહિલમાં પ્રવેશ લેતા દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીએ લગભગ ત્રણેક મહિના સુધી બીજાં બાળકો દ્વારા અજાગ્રતપણે વ્યક્ત થતી નફરત સહન કરવી પડતી હોય છે. કારણ કે કોઈ પણ પરિવારમાં નવા આવેલા બાળક પ્રત્યે આગલા બાળકની પહેલી પ્રતિક્રિયા નફરતની જ હોય છે. મોટું બાળક લગભગ એમ જ માનતું હોય છે કે માની આંખો બસ નવા આવેલા બાળકને જ જોયા કરે છે. કારણ કે એ માને વળગીને સૂવે છે અને માનું બધું જ ધ્યાન એના તરફ રહે છે. તે ઘણી વખત પોતાની મા તરફ વધુ પડતું વહાલ વરસાવીને પોતાની અંદરની નફરતની પૂર્તિ કરતો હોય છે. નાના બાળકને ક્યારેય ઘરનો એક માત્ર રાજા હોવાનો અનુભવ જ નથી થતો. વિચાર કરતાં મને લાગે છે કે મેં માનસિક સમસ્યા ધરાવતાં જેટલાં બાળકો જોયાં તેમાં સૌથી મોટા બાળકની કે એક માત્ર સંતાનની સ્થિતિ સૌથી ખરાબ હતી.

માતાપિતા અજાણતાં જ મોટા બાળકના મનમાં ઊઠેલી નફરતને ભડકાવે છે. "ભાઈ ટોમ, તારો નાનો ભાઈ આંગળી પર વાગેલા આટલા અમસ્તા ઘા માટે આટલો ઉધામો ક્યારેય ન મચાવી દેત, જેટલો તું મચાવે છે."

મને યાદ છે કે જ્યારે હું નાનો હતો ત્યારે મને હંમેશાં એક છોકરાનું ઉદાહરણ આપવામાં આવતું. તે ઉમદા વિદ્યાર્થી હતો, હંમેશાં વર્ગમાં પ્રથમ આવતો હતો. દોડમાં બધાં ઈનામો એને જ મળતાં હતાં. તે મૃત્યુ પામ્યો. તેનો અંતિમ સંસ્કાર મને એક સુંદર ઘટના તરીકે યાદ છે.

શિક્ષકોને હંમેશાં માતાપિતાની ઈર્ષ્યાનો સામનો કરવાનો આવે છે. સમરહિલ અને મારા પ્રત્યે બાળકોના સ્નેહને લઈને માતાપિતાની ઈર્ષ્યાને કારણે મારે અનેક વખત વિદ્યાર્થીઓ ગુમાવવા પડ્યા છે. આ બાબત સમજી શકાય એવી છે. એક મુક્ત શાળામાં બાળકને તે જે ઇચ્છે તે બધું જ કરવાની છૂટ અપાય છે; ત્યાં સુધી કે જ્યાં સુધી બાળક શાળાના શિક્ષકો તેમ જ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની સામાન્ય સભામાં નક્કી થયેલ નિયમોનું ઉલ્લંઘન ન કરે. ક્યારેક તો બાળકો રજાઓમાં પણ ઘરે જવા નથી ઇચ્છતાં. જે માતાપિતા સમરહિલ કે શિક્ષકોની ઈર્ષ્યા નથી કરતાં તેઓ બાળકોને સમરહિલ જેવું જ વાતાવરણ પોતાના ઘરમાં પણ પૂરું પાડી શકતાં હોય છે. તેમને પોતાનાં બાળકોમાં શ્રદ્ધા હોય છે અને તેઓ જેવાં છે તેવાં જ બની રહેવાની સ્વતંત્રતા આપતાં હોય છે. આવાં બાળકોમાં ઘરે જવાનો ઉત્સાહ જોવા મળે છે.

માતાપિતા અને શિક્ષકો વચ્ચે સ્પર્ધાની કોઈ આવશ્યકતા જ નથી. જે માતાપિતા સતત હુકમો અને નિયમો દ્વારા બાળકોના પ્રેમને નફરતમાં બદલી નાખે છે તેઓ એ જાણતાં જ હોવાં જોઈએ કે બાળક પ્રેમની તલાશ બીજે ક્યાંક કરશે. એક શિક્ષક કે શિક્ષિકા માત્ર એક માનેલા પિતા કે માતા સ્વરૂપે હોય છે. માતાપિતા પ્રત્યે જ્યારે સ્વાભાવિક પ્રેમ વહેતો બંધ થઈ જાય ત્યારે એ શિક્ષક તરફ વહેવા માંડે છે કારણ કે એ માતાપિતાને ચાહવા કરતાં શિક્ષકોને ચાહવાનું વધુ સહેલું બને છે.

હું એવા પિતાઓની ગણતરી પણ નથી કરી શકતો જે ઈર્ષ્યાવશ થઈ પોતાના પુત્રોને નફરત કરતા હોય છે. આ તમામ 'પીટર પેન' પિતાઓ છે જે પોતાની પત્નીઓ પાસેથી માનો પ્રેમ ઝંખતા હોય છે, અને પોતાના પ્રતિસ્પર્ધી એટલે કે પોતાના પુત્રને નફરત કરવા લાગે છે, તેને ક્રૂરતાથી મારે છે. શ્રીમાન પિતાજી, તમને પારિવારિક પ્રણય ત્રિકોણમાં પોતાની પરિસ્થિતિ ઘણી પેચીદી લાગશે. તમારા બાળકના આગમન પછી તમે કેટલાક અંશે એકલાઅટૂલા પડી ગયા હોવાનું અનુભવશો. ઘણી સ્ત્રીઓ પ્રસૂતિ પછી સેક્સમાંથી રસ ગુમાવી દે છે. એવું ન પણ હોય તો પણ તમારા પરિવારનું ચરિત્ર બદલાશે. તમને મળતા પ્રેમમાં પણ ભાગલા પડશે. જે થઈ રહ્યું છે તે પ્રત્યે હવે તમારે સજાગ થવું પડશે, નહિ તો તમે તમારા પોતાનાં બાળકની ઈર્ષ્યા કરવા લાગશો. સમરહિલમાં ડઝનબંધ બાળકો એવાં છે જે

માતા અથવા પિતાની ઈર્ષ્યાનો ભોગ બન્યાં હોય. તેમાં વધારે ઉદાહરણો પિતાની ઈર્ષ્યાનાં જેમાં પિતા પોતે જ પુત્ર પ્રતિ કઠોર અને હિંસાત્મક બની ગયા હતા. જો પિતા માનો પ્રેમ મેળવવા માટે બાળક સાથે સ્પર્ધા કરવા માંડે તો તે બાળક લગભગ ન્યુરોટિક બની જાય છે.

મેં એવી માતાઓ પણ જોઈ છે જે પોતાની દીકરીઓના એવાં તાજગી અને સૌંદર્યને નફરત કરવા લાગે છે જેને તે પોતે ગુમાવી ચૂકી છે. મોટા ભાગે આ એવી માતાઓ હોય છે જેમણે જિંદગીભર બીજું કોઈ કામ નથી કર્યું હોતું અને જે ભૂતકાળમાં જ જીવે છે તથા વર્ષો પહેલાં પોતાની જુવાનીમાં જીતેલાં દિલો અને એવી બાબતો યાદ કર્યા કરે છે.

હું પહેલાં યુવાનોને પ્રેમમાં પડેલાં જોઈને ચિડાઈ જતો હતો. આ ભાવનાનું વિશ્લેષણ એમ કરતો કે કાંઈક ગડબડ થઈ જશે એવી મને દહેશત રહે છે; જે મારી ચીડનું કારણ છે. પરંતુ પછી મને સમજાયું કે સત્ય કાંઈક બીજું જ છે. મારી અંદર યુવાનો માટે માલિકીપણાનો ભાવ હતો. આ સમજાયા પછી મારી ચીડ અને ભય જતાં રહ્યાં.

યુવા વર્ગ પ્રત્યે ઈર્ષ્યા એક વાસ્તવિક સત્ય છે. એક સત્તર વર્ષની છોકરીએ મને જણાવ્યું કે, જે ખાનગી નિવાસી શાળામાં તે પહેલાં ભણતી હતી તે શાળાની એક શિક્ષિકા સ્તનને શરમજનક માનતી હતી. અને છોકરીઓને તંગ અંતઃવસ્ત્રો દ્વારા તેને છુપાવવાનું કહ્યા કરતી હતી. આ એક આત્યંતિક ઉદાહરણ હતું. પરંતુ તે સચ્ચાઈ છે. હતાશ અને કુંઠિત પ્રૌઢાવસ્થા યુવાનોને નફરત કરે છે, કારણ કે પ્રૌઢાવસ્થા યુવાનોની ઈર્ષ્યા કરે છે.

છૂટાછેડા

આખરે એવું શું છે જે બાળકોને મનોરોગી બનાવી દે છે? ઘણાં ઉદાહરણોમાં સાફ દેખાય છે કે જ્યારે માતાપિતા એક બીજાને પ્રેમ નથી કરતાં, ત્યારે બાળકો પર તેની વિપરીત અસર પડે છે. એક માનસિક મનોરોગી બાળક પ્રેમનું ભૂખ્યું હોય છે. જેના ઘરમાં પ્રેમભર્યું વાતાવરણ નથી, તે માબાપને હંમેશાં એક બીજા પર ઘૂરકિયાં કરતાં જ સાંભળે છે. શક્ય છે કે માતાપિતા પોતાની વચ્ચેના તણાવોની અસરથી બાળકને દૂર રાખવાની કોશિશ પણ કરતાં હોય છે. પરંતુ ઘરના વાતાવરણમાં જ તેમની વચ્ચેનો તણાવ હોય છે અને તેનો બાળકને પૂરો અહેસાસ હોય છે. એ જે સાંભળે છે

તેનાથી ઘણું વધારે તે હાવભાવથી સમજે છે. "વહાલી ઢીંગલી" કે "મારી આંખનાં રતન" જેવા પ્રેમભર્યાં સંબોધનોથી તમે કોઈ બાળકને ભોળવી ન શકો.

આ ઉદાહરણો ઉપરાંત મારી પાસે બીજા પણ કિસ્સાઓ આવ્યા છે :

એક પંદર વર્ષની કિશોરી જેને ચોરી કરવાની ટેવ હતી, તેની મા તેના પિતાને વફાદાર નહોતી અને કિશોરી આ વાત જાણતી હતી.

એક ચૌદ વર્ષની કિશોરી, દુઃખી અને ખોવાયેલી-ખોવાયેલી રહેતી હતી. તેનો આ રોગ એ દિવસથી શરૂ થયો, જે દિવસે તેણે તેના પિતાને તેમની પ્રેમિકા સાથે જોયા.

એક બાર વર્ષની છોકરી જે દરેકને નફરત કરતી હતી, એના પિતા માયકાંગલા હતા અને મા ખૂબ ખરાબ મિજાજ ધરાવતી હતી.

આઠ વર્ષનો એક છોકરો જે કલ્પનાની દુનિયામાં રહેતો હતો, એનાં માતાપિતા એક બીજા પ્રત્યેની નારાજગી છુપાવવાની કોશિશો કર્યા કરતાં હતાં.

ચૌદ વર્ષની એક છોકરી પથારી ભીની કરતી હતી. તેની મા અને પિતા અલગ અલગ રહેતાં હતાં.

નવ વર્ષનો એક છોકરો જે તુંડમિજાજી હતો અને તેના કારણે તેને ઘરમાં સંભાળવો અશક્ય હતો, તે કલ્પનામાં પોતાને મહાન સમજતો હતો. તેની મા પોતાના વિવાહિત જીવનથી ખૂબ દુઃખી હતી.

મને અહેસાસ થયો કે જ્યારે બાળકના ઘરનું વાતાવરણ જ પ્રેમવિહીન હોય ત્યારે તેને માનસિક રોગથી મુક્ત કરવો એ કેટલું અઘરું બને છે! જ્યારે કોઈ મા મને પૂછે છે કે,"હું મારા દીકરા/દીકરીનું શું કરું?" ત્યારે મારો જવાબ એ હોય છે કે,"તમે મનોચિકિત્સક પાસે જઈને તમારું વિશ્લેષણ કરાવો."

ઘણી વાર યુગલો મારી પાસે આવીને કહે છે કે જો બાળક ન હોત તો અમે જુદાં જ થઈ જાત. એ સાચું છે કે અસંતુષ્ટ માતાપિતા જો જુદાં થઈ જાય તો તે જ બહેતર રહે છે. તેને કારણે પરિસ્થિતિ હજાર ગણી સારી થઈ શકે છે. જો લગ્ન સંબંધમાં પ્રેમ ન હોય તો ઘર-કુટુંબ દુઃખી જ રહે છે. દુઃખ અને તણાવભરેલું વાતાવરણ બાળકના આત્માને મારી નાખે છે.

દુઃખી લગ્નજીવન વિતાવી રહેલી માતાનું બાળક હંમેશાં તેની તરફ ઘૃણા વ્યક્ત કરતું રહે છે. તે પોતાની માને ખૂબ તકલીફ આપતું રહે છે અને તેમાં જ એને મજા આવે છે. આવો જ એક છોકરો પોતાની માને બટકાં અને ચીમટા ભરતો રહેતો હતો, તથા જુદી જુદી રીતે માનું ધ્યાન પોતાના તરફ જ રહે તેવું કરતો રહેતો. એડીપસના

સિદ્ધાન્ત પ્રમાણે મામલો ખરેખર ઊલટો હોવો જોઈએ. નાનું બાળક માનો પ્રેમ મેળવવા માટે પિતાને પોતાનો હરીફ માને છે. કોઈ પણ આ વાત માનશે કે પિતા જ્યારે આ હરીફાઈમાંથી બહાર નીકળી રહ્યા છે તો બાળક પોતે માતાનો યોગ્ય પ્રેમી હશે જ અને પોતાની માતા પ્રત્યે તેની કોમળતા વધી જશે. છતાં હું હંમેશાં પ્રેમના બદલે બાળકમાં પોતાની મા પ્રત્યેની વધી ગયેલી નફરત સ્પષ્ટ જોઈ શકું છું.

જે મા પોતાના લગ્નજીવનથી ખુશ નથી તે પોતાનાં બાળકોમાં પક્ષપાત કરે છે. તે પોતાનો બધો સ્નેહ કોઈ એક બાળક ઉપર ઠાલવે છે. દેખીતું છે કે એ બાળકને માટે પ્રેમ ખૂબ જ અગત્યનો છે. પરંતુ અસંતુષ્ટ મા કે પિતા પોતાના પ્રેમમાં સંતુલન નથી જાળવી શકતાં. તેઓ કાં તો ખૂબ પ્રેમ ઠાલવી દે છે અથવા બિલકુલ સ્નેહ નથી આપતાં. એ કહેવું મુશ્કેલ છે કે વધારે પડતો પ્રેમ આપવો કે ખૂબ ઓછો પ્રેમ આપવો બેમાંથી કઈ સ્થિતિ વધારે ખતરનાક છે.

જે બાળક પ્રેમનું ભૂખ્યું છે તે બધાને નફરત કરે છે, અસામાજિક બની જાય છે અને બધાની નિંદા કરે છે. જે બાળક પ્રેમમાં ડૂબેલું રહે છે તે માનું લાડકું તો બને છે પણ ખૂબ નમાલું રહે છે. તેનો અંતરાત્મા ખૂબ નબળો બની જાય છે. તે હંમેશાં મા પાસેથી સલામતી ઝંખ્યા કરે છે. એક માને સંસ્થાનનું પ્રતીક બનાવી દેવામાં આવે છે - એક ઘર, ધર્મસ્થાન કે માતૃભૂમિ જેવા સ્વરૂપે.

મારી વાતને છૂટાછેડાના કાનૂન સાથે કોઈ લેવાદેવા નથી. હું પુખ્ત વયના લોકોને કોઈ સલાહ નથી આપી રહ્યો પણ બાળકોના શિક્ષણ સાથે હું જરૂર સંબંધિત છું. તેથી માતાપિતાને એ સલાહ જરૂર આપવા માગું છું કે એક માનસિક રીતે રોગી બાળકને જો ફરીથી સ્વસ્થ બનાવવું હોય તો ઘરનું વાતાવરણ બદલવું ખૂબ જરૂરી છે. માતાપિતાએ હિંમત રાખીને એ સમજવું જરૂરી છે કે બાળકો પર તેમની પ્રતિકૂળ અસર પડે છે. એક માએ એક વાર મને કહ્યું,"જો હું મારાં બાળકને બે વર્ષ સુધી નહીં મળું તો હું તેને ગુમાવી દઈશ."

મારો જવાબ હતો કે તમે તેને પહેલેથી જ ગુમાવી ચૂક્યાં છો. અને ખરેખર તે પોતાના બાળકને ગુમાવી ચૂકી હતી કારણ કે બાળક ઘરમાં ખૂબ દુઃખી હતો.

માતાપિતાની માનસિક અસ્વસ્થતા તથા વ્યાકુળતા

એમ કહેવાય છે કે વ્યાકુળ મા કે પિતા તે હોય છે જે પોતાના બાળકને પોતાનો પ્રેમ, સન્માન, વિશ્વાસ આપી શકતાં નથી.

તાજેતરમાં એક મા પોતાના દીકરા પાસે સમરહિલમાં આવી. આખા બે દિવસ-શનિવાર અને રવિવાર - તેમણે તેમના દીકરાનું જીવવું હરામ કરી દીધું. દીકરો ભૂખ્યો નહોતો તેમ છતાં તેના માથા પર બેસીને તેને ઠાંસી ઠાંસીને ખવડાવ્યું. તે ઝાડ પર ઘર બનાવીને ગંદો થઈને આવ્યો તો તરત જ તેને બાથરૂમમાં લઈ જઈને, ઘસી ઘસીને નવડાવ્યો. બાળકે પોતાના ખિસ્સાખર્ચમાંથી આઈસ્ક્રીમ ખાધો તો ભાષણ આપી દીધું કે આઈસ્ક્રીમ ખાવાથી પેટને કેટલું નુકસાન થાય છે. જ્યારે બાળકે મને મારા નામથી બોલાવ્યો તો તેણે તરત જ એને ટોક્યો અને મને "મિ. નીલ" કહીને બોલાવવા કહ્યું.

મેં તેમને કહ્યું,"જો તમને એની આટલી બધી ચિંતા રહે છે તો તમે એને આ સ્કૂલમાં શા માટે દાખલ કર્યો?"

તેમણે ખૂબ નિર્દોષતાથી જવાબ આપ્યો,"કેમ? એટલા માટે કે હું ઇચ્છું છું કે તે મુક્ત અને ખુશ રહે. હું ઇચ્છું છું કે તે મોટો થઈને આત્મનિર્ભર બને, તેના પર બહારની બાબતોની ખરાબ અસર ન થાય."

મેં જવાબમાં કહ્યું,"ઓહ!" અને સિગારેટ સળગાવી. ખરેખર એ મહિલાને એનો સહેજ પણ ખ્યાલ નહોતો કે તે પોતાના હતાશામય જીવનની ચિંતાઓને કેવી ક્રૂરતાથી અને મૂર્ખાઈભરી રીતે પોતાના બાળક પર ઠાલવી રહી છે.

મારો પ્રશ્ન એ છે કે "આ વિષયમાં શું થઈ શકે એમ છે?" ખરેખર તો કાંઈ જ નહીં. સિવાય કે માતાપિતાની નાહકની ચિંતાઓથી બાળકને જે નુકસાન પહોંચે છે તેનાં કેટલાંક ઉદાહરણો વિશે તેમને કહું. એવી આશા સાથે કે કદાચ લાખમાંથી એક મા કે પિતા તેને વાંચીને એમ કહે, "અરે! આ તો મેં કદી વિચાર્યું જ નહીં. હું તો એમ માનતો હતો કે હું બિલકુલ સાચો વ્યવહાર કરું છું. ભૂલ મારી જ છે."

એક ચિંતિત માએ મને લખ્યું,"મને સમજ નથી પડતી કે હું મારા દીકરાનું શું કરું? તે બાર વર્ષનો છે અને અચાનક તેણે વુલવર્થની દુકાનમાંથી ચોરી કરવાનું શરૂ કર્યું છે. કૃપા કરીને મને કહો કે મારે શું કરવું જોઈએ?" આ વાત કંઈક એવી થઈ કે કોઈ વ્યક્તિ વીસ વર્ષના પ્રત્યેક દિવસે દારૂની આખી બોટલ ગટગટાવતી રહી હોય અને એક દિવસ પોતાનું લિવર ખરાબ થઈ ગયું હોવાની ફરિયાદ કરે. એ સમયે એને

એવી સલાહ આપવી નિરર્થક છે કે ભાઈ, દારૂને અડતો નહીં. એટલે જ બાળવ્યવહારની સમસ્યા ધરાવતા બાળકની માને હું એ જ સૂચન કરું છું કે તે બાળમનોચિકિત્સક પાસે જાય અથવા બાળકોનું ક્લિનિક શોધીને તેનો સંપર્ક કરે.

એવું પણ સંભવ છે કે એ પરેશાન માને જવાબ લખું કે, "બહેન શ્રી, તમારો દીકરો એટલા માટે ચોરી કરે છે કે તમારા ઘરનું વાતાવરણ તેને સંતોષજનક નથી. તે ખૂબ દુઃખી છે. તેને ઘરમાં ખૂબ ઉમદા વાતાવરણ પૂરું પાડો." પણ એમ કરવાથી હું તે માની અંદર અપરાધભાવ જગાડીશ. જો તેઓ ભલું ઇચ્છતાં હશે તો પણ તેમના દીકરાને અનુકૂળ વાતાવરણ નહીં આપી શકે. કારણ કે એને ખબર જ નહીં હોય કે વાતાવરણ કેવી રીતે બદલી શકાય. અને જો તે આ જાણતી હશે તો તેને બદલવા માટે તેનામાં જરૂરી ભાવનાત્મક ક્ષમતા નહીં હોય.

પરંતુ એક મનોચિકિત્સકના માર્ગદર્શન હેઠળ, જો તે ઇચ્છે તો, ઘણું ખરું બદલી શકે છે. શક્ય છે કે મનોચિકિત્સક તેને તેના પ્રેમ ન આપી શકતા પતિથી બાળકને દૂર રાખવાનું કે સાસુને ઘરથી દૂર રાખવાનું સૂચન કરે. પરંતુ જે બદલવું મનોવિજ્ઞાનીના હાથની વાત નથી તે છે એની અંદર રહેલી સ્ત્રી, જેને નીતિ અને ઉપદેશ આપવાની કુટેવ છે, જે ઉચાટ કર્યા કરે છે, ભયભીત છે, જાતીયતાની ઉપેક્ષા કરે છે અને જે હંમેશાં બાળકની પાછળ જ પડેલી રહે છે. દેખીતું છે કે ફક્ત બાહ્ય વાતાવરણ બદલવાથી આવતું પરિવર્તન ઘણું મર્યાદિત હોય છે.

મેં એક ભયભીત માની વાત કહી, પરંતુ મને એક બીજા પ્રકારની મા સાથેની વાતચીત યાદ આવે છે. તે અમારી સાત વર્ષની ભાવિ વિદ્યાર્થિનીની મા હતી. એણે જેટલા પણ સવાલ પૂછ્યા તે બધા જ તેના અજંપામાંથી જન્મેલા હતા, "શું અહીં કોઈ એ બાબતનું ધ્યાન રાખશે કે તેણે સવારે અને રાત્રે બ્રશ કર્યું કે નહીં?", "કોઈ એના પર નજર રાખશે ને કે રસ્તા પર ન ચાલી જાય?", "શું એને રોજ ભણાવવામાં આવશે?", "કોઈ રોજ રાત્રે એને દવા પિવડાવશેને?" આવી ચિંતાગ્રસ્ત મા અજાણતાં જ બાળકને પોતાની સંકુલ સમસ્યાઓનો ભાગ બનાવી દે છે. એક બીજી મા હતી જે હંમેશાં પોતાની દીકરીના સ્વાસ્થ્ય વિશે ચિંતિત રહેતી હતી. તે મને લગાતાર લાંબી લાંબી ચિઠ્ઠીઓ લખતી, જેમાં તેની દીકરીએ શું ખાવું જોઈએ, શું નહીં, શું પહેરવું જોઈએ વગેરે અંગે સૂચનાઓ રહેતી. મારી પાસે ચિંતિત માતાપિતાનાં બધાં જ બાળકો રહ્યાં છે. મેં જોયું છે કે ચિંતિત માતાપિતાનાં બાળકો તેમની ચિંતા વારસામાં મેળવી લેતાં હોય છે. મોટા ભાગે તેના પરિણામે બાળકમાં "હાઇપોકોન્ડ્રિયા" નામનો રોગ જોવા મળે છે.

માર્થાનો એક નાનો ભાઈ હતો. માતાપિતા બન્ને હંમેશાં ચિંતાગ્રસ્ત રહેતાં હતાં. હું આજે પણ સાંભળું છું કે માર્થા તેના ભાઈને બૂમો પાડીને સલાહ આપે છે, "અરે, પાણીમાં ન જતો, તારા પગ ભીના થઈ જશે." કે "રેતીમાં ન રમીશ, તારું નવું પેન્ટ ગંદું થઈ જશે." મેં લખ્યું છે કે હું આ આજે પણ સાંભળું છું. પણ ખરેખર મારે એવું લખવું જોઈતું હતું કે તે જ્યારે સ્કૂલમાં આવી ત્યારે હું એ સાંભળતો હતો કારણ કે હમણાં તો તેનો ભાઈ ચીમની સાફ કરવાવાળો લાગે તો પણ તેને કોઈ ફરક નથી પડતો. પરંતુ આજે પણ જો સત્ર પૂરું થવાનું હોય તો તેના અઠવાડિયા પહેલાં તેની એ ચિંતાઓ પાછી આવી જાય છે. કારણ કે તેને એ અહેસાસ હોય છે કે હવે તે ફરી રજાઓમાં ઘરના સતત અજંપાભર્યા વાતાવરણમાં જવાની છે.

ક્યારેક ક્યારેક મને લાગે છે કે કડક શિસ્તપાલનનો આગ્રહ રાખતી સ્કૂલ એટલે લોકપ્રિય હોય છે કારણ કે વિદ્યાર્થીઓ રજાઓમાં ઘરે પાછા ફરવાથી ખૂબ ખુશ હોય છે. એ વખતે માતાપિતા બાળકોના ખુશખુશાલ અને ખીલેલા ચહેરાઓમાં ઘર પ્રત્યેનો પ્રેમ જોઈ શકે છે. જ્યારે સ્કૂલ માટે તેમના મનમાં નફરત જ હોય છે. પણ બાળકોની નફરત કડક શિક્ષકો તરફ વળી જાય છે અને તેમનો પ્રેમ માતાપિતા પર ઊભરાય છે. અહીં એ જ મનોવિજ્ઞાન કામ કરે છે જ્યારે મા બાળકના મનમાં એમ કહીને પિતા માટે નફરત જગાડે છે કે, "ઊભો રહે, રાત્રે પપ્પાને આવવા દે, એ જ તને સીધો કરશે."

હું ઘણી વાર ડૉક્ટર કે અન્ય વ્યવસાય ધરાવતી વ્યક્તિઓને કહેતાં સાંભળું છું કે,"હું મારાં બાળકોને એક મોટી ખાનગી શાળામાં ભણાવું છું, જેથી તેમની વાતચીતની ભાષા ઉમદા બને અને તેઓ એવા લોકોને મળે જે ભવિષ્યમાં તેમને કામ આવી શકે." તેઓ એવું માનીને ચાલે છે કે આપણાં સામાજિક મૂલ્યો પેઢીઓથી ચાલ્યા આવે છે તેથી આપમેળે ચાલ્યા કરશે. ભવિષ્યને લઈને માતાપિતાની અંદર ખૂબ ભય રહેલો હોય છે.

માતાપિતા બાળકોને કઠોર શિસ્તવાળી સ્કૂલમાં મોકલવાનું ત્યારે પસંદ કરતાં હોય છે જ્યારે તેમના ઘરમાં પણ કઠોર શિસ્તપાલન થતું હોય, જેથી કડક શિસ્તપાલન કરાવતી સ્કૂલ બાળકોને દબાવવાની, ચૂપ રાખવાની, અદબ જાળવવાની અને માયકાંગલાં બનાવવાની ઘરમાં ચાલતી પ્રક્રિયાને ચાલુ જ રાખે. વળી, આ શાળાઓ તે બાળકોના મગજને કેળવવાનું સુંદર કાર્ય કરી રહી છે. તે બાળકોના ભાવનાત્મક જીવન અને રચનાત્મક ઇચ્છાઓ પર અંકુશ મૂકે છે. આવી સ્કૂલ બાળકોને શીખવે છે કે તેમણે સાહેબો અને મોટાંઓના હુકમ માનવાના છે. બાલવાડીથી જ રોપવામાં

આવેલો ડર આગળ જતાં સત્તાલોલુપ શિક્ષકોના કડક શાસન નીચે વધતો જ જાય છે. સરેરાશ માતાપિતા માત્ર બાળકોના બાહ્ય રૂપને જ જુએ છે. તેઓ તેમના યુનિફોર્મ, કૃત્રિમ શિષ્ટાચાર અને 'ફૂટબોલ ભક્તિ'થી જ ખુશ થાય છે. તેઓ માને છે કે તેમનો લાડલો ઉત્તમ શિક્ષણ મેળવી રહ્યો છે. આવી કહેવાતા શિક્ષણની શૂળી પર બાળકના જીવનને ચઢતું જોવું ખૂબ તકલીફજનક છે. ચુસ્ત, કડક સ્કૂલને કેવળ સત્તા જ ખપે છે અને તેનાથી ભયભીત માતાપિતા ખુશ થાય છે.

અહંકારને પોષતી સત્તાને અનુરૂપ શિક્ષકોનો અહંકાર પણ બાળકને પોતાની તરફ ખેંચે છે. જરા વિચારો કે માટીનો બનેલો આ શિક્ષક પણ કેવો દેવતા બની બેસે છે! તે જે આજ્ઞા કરે તેનું પાલન કરવામાં આવે છે. તે જ ન્યાય કરે છે. વર્ગમાં માત્ર એ જ બોલતો હોય છે. એક મુક્ત શાળામાં સત્તાનો વિચાર જ ખતમ કરી દેવામાં આવે છે. સમરહિલમાં એવી ગુંજાઈશ જ નથી કે શિક્ષકો પોતાની સત્તાનું પ્રદર્શન કરે. તે બાળકોના વાચાળ અહમ્ ભાવ સાથે ટક્કર લઈ શકતો નથી. ઘણી વાર મારાં બાળકો મારા પ્રત્યે આદરભાવ દર્શાવવાની જગ્યાએ મને 'ગધેડો', 'મૂરખ' કહે છે. ઘણી વાર એ સંબોધન તેમના સ્નેહનું પ્રતીક પણ હોય છે. એક મુક્ત શાળામાં સ્નેહ અને પ્રેમનો ભાવ અગત્યનો હોય છે. શબ્દો ગૌણ બની જાય છે.

સમરહિલમાં આવતું બાળક મોટે ભાગે એક ચુસ્ત અને અજંપાભર્યા ઘરના વાતાવરણમાંથી આવે છે. એને અહીં મરજી પ્રમાણે કરવાની છૂટ મળે છે. તેની કોઈ ટીકા નથી કરતું. કોઈ તેને શિસ્તબદ્ધ વર્તવા માટે નથી કહેતું. કોઈ એને એમ નથી કહેતું કે તે એવી રીતે ચૂપ રહે કે તેને ફક્ત જોઈ શકાય, સાંભળી ન શકાય. દેખીતું છે કે બાળકને આવી સ્કૂલ સ્વર્ગ જેવી લાગે છે. કારણ કે એક બાળક માટે સ્વર્ગ એ જ છે જ્યાં તે તેનું સમગ્ર વ્યક્તિત્વ અભિવ્યક્ત કરી શકે. પોતાને આ રીતે અભિવ્યક્ત કરી શકવાની ખુશી હંમેશાં તેને મનથી મારી સાથે જોડી દે છે. તેમની નજરમાં હું જ એક એવી વ્યક્તિ છું જે તેમને આઝાદી આપે છે. તેઓ જેવો પિતા હોવો જોઈએ તેવું ઇચ્છે છે તેવો હું બની રહું છું. હકીકતમાં તે બાળકો મને પ્રેમ નથી કરતાં. બાળકો ખરેખર પ્રેમ કરતાં જ નથી, તેઓ તો પ્રેમ પામવા માગે છે. તેમના જે વિચારો શબ્દોનું રૂપ નથી લઈ શકતા તે ખરેખર આ હોય છે - *હું અહીં ખુશ છું. આ બુઢ્ઢો નીલ સારો, ભલો માણસ છે. તે ક્યારેય દખલગીરી નથી કરતો. ચોક્કસ એ મને પ્રેમ કરે છે, નહીં તો એ મારા પર હુકમ ન ચલાવત?*

જ્યારે રજાઓ પડે છે ત્યારે બાળક સ્કૂલેથી ઘરે જાય છે. ઘરે તે પિતાની ટોર્ચ જોવા માટે લે છે અને ક્યાંક ખૂણામાં મૂકીને ભૂલી જાય છે. પિતા ગુસ્સે ભરાય છે. બાળકને

સમજાઈ જાય છે કે ઘરમાં આઝાદી નથી. એક છોકરો મને હંમેશાં કહ્યા કરતો હતો કે મારા ઘરે બધા જુનવાણી વિચારના છે. હું અહીં જેવો આઝાદ છું તેવો ઘરે નથી. હું જ્યારે ઘરે પાછો ફરીશ ત્યારે મારી મા અને પિતાને પાઠ ભણાવીશ. એણે એમ જ કર્યું હશે, કારણ કે તેની સ્કૂલ બદલી નાખવામાં આવી.

મારા ઘણા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને 'સગાસંબંધી'ઓનો રોગ છે. હાલ મને થાય છે કે હું તેમના કેટલાક સગાસંબંધીઓ સાથે દલીલ કરું. આમાં બે દાદા-નાના (ધાર્મિક પ્રવૃત્તિના), ચાર કાકીઓ-માસીઓ-ફઈઓ કે મામીઓ (ધાર્મિક પ્રવૃત્તિનાં હોવા ઉપરાંત કપટી, લાલચુ પણ), બે કાકા-મામા (અધાર્મિક પરંતુ નીતિ ઉપદેશક) છે. મારા એક વિદ્યાર્થીના દાદા ખૂબ ઉત્સાહથી નરકની જ્વાળાઓના ઉલ્લેખથી તેને ડરાવતા હતા. તેથી મેં તેને દાદા પાસે જવાની મનાઈ કરી હતી પરંતુ તેના માતાપિતાએ કહ્યું કે આમ કરવું સંભવ નથી. બિચારો છોકરો!

મુક્ત શાળામાં બાળકો પોતાનાં સગાંવહાલાંઓથી બચી જાય છે. આજ કાલ હું તેમને અહીં ફરકવા પણ નથી દેતો. બે વર્ષ પહેલાં એક કાકા આવ્યા હતા અને પોતાના નવ વર્ષના બાળકને ફરવા લઈ ગયા. છોકરો પાછો આવ્યો અને ભોજનખંડમાં રોટલીના ઘા કરવા માંડ્યો. મેં કહ્યું,"લાગે છે કે બહાર જઈ આવ્યા બાદ તને ખૂબ ખરાબ લાગણી રહી છે. તારા કાકાએ શું વાતો કરી?"

તેણે હળવાશથી કહ્યું,"અરે, કાકા તો ઈશ્વરની જ વાતો કરતા રહ્યા, ઈશ્વર અને બાઈબલ."

"શું તેમણે બાઇબલમાં લખેલી એ વાર્તા કહી, જેમાં પોતાની રોટલી પાણીમાં ફેંકવાનો ઉલ્લેખ છે?" આમ પૂછવાથી જ તે હસવા લાગ્યો. પછી એણે રોટલી ફેંકવાનું બંધ કર્યું. હવે જ્યારે કાકા ફરી આવશે ત્યારે આ બાળક તેમના માટે હાજર નહીં હોય.

અમારાં બાળકોનાં માતાપિતા સામે મને કોઈ ખાસ ફરિયાદ નથી. અમારા વચ્ચે ખાસ્સું બને છે. મોટા ભાગના વાલીઓ બધી બાબતોમાં પૂરો સહકાર આપે છે. કેટલાકના મનમાં આશંકાઓ ઊઠે છે તેમ છતાં તેઓ પૂરો વિશ્વાસ મૂકે છે. હું તેમની સાથે અમારી પદ્ધતિઓ વિશે સાફ વાતો કરું છું. હંમેશાં તેમને કહું છું કે આ જ ચાલશે અને તેને જ સંપૂર્ણ રીતે સ્વીકારવું રહેશે. જો માન્ય ન હોય તો બાળકને અહીં રાખો જ નહીં. જેઓ પૂરો સાથ આપે છે તેમના મનમાં ઈર્ષ્યાનો કદી ભાવ જ નથી ઊપજતો. કારણ કે આવી સ્થિતિમાં બાળકો ઘરમાં પણ એટલાં જ સ્વતંત્ર હોય છે જેટલાં સ્કૂલમાં હોય છે.

પરંતુ જે બાળકોનાં માતાપિતા સમરહિલની પદ્ધતિઓમાં વિશ્વાસ નથી કરતાં, તે બાળકો રજાઓમાં ઘેર જતાં ખચકાય છે. તેમનાં માતાપિતા તેમની પાસેથી ખાસ્સી અપેક્ષાઓ રાખે છે. તે એ નથી સમજતાં કે એક આઠ વર્ષનું બાળક મુખ્યત્વે ફક્ત પોતાનામાં રચ્યુંપચ્યું હોય છે. તેના મનમાં ન તો સામાજિક ભાવના હોય છે કે ન તો કર્તવ્યનો કોઈ ભાવ. સમરહિલમાં અમે તેને પોતાના આત્મકેન્દ્રીપણાને અભિવ્યકત કરવાનો પૂરો અવકાશ આપીએ છીએ, જેથી તે આ તબક્કાને યોગ્ય રીતે પાર કરી જાય. અમે માનીએ છીએ કે એક દિવસ એ જાતે જ બદલાઈ જશે. કારણ કે એ બીજાના અધિકારો અને મતોને આદર આપવાનું શીખી ચૂક્યો હશે. બાળકોની નજરે જોઈએ તો સ્કૂલ અને ઘરમાં જે ભેદ રહે છે તે ઘણી ખતરનાક બાબત છે. બાળક સતત દ્વિધામાં રહે છે. શું સાચું? ઘર કે સ્કૂલ? એક બાળકના વિકાસ અને ખુશી માટે એ જરૂરી છે કે બન્ને એક જ હેતુથી કાર્ય કરતા હોય, બન્નેના દષ્ટિકોણ સરખા હોય.

માતાપિતા અને શિક્ષકોમાં મતભેદનું મુખ્ય કારણ ઈર્ષ્યા હોય તેવું મને લાગે છે. એક પંદર વર્ષની વિદ્યાર્થિનીએ એક વાર મને કહ્યું,"જો મારે મારા પપ્પાને ખૂબ ખીજવવા કે ગુસ્સે કરવા હોય તો એમને એટલું જ કહેવું પૂરતું છે, "નીલ સાહેબ ફલાણું-ફલાણું કહે છે." સતત અજંપામાં રહેતાં માતાપિતા, તેમનાં બાળકો જે શિક્ષકોને પ્રેમ કરે છે તે તમામ શિક્ષકોની ઈર્ષ્યા કરતાં હોય છે. અને એ સ્વાભાવિક પણ છે. છેવટે એક રીતે તો બાળકો તેમની સંપત્તિ હોય છે. બાળકો માતાપિતાના અહમ્ભાવનો જ ભાગ હોય છે.

અને વળી, શિક્ષકો પણ એવા જ- માનવસહજ નબળાઈઓથી ભરપૂર હોય છે. ઘણા શિક્ષકોને પોતાનાં બાળકો પણ નથી હોતાં. તેઓ અજાણતાં જ, પોતાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને મનથી દત્તક લઈ લેતા હોય છે. ઘણી વાર અજાણતાં જ તેઓ માતાપિતા પાસે બાળક ઝૂંટવી લેવાની કોશિશમાં લાગી જાય છે. શિક્ષકોનું વિશ્લેષણ થવું પણ જરૂરી છે. એવું પણ નથી કે મનોવિશ્લેષણ જ આ બધી સમસ્યાઓનો રામબાણ ઇલાજ છે. તેની અસર મર્યાદિત જ હોય છે. તેમ છતાં ઓછામાં ઓછું તેનાથી ભૂમિકા તૈયાર થઈ શકે છે. આનો મુખ્ય ફાયદો એ છે કે આના આધારે બીજાને સમજવું આસાન થઈ જાય છે. વ્યક્તિનું હૃદય વધુ વિશાળ બને છે. આ જ કારણે હું તેને શિક્ષકો માટે ઉપયોગી માનું છું, કેમ કે છેવટે, શિક્ષકોનું કાર્ય જ બીજાને સમજવાનું છે. જે શિક્ષકનું વિશ્લેષણ થયું છે તે ઉત્સાહપૂર્વક બાળકો સમક્ષ પોતાના અભિગમોનો સામનો કરશે અને આ રીતે પોતાને સુધારશે.

જે ઘરમાંથી ભય અને કંકાસ ઉપજે છે તે ખરાબ ઘર છે. અજંપાભર્યાં માતાપિતા

દ્વારા સતત અને ઝડપથી આગળ હડસેલાતું બાળક ખૂબ દુ:ખી રહે તેવું બને છે. અજાણતાં જ બાળક નક્કી કરી બેસે છે કે તે માતાપિતાને જીતવા નહીં દે. જે બાળક અજંપા અને દ્વિધા વિનાના વાતાવરણમાં ઉછર્યું હોય તે જીવનને સાહસ તરીકે જુએ છે.

માતાપિતાની સભાનતા

સભાન હોવાનો અર્થ છે પૂર્વગ્રહોથી, બાલિશ દૃષ્ટિકોણોથી મુક્ત હોવું અથવા એમ કહો કે શક્ય હોય તેટલું તેમનાથી સ્વતંત્ર હોવું. કારણ કે બાળપણમાં જે ગ્રંથિઓ બંધાઈ જાય છે તેનાથી સંપૂર્ણ આઝાદ તો ભલા કોણ થઈ શકે છે? સભાન હોવાનો અર્થ છે, બાબતને ઊંડાણપૂર્વક સમજવી, ઉપરછલ્લી બાબતોને દૂર રાખવી. માતાપિતા બાળકો સાથે લાગણીથી જોડાયેલાં હોવાથી સભાન રહેવું સહેલું નથી હોતું. "મેં મારાં બાળકોની જિંદગીને કેવી રીતે ગૂંચવી નાખી છે!" આ રોદણાં હું સેંકડો વાર સાંભળું છું. શિક્ષકો બાળકો સાથે લાગણીથી જોડાયેલા ન હોવાને કારણે તેઓ બાળકોને સ્વતંત્રતા ભણી દોરવા માટેની સભાનતા કેળવવામાં માતાપિતા કરતાં ઘણા અંશે સફળ બને છે.

ઘણી વાર મારે કોઈ પિતાને લખીને જણાવવું પડ્યું છે કે તેમના સમસ્યારૂપ દીકરાને સુધારવાનું શક્ય ત્યારે જ બનશે જ્યારે તેઓ પોતે પોતાની પદ્ધતિઓમાં ફેરફાર કરશે. ટોમીને સિગારેટ પીવા બદલ ઘરે માર પડતો હોય તો તે સમરહિલમાં સિગારેટ પીવાની છૂટ લે તે શક્ય જ નથી. આ જ બાબત અન્ય ક્રિયાઓ જેવી કે નહાવું, સ્વચ્છ રહેવું, અભ્યાસ કરવો, ગાળો બોલવી વગેરે માટે લાગુ પડે છે.

મેં બાળકોને ક્યારેય ઘરની વિરુદ્ધ ભડકાવ્યાં નથી. જો આ હેરાન-પરેશાન બાળકોમાં કોઈ સુધાર આવ્યો હોય તો તે સ્વતંત્રતા આપવાથી આવ્યો છે. જે ઘરમાં સભાનતા નથી હોતી ત્યાં આવા પડકારોનો સામનો કરવો સંભવ નથી હોતો, કારણ કે તેમને સ્વતંત્રતા આપવાથી થતી અસર સમજાતી નથી.

હું કેટલાંક ઉદાહરણો દ્વારા માતાપિતા અને બાળકોના નબળા સંબંધ ઉપર પ્રકાશ ફેંકવા માગું છું. જે બાળકોની વાત હું અહીં કરીશ તે કોઈ પણ રીતે અસામાન્ય બાળકો નથી. એ તો બસ એક એવા વાતાવરણનો ભોગ બનેલાં છે જ્યાં બાળકોની વાસ્તવિક જરૂરિયાતોની કોઈ સમજ નથી.

એક છોકરી છે, મિલ્ટ્રેડ. એ જ્યારે પણ રજાઓ બાદ સમરહિલ પાછી ફરે છે ત્યારે

તે દ્વેષીલી, ઝઘડાખોર, દંભી બની જાય છે. તે બારણાં પછાડે, ઓરડા વિશે ફરિયાદો કરે, તેની પથારી તેને અનુકૂળ ન લાગે, આવી અનેક ફરિયાદોથી તે છલકાઈ જાય. લગભગ અડધું વર્ષ વીતી જાય પછી તેને સહન કરવી થોડી સહેલી બને. રજાઓ દરમ્યાન તે અને તેની મા એક બીજાની પાછળ પડેલાં રહે છે. તેની માએ એક ખોટી વ્યક્તિ સાથે લગ્ન કર્યાં છે. શાળામાંથી મળતી દુનિયાભરની સ્વતંત્રતા પણ આ છોકરીને કાયમી સંતોષ આપી શકે તેમ નથી. ખરેખર તો વેકેશનમાં બેહદ ખરાબ અનુભવમાંથી પસાર થતી આ બાળકી શાળામાં પરત આવીને નાની-મોટી ચોરીઓ પણ કરે છે. માને આ પરિસ્થિતિ વિશે જણાવીને પણ ઘરનું અજાગ્રત, ધિક્કારભર્યું અને બાળકીની જિંદગીમાં સતત દખલગીરીભર્યું વાતાવરણ બદલી શકાતું નથી. ઘણી વાર સમરહિલ આવ્યા પછી પણ બાળકને પોતાના ઘર – જેનાં કોઈ મૂલ્યો નથી, જેમાં બાળક શું વિચારે છે કે અનુભવે છે તે વિશે જ્ઞાન નથી– તેના પ્રભાવથી બચાવી શકાતું નથી. દુર્ભાગ્ય એ છે કે લોકોને મૂલ્યો વિશે સહેલાઈથી શીખવી શકાતું નથી.

આઠ વર્ષનો જોની જ્યારે સ્કૂલમાં પાછો ફરે છે ત્યારે તેના હાવભાવ જ બદલાઈ ગયેલા હોય છે. તે પોતાનાથી નબળા વિદ્યાર્થીઓને હેરાન કરે અને તેના પર રૂઆબ જમાવે. તેની મા સમરહિલમાં વિશ્વાસ રાખે છે પરંતુ પિતા કઠોર શિસ્તપાલનવાળા છે. તેમનો હુકમ થતાં જ જોનીએ દોડીને તેનું પાલન કરવું પડે છે અને બાળક ક્યારેક મને કહે છે કે તેને પપ્પાએ માર્યું. આવાં માતાપિતાનું શું થઈ શકે? ખબર નથી.

મેં એક પિતાને પત્ર લખ્યો, "તમે તમારા દીકરાની કોઈ પણ બાબતે ટીકા ન કરશો. તે ઘાતક બની રહેશે. તેના પર ગુસ્સે ન થાઓ, તેને ધમકાવો નહીં. અને સૌથી અગત્યનું એ છે કે એને કોઈ સજા ન આપો." આ જ છોકરો રજાઓમાં જ્યારે ઘરે જાય છે ત્યારે તેના પિતા સ્ટેશન ઉપર તેને લેવા માટે આવે છે. એને મળતાંવેંત સૌથી પહેલું વાક્ય કહે છે, "ટટ્ટાર ઊભો રહે ને, આમ ઢીલો શું ઊભો છે?"

પીટરની માએ તેને વચન આપ્યું છે કે જે દિવસે તેની પથારી ભીની નહીં થાય તે દિવસે તેને એક પેની આપશે. મેં તેનાથી વિરુદ્ધ પગલું લીધું કે તે પથારી ભીની કરશે તો તેને ત્રણ પેની આપીશ. પરંતુ બાળકના મનમાં મારી અને તેની માની વાતથી કોઈ દ્વિધા ઊભી ન થાય તેથી મેં તેની માને કહ્યું કે મારા ઇનામ પહેલાં તે તેમનું ઇનામ બંધ કરી દે. હવે પીટર સ્કૂલ કરતાં વધારે ઘરમાં પથારી ભીની કરે છે. તે એક બાળક જ બની રહેવા માગે છે. એ તેની માનસિક પરેશાનીનો એક ભાગ છે. તે પોતાના નાના ભાઈની ખૂબ ઈર્ષ્યા કરે છે. તેને અસ્પષ્ટ રીતે એ પણ સમજાય છે કે

તેની મા તેનો ઇલાજ કરાવવા ઇચ્છે છે. પરંતુ હું તેને એ અહેસાસ કરાવવા માગું છું કે તેનાથી પથારી ભીની થઈ જાય તો પણ કોઈ ફરક નથી પડતો. જ્યાં સુધી એની બાળક બની રહેવાની જરૂરિયાત છે ત્યાં સુધી હું તેને ત્રણ પેની આપીને એ માટે પ્રોત્સાહિત કરતો રહીશ. હું ત્યાં સુધી આમ કરીશ, જ્યાં સુધી એ આ તબક્કામાંથી સ્વાભાવિક રીતે બહાર ન આવી જાય. શિસ્ત કે લાંચથી તેને સુધારવાની કોશિશ કરવી એટલે તેની અંદર અપરાધભાવ પેદા કરવો અને તેને ધિક્કારપાત્ર નૈતિક મૂલ્યો આપવા. એક નૈતિક ઉપદેશ ઠોકતી વ્યક્તિ બનવા કરતાં બહેતર છે કે બાળક પથારી ભીની કરે.

નાનકડો જીમી રજાઓમાંથી પાછા ફર્યા બાદ એવું જાહેર કરે છે કે હું આ વખતે એક પણ વર્ગમાં ગેરહાજર નહીં રહું. દેખીતું છે કે તેનાં માતાપિતા તેના પર હાઈસ્કૂલની પ્રવેશ પરીક્ષામાં સફળ થવા માટે દબાણ કર્યા કરતાં હશે. તે એક અઠવાડિયું વર્ગમાં નિયમિત રહ્યો, તે પછી મહિના સુધી ગાયબ રહ્યો. ફક્ત વાતોથી તેના ઉપર કરવામાં આવેલા દબાણની નિરર્થકતાનું આ સચોટ ઉદાહરણ છે. આનાથી પણ ખતરનાક બાબત એ છે કે આવા પ્રકારની વાતો બાળકના વિકાસમાં અવરોધરૂપ બની શકે છે.

મેં આગળ કહ્યું તેમ, આ કિસ્સાઓ સમસ્યારૂપ બાળકોના છે જ નહીં. વૈચારિક વાતાવરણ અને માતાપિતાની સમજણ હેઠળ આ કિશોરો સામાન્ય બાળકો જ હોત.

એક વાર મારી પાસે એક સમસ્યારૂપ છોકરો આવ્યો જેને કાંઈક ખોટું શીખવવામાં આવેલું. મેં તેની માને પોતાની ભૂલ સુધારી લેવા કહ્યું. તેણે એમ કરવાનું સ્વીકાર્યું. રજાઓ પછી તે જ્યારે બાળકને પરત સ્કૂલમાં લઈ આવી ત્યારે મેં તેમને પૂછ્યું,"તમે એ પ્રતિબંધ દૂર કર્યો ને?"

તેમણે કહ્યું,"હા, કર્યું ને."

"સરસ, તમે શું કર્યું?"

તેમણે કહ્યું,"મેં તેને સમજાવ્યું કે શિશ્ન સાથે રમવામાં કશું ખોટું નથી પરંતુ એ મૂર્ખાઈભર્યું જરૂર છે."

તેણે એક બંધન દૂર કરીને બીજું નાખી દીધું. અને બિચારો બાળક અસામાજિક, બેઈમાની, નફરત અને અજંપાથી ઘેરાયેલો બાળક જ બની રહ્યો.

હું માતાપિતાને એ સમજાવવાની કોશિશ કરું છું કે બાળક ક્યારેય શીખશે નહીં. મારું મુખ્ય કામ માતાપિતાની ભૂલો સુધારવાનું છે. જે માતાપિતા પોતાની ભૂતકાળની ભૂલોને પ્રામાણિકતાથી જોવા-સમજવાની કોશિશ કરે છે અને પોતાનાં બાળકો પ્રત્યેના વ્યવહાર સુધારવાના પ્રયત્નો પણ કરે છે તેમના માટે મારામાં સહાનુભૂતિ અને

પ્રશંસાના ભાવ રહે છે. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે અન્ય માતાપિતા બાળકોને માટે પોતે બદલાવાની જગ્યાએ પોતાના અર્થવિહીન અને ખતરનાક નીતિ-નિયમો મુજબ જ ચાલવાનું પસંદ કરે છે. ઉપરાંત એથીય આશ્ચર્યજનક બાબત એ છે કે તેઓ પછી બાળકોના મારા પ્રત્યેના સ્નેહની ઈર્ષ્યા કરે છે.

ખરેખર બાળકો મને એટલો પ્રેમ નથી કરતાં જેટલું તે મારા દખલગીરી ન કરવાના વલણને ચાહે છે. હું તેમના દિવાસ્વપ્નોનો પિતા છું ને! જ્યારે તેમના પોતાના પિતા તો "ખબરદાર, હમણાં જ ઘોંઘાટ બંધ કરો"ની બૂમ પાડે છે. મેં ક્યારેય બાળકો પાસે સભ્ય વ્યવહાર અને શિષ્ટ ભાષાની માગણી કરી નથી. ક્યારેય એમ નથી પૂછ્યું કે હાથ-મોં ધોયાં કે નહીં. મેં ક્યારેય તેમની પાસે આજ્ઞા માનવાની કે માન આપવાની કે મારું ગૌરવ જાળવવાની માગણી કરી નથી. ટૂંકમાં, મેં બાળકો સાથે એવો જ સન્માનપૂર્વક વ્યવહાર કર્યો છે, જેવા વ્યવહારની મોટાંઓને તેમની પાસેથી અપેક્ષા હોય છે. અને હું એ પણ સમજું છું કે તેમના પિતા અને મારા વચ્ચે કોઈ સ્પર્ધા હોઈ જ ન શકે. તેમનું કામ છે કુટુંબનો નિર્વાહ ચલાવવાનું અને મારું કામ છે બાળકોને શિક્ષણ આપવાનું, તેમને મારો પૂરો સમય અને ધ્યાન આપવાનું. જો માતાપિતા બાળકોના વિકાસ અંગે સભાન રહેવા માટે બાળ મનોવિજ્ઞાનનો અભ્યાસ નહીં કરે તો તેઓ પાછળ રહી જશે. અને માતાપિતા ઘણી વાર ખૂબ પાછળ રહી જતાં હોય છે.

એક પિતાએ મારી સ્કૂલમાં ભણતી પોતાની દીકરીને પત્રમાં લખ્યું,"જો તું પત્રમાં જોડણીની ભૂલો કરવાની હોય તો બહેતર છે કે પત્ર ન લખ." અને આ એવી છોકરીને લખવામાં આવ્યું હતું જેના વિશે અમે નક્કી નહોતાં કરી શકતા કે તે માનસિકરૂપે કમજોર છે કે નહીં.

ઘણી વાર મારે ફરિયાદી માતા કે પિતાને ઠપકો આપવો પડ્યો છે, કહેવું પડ્યું છે કે,"તમારો દીકરો ચોરી કરે છે, હજી સુધી પથારી ભીની કરે છે. તે કોઈની સાથે ભળતો નથી, દુઃખી છે. પોતાને કમજોર સમજે છે. અને તમે મારી પાસે આવીને એ વાતના રોદણાં રડો છો કે તે જ્યારે સ્ટેશન પર તમને મળ્યો ત્યારે તેનું મોં અને હાથ ગંદાં હતાં." આમ તો મને ગુસ્સો જલદી નથી આવતો. પણ જ્યારે હું એવી મા કે પિતાને મળું છું, જેમને એ પણ ખબર નથી પડતી કે બાળકના આચારમાં શું જરૂરી છે અને શું બિનજરૂરી છે, ત્યારે હું નારાજ થઈ જાઉં છું. કદાચ આ કારણે માતાપિતા મને તેમનો વિરોધી પણ માની શકે છે. પરંતુ જ્યારે કોઈ મા પોતાના બાળકને મળવા આવે અને તેને બગીચામાં ગંદો અને ચીંથરેહાલ જોઈને પણ ઉત્સાહથી મને કહે કે,"મારો દીકરો કેટલો ખુશ અને સ્વસ્થ દેખાય છે!" ત્યારે મારું મન ખુશીથી

છલકાઈ જાય છે.

હું જાણું છું કે આ વાત કેટલી મુશ્કેલ છે. આપણી દરેક પાસે આપણાં પોતાનાં વ્યક્તિગત મૂલ્યો અને બીજાને માપવાના આગવા માપદંડો હોય છે. કદાચ મારે માફી માગવી જોઈએ કે હું બાળકોના વિષયે ઘણો કટ્ટર છું. હું એવાં માતાપિતા પ્રત્યે ધીરજ ગુમાવી બેસું છું જે બાળકોને મારી દૃષ્ટિથી નથી જોઈ શકતાં. પણ જો હું માફી માગી લઈશ તો હું ઢોંગી જ કહેવાઈશ. કારણ કે સચ્ચાઈ એ છે કે, જ્યાં સુધી બાળકોનો સવાલ છે, મારાં જ મૂલ્યો સાચાં છે એ વાતની મને ખબર છે.

જે માતાપિતા બાળકો સાથેના તેમના બગડેલા સંબંધને ખરેખર સુધારવા માગે છે, તેમણે પોતાને કેટલાક સીધાસાદા પ્રશ્નો પૂછવા જોઈએ. હું ડઝનબંધ સાર્થક પ્રશ્નો સુઝાડી શકું છું : "શું હું મારા બાળકથી એટલે નારાજ છું કે આજે સવારે મારો મારા પતિ (કે પત્ની) સાથે ઝઘડો થયો હતો?" "શું મારી નારાજગીનું કારણ એ છે કે રાતના સહવાસમાં મને તૃપ્તિનો અનુભવ નહોતો થયો?" કે પછી એટલે કે "પાડોશીનું કહેવું છે કે હું મારા બાળકને બગાડી રહી છું?" કે પછી એટલે કે મારું લગ્નજીવન નિષ્ફળ જઈ રહ્યું છે? કે પછી એટલે કે "ઓફિસમાં સાહેબે મને ઠપકો આપ્યો છે? આવા પ્રકારના સવાલ જો પોતાને પૂછવામાં આવે તો તે ફાયદાકારક જ રહેશે.

પરંતુ દુર્ભાગ્યે, ખરેખર જે ઊંડા પ્રશ્નો હોય છે - ખાસ કરીને આજીવન પૂર્વગ્રહોને લગતાં - તે ખરેખર જાગૃત મનથી પર હોય છે (એટલે કે આપણાં અજાગૃત કે અર્ધજાગૃત મનમાંથી ઉદ્ભવેલાં હોય છે). એ કલ્પના કરવી અસંભવ છે કે એક ચિડાયેલો પિતા ક્ષણિક થંભીને પોતાને પૂછે કે, "શું હું મારા બાળકના ગાળ બોલવાથી એટલે નારાજ છું કારણ કે મારો ઉછેર સોટીની તાકાત પર, નીતિ ઉપદેશો સાથે થયો હતો? મારા મનમાં ઈશ્વરનો અને નિરર્થક સામાજિક રીત-રિવાજોનો ડર બેસાડવામાં આવ્યો હતો? સેક્સને લગતી મારી સ્વાભાવિક ઈચ્છાઓને પૂરી તાકાતથી દબાવવામાં આવી હતી?" આ સવાલોનો જવાબ શોધવાનો અર્થ છે આત્મવિશ્લેષણ કરવું, જે આપણામાંથી મોટા ભાગના લોકોનાં ગજાં બહારની વાત છે. આ દુર્ભાગ્ય છે, કારણ કે જો આના જવાબ મળે તો ઘણાં બાળકોને માનસિક રોગથી બચાવી શકાય.

બાઈબલનાં જે ઉદાહરણને પેઢીઓથી ભૌતિક અર્થમાં સમજવામાં આવે છે તે એ છે કે પિતાનાં પાપોનું ફળ બાળકોએ સહન કરવું પડે છે. અશિક્ષિત લોકો પણ નાટ્યકાર 'ઈબસન'ની કૃતિ *'ઘોસ્ટ (ભૂત)'*ની એ વાત સમજી લે છે કે નાટકમાં પિતા જાતીય રોગી હોવાને કારણે દીકરાનું જીવન બરબાદ થઈ જાય છે. પરંતુ જે વાત તેઓ સમજી

નથી શકતા તે એ છે કે હંમેશાં પિતાનાં માનસિક પાપોને લીધે બાળકનો સર્વનાશ થાય છે. નાની ઉંમરમાં બાળકો પર પોતાના રીત-રિવાજો થોપવાથી ઊભી થતી ચારિત્ર્યની વિકૃતિઓથી બાળકને બચાવવાનો એક જ રસ્તો છે - સભાન માતાપિતા શરૂઆતથી જ બાળકને તે પોતાનું સ્વ-નિયમન જાતે કરી શકે તેવી પ્રેરણા આપે.

અહીં એ બાબત પર વિશેષ ભાર છે કે બાળક પોતાનું સ્વ-નિયમન જાતે કરી શકે તેવી પ્રેરણા આપવાનો અર્થ માતાપિતાએ પોતાના નિશ્ચિત રીત-રિવાજોથી ઉપર ઊઠીને ઘણું વિશેષ બાળકોને આપવું. માતાપિતાઓએ શરૂઆતનાં ઓછામાં ઓછાં બે વર્ષ સુધી પોતાના સમય અને સ્વાર્થની આહુતિ આપવી પડશે. તેમણે પોતાનાં બાળકોનો પ્રેમ અને કૃતજ્ઞતા પામવા માટે કોઈ ખેલ કરવાનું બંધ કરવું પડશે. કોઈ સંબંધી મળવા આવે ત્યારે બાળકને હસવાનું કે અન્ય તરકીબો બતાવવાનું કહેવાનું બંધ કરવું પડશે. બાળક પોતાનું સ્વ-નિયમન કરી શકે તેનો અર્થ માતાપિતાએ નિઃસ્વાર્થ થવું એવો થાય છે. આ વાત ઉપર હું એટલા માટે ભાર મૂકી રહ્યો છું કારણ કે મેં નવયુવાન માતાપિતાને એવું વિચારતાં જોયાં છે કે તેઓ બાળકોને સ્વનિર્ભર બનાવી રહ્યાં છે પરંતુ વાસ્તવિકતામાં તો તેઓ બાળકોને પોતાની સગવડ મુજબ ઢાળી દેતાં હોય છે. જ્યારે તેમને રાત્રે સિનેમા જોવા જવાનું હોય ત્યારે તેઓ બાળકને જલદી સૂઈ જવા માટે મજબૂર કરે છે. ક્યારેક બાળકને એવું સુંવાળું, અવાજ વગરનું રમકડું પકડાવી દેવાય છે જેથી પિતાની ઊંઘમાં ખલેલ ન પહોંચે.

"હવે બસ કરો," માતાપિતા દલીલ કરે છે, "આ બધું તમે અમને કેવી રીતે કહી શકો છો? છેવટે જિંદગીમાં અમારા પણ કોઈ અધિકારો હોય છે." પરંતુ મારો જવાબ છે - "નહીં, બાળકોનાં શરૂઆતનાં બે-ચાર વર્ષો સુધી તમારો કોઈ અધિકાર નથી કારણ કે આ વર્ષો સતત કાળજીભર્યા નિરીક્ષણનાં છે. કારણ કે આપણી આસપાસનું સમગ્ર વાતાવરણ આ સ્વાતંત્ર્ય અપાવવાની વિરુદ્ધમાં હોય છે અને આથી બાળક માટે સચેત રહીને એકધારી લડત આપવી જરૂરી હોય છે."

જે માતાપિતા પોતાનાં બાળકોને સ્વ-નિયમન અને સ્વતંત્રતાના માર્ગ ઉપર ચલાવવા માગે છે તેમના માટે મારાં કેટલાંક સૂચનો પણ છે -

બાળકને બાબાગાડીમાં નાખીને કલાકો સુધી બાગમાં છોડી દેવું એ ખતરનાક કામ છે. કોઈને ખ્યાલ પણ ન આવે કે જો આ દરમ્યાન બાળક જાગી ગયું અને પોતાને એક અજાણી જગ્યાએ ભાળીને ડરી જાય કે એને એકલું લાગે તો શું થાય? જે લોકોએ આવા બાળકની ચીસો સાંભળી છે તેમને આ વિચિત્ર હરકતનો થોડોક અંદાજ જરૂર હશે.

જો તમે ઈચ્છતા હો કે તમારું બાળક માનસિક રોગી બન્યા વગર મોટું થાય, તો ખબરદાર, તેનાથી અંતર ન રાખશો. એ જરૂરી છે કે તમે તેની સાથે રમો, કેવળ રમો જ નહીં, બાળક બનીને તેની સાથે રમો. તેના જીવનમાં ભળી જાઓ. તેના રસનો સ્વીકાર કરો. જો તમારી અંદર મૂર્ખાઈભર્યો આત્મગૌરવનો ભાવ હશે તો તમે આ નહીં કરી શકો.

જો બાળક દાદા-દાદી કે નાના-નાનીથી અલગ રહે તો વધારે સારું કારણ કે હંમેશાં વડીલો બાળકોને પાળવા-પોષવાના કાયદા-કાનૂન પોતે જ બનાવવા માગે છે. તેઓ બાળકની ફક્ત ખૂબીઓ કે ફક્ત ખામીઓ જ જોઈ શકે છે. આવાં ઘરોમાં બાળકોના બે નહીં ચાર-ચાર સાહેબો હોય છે. સારામાં સારાં ઘરોમાં પણ નાના-દાદા બાળપણ વિશેના પોતાના વાસી વિચારો જ દાખલ કરવા માગે છે. હંમેશાં દાદા-દાદી, નાના-નાની પોતાના માલિકીભાવ યુક્ત લાડ લડાવીને બાળકોને બગાડે છે. આવું ખાસ કરીને એટલા માટે છે કે દાદી-નાની પાસે પોતાની પારિવારિક જવાબદારીઓ પૂરી થઈ જવાને કારણે હવે પોતાનો કોઈ ઉદ્દેશ્ય નથી હોતો. ત્રીજી પેઢી તેમને ફરીથી કામ શરૂ કરવાનો મોકો આપે છે. તેઓ એવું માનવા માંડે છે કે તેમની દીકરી કે વહુ અકુશળ મા છે એટલે દાદી કે નાની લગામ સંભાળવા માંડે છે. આથી બાળક બે દિશાઓમાં ખેંચાવા માંડે છે. સંભાવના એવી ઊભી થાય છે કે તે બન્ને પક્ષોથી અંતર રાખવા માંડે છે. બાળકો માટે ચર્ચા કે તકરારનો અર્થ છે પ્રેમની ગેરહાજરી. પછી એ ઝઘડો મા કે દાદી/નાની સાથે હોય કે પતિ-પત્ની વચ્ચે. ગમે તેટલી કોશિશો કરવા છતાં અંદરોઅંદરનો તણાવ બાળકોથી છુપાવી શકાતો નથી. તે અજાણતાં જ એવું માનવા માંડે છે કે તેના ઘરમાં પ્રેમ નથી.

ઘણી વાર સ્કૂલનો પ્રશ્ન પણ હેરાનગતિનું કારણ બને છે. શક્ય છે કે તમારી પત્ની બાળકને એક પ્રગતિશીલ સહશિક્ષણવાળી સ્કૂલમાં ભણાવવા માગતી હોય અને પિતાની ઈચ્છા એવી હોય કે તે કોઈ સરકારી સ્કૂલમાં ભણે. શક્ય છે કે આ કારણે તમારા બન્નેમાં તકરાર થાય પરંતુ આ પરિસ્થિતિના ઉકેલ માટે મારી પાસે કોઈ ખાસ સૂચન નથી. પણ હું એવું ચોક્કસ જ જાણું છું કે મારા સૌથી વધુ સમસ્યારૂપ બાળકોનાં માતાપિતા વચ્ચે સ્કૂલને લઈને મતભેદ હતા. અમારા એક બાળકના પિતા સમરહિલના વિચારોની વિરુદ્ધ હતા. ઘરમાં શાંતિ જાળવવાના નામે તેમણે નમતું જોખ્યું. તે બાળક અહીં કોઈ પ્રગતિ ન કરી શક્યો. એટલા માટે કે તે જાણતો હતો કે તેના પિતા સ્કૂલથી નાખુશ છે. બાળકો માટે આવી સ્થિતિ ખૂબ હેરાનગતિ સર્જે છે. એવી સ્થિતિમાં તે અહીં તેનાં મૂળિયાં નથી ખોડી શકતો. તેને એ ડર રહે છે

કે તેના પિતા ગમે ત્યારે નક્કી કરીને તેનો દાખલો અન્ય કોઈ શિસ્તનું કડક પાલન કરાવતી સ્કૂલમાં કરાવી શકે છે.

માતાપિતા અને શિક્ષકોની વચ્ચે થોડોક તણાવ તો રહેવાનો જ. ઘણા શિક્ષકો આ વાત સમજી શકે છે. કેટલાક શિક્ષકો તો માતાપિતા સાથે થતી બેઠકોમાં બન્ને પક્ષને નજીક લાવવાની કોશિશ પણ કરે છે. આ ઘણી ઉમદા બાબત છે. દરેક જગ્યાએ આ થવું જ જોઈએ. શિક્ષકોએ એ સમજવું જોઈએ કે બાળકોના જીવનમાં તેમની ભૂમિકા ક્યારેય એટલી પ્રભાવશાળી ન હોઈ શકે જેટલી માતાપિતાની હોય છે. આ જ કારણસર જ્યારે ઘરેલુ સમસ્યાને કારણે બાળક સમસ્યારૂપ બની જાય છે, ત્યારે એને સુધારવું મુશ્કેલ બની જાય છે.

માતાપિતાએ એ હકીકતનો સામનો કરવો જ રહ્યો કે આજે નહીં તો કાલે બાળકે તેમનાથી દૂર થવું જરૂરી છે. સ્વાભાવિક છે કે હું એમ નથી કહેતો કે બાળકોએ માતાપિતાને છોડી જતા રહેવું અને ક્યારેય તેમને મળવું જ ન જોઈએ. પરંતુ મારો કહેવાનો અર્થ છે શારીરિક રીતે, શિશુ અવસ્થાના, ઘર ઉપરના અવલંબનને તોડવું જરૂરી છે. સ્વાભાવિક છે કે મા એવું ઇચ્છે કે બાળક પોતાનાથી દૂર ન જાય અને પોતાના ઉપર જ આધારિત રહે. હું એવા દરેક પરિવારથી પરિચિત છું જ્યાં કોઈ દીકરી પોતાના ઘરડાં માતા-પિતાની દેખભાળ માટે ત્યાં જ કાયમ રહે છે. મોટા ભાગનાં આવાં ઉદાહરણોમાં પરિવાર સુખી નથી હોતો.

દીકરીના મનનો એક ભાગ તેને દુનિયામાં બહાર પડવાનો અને પોતાની જિંદગી પોતાની રીતે જીવવા માટે પ્રેરે છે. પરંતુ તેનો બીજો ભાગ, જવાબદાર ભાગ તેને તેનાં માતાપિતા પાસે રહેવા મજબૂર કરે છે. તેની અંદર સતત એક દ્વિધા ચાલતી રહે છે. આ દ્વિધા એની ખીજમાં નીકળતી હોય છે. "દેખીતી રીતે જ હું મારી માને ખૂબ પ્રેમ કરું છું. પણ સામે એ ઘણી વાર મને એટલી થકવી નાખે છે કે બસ."

આજે હજારો-લાખો મહિલાઓ દુનિયાનું સૌથી વધુ કંટાળાજનક કામ કરે છે. તે રોટલી વણે છે, વાસણ સાફ કરે છે, કપડાં ધુએ છે, ઈસ્ત્રી કરે છે, કચરા-પોતાં કરે છે. તે ઘરની સંભાળ રાખતી પગાર વગરની દાસીઓ છે. અને તેમનું જીવન ખૂબ કંટાળાજનક અને થાકભર્યું હોય છે. પરિવાર ઘર છોડે પછી માનું કામ પૂરું થઈ જાય છે- જેમ ચકલીનાં નાનાં બચ્ચાંઓ પાંખો આવતાં જ માળો છોડીને ઊડી જાય છે અને માળો સૂનો થઈ જાય છે. એ માને વખોડવાની નહીં, હૂંફની જરૂર હોય છે. સ્વાભાવિક છે કે તે એવું ઇચ્છે કે તેનો પરિવાર શક્ય હોય ત્યાં સુધી એકઠો રહે - પછી ભલે એ પ્રક્રિયામાં એનાં બાળકોને નુકસાન કેમ ન પહોંચે. આનાથી એ સંકેત તો મળે છે કે

પ્રત્યેક મહિલા પાસે કંઈ ને કંઈ કામ હોવું જોઈએ, જેથી બાળકોના મોટા થયા બાદ તે ફરીથી શરૂ કરી શકે.

માતાપિતા ઈશ્વરનાં રૂપો છે. આ ઈશ્વર ઈર્ષ્યા કરવાવાળો ઈશ્વર છે. માતાપિતા પાસે કાનૂની અધિકાર છે કે તે એમ કહી શકે કે હું *મારા બાળકને આ તરફ જ ઢાળીશ*. માતાપિતા ઇચ્છે તો બાળકોને મારી શકે છે, તેમને ડરાવી શકે છે, તેમનું જીવવું હરામ કરી શકે છે. આ સ્થિતિમાં બાળકને ગંભીર શારીરિક નુકસાન પહોંચે ત્યારે જ કાનૂન વચ્ચે પડી શકે. પરંતુ જો આ નુકસાન માનસિક હોય, તો ગમે તેટલું ગંભીર હોય, કાનૂની દખલ સંભવ જ નથી. કરુણતા એ છે કે માતાપિતાને એવો પાક્કો વિશ્વાસ હોય છે કે, તેઓ જે પણ કરે છે તે પોતાના બાળકના સારા માટે જ કરે છે.

સમગ્ર માનવતા એ જ આશા પર ટકી છે કે જો માતાપિતા સભાન થાય, તેઓ બાળકનાં સ્વાતંત્ર્ય, જ્ઞાન અને પ્રેમના વિકાસ બાબતે બાળકની પડખે રહે, તો તેઓ જે કાંઈ પણ કરશે, તે બાળકોના હિતમાં જ હશે. જો આ પુસ્તક થકી એક પણ માતાપિતાને એ સમજાય કે તે પોતાનાં બાળકો ઉપર કેટલી પ્રબળતાથી, કેવી રીતે અને કઈ હદ સુધી સારી કે ખરાબ અસર કરી શકે છે, તો આ લખવાનો હેતુ સિદ્ધ થઈ જશે.

૭

પ્રશ્નો અને ઉત્તરો

સામાન્ય પ્રશ્નો

પ્રશ્નઃ તમે માનવતાને જીવન-વિરોધી કહો છો. તમે શું કહેવા માગો છો? હું જીવન-વિરોધી નથી કે નથી મારા મિત્રો જીવન-વિરોધી.

મારા જીવનગાળા દરમ્યાન મેં બે ભયંકર વિશ્વ-યુદ્ધો જોયાં છે અને સંભવ છે કે કદાચ હું એથીય ભયંકર ત્રીજું યુદ્ધ જોવા પણ જીવતો હોઈશ. એ બે યુદ્ધોમાં સેંકડો યુવાનો માર્યા ગયા હતા. જ્યારે હું બાળક હતો ત્યારે દક્ષિણ આફ્રિકામાં સત્તાવિગ્રહ માટે માણસો માર્યા ગયા હતા. ૧૯૧૪ થી ૧૯૧૮ દરમ્યાન તેઓ *"બધી લડાઈઓનો અંત લાવવા માટેની લડાઈ"*માં માર્યા ગયા. ૧૯૩૯ થી ૧૯૪૫ દરમ્યાન તેઓ ફાસિઝમને કચડવા માર્યા ગયા. કાલે બીજા ઘણા કમ્યૂનિઝમ(સામ્યવાદ)ને કચડવા કે આગળ વધારવા માર્યા જશે. એનો અર્થ એ થયો કે કેન્દ્રમાં રહેલા સત્તાધીશોના આદેશ પર, પોતાના અંગત જીવનને સ્પર્શતાં ન હોય તેવાં કારણો માટે પણ લોકોનો વિશાળ સમુદાય પોતાનાં જીવનનું અને પોતાનાં બાળકોનાં જીવનનું બલિદાન આપવા તૈયાર હોય છે.

જો આપણે રાજકારણીઓનાં, વેપારીઓનાં કે શોષણખોરોનાં પ્યાદાં હોઈએ તો આપણે 'જીવન-વિરોધી' અને 'મૃત્યુ-તરફી' છીએ. આપણે પ્યાદાં છીએ કારણ કે આપણને જીવનને નકારાત્મકતાથી જોવાનું, આપણી જાતને નમ્રતાપૂર્વક સત્તાધારી સમાજના બીબામાં ઢાળવાનું અને આપણા માલિકોના આદર્શ માટે મરવા તૈયાર રહેવાનું શીખવાડવામાં આવે છે. માત્ર પ્રણયકથાઓમાં જ લોકો પ્રેમ માટે મરતાં હોય છે; વાસ્તવિક્તામાં તો ધિક્કાર માટે મરતાં હોય છે.

આ તો ટોળાની માનસિકતા થઈ. પરંતુ વ્યક્તિ પણ તેના પોતાના દૈનિક જીવનમાં જીવન-વિરોધી હોય છે. તેનો પ્રેમાચાર મુખ્યત્વે અસંતોષભર્યો હોય છે, તેનો આનંદ મોટે ભાગે તકલાદી, છીછરો અને પલાયનવાદી હોય છે. તે એવો નીતિવાદી છે જે કુદરતી જીવનને ખોટું અને અત્યંત અપૂરતું માને છે અને પોતાનાં બાળકોને પણ એ પ્રમાણે શીખવે છે.

ક્યારેય કોઈ જીવનપ્રેમી બાળકને સેક્સ કે ભણવા બાબતે અથવા ઈશ્વર, શિષ્ટાચાર કે સારી વર્તણૂક માટે બોધ આપવામાં આવતો નથી. જીવનપ્રેમી માતાપિતા કે શિક્ષકો બાળકને મારશે નહીં. કોઈપણ જીવનપ્રેમી નાગરિક આપણા ફોજદારી કાયદાઓને,

ફાંસીની સજાને, સજાતીય સંબંધો માટે અપાતી સજાને તથા ગેરકાયદેસર સંબંધો તરફી આપણી વર્તણૂકને સહન કરી શકશે નહીં. કોઈ પણ જીવન-તરફી વ્યક્તિ ચર્ચમાં બેસીને નીચ પાપી હોવાનો એકરાર કરતી નથી.

એક ચોખવટ કરી લઉં કે હું *સ્વેચ્છાચારવાદ*ની વકીલાત કરતો નથી. હંમેશાં એ જ કસોટી હોય છે કે કોઈ એક વ્યક્તિ ખરેખર કોઈ બીજાને નુકસાન પહોંચાડે છે? જો જવાબ ના હોય, તો તે વ્યકિત સામે વાંધો લેનારાઓ જીવન-વિરોધી તરીકે વર્તી રહ્યા છે.

કોઈ બીજી રીતે દલીલો કરી શકે અને યુવાનો જ્યારે નાચે, રમતો રમે, ફિલ્મો, સંગીત-જલસા અને નાટકો જોવા જાય ત્યારે તેમના તરફ આંગળી ચીંધી શકે. અને એ દલીલમાં પણ કંઈક વજૂદ છે કે યુવાનો જીવન-તરફી બાબતો ઝંખતા હોય છે અને સત્તાધીશો દ્વારા દબાવવામાં આવતાં હોવા છતાં તેઓ પોતાનો આનંદ શોધી લેતાં હોય એ કેટલું ઉજ્જવળ, જીવંત અને આશાવાદી છે. પાછળથી પણ આ ઝંખના ચાલુ રહે છે અને તેથી માણસ દ્વિધામાં રહે છે. આનંદ પણ જોઈએ છે અને સાથે-સાથે તેનો ડર પણ લાગે છે.

જ્યારે હું 'જીવન-વિરોધી' શબ્દ વાપરું છું ત્યારે મૃત્યુ-તરફી કહેવા નથી માગતો. હું એ કહેવા માગું છું કે મૃત્યુના ભય કરતાં જીવનનો ભય વધારે છે. 'જીવન-વિરોધી' હોવું એનો અર્થ 'મૃત્યુ-તરફી' હોવું નથી. જીવન-વિરોધી હોવું એટલે સત્તાધારી-તરફી હોવું, ધર્મસ્થાન-તરફી હોવું, દમન-તરફી હોવું અથવા છેવટે કાંઈ નહીં તો, આ બધાના ખુશામતખોર હોવું.

હું સારાંશમાં કહું તો - જીવન-તરફી એટલે ગમ્મત, રમતો, પ્રેમ, મનપસંદ કામ, શોખ, હાસ્ય, સંગીત, નૃત્ય, બીજાનો વિચાર કરવો અને માણસોમાં શ્રદ્ધા. જીવન-વિરોધી એટલે ફરજ, આજ્ઞાંકિતતા, નફો અને સત્તા. ઇતિહાસભરમાં અત્યાર સુધી જીવન-વિરોધીઓ જીતતા આવ્યા છે અને જ્યાં સુધી યુવાનો આજના સમય પ્રમાણેના પુખ્ત લોકોના વિચારોના બીબામાં ઢળવા માટે તાલીમ પામતા રહેશે ત્યાં સુધી તેઓ જીતતા જ રહેશે.

પ્રશ્નઃ શું તમે એવું નથી માનતા કે જ્યારે દુનિયાના સેંકડો લોકોની આર્થિક સમસ્યા હલ થઈ જશે ત્યારે માનવતાની મોટા ભાગની બદીઓનું સમાધાન થઈ જશે?

મોટા ભાગના લોકો માટે આપણા ઘર અને શાળાની તાલીમ કંટાળાજનક જીવન તરફ લઈ જનારી હોય છે - એવું સમજાવું એ કાંઈ ખાસ સંતોષકારક નથી. પણ હા,

દુકાનો અને ઓફિસોની નીરસ નોકરીઓ જરૂરી છે; પરંતુ એવા લોકોની નિર્જીવતા બિનજરૂરી છે, જે લોકો તેમના કાર્યસ્થળ અને દુકાનોને ધિક્કારે છે, જેમણે ચીલાચાલુ ફિલ્મોમાં, કુતરાંદોડમાં, ફોટાંવાળા મેગેઝીનોમાં અને સનસનાટીભર્યાં, ગુનાખોરીના છાપાંઓમાંના વિવરણોમાં પોતાની અતૃપ્ત લાગણીઓને સંતોષવાનો પ્રયત્ન કરવો પડે છે.

મોંઘી ગાડીઓ ધરાવતાં કરોડપતિઓ તેમનાં આંતરિક જીવનમાં રેલવેના કુલીઓ કરતાં વધારે સુખી નથી. આનો જવાબ એ છે કે જો તેનો આત્મા જ જીવન-વિરોધી અને પ્રેમ-વિરોધી હોય તો કોઈ માણસ આર્થિક સગવડો અને સલામતી માણી શકતો નથી. અમીર માણસ અને ગરીબ માણસમાં આ સામ્યતા છેઃ તેઓ બન્ને એવા જગતમાં ઊછર્યા છે જે પ્રેમને અનુમોદન આપતું નથી, પ્રેમથી ડરે છે, પ્રેમને એક ધૃણાસ્પદ મજાક બનાવી દે છે.

મોટા ભાગના લોકો દુઃખી છે, એમાં સંમત થનારા ઘણા કહેશે કે જ્યારે બધી જ આર્થિક સમસ્યાઓ હલ થઈ જશે ત્યારે જીવન સંપૂર્ણ, સંતોષકારક અને મુક્ત થઈ જશે. મારા મતે, હું આ માની શકું નહીં. જે થોડી ઘણી આર્થિક સ્વતંત્રતા આપણે જોઈ છે તે પ્રોત્સાહક નથી. જે આર્થિક સ્વતંત્રતા ઈલેક્ટ્રીક રસોડાને શકય બનાવે છે એ કોઈ મહાન સુખ કે શાણપણ તરફ લઈ જતી નથી; એ માત્ર વધારે સવલતો પૂરી પાડે છે અને પછી એ આપમેળે આવશ્યકતા બની જાય છે તથા એનું ભાવનાત્મક મૂલ્ય ખોઈ બેસે છે.

આપણી ચારિત્ર્ય-ઘડતરની પદ્ધતિઓએ ઈંગ્લેન્ડને ભૌતિક બાબતોમાં સફળ દેશ બનાવ્યો છે; આપણને ઊંચું જીવનધોરણ પૂરું પાડયું છે. પણ એ બધું સફળતા સુધી સિમિત છે. વત્તે-ઓછે અંશે, લોકો હજી પણ દુઃખી છે. ના, એકલા આર્થિક ઉકેલો જગતને તેની નફરત અને પીડામાંથી, તેના ગુનાઓ અને કૌભાંડોમાંથી, તેના માનસિક રોગો અને બિમારીઓમાંથી કદાપિ મુક્ત કરી શકશે નહીં.

પ્રશ્નઃ અમે દુઃખી લગ્ન-જીવન બાબતે શું કરી શકીએ?

કેટલાંક મધ્યમવર્ગીય વાલીઓ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ થકી દુઃખી લગ્ન-જીવનનો ઉકેલ શોધે છે, જે મોટે ભાગે છૂટાછેડામાં પરિણમે છે. પણ વિશ્લેષણો સામાન્ય રીતે હોય તેના કરતાં પણ વધારે સફળ હોય તો પણ આપણે જગતનું વિશ્લેષણ ના કરી શકીએ. વ્યક્તિઓ સાથે કરવામાં આવતા ઉપાયો એ બહુ નાના નાના પ્રયત્નો છે, જે બહોળા સમાજને પૂરતી અસર કરી શકતા નથી.

માનવતાનો ઉકેલ યુવાનોના યોગ્ય ઉછેરમાં પડેલો છે, નહીં કે માનસિક રોગીઓનો ઉપચાર કરવામાં. મારે એ સ્વીકારવું જોઈએ કે અત્યારના લગ્નના પ્રશ્નને હલ કરવા બાબતે મારી પાસે એવું કાંઈ કહેવા જેવું નથી. એ સ્વીકારવું અઘરું છે - પણ જો શ્રીમાન અને શ્રીમતી બ્રાઉન એકબીજા સાથે દુઃખી થઈને એટલા માટે જીવતા હોય કારણ કે તેઓ જીવન-વિરોધી વાતાવરણમાં ઊછર્યાં છે, તો તે બાબતે કોઈ કાંઈ કરી શકે નહીં.

આ ખૂબ નિરાશાવાદી લાગી શકે છે. જો આપણે બાળકો સાથે એવી રીતે વર્તવા ઇચ્છીએ કે તેઓ સેક્સ અને જીવનને ધિક્કારે નહીં, તો જ આપણે આશાવાદી બની શકીએ. જ્યારે પણ હું બાળકને માર ખાતો જોઉં છું, બાળક સાથે જુઠ્ઠું બોલાતું જોઉં છું, બાળકને નગ્નતા માટે શરમાવું પડે છે ત્યારે હું ખેદ સાથે જોઉં છું કે આ બાળક મોટું થઈને નફરત કરનાર પતિ કે પત્ની બનશે.

પ્રશ્નઃ શું તમે એને અગત્યનું માનો છો કે લગ્નસંબંધમાં બન્ને વ્યક્તિઓ સમાન બૌદ્ધિક સ્તરની હોવી જોઈએ?

લગ્નસંબંધમાં બૌદ્ધિક બાજુ ગૌણ છે. મસ્તિષ્કનાં લગ્ન એ નીરસ, ઠંડો સંબંધ છે, જ્યારે હૃદયનાં લગ્ન એ હૂંફ અને આપવાની બાબત હોય છે. કુદરત એ કાંઈ એક પુરુષ કે એક સ્ત્રીને સાથીના બૌદ્ધિક કૌશલ્યના કારણે પ્રેમમાં પાડતી નથી. છતાં પછીથી જ્યારે સેક્સની ભૂખ નબળી પડે છે ત્યારે સમાન બૌદ્ધિક રસ યુગલને ખુશ રાખે છે. સમાન વિષયની વિનોદવૃત્તિ લાંબા ગાળાના સુખી લગ્નજીવન માટે કદાચ શ્રેષ્ઠ ઉપાય છે.

પ્રશ્નઃ કામ બાબતે વધારે પડતી ચિંતાનું કારણ શું છે? અને શા માટે આજકાલ આટલા બધા યુવાન લોકો આત્મહત્યા કરે છે?

મને શંકા છે કે કદી કોઈ બાળકે કામ બાબતે ચિંતા કરી હોય. ઉપરછલ્લી ચિંતાનાં મૂળ ઊંડાં હોય છે; મોટે ભાગે એ હસ્તમૈથુન અંગેની પાપની ભાવનામાંથી ઊભી થાય છે. હસ્તમૈથુન બાબતે ગુનાની લાગણી વિનાનાં બાળકો મોટે ભાગે તેજસ્વી અને તેઓના કામ બાબતે ચોક્કસ હોય છે.

સ્ટેકલે કહ્યું છે, "આત્મહત્યા એ જાતીય વર્તણૂકનું અંતિમવાદી પગલું છે." હસ્તમૈથુનની મનાઈ બાળકને તેના શરીર અને તેના આત્માને ધિક્કારતો કરી મૂકે છે અને આત્મહત્યા એ તેની તાર્કિક પ્રતિક્રિયા છે. જો શરીર આટલું જ ધિક્કારપાત્ર

હોય તો તેનાથી જેટલો વહેલો છુટકારો મળે એટલું સારું.

પ્રશ્ન: સામાજિક કાર્યકરો વિશે આપનો શું અભિપ્રાય છે?

ઝૂંપડપટ્ટીમાં રહેતાં સમસ્યારૂપ બાળકોનાં ઘરોમાં જતા સામાજિક કાર્યકરો પ્રત્યે મને ખૂબ માન છે. તેઓ ઘણું સારું કામ કરે છે. પરંતુ શું તેઓનું કામ પૂરતું ઊંડે સુધી જાય છે?

તેઓ બાળકોના માતાપિતાઓનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરે એવી અપેક્ષા કોઈ રાખતું નથી. બધાં જાણે છે કે તેમની મહેનત વધતી જાય છે. બાળકોને અસામાજિક બનાવે તેવી ઝૂંપડપટ્ટીઓ તેઓ નાબૂદ કરી શકે તેમ નથી. તેઓ અબુધ વાલીઓને પણ બદલી શકે નહીં – એવા વાલીઓ જે સેક્સને અંધારી કોટડીમાંની અશ્લીલ બાબત ગણાવી બાળકોના વિકાસને અવરોધે છે.

સામાજિક કાર્યકરો ખરેખર હીરો અને હીરોઈનો છે. તેઓ બાળકોને ગરીબ કુટુંબના જીવનની બદીઓમાંથી બહાર આવવા મદદ કરે છે. સામાજિક કાર્યકરને સ્વતંત્રતામાં સંપૂર્ણ વિશ્વાસ હોય તો પણ આવા સિદ્ધાન્તો તે ઝૂંપડપટ્ટીના ઘરમાં કેવી રીતે લાગુ પાડી શકે? શું કોઈ વ્યક્તિ એક માતાને કહી શકશે, "બહેન, તમારું બાળક ચોરી કરે છે કારણકે તેનો દારૂડિયો બાપ તેને મારે છે, કારણ કે તમે એને બે વર્ષની ઉંમરે તેના શિશ્નને અડકવા બદલ ફટકાર્યો હતો, કારણકે તમે તેના પ્રત્યે કોઈ દિવસ પ્રેમ દર્શાવ્યો નથી?" અને એ માતા તેની વાત સમજશે?

હું એમ નથી કહેતો કે એ સ્ત્રીને નવેસરથી શીખવી શકાય નહીં પણ હું એમ કહું છું કે સામાજિક કાર્યકર કે બીજા કોઈની વાતો દ્વારા તેને નવેસરથી શીખવી શકાય નહીં. અહીં સમસ્યા કંઈક અંશે આર્થિક છે. છતાં ઝૂંપડપટ્ટીઓને નાબૂદ કરી શરૂઆત તો ચોક્કસ કરવી જ જોઈએ.

સમરહિલ વિશે

પ્રશ્ન: સમરહિલની પદ્ધતિઓ થકી બાળકની ઈચ્છાશક્તિનો વિકાસ કેવી રીતે થાય છે? જો તેને ગમતું બધું કરવા દેવામાં આવે તો તેનામાં સ્વ-નિયંત્રણ કેવી રીતે વિકસશે?

સમરહિલમાં બાળકને મનગમતું બધું જ કરવા દેવામાં આવતું નથી. તેના પોતાના દ્વારા બનાવાયેલા નિયમો જ તેને બધી બાજુએથી નિયંત્રિત કરે છે. તેને માત્ર એ જ બાબતોમાં મનગમતું કરવા દેવામાં આવે છે, જે તેને અને માત્ર તેને જ અસર કરતી હોય. તે ઇચ્છે તો આખો દિવસ રમી શકે છે કારણ કે, કામ અને ભણતર તેને એકલાને અસર કરતી બાબતો છે. પણ તેને શાળાના વર્ગખંડમાં પિપૂડીથી રમવાની છૂટ નથી કારણ કે, તેની રમત બીજાને ખલેલ પહોંચાડશે.

છેવટે, ઇચ્છાશક્તિ શું છે? હું તમાકુ છોડવા જાતે ઇચ્છા કરી કરી શકું, પણ હું પ્રેમમાં પડવા માટે ઇચ્છા ન કરી શકું કે વનસ્પતિશાસ્ત્રનો વિષય મને ગમે તે માટે ઇચ્છા ન કરી શકું. કોઈ પણ વ્યક્તિ પોતાની જાતને કેવળ ઇચ્છાશક્તિથી સારી કે ખરાબ ન બનાવી શકે.

તમે કોઈ વ્યક્તિને દઢ ઇચ્છાશક્તિ માટે તાલીમ ના આપી શકો. જો તમે બાળકોને સ્વતંત્રતામાં શિક્ષણ આપો તો સ્વતંત્રતા જ તેમને અજાગૃતમાંથી વધુ ને વધુ જાગૃત બનાવતી હોવાથી તેઓ પોતાના વિશે વધુ જાગૃત બનશે. આ કારણે જ સમરહિલના બાળકોને જીવન વિશે બહુ ઓછી શંકાઓ હોય છે. તેઓ જાણે છે કે તેમને શું જોઈએ છે અને હું માનું છે કે તેઓ જે જોઈએ છે તે મેળવશે પણ.

યાદ રાખો કે આપણે જેને નબળી ઇચ્છાશક્તિ કહીએ છીએ તે મોટે ભાગે રસના અભાવની નિશાની છે. જ્યારે ટેનિસ રમવાની કોઈ ઇચ્છા ન હોવા છતાં કોઈ વ્યક્તિને ટેનીસ રમવા માટે મનાવી લેવામાં આવે, તો તે વ્યક્તિ એવી છે કે જેને પોતાનો રસ ખરેખર શેમાં છે તેની ખબર જ નથી. ગુલામી ઠોકી બેસાડતી, શિસ્ત જાળવવાની પદ્ધતિ આવી વ્યક્તિઓને નબળી ઇચ્છાશક્તિવાળી અને નકામી બનાવી દે છે.

પ્રશ્ન: જો સમરહિલ ખાતે કોઈ બાળક કાંઈક ખતરનાક કામ કરી રહ્યો હોય તો તમે તેને તેમ કરવા મંજૂરી આપશો?

સહેજ પણ નહીં. લોકો વારંવાર સમજી નથી શકતા કે બાળકોને આઝાદી આપવાનો અર્થ મૂર્ખ બનવું એવો નથી. અમે અમારાં નાનાં બાળકોને ક્યારે સૂવા જવું તે નક્કી કરવાની પરવાનગી આપતા નથી. અમે વાહનો, મશીનો, તૂટેલા કાચ કે ઊંડા પાણી જેવા ખતરાઓ સામે તેમનું રક્ષણ કરીએ છીએ. તમારે ક્યારેય બાળક જેના માટે તૈયાર ના હોય તેવી જવાબદારી તેને સોંપવી જોઈએ નહીં. પણ યાદ રાખો કે બાળકો દ્વારા સામનો કરવામાં આવતા અડધા ખતરાઓ ખરાબ શિક્ષણને કારણે છે. જે બાળકને આગ વિશેની સચ્ચાઈ જાણવાથી રોકવામાં આવ્યો હોય તે બાળક

આગ સાથે ખતરનાક નીવડી શકે છે.

પ્રશ્ન: શું સમરહિલમાં બાળકોને ઘરની તીવ્ર યાદ આવે છે?

હું નોંધું છું કે જ્યારે એક દુ:ખી માતા નવા બાળકને લઈને સમરહિલ ખાતે આવે છે ત્યારે બાળક આંસુઓ સાથે તેને વળગી રહે છે, ઘરે લઈ જવા માટે ચીસો પાડે છે. હું એ પણ નોંધું છું કે જો બાળક પૂરતી ચીસો ના પાડે તો મા ચિડાય છે. મા તેના બાળકને ઘર માટે ઝૂરતું જોવા ઇચ્છે છે. જેટલી ઘર માટેની ઝંખના વધારે, તેટલું બાળક માને વધારે પ્રેમ કરે છે તેમ તે માને છે. ઘણી વાર ખેંચીને માતાથી દૂર કરાયેલું બાળક માતાની ટ્રેન ચાલી ગયા બાદ પાંચ મિનિટ પછી ખુશીથી રમતું હોય છે.

એ કહેવું અઘરું છે કે નાખુશ કુટુંબનું બાળક જ્યારે શાળાએ જવાનું શરૂ કરે ત્યારે શા માટે ઘર માટે તરસતું હોવું જોઈએ. તેનું નાખુશ ઘર તેને ખૂબ અસ્વસ્થતા આપતું હોય તેવું બની શકે. તેને નવાઈ લાગતી હશે કે આ પળે ઘરે શું બનતું હશે? મોટે ભાગે આ બાબત એ હકીકતથી સ્પષ્ટ થાય છે કે જીવનસાથીનો પ્રેમ પામવામાં નિષ્ફળ રહેલી એક દુ:ખી મા પોતાનો અતિપ્રેમ અને નફરત પોતાના બાળક ઉપર ઢોળતી હોય છે.

ઘર માટે તરસવાની લાગણી એ મોટે ભાગે ખરાબ ઘરની નિશાની છે – એવું ઘર કે જ્યાં ખૂબ જ નફરત છે. ઘર માટે તરસતું બાળક ઘરના પ્રેમ માટે નહીં પરંતુ ઘરના કંકાસ માટે અને રક્ષણ માટે તરસતું હોય છે. આ વિરોધાભાસી લાગી શકે, પણ છે નહીં કારણ કે જેટલું વધારે નાખુશ ઘર, બાળક તેટલું જ વધારે રક્ષણ ઝંખે છે. તેને જીવનમાં સ્થિરતા આપે તેવી કોઈ ચીજ નથી. તે બાળક એ ચીજમાં સ્થિરતા શોધે છે જેને એ 'ઘર' કહે છે. ઘરથી દૂર રહેવાથી એ મનમાં તેનું આદર્શ ચિત્ર ઊભું કરે છે. તેને પોતાના ઘરની નહીં પરંતુ એ ઘરની યાદ આવે છે જેવા ઘરની એના મનમાં ઝંખના છે.

પ્રશ્ન: તમે સમરહિલ ખાતે પછાત બાળકોને સ્વીકારો છો?

ચોક્કસ. તમે પછાત બાળક કોને કહો છો તેના પર બધો આધાર રાખે છે. અમે માનસિક રીતે વિકલાંગ બાળકોને લેતા નથી પણ શાળામાં જે બાળક પછાત કે નબળું કહેવાય છે, તે અલગ જ બાબત છે. ઘણાં બાળકો શાળામાં પછાત હોય છે કારણ કે શાળા તેમને માટે અતિશય કંટાળાજનક હોય છે.

સમરહિલના પછાતપણા માટેના માપદંડને પરીક્ષાઓ અને દાખલાઓ અને ગુણો સાથે કોઈ લેવા-દેવા નથી. મોટાભાગના કિસ્સાઓમાં પછાતપણું એટલે માત્ર બાળકમાં રહેલ અજાણ દ્વિધા અને અપરાધભાવ અનુભવતો અંતરાત્મા. જ્યારે તેની અજાગૃત સમસ્યા હોય કે "હું દુરાચારી છું કે નહીં?" ત્યારે તે કેવી રીતે અંકગણિત કે ઇતિહાસમાં રસ લઈ શકે?

પછાતપણાના આ પ્રશ્નને લઈને મારી અંગત લાગણી સાથે કહી રહ્યો છું કે એક બાળક તરીકે હું કાંઈ શીખી શક્યો નહોતો. મારાં ખિસ્સાંઓ લોખંડના અને પિત્તળના ભંગારના ટુકડાઓથી ભરેલાં હોય; અને મારી આંખો જ્યારે પાઠ્યપુસ્તક પર હોય ત્યારે મારા વિચારો મારાં ઉપકરણો તરફ ભટકતા હોય. સર્જનાત્મક કામ માટેની સંભાવનાઓ ન હોય તેવા પછાત છોકરા કે છોકરી મેં ભાગ્યે જ જોયાં છે; અને કોઈ બાળકને તેની શાળાના વિષયોમાં કરેલી પ્રગતિના આધારે મૂલવવો એ વ્યર્થ અને ખતરનાક છે.

પ્રશ્ન: ધારો કે કોઈ બાળક શાળાની સામાન્ય બેઠકમાં ઠરાવવામાં આવેલ દંડ ભરવાની ના પાડે તો?

બાળકો ક્યારેય તેમ કરતાં નથી. પણ હા, જો તેમને લાગે કે તેની સાથે અન્યાય થયો છે તો તેઓ તેમ કરશે. અમારે ત્યાં અપીલની પદ્ધતિ છે જે કોઈ પણ પ્રકારના અન્યાયની લાગણી સાથે કામ પાર પાડી શકે છે.

પ્રશ્ન: તમે કહો છો કે સમરહિલનાં બાળકોનાં મન ચોખ્ખાં છે. તમે શું કહેવા માગો છો?

ચોખ્ખું મન એને કહેવાય કે જે આઘાત ના પામે. આઘાત પામવો એ દર્શાવે છે કે આઘાત આપતી બાબતોમાં તમને રસ છે, જે તમે દબાવીને રાખેલો છે.

શાહી સ્ત્રીઓ 'જાંઘ' શબ્દથી આઘાત પામતી હતી કારણ કે તેમને જાંઘની બાબતોમાં અસાધારણ રસ હતો. જાંઘની બાબતો સેક્સને લગતી બાબતો હતી, દબાવીને રાખેલી બાબતો હતી. તેથી સમરહિલ જેવા વાતાવરણમાં કે જ્યાં સેક્સ ઉપર કોઈ પ્રતિબંધ નથી અને સેક્સને પાપ સાથે જોડવામાં આવતું નથી, ત્યાં બાળકોને ગુસપુસ અને લાલસા દ્વારા સેક્સને ગંદું બનાવવાની જરૂર નથી. તેઓ બીજી બધી બાબતો અંગે જેટલાં નિખાલસ છે એટલાં જ સેક્સ બાબતે પણ છે.

પ્રશ્ન: સમરહિલના પહેલા સત્રમાંથી પાછા આવ્યા બાદ સાત વર્ષના વિલીની ભાષા

એટલી તેજ છે કે પાડોશીઓ તેમનાં બાળકો સાથે તેને રમવા દેતા નથી. આ બાબતે મારે શું કરવું જોઈએ?

આ વિલી માટે કમનસીબ, દુઃખદ અને પીડાકારક બાબત છે પણ બીજો કોઈ વિકલ્પ છે? જો તમારા પાડોશીઓ થોડાક અપશબ્દો અને ગાળોથી આઘાત પામતાં હોય તો તે લોકોએ પોતાની જાતને ખૂબ દબાવીને રાખેલી છે, જેમણે તમારા વિલી સાથે સંપર્કમાં ન રહેવું જોઈએ.

પ્રશ્નઃ સમરહિલનાં બાળકો ફિલ્મો વિશે શું માને છે?

તેઓ બધા જ પ્રકારની ફિલ્મો નિહાળે છે. અમારે ત્યાં કોઈ રોકટોક નથી. પરિણામે જ્યાં સુધી તેઓ શાળા છોડે છે, ત્યાં સુધીમાં તેઓએ ફિલ્મો વિશે સારી નિર્ણયક્ષમતા પ્રાપ્ત કરી લીધી હોય છે. ઘણી વાર મોટું બાળક ફિલ્મ રસપ્રદ નહીં લાગવાના કારણે તેનાથી દૂર રહેશે. જે મોટા વિદ્યાર્થીઓએ ફ્રાન્સ, ઈટાલી અને જર્મનીની ઉમદા ફિલ્મો જોઈ હોય છે તેઓ હોલીવુડની સરેરાશ ફિલ્મોના આકરા ટીકાકાર હોય છે. પુખ્તવય સુધી ન પહોંચ્યા હોય તેવા નાના છોકરાઓ પ્રેમકથાવાળી ફિલ્મોથી કંટાળે છે. તેમને મન *કીમ નોવાક* બિનમહત્ત્વની વ્યક્તિ છે.

પ્રશ્નઃ જે બાળક સામો જવાબ આપે તેની સાથે તમે શું કરો છો?

સમરહિલમાં કોઈ બાળક સામો જવાબ આપતું નથી. બાળક સામો જવાબ ત્યારે જ આપે જ્યારે સત્તા ધરાવનાર કોઈ વ્યક્તિ તેને નાદાન ગણીને તેની સાથે વ્યવહાર કરે. સમરહિલમાં અમે બાળકોની ભાષા બોલીએ છીએ. જો કોઈ શિક્ષક સામા બોલવાની ફરિયાદ કરે તો મારે સમજી લેવું જોઈએ કે તે નિષ્ફળ છે.

પ્રશ્નઃ સમરહિલમાં તમારે બોય સ્કાઉટ્સ જેવું સ્વયંસેવક જૂથ છે?

ના. હું નથી માનતો કે અમારા છોકરાઓ દિવસનું એક સારું કામ કરવાની બાબતને પચાવી શકે. સભાનપણે રોજનું એક સારું કામ કરવું એ દંભ છે. બોય સ્કાઉટ ચળવળમાં ઘણું બધું સારું છે પણ એમાં રહેલા નીતિમત્તાની ઉન્નતિ અને ખરા-ખોટા તથા પવિત્રતા અંગેના સંકુચિત ખ્યાલોને કારણે મારા માટે એ નુકસાનકર્તા છે.

મારી શાળામાં મેં ક્યારેય બોય સ્કાઉટ્સ અંગે કોઈ અભિપ્રાય રજુ કર્યો નથી. બીજું, આ પ્રવૃત્તિમાં છોકરાંઓમાંથી કોઈએ રસ દાખવ્યો હોય તેવું પણ મેં ક્યારેય સાંભળ્યું નથી.

પ્રશ્નઃ જે બાળક તેની દવા લેતું ના હોય તેની સાથે તમે શું કરો છો?

મને ખબર નથી. અમારે સમરહિલમાં તેની દવા ના લેતું હોય તેવું બાળક જ નથી. અમારો ખોરાક એટલો સંતુલિત છે કે માંદગી એ અમારી શાળાની સમસ્યા નથી.

પ્રશ્નઃ શું સમરહિલ ખાતે મોટાં બાળકો નાનાં બાળકોનું ધ્યાન રાખે છે?

ના. નાનાં બાળકોનું ધ્યાન રાખવાની જરૂર હોતી નથી. તેઓ તેમના પોતાના અગત્યનાં કામકાજમાં ખૂબ જ વ્યસ્ત હોય છે.

પ્રશ્નઃ સમરહિલ ખાતે તમારે ક્યારેય કાળા વિદ્યાર્થીઓ હતા?

હા, સમરહિલમાં અમારે બે કાળા વિદ્યાર્થીઓ હતા; અને જ્યાં સુધી હું જોઈ શક્યો, બીજાં બાળકો તેમના રંગ પ્રત્યે બેધ્યાન હતાં. એક કાળો છોકરો દાદાગીરીવાળો હતો અને બધાંને નહોતો ગમતો; બીજો છોકરો બધાંને ગમતો હતો અને અસાધારણ રીતે લોકપ્રિય હતો.

પ્રશ્નઃ ચુસ્ત ધાર્મિક ઘરમાં ઊછરેલા બાળક વિશે આપની નીતિ શું છે? સમરહિલ ખાતે તમે આવા બાળકને ધર્મનું પાલન કરવા માટે પરવાનગી આપશો?

હા, બાળક શિક્ષકવર્ગ કે વિદ્યાર્થીઓની પ્રતિકૂળ ટિપ્પણીના ડર વગર ધર્મનું પાલન કરી શકે છે. પણ મને ખબર છે કે કોઈ બાળક જ્યારે મુક્ત હોય છે ત્યારે તે કોઈ ધર્મનું પાલન કરવા ઈચ્છતું નથી.

કેટલાક નવા વિદ્યાર્થીઓ શરૂઆતમાં થોડા રવિવાર માટે ચર્ચમાં જાય છે અને પછી તેઓ જવાનું બંધ કરી દે છે. ચર્ચ ખૂબ જ કંટાળાજનક છે. બાળકો સહજતાથી પૂજા કરતાં હોય તેવાં કોઈ ચિહ્નો મેં જોયા નથી. જ્યારે પાપની લાગણી ધોવાઈ જાય છે ત્યારે ક્યારેય પ્રાર્થના કરાતી નથી.

સામાન્ય રીતે, ધાર્મિક ઘરમાંથી આવતાં બાળકો ઢોંગી અને દબાઈને રહેલાં હોય છે. જેણે તેનો જીવન માટેનો મૂળ પ્રેમ ખોઈ દીધો છે અને મૃત્યુના ડરે એનું ધ્યાન કેન્દ્રિત કરેલ છે એવી ધાર્મિક વ્યવસ્થામાં આ જ બનવાજોગ હોય છે. તમે બાળકમાં ઈશ્વરનો ભય ઉતારી શકો પણ ઈશ્વરનો પ્રેમ નહીં. મુક્ત બાળકોને ધર્મની જરૂર નથી કારણ કે તેઓનું જીવન આધ્યાત્મિક રીતે સર્જનાત્મક હોય છે જ.

પ્રશ્નઃ સમરહિલ ખાતે બાળકો રાજકારણમાં રસ ધરાવે છે?

ના. કદાચ એટલા માટે કે તેઓ મધ્યમ વર્ગીય બાળકો છે, જેમણે ક્યારેય ગરીબીનો અનુભવ કર્યો નથી. મેં એવો નિયમ બનાવ્યો છે કે કોઈ પણ શિક્ષક બાળકોને રાજકીય રીતે અસર કરવાની કોશિશ નહિ કરે. રાજકારણ, જીવન, ધર્મ એ અંગત પસંદગીની બાબતો છે, જે બાળકે જીવનમાં આગળ, જેમ જેમ મોટું થાય તેમ લેવાની હોય છે.

પ્રશ્નઃ સમરહિલનાં કોઈ બાળકો પાછળથી લશ્કરમાં જોડાયાં છે?

અત્યાર સુધી માત્ર એક જણ વાયુસેનામાં જોડાયું છે. તેનું કારણ એ હોઈ શકે કે મુક્ત બાળકોને આકર્ષવામાં લશ્કર ખૂબ જ બિનસર્જનાત્મક છે. છેવટે લડાઈનો અર્થ વિનાશ જ છે. સમરહિલનાં બાળકો તેમના દેશ માટે બીજા કોઈ બાળકો જેટલી જ ખુશીથી લડી શકે, પણ તેઓ કદાચ એ જાણવા ચોક્કસ ઈચ્છે કે તેઓ ખરેખર શાનાં માટે લડી રહ્યાં છે. અમારા જૂના વિદ્યાર્થીઓ બીજા વિશ્વયુદ્ધમાં લડ્યા હતા અને કેટલાક માર્યા પણ ગયા હતા.

પ્રશ્નઃ તમે તમારા છોકરાઓ અને છોકરીઓને અલગ ઓરડાઓમાં શા માટે સુવડાવો છો?

જુઓ, સમરહિલ ઈંગ્લેન્ડની શાળા છે અને અમારે ઈંગ્લેન્ડની રૂઢિઓ અને કાયદાઓ ધ્યાનમાં રાખવા પડે.

બાળ ઉછેર વિશે

પ્રશ્નઃ શું તમે માનો છો કે દરેક વાલી જે તમારી ચોપડી વાંચે છે કે તમારું પ્રવચન સાંભળે છે, તે એક વાર જાણ્યા બાદ પોતાના બાળકને જુદી અને વધુ સારી રીતે રાખશે? શું નુકસાન પામેલ બાળકોનો ઈલાજ વધુ જ્ઞાન આપવામાં રહેલો છે?

આ પુસ્તક વાંચીને એક માલિકીભાવવાળી માતાનો અંતરાત્મા ખૂબ જ ખરાબ રીતે ડંખે અને તે બચાવમાં રડે તેમ બને, "હું મારી જાતને મદદ કરી શકતી નથી. હું મારા બાળકને બગડવા દેવા નથી માગતી. તમારા માટે સમસ્યાનું નિદાન કરવું સરળ છે પણ ઉપાય શું છે?"

તે સાચી છે. ઉપાય શું છે? અથવા ખરેખર, કોઈ ઉપાય છે? આ પ્રશ્ન ઘણું બધું કહી જાય છે.

એક સ્ત્રી કે જેની જિંદગી કંટાળાજનક છે અને ડરથી ભરપૂર છે તેના માટે ઈલાજ શું છે? જે પુરુષ પોતાના બાળક માટે ઘસાતું વિચારે છે તે પુરુષ માટે શું રસ્તો હોઈ શકે? સૌથી ખરાબ તો એ છે કે જ્યારે માતાપિતા શું કરે છે તે તેઓ જાણતાં જ નથી અને જ્યારે સહેજ સલાહ આપવામાં આવે, કે તેઓ જે કરે છે તે ખોટું કરે છે, તો તેઓની લાગણી દુભાય છે તો તેનો ઈલાજ શું છે?

ના, જો માતાપિતા ભાવનાત્મક રીતે જ્ઞાન સ્વીકારવા તૈયાર ન હોય અને તેમની પાસે તેમના માર્ગમાં આવતા નવા જ્ઞાન પર કામ કરવાની આંતરિક ક્ષમતા ન હોય તો એકલું જ્ઞાન કાંઈ મદદ કરી શકશે નહીં.

પ્રશ્નઃ તમે બાળકના ખુશ રહેવાની જરૂરિયાત વિશે આટલું બધું શા માટે કહો છો? શું કોઈ ખુશ છે?

શબ્દોની માયાજાળને કારણે આ પ્રશ્નનો જવાબ આપવો સહેલો નથી. ખરેખર, આપણામાંથી કોઈ વ્યક્તિ દરેક સમયે ખુશ જ હોય છે એવું નથી; આપણને દાંતનું દર્દ છે, કમનસીબ પ્રેમ-સંબંધો છે, કંટાળાજનક કામ છે.

જો આનંદ શબ્દનો કોઈ અર્થ હોય તો એ છે સારા હોવાની આંતરિક લાગણી, સંતુલનની ભાવના, જીવનથી સંતોષ પામવાની લાગણી. આ બધું તો જ રહી શકે જો કોઈ વ્યક્તિ પોતાને સ્વતંત્ર માને.

મુક્ત બાળકોના ચહેરાઓ સરળ, ભયમુક્ત હોય છે; શિસ્તબદ્ધ બાળકો નમાલાં, દુઃખી અને ભયભીત લાગે છે.

ખુશીની વ્યાખ્યા 'સૌથી ઓછા દમનવાળી સ્થિતિ' તરીકે આપી શકાય. જે ઘરમાં પ્રેમ વસતો હોય ત્યાં સુખી પરિવારો વસે છે; તણાવભર્યા ઘરમાં દુઃખી કુટુંબો.

હું આનંદને પ્રથમ મૂકીશ કારણ કે હું વિકાસને પહેલો મૂકું છું. શાળાની પરીક્ષા પાસ કરવા અને તમારા ચહેરાને ખીલથી ભરી દેવા કરતાં મુક્ત અને સંતોષી બનવું તથા દશાંશ ગુણાંક વિશે અજાણ હોવું વધારે સારું છે. મેં પ્રસન્ન અને મુક્ત તરુણોના ચહેરા પર ક્યારેય ખીલ જોયા નથી.

પ્રશ્નઃ જો બાળકને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે તો તેને કેટલું વહેલું સમજાય છે કે જીવવા માટે સ્વયંશિસ્ત આવશ્યક છે, કે તેને કદી એ સમજાશે પણ ખરું?

સંપૂર્ણ સ્વતંત્રતા જેવી કોઈ વસ્તુ જ નથી. જે વ્યક્તિ બાળકને એના પોતાના રસ્તા પર ચાલવા દે, તે ખતરનાક રસ્તો અપનાવી રહી છે.

બીજાના હક્કો પ્રત્યે આદર હોવો જોઈએ. તેથી કોઈને સામાજિક સ્વતંત્રતા હોઈ શકે નહીં. પરંતુ દરેકને વ્યક્તિગત સ્વતંત્રતા હોવી જોઈએ.

વધુ દઢપણે કહું તો, એક છોકરાને લેટીન શીખવા માટે ફરજ પાડવાનો કોઈને હક નથી, કારણ કે શીખવું એ અંગત પસંદગીની બાબત છે; પણ જો છોકરો લેટીનના વર્ગમાં હંમેશાં મશ્કરી કરતો હોય તો વર્ગે તેને બહાર કાઢી મૂકવો જોઈએ, કારણ કે તે બીજાની સ્વતંત્રતા સાથે મગજમારી કરે છે.

જ્યાં સુધી સ્વયંશિસ્તની વાત છે, તે એક અસ્પષ્ટ બાબત છે. કારણ કે ઘણી વાર તેનો અર્થ વયસ્કોના નીતિમત્તાના ખ્યાલો દ્વારા પોતાની અંદર ઉતારવામાં આવેલી શિસ્ત એવો થતો હોય છે. સાચી સ્વયંશિસ્તમાં દમન હોતું નથી કે નથી તેમાં બીજાના વિચારોની પરાણે સ્વીકૃતિ. એ બીજાના હક્કો અને ખુશીઓને ધ્યાનમાં લે છે. બીજાના દષ્ટિકોણમાં વજૂદ છે તેમ સ્વીકારી, તેમની સાથે શાંતિથી જીવવા પ્રયત્ન કરવા તરફ વ્યક્તિને એ દોરી જાય છે.

પ્રશ્નઃ શું તમે પ્રામાણિકતાપૂર્વક માનો છો કે સ્વભાવે આળસુ છોકરાને તે પસંદ કરે તેમ કરવા દઈને, સમય વેડફવા દઈને તેના પોતાના સહેલા રસ્તા પર જવા દેવો જોઈએ? જ્યારે કામ તેને માટે અણગમતું હોય ત્યારે તેને કામ કરતો કેવી રીતે કરવો?

આળસ જેવી કોઈ વસ્તુ અસ્તિત્વમાં જ નથી. આળસુ છોકરો કાં તો શારીરિક રીતે માંદો હોય, કાં તેણે જે કરવું જોઈએ એમ વયસ્કો માનતા હોય એ વસ્તુઓમાં એને રસ ન હોય.

બાર વર્ષની ઉંમર પહેલાં સમરહિલમાં આવતું એક પણ બાળક આળસુ હોય એવું મેં જોયું નથી. કડક શાળામાંથી ઘણાં 'આળસુ' જુવાનિયાઓ સમરહિલ ખાતે મોકલવામાં આવે છે. આવો છોકરો ઘણા લાંબા સમય સુધી એટલે કે જ્યાં સુધી પોતાના જૂના શિક્ષણમાંથી બહાર ન આવે ત્યાં સુધી 'આળસુ' રહે છે. હું તેને અણગમતું હોય તેવું કામ કરવા ફરજ પાડતો નથી, કારણ કે તે એના માટે તૈયાર નથી. તમારી અને મારી જેમ તેણે પણ પાછળથી એવી ઘણી બધી ચીજો કરવી જ પડશે જે કરવાને એ ધિક્કારતો હોય; પણ જો અત્યારે તેને તેનો રમતનો ગાળો મુક્ત રીતે જીવી લેવા છોડી દેવામાં આવે તો પાછળથી તે કોઈ પણ મુશ્કેલીનો સામનો કરવા સક્ષમ હશે. મારી જાણ પ્રમાણે, સમરહિલના કોઈ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી પર આળસનો આક્ષેપ થયો નથી.

પ્રશ્નઃ તમે બાળકને પંપાળવા/લાડ લડાવવામાં માનો છો?

એક વાર જ્યારે મારી પુત્રી ઝોઈ નાની હતી ત્યારે દરવાજાના પછડાટને કારણે ચોંકી ગઈ અને રડવા લાગી. મારી પત્નીએ તેને ઉઠાવી, ઉષ્માભેર ભેટી અને તેને એવી રીતે પકડી રાખી કે જેથી તે દરવાજાને સહેલાઈથી લાતો મારી શકે.

અક્કડતાનાં ચિહ્નો વખતે વાલીઓએ બાળક સાથે એવી રીતે રમવું જોઈએ કે જેથી બાળક તેના સ્નાયુઓ સહેલાઈથી હલાવી શકે. ચાર કે પાંચ બાળકો સાથે નકલી કુસ્તી પણ અસરકારક છે, એવી કુસ્તી જેમાં મારે હારવાનું જ છે. હાસ્ય એ લાગણી અને શરીરની જડતામાંથી છૂટવા માટે શ્રેષ્ઠ છે, અને તંદુરસ્ત બાળક ખૂબ હસે છે અને ખિલખિલાટ કરે છે. મોટે ભાગે પાંસળીમાં ગલીપચી કરવાથી આનંદના હાસ્યનો ધોધ વહેશે. અને... અરે હા, મારે અહીં બાળ-મનોવિજ્ઞાનની એક એવી માન્યતાનો પણ ઉલ્લેખ કરવો જોઈએ કે જે એમ માને છે કે બાળકને વધુ પડતો સ્પર્શ ન કરવો જોઈએ - રખે ને તેને માતા કે પિતા સાથે આસક્તિ થઈ જાય. મને ખાતરી છે કે એ વાહિયાત વાત છે. માતાપિતાઓએ પોતાનાં બાળકોને કેમ લાડ ન લડાવવાં જોઈએ, ગલીપચી ન કરવી જોઈએ, પીઠ ન થાબડવી જોઈએ, પંપાળવાં ન જોઈએ?

જે સંકુચિત જીવનવાળા મનોચિકિત્સકો એમ કહેતા હોય કે તમારે પથારીમાં તમારી સાથે બાળક ન રાખવું જોઈએ, ગલીપચી ન કરવી જોઈએ, તો એવા મનોચિકિત્સકોને અવગણવા જોઈએ. આ પ્રતિબંધ પાછળ અજાણપણે એ ખ્યાલ છે કે કોઈ પણ શારીરિક સંસર્ગ બાળકમાં કામેચ્છાને જાગૃત કરી શકે. જો મા-બાપ એટલાં વિકૃત હોય કે તેમને બાળક સાથેના શારીરિક સંપર્કમાં મજા આવતી હોય તો જ આમાં ખતરો છે, પણ હું વત્તે-ઓછે અંશે સામાન્ય લોકો માટે લખું છું - નહીં કે એવાં માતાપિતાઓ માટે કે જેઓ પોતે હજી નાના બાળક હોય.

પ્રશ્નઃ પ્રગતિશીલ મા-બાપ બીજાં બાળકોની આક્રમકતા બાબતે શું કરી શકે?

જો સ્વાયત્ત વિલીને માતાપિતા જાહેર શાળામાં મોકલે કે જ્યાં તેને બીજા વિદ્યાર્થીઓની ક્રૂરતા, આક્રમકતા અને દ્વેષ સાથે પનારો પડવાનો જ છે, તો શું માતાપિતા તેને એવો જાતઅનુભવ લેવા દેશે, જ્યાં નફરત અને હિંસાથી તેને હાનિ પહોંચી શકે?

પિટર જ્યારે ત્રણ વર્ષનો હતો ત્યારે તેના પિતાએ મને કહ્યું કે તે પિટરને બોક્સિંગ કેવી રીતે કરવું તે શીખવશે, જેથી તે બીજામાંથી આવતી નફરત સામે લડી શકે. તેના પિતા સાચા હતા કારણ કે કહેવાતા ખ્રિસ્તી સમાજમાં રહેવું એટલે જ્યાં બીજો ગાલ ધરવો એ પ્રેમ અને ઉદારતાની નહીં પરંતુ કાયરતાની નિશાની ગણાય છે. જો આપણે

કાંઈક હકારાત્મક ન કરીએ તો આપણાં સ્વાયત્ત બાળકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય.

પ્રશ્ન: શારીરિક સજા વિશે આપનો શું અભિપ્રાય છે?

શારીરિક સજા અનિષ્ટ છે કારણકે તે ક્રૂરતા અને તિરસ્કારથી ભરેલી છે. એ આપનાર અને મેળવનાર બન્નેમાં નફરત જન્માવે છે. એ એક પ્રકારની અજાગૃત સેક્સ વિકૃતિ છે. જ્યાં હસ્તમૈથુન દબાવી દેવામાં આવે છે તે સમાજમાં હાથ - એટલે કે હસ્તમૈથુનના માધ્યમ - પર સજા આપવામાં આવે છે. છોકરાંઓની અલગ શાળામાં કે જ્યાં સજાતીયતા પર પ્રતિબંધ છે, ત્યાં ફૂલા - એટલે કે કામેચ્છાના માધ્યમ - પર મારવામાં આવે છે. ધર્મ ભીરુ પ્રદેશોમાં શરીર પ્રત્યેની ધાર્મિક નફરત શારીરિક સજાને ખૂબ લોકપ્રિય બનાવે છે.

શારીરિક સજા એ હંમેશા પોતાની લાગણીને બીજા પર ઠોકી બેસાડવાનું કાર્ય છે. સજા આપનાર પોતાને નફરત કરે છે અને બાળક પર પોતાની નફરત થોપે છે. બાળકને ફટકારનારી માતા પોતાને ધિક્કારે છે અને પરિણામે તેના બાળકને ધિક્કારે છે.

જ્યારે કોઈ શિક્ષક મોટા વર્ગમાં સોટીનો ઉપયોગ કરે ત્યારે મામલો ધિક્કારથી વધુ સુવિધાનો હોય છે. એક સાથે વધારે બાળકોને કાબૂમાં રાખવાનો આ એક સરળ રસ્તો છે. આ સજાને નાબૂદ કરવાનો શ્રેષ્ઠ રસ્તો મોટા વર્ગોને નાબૂદ કરવાનો છે. જો શાળા જ એવી હોય જ્યાં રમવાની અને શીખવાની કે ન શીખવાની આઝાદી હોય ત્યાં બાળકોની ધોલાઈ સ્વયં બંધ થઈ જશે. જે શાળાઓમાં શિક્ષકો તેમનું કામ જાણતા હોય ત્યાં શારીરિક સજા આપવામાં આવતી નથી.

પ્રશ્ન: શું તમે ગંભીરપણે માનો છો કે ખરાબ ટેવોને તોડવાનો રસ્તો બાળકોને તેમના દુર્ગુણો ચાલુ રાખવા દેવાનો છે?

દુર્ગુણો? કોના મતે એ દુર્ગુણો છે?

ખરાબ ટેવો? કદાચ તમે હસ્તમૈથુન કહેવા માગો છો.

બળજબરીથી ટેવ તોડીને તમે તેનો ઉપાય કરતાં નથી. કોઈ ટેવને છોડાવવાનો ઉપાય છે તે ટેવમાં બાળકના રસ કરતાં વધારે સમય જીવવા માટે બાળકને છૂટ આપવી. જે બાળકોને હસ્તમૈથુન કરતાં રોકવામાં આવ્યાં હોય તેમના કરતાં જે બાળકોને હસ્તમૈથુન કરવાની છૂટ આપવામાં આવી હોય તે બાળકો તેમાં બહુ ઓછા

સામેલ થાય છે.

મારવાથી હસ્તમૈથુનની પ્રવૃત્તિ લંબાય છે. હાથ બાંધી દેવા એ શિશુને આજીવન વિકૃત રીતે હસ્તમૈથુન કરનારું બનાવે છે. કહેવાતી કુટેવો સહેજ પણ ખરાબ નથી; એ કુદરતી વૃત્તિઓ છે. 'કુટેવો' નામ પાડવું એ મા-બાપના અજ્ઞાન અને ધિક્કારનું પરિણામ છે.

પ્રશ્ન: શું ઘરનો સાચો ઉછેર શાળાના ખોટા શિક્ષણને અટકાવી શકે?

મોટા ભાગના કિસ્સાઓમાં, હા. ઘરનો અવાજ એ શાળાના અવાજ કરતાં વધારે શક્તિશાળી હોય છે. જો ઘર ડર અને સજાથી મુક્ત હોય તો, બાળક ક્યારેય માનશે નહીં કે શાળા સાચી છે.

માતાપિતાએ તેમનાં બાળકોને કહેવું જોઈએ કે ખોટી શાળા વિશે તેઓ શું માને છે. ઘણી વાર વાલીઓ શાળાના સૌથી મૂર્ખ શિક્ષકો માટે પણ વફાદારીની વાહિયાત ભાવના ધરાવતાં હોય છે.

પ્રશ્ન: પરીકથાઓ અને સાંતાક્લોઝ તરફ આપનું વલણ કેવું છે?

બાળકોને પરીકથાઓ ગમે છે અને એ જ કારણ એને મંજૂર કરવા માટે પૂરતું છે.

સાંતાક્લોઝ બાબતે, મને નથી લાગતું કે એનાથી અમને કોઈ હરકત છે, કારણ કે બાળકો જલ્દી તેના વિશે સચ્ચાઈ જાણી જતાં હોય છે. પણ તેની અને બગલાની વાર્તા વચ્ચે વિચિત્ર જોડાણ છે. મોટે ભાગે જે મા-બાપ તેમનાં બાળકોને જન્મ વિશે જુઠ્ઠાણું કહેતાં હોય તેઓ તેમનાં બાળકો સાંતાક્લોઝમાં માને તેમ ઇચ્છતાં હોય છે.

અંગત રીતે, હું બાળકોને કદાપિ સાંતાક્લોઝ વિશે કાંઈ કહેતો નથી. જો હું કહીશ તો હું માનું છું કે અમારું ચાર વર્ષનું બાળક મજાક કરવા બદલ મારા પર હસશે.

પ્રશ્ન: તમે કહો છો કે માલિકી કરતાં સર્જન વધારે સારું છે, છતાં જ્યારે તમે બાળકોને સર્જન કરવા રજા આપો છો ત્યારે તેણે બનાવેલી વસ્તુ તેની માલિકીની બને છે અને તે તેને વધુ મહત્ત્વ આપશે. તો તેનું શું કરવું?

આ બાબતમાં હકીકત એ છે કે બાળક એવું નહીં કરે. એક દિવસ કે એક અઠવાડિયા માટે બાળક તેણે જે બનાવ્યું છે તેને મહત્ત્વ આપશે. બાળકની માલિકીભાવની કુદરતી વૃત્તિ જ નબળી છે; તે પોતાની નવી સાઈકલ બહાર વરસાદમાં મૂકી દેશે અને તેના કપડાં ગમે ત્યાં પડેલાં છોડી દેશે. આનંદ સર્જન કરવામાં છે. સાચા કલાકારને તેનું

કામ પૂરું થઈ ગયા બાદ તેમાં રસ હોતો નથી. કળાનું કોઈ પણ કામ તેના સર્જકને ક્યારેય ખુશ કરતું નથી, કારણ કે તેનું ધ્યેય તો સંપૂર્ણતા છે.

પ્રશ્ન: કોઈ એક જગ્યાએ ચોંટીને નહીં રહેતા બાળક સાથે તમે શું કરો છો? તે થોડા સમય માટે સંગીતમાં રસ ધરાવે છે અને પછી એ રસ નૃત્યમાં બદલાય છે અને પછી બીજા કોઈમાં.

હું કાંઈ કરતો નથી. જીવન આવું જ છે. મારા સમયમાં, મેં ફોટોગ્રાફીમાંથી બુક-બાઈન્ડીંગ, તેમાંથી સુથારીકામ અને તેમાંથી પિત્તળનું કામ બદલેલું છે. જીવન જુદી જુદી રસરુચિઓના ટુકડાઓથી ભરેલું છે. ઘણાં વર્ષો સુધી મેં શાહીથી ચિત્રો દોર્યાં છે; જ્યારે મને સમજાયું કે હું છેલ્લી કક્ષાનો કલાકાર છું, ત્યારે મેં તે છોડી દીધું.

બાળક તેની રસરુચિમાંથી કાયમ સાર ગ્રહણ કરતું હોય છે. તે બધી જ બાબતો પર હાથ અજમાવે છે અને એ જ રીતે શીખે છે. અમારાં છોકરાઓ હોડીઓ બનાવવામાં દિવસો કાઢશે પણ જો કોઈ વિમાનચાલક અમારી મુલાકાતે આવી ચડે, તો તે જ છોકરાઓ અડધી બનાવેલી હોડીઓ છોડી દેશે અને વિમાન બનાવવાનું શરૂ કરી દેશે. બાળકે એનું કામ પૂરું કરવું જોઈએ એવું અમે ક્યારેય સૂચવતા નથી; જો કોઈ કાર્યમાંથી તેનો રસ જતો રહ્યો છે તો તેને પૂરું કરવા માટે દબાણ કરવું ખોટું છે.

પ્રશ્ન: બાળકો પર કટાક્ષ કરવો જોઈએ? શું તમે એમ માનો છો કે એનાથી બાળકમાં વિનોદવૃત્તિ વિકસાવવામાં મદદ થશે?

ના. કટાક્ષ અને વિનોદને કાંઈ લાગતું વળગતું નથી. વિનોદવૃત્તિ એ પ્રેમનું કામ છે, કટાક્ષ એ ધિક્કારનું. બાળક સાથે કટાક્ષ કરવો એટલે બાળકમાં લઘુતાગ્રંથિ અને કોઈએ ઉતારી પાડ્યા હોય એવી લાગણી ઊભી કરવી. માત્ર દુષ્ટ શિક્ષક કે વાલી જ કટાક્ષવૃત્તિવાળા બની શકે.

પ્રશ્ન: મારું બાળક કાયમ મને પૂછતું હોય કે શું કરું અને શું રમું. મારે શું જવાબ આપવો? શું બાળકને રમવાના તુક્કાઓ આપવા ખોટું છે?

બાળક માટે એ સારું છે કે કોઈક એને શું કરવું એ બાબતે રોમાંચક વિચાર આપે, પણ એ આવશ્યક નથી. બાળક પોતાની મેળે શું કરવું એ બાબત શોધી નાખે એ તેના માટે શ્રેષ્ઠ છે. તેથી, સમરહિલના કોઈ શિક્ષકો બાળકને શું કરવું એની ક્યારેય સલાહ આપશે નહીં. કોઈ વસ્તુ કેવી રીતે કરી શકાય એ વિશે જે બાળક ટેકનિકલ માહિતી માગે તેને શિક્ષક માત્ર મદદ કરશે.

પ્રશ્ન: શું તમે પ્રેમ દર્શાવવા માટે બાળકને અપાતી ભેટને મંજૂરી આપશો?

ના. પ્રેમને બાહ્ય પુરાવાની જરૂર નથી. પણ બાળકોને યોગ્ય સમયે ભેટો મળવી જોઈએ - જેમ કે જન્મદિવસ, નાતાલ વગેરે. માત્ર તેમની પાસેથી કૃતજ્ઞતાની અપેક્ષા ન રખાવી જોઈએ કે ન તો તેની માગણી થવી જોઈએ.

પ્રશ્ન: મારો છોકરો શાળામાં ગાપચી મારી દે છે. એ બાબતે હું શું કરી શકું?

મારી ધારણા છે કે શાળા કંટાળાજનક છે અને તમારો છોકરો ચપળ છે.

વિશાળ અર્થમાં કહું તો, ગાપચી સૂચવે છે કે શાળા પૂરતી સારી નથી. જો શક્ય હોય તો, તમારા છોકરાને એવી શાળામાં મોકલવા પ્રયત્ન કરો કે જ્યાં વધારે સ્વતંત્રતા, વધારે સર્જનાત્મકતા, વધારે પ્રેમ હોય.

પ્રશ્ન: શું મારે બાળકને નાનો ગલ્લો આપીને બચત કરતા શીખવવું જોઈએ?

ના. બાળક આજ કરતાં વધારે લાંબું જોઈ શકતું નથી. પાછળથી, જો તે કોઈ એવી વસ્તુ ખરીદવા ઇચ્છતું હશે જે વધારે મોંઘી હોય તો એ બચત શીખવાડ્યા વગર પણ બચત કરી લેશે.

હું ફરી ભાર મૂકું છું કે બાળકને પોતાના દરે વિકસવા દેવું જોઈએ. ઘણાં વાલીઓએ ઝડપ વધારવાની કોશિશમાં ઘણી ભૂલો કરેલી છે.

જો બાળક કાંઈક એકલો કરી શકતો હોય તો તેને કદી મદદ કરશો નહીં. જ્યારે બાળક ખુરશી પર ચડવાની કોશિશ કરે ત્યારે મૂર્ખ માબાપ તેમાં મદદ કરી આપશે અને તેમ કરીને તેઓ તેનો બાળપણનો સૌથી મોટો આનંદ - મુશ્કેલીને જીતવાનો - ઝૂંટવી લે છે.

પ્રશ્ન: જ્યારે મારો નવ વર્ષનો છોકરો મારા ફર્નિચરમાં ખીલીઓ ઠોકે ત્યારે મારે શું કરવું?

તેની પાસેથી હથોડી લઈ લો અને તેને કહો કે આ તમારું ફર્નિચર છે અને જે એનું નથી, તેથી તેને તમે નુકસાન કરવા નહીં દો.

અને જો એ ખીલીઓ ઠોકવાનું બંધ ના કરે તો, વહાલાં બહેન, તમારું ફર્નિચર વેચી દો અને તેની આવકમાંથી કોઈ સારા મનોચિકિત્સક પાસે જાઓ જે તમને એ સમજવામાં મદદ કરશે કે તમે તમારા છોકરાને સમસ્યારૂપ બાળક કેવી રીતે બનાવ્યો. કોઈ ખુશ, મુક્ત બાળક ફર્નિચરને નુકસાન પહોંચાડવા ના ઇચ્છે સિવાય કે ઓરડામાં

ફર્નિચર જ એક માત્ર એવી વસ્તુ હોય જેમાં ખીલી ઠોકી શકાય.

આવા નુકસાનને અટકાવવા માટેનું પહેલું પગલું છે કે શક્ય હોય તો તેને બેઠકખંડ સિવાયના ઓરડામાં લાકડું અને ખીલી પૂરાં પાડવાં. જો છોકરો લાકડું લેવાની ના પાડે અને હજી પણ ફર્નિચરમાં ખીલી ઠોકવા માંગતો હોય તો તે તમને ધિક્કારે છે અને તમને ગુસ્સે કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

પ્રશ્નઃ જિદ્દી અને ચીડિયું હોય એવા બાળક સાથે તમે શું કરો છો?

મને ખબર નથી. મેં સમરહિલ ખાતે ભાગ્યે જ એવું કોઈ બાળક જોયું છે. જ્યારે બાળક સ્વતંત્ર હોય ત્યારે જીદના કોઈ પ્રસંગો ઊભા નથી થતા. બાળક દ્વારા કરાતું આજ્ઞાનું ઉલ્લંઘન એ કાયમ વયસ્કોનો વાંક હોય છે. જો બાળક પ્રત્યેનો તમારો અભિગમ પ્રેમભર્યો છે તો તે જિદ્દી બને એવું કશું જ તમે કરતાં નથી. જિદ્દી બાળક પાસે ફરિયાદ હોય છે. તેની ફરિયાદનું મૂળ શું છે તે શોધી કાઢવું મારું કામ હોવું જોઈએ. હું માનું છું કે તેને એવી લાગણી છે કે તેને અન્યાય થઈ રહ્યો છે.

પ્રશ્નઃ મારું છ વર્ષનું બાળક અશ્લીલ ચિત્રો દોરે છે તેની સાથે મારે શું કરવું?

તેને ચોક્કસ પ્રોત્સાહન આપો; પણ સાથે સાથે તમારા ઘરને સાફ કરો. કારણ કે ઘરમાં જ ક્યાંક અશ્લીલતા છે, તો તેનો સ્રોત તમે જ છો. છ વર્ષના બાળકમાં કોઈ સ્વાભાવિક અશ્લીલતા હોતી નથી.

તમને તેના ચિત્રોમાં બીભત્સતા જ દેખાય છે કારણ કે તમારો જીવન પ્રત્યેનો અભિગમ બીભત્સ છે. હું માત્ર અનુમાન કરી શકું છું કે અશ્લીલ ચિત્રો ટોઈલેટ અને જાતીય અંગોને લગતાં હશે. આ વસ્તુઓ સાથે ખરા-ખોટાના કોઈ ખ્યાલને જોડ્યા વગર કુદરતી રીતે વર્તો અને તમારું બાળક જેમ બીજા બાળસહજ રસમાંથી પસાર થાય છે તેમ આ કામચલાઉ, બાળસહજ રસમાંથી પસાર થઈ જશે.

પ્રશ્નઃ મારો નાનકડો છોકરો આટલું બધું જૂઠું કેમ બોલે છે?

શક્ય છે તે તેનાં મા-બાપનું અનુકરણ કરતો હોય.

પ્રશ્નઃ જો બે બાળકો, પાંચ અને સાત વર્ષનાં ભાઈ-બહેન, સતત તકરાર કરતાં રહે તો મારે તેમને રોકવા માટે કઈ પદ્ધતિ અપનાવવી? તેમને એકબીજા પ્રત્યે ખૂબ માયા છે.

શું ખરેખર તેમ છે? શું માતા પાસેથી એક બાળક બીજા કરતાં વધારે પ્રેમ મેળવે છે?

શું તેઓ પિતા અને માતાનું અનુકરણ કરે છે? શું તેઓના શરીર બાબતે તેમના મનમાં અપરાધભાવ પેદા કરવામાં આવ્યો છે? શું તેઓને સજા આપવામાં આવે છે? જો આ બધાં પ્રશ્નોના જવાબ 'ના'માં હોય તો પછી તકરાર એ માત્ર સત્તા જમાવવાની સામાન્ય ઇચ્છા છે.

છતાં, ભાઈ અને બહેને બીજાં બાળકોની સાથે પણ રહેવું જોઈએ જેમની સાથે તેમને કોઈ ભાવનાત્મક જોડાણ ન હોય. બાળકે તેની જાતને બીજાં બાળકોની સાપેક્ષે માપવી જ જોઈએ. તે પોતાની જાતને તેનાં પોતાનાં ભાઈ-બહેનની સાપેક્ષમાં માપી શકે નહીં, કારણ કે આ સંબંધમાં બધાં જ પ્રકારનાં ભાવનાત્મક કારણો - ઈર્ષ્યા, પક્ષપાત વગેરે - ભાગ ભજવતાં હોય છે.

પ્રશ્નઃ હું મારા બાળકને અંગુઠો ચૂસતું કેવી રીતે અટકાવી શકું?

કોશિશ જ ના કરશો. જો તમે સફળ થશો તો તમે બાળકને અંગુઠો ચૂસવા પહેલાંની સ્થિતિ તરફ પાછું લઈ જશો. એનાથી શું ફર્ક પડે છે? ઘણાં બધાં કાર્યક્ષમ મનુષ્યોએ તેમના અંગુઠા ચૂસ્યા છે. અંગુઠો ચૂસવું દર્શાવે છે કે બાળકે માતાના સ્તન ચૂસવાની ઇચ્છા હજી પૂરેપૂરી જીવી નથી લીધી. તમે આઠ વર્ષના બાળકને ધવડાવી ના શકો; તેથી તમે માત્ર એટલું કરી શકો કે બાળકને સર્જનાત્મક વિષય બાબતે શક્ય તેટલી વધુ તકો મળે. પણ તેનાથી કાયમી ઉકેલ આવતો નથી. મારે સર્જનાત્મક વિદ્યાર્થીઓ હતા જે પુખ્તવય સુધી અંગુઠો ચૂસતા હતા. તમારા બાળકને એકલું મૂકી દો.

પ્રશ્નઃ મારું બે વર્ષનું બાળક કાયમ રમકડાં કેમ તોડતું હશે?

મોટે ભાગે એ ડાહ્યું બાળક છે એટલે. રમકડાંઓ મોટે ભાગે સાવ બિનસર્જનાત્મક હોય છે. તોડવામાં અંદર શું છે તે શોધવાનું ધ્યેય હોય છે.

પણ પછી, હું આ કિસ્સાની પરિસ્થિતિ જાણતો નથી. જો બાળક માર અને ભાષણો દ્વારા પોતાની જાતને ધિક્કારતું થઈ જાય તો સ્વાભાવિકપણે એની સામે આવનાર કોઈ પણ વસ્તુને એ તોડી નાખે છે.

પ્રશ્નઃ બાળકની અવ્યવસ્થાનો ઉપાય કરવા શું કરી શકાય?

પણ શા માટે તેનો ઉપાય કરવો છે? મોટા ભાગના સર્જનાત્મક લોકો અવ્યવસ્થિત હોય છે. મોટે ભાગે જેમના ઓરડા અને ટેબલ સ્વચ્છતાના નમૂના હોય તેવા લોકો નીરસ હોય છે. મેં જોયું છે કે નવ વર્ષ સુધીનાં બાળકો મોટે ભાગે વ્યવસ્થિત હોય છે. નવથી પંદર વર્ષની ઉંમરનાં એ જ બાળકો અવ્યવસ્થિત બની જાય છે. આ ઉંમરનાં

છોકરા-છોકરીઓને અવ્યવસ્થા દેખાતી જ નથી. પાછળથી, તેમણે જેટલાં વ્યવસ્થિત બનવાની જરૂરિયાત ઊભી થતી હોય છે તેટલાં તેઓ બની જતા હોય છે.

પ્રશ્ન: મારો બાર વર્ષનો છોકરો જમવાના ટેબલ પર આવતાં પહેલાં હાથ ધોતો નથી. અમારે શું કરવું જોઈએ?

હાથ ધોવાને તમે આટલું બધું મહત્ત્વ કેમ આપો છો? તમે ક્યારેય વિચાર્યું છે કે હાથ ધોવા એ તમારા માટે પ્રતીકાત્મક વસ્તુ છે? ક્યાંક એવું તો નથી કે સાફ રહેવાનો તમારો આગ્રહ એટલે હોય કે તમે તેને નૈતિક રીતે ગંદો માનો છો?

બાળકનો દોષ ના કાઢ્યા કરો. મારા શબ્દો યાદ રાખો કે તમારી ગંદકી અંગે બંધાયેલી ગ્રંથિ તમારો અંગત રસ સૂચવે છે. જો તમે ગંદકી અનુભવતા હો તો તમે સ્વચ્છતા સાથે વધારે પડતું મહત્ત્વ જોડી દો છો.

જો તમારો આગ્રહ હોય કે તે ટેબલ પર ચોખ્ખો થઈને આવે - એટલે કે કોઈ મેરી આન્ટી તમારી સાથે ટેબલ પર બેઠી હોય અને તે આ ચોખ્ખા બાળકને પોતાનો વારસ બનાવે એવી શક્યતા હોય - તો, શ્રેષ્ઠ રસ્તો છે કે તેને હાથ ધોવાની મનાઈ ફરમાવો.

પ્રશ્ન: કોઈ કેવી રીતે પંદર મહિનાના બાળકને સગડીથી દૂર રાખી શકે?

અગ્નિરક્ષક પીંજરું મૂકી દો. પણ ક્યારેક સહેજ આંગળીઓ દાઝવા દઈને બાળકને સગડી વિશેની સચ્ચાઈ શીખવા દો.

પ્રશ્ન: જો હું મારી દીકરીને નાની-નાની બાબતોમાં ટોકું તો તમે કહી શકો કે હું તેને નફરત કરું છું, પણ તમને ખબર છે, હું નફરત નથી કરતી.

પણ તમે પોતાને તો નફરત કરતાં જ હશો. નાની-નાની બાબતો એ મોટી વસ્તુઓનું પ્રતીક છે. જો તમે નાની-નાની વાતોમાં ટોકો છો તો તમે એક દુઃખી મહિલા છો.

પ્રશ્ન: માબાપે બાળકને કઈ ઉંમરથી દારૂ પીવાની પરવાનગી આપવી જોઈએ?

આ બાબતે હું અવઢવમાં છું કારણ કે દારૂ અંગે મને ગ્રંથિ બંધાઈ ગઈ છે. મને અંગત રીતે મારો બિયરનો કપ, મારો વ્હીસ્કીનો ગ્લાસ ગમે છે; મને વાઈન અને બીજો દારૂ ગમે છે. હું ચુસ્ત પાબંદીવાળો તો નથી જ. છતાં હું દારૂથી ડરું છું કારણ કે મેં જોયું છે કે એ મારાં યુવાનોમાં ઘણું બધું નુકસાન કરે છે. આથી, મારો ઝુકાવ બાળકોને દારૂ આપવા તરફનો નથી.

જ્યારે મારી નાની દીકરી મારી પીલ્સેનર કે વ્હીસ્કી ચાખવા ઈચ્છતી હતી ત્યારે

મેં તેને તેમ કરવા દીધી. બીયર વખતે એ મોઢું બગાડીને બોલી, "ગંદી!" વ્હીસ્કી વખતે તે બોલી, "ખૂબ સરસ." પણ તેણે વધારે માગી નહીં.

ડેન્માર્કમાં મેં જોયું છે કે બાળકો સંતરાની છાલનો સુગંધિત દારૂ માગે છે; તેઓને દરેકને એક-એક ગ્લાસ આપવામાં આવે છે, જે તેઓ છેલ્લા ઘૂંટ સુધી પી જાય છે પણ તેઓ વધારે માગણી નથી કરતાં. મને એક ખેડૂત યાદ આવે છે જે તેનાં બાળકોને શિયાળામાં શાળાએથી તેડવા તેની ઘોડાગાડીમાં આવતો હતો. તે કાયમ વ્હીસ્કીની બોટલ લાવતો અને દરેકને એક ઘૂંટડો આપતો. મારા પપ્પા દુઃખથી માથું ધુણાવતા, "મારા શબ્દો યાદ રાખજો," તે કહેતા, "તેઓ બધાં પાછળથી શરાબીઓ બનશે." જ્યારે તેઓ બધાં મોટાં થયાં, ત્યારે દારૂને હાથ નહોતાં લગાડતાં.

વહેલા મોડા દરેક બાળક સમક્ષ દારૂનો પ્રશ્ન આવવાનો જ છે, અને માત્ર જેઓ જિંદગી સાથે તાલ નથી મિલાવી શકતાં તેઓ જ વધારે પડતો દારૂ પીતાં હોય તેમ બનતું હોય છે.

જ્યારે મારા જૂના વિદ્યાર્થીઓ સમરહિલ ખાતે પાછા આવતા હોય છે, ત્યારે તેઓ નીચે સ્થાનિક ઉપહારગૃહમાં જતા હોય છે અને પીણાંની મઝા માણતા હોય છે. હજી સુધી કોઈએ વધારે પડતો પી લીધો હોય એવું મેં સાંભળ્યું નથી.

કોઈ પણ જાતના તર્ક વિના મેં મારી શાળામાં દારૂ પીવાની મનાઈ ફરમાવી છે, જો કે કેટલાંક લોકો એવું પણ માનતા હશે કે બાળકો દારૂ પીવા અંગેની તેમની સચ્ચાઈ જાતે શોધે તેવી તેમને છૂટ આપવી જોઈએ.

પ્રશ્ન: જે બાળક જમતો ના હોય તેની સાથે તમે શું કરો છો?

મને ખબર નથી. અમારે સમરહિલ ખાતે એવું કોઈ બાળક કદી હોતું જ નથી. જો હશે તો પણ તે તેનાં મા-બાપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો અભિગમ ધરાવતું હોવાની મને તરત જ આશંકા થઈ હશે. સમરહિલ ખાતે એક-બે બાળકો એટલા માટે મોકલવામાં આવ્યાં હતાં કે તેઓ જમતાં નહોતાં. પણ તેઓએ શાળામાં કદી ઉપવાસ નહોતો કર્યો.

કોઈ મુશ્કેલ કિસ્સામાં, હું કદાચ એ બાબત પર પણ વિચાર કરું કે ક્યાંક બાળક ભાવનાત્મક રીતે હજી પણ ધાવવાના તબક્કામાં જ હોય. અને એવું લાગે તો હું તેને બોટલથી દૂધ પીવાની પણ સલાહ આપું છું. મને એ પણ સંશય છે કે ઘણાં મા-બાપ ચીકણાં હોય છે અને બાળકને ના જોઈતો હોય તેવો ખોરાક તેને આપીને જમવા માટે આગ્રહ કરતાં હોય છે.

સેક્સ વિશે

પ્રશ્ન: પોર્નોગ્રાફી-અશ્લીલ સાહિત્યનો અર્થ ખરેખર શું છે?

આ પ્રશ્નનો જવાબ આપવો સહેલો નથી. પોર્નોગ્રાફીને હું સેક્સ તથા બીજાં કુદરતી કાર્યો પ્રત્યેના ઘૃણાસ્પદ અભિગમ તરીકે વ્યાખ્યાયિત કરીશ; શાળાના દાબમાં રખાયેલા છોકરાઓ દ્વારા અંધારા ખૂણામાં કામી નજરોથી જોઈ, ખિખિયારી કરતાં દીવાલો પર સેક્સના શબ્દો લખતા હોય તેમના જેવો ગુનાહિત અભિગમ.

મોટા ભાગની સેક્સની વાતો અશ્લીલ હોય છે અને ઘણી વાર વાર્તા કહેનાર પોતાને એમ સમજાવી લેતો હોય છે કે સારો કિસ્સો વાતમાં રહેલી ગંદકી થકી નહીં પણ તેની રમૂજ ઉપજાવતી રજૂઆતમાં છે. મોટા ભાગના પુરુષોની જેમ મેં સેકસની લાખો વાતો કહી છે અને સાંભળી છે પણ હવે ફરીથી વિચારતાં મને લાગે છે કે તેમાંથી માત્ર એક કે બે જ ખરેખર સાંભળવા લાયક હતી.

મેં જોયું છે કે મોટે ભાગે જેનું જાતીય જીવન સંતોષકારક ન હોય તે જ સેક્સની વાર્તાઓ કહેતો હોય છે. સેક્સની દરેક વાત દાબ-દમનનું પરિણામ છે એવું કહેવું યોગ્ય નથી, કારણ કે તેવો અર્થ બધી વિનોદની વાતોને પણ લાગુ પડી જાય. મેં જ્યારે ચાર્લી ચેપ્લિનને નહાવાના કપડામાં બે ઈંચ પાણીમાં કૂદતો જોયો હતો ત્યારે હું ખૂબ હસ્યો હતો, પણ મેં ડૂબકી મારવાની ઈચ્છા દબાવીને નહોતી રાખેલી. કોઈ પણ મૂર્ખામી ભરેલી પરિસ્થિતિમાં વિનોદ રહેલો જ છે ભલે તે સેક્સને લગતી હોય કે ન હોય.

આપણા અત્યારના સમાજમાં પોર્નોગ્રાફી કોને કહેવાય અને કોને ન કહેવાય તેની સ્પષ્ટ ભેદરેખા દોરી શકે એવું મુક્ત આપણામાંથી કોઈ નથી. જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે ઘણી "કોમર્શિયલ ટ્રાવેલર"ની વાર્તાઓ મને આકર્ષતી હતી. જ્યારે આજે હું માનું છું કે તેમાંની ૯૯ ટકા માત્ર મૂળભૂત તિરસ્કારવૃત્તિ હતી.

બહોળા પાયે, પોર્નોગ્રાફી એટલે માત્ર સેક્સમાં ઉમેરેલો અપરાધભાવ. વિદૂષકો દ્વારા કરવામાં આવતા વિનોદ પર હી..હી..હી કરીને હસતા મોટા ભાગના લોકો સેક્સ પ્રત્યે વિકૃત અભિગમ ધરાવતા હોય છે. જ્યારે વયસ્કો બાળકોને સેક્સની વાતો કહેતા હોય છે ત્યારે તેઓ પોતે જ વિકાસના એક તબક્કામાં - લાલચુ નજરો ધરાવતા, અશ્લીલ વિચારો ધરાવતા તબક્કામાં અટકી ગયેલા હોય છે.

જો બધાં જ બાળકો મુક્ત હોય, સેક્સ અંગે સ્વસ્થ જાણકારી આપવામાં આવી હોય તો, વયસ્કોની આછકલાઈ કાંઈ કરી શકતી નથી. પણ જ્યારે સેંકડો બાળકો જ સેક્સ બાબતે અજ્ઞાન અને ગુનાહિત લાગણી ધરાવે છે ત્યારે અશ્લીલ સાહિત્ય વેચનારાં તેમનાં અજ્ઞાન અને ગુનાહિત લાગણીમાં ઉમેરો કરે છે.

પ્રશ્ન: શું કેટલીક ચોક્કસ પ્રકારની જાતીય વર્તણૂક અયોગ્ય છે?

બધા જ પ્રકારની જાતીય વર્તણૂક યોગ્ય છે, જો તેમાં બન્ને વ્યક્તિઓને આનંદ મળતો હોય. જ્યારે બન્ને ભાગીદારોમાં ઊંચામાં ઊંચા આનંદને પોષી ન શકાતો હોય તેવી રીતે સેક્સ કરવામાં આવે તો તે અસામાન્ય અને વિકૃત છે.

દામ્પત્યજીવન એ શિષ્ટ સેક્સ - એટલે કે સંયમિત સેક્સ - સાથે જોડાયેલું છે. પોતાના માબાપના જાતીય જીવનને સ્વીકારનાર યુવક અને યુવતીને જો લાગશે કે માતાપિતાએ દરેક પ્રકારની જાતીય ગમ્મત માણેલી છે તો તેઓને પણ આઘાતની લાગણી થશે.

સમાજના સત્તાધારી લોકોએ કામક્રીડાને અશ્લીલતાનો દરજ્જો આપી દીધો છે અને તેમના અનુયાયીઓએ પણ - જેઓ જાતીય ગમ્મત દ્વારા સંતોષ મેળવતા ડરે છે. અને જો તેઓ તેમ કરશે તો મોટા ભાગે તેઓ ગુસ્સાની અને જે કરવાની મનાઈ ફરમાવવામાં આવેલી છે તે કરવાની લાલચમાં આવીને તીવ્ર કામેચ્છાથી થતા ભોગવિલાસની ખૂબ જ ઉત્કટ લાગણી અનુભવશે.

જ્યારે સેક્સ માયાળુ અને પ્રેમથી તરબતર હોય ત્યારે કશું જ અયોગ્ય નથી.

પ્રશ્ન: બાળકો હસ્તમૈથુન શા માટે કરે છે અને અમે તેમને કેવી રીતે રોકી શકીએ?

આપણે શિશુઓના હસ્તમૈથુન અને વયસ્કોના હસ્તમૈથુન વચ્ચેનો ભેદ પારખવો જ જોઈએ. શિશુઓનું હસ્તમૈથુન એ ખરેખર હસ્તમૈથુન છે જ નહીં. એ કુતૂહલમાંથી ઉદભવે છે. જ્યારે શિશુ તેના હાથ, નાક અને અંગુઠો દેખાડે છે ત્યારે મા આનંદથી ઝૂમી ઊઠે છે પણ જ્યારે તે તેનાં જાતીય અંગોને અડે છે કે તરત મા ઉતાવળથી તેનો હાથ ખસેડી લે છે. મુખ્યત્વે આ રીતે જાતીય અંગોને શરીરના સૌથી રસપ્રદ ભાગો બનાવી દેવાય છે.

શિશુઓને ઉત્તેજિત કરતો ભાગ તેનું મોંઢું છે અને જ્યાં સુધી નાના બાળકોને હસ્તમૈથુનની નૈતિક મનાઈ ફરમાવવામાં આવી હોતી નથી ત્યાં સુધી તેમને તેમનાં જાતીય અંગોમાં ખૂબ જ ઓછો રસ હોય છે. જો નાનું બાળક હસ્તમૈથુન કરતું હોય તો તેનો ઈલાજ છે કે તેની ટેવને મંજૂરી આપી દેવી. જેથી બાળકની તે સંતોષવાની વિકૃત જરૂરિયાત ના રહે.

પુખ્ત વયે પહોંચી ગયા છે તેવા મોટા બાળકોને, મંજૂરી આપવાથી તેમની ટેવ ઓછી થઈ જશે. પણ યાદ રાખો કે જાતીય ઈચ્છાને બહાર નીકળવાનો માર્ગ મળવો જોઈએ અને કારણ કે હકીકત એ છે કે જ્યાં સુધી યુવાનોને પોતાનું મકાન ઊભું કરવાનું પરવડે નહીં ત્યાં સુધી તે પરણી ના શકે અને તેથી લગ્ન કાયમ મોડાં જ થાય, તો જાતીય રીતે પરિપક્વ વ્યક્તિ માટે બે જ વિકલ્પ રહે છે - હસ્તમૈથુન અથવા ચોરીછૂપીથી કરવામાં આવતો સંભોગ. નીતિવાન મનુષ્યો બન્નેને વખોડે છે પણ તે કોઈ વિકલ્પ આપતા નથી. અરે હા, તેઓ બ્રહ્મચર્યની તરફદારી કરશે જેનો અર્થ છે કે કામેચ્છાને દબાવી દેવી. પણ માત્ર કેટલાક મઠવાસીઓ અનંતકાળ માટે કામેચ્છાને દબાવી શકે છે, તેથી આપણે બાકીના બધાં લોકો જાતીય આવેગોને માર્ગ આપવામાંથી છટકી શકીએ નહીં.

જ્યાં સુધી લગ્નની બાબતને આર્થિક પાસાંઓથી સ્વતંત્ર ન કરવામાં આવે, ત્યાં સુધી હસ્તમૈથુનની સમસ્યા મોટી જ રહેશે. આપણી કવિતાઓ અને નવલકથાઓ યુવાનોમાં સેક્સવૃત્તિ ભડકાવે છે અને હસ્તમૈથુન તરફ દોરી જાય છે કારણ કે યોગ્ય સેક્સની યુવાનોને મનાઈ છે. દરેક વ્યક્તિએ હસ્તમૈથુન કર્યું છે તે હકીકત કોઈ ખાસ મદદ કરતી નથી. મૈત્રીકરારવાળાં લગ્ન એ જ એકમાત્ર રસ્તો દેખાય છે પણ જ્યાં સુધી સેક્સ સાથે પાપ જોડાયેલું છે ત્યાં સુધી આ કોઈ સામાજિક ઉકેલ નથી. પણ પ્રશ્ન તરફ પાછા ફરીએ તોઃ બાળકને કહો કે હસ્તમૈથુન કરવામાં કોઈ પાપ નથી. જો તમે તેને અગાઉ તેની ખોટી આડઅસરો જેવી કે રોગ, ગાંડપણ વગેરે વિશે જુઠ્ઠાણું કહેલું હોય તો તેને એ કહેવા માટે બહાદુર બનો કે તમે જુઠ્ઠા હતા. તો અને તો જ હસ્તમૈથુન તેના માટે ઓછા મહત્ત્વનું બનશે.

પ્રશ્નઃ મારી બાર વર્ષની દીકરીને અશ્લીલ પુસ્તકો વાંચવાં ગમે છે. હું તે બાબતે શું કરી શકું?

મને ખરીદવાનું પોષાઈ શકે તેટલાં બધાં જ અશ્લીલ પુસ્તકો લાવીને મારે તેને આપવાં જોઈએ. પછી તે તેનો રસ ભોગવી લેશે.

પણ તેને અશ્લીલ સાહિત્યમાં આટલો રસ કેમ છે? શું તે સેક્સ વિશેની સચ્ચાઈ શોધી રહી છે જે તમે તેને કોઈ દિવસ કહી જ નથી?

પ્રશ્નઃ તમે સેક્સની વાતો કહેવા બદલ બાર વર્ષના છોકરાને ઠપકો આપશો?

કદાપિ નહીં. મારે તેને તે જાણે છે તેના કરતાં વધારે સારી વાતો કહેવી જોઈએ.

મોટાભાગના પુખ્તવયના લોકો સેક્સની વાતો કરતાં જ હોય છે. મારા વિદ્યાર્થીકાળમાં, મેં એક પાદરી પાસેથી કેટલીક સારી વાતો મેળવેલી છે. સેક્સમાં રહેલા રસને વખોડવો એ નર્યો દંભ અને ઢોંગ છે.

સેક્સની વાતો એ જાતીય વૃત્તિના દમનનું પરિણામ છે. પાપની માન્યતાથી દબાવીને રાખેલી ઊર્જા એ બહાર નીકળી જવા દે છે. મુક્ત વાતાવરણમાં સેક્સની વાતો લગભગ કુદરતી મોતે મરી ગઈ હોત. લગભગ - સાવ નહીં; કારણ કે સેક્સ એ મૂળભૂત રસની બાબત છે.

પ્રશ્નઃ સેક્સની માહિતી કોણે આપવી જોઈએ - શિક્ષકોએ કે માતાપિતાએ?

માતાપિતાએ જ તો વળી.

ધર્મ વિશે

પ્રશ્નઃ તમે ધાર્મિક તાલીમનો વિરોધ કેમ કરો છો?

બાળકો સાથેના મારા સંપર્કનાં વર્ષોમાં મેં જાણ્યું છે કે મોટા ભાગનાં વિકૃત બાળકો એ છે જેમનો ઉછેર ચુસ્ત ધાર્મિક રીતે થયો હતો. ચુસ્ત ધાર્મિક ઉછેર સેક્સને વધુ પડતું મહત્ત્વ આપે છે.

ધાર્મિક સૂચનાઓ બાળકના માનસને નુકસાન પહોંચાડે છે કારણ કે ધર્મપાલકો મોટે ભાગે મૂળભૂત પાપના ખ્યાલને સ્વીકારે છે. યહૂદી અને ખ્રિસ્તી બન્ને ધર્મો કામેચ્છાને ધિક્કારે છે. રૂઢિચુસ્ત ખ્રિસ્તી ધર્મ મોટે ભાગે બાળકને જાત સાથેના અસંતોષની લાગણી આપે છે. સ્કોટલેન્ડમાં બાળક તરીકે, મારાં શરૂઆતનાં વર્ષોથી મને શીખવવામાં આવતું કે મને નર્કની આગનો ખતરો છે. એકવાર, સારા મધ્યમ વર્ગીય અંગ્રેજ માતાપિતાનો નવ વર્ષનો છોકરો સમરહિલ ખાતે આવ્યો. મારી તેની સાથેની વાતચીત આ પ્રમાણે હતી.

"ઈશ્વર કોણ છે?"

"ખબર નથી; પણ જો તમે સારા હો તો તમે સ્વર્ગમાં જાવ છો અને જો તમે ખરાબ હો છો તો તમે નર્કમાં જાવ છો."

"અને નર્ક કેવા પ્રકારની જગ્યા છે?"

"એકદમ અંધારી. જ્યાં શેતાન હોય છે. શેતાન ખરાબ છે."

"સારું. અને કેવા લોકો નર્કમાં જાય છે?"

"ખરાબ લોકો : જે ગાળો બોલતા હોય અને લોકોની હત્યા કરતાં હોય."

બાળકોને આવા પ્રકારની મૂર્ખાઈભરી વાતો કહેવાનું આપણે ક્યારે બંધ કરશું? ગાળાગાળી કરવી અને ખૂન કરવું શું સરખા ગુનાઓ છે જેની આપણને આવી સજા મળશે જ?

જ્યારે મેં બાળકને મારી સમક્ષ ઈશ્વરનું વર્ણન કરવા કહ્યું તો તેણે કહ્યું કે તેને ઈશ્વરના દેખાવ વિશે ખબર નથી. પણ તેણે મને બાહેંધારી આપી કે તે ઈશ્વરને પ્રેમ કરે છે. જ્યારે તે કહે છે કે તે ઈશ્વરને પ્રેમ કરે છે, જેને તે વર્ણવી શકતો નથી અને જેને તેણે ક્યારેય જોયો નથી, ત્યારે એ માત્ર અર્થહિન, સાંભળેલા શબ્દો વાપરે છે. વાસ્તવિક સચ્ચાઈ તો એ છે કે તે ઈશ્વરથી ડરે છે.

પ્રશ્નઃ તમે ઈશુ ખ્રિસ્તમાં માનો છો?

થોડાં વર્ષો પહેલાં સમરહિલ ખાતે ખ્રિસ્તી ધર્મોપદેશકનું બાળક હતું. એક રવિવારે રાત્રે જ્યારે અમે બધાં નાચતાં હતાં ત્યારે ધર્મોપદેશકે તેનું માથું ધુણાવ્યું, "નીલ," તે બોલ્યો, "આ અદ્‌ભૂત જગ્યા છે, પણ આ શા માટે, અરે શા માટે, તમે બધા ખ્રિસ્તી ધર્મને કેમ નથી અનુસરતા?"

"બ્રાઉન," મેં જવાબ આપ્યો, "તમે તમારું જીવન ઉપદેશના મંચ પર ઊભા ઊભા લોકોને કેવી રીતે બચવું તે કહેવામાં વિતાવી દીધું. તમે મુક્તિ વિશે વાતો કરી છે. અમે મુક્તિને જીવીએ છીએ."

ના, અમે સભાનપણે ખ્રિસ્તી ધર્મને અનુસરતા નથી, પણ બહોળા દષ્ટિકોણથી સમરહિલ ઈંગ્લેન્ડની એકમાત્ર એવી શાળા છે, જે બાળકો સાથે એ રીતે વર્તે છે જે ઈશુ ખ્રિસ્તે મંજૂર કર્યું હોત. દક્ષિણ આફ્રિકામાં કેલ્વિનના પાદરીઓ તેમના બાળકોને મારે છે, બિલકુલ એ જ રીતે જે રીતે કેથોલિક પાદરીઓ તેમનાં બાળકોને મારે છે. સમરહિલ ખાતે અમે બાળકોને પ્રેમ આપીએ છીએ, તેમને સ્વીકારીએ છીએ.

પ્રશ્નઃ બાળકોને ઈશ્વર વિશેનો તેમનો પહેલો ખ્યાલ કેવી રીતે મળવો જોઈએ?

ઈશ્વર કોણ છે? મને ખબર નથી. મારા માટે ઈશ્વર એટલે આપણા દરેકમાં રહેલું સારાપણું. જો તમે બાળકને એવા અસ્તિત્વ વિશે શીખવવાની કોશિશ કરશો જેના બાબતે તમે પોતે પણ અસ્પષ્ટ છો, તો તમે સારું કરવાની જગ્યાએ વધારે નુકસાન

કરશો.

પ્રશ્નઃ શું તમે એમ નહીં કહો કે અપશબ્દો એ ઈશ્વરના નામનો દુરુપયોગ છે?

બાળકના અપશબ્દો એ સેક્સ અને કુદરતી કાર્યો સાથે સંકળાયેલા હોય છે - ઈશ્વર સાથે નહીં. જે ઈશ્વરને એક પવિત્ર પાત્ર બનાવી દે છે અને બાઈબલને અક્ષરે અક્ષર હકીકત તરીકે સ્વીકારે છે તેવી ધાર્મિક વ્યક્તિ સાથે દલીલ કરવી મુશ્કેલ છે. જો ઈશ્વર એ પ્રેમના પ્રતીક તરીકે રજૂ કરાતો હોત અને નહીં કે ડરના પ્રતીક તરીકે, તો કોઈ વ્યક્તિ એમ ન વિચારત કે તે ઈશ્વરના નામનો દુરુપયોગ છે. ઈશ્વરની નિંદા દૂર કરવા માટેનો ઉપાય આપણા ઈશ્વરોને પ્રેમાળ અને માનવીય બનાવવા તે છે.

મનોવિજ્ઞાન વિશે

પ્રશ્નઃ શું એ અનિવાર્ય નથી કે દરેક વ્યક્તિ માનસિક રોગી તરીકે જ મોટી થશે?

ફ્રોઈડની શોધોમાંથી ઊભા થયેલા, ધ્યાન દોરતા પ્રશ્નોનો જવાબ 'સ્વાયત્તતા' છે. દરેક વિશ્લેષક, ભલે ધૂંધળું પણ, અનુભવતો જ હશે કે જો દર્દી બાળક તરીકે સ્વાયત્ત રહ્યો હોત તો દર્દીનું વિશ્લેષણ કરવામાં કલાકો ન વપરાતા હોત. મેં 'ધૂંધળું' શબ્દ વાપર્યો કારણ કે આપણે કોઈ પણ બાબતે ખરેખર ચોક્કસ થઈ શકતાં નથી.

સંભવ છે કે મારી સ્વાયત્ત દીકરીને એક દિવસ મનોવિશ્લેષક પાસે જઈને કહેવું પડે, "ડોક્ટર, મને ઉપચારની જરૂર છે. મારા મનમાં મારા પિતાને લઈને કોઈક ગ્રંથિ છે. હું એ.એસ.નીલની પુત્રી તરીકે ઓળખાઈને થાકી ગઈ છું. લોકો મારી પાસેથી વધારે પડતી અપેક્ષાઓ રાખે છે, હું સંપૂર્ણ હોવી જોઈએ તેવું તેઓ માનતા હોય તેવું લાગે છે. એ વૃદ્ધ માણસ હવે મરી ગયો છે પણ તેની ચોપડીઓમાં મને પ્રદર્શિત કરવા બદલ હું તેને માફ નહીં કરું. અને હવે, શું હું આ સોફા પર સૂઈ જાઉં?" કોણ જાણે...

પ્રશ્નઃ પોતાની જાત પ્રત્યેનો ધિક્કાર કેવી રીતે બહાર આવે?

બાળકમાં પોતાની જાત પ્રત્યેનો ધિક્કાર અસામાજિક વર્તન, ઝઘડા, કિન્નાખોરી, ગુસ્સો અને ભાંગફોડ કરવાની વૃત્તિ દ્વારા બહાર આવે છે. પોતાના પ્રત્યેની નફરત બીજા પ્રત્યેની નફરતમાં ફેરવાઈ જાય છે.

લગ્નેતર સંબંધથી થયેલાં બાળકની માતા બીજાના જાતીય વ્યભિચારની નિંદા કરશે. વર્ષો સુધી હસ્તમૈથુન ઉપર અંકુશ રાખવાની કોશિશ કરી હોય તેવો શિક્ષક બાળકને સોટીથી મારશે. સેક્સ વૃત્તિને વશ કરી, અર્થાત્ દબાવીને રાખી હોય તેવી વૃદ્ધ કામવાળી તેનો ધિક્કાર ચાડી-ફૂથલી અને કડવાશથી દર્શાવશે. આ બધો જ ધિક્કાર એ પોતાના પરનો ધિક્કાર છે.

યહૂદીઓ પર એ લોકો જુલમ કરે છે જે પોતાને નફરત કરતા હોય છે. તમે કાળા લોકોમાં પણ આ જોઈ શકશો. યુરેશિયન જેવી ઘઉંવર્ણી પ્રજા તેમના મૂળ વતનીઓ- અશ્વેત પ્રજા - પ્રત્યે ગોરા લોકો કરતાં ઘણી વધારે અસહિષ્ણુ હોય છે.

પ્રશ્ન: જ્યારે તમે બાળકના પક્ષમાં હોવ છો ત્યારે બાળક પ્રત્યે માલિકીભાવ નથી દર્શાવતા?

હોય તો પણ શું? જો એનાથી બાળકને ફાયદો થતો હોય તો મારો હેતુ શું છે તેનાથી શું ફર્ક પડે છે?

પ્રશ્ન: હું એવી છોકરીને જાણું છું જે તેની માની હાજરીમાં થોથવાય છે. કેમ?

થોથવાવું એ ઘણી વાર બોલતી વખતે પોતાની જાતને દગો દેવાથી બચવા માટે સમય મેળવવાનો પ્રયત્ન છે. વ્યાખ્યાનમાં જ્યારે મને અઘરો પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે મારા અજ્ઞાન અને ગૂંચવણ ઢાંકવા માટે કોશિશ કરીને શરૂઆત કરતો હોઉં છું, "બરાબર, હં..., તો..."

પ્રશ્નમાંનું બાળક તેની માથી ડરતું હોય તેવું લાગે છે. મને મા નીતિશિક્ષક હોવાની આશંકા છે. તેણે હસ્તમૈથુન કર્યું છે અને તે બાબતે અપરાધભાવ અનુભવે છે તે હકીકત સંતાડવાની કોશિશના કારણે એક નાનો છોકરો તોતડાતો હતો તેવું મને માલુમ પડયું હતું. ઉપાય એ હતો કે તેને ખાતરી કરાવવી કે હસ્તમૈથુન એ પાપ નથી. પણ થોથવાવાનું મનોવિજ્ઞાન લગભગ તપાસ્યા વગરનું ક્ષેત્ર છે.

પ્રશ્ન: શું પતિ તેની પત્નીનું વિશ્લેષણ કરી શકે કે પત્ની તેના પતિનું વિશ્લેષણ કરી શકે?

કોઈપણ ખુલાસા હેઠળ સગા-સંબંધીઓએ એકબીજાના સાથે મનોવૈજ્ઞાનિક વ્યવહાર કરવાની કોશિશ કદી ના કરવી જોઈએ. પતિએ પત્નીનું અને પત્નીએ પતિનું વિશ્લેષણ કર્યું હોય તેવા કિસ્સાઓ મેં જોયા છે. આ વિશ્લેષણો કાયમ નિષ્ફળ રહ્યાં છે અને ક્યારેક તો ખરાબ રીતે નુકસાનકારક રહ્યાં છે.

શાળાની ગમે તે પદ્ધતિ હોય, કોઈ મા-બાપે તેના પોતાના બાળકનું વિશ્લેષણ કરવાની હિંમત ના કરવી જોઈએ.

પ્રશ્ન: ઘણાં બધાં વયસ્કો તેમના બાળપણના કડક શિક્ષક પ્રત્યે કૃતજ્ઞતા શા માટે પ્રગટ કરતાં હશે?

મોટે ભાગે અહંકારને કારણે. માણસ મીટિંગમાં ઊભો થાય અને કહે, "હું નાનો હતો ત્યારે મને સોટીથી ફટકારવામાં આવ્યો હતો અને તેના કારણે મારામાં ઘણી બધી સારાઈ આવી છે," તે હકીકતમાં એમ કહે છે, "મારી સામે જુઓ. મારાં શરૂઆતનાં વર્ષોમાં માર ખાવા છતાં, અને તેને કારણે જ, હું સફળ છું."

ગુલામ ખરેખર ક્યારેય સ્વતંત્રતા ઇચ્છતો નથી. તે સ્વતંત્રતાની કદર કરવા માટે અસમર્થ છે. શિસ્તની બહાર નીકળવું માણસોને ગુલામો, લઘુતા ગ્રંથિ ધરાવતા, માનસિક વિકૃતિમાંથી આચરણ કરનારા બનાવે છે. તેઓ તેમની સાંકળોને વળગીને રહે છે.

પ્રશ્ન: એક સામાન્ય શિક્ષક મનોવિશ્લેષણ કરી શકે?

મને ડર છે કે ન કરી શકે. તેણે સૌથી પહેલાં પોતાનું વિશ્લેષણ કરવું જોઈએ; કારણકે જો તેનો પોતાનો અંતરાત્મા અજાણ્યા પ્રદેશમાં હોય તો તે બાળકના આત્માની અજાણી જમીન પર શોધમાં વધુ આગળ નહીં વધી શકે.

શીખવા વિશે

પ્રશ્ન: તમે લેટીન કે ગણિતના વિરોધી છો; તો કેવી રીતે બાળકના મનને વિકસાવવાનું સૂચવો છો?

મને ખબર નથી મન શું છે. જો ગણિત અને લેટીનના વિશેષજ્ઞો મહાન મન ધરાવતા હોય તો, હું તેનાથી કયારેય વાકેફ નથી.

પ્રશ્ન: પછીના ઉચ્ચ ગણિત વિશે તમારી નામંજૂરીની અસર સમરહિલનાં બાળકોના હાલના ગણિત પર થાય છે?

હું બાળકો સાથે કદી ગણિત વિશે વાત કરતો જ નથી. મને પોતાને ગણિત એટલું

બધું ગમે છે કે ઘણીવાર હું ભૂમિતિ અને અંકગણિતના દાખલાઓ માત્ર આનંદ માટે ગણતો હોઉં છું.

ગણિત સામે મારો વાંધો એ છે કે અભ્યાસ એ બાળકો માટે તદ્દન નિરસ બાબત છે. મોટે ભાગે દરેક બાળક ગણિતને ધિક્કારતું હોય છે. જો કે બધાં બાળકો બે સરવાળા એટલે શું તે સમજી શકે છે, પણ બહુ થોડાં બાળકો 'X' સરવાળા એટલે શું એ સમજી શકે છે.

વધારામાં, મારો જે મુદ્દો લેટીન અને ગ્રીક માટે છે તે જ ગણિત માટે છે. જે કાર વેચવા કે શેર વેચવા જવાના છે, તેમણે દ્વિઘાત સમીકરણો શીખવાનો શું ઉપયોગ છે? એ ગાંડપણ છે.

પ્રશ્નઃ તમે ગૃહકાર્યમાં માનો છો?

હું તો શાળાના વર્ગકાર્યમાંય નથી માનતો સિવાય કે તે સ્વેચ્છાએ પસંદ કરેલું હોય. ગૃહકાર્યની ટેવો શરમજનક છે. બાળક ઘરકામને નફરત કરે છે અને તે તેને વખોડી નાખવા માટે પૂરતું છે.

પ્રશ્નઃ કેટલાંક બાળકો માત્ર માર ખાઈને જ કેમ શીખતાં હોય છે?

જો મને ખબર હોય કે, જો હું નહીં કરું તો મને સોટી મારવામાં આવશે તો હું મોટેથી કુરાનના પાઠ બોલતા શીખી શકીશ એવું હું માનું છું. પણ એક પરિણામ ચોક્કસ આવશે કે હું કાયમ માટે કુરાનને, સોટી મારનારને અને મારી પોતાની જાતને નફરત કરતો થઈ જઈશ.

પ્રશ્નઃ જ્યારે શિક્ષક પાઠ ભણાવવાની કોશિશ કરતા હોય ત્યારે કોઈ છોકરો તેની પેન્સિલથી રમતો હોય તો શિક્ષકે શું કરવું જોઈએ?

પેન્સિલ એટલે શિશ્ન. બાળકને શિશ્ન સાથે રમવાની મનાઈ ફરમાવવામાં આવેલી છે. ઈલાજ : માતાપિતાને હસ્તમૈથુનની મનાઈ પાછી ખેંચી લેવા માટે કહેવું.

એ. એસ. નીલ

એલેક્ઝાન્ડર સધરલેન્ડ નીલનો જન્મ ૧૮૮૩માં સ્કોટલેન્ડના ફોર્ફરના ગામડામાં થયો હતો. ચૌદ વર્ષની ઉંમરે તેઓ એડનબર્ગ કારખાનામાં ઑફિસ બૉય તરીકે કામ કરવા જોડાયા. ત્યાર બાદ તેમણે સૂકા-માલની દુકાનમાં મદદનીશ તરીકે કામ કર્યું. જ્યારે તેઓ પચીસ વર્ષના હતા ત્યારે તેઓ એડનબર્ગ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયા, જ્યાંથી તેમણે ૧૯૧૨માં અંગ્રેજીમાં પોતાની અનુસ્નાતક પદવી મેળવી. પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆતના સમયે નીલ સ્કોટલેન્ડની સહ-શિક્ષણ ધરાવતી એક શાળાના આચાર્ય બન્યા, જે શાળા તેના વિદ્યાર્થીઓને ખેતર પરના કામ અને ઘરકામ માટે તૈયાર કરતી હતી. આ સમયે તેમને પહેલી વખત ખાતરી થઈ કે પરંપરાગત શિક્ષણ અતિશય જુલમ કરનારું અને નકામું છે. વિશ્વયુદ્ધ દરમ્યાન જ્યારે નીલ તોપખાનાની તાલીમશાળામાં સ્વયંસેવક હતા ત્યારે તેઓ હોમર લેનને મળ્યા, જે 'વિચારશીલ શિક્ષણ'ના પાયાના હિમાયતીઓમાંના એક હતા. તેમણે નીલના ગળે ઉતાર્યું કે જિદ્દી અને અપરાધી બાળક સાથે કામ કરવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે તે બાળકને પોતાનું સંચાલન પોતાની મેળે કરવા દેવું.

૧૯૨૧માં નીલ અને બીજા કેટલાક લોકોએ ભેગા મળીને ડ્રેસ્ડન, જર્મની ખાતે સમરહિલ - આંતરરાષ્ટ્રીય પ્રાયોગિક શાળા શરૂ કરી, જે ૧૯૨૪માં લૈસન, ઈંગ્લેન્ડ ખાતે ખસેડવામાં આવી.

તેમની શિક્ષક તરીકેની કારકિર્દી દરમ્યાન નીલે ડઝનેક પુસ્તકો લખ્યાં જેમાં *'ડોમીની'* (શિક્ષક માટેનો સ્કોટિશ શબ્દ) શ્રેણીનો સમાવેશ થાય છે, જેનું પહેલું પુસ્તક હતું *'અ ડોમીનીઝ લોગ'* (૧૯૧૬). તેમનું સૌથી અસરકારક પુસ્તક હતું સમરહિલ (૧૯૬૦), જેણે શિક્ષણ-વર્તુળને હચમચાવી દીધું. તેમનું છેલ્લું પુસ્તક તેમની આત્મકથા- *'નીલ, નીલ, ઓરેંજ પીલ'* (૧૯૭૩) હતું. તેમણે *'ધ લાસ્ટ મેન અલાઈવ'* (૧૯૩૯) જેવાં બાળકો માટે હાસ્યપ્રેરક પુસ્તકો પણ લખ્યાં.

૧૯૭૩માં તેમનું અવસાન થયું.